સદ્.શ્રીપરમચૈતન્યાનંદસ્વામીકૃત

શ્રીજીમહારાજનાં ચરિત્રો

(ગઢપુરની લીલા)



શ્રીસ્વામિનારાયણ મંદિર - ગઢપુરધામ

સદ્.શ્રીપરમચૈતન્યાનંદસ્વામી કૃત

શ્રીજીમહારાજનાં ચરિત્રો

(ગઢપુરની લીલા)

સદ્.શ્રીપરમચૈતન્યાનંદસ્વામી કૃત

શ્રીજીમહારાજનાં ચરિત્રો

(ગઢપુરની લીલા)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

આર્થિક સહયોગ : શ્રીસ્વામિનારાયણ ભગવાન, દેવો તથા ગુરુજનોની પ્રસન્નતાર્થે એક હરિભક્ત

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯, વૈશાખ સુદ-૯ શ્રીહરિજયંતી;
તા.૧૯-૫-૨૦૧૩

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૫૦૦૦

પડતર કિંમત : રૂા.૧૨૫/-

: પ્રાપ્તિસ્થાન :

- કુંડળ : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- વડોદરા : શ્રીસ્વામિ.મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- વડતાલ : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮ શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- મુંબઈ : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ, ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- સુરત : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિનાં ચરિત્રોથી સભર, સુખ-શાંતિના ખજાના સમાન અને વણકહ્યે પ્રેરણાનાં ઝરણાં વહાવતો આ ગ્રંથ છે. આ **'શ્રીજીમહારાજનાં ચરિત્રો'**રૂપી અનુપમ ગ્રંથ શ્રીહરિ તથા સંતોની પ્રીતિ, પ્રતિતી અને પ્રસન્નતા અપાવે તથા આપના જીવનને સુખ, શાંતિમય અને આધ્યાત્મિક રીતે ઉન્નત બનાવે એવી શુભકામના સહ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

....

તારીખ ....



શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીગોપીનાથજી મહારાજ, શ્રીરાધિકાજી

ગુણસાગર જે ગોપીનાથ રે, તે તો પધરાવ્યા પોતાને હાથ રે;
રાધા સહિત શોભે અતિ સારા રે, જે જુવે તેને લાગે છે પ્યારા રે.

પ્રતિષ્ઠા : સં.૧૮૮૫, આસો સુદ-૧૨, તા.૨૦/૧૦/૧૮૨૮



શ્રીવાસુદેવનારાયણ
શ્રીધર્મપિતા
શ્રીભક્તિમાતા



શ્રીસૂર્યનારાયણ
શ્રીકૃષ્ણ
શ્રીબળદેવ
શ્રીરેવતીજી



મોટીબાના હસ્તે દૂધ પીધું હતું તે લાલજી



જેની ઘૂઘરીના ઝણકારે સમાધિ થતી
તે પ્રસાદીભૂત ચાખડી



પ્રત્યક્ષ દર્શન કરીને
નારાયણજીભાઈએ બનાવેલ શ્રીહરિની મૂર્તિ

શ્રીહરિના અંતિમ સંસ્કાર સ્થળ પર નિર્મિત સ્મૃતિ મંદિર, તેમાં બિરાજીત દેવો





ઈચ્છારામજી મહારાજ શ્રીસહજાનંદસ્વામી રઘુવીરજી મહારાજ



પ.પૂ.સદ્.શ્રીપરમચૈતન્યાનંદસ્વામી

સાદર સમર્પણ

જેમણે પરમેશ્વરની પ્રાપ્તિ માટે રાજપરિવારનો ત્યાગ કર્યો, ગુરુદેવ રામાનંદ સ્વામીની પ્રસન્નતા પ્રાપ્ત કરી અને સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે જીવન ન્યોચ્છાવર કર્યું, જેઓ સારા વક્તા તથા પરમવિતરાગી હતા, જેને શ્રીહરિએ સદ્‌ગુરુનું પદ આપી બિરદાવ્યા હતા, અને જેને શ્રીહરિના સમયમાં ગઢપુરનું વર્તમાનકાળે પ્રત્યક્ષ દર્શન થાય એવો આ ‘શ્રીજીમહારાજનાં ચરિત્રો’રૂપી ગ્રંથ લખી સહુ ઉપર મોટો ઉપકાર કર્યો છે; એવા વિરલવિભૂતિ મહામુક્ત સદ્‌ગુરુ શ્રીપરમચૈતન્યાનંદસ્વામીએ લખેલો આ ગ્રંથ તેમનાં જ કરકમળોમાં સમર્પણ કરી ધન્યતા અનુભવું છું...



લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ

(કુંડળધામ)

પ્રસ્તાવના

સર્વાવતારી શ્રીહરિ માંગરોળ સમુદ્રમાં સ્નાન કરવા ગયા ત્યારે સમુદ્ર વિપ્રનું રૂપ લઈ શ્રીહરિની પાસે આવ્યો અને સ્તુતિ કરતાં કહ્યું, હે નાથ ! આપનાં તમામ ચરિત્રો અમૃતના સિંધુ સમાન છે.

दोहा : एहि ज्ञान एहि ध्यान महा, सब से सार हि सार;
एहि चितवन विन चितवन, दुःख को वार न पार.

(હ.ચ.સા.૬/૬૯)

આ ચરિત્રોનું ચિંતવન કરવું એ જ સાચું જ્ઞાન છે, ધ્યાન છે, એ જ સર્વે શાસ્ત્રોના સારનું પણ સાર છે. આપની મૂર્તિના ચિંતવન વિનાનું અન્ય ચિંતવન કરનાર તો અપાર દુઃખને પામે છે. તમારી મૂર્તિના સંબંધ વિના એક પળ પણ ગુમાવવી તે મોટામાં મોટી હાની છે. પરંતુ આ બંનેના ફળનો વિચાર નથી, તેને આ વાતમાં કાંઈ ખબર પડે નહીં.

આવી જ ભાવનાથી આ ગ્રંથના લેખક સદ્‌ગુરુવર્ય શ્રીપરમચૈતન્યાનંદસ્વામીએ ગઢપુરમાં શ્રીહરિએ કરેલાં **'શ્રીજીમહારાજનાં ચરિત્રો'**નું ગૂંથન કર્યું છે. તે આ ગ્રંથમાં લખેલાં ઝીણાં ઝીણાં સ્થાનોના નિર્દેશ સાથે મહારાજ કયા સમયે, કયા સ્થળે, કેવા મુખે, કેવાં વસ્ત્રાભૂષણ પહેરીને કેવી રીતે બેઠા હતા ? અને કોની સાથે શું વાત કરી ? કે કેવું ઐશ્વર્ય બતાવ્યું ? તેનું વાંચન કરતાં જ આપણા અંતરમાં આજે બસો વર્ષે પણ તેનો તાદશ્ય અનુભવ થાય છે. આમાં સ્વામીશ્રીના અંતરમાં રહેલી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની પ્રેમ-ભક્તિનો સાગર ઘૂઘવે છે.

આ ગ્રંથમાં લખેલાં પ્રાયઃ ચરિત્રો ગ્રંથકારે નજરે નિહાળેલાં છે અથવા જેણે નજરે જોયાં છે, તેવા વિશ્વાસપાત્ર સંતો-ભક્તો પાસેથી સાંભળીને લખેલાં છે. તેથી જ એક જગ્યાએ પરમચૈતન્યાનંદસ્વામીએ આ ગ્રંથમાં લખ્યું છે કે, **'આમાં લખેલાં ચરિત્રો જરાય પણ ખોટાં હોય તો બ્રહ્માંડનું તમામ પાપ મારા માથે.'** આ સ્વામીની તથા આ ગ્રંથની સચ્ચાઈનો સર્વોત્તમ પુરાવો છે. આ ગ્રંથ મોટા ભાગે ગઢપુરમાં રહેનારા ગઢપુરધામના સંતે ગઢપુરમાં રહીને જ લખ્યો છે.

ગઢપુરલીલાનો આ ગ્રંથ અમોને વડતાલથી મળ્યો. તે જોતાં એવું જણાય છે કે, તે સમયે વૃદ્ધાવસ્થામાં ચૈતન્યાનંદસ્વામીની સેવામાં ગોપાળાનંદસ્વામીની મરજીમાં રહેનારા સ્વામીના સુજ્ઞ સંત બાલમુકુંદદાસજીસ્વામી ગઢપુર રહેતા હતા. સંભવ છે પરમચૈતન્યાનંદસ્વામી ધામમાં ગયા બાદ બાલમુકુંદસ્વામી વડતાલ પાછા આવ્યા ત્યારે આ ચોપડો વડતાલ લેતા આવ્યા હોય. અને પછી જ્યારે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે વડતાલમાં શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ લખવા માટે સાધુઓ પાસેથી તેમના અનુભવાત્મક લિખિત ખરડાઓ માગેલા. ત્યારે આ મૂળગ્રંથ તેમને આપ્યો હોય તેમ જણાય છે.

જ્યારે મળ્યો ત્યારે આ ગ્રંથ અધૂરો લાગતો હતો. પરંતુ જ્યારે તેનાં ચરિત્રો ટાઈપ કરવા લાગ્યા ત્યારે હરિઈચ્છાથી તેના સંપૂર્ણ પેઈજ મળી ગયા. તેથી અમોને ખૂબ આનંદ થયો. આ ગ્રંથના કોઈ કોઈ પેઈજમાં ઉધઈ લાગવાથી અમુક શબ્દો કપાઈ ગયા હતા. તેની પૂર્તિ અમે દુર્ગપુર માહાત્મ્ય ગ્રંથના આધારે કરી છે. કેમ જે, ગઢપુરની લીલાના આ ખરડાઓ ઉપરથી જ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે દુર્ગપુર માહાત્મ્ય નામનો અદ્‌ભુત ગ્રંથ લખ્યો છે; તેવું આ ગ્રંથ વાંચતાં સ્પષ્ટ જણાય છે. પરંતુ દુર્ગપુર માહાત્મ્યમાં ગ્રંથ વિસ્તારના ભયથી અથવા તે સમયની પરિસ્થિતિને કારણે અમુક પ્રસંગો ઓછા લીધા હશે, એવું જણાય છે.

આ ગ્રંથમાં દાદા ખાચરનો દરબાર, અક્ષરઓરડી તથા દરબારગઢમાં રહેલા તમામ ઓરડામાં અને ગઢપુરધામ સ્થિત ઉન્મત્તગંગા, લક્ષ્મીવાડી, ભક્તિબાગ, રાધાવાવ તેમજ તે સમયે રહેલા ગઢપુરના હરજી ઠક્કર વગેરે ભક્તોને ઘેર જઈને શ્રીહરિએ જે જે લીલાચરિત્રો કર્યાં તથા પ્રતાપ જણાવ્યો, સમાધિ કરાવી અને અનેક લોકોનો ઉદ્ધાર કર્યો વગેરેનું હૂબહૂ વર્ણન પ્રત્યક્ષ દર્શન જેવું સચોટ કર્યું છે. આ ગ્રંથના પ્રાયઃ ચરિત્રોમાં ગ્રંથકારે શ્રીહરિમાં અજોડ શ્રદ્ધા, અનુપમ નિષ્ઠા તથા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની સર્વોપરીતાનું મહિમાપૂર્ણ ભાષામાં નિર્ભયપણે વર્ણન કર્યું છે. માટે આ ગ્રંથમાં લખાયેલાં તમામ શ્રીજીમહારાજનાં ચરિત્રો તથા ઐશ્વર્યદર્શનનું શ્રવણ-મનન મુમુક્ષુઓને સુખકારી અને મોક્ષકારી થશે.

આ ગ્રંથમાં **૧૬૩** ચરિત્રો દાદા ખાચરના દરબારગઢનાં છે અને ૮૯ ચરિત્રો ગઢપુર ગામમાં જુદા જુદા ભક્તોનાં ઘરે કરેલાં, તેનું સ્થળનિર્દેશ સાથે ગુંથન કરેલું છે. છેલ્લે સીમ વિસ્તારમાં ભક્તિબાગ, રાધાબાગ, લક્ષ્મીબાગ, ઘેલા નદીનો કાંઠો વગેરે જે જે સ્થળો શ્રીહરિએ પ્રસાદીભૂત કરેલાં તેના નિર્દેશ સાથે બહુ જ ટૂંકમાં કોઈ કોઈ પ્રસંગ લખ્યા છે. તેને પણ ગણીએ તો કુલ ૪૯૮ જેટલાં પ્રસાદીનાં સ્થાનોનો ઉલ્લેખ છે. આટલી બધી ચોખવટ અને ઝીણવટભરી ગઢપુરની લીલાનો ગ્રંથ મારી દૃષ્ટિએ આ પહેલો વહેલો હોય તેમ લાગે છે.

આવનારી પેઢીના બુદ્ધિજીવી માણસોને શ્રીહરિમાં શ્રદ્ધા વધે, આસ્તિકતામાં ઉમેરો થાય અને સદ્‌ગ્રંથોની સત્યતા સમજાય તથા ભક્તોને ગઢપુરની લીલાનો આસ્વાદ માણવાનું સુગમ બને, એવા હેતુથી શ્રીહરિએ કયા કયા સ્થળે બેસીને શું શું ચરિત્રો કર્યાં છે ? તે સ્થળનો પરિચય લેવા માટે અમે અમારા મંડળના સંતોને પાંચ-સાત વાર ગઢપુરમાં મોકલ્યા હતા. સંતો પાસે ઘણી બારીકતાપૂર્વક તે સમયનો

અને વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરાવ્યો. અને તેના તે વખતના તથા હાલના, બંને પ્રકારના નકશા બનાવરાવ્યા છે અને તે આ ગ્રંથમાં મૂક્યા છે. સાથોસાથ જે તે સ્થળોના તથા ત્યાંના ચરિત્રના યથાશક્ય ફોટાઓ પણ પ્રામાણિક પ્રયાસ કરીને મૂક્યા છે. આ સ્થળોના પરિચયમાં અમોને ગઢપુરવાસી પુરાણી વિષ્ણુપ્રસાદદાસજીસ્વામી, સલાહકાર પૂ.એસ.પી.સ્વામી, કોઠારી ઘનશ્યામવલ્લભદાસજીસ્વામી, બ્ર.કપીલેશ્વરાનંદસ્વામી, પુજારી સંજયભગત તથા શ્રીહરિને મળેલા પ્રેમજીભાઈ સુતારના વંશજ હસમુખભાઈ સુતારે ખૂબ જ મદદ કરી છે. તેઓની ગઢપુરધામ પ્રત્યેની ભક્તિભાવના સરાહનીય છે.

સાથોસાથ આ ગ્રંથના લેખક પ.પૂ.સદ્‌ગુરુ શ્રીપરમચૈતન્યાનંદ સ્વામીનું જીવનદર્શન પણ યથાશક્ય સંશોધન કરીને લખેલ છે. **શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ** તથા **શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા** દ્વારા ગઢપુરમાં કરેલા **'શ્રીજીમહારાજનાં ચરિત્રો'** નામનો ગ્રંથ સંપ્રદાયમાં પ્રથમ વાર પ્રકાશિત થઈ રહ્યો છે. આ ગ્રંથ અનુભવસભર હોવાથી તેનું વાંચન આપણી આસ્તિકતામાં ઉમેરો કરશે, સર્વોપરી નિષ્ઠાની દૃઢતા કરાવશે, શ્રીહરિ અને સંતો પ્રત્યે શ્રદ્ધા, વિશ્વાસ આદિ ગુણોની દૃઢતા કરાવશે અને સંશોધનકારો માટે અનુભવી ભોમિયો બની રહેશે. એવા આ ગ્રંથના પ્રકાશનથી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન, ગ્રંથના લેખક સદ્.શ્રીપરમચૈતન્યાનંદસ્વામી તથા નાના-મોટા પ્રગટ-પરોક્ષ સર્વે સંતો-ભક્તો અમારા ઉપર પ્રસન્ન થાઓ એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી ઘનશ્યામવલ્લભદાસના
ભગવદ્ જય સ્વામિનારાયણ



સદ્‌ગુરુ
શ્રીપરમચૈતન્યાનંદસ્વામીનું જીવનકવન

જેમ પતંગનું નિર્માણ પૃથ્વી પર જ થાય છે, પરંતુ અવકાશમાં ઉડ્ડયન કરવા માટે જ તે સર્જાય છે; તેમ ધરતી ઉપર મોટા પુરુષો પ્રગટ થાય છે પરંતુ તે અક્ષરધામ સુધી પહોંચવા અને અનેકને પહોંચાડવા માટે જ અવની ઉપર આવે છે. આવા જ એક મહામુક્ત એટલે આ ગ્રંથના લેખક **'પરમચૈતન્યાનંદસ્વામી'**

જો કે સંપ્રદાયમાં ત્રણ પરમચૈતન્યાનંદસ્વામી નામના સંત હતા. જેનો ઉલ્લેખ કરતાં મંજુકેશાનંદસ્વામી નંદમાળામાં લખે છે,

ત્રણ પરમ ચૈતન્યાનંદ, એક મોટા તે મધ્યે સ્વછંદ;
બીજા નાના સુબુદ્ધિ કહીએ, ત્રીજા ગુરુ પ્રમાણથી લૈયે.

તેમાં એક સંત મેથાણ ગામના હતા. શ્રીહરિ એકવાર મેથાણ પધાર્યા હતા. તે વખતે તે ગામના સત્સંગી હરખા પટેલે શ્રીહરિને વિનંતી કરી કે, "મારે સાધુદીક્ષા સ્વીકારીને સત્સંગની સેવા કરવી

છે. આપ મારી ઈચ્છા પૂર્ણ કરો.” હરખાભાઈમાં ત્યાગ-વૈરાગ્યના ઉમદા ગુણો જોઈને તેમની પ્રાર્થના સ્વીકારીને શ્રીહરિએ તેમને સાધુદીક્ષા આપી અને **પરમચૈતન્યાનંદ** નામ રાખ્યું. તે સુબુદ્ધિમાન હતા અને નાના પરમચૈતન્યાનંદસ્વામી તરીકે ઓળખાતા. બીજા મોટા પરમચૈતન્યાનંદસ્વામી શિયાણી ગામના રાજપરિવારના હતા. અને ત્રીજા, ગુરુ પ્રમાણથી લઈએ તે સંશોધનીય બાબત છે. પરંતુ આપણે અહીં બીજા મોટા પરમચૈતન્યાનંદ સ્વામી વિશે વિશેષ જાણવા પ્રયત્ન કરીએ.

❋ શિયાણી તથા તેના રાજપરિવારનો ઈતિહાસ :

શિયાણી ગામ કેવી રીતે વસ્યું ? તે વિષે અને તે વસાવનાર રાજપરિવાર વિશે આપણે થોડુંક અવલોકન કરીએ. સં.૧૧૫૬થી ૧૧૮૬ દરમ્યાન પાટડી ગામમાં મકવાણા હરપાલદેવ થયા. તેમને બે પત્નીઓ હતી. તેમાં એક પાટણના પ્રતાપ સોલંકીની પુત્રી શક્તિદેવી હતી અને બીજી પત્નીનું નામ રાજેશ્વરી બા હતું. હરપાલદેવ દેવીભક્ત હતા. એક વાર તેમણે શક્તિદેવીની ખૂબ આરાધના કરી. દેવીએ પ્રસન્ન થઈ દર્શન દીધાં અને નૈવેદ્ય માગ્યું. હરપાલદેવ પાસે જે હતું તે આપ્યું. પરંતુ દેવી તેટલાથી તૃપ્ત ન થયાં. તેથી હરપાલદેવે પોતાની જાંઘમાંથી માંસ કાઢી દેવીને આપ્યું. આવી તેમની ભક્તિભાવના જોઈ શક્તિદેવીએ પ્રસન્ન થઈ માગવાનું કહ્યું. ત્યારે હરપાલસિંહે સદા તમારો સહવાસ રહે એવું માગ્યું. પછી શક્તિદેવી રંભારૂપે પ્રગટ થયાં. તે દેવી સાથે હરપાલદેવ તેમના માસિયાઈ ભાઈ અણહિલપૂર પાટણના રાજા કરણસિંહ પાસે આવ્યા અને તેમની પત્નીને બાબરા ભૂતના વળગાડથી મુક્ત કર્યાં. તેથી કરણસિંહે કહ્યું, ‘એક રાતમાં તમે જેટલા ગામને તોરણ બાંધો, તે બધાં ગામ હું તમને આપું.’

પછી મા રંભાદેવીની સહાયથી હરપાલદેવે એક રાતમાં ૨૩૦૦ ગામને તોરણ બાંધ્યાં અને કરણસિંહની રાણી ફુલાદેવીને પોતાની

બહેન માની ૫૦૦ ગામ તેને કરિયાવરમાં પાછાં આપ્યાં. અને તેમણે સં.૧૧૫૬માં પાટડીમાં પોતાની ગાદી સ્થાપી. આ રીતે તેમણે ૧૮૦૦ ગામનું રાજ્ય પ્રાપ્ત કર્યું. હરપાલદેવને નિજપત્ની શક્તિદેવી થકી સોઢાજી, માંગુજી અને શેખરાજી – આ ત્રણ પુત્ર અને ઉમાદેવી નામે એક પુત્રી થયાં હતાં.

એકવાર પાટડી ગામના પાદરમાં ત્રણ રાજકુમારો અને એક ચારણકુમાર રમતા હતા. ત્યાં અચાનક ગાંડો થયેલો હાથી તોફાન કરતો બાળકની નજીક આવી ગયો. નજીકમાં જ મા શક્તિદેવીનું મંદિર હતું. તેમાંથી માતાજીએ હાથ લંબાવી ત્રણેય રાજકુમારોને પોતાની ગોદમાં લીધા. અને ચારણકુમારને ટાપલી મારી રસ્તાના કિનારા પર ચડાવી દીધો. માતાજીએ હાથ ઝાલ્યો તેથી તે ત્રણેય કુમારો અને તેના વંશજો 'ઝાલા દરબાર' તરીકે ઓળખાયા. અને ટાપલી મારીને રસ્તાના કિનારા પર ચડાવ્યો તેના વંશજો 'ટાપરિયા ચારણ' તરીકે ઓળખાયા. બ્રહ્માનંદસ્વામી, ભોજાચારણ તથા કવિ માવદાનજી વગેરે અનેક મહાપુરુષો આ ટાપરિયા ચારણની પરંપરામાં આવે છે.

આ ત્રણ રાજકુમારોમાં વચેટ પુત્ર માંગુજીને ભાઈઓ ભાગમાં સં.૧૧૮૬માં ૮૪ ગામ મળ્યાં. તેમણે ગઢજાંબુમાં પોતાની રાજગાદી સ્થાપી. આ માંગુજી મહાશૂરવીર અને શક્તિશાળી હતા. એકવાર તેઓ સિદ્ધરાજની સભામાં બેઠા હતા. તે સમયે મ્લેચ્છો પાટણ પર ચડી આવ્યા. તેથી સિદ્ધરાજ ત્યાંથી નાશી ગયા અને ઝાલા માંગુજી પાટણમાં મ્લેચ્છો સામે યુદ્ધે ચઢ્યા અને મ્લેચ્છોને પરાસ્ત કર્યા અને તેમાં જ તે ઘાયલ થયા હતા. એટલે અંતે સ્વર્ગે સીધાવ્યા. પાટણમાં જે જગ્યાએ તેઓ મૃત્યુ પામ્યા હતા તે સ્થળ આજે **'માંગુ સ્થંડિલ'** નામે કહેવાય છે. આ માંગુજીએ જ્યારે ગઢજાંબુમાં પોતાની ગાદી સ્થાપી ત્યારે આશરે

સં.૧૨૦૦માં હાલ જ્યાં શિયાણી છે, ત્યાં થોડા આહિરોના ઝૂપડાં હતાં. તેમાં એક સીહા નામની શૂરવીર આહિરાણી રહેતી. તેથી તે નેશને **'સીહાણી'** કહેતા. આ માંગુજીની પરંપરામાં ૧૭મી પેઢીએ રાજવંશી ભોજરાજજી થયા. તેમણે તેમના નાનાભાઈ નાનાજીને સં.૧૪૧૫ અષાઢ સુદ-૭ ને શુક્રવારે સીહાણી સાથે ૭ ગામની જાગીર આપી. આ નાનાજીની પાંચમી પેઢીએ રાગાજી અને કુંભાજી બે ભાઈઓ થયા. તે સમયે કોઠીકુંદણીમાં અન્ય રાજવીઓનો ત્રાસ હોવાથી ત્યાં રહેતા આશકરણજી વગેરે પોતાના વડિલ બંધુઓને તેમણે સીહાણી બોલાવી લીધા હતા. આ આશકરણજીએ સં.૧૬૪૯માં સીહાણીમાં પોતાની ગાદી સ્થાપી અને તેમણે ૭ ગામના રાજ્યને ૮૪ ગામમાં વિસ્તાર્યું. અને ત્યારથી આ ગામને 'સીહાણી' ને બદલે **'શિયાણી'** તરીકે કહેવા લાગ્યા. તેમણે સં.૧૬૮૧ સુધી રાજ્ય કર્યું. આ શિયાણી ગામ ભાલનું પ્રવેશદ્વાર ગણાય છે અને લીમડી ગામથી ઉત્તરે લગભગ ૧૫ કિલોમીટર દૂર છે. શિયાણી ગામમાં દક્ષિણ દિશાએ ફૂલસર નામનું તળાવ આવેલું છે. આ સરોવરમાં શ્રીહરિએ અનેક વાર સંતો સાથે સ્નાન કરેલું છે.

આ આશકરણજીની ત્રીજી પેઢીએ વેરાજી પહેલા થયા. તેમને ત્રણ પુત્ર થયા હતા. તેમાં ત્રીજા પુત્ર રતનસિંહને કંથારિયા, ફેદરા, રાયકા, વનાળાની ગાદી મળી હતી. અને રતનસિંહની ત્રીજી પેઢીએ જાલમસંગ થયા. તે સ્વામિનારાયણ ભગવાનના મહાન ભક્ત થયા હતા. તેમના બે પુત્ર શીવુભા અને હોથીજી થયા. તે પણ મહાન ભક્ત હતા. આ શીવુભાની છઠ્ઠી પેઢીમાં હાલ ગામ લાઠીમાં રહેતા પ.ભ.હરેન્દ્રસિંહજી વગેરે બહુ સારા હરિભક્તો છે. અને હોથીજીની પાંચમી પેઢીએ ભાવનગરમાં વસતા પ.ભ.રાણાદાદા વગેરે બહુ સારા હરિભક્ત થયા છે. તેમના ભત્રીજા કિશોરસિંહ વી. ઝાલાએ આ ઇતિહાસ સંશોધનમાં અમને ખૂબ જ સાથ-સહકાર આપેલો છે.

આશકરણજીની આઠમી પેઢીએ પાટવીકુંવર હરભમજીને સં.૧૮૦૮માં શિયાણીની ગાદી મળી અને તેમણે સં.૧૮૪૩ સુધી રાજ્ય કર્યું. આ હરભમસિંહ અતિ શૂરવીર હતા. તેમણે સં.૧૮૧૫માં નાનાસવાઈ ગામના પાદરમાં કાઠીઓની ફોજ સાથે ધિંગાણું કરી વિજય મેળવ્યો હતો. સં.૧૮૨૩માં લીંબડી ગામ ફરતો કિલ્લો બાંધવાનું કામ શરૂ કર્યું. તે સમયે હાલ જ્યાં લીંબડી ગામ છે, ત્યાં પાંચ-સાત લીમડા હતા, ત્યાં તેમણે મોટો કોટ બનાવ્યો. અને શિયાણીથી લીંબડીમાં પોતાની ગાદી સ્થાપી હતી. તેમના પુત્ર હરિસિંહ સં.૧૮૪૩માં લીંબડી-શિયાણીની ગાદીએ આવ્યા. તે મહાન ભક્ત હતા. તેમણે અનેક વાર શ્રીહરિને પોતાના રાજ્યમાં પધરાવી, સેવા-પૂજા કરી ખૂબ જ લાભ લીધો હતો.

સં.૧૮૫૬માં બરવાળામાં ગઢ બાંધવાનું કામ કર્યું, ત્યારે આ હરિસિંહ રાજાએ પોતાના તાબાના ગામ બરવાળાના માધાશાના પુત્ર ઘેલાશાને એક લાખ છોત્તેર હજાર રૂપિયા તે બરવાળા ગામ ફરતો ગઢ બાંધવા માટે આપ્યા હતા. આ હરિસિંહ રાજા સં.૧૮૮૧માં અક્ષરવાસી થયા હતા. પરંતુ જ્યારે આશકરણજીએ શિયાણીમાં ગાદી સ્થાપી ત્યારે રાગાજીનો પરિવાર શિયાણી રહ્યો અને કુંભાજીને વનાળા વગેરે ૬ ગામની જાગીર આપી હતી.

આ કુંભાજીના પુત્ર જીવણજી થયા. તેમના મેરુજી તેમના ગેલાજી થયા. આ ગેલાજીના લગ્ન યાદવ હોતીજીનાં પુત્રી પામબા સાથે થયાં હતાં. પામબાના પિયરના ગામનું નામ અપ્રાપ્ય છે. આ દંપતી અતિ પવિત્ર, સંતસ્નેહી અને ભક્તહૃદયનાં હતાં. તેમને ત્યાં પાંચ પુત્રોનો જન્મ થયો.

(૧) ડુંગરજી (૨) હરદાસજી (૩) હમજી (૪) **કાકાજી ઉર્ફે અજીતસિંહ** અને (૫) હરભમજી. તેમાં હરભમજીના પુત્ર કુંભાજી થયા.

તે પણ મહાન ભક્ત હતા. તેમનાં પુત્રી નાનીબા ભક્તહૃદયના અને લોકકલ્યાણની ઉમદા ભાવનાવાળાં હતાં. તેથી જ તેમણે પોતાના ગામ વનાળામાં સુંદર તળાવ બંધાવ્યું. સાધુ-સંતો માટે ધર્મશાળા બંધાવી અને કંથારિયાના માર્ગથી ઓતારિયા તરફ એક વાવ્ય બંધાવી હતી. આવા અનેક જનહિતનાં કાર્ય કર્યાં હતાં. આ હકીકત રાજબારોટ મોડજીએ સં.૧૯૩૭માં પોતાના હસ્તે લખેલી છે. આ રીતે શિયાણીના રાજવંશનો ઈતિહાસ જાણ્યા પછી હવે આપણે એ જ રાજવંશમાં જેમનો જન્મ થયો છે, એવા પરમચૈતન્યાનંદસ્વામીના જીવનકવન વિશે અવલોકન કરીએ.

❋ સ્વામીનો જન્મ તથા ગૃહત્યાગ :

ઝાલાવાડ પ્રદેશના લીંબડી તાલુકાના આ શિયાણી ગામે રાજવંશી **ગેલાજી** થકી તેમનાં પત્ની **પામબા**ની કૂખે **સં.૧૮૨૫ની સાલમાં એક મુક્તાત્માનો જન્મ થયો.** તેમનું બાળપણનું નામ **અજીતસિંહ** અને હુલામણાનું નામ કાકાજી હતું.

અજીતસિંહજી બાલ્યાવસ્થાથી જ ધર્મમય સંસ્કારવાળા હતા. તેઓ દેવદર્શન, સંતસમાગમ, કથાશ્રવણ, દાનપુણ્ય વગેરે સત્કર્મ કરવામાં અતિ શ્રદ્ધાવાન હતા. તેઓએ ત્યાં જ વિદ્યાભ્યાસ કર્યો. ભણી-ગણીને મોટા થયા, પરંતુ સંસારથી સદા અલિપ્ત રહ્યા. **હાથી સો મણ લાકડાં ઊંચકી શકે છે, પરંતુ રેતીમાં ભળેલી સાકરનો સ્વાદ લેવામાં તો કીડી જ સફળ બને છે. તલવાર યુદ્ધના મેદાનમાં અનેકનાં ડોકાં વાઢી શકે છે, પરંતુ પગમાં વાગેલો કાંટો કાઢવામાં તો સોય જ સફળ બને છે; તેમ સજ્જન માણસ અનેક સામાજિક કાર્ય કરી શકે છે, પરંતુ પરમેશ્વરના અનુભવ માટે તો સંસારથી વિરક્ત રહેનારો વ્યક્તિ જ સફળ બને છે.** તમામ સદ્‌ગ્રંથનો સાર વિષયથી વિરક્તિ અને પરમેશ્વરમાં પ્રીતિ કરવી

એટલું જ છે. આ રહસ્ય અજીતસિંહે નાની ઉંમરમાં જ અંતરમાં ઘોળીને પીધું હતું. તેથી જ તેઓ સતત ભજન-ભક્તિમાં ગુલતાન રહેતા.


શ્રીઅજીતસિંહ ઝાલા ઉર્ફે કાકુભા માંગુજી શાખા (ગામ : શિયાણી)

જ્યારે મોટી ઉંમર થઈ ત્યારે તેમના મોટા ભાઈઓએ લગ્ન કરવાનો ખૂબ જ આગ્રહ કર્યો. છતાં તેમણે ઈશ્વરમિલનની લગની હોવાથી લગ્ન ન કર્યાં. તેમના મોટા ભાઈઓ પણ અજીતસિંહની સેવા, ભક્તિ અને પ્રભુપરાયણ જીવન જોઈ તેમને વ્યવહાર સંબંધી કાર્યોમાં બહુ જોડતા નહીં.

પછી અજીતસિંહજીએ એકવાર વિચાર્યું કે, **'સંસારના ભ્રમણમાંથી મુક્ત થવાય અને પ્રગટ પરમેશ્વરની પ્રાપ્તિ થાય એ જ મનુષ્યજન્મનું સાર્થકપણું છે. અને એવા શુભ પ્રયત્નો કરવા માટે જ પરમાત્માએ આપણને મનુષ્યશરીર આપ્યું છે.'** પોતાના આ વિચારને સાર્થક કરવા માટે તેમણે આજીવન બ્રહ્મચર્ય પાળવાનો દૃઢ સંકલ્પ કર્યો. પૂર્વનો સંસ્કાર ઉદય થતાં સંસાર અસાર લાગ્યો. પછી તે માટે સાચા સંતસમાગમને પોતાનો આત્મા ખોળવા લાગ્યો. મનમાં એમ થતું હતું કે, **'એવા સમર્થ સંત મળ્યા વિના પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થાય નહીં. માટે તીર્થયાત્રાના બહાને સંતને શોધવા માટે નીકળું. કોઈ સ્થળે મને એવા મોટા પુરુષ**

મળે કે જેના આશરે ભગવાનનું ભજન કરતાં પ્રગટ પરમાત્માની પ્રાપ્તિ થાય.' એવો દૃઢ વિચાર કરીને તીર્થયાત્રાએ જવાનો અને અતિ તપ-જપ વગેરે કરવાનો સંકલ્પ કર્યો.

અને પછી તરત જ અજીતસિંહજીએ વડીલોની સંમતિ લઈ આશરે ૨૫-૨૬ વર્ષની ઉંમરે પોતાના ભાગનો ગરાસ વગેરે સંપત્તિનો તૃણવત્ ત્યાગ કર્યો. અને પ્રગટ પરમાત્માને મેળવી આપે એવા સંતને શોધવા તીર્થયાત્રા કરવાના નિમિત્તે આજીવન ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા.

તીર્થયાત્રા કરતાં અને મોટા પુરુષને શોધતાં થકા તેઓ જૂનાગઢ ગયા. ત્યાંથી પ્રભાસપાટણ વગેરે તીર્થસ્થાનોમાં દેવદર્શન કરતાં કરતાં તેઓ આગળ જતાં દ્વારકા ગયા. તેવામાં તેમણે પ્રભાસપાટણ અને તે તરફનાં ગામોના માણસો તથા દ્વારકામાં આવેલા કેટલાક યાત્રિકોના મુખેથી સાંભળેલું કે, 'સોરઠ પ્રદેશના માંગરોળ બંદર પાસેના લોજ ગામમાં રામાનંદસ્વામી નામના કોઈક સમર્થ સદ્‌ગુરુ પ્રગટ થયા છે. તે મહાયોગી છે અને લોકો તેને ઈશ્વર-સ્વરૂપે માને છે. અને તેમના યોગમાં આવતા અનેકને શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે. અને તે ખાસ દર્શન કરવા જેવા મહાપ્રતાપી પુરુષ છે.' ઘણા સુજ્ઞ લોકોએ તો કહ્યું, 'જો તમારે ઈશ્વરપ્રાપ્તિની ઇચ્છા હોય તો તમે ત્યાં જાઓ, તે તમારી ઇચ્છા પૂર્ણ કરશે.' તેથી તેમણે સીધી માંગરોળની વાટ પકડી.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં દર્શન-સમાગમ કરી પ્રત્યક્ષ પ્રભુની પ્રાપ્તિ કરવા તેઓ માંગરોળ આવ્યા અને ત્યાંથી આશરે સં.૧૮૫૪ની સાલમાં લોજ આવ્યા. ત્યાં આવતાં જ મન-મોરલિયો નાચવા લાગ્યો. અને આશ્રમને જોતાં તો અંતરનો ભક્તિભાવ ઉદધિમાં વાધૂ આવે તેમ ઉછળવા લાગ્યો. ચિત્તમાં શરદપૂર્ણિમાની ચાંદની જેવી શીતળતા રેલાવા લાગી. આશ્રમમાં પ્રવેશતાં જ કોઈ શ્રદ્ધાળુને પૂછ્યું, 'સદ્‌ગુરુ

રામાનંદસ્વામીનાં દર્શન થશે ?' તેમણે હાથ લાંબો કરીને કહ્યું, 'આગળ જાઓ. ત્યાં સ્વામી સભામાં બિરાજે છે. અને મુમુક્ષુજનોને દર્શન, કથા-વાર્તાનો લાભ આપી રહ્યા છે.' આ શબ્દો સાંભળતાં જ જાણે 'વર્ષોથી જેની તલાશ હતી, તે ભોમિયા સદ્‌ગુરુ મળી ગયા' એમ અંદરથી અવાજ આવ્યો. તરત જ ઉપડતા પગે આગળ ચાલ્યા. ત્યાં જ સભામાં શ્વેત ગાદી-તકિયે, ઊંચા આસને, શ્વેતાંબરી, પુષ્ટ જેમની કાયા છે, આજાન બાહુ છે, વિશાળ ભાલમાં ઊર્ધ્વપુંડ્ર તિલક બિરાજે છે, સર્વ મુમુક્ષુને આશ્રય કરવા યોગ્ય સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં દૂરથી દર્શન થયાં.

નજીક જતાની સાથે જ મીઠો-મધુરો અવાજ સંભળાયો, 'આવો રાજવી..આવો..!' આ શબ્દ હતા સદ્‌ગુરુ રામાનંદસ્વામીના..! 'અહો..! સ્વામીએ મને કેટલા આદરભાવથી બોલાવ્યો !' એમ વિચાર આવતાં જ સદ્‌ગુરુના ચરણમાં તેનું ચિત્ત પીગળીને લીન થઈ ગયું. સ્વામીને દંડવત-વંદન કરીને સામે ને સામે જોઈ રહ્યા. જાણે રાંકને વર્ષો જૂનું ખોવાયેલું રતન ન મળ્યું હોય..!! સ્વામીએ ગંભીર વાણીમાં કહ્યું, 'ભક્તરાજ ! સભામાં બિરાજો.' એ શબ્દ સાંભળતાં જ સજાગ થયા. સભામાં બેઠા.

તે સમયમાં ભક્તજનોની સભામાં મુક્તાનંદસ્વામી રામાયણની કથાવાર્તા કરતા હતા. કથાના અંતે સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ મુમુક્ષુજનોના અંતરના પ્રશ્નને ઉકેલતો અનુપમ ઉપદેશ આપ્યો કે, **'આ આત્માએ જન્મ લઈને અનેક દેહ ખોયા છે. પારાવાર આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે કષ્ટો સહ્યાં છે. પરંતુ આ મનુષ્યદેહ તો માત્ર ને માત્ર પ્રગટ પરમાત્માને પામવા માટે જ આવ્યો છે. આવો અવસર ખોવે છે, તેને લખચોરાશી, ગર્ભવાસ અને યમયાતના ક્યારેય મટતાં નથી. અને જેઓ સાચા સદ્‌ગુરુઓ દ્વારા પ્રગટ પરમાત્માની પ્રાપ્તિ કરે છે, તેના અંતરમાં અપાર શાંતિ થાય છે અને તેનો બેડો પાર થઈ જાય છે.'** આવો સ્વામીશ્રીનો

ઉપદેશ સાંભળી તેમના મનમાં પરમ શાંતિ થઈ. ભોજન સમયે સંતોએ આદરભાવથી તેમને ભોજન કરાવ્યું. અને સંતોનો વિનય, વિવેક તથા ભજન-ભક્તિ અને ઈશ્વરપ્રાપ્તિની ભૂખ જોતાં જ તેમનો મનમોરલિયો નાચી ઊઠ્યો. અને તેમણે કાયમ માટે અહીં જ રહેવાનું નક્કી કર્યું.

ગુરુદેવ રામાનંદસ્વામી સહુને ધ્યાન, ધારણા અને યોગાસનનો અભ્યાસ કરાવતા હતા. આખા આશ્રમમાં સેવા, સ્નેહ, આત્મીયતા અને સંયમનું અલૌકિક વાતાવરણ હતું. અજીતસિંહ મહારાજાએ આ બધું જોયું. તેથી તે પણ માન મૂકી સહુની સાથે સેવામાં ભળવા લાગ્યા. કથા-વાર્તાનું શ્રવણ કરવા લાગ્યા. અલૌકિક વાતાવરણમાં મહાપુરુષોના સંગે દરબારના અંતરમાં વિરક્તિનો કેસરિયો રંગ ઘૂંટાવા લાગ્યો. **ગુરુદેવ રામાનંદસ્વામીએ દરબારની મુમુક્ષુતા પારખી સત્સંગના ખપવાળા જાણી લગભગ ૩૦ વર્ષની ઉંમરે સં.૧૮૫૪માં લોજમાં જ તેમને ભાગવતી દીક્ષા આપી અને નામ પાડ્યું, 'પરમચૈતન્યાનંદસ્વામી'.** હવે એ અજીતસિંહ મટીને પરમચૈતન્યાનંદસ્વામી બન્યા. સહુ સંતોની સાથે સેવા-ભજન કરતા. ભિક્ષા માગવા જાતા. આશ્રમમાં આવનારા યાત્રિકોને સદાવ્રત આપવામાં સહાયભૂત થતા અને ભજન-ભક્તિ, હરિસ્મરણ અને ધ્યાન-ધારણામાં સમય વિતાવવા લાગ્યા.

સં.૧૮૫૬માં ગુરુદેવ રામાનંદસ્વામી ભૂજ ગયા હતા. આજ વર્ષમાં રાંધણછઠ્ઠના દિવસે લોજના આશ્રમમાં એક અલૌકિક મહાયોગીનું આગમન થયું. અને એ જ હતા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન. નીલકંઠવર્ણીના વેશે આવેલા બ્રહ્મચારીથી આશ્રમવાસી તમામ સંતો-ભક્તો અતિશય પ્રભાવિત થયા. મુક્તાનંદસ્વામી વગેરે મહાપુરુષોએ જીવની જેમ જતન કરીને વર્ણીરાજને રોકી રાખ્યા. વર્ણીરાજને પણ એક સદ્‌ગુરુની નિશ્રામાં ઘડાયેલા આ સંતોની સાધુતા ને મુમુક્ષુતા ખૂબ જ

ગમી. તેથી પરસ્પર એકબીજાનાં હૈયાં મળ્યાં. રામાનંદસ્વામીની આજ્ઞાથી નીલકંઠ બ્રહ્મચારીએ લોજ આશ્રમસ્થ પરમહંસોને યોગવિદ્યાની તાલીમ આપી. વર્ણીરાજનાં દર્શન થતાં જેમ અષાઢી મેઘની રમઝટ થતાં મોરલાઓ નાચી ઊઠે, તેમ પરમચૈતન્યાનંદસ્વામીનું અંતર આનંદથી નાચવા લાગ્યું.

ત્યારબાદ પીપલાણામાં નીલકંઠવર્ણી અને રામાનંદસ્વામીનું અદ્‌ભુત મિલન થયું. સ્વામીએ વર્ણિરાજને જેતપુરમાં ગાદીએ બેસાર્યા. સંપૂર્ણ સંપ્રદાયની જવાબદારી સહજાનંદસ્વામીને સોંપીને ફરેણી મુકામે **ગુરુદેવ રામાનંદસ્વામી સં.૧૮૫૮ માગસર સુદ-૧૩, ગુરુવાર તા.૧૭/૧૨/૧૮૦૧ના રોજ સ્વધામ સિધાવ્યા.**

❋ પરમચૈતન્યાનંદસ્વામીની વિશેષતાઓ :

ત્યારબાદ સ્વામિનારાયણ ભગવાન પરમચૈતન્યાનંદસ્વામીની પણ વડીલ ગુરુભાઈ તરીકે આમાન્યા જાળવતા હતા. રામાનંદસ્વામીના દીક્ષિત સંતોમાં મુખ્ય સંતો ૧૨ હતા. અને તેઓ ગુણિયલ અને નિષ્ઠાવાન હતા. તેથી મહારાજ પણ તે સહુને જ્યારે સમૂહમાં બોલાવતા ત્યારે ‘આવો, બાર ભાયા આવો !’ એમ કહી પ્રેમથી બોલાવતા.

સાધુ બાર ભાયા આવો બહાર, ત્યારે આવ્યા તે કરીને પ્યાર;
બાર ભાયાને મહારાજે કઈ, તમે એક એક શિષ્ય લઈ.

(હરિકૃષ્ણચરિત્રામૃતસાગર અ.૩૧/૨૧)

પરમચૈતન્યાનંદસ્વામી કથા-વાર્તા કરવામાં કુશળ ને સદ્‌ગ્રંથોના અભ્યાસી હતા. અને મહારાજ તેમને વિશે ગુરુભાવ રાખતા, તેથી સૌ સંતોને પણ એમને વિશે સહજ પૂજ્યભાવ રહેતો. સંતો-ભક્તો અતિ સ્નેહથી તેમનો સમાગમ કરી શ્રીજીમહારાજનાં ઐશ્વર્ય, પ્રતાપ તથા લીલાચરિત્રની વાતો સાંભળતા. અને પરમચૈતન્યાનંદસ્વામીને શ્રીજીમહારાજના સ્વરૂપની અનન્ય નિષ્ઠા હતી. તેઓ મહારાજનો

મહિમા ખૂબ જ સમજતા હતા. કારણ કે એમણે પ્રથમથી જ શ્રીહરિનાં અનેક અદ્‌ભુત ઐશ્વર્યો-પ્રતાપ પ્રત્યક્ષ જોયેલાં. એટલે તેઓ સર્વોપરી શ્રીહરિની નિષ્ઠાના બળથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક મહારાજની મોટપ સમજતા. વળી, તેઓ આજ્ઞા-ઉપાસનામાં કોઈ પણ પ્રકારની ખામી ન રહી જાય એવી ઉત્તમ રુચિવાળા હતા. અને પોતાની રુચિ તથા સમજણ પ્રમાણે સૌ સંતોભક્તોને મહારાજનો મહિમા આગ્રહપૂર્વક કહેતા.

શ્રીહરિનાં ઐશ્વર્ય, પ્રતાપની નજરે જોયેલી અસરકારક વાતો કહેવામાં તેઓ ઘણા કુશળ હતા. એમના આ સર્વોત્તમ સદ્‌ગુણથી તેમની શ્રેષ્ઠ સંતોમાં ગણના થતી હતી. અને તેથી જ દેશાંતરથી શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવતા સત્સંગીઓને કથા-વાર્તાથી પોષણ કરવા માટે શ્રીહરિએ મુખ્ય સાત સંતોની નિમણૂક કરેલી. તેમાં પણ એક પરમચૈતન્યાનંદસ્વામી હતા. તે વાતનો ઉલ્લેખ કરતાં શતાનંદસ્વામી સત્સંગિજીવન ૩/૨/૪૧માં કહે છે કે,

गोविन्दानन्दनामान्यः कृपानन्दस्तथात्मदृक्।
चैतन्यानन्दनामैते ऋषयः सप्त सद्धियः ।।

આ સાત સારી બુદ્ધિવાળા સિદ્ધયોગી સંતો શ્રીહરિની પ્રસન્નતા માટે શ્રદ્ધાપૂર્વક હંમેશાં ભગવાનની વાર્તા કરતા હતા. અને તેમના દ્વારા અનેક લોકોને સત્સંગનું પોષણ મળતું હતું. તેથી મહારાજે તેમને મોટેરા સંતોમાં સ્થાન આપ્યું હતું. વળી, માધવદાસસ્વામી પણ હરિકૃષ્ણલીલામૃતસાગર તરંગ-૪ માં કહે છે,

ચૈતન્યાનંદ સંત તમારા, પ્રભુ તમારી સાથે હેત;
સાકાર તમારા સ્વરૂપમાં, અને વૈરાગ દેખાડી દેત.

ચૈતન્યાનંદસ્વામી ઊભા થયા એહ, વાત હરિની કરવા રહ્યા તેહ;
બહુ વાત કરી કહે રે'જો ખબડદાર, નહિ તો આગે છે દુઃખ અપાર.

જેમ દૂધાળી ગાયો જોતી હોય તો ખૂંટ પણ એવો જોઈએ, તેમ સર્વોપરી પુરુષોત્તમનારાયણને પામવા હોય તો તેની વાત કરનારા પણ એવા બળિયા જોઈએ. શબ્દો દ્વારા મુમુક્ષુના અંતર કલેવર ઘડાય છે. ચૈતન્યાનંદસ્વામી અનેક મુમુક્ષુના અંતર કલેવર ઘડનારા મહા સંત હતા.

આમ, સ્વામીની વાતોથી સહુને શ્રીહરિમાં સ્નેહ અને જગતમાં વૈરાગ્ય થતો હતો. શ્રીજીમહારાજે શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના મતે સં.૧૮૬૩નો અન્નકૂટ ઉત્સવ માંગરોળમાં કર્યો. ત્યારબાદ ત્યાંના નવાબ વજરુદીને શ્રીહરિની નગરયાત્રા ગોઠવી. તેમાં એક સુવર્ણજડિત અંબાડીવાળા હાથી ઉપર મહારાજ બેઠા. રામદાસભાઈ મહારાજને ચમર ઢોળવા બેઠા. બીજા હાથી ઉપર મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી બેઠા. ત્રીજા હાથી ઉપર સંતદાસજીસ્વામી, આત્માનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી અને પરમચૈતન્યાનંદસ્વામી બેઠા.

संतदास मुनी आत्मानंदा, ओर हि स्वयंप्रकाशानंदा;
परमचैतन्यानंद मुनी जेहु, एक गज उपरी सो बेठे तेहु.

(હ.ચ.સા.૬/૬૯)

આ રીતે શ્રીહરિ તેમને લાડ લડાવતા.

❋ શ્રીહરિએ આત્મા-આત્મા વિશેનો ભેદ સમજાવ્યો :

વળી, સં.૧૮૬૬માં ફરતાં ફરતાં શ્રીહરિ ભૂજ ગયા. ત્યાંથી તેરા ગયા ત્યારે પરમચૈતન્યાનંદસ્વામી અને ભાયાત્માનંદસ્વામી વગેરે સંતો સાથે હતા. આ પ્રસંગને નોંધતાં ભાયાત્માનંદસ્વામી લખે છે : પછી મહારાજે કહ્યું જે, 'હમણે ઊંઘશો તો પ્રભાત ક્યારે થાશે ? માટે કોઈ પ્રશ્ન કરીએ.' ત્યારે પરમચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, 'કહા પ્રશ્ન કરના હે ? આત્મા હે સો સત્ય હે ઔર એક સરીખા હૈ. ઈસ લિયે સબમેં સરખા

દૈવત હોના ચાહીએ.' ત્યારે મહારાજ હસ્યા. અને કહ્યું જે, 'એ તો તમે ઠીક કહો છો, પણ દીવોય અગ્નિ છે, મશાલય અગ્નિ છે, વીજળીય અગ્નિ છે અને વડવાનળ પણ અગ્નિ છે; પણ દીવાને લગારેક વાયુ લાગે તો ઓલાઈ જાય. અને વડવાનળ અગ્નિ પાણીને બાળે છે, પણ ઓલાતો નથી. એમ આત્મા આત્મામાં ભેદ છે. જે આત્માને જેટલો માયાનો સંબંધ વિશેષ રહે તેટલું તેનું સામર્થ્ય ઓછું થાય છે. અને જેમ જેમ વિષયનો સંબંધ ઓછો થતો જાય તેમ તેમ આત્મા શુદ્ધ થતો જાય અને તેનું સામર્થ્ય વધતું જાય છે.' ***(સંદર્ભ : ભાયા. વાતો-૧૦૧)***

પછી મહારાજ ફરતાં ફરતાં સંતો સાથે ગામ પુનડીએ આવ્યા. અને ત્યાં સૌ સંતોને કહ્યું કે, 'હવે એક વખત જમવું. સવારના માર્ગે ચાલ્યા હોય, અથવા થોડું મળ્યું હોય, ત્યારે બીજી વખત જમવું તેનો બાધ નહીં. મનની ભૂખે ન જમવું અને પ્રાણની ભૂખે જમવું.' એ રીતે વાત કરી. પછી મહારાજ બહિર્ભૂમિ ગયા. આત્માનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, કૈવલ્યાનંદસ્વામી ને મહારાજ એ અમે ચારે પ્રથમ બહાર ગયા, અને મહારાજ તો ઓરા રહ્યા. પછી મહારાજ બહિર્ભૂમિ જઈને આવ્યા. ને હાથ ધોઈને વડ હેઠે બેઠા. પછી અમે આવ્યા ત્યારે મહારાજ ને અમે ભેળા થઈ ગામમાં ગયા.

પછી મહારાજ ઢોલિયા ઉપર બેઠા અને વાત કરી જે, "આજ તો અમે વડ તળે બેઠા હતા ને આકાશ સામું જોયું જે, આકાશમાં એકલો જીવ ભર્યો છે. જેમ તળાવમાં ગારો હોય તેમાં ડોબું બેસે ત્યારે માગ થાય અને ઊઠે ત્યારે ગારો ભેળો થઈ જાય. માટે કોઈ કહે છે જે, જીવ પાંચમે મહિને ઉદરમાં આવે છે, તે વાત ખોટી છે. એ તો બીજ ભેળો જીવનો પ્રવેશ છે, એમ સમજવું." એવી રીતે મહારાજે વાત કરી. આ રીતે મહારાજ સ્વામીને બહુ જગ્યાએ સાથે રાખતા. આત્મા-પરમાત્મા સંબંધી રહસ્યો સમજાવતા. ***(સંદર્ભ : ભાયા. વાતો-૧૦૫)***

પછી મહારાજ ફરતાં ફરતાં માનકૂવા આવ્યા અને નાથા સુતારને ઘેર ઉતારો કર્યો. ત્યાં જમીને પછી સાધુની ઓરડી પાસે ઢોલિયો નખાવીને વિરાજમાન થયા અને વેદાંતના અંગની વાત કરતા હતા. પછી મહારાજે આત્માનંદસ્વામી તથા પરમચૈતન્યાનંદસ્વામીને આજ્ઞા કરી જે, “તમે વેદાંતનાં પ્રશ્ન શીખો.” તે અમો ત્યાં ઓરડામાં બેઠા પ્રશ્ન શીખતા હતા. *(સંદર્ભ : ભાયા. વાતો.૧૦૮)*

❋ શ્રીહરિએ સ્વામી માટે ઘોડી લાવી આપી :

એકવાર મહારાજ કુંડળ પધાર્યા. પછી સવારમાં ઊઠી મહારાજ બહિર્ભૂમિએ ગયા, ને સાધુએ તાપ કર્યો ને માંચી ઢાળીને તે ઉપર મહારાજ વિરાજમાન થયા. પછી મૃત્તિકાએ કરીને હાથ ધોયા. તે સાધુ પાણી નાખતા જાય અને મહારાજ હાથ ધોતા જાય. એવી રીતે હાથ ધોયા ને કોગળા કર્યા. ને મુખારવિંદ ધોઈને રૂમાલે લુયા. પછી મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, “અમે એક પ્રકરણ ફેરવ્યું છે જે, અમારા ભેળા ચાલે તે ગાંઠનું ખર્ચ ખાય. તે ઘોડે ચડ્યો અથવા પાળો હોય પણ ગાંઠનું ખર્ચ ખાય તે અમારા ભેળા આવે.” પછી આનંદસ્વામીએ કહ્યું જે, “સારું કર્યું મહારાજ.” એમ કહીને કહે જે, “બે સાધુ થાકી ગયા. એક આત્માનંદસ્વામી ને બીજા પરમચૈતન્યાનંદસ્વામી.” પછી મહારાજે કહ્યું જે, “આત્માનંદસ્વામી તો જેમ ખડેલ ઘોડો નભે તેમ નભે એવા છે ને પરમચૈતન્યાનંદસ્વામી સારુ ઘોડું કરી આવીએ.” એમ કહીને મહારાજ ઊઠ્યા. તે અમરા પટગરના દરબારમાં ગયા. ને રાઈબાઈને કહ્યું જે, “અમારે સાધુ એક થાક્યા છે, તેને અર્થે એક ઘોડું ને એક માણસ પચ્છમ ગામ સુધી જોઈશે.” ત્યારે રાઈબાઈએ કહ્યું જે, “અમારે ઘેર સાધુ જમવા આવે તો ઘોડું અને માણસ મોકલું.” ત્યારે મહારાજે કહ્યું જે, “ઠીક, રસોઈ કરો.” એટલું

કહીને મહારાજ હસતાં હસતાં આવ્યા ને કહ્યું જે, "અમે તમારે કાજે ઘોડાનું કરી આવ્યા, ને રોટલાનું પણ કરી આવ્યા."

(સંદર્ભ : ભાયા.વાતો.૧૩૮)

આ રીતે મહારાજ પરમચૈતન્યાનંદસ્વામીનું ધ્યાન રાખતા. અને સ્વામી થાક્યા હોય તો મહારાજ તેમના માટે ભક્તો પાસેથી ઘોડી માંગી આવતા અને ઘોડીએ બેસારીને પણ સ્વામીને સાથે રાખતા.

એકવાર શ્રીહરિ વડતાલ હતા. ત્યારે ભક્તોને દર્શન દેવા માટે રામનવમીને દિવસે વડતાલમાં હાલ જ્યાં જ્ઞાનબાગ છે, તે જગ્યાએ આવ્યા. ત્યાં મોટી સભા ભરાણી. સભામાં બેઠેલા સંતોનાં નામ લખતાં આધારાનંદસ્વામી હ.ચ.સા. ૮/૬૫/૧૦ માં કહે છે કે, મહાધ્યાની પરમચૈતન્યાનંદસ્વામી આ સભામાં બેઠા હતા.

परमचैतन्यानंद मुनि ध्यानी, परमहंसानंद मुनि बडे ग्यानी

આમ, સ્વામી પહેલેથી જ મહારાજની મૂર્તિનું ચિંતવન કરવું અને ધ્યાનમાં નિમગ્ન રહેવું વગેરે ગુણોથી યુક્ત હતા. અને શ્રીહરિ પણ તેથી જ સ્વામીને ખૂબ બિરદાવતા.

❋ માનને કારણે મૂંઝારો :

મનુષ્યમાત્રનો એવો સ્વભાવ છે કે, જ્યારે લોકમાં પ્રતિષ્ઠા વધે, સૌ કોઈનો તેમના તરફ આદરભાવ વધે ત્યારે મનમાં અભિમાનનો અંકુર પેદા થાય છે. જો તે સમયે પૂરો સાવધાન ન રહે તો માનરૂપી મહાદોષ અવશ્ય મનુષ્યનું અધઃપતન કરે છે. સ્વામીના અંતરમાં અહંના બીજના અંકુર ફૂટ્યા તે ગર્વગંજન શ્રીહરિને ન ગમ્યું.

એકવાર મહારાજ સંતો-પાર્ષદો સહિત ગઢપુરથી અમદાવાદ તરફ જતાં ભાલ પ્રદેશમાં તાવી ગામે ઉતારો કર્યો. ત્યાંના ભાવિક ભક્તોએ ખૂબ સેવા કરી. મહારાજ તળાવના કિનારે મુંડન કરાવવા બેઠા. પરંતુ

વાળંદનો હાથ જાણે પશુ માટે જ ઘડાયો ન હોય ! એવું જણાવતાં શ્રીહરિ અડધું વતું કરાવીને ત્યાંથી ચાલતા થયા. તાવી ને દેવળિયાની વચ્ચે તળાવને કાંઠે બેઠા. ત્યાં દેવળિયાથી જાલમસિંહ રાજા પવનવેગે ઘોડીને દોડાવી પોતાના ગામમાંથી વાળંદ લઈને આવ્યા. મહારાજે ત્યાં વતું કરાવ્યું.

પછી તળાવમાં સ્નાન કરી પીપળાના ઝાડ નીચે સભા ભરી. ત્યાં મુક્તાનંદસ્વામીની પાસે એક પૂર્ણાનંદસ્વામી અને બીજા પરમચૈતન્યાનંદસ્વામી આ બંને સંતો ધાબળી પાથરીને બેઠા. સ્વામી નીચે બેઠા હતા. તે બંને કરતાં મુક્તાનંદસ્વામી મોટા હતા. મહારાજ પણ સ્વામીને ગુરુતુલ્ય માનતા. આવા મોટા સંત નીચે બેઠા અને તેમની આગળ આ બંને ધાબળી પાથરીને બેઠા તે મહારાજને ન ગમ્યું. એટલે મહારાજે સભાને સંબોધતાં કહ્યું, "તમે કોઈએ માનની મૂર્તિ જોઈ છે ? જુઓ આ બંને પ્રત્યક્ષ માનની મૂર્તિઓ અહીં આગળ આવીને બેઠી છે."

કોઈ કેશો માન કેવું હશે, આ જુઓ માનની મૂર્તિ વસે;
મુક્તાનંદસ્વામી બેઠા હેઠા, તેની આગળ ધાબળી નાખી બેઠા;
પૂર્ણાનંદ પરમ ચૈતન્યાનંદ, એને માનની મૂર્તિયું કે સુખકંદ.

(હરિકૃષ્ણચરિત્રામૃતસાગર અ.૧૧૧)

આ વાત સાંભળતાં જ સભામાં સન્નાટો છવાઈ ગયો. પૂર્ણાનંદસ્વામી તો અપમાન પછી છેવટે ઘરે જતા રહ્યા હતાં. જ્યારે પરમચૈતન્યાનંદસ્વામી પણ થોડા અંતરમાં ઉદાસ થયા. પરંતુ તેમને શ્રીહરિની નિષ્ઠા પાકી હતી. તેથી સત્સંગ છોડીને ગયા નહીં. થોડા સમય બાદ શ્રીહરિ ગઢપુર આવ્યા.

પછી ગઢપુરમાં એકવાર મહારાજે કહ્યું જે, "હે સંતો ! પંચ વર્તમાન તમે પાળો છો, તેને વિશેષ પાળજો. અને જે કહેવાનું છે, તે અમે પછી કહેશું. અને મારે હજુ પરમહંસો પાસે વિશેષ તપ કરાવવું છે." તે

સાંભળીને મુક્તાનંદસ્વામીએ લીમડો વાટીને પીવા માંડ્યો. ત્યારે પરમ ચૈતન્યાનંદ સ્વામીએ વિચાર કર્યો કે, 'આપણાથી આવા આકરા નિયમ પાળી શકાય નહીં.' પછી પરમચૈતન્યાનંદસ્વામી દેહાભિમાને કરીને મૂંઝાણા. શ્રીહરિ તેમની આંતરીક પરિસ્થિતિ સમજી ગયા. પછી મહારાજે એક ઘાએ બે પક્ષી મરે એ ન્યાયે સ્વામીનું સારું થાય અને ધર્મપુરના કુંશળકુંવર બાઈનું કલ્યાણ થાય એવું વિચાર્યું.

❋ શ્રીહરિએ સ્વામીને ધર્મપુર મોકલ્યા :

કુશળકુંવરબાઈનાં લગ્ન ધર્મપુરના રાજા સોમદેવ સાથે થયાં હતાં. તેમના પુત્રનું નામ રૂપદેવજી હતું. અને તેના પુત્રનું નામ વિજયસિંહ હતું. જ્યારે તેમના પતિ અને પુત્ર બંને સ્વર્ગે સિધાવ્યા ત્યારે કુશળકુંવરબાઈએ વિજયસિંહને ગાદીએ બેસાર્યા અને પોતે રાજ્ય ચલાવતાં અખંડ ભજન-ભક્તિ કરતાં. રાત્રિ-દિવસ પ્રભુમિલનનું તાન હતું. તેમની ઉત્તમ મુમુક્ષુતાને શ્રીહરિએ જાણી, તેથી તેમને પૂર્વનું જ્ઞાન ઉદય થાય એવો શ્રીહરિએ સંકલ્પ કર્યો. આ વાત હરિલીલામૃત ક.૭ વિ.૪૯ની ૧૬મી કડીથી આ મુજબ લખી છે.

જેમ રાજ્યને આંચ ન આવે, બાઈ એ રીતે રાજ ચલાવે;
તેને પૂર્વ તણું થવા જ્ઞાન, ઇચ્છ્યા એક સમે ભગવાન.

સાધુ પરમ ચૈતન્યાનંદ, તેને આગન્યા કરી ગોવિંદ;
ધર્મપુરમાં તમે તો સિધાવો, દૈવીને સતસંગ કરાવો.

રહેજો તહાં ચાતુર માસ, કરજો મુજ જ્ઞાનપ્રકાશ;
સુણી એવું બોલ્યા તેહ સંત, ભક્તિપુત્ર સુણો ભગવંત.

નથી સંસ્કૃત હું ભણ્યો કાંઈ, નથી વક્તાપણું મુજ માંઈ;
નવ જાણું શ્રુતિસ્મૃતિ લેશ, કરી કેમ શકું ઉપદેશ ?

મતવાદી વદે વાદ આવી, તેને કેમ શકું સમજાવી ?
સુણી બોલિયા શ્રીભગવંત, કહું તે તમે સાંભળો સંત.

✵ સંતનો ધર્મ જોઈને સત્સંગ થાય છે તે વિષે : ઉપજાતિ :

સદ્ધર્મવાળા શુભ હોય સંત, એનાથિ સત્સંગ વધે અનંત;
ભલે ભણ્યા કે ન ભણેલ હોય, તેના થકી થાય સમાસ તોય.

સંન્યાસિ શાસ્ત્રો બહુધા ભણે છે, તે ગામ ગામે રખડે ઘણે છે;
ભલે ભલા પંડિત તે ગણાય, વધે ન તેના થકિ સંપ્રદાય.

મહારાજ કહે, "સ્વામી જેમ સૂર્ય કોઈને ઉપદેશ આપતો નથી, છતાં તેના ગુણથી સહુ તેને નમે છે. તેમ તમારા સદ્‌ગુણથી જ તે રાણીને સત્સંગ થશે. જેમાં સદ્ધર્મ ન હોય તે ગમે તેટલો વાચાળ હોય, ભણેલો હોય છતાં તેનાથી સત્સંગ થાતો નથી. ધર્મવાળાનો સર્વત્ર પ્રભાવ પડે છે. સદ્ધર્મથી જ સહુના અંતર જિતાય છે.

સાધૂ વિષે ધર્મ જણાય સારો, ત્યાં સૂધિ સત્સંગ ઘણો થનારો;
શિથીલતા ધર્મ વિશે જણાશે, સત્સંગની વૃદ્ધિ પછી ન થાશે.

જે સંતો પાખંડી થઈને ફરતા હોય, સત્સંગથી ઉલટી રીત રાખતા હોય. વળી કોઈ જમવા અન્ન આપે તો વધેલું વેચી નાખતા હોય, સારા સંતો-ભક્તો સાથે ઈર્ષા અને અદેખાઈ રાખતા હોય તેનાથી તમે દૂર રહેજો. તેથી તમારો વિજય થશે.

ચોપાઈ :

એવો હોય અધરમી જેહ, તમ સાથે ન રાખશો તેહ;
સુણી પરમ ચૈતન્યાનંદ, પામ્યા અંતર માંહિ આનંદ.
સ્નેહે પ્રભુપદ નામીને શીર, ગયા ધર્મપુરે ધરી ધીર;
રહ્યા ત્યાં જઈ ચાતુર માસ, કર્યો ઉદ્ધવ મતનો પ્રકાશ.

શ્રીહરિએ તેમને આજ્ઞા કરી. તેમની પાછળ પોતાની આંતરિક પરિસ્થિતિનો સ્વામીને ખ્યાલ આવી ગયો હતો. કેમ જે, તે સજાગ સાધુ હતા. પરંતુ અહંશૂન્ય બનવું ઘણું કઠણ છે. પછી સ્વામી એકડમલ બનીને જ્યારે ચાલતા થયા ત્યારે વાંસેથી તેમના મંડળના લક્ષ્મણાનંદસ્વામી, બલભદ્રાનંદસ્વામી વગેરે દસ સંતો પાછળ ગયા. તેમને પાછળ આવતા જોઈને સ્વામી ઊભા રહ્યા. ને પૂછ્યું, "કેમ પાછળ આવો છો ?" ત્યારે તેઓ કહે, "અમે તમારી સાથે આવીએ છીએ." ત્યારે તે કહે, "હું તો માનથી શ્રીહરિથી દૂર થઈને જાઉં છું, સાક્ષાત્ પ્રભુ તો આંહીં બિરાજે છે. તે પ્રભુને મૂકીને મારી સાથે આવશો તો દુઃખી થશો. માટે પાછા જાઓ. અને હું તેમનું જ ભજન કરીશ તથા માન જીતવા દાખડો કરીશ. ને પછી મહારાજ પાસે આવીશ. ને તમે કાચી સમજણવાળા જો મારી સાથે આવશો અને સત્સંગનું કે મહારાજનું કાંઈ વાંકું બોલશો ને કોઈનો અવગુણ લેશો તો તમારા જીવનું ભૂંડું થશે. માટે તમે પાછા જાઓ. કલ્યાણ તો સ્વામિનારાયણ ભગવાનના હાથમાં છે. માટે મહારાજની આજ્ઞા પ્રમાણે રહેજો."

પછી તે સંતો પાછા આવ્યા. ત્યારે શ્રીહરિએ પૂછ્યું કે, "ક્યાં ગયા હતા ?" ત્યારે તેમણે કહ્યું કે, "અમે સ્વામીની પાછળ જતા હતા." ત્યારે તેમણે કહ્યું કે, 'મોક્ષપ્રદાતા સાક્ષાત્ શ્રીહરિ તો આંહીં બિરાજે છે, તેમની સેવા કરશો તો મોક્ષ થશે.' એવી એમની આજ્ઞાથી પાછા આવ્યા છીએ. શ્રીહરિએ કહ્યું કે, "એ ગયા તે એ વિમુખ નથી, એ તો અમને ભગવાન જાણે છે, અમારો મહિમા જાણે છે, પણ આ પાછા આવ્યા તેઓમાં નિષ્ઠાની ખામી છે; છતાં ગુરુઆજ્ઞા માનીને આંહીં આવ્યા તે સારું કર્યું. અને અમારે માટે જે ગયા તેની ચિંતા કરવા જેવી નથી. કેમ જે, તે નિષ્ઠાવાન છે." ***(સંદર્ભ : બ્રહ્મનિષ્ઠ સંતો-૪)***

❋ કુશળકુંવરબાઈને સ્વામીનો મેળાપ અને સંવાદ :

પછી સ્વામી તો એકડમલ થઈને સત્સંગથી દૂર ગયા, પરંતુ તેમને શ્રીહરિનો નિશ્ચય પાકો હતો. તેથી હંમેશાં સ્નાન-પૂજાપાઠ કરી આખો દિવસ સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કર્યા કરતા. કોઈ મુમુક્ષુ પાસે આવે તો તેને સદુપદેશ સાથે સ્વામિનારાયણ મહાપ્રભુનાં ઐશ્વર્ય-પ્રતાપની વાતો કરતા. આ રીતે ગઢપુરથી નીકળેલા વચમાં કોઈ અન્ય ગામમાં નહિ રોકાતા શ્રીહરિની આજ્ઞા મુજબ તેમનું સ્મરણ કરતાં કરતાં ભયંકર ઝાડી ઉલંઘીને ધર્મપુર ગયા. ત્યાં એક ધર્મશાળામાં સાધુ, વૈરાગી ને સંન્યાસી ઊતરેલા. તેમની સાથે આ સ્વામી ઊતર્યા હતા. ને બપોરે શીરાપૂરીનું સદાવ્રત જમીને ધર્મશાળાને ખૂણે જઈને બેઠા.

પછી સાંજે કુશળકુંવરબાઈ તીર્થવાસીઓને પગે લાગવા આવ્યાં ને બધા બાવાઓના ચરણનો સ્પર્શ કરતાં કરતાં સ્વામી પાસે આવ્યાં. તેવામાં પરમચૈતન્યાનંદસ્વામી બોલી ઊઠ્યા, “બાઈ હો તો મારે પગે અડશો નહીં. હું સ્વામિનારાયણનો સાધુ છું.” ત્યારે બાઈએ પૂછ્યું, “એ સ્વામિનારાયણ કોણ છે ?” ત્યારે સ્વામીએ કહ્યું, “એ તો પ્રગટ ભગવાનનો અવતાર છે.” એમ કહી ઘડીક વાત કરી. પછી બાઈએ કહ્યું, “તમે સવારે અમારા દરબારગઢમાં પધારજો. હું સવારે માણસ મોકલીશ.” એમ કહીને બાઈ દરબારગઢમાં ગયાં.

પછી સવારે સ્વામીને તેડવા સારુ બીજે દિવસે સવારે માણસ મોકલ્યું. તે ભેગા સ્વામી દરબારગઢમાં ગયા ને એક કલાક સુધી મહારાજના મહિમાની અને લીલાની અતિ બળભરી વાતો તે બાઈને કરી. તે સાંભળીને બાઈ બહુ રાજી થયાં ને સ્વામીને બંગલામાં ઉતારો દીધો. પછી પોતે થાળ કરીને હંમેશાં સ્વામીને મોકલાવતાં હતાં. એમ એક માસ સુધી નવા નવા થાળ કરીને સ્વામીને જમાડતાં. ને હંમેશાં

સાંજે પોતાના કુંવર ભેગા સ્વામીને હાથી ઉપર બેસારીને હનુમાનગઢીએ દર્શન કરવા મોકલતાં. ને કુંશળકુંવરબાઈ હંમેશાં સ્વામી પાસેથી મહારાજના મહિમાની તથા લીલાની વાતો સાંભળતાં; તેથી તેને મહારાજનો પાકો નિશ્ચય થયો.

તે વાત મહારાજે અંતર્યામીપણે જાણીને ગઢડામાં કહી જે, "પરમચૈતન્યાનંદસ્વામી ધર્મપુરમાં ખૂંત્યા છે. માટે બે સાધુ જાઓ ને કહેજો જે, તમને મહારાજે બોલાવ્યા છે." ત્યારે બે સાધુ ધર્મપુર ગયા. અને ત્યાં તેમણે પરમચૈતન્યાનંદસ્વામીને હાથી ઉપર જોયા. પછી જ્યારે હનુમાનગઢીએ સ્વામી નીચે ઊતર્યા ત્યારે સંતો સ્વામી ભેગા થયા ને કહ્યું કે, "મહારાજ પાસે ચાલો. તમને મહારાજ ગઢડે તેડાવે છે." ત્યારે તે કહે, "હું નહિ આવું. કેમ જે, અહીં મને ઠીક છે. હું અહીંયાં રહ્યો થકો સુખે મહારાજનું ભજન કરું છું."

પછી તે પરમહંસે ગઢપુર જઈ મહારાજને વાત કરી જે, "પરમચૈતન્યાનંદસ્વામી તો ધરમપુરનાં રાણી કુશળકુંવરબાઈના ગુરુ થયા છે અને કુંવર ભેળા હાથીએ બેસીને હંમેશાં ફરવા નીકળે છે. મેં ઘણો આગ્રહ કરીને અહીં આવવાનું કહ્યું, પણ તે માન્યા નહીં." એમ મહારાજને વાત કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, **"એ તો હાથી ખૂંત્યો છે, તે હાથી જાય ત્યારે નીકળે."** એમ કહીને મહારાજે મુક્તાનંદસ્વામીને આજ્ઞા કરી જે, "તમે ધર્મપુર જાઓ, ને બાઈ વાતો સાંભળવાનું કહે તો પડદો બંધાવીને એક કલાક વાત કરજો."

❋ મહારાજે મુક્તાનંદસ્વામીને ધર્મપુર મોકલ્યા :

પછી સ્વામી પોતાના મંડળના પચીશ સાધુ લઈને ચાલ્યા, તે ભાવનગરથી વહાણમાં બેસીને વલસાડને ખાળે ઊતર્યા. ત્યાંથી ધર્મપુર ગયા, તે સાંજના ચાર વાગે પહોંચ્યા. તે વખતે પરમચૈતન્યાનંદસ્વામી

કુંવર ભેગા હાથીએ બેસીને હનુમાનગઢીએ વાહર ખાવા જતા હતા. તેણે મુક્તાનંદસ્વામીને આવતાં દેખીને હાથીના મહાવતને કહ્યું જે, "હાથીને ઊભો રાખીને ઝુકાવ, નહિ તો મારે હેઠા પડવું જોશે. કારણ કે, આ આવે છે તે મારા ગુરુ છે." ત્યારે મહાવતે હાથીને ઝુકાવ્યો, એટલે પરમચૈતન્યાનંદસ્વામી હેઠા ઊતર્યા. અને દંડવત કરીને મુક્તાનંદસ્વામીને ભેટી પડ્યા. આંખમાં હેતનાં આંસુઓ આવી ગયાં. પોતાની ભૂલની માફી માંગી ને કહ્યું, "હે સ્વામી ! મહારાજની શી આજ્ઞા છે ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, "સ્વામી ! મહારાજ તમને બોલાવે છે !" તે વાત સાંભળી પરમચૈતન્યાનંદસ્વામીને અંતરમાં અતિ આનંદ થયો. કેમ જે, શ્રીહરિએ હજી પોતાને છોડી દીધો ન હતો.

પછી મુક્તાનંદસ્વામી વગેરે સંતો ધર્મશાળામાં ઊતર્યા. ને પરમચૈતન્યાનંદસ્વામી દરબારગઢમાં ગયા. ને કુશળકુંવરબાઈને વાત કરી કે, "મારા ગુરુ આવ્યા છે, માટે હવે મારાથી અહીં નહિ રહેવાય. ને તે કહે તેમ કરવું પડશે. અને તમારાં પણ ધન્યભાગ્ય છે. જેમની વાતો સાંભળીને હું પરમહંસ થયો હતો એવા મહાસમર્થ સંત અહીં એક મહિનો રોકાવાના છે. માટે હવે તેનો લાભ લ્યો અને મહારાજની ભક્તિ કરો." આમ, રાજમાતા વગેરેને મુક્તાનંદસ્વામીનો મહિમા સમજાવ્યો. પછી રાણીએ મુક્તાનંદસ્વામીને તથા સહુ સંતોને જમાડ્યા. ને બીજે દિવસે રાણીએ મુક્તાનંદસ્વામીને દરબારગઢમાં બોલાવ્યા. ને તેમને પણ બંગલામાં ઉતારો કરાવ્યો. ને બ્રાહ્મણ પાસે સારી રસોઈ કરાવીને જમાડ્યા.

પછી પરમચૈતન્યાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને કહ્યું, "બાઈ વાતો કરવાનું કહે છે." ત્યારે સ્વામી બોલ્યા જે, "મને મહારાજે એક કલાક વાતો કરવાનું કહેલ છે. માટે આડો પડદો બાંધો ને ઘડિયાળની શીશી મૂકો તો વાતો કરું."

પછી એ પ્રમાણે કરી આપ્યું એટલે મુક્તાનંદસ્વામીએ એક કલાક વાતો કરી. એમ એક મહિનો રહ્યા ને વાતો કરી. ત્યારે બાઈએ એક દિવસ કહેરાવ્યું જે, “હે સ્વામી ! મહારાજને આંહીં તેડાવી આપો.” ત્યારે સ્વામીએ કહ્યું, “તમારા ગુરુ પરમચૈતન્યાનંદસ્વામી છે, તેને કાગળ લઈને ગઢડા મહારાજ પાસે મોકલો. તે તેડી લાવશે.” ત્યારે બાઈએ કાગળ લખીને પરમચૈતન્યાનંદસ્વામીને આપ્યો. તે પત્ર લઈને એક રાજકુટુંબને સત્સંગ કરાવી સ્વામી ગઢડે આવ્યા. ને મહારાજને દંડવત કરીને કાગળ આપ્યો. તે વાંચીને મહારાજ સ્વામી ઉપર ખૂબ જ રાજી થયા અને ભાવથી ભેટ્યા.

❋ મહારાજ સ્વામીને સાથે લઈ ધર્મપુર ગયા :

પછી મહારાજે ગોપાળાનંદસ્વામીને વાત કરી જે, “ધર્મપુરથી કુશળકુંવરબાઈએ તેડાવ્યા છે અને આ અમારા મોટા ગુરુભાઈ પરમચૈતન્યાનંદસ્વામી અમને તેડવા આવ્યા છે. માટે આપણે ત્યાં જાવું પડશે.” પછી પરમચૈતન્યાનંદસ્વામીને સાથે લઈને પાંચસો પરમહંસ તથા કાઠીના સ્વાર લઈને મહારાજ ધર્મપુર પધાર્યા.

તે વખતે બાઈ પોતાના ભાઈને ગામ ગયાં હતાં. ત્યાં માણસ મોકલીને તેડાવ્યાં, તેથી મ્યાનામાં બેસીને તુરત આવ્યાં ને મ્યાનામાંથી ઊતરીને મહારાજને પગે બાઝી પડ્યાં. ત્યારે મહારાજે તે બાઈનું કાંડું ઝાલીને કહ્યું જે, “રહેવા દ્યો.” ત્યારે બાઈ બોલ્યાં જે, “જેમ શ્રીકૃષ્ણ ભગવાને રુક્મણીનું કાંડું ઝાલ્યું હતું, તેમ તમે મારું કાંડું ઝાલ્યું, તેથી હવે મારું કલ્યાણ થઈ રહ્યું.” પછી મહારાજે વાત કરી જે, “તમે ઘણા જન્મથી મોક્ષને માટે યત્ન કરતાં હતાં ને અમદાવાદ પાસે અડાલજની વાવ પણ તમે બંધાવી હતી.” એમ કહી મહારાજે પાણી મંગાવીને તે બાઈને વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી. પછી બાઈ પોતાના દરબારમાં ગયાં

ને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી. મહારાજ તથા પરમ ચૈતન્યાંનદસ્વામી અને સર્વે સંતોને જમાડ્યા. અને શ્રીહરિ સંતો સાથે પંદર દિવસ ત્યાં રોકાયા. અનેક લીલાઓ કરી. જ્યારે શ્રીહરિ સ્વારી સાથે નગરજનોને દર્શન દેવા ગયા ત્યારે સહુ સંતોને ત્યાં યથાયોગ્ય વાહનોમાં બેસાર્યા. તેનું વર્ણન કરતાં આધારાનંદસ્વામી હ.ચ.સા. ૧૬/૨૦ માં કહે છે,

म्याने सुखपाल रथ रहाये, जामें घटित तामें बेठाये;
परम चैतन्यानंद मुनि जेहू, राजकी रीति जानत रहे तेहू.

પરમચૈતન્યાનંદસ્વામી તમામ રાજરીતિને જાણતા હતા. તેથી મહારાજે પ્રથમથી જ તેમને કહ્યું હતું કે, “તમે જે રીતે કહો તે રીતે સહુ સંતો કરશે. માટે આપ રાજરીતિ કહો. કેમ જે, કહ્યા વિના કાંઈ જાણવામાં આવતું નથી.” એમ કહી સૌ સંતોને કહ્યું,

संतकु कहे हरि तुम हो जितने, बुद्धिवंत रहायेउ तितने;
परमचैतन्यानंदस्वामी हि जेसे, कहे जिमि करना तुम तेसे.
संत सब करत भये तिस रीता, तिन करी संत हि अति शोभीता;
शुभ जो वरतन जितना जोऊ, संत के तितना भूषन सोऊ.
शुभ वरतनरूप भूषन तिनमें, अपार शोभा रहाये इनमें;
शुभ वरतन भूषन के आगे, भूषन बसन ओर फिके लागे.

“તમે સહુ બુદ્ધિમાન છો, માટે તમારે સહુએ જેમ પરમચૈતન્યાનંદસ્વામી કહે તેમ જ કરવું.” અને જેમ સ્વામીએ કહ્યું તે રીતે સહુ સંતોએ કર્યું તેથી સંતો સવારીમાં અતિશય શોભવા લાગ્યા. શુભ વર્તન સંતોનું ઘરાણું છે. અને શુભ વર્તનરૂપી જેટલાં આભૂષણો પહેરે એટલા જ સંતો શોભે છે. શુભ વર્તનરૂપી આભૂષણની આગળ બીજાં બધાં જ વસ્ત્રાભૂષણો ફિક્કા-તુચ્છ લાગે છે. શ્રીહરિના કહેવા મુજબ સહુ સંતોએ પરમચૈતન્યાનંદસ્વામીએ કહ્યું તેમ કર્યું, તેથી સવારીમાં સંતોની શોભા અતિશય વધી ગઈ.

આ રીતે શ્રીહરિ સ્વામી સાથે સ્નેહ રાખતા. અને સહુ સંતોને પણ સ્વામીની મર્યાદા રાખવાનું શીખવતા. પછી શ્રીહરિ કુંશળકુંવરબાઈનું કલ્યાણ કરી સ્વામી વગેરે સંતો સાથે વિચરણ કરતાં કરતાં ગઢપુર આવ્યા. *(સંદર્ભ : હ.ચ.ચિં.૩/૪૯૧)*

ગઢપુર આવ્યા બાદ શ્રીહરિએ તેમના મંડળના સંતો સંભાળવા કહ્યું. પરંતુ અતિ સજાગ ચૈતન્યાનંદસ્વામી પછી સંપત્તિ, સત્તા કે શિષ્યના મોહથી સદા વિરક્ત રહ્યા. જેમ કપડાનો મેલ કાઢવા ધોબી તેના પર જોરથી સાબુ ઘસે છે, તેમ આંતરિક દોષો કાઢવા માટે સ્વામી પણ એવા જ સજાગ બન્યા. ખૂન કરવા આવેલા દુશ્મનનો પરાજય કરવા અંતરમાં જેટલો ક્રોધ ઊપજે, એથી પણ અનંત ગણો ક્રોધ ચૈતન્યાનંદસ્વામીને પોતાના અંતઃશત્રુનો પરાજય કરવા માટે થયો. જ્યારે નિજદોષ પ્રત્યે આવી શત્રુતા અને બીજાનાં દુઃખ પ્રત્યે કરુણાસભર હૈયું બને ત્યારે ભગવાન વશ થાય છે. પરમચૈતન્યાનંદસ્વામીએ આ બંને સદ્‌ગુણો સિદ્ધ કર્યા તેથી ભગવાન સ્વામિનારાયણ તેમને વશ વર્તવા લાગ્યા.

❋ શ્રીહરિએ સ્વામીને સદ્‌ગુરુ બનાવ્યા :

સ્વામીની નિષ્ઠા, ભગવદ્‌પ્રેમ અને સત્સંગનું મમત્વ જાણીને પછી શ્રીહરિ તેમને ઘણું આદર-સન્માન આપતા હતા. જ્યારે સં.૧૮૭૬માં મહારાજે આદરજમાં અન્નકૂટ કર્યો ત્યારે ત્યાં ચાર સદ્‌ગુરુઓ કર્યા. તેમાં એક પરમચૈતન્યાનંદસ્વામી હતા. આ વાતને વર્ણવતાં હરિલીલામૃત ૭/૭૪માં કહ્યું છે કે, જ્યારે સહુ સંતો-ભક્તોએ કહ્યું, “હે મહારાજ ! તમે જેને મોટા કરીને સ્થાપશો અને જેને અધિકાર આપશો તેમની આજ્ઞામાં અમે અખંડ રહેશું. અમારે તો આપ જેમ કહો તેમ કરવું છે. એમાં જ અમે અમારું કલ્યાણ માન્યું છે.”

સુણીને શ્રીહરિ બોલિયા, જે છે પરમ ચૈતન્યાનંદ;
તેને મોટા કરી સ્થાપશું, અમે અંતરે ધરી આનંદ.

પછી સભા સાંજે ભરી, મુખ્ય ચાર સ્થાપ્યા મુનિચંદ;
મુક્તમુનિ ને બ્રહ્મમુનિ, ચૈતન્યાનંદ નિત્યાનંદ.

પાટ ઉપર ચાર ગાદીઓ, ધરી ત્યાં તે બેસાર્યા સંત;
પૂજા કરી મહાપ્રભુજીએ, કરી આરતી હરખી અત્યંત.

કૃષ્ણ કહે સહુ સાંભળો, મારા આશ્રિત છો જન જેહ;
આ ચાર સદ્‌ગુરુ જે કહે, તમે માનજો તરત જ તેહ.

પ્રેમથી જે એને પૂજશે, ભલો રાખીને મનમાં ભાવ;
માનીશ પૂજા માહરી, એ છે ભવસાગરના નાવ.

મુનિને માન ગમે નહીં, પણ આગ્રહ અતિશે જોઈ;
આજ્ઞા થકી બેઠા ગાદિએ, કાંઈ બોલી શક્યા નહિ કોઈ.

હરિ કહે હવે તો અમે, સતસંગમાં કરશું વાસ;
સારાં વચન એવાં સાંભળી, પામ્યા હરખ સૌ હરિદાસ.

સૌએ તે સદ્‌ગુરુ ચારની, પછી પૂજા કરી ધરી પ્રેમ;
આનંદની એલી થઈ, થાય દુકાળમાં ઘન જેમ.

પ્રથમ તો મહાપ્રભુજીએ, એ જ સ્થાપિયા સદ્‌ગુરુ ચાર;
થંભ કહું તો સંભવે, સતસંગ તણા આધાર.

આ રીતે શ્રીહરિએ સત્સંગના આધારસ્થંભ સમાન આ સદ્‌ગુરુઓની સ્થાપના કરી. મહારાજની દરેક લીલા સહુને જીવનમાં પ્રેરણા લેવા જેવી હોય છે. મહારાજ મહાદયાળુ અને કરુણાનો સાગર છે. હંમેશાં પોતાના સંતો-ભક્તોનું જે રીતે હિત થાય તે રીતે જ કરે છે. જેમ બાળક બિમાર

થાય તો તેની મા તેને દૂધ-સાકર ન પાતા બાળકને નિરોગી બનાવવા કડવું ઔષધ પાય છે, તેમ શ્રીહરિ પણ આપણને નિર્દોષ, નિર્વિકારી અને નિર્વાસનિક બનાવવા માટે કડવાં ઔષધ જેવી કસોટીઓમાં કસે છે. પરંતુ શ્રીહરિની સર્વે ક્રિયા કલ્યાણકારી જ છે, એમ દૃઢ વિશ્વાસથી સમજવું.

પરમચૈતન્યાનંદસ્વામી અત્યંત યોગ્ય મહાપુરુષ હતા. પરંતુ તેમનામાં જ્યારે સહેજ માનનો અંકુશ દેખાયો એટલે શ્રીહરિએ તેમનો તિરસ્કાર કર્યો. અને પછી જાણપણારૂપ દરવાજે રહેનારા સ્વામીને તેનો ખૂબ જ પશ્ચાત્તાપ થયો. જ્યારે તેઓ ધર્મપુર ગયા ત્યારે ત્યાં તેમણે એકાંતમાં વાસ કરી તપશ્ચર્યા સાથે અખંડ શ્રીહરિનો જાપ કર્યો. આત્મા-પરમાત્માના સતત ચિંતનના વેગથી અહંને નિર્મૂળ કર્યું હતું. તેથી જ શ્રીહરિએ તેમને તેડવા માટે મુક્તાનંદસ્વામીને મોકલ્યા હતા. વળી, તેમના વચને પોતે પણ ધર્મપુર ગયા. અને અત્યારે પણ સદ્‌ગુરુની પદવી આપી સત્સંગના સ્થંભ સમાન બનાવ્યા. પરંતુ આધ્યાત્મિક માર્ગમાં જે માન મૂકે તેને જ મહારાજ માન આપે છે.

નિર્માનીને માન ઘણું મળે છે, માની તણું માન સદા ટળે છે.

સ્વામી જેમ જેમ દાસભાવે રહેવા લાગ્યા અને અખંડ શ્રીહરિની લીલા ચિંતનમાં નિમગ્ન રહેવા લાગ્યા તેમ તેમ મહારાજે તેમને ખૂબ જ મોટપ આપી. પછી મહારાજે તેમને શિષ્ય સંતો રાખવાનું કહ્યું. પરંતુ સ્વામી શિષ્યોથી પણ સદા નિઃસ્પૃહ રહ્યા. તેમના ઉપદેશથી અનેક મુમુક્ષુને વૈરાગ્ય થતો. પરંતુ તે જ્યારે ત્યાગી થવા આવે ત્યારે સ્વામી ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી જેવા સદ્‌ગુરુઓને તે સોંપી દેતા. આવી તેમની નિર્બંધતા મહારાજને બહુ ગમી. પછી તો મહારાજે એવી પ્રણાલિકા પાડી હતી કે, કોઈ હરિભક્તો શ્રીહરિને માટે કાંઈ પણ વસ્તુ-પદાર્થ કે વસ્ત્રાદિક ભેટ લાવે તો તે પહેલાં પરમચૈતન્યાનંદસ્વામીને આપે,

પછી મહારાજ પાસે આવે. વળી, મહારાજે તેમને સત્સંગમાં ફરવા માટે સુંદર સિગરામ આપ્યો હતો. અને બેસવા ગાદી-તકિયા, સૂવા ઢોલિયો ને રહેવા ગઢપુરમાં એક સુંદર ઓરડો આપ્યો હતો. આ રીતે શ્રીહરિ તેમનું સન્માન જાળવતા હતા.

પછી સ્વામી વિશેષતઃ ગઢપુરમાં જ રહેતા. અને ગઢપુરમાં મહારાજે જે જે લીલાઓ કરી હોય તે નિર્માની થઈ હરિભક્તો પાસેથી પણ ખૂબ પ્રેમથી સાંભળતા. પોતે સં.૧૮૭૦ થી ૧૮૭૧ની સાલમાં ધર્મપુર ગયા. તે સમયે મહારાજે ગઢપુરમાં બોટાદથી ઘેલા ધાધલને બોલાવીને નિવાસ કરાવ્યો. અને તેમના ઘરે અપાર લીલાઓ કરી. તે પ્રસંગ વિષે સ્વામી પોતે જ આ ગ્રંથના ૧૭૨માં ચરિત્રમાં લખે છે કે, **"આ વાત મામા ઘેલા ધાધલ પાસેથી મારા સાંભળવામાં આવી છે અને તે સત્ય છે. તેમાં લગાર શક-ખોટું હોય તો બ્રહ્મહત્યાદિક મહાપાપ અમારે માથે છે."** આ રીતે તેમને શ્રીહરિનાં લીલાચરિત્રો ગાવા-સાંભળવાનું અંગ હતું. તેથી આ ગ્રંથની અનેક લીલાઓના તો તેઓ સાક્ષી છે. વળી, તેઓ અંતે પોતે જ લખે છે કે, "મેં આમાં જે લખ્યું છે, તે મોટીબા, લાડુબા, મુળજી બ્રહ્મચારી, શામળિયા ચૈતન્યાનંદસ્વામી વગેરે પાસેથી સાંભળીને લખ્યું છે." અર્થાત્ કોઈ લીલા પોતાની સ્મૃતિમાં ન હોય તો આ સૌ સંતો પાસે બેસતા અને મહારાજનું અખંડ ચિંતવન રહે તેવા હેતુથી આ લીલાના ખરડાઓ લખતા હતા. એવું જણાય છે.

વળી, સં.૧૮૭૬, ફાગણ વદ-૭ના દિવસે પરમ ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને કેવી જાતના ઘાટ થાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, 'મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે, ત્યાં જ પરમધામ છે;

અને આ સંત સર્વે તે નારદ-સનકાદિક જેવા છે અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા અને વૃંદાવનના ગોપ તેવા છે. અને જે બાઈઓ હરિભક્ત છે, તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મિણી, લક્ષ્મી, પાર્વતી એવી છે. અને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું;' એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે, એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો."

(વ.ગ.પ્ર.૬૩)

આવો મહારાજે ઉત્તર આપ્યો એ ઉપરથી પણ એવું અનુમાન થઈ શકે છે કે, સ્વામીને મહિમાનું અંગ છે એટલે મહારાજે વિશેષતઃ સહુમાં મુક્તભાવની દૃઢતા કરવાની વાત તેમને ઉદ્દેશીને કરી છે અને તમામ સંતો-ભક્તો મુક્ત મનાય ત્યારે પરિપક્વ નિશ્ચય કહેવાય, તેમ પણ જણાવ્યું છે.

❋ વડતાલ પ્રતિષ્ઠામાં તથા સુરતમાં ગમન :

જ્યારે શ્રીહરિએ વડતાલની પ્રતિષ્ઠા કરી ત્યારે પણ પરમચૈતન્યાનંદસ્વામી સાથે હતા. સત્સંગમાં એક વાત એવી છે કે, વડતાલ મંદિરની પ્રતિષ્ઠા બાદ તરત શ્રીહરિએ અક્ષરાનંદસ્વામીને તેના મહંત કર્યા, તેથી પરમચૈતન્યાનંદસ્વામીને ખોટું લાગ્યું અને તેઓ ધર્મપુર ગયા. પરંતુ ઉપરોક્ત ઈતિહાસ મુજબ આ વાત સાચી જણાતી નથી. કેમ જે, વડતાલનું મંદિર સં.૧૮૮૧માં થયું છે. જ્યારે સં.૧૮૭૨માં શ્રીહરિ ધરમપુર ગયા પછી ટૂંક સમયમાં કુશળકુંવરબાઈ અક્ષરધામમાં પધારી ગયાં હતાં.

અને વડતાલ મંદિરની પ્રતિષ્ઠા બાદ શ્રીહરિ સુરત ગયા ત્યારે પણ સ્વામીને સાથે લઈ ગયા હતા. પછી જ્યારે સુરતથી પાછા આવ્યા ત્યારે શ્રીહરિએ ગોપાળાનંદસ્વામી વગેરે સંતો સાથે સ્વામીને વડોદરા

સત્સંગ વિચરણ માટે મોકલ્યા હતા. તેની નોંધ લેતાં માધવદાસસ્વામી **હરિકૃષ્ણલીલામૃતસાગર ત.૮૪**માં કહે છે,

ગોપાળાનંદસ્વામી એને, પરમ ચૈતન્યાનંદ તેને;
ભજનાનંદસ્વામી માંઈ, બીજા સંત ઘણા કેવાઈ.
મોકલ્યા તેને વટપત્તન, કરાવવા હરિનું ભજન;
સ્વામીએ કરી અતિ દયા, આજ્ઞાયે એ પણ ગયા.

❋ બુરાનપુરમાં સ્વામીના હાથે પ્રતિષ્ઠા :

વળી, જ્યારે મહારાજની આજ્ઞાથી બુરાનપુર અને ધરગામ હરિમંદિરો તૈયાર થયાં ત્યારે ત્યાં મૂર્તિપ્રતિષ્ઠા વાસ્તે મહારાજે ધરગામમાં સ્વયંપ્રકાશાનંદસ્વામી અને બુરાનપુર પરમચૈતન્યાનંદસ્વામી આ બંને વડીલ સંતોને મોકલ્યા હતા. તે વાતને વર્ણવતાં વિહારીલાલજી મહારાજ હ.લી. ૯/૫ માં કહે છે : બુરાનપુરના ભક્તો કહે છે, "હે મહારાજ ! આપ અમારે ત્યાં પધારો. અમને નિરાશ ન કરો." ત્યારે મહારાજ કહે, "અમારે શરીરે અત્યારે આરામ નથી. માટે અમે અગત્સ્યમુનિ સમાન મહાસમર્થ પરમચૈતન્યાનંદસ્વામીને મોકલીએ છીએ કે, જે ગુણે કરીને અમારા જેવા છે. તેમાં તમે સંપૂર્ણ પ્રેમ રાખજો અને તે તમારો ઉદ્ધાર કરશે. અમારા આવવાથી તમને જેવું સુખ થશે, તેવું સુખ તે સંતોના આવવાથી તમોને થાશે."

અમો આવ્યા થકી સુખ જેવું, સંતથી તમને થશે તેવું;
પછી સંતને કહે સુખકંદ, સુણો પરમ ચૈતન્યાનંદ.
તમે બુરાનપુરમાં સિધાવો, લક્ષ્મીનારાયણ પધરાવો;
અમોથી જનને સુખ જેવું, તમોથી પણ ત્યાં થશે તેવું.

પછી સર્વ સુખનું મૂળ શ્રીહરિએ સંતોને કહ્યું, "સાંભળો, પરમચૈતન્યાનંદસ્વામી ! તમે હરિભક્તોની સાથે બુરાનપુર જાઓ

અને ત્યાં લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ પધરાવો. અમારા આવવાથી હરિભક્તોને જેવું સુખ મળે તેવું સુખ તમારાથી પણ ત્યાં થશે.” વળી, કહ્યું કે “સાંભળો, સ્વયંપ્રકાશાનંદસ્વામી ! તમે પણ મુનિમંડળમાં ચંદ્રમા જેવા સુખદ છો. માટે તમે ધરગામ જાઓ અને ત્યાં મૂર્તિપ્રતિષ્ઠાનું કામ કરો. ત્યાં શ્રીલક્ષ્મીનારાયણ દેવની સ્થાપના કરી તત્કાળ સહુને સુખી કરો.” શ્રીહરિએ આવી જે આજ્ઞા કરી તેને માથે ચઢાવીને તે બંને સદ્‌ગુરુઓ પોતાના મંડળના સંતોને લઈને ચાલ્યા. બંને સંત એક સમાન ગુણવાન હતા. શ્રીહરિએ તેમને ‘ભાઈ’ કહીને બોલાવ્યા હતા. બંને ગામમાં માગસર સુદિ છઠનું એક જ દિવસે શ્રેષ્ઠ મુહૂર્ત આવ્યું હતું. તેથી તે દિવસે જ બંને ગામમાં બંને સંતોએ ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠા કરી.

ત્યારે પ્રેમે કરીને પ્રણામ, ત્યાંના ભક્ત બોલ્યા તેહ ઠામ;
દયા સંતોએ દિલ માંહિ લીધી, પ્રતિષ્ઠા ધામધૂમથી કીધી.

તેને ભક્તજનો આજે પણ સંભારે છે. આ શુભ પ્રસંગમાં સંતોએ સહુને જમાડી દક્ષિણા દઈને બ્રાહ્મણોના સમાજને પણ રાજી કર્યો હતો. પછી જ્યારે ભક્તો સાથે સ્વામી વડતાલ આવ્યા ત્યારે બુરાનપુરના ભક્તો શ્રીહરિને કહે, “હે નાથ ! પરમચૈતન્યાનંદસ્વામીએ કોઈ વાતની ખામી ન રાખી. સ્વામી આવ્યાથી અમે પૂર્ણ સંતોષ પામ્યા.”

સુણી બોલિયા શ્રીજગવંદ, જે છે પરમ ચૈતન્યાનંદ;
મુનિ છે તે અગસ્ત સમાન, ભક્તિમાન મહા ગુણવાન.

પૂર્વે જેમ અગત્સ્ય મુની થઈ ગયા તેવા જ પરમચૈતન્યાનંદસ્વામી ભક્તિવાળા અને મહાન ગુણવાન છે. આમ, શ્રીહરિ તેમની વારંવાર પ્રશંસા કરતા હતા.

✵ ગોપાળાનંદસ્વામીની અંતિમ ભલામણ :

જ્યારે શ્રીજીમહારાજ સ્વધામમાં જવાના હતા, ત્યારે સ્વામી શ્રીહરિની આજ્ઞાથી બુરાનપુર દેવોની પ્રતિષ્ઠા માટે ગયા હતા. અને

ત્યાં જ સત્સંગ વિચરણમાં રોકાયા હતા. તેથી હાજર રહી શક્યા ન હતા, પરંતુ શ્રીહરિના દિલમાં સ્વામીનું અનોખું સ્થાન હતું એટલે મહારાજે ગોપાળાનંદસ્વામીને ભલામણ કરતા કહ્યું હતું કે, ‘હે સ્વામી ! પરમચૈતન્યાનંદસ્વામી અતિ નિર્મોહી છે, નિઃસ્પૃહી છે, સમર્થ છે. માટે તમો તેમનું ધ્યાન રાખજો. અને તે બીમાર પડે તો તમે તેમની સેવા માટે કોઈ પણ સેવકની વ્યવસ્થા કરજો.’ આમ, શ્રીહરિ સ્વામીની ભલામણ કરીને ધામમાં ગયા હતા. પછી મહારાજ સ્વધામ ગયાના સમાચાર સાંભળી ટૂંક સમયમાં સ્વામી પાછા ગઢપુરમાં આવ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામી તેમને ખૂબ જ પ્રેમથી મળ્યા અને શ્રીહરિએ કહ્યું હતું તે મુજબ બધી જ વ્યવસ્થા કરી આપી.

રઘુવીરજી મહારાજ પોતાની વાતોમાં કહે છે કે, ‘શ્રીજીમહારાજનાં વચન, નિયમ કે પ્રથા પ્રમાણે વર્તે છે ત્યારે તેના જીવમાં બહુ બળ ને દૈવત આવે છે ને તેથી દેહ-ઈન્દ્રિયો ને અંતઃકરણ દબાય છે, તેથી અધર્મસર્ગ પણ દબાય છે ને તેથી મનુષ્ય પણ બહુ દબાય છે ને મનુષ્યમાં ભાર પણ બહુ જ પડે છે. અને જે મહારાજનું વચન લોપે કે પ્રથા લોપે તો તેમાંથી દૈવત, ઐશ્વર્ય અને તેજ જતું રહે છે.’ તે ઉપર પરમચૈતન્યાનંદસ્વામી ને અદ્વૈતાનંદસ્વામીની વાત કરી જે, ‘પરમચૈતન્યાનંદસ્વામી ને અદ્વૈતાનંદસ્વામી સત્સંગમાં હતા ત્યારે જેમ મુક્તાનંદસ્વામીની વાતો સાંભળવામાં મનુષ્યો તણાય તેમ એમની વાતો સાંભળવામાં મનુષ્યો તણાતા. ને તે જ્યારે બંને સંતો સત્સંગમાંથી ગયા ત્યારે જેમ મહારાજમાં મનુષ્ય તણાતા તેમ તેમની વાંસે પણ મનુષ્યો તણાણા હતા. પછી જ્યારે તેઓ પાછા સત્સંગમાં આવ્યા ત્યારે સત્સંગમાં સ્નેહથી રહ્યા; પણ પ્રથમ જેવું હતું તેવું સન્માન પછીથી રહ્યું નહીં.

(સંદર્ભ : વાત.૨૨)

❋ ચરિત્રરસભોગી ચૈતન્યાનંદસ્વામી :

પછી મહારાજના વિયોગે તેઓ ઘણી વાર બાળકની પેઠે રુદન કરતા. અને દેહનો અભાવ લેતા ને કહેતા કે, 'આ દેહે મને શ્રીજીનો વિયોગ કરાવ્યો હતો.' પછી તેઓ હંમેશાં ગઢપુરમાં રહીને સત્સંગની સેવા કરતા હતા. અને ગઢપુરમાં જ્યાં જ્યાં મહારાજે લીલા કરી હોય, તે એકેએક સ્થાનની લીલા સંભારતા. કોઈ તેમની પાસે બેસે તો તેમને ભાવવિભોર બની મહારાજનાં લીલાચરિત્રો સંભળાવતા.

એકવાર સ્વામી સવારમાં પૂજાપાઠ કરી પોતાને આસને બેઠા હતા. ત્યારે દાદા ખાચરના નાના પુત્ર અમરા ખાચર સ્વામીનાં દર્શન કરવા માટે આવ્યા. સ્વામીને તથા ત્યાં બેઠેલા સંતો-ભક્તોને પગે લાગી તેઓ ત્યાં બેઠા. થોડી વાર સ્વામીના મુખેથી મહારાજની લીલા સાંભળી. પછી અતિ ગદ્‌ગદિત ભાવે નમ્ર બની અમરા ખાચરે સ્વામીને હાથ જોડીને કહ્યું, "હે સ્વામી ! આપે તો શ્રીજીમહારાજનાં અનેક ઐશ્વર્યો તથા ચરિત્રો નજરે જોયાં છે. તમો મહારાજ સત્સંગમાં આવ્યા ત્યારથી સ્વધામ ગયા ત્યાં સુધી મહારાજની સાથે ઘણી જગ્યાએ ફરેલા છો. વળી, ગઢપુરમાં તો વિશેષ રહો છો, તો મને અહીંનાં તમામ ચરિત્રો આપના મુખેથી સાંભળવાની ઇચ્છા છે. માટે હે મહામુની ! ત્રિવિધ તાપને સમાવનારાં તે તમામ ચરિત્રો દયા કરીને આપ મને કહો."

અતિ વિશ્વાસી એવા અમરા ખાચરનું આ વચન સાંભળીને સદ્. પરમચૈતન્યાનંદસ્વામી ખૂબ જ રાજી થયા. અને અતિ પ્રેમભીના હૃદયથી થોડી વાર મહારાજનું ધ્યાન ધર્યું. તેઓ મહારાજના સ્વરૂપને ક્ષણ વાર પણ ભૂલતા નહીં. પછી સહુના ઉપર ઉપકાર કરવાના હેતુથી સ્વામીએ ગઢપુરનાં તમામ ચરિત્રો પોતાની સ્મૃતિ અનુસારે અમરા ખાચરને કહ્યાં. જેમ ચંદન ચરચવાથી શરીરમાં શાંતિ થાય, વરસાદ વરસવાથી

પ્રાણીઓને સુખ થાય, તેમ સ્વામીના મુખેથી શ્રીહરિનાં ચરિત્રો સાંભળીને અમરા ખાચર વગેરેને ખૂબ જ શાંતિ થઈ. અને આ રીતે સ્વામીએ અમરા ખાચરને મહારાજનાં ચરિત્રો સંભળાવેલાં. તેથી જ જ્યારે રઘુવીરજી મહારાજે અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે ‘દુર્ગપુરમાહાત્મ્ય’ નામનો ગ્રંથ લખાવ્યો ત્યારે મુખ્ય વક્તા તરીકે પરમચૈતન્યાનંદસ્વામીનું નામ અને મુખ્ય શ્રોતા તરીકે અમરા ખાચરનું નામ રાખ્યું. આ બંને પાત્રોને સત્સંગના ઈતિહાસમાં અમર બનાવ્યા છે.

❋ સ્વામીની સેવામાં બાલમુકુંદસ્વામી આવ્યા :

પછી જ્યારે ગઢપુરમાં રહેતાં થકા સ્વામીની આશરે ૭૫ વર્ષની ઉંમર થઈ ત્યારે તેમની સેવામાં કોઈ એક સુજ્ઞ સાધુની જરૂર પડી. પછી ગોપાળાનંદસ્વામીએ વડતાલમાં પોતાના મંડળના સંતોને કહ્યું કે, “ગઢપુરમાં પરમચૈતન્યાનંદસ્વામીની સેવામાં એક સંતની જરૂર છે, તો કોણ જાશો ?” ત્યારે પ્રાયઃ સંતો મૌન રહ્યા. એટલે સ્વામીની મરજી સમજનારા અને શ્રીહરિ ધામમાં ગયા પછી તરત જ સંત બનેલા બુવા ગામના બાલમુકુંદસ્વામી હતા. તેઓ ગોપાળાનંદસ્વામી પાસે જ ભણીગણીને અતિ હોશિયાર થયા હતા. તે ઊભા થયા અને સ્વામીને કહે, “સ્વામી, હું ગઢપુર પરમચૈતન્યાનંદસ્વામીની સેવા કરવા જઈશ.” આ વાત સાંભળી ગોપાળાનંદસ્વામી બહુ જ રાજી થયા. પછી બાલમુકુંદસ્વામી ગુરુઆજ્ઞા મસ્તકે ધરી ગઢપુરમાં સ્વામીની સેવા કરવા આવ્યા. ખૂબ જ દિવ્યભાવ રાખી, મહિમા સમજી, અતિ ભાવથી સેવા કરવા લાગ્યા.

બાલમુકુંદસ્વામીની સરળતા, નમ્રતા, વિનય, વિવેક, સેવામાં શ્રદ્ધા-ભાવના, મોટા સંતોને રાજી રાજી કરવાનો અંતરનો ઈશક, નિખાલસતા, શ્રીહરિજી મહારાજની સર્વોપરિ નિષ્ઠા, સંતો-ભક્તોનો મહિમા અને છતાં આજ્ઞા-મરજીમાં રહીને સેવા-ભક્તિ કરવાની તમન્ના જેવા સદ્‌ગુણો જોઈને પરમચૈતન્યાનંદસ્વામી તેમના ઉપર ખૂબ જ

રાજી થયા. એકવાર પૂછ્યું, "છોકરા ! આ બધા ગુણો તું ક્યાંથી શીખ્યો ?" ત્યારે સહજભાવે બાલમુકુંદસ્વામીએ કહ્યું, "સ્વામી ! મારા ગુરુદેવ ગોપાળાનંદસ્વામી તથા આપ જેવા વડિલ સંતોના આશીર્વાદ અને મહારાજની કૃપાથી મારામાં જે કાંઈ છે તે આવેલું છે." તે વાત સાંભળીને પરમચૈતન્યાનંદસ્વામી બહુ રાજી થયા.

કાંટા વચ્ચે ખીલ્યું માટે ગુલાબ શ્રેષ્ઠ નથી, પરંતુ તે તેની સુગંધ અને સુંદરતાથી શ્રેષ્ઠ છે. ગટર ગંધાય છે માટે ગંગા ઉત્તમ નથી, પરંતુ ગંગા પોતાની પવિત્રતા અને નિર્મળતાને કારણે શ્રેષ્ઠ છે, અનેકના પાપને નાશ કરનારી છે. તેમ બાલમુકુંદસ્વામીએ પણ ગુરુદેવ ગોપાળાનંદસ્વામીની મરજીના મરજીવા બનીને સેવા કરી, તેથી શ્રીહરિએ જેમને સદ્‌ગુરુ બનાવ્યા હતા. તેવા સંત પરમચૈતન્યાનંદસ્વામીના અંતરને પરિવર્તન કરવાની તેમાં દિવ્યતા પ્રગટી. જે નમી જાય છે, એ સહુને ગમી જાય છે. જે સંત આગળ અહં ઓગાળે તે હૈયામાં હરિવરને ભાળે. સ્વામી આ રીતે અહંશૂન્ય બની ચૈતન્યાનંદસ્વામીની સેવા કરતા હતા.

❋ ચૈતન્યાનંદસ્વામીનું પરિવર્તન :

સમય જતા એકવાર ગોપાળાનંદસ્વામી ગઢપુર આવ્યા. ત્યારે બાલમુકુંદસ્વામી સ્વામી પાસે નિત્ય વાતો સાંભળવા જતા. સ્વામી ગઢપુરમાં સંતોની જૂની ધર્મશાળા હતી, તેમાં બેસીને મહારાજના સર્વોપરીપણાની તથા સર્વાવતારીપણાની બળભરી વાતો કરતા. સહુને સ્વરૂપનિષ્ઠાની દૃઢતા કરાવતા હતા. તેમાં ઘણી વાર તો રાત્રીના ૧૧-૧૨ વાગી જતા.

એકવાર મોડી રાત સુધી વાતો સાંભળીને બાલમુકુંદસ્વામી જ્યારે પરમચૈતન્યાનંદસ્વામી પાસે આસને ગયા. ત્યારે સ્વામીએ કહ્યું, "છોકરા, મોડી રાત સુધી ક્યાં હતો ?" ત્યારે બાલમુકુંદસ્વામીએ હાથ જોડીને કહ્યું, "હે સ્વામી ! સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદસ્વામી વડતાલથી આવ્યા

છે. સૌ સંતોને મહારાજના મહિમાની તથા એકાંતિક ધર્મની દૃઢતાની અનુપમ વાતો કરે છે. તે સાંભળવા ગયો હતો." ત્યારે સહજ સ્વભાવે પરમચૈતન્યાનંદસ્વામી બોલ્યા કે, "હું રામાનંદસ્વામી છતાંનો સત્સંગમાં આવ્યો છું. મહારાજનાં તમામ ચરિત્રો મેં જોયાં છે. મારા જેવા વૃદ્ધની વાતો સાંભળવાનું મૂકીને મારા કરતાં પણ ત્યાં તને વધુ સમાસ થાય છે ?"

તે સાંભળીને અતિ નમ્રભાવે બાલમુકુંદસ્વામીએ કહ્યું, "હે સ્વામી, ગોપાળાનંદસ્વામીની વાતો સાંભળવાથી તો જેવી મહારાજની વાતો સાંભળવાથી સમાસ થતો એમ સહુને બહુ સમાસ થાય છે. ગુરુ ! તમારે પણ સાંભળવા જેવી છે." એટલે તરત જ ચૈતન્યાનંદસ્વામી કહે, "તો હું કાલે સાંભળવા આવીશ." ત્યારે બાલમુકુંદસ્વામી કહે, **"તમે આવશો તો આપ વૃદ્ધ છો અને સદ્‌ગુરુ છો, એટલે સ્વામી જેમ છે તેમ વાતો નહિ કરે. માટે તમો સ્વામીની નજર ન પડે એ રીતે બેસીને વાતો સાંભળજો."**

પછી બીજે દિવસ જ્યારે ગોપાળાનંદસ્વામી વાતો કરતા હતા, ત્યારે સંતોની ધર્મશાળામાં સ્વામીની પાછળના ભાગમાં એક થાંભલો હતો, ત્યાં ઊભા રહ્યા થકા એકાગ્રચિત્તે વાતો સાંભળી. અને ખરેખર બાલમુકુંદસ્વામીએ કહ્યું હતું, તેમ જ ગોપાળાનંદસ્વામીના મુખમાંથી નીકળતી મહારાજની સ્વરૂપનિષ્ઠાની અને જાણપણાની ચોટદાર વાતોએ તેમને વિચારતા કરી મૂક્યા. અંતરમાં અપાર શાંતિનો અનુભવ થયો. જ્યારે વાતો પૂરી થઈ ત્યારે અચાનક ગોપાળાનંદસ્વામીની પાસે જઈ તેમનાં ચરણોમાં નમી પડ્યા. અને અતિશય ગળગળા થઈ ગયા.

પછી પ્રેમભીના હૃદયે બોલ્યા કે, "હે સ્વામી ! સ્વામિનારાયણ ભગવાનની સાચી ઓળખાણ તો આજ થઈ. અને આપ પણ આજ ઓળખાણા." એમ કહી બોલ્યા, "હે સ્વામી ! આજથી હું ઢોલિયાનો અને સીગરામનો ત્યાગ કરું છું. રોજે સંતો સાથે પંક્તિમાં આવીને જમીશ." આ રીતે સાચું સમજાતા તરત જ તેમણે જગતની મોટપનો ત્યાગ કર્યો.

આ વાતને વર્ણવતા હ.ચ.ચિં.ભા.૩/૬૩માં કહ્યું છે કે, "શ્રીજી મહારાજની મરજી બરોબર જાણનારા ગોપાળાનંદસ્વામીની વાતો સાંભળીને પરમચૈતન્યાનંદસ્વામીએ સ્વભાવ માત્ર ટાળી નાખ્યા. ને પોતાની રસોઈ નોખી થાતી હતી, તે કાઢીને પંક્તિમાં સહુની હારે જમવા માંડ્યા. ને ઢોલિયે સૂતા તે ઢોલિયો પણ કાઢી નાખ્યો. ને પોતાની પાસે સાઠ જોડ્ય ચરણારવિંદ હતાં તે સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી આગળ મૂકીને કહ્યું, "તમને ફાવે તેને દિયો." ત્યારે સ્વામીએ તેમાંથી ત્રીસ જોડ ચરણારવિંદ ગોપીનાથજી મહારાજને આપ્યાં ને વીસ જોડ ચરણારવિંદ ગુણાતીતાનંદસ્વામીને આપ્યાં. ને કહ્યું જે, "આ જૂનાગઢ મંદિરની સજ્યામાં પધરાવજો." ને બાકી દસ જોડ રહ્યાં તે તેમના મંડળ કહેતાં તેમની સેવામાં રહેલા સાધુને આપ્યાં. એમ ચૈતન્યાનંદસ્વામીએ સ્વભાવ ટાળી નાખ્યો.

માટે જે **ઝાઝાં પુસ્તક રાખે ને ઝાઝી પૂજા રાખે તેણે કરીને સ્વભાવ ન ટળે, પણ જો તેને સત્પુરુષનો સમાગમ થાય ને હેત થાય તથા વિશ્વાસ આવે તો સ્વભાવ ટળે.** તે ઉપર બાળકનું દૃષ્ટાંત દીધું જે, "મા-બાપને બાળક ઉપર હેત ખરું પણ વિશ્વાસ નહિ, પણ તે બાળક જ્યારે મોટું થાય ત્યારે તેને હેત અને વિશ્વાસ થાય. તેમ ત્યાગી તથા ગૃહસ્થને જ્યારે જ્ઞાન થાય અને મોટાનો વિશ્વાસ આવે તથા હેત થાય ત્યારે પ્રકૃતિ ટળે." તે ઉપર મધ્યનું સાડત્રીસમું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, **"ત્યાગી હોય તે ઘણાં કારખાનાં કરે તથા વાતું કરીને ઘણાને સમજાવે પણ તેણે કરીને કાંઈ પોતાની પ્રકૃતિ ન ટળે, એ તો જ્ઞાન થાય ત્યારે જ ટળે."**

આ વાતને ગુણાતીતાનંદસ્વામી પોતાની ભાષામાં વર્ણવતાં કહે છે કે, "શાસ્ત્ર ભણવું-સાંભળવું તે પણ પોતાને સમાસ થાય એવું ભણવું ને સાંભળવું. ને સમાસ થાય ત્યાં રહેવું નીકર ખોટ રહી જાય. તે ઉપર પરમચૈતન્યાનંદજીની વાત કરી જે, સાકરનો શીરો ગળે રહેતો ને પદાર્થ

કોઈક લાવે તે પે'લું પોતા પાસે આવે પછી મહારાજ પાસે જાય, એવા હતા. ને ઢોલિયો પણ મઢાવેલ રાખતા, પણ બાળમુકુંદદાસસ્વામીએ સેવામાં રહીને બધું કઢાવી નાંખ્યું. ને એકવાર તો વઢવાણમાં દાણા ને લોટનો ગોળો ખવરાવ્યો, તે પણ ખાધો. ને તેઓ મૂર્તિ આગળ એક પગે ઊભા રહીને સ્તુતિ કરતા જે, "તમારા સાધુ ઓળખાતા નથી, તે ઓળખાવજો." એમ સમાગમે કરીને થાય છે.

(સંદર્ભ : ઉપદેશામૃત વા.૧૩૯)

બાલમુકુંદસ્વામી ભાવથી તેમની સેવા કરતા. એવા સમયમાં લગભગ સં.૧૯૦૪માં ખોપાળાના ડુંગરાણી કાનજીભાઈને વૈરાગ્ય થવાથી પરણેલી પત્નીનો ત્યાગ કરી ગઢપુરમાં સાધુ થવા આવ્યા. ત્યારબાદ બાલમુકુંદસ્વામીએ જ્યારે જળઝીલણી એકાદશીના સમૈયામાં રઘુવીરજી મહારાજ ગઢપુર આવ્યા હતા ત્યારે તેમના હસ્તે તેમને દીક્ષા અપાવી અને ઉદ્ધવવલ્લભદાસજીસ્વામી નામ પાડ્યું હતું. તેમણે પણ ચૈતન્યાનંદસ્વામીની ખૂબ સેવા કરી હતી.

સં.૧૯૦૫, આસો વદ-૫ના રોજ ગોપાળાનંદસ્વામીએ સારંગપુરના ભક્તોને સુખિયા કરવા ત્યાં કષ્ટભંજનદેવની સ્થાપના કરી. પછી સં.૧૯૦૬, કારતક સુદ-૨ના દિવસે બોટાદવાસી ભક્તોને સુખિયા કરવા ત્યાં મહારાજનાં ચરણારવિંદ પધરાવી આપ્યાં. પછી સ્વામી ગઢપુર થઈ વડતાલ ગયા. ગોપાળાનંદસ્વામીના આ બંને કાર્યથી સારંગપુર તથા બોટાદના ભક્તો સુખિયા થવા લાગ્યા. તે વાત એકવાર બાલમુકુંદસ્વામી ગઢપુરમાં કરતા હતા. તે વખતે લાધા ઠક્કરના ભાઈ પ્રેમજી ઠક્કર ત્યાં ચૈતન્યાનંદસ્વામીના આસને બેઠા હતા.

તેઓ કહે, "ગુરુ ! ગોપાળાનંદસ્વામીએ બોટાદ તથા સારંગપુરના ભક્તોનાં દુ:ખ કાપ્યાં, પરંતુ અમારે આંહીં અપાર દુ:ખ છે. અમે જ્યાં

રહીએ છીએ ત્યાં અનેક વાર ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય છે. તેથી બૈરાઓને કે છોકરાઓને ઘણી વાર શાંતિથી ઊંઘ પણ આવતી નથી. માટે અમારાં દુઃખ ટળે એવી કાંઈક કૃપા કરો ને !" પછી ચૈતન્યાનંદસ્વામીની મરજી જોઈને બાલમુકુંદસ્વામી પ્રેમજી ઠક્કરના મહોલ્લામાં ગયા. ત્યાં એક ત્રણ ખૂણાવાળો પથ્થર હતો, તેને સિંદુર ચોપડી તેને હનુમાનજી તરીકે સ્થાપન કર્યા. અને કહ્યું, "આ હનુમાનજી તમારું, તમારા પરિવારનું તથા આ મહોલ્લામાં રહેતા સર્વનું રક્ષણ-પોષણ કરશે. અને હવે અહીં કોઈ ભૂત-પ્રેતાદિક અનિષ્ટ તત્ત્વો પ્રવેશ કરી શકશે નહીં."

તે દિવસથી ત્યાં સૌને શાંતિ થઈ. આજ અનેક વર્ષોનાં વાણાં વાઈ ગયાં, પરંતુ બાલમુકુંદસ્વામીએ સ્થાપેલા એ હનુમાનજીનું દૈવત અખંડ રહ્યું છે. આ રીતે મોટા સંતની શુદ્ધભાવે સેવા કરવાથી તેમના સેવકોમાં પણ અપાર દૈવત આવે છે. ગુરુદેવ ગોપાળાનંદસ્વામીની આજ્ઞા-મરજીથી બાલમુકુંદસ્વામીએ ગઢપુરમાં રહી પરમચૈતન્યાનંદસ્વામીની સાત-આઠ વર્ષ સેવા કરી. પછી સં.૧૯૦૭માં ૮૨ વર્ષની ઉંમરે જેઠ માસમાં અખંડ મહારાજનું સ્મરણ કરતાં કરતાં ચૈતન્યાનંદસ્વામીએ ગઢપુરમાં જ અંતિમ શ્વાસો લીધા અને શ્રીજીમહારાજની શાશ્વત સેવામાં અક્ષરધામમાં પહોંચી ગયા. આવા આ મહાપુરુષનાં ચરણોમાં કોટી કોટી વંદન...

પછી બાલમુકુંદસ્વામી પાછા વડતાલ પોતાના ગુરુદેવ ગોપાળાનંદસ્વામીની સેવામાં ગયા. દાસ પંક્તિના ગોપાળાનંદસ્વામીના શિષ્યોમાં પછીથી તેઓ સહુથી મોટા ગણાયા હતા. બાલમુકુંદદાસજીસ્વામી મહાન વિદ્વાન હતા. તે દેશાંતરમાં ફરતા ત્યારે તેમની વાતોથી સહુને બહુ સમાસ થતો હતો. ગોપાળાનંદસ્વામીના શિષ્ય નિરાલંબાનંદસ્વામીને મહારાજે વડતાલના ભંડારના મહંત કર્યા હતા. અને તેમની સાથે આદિ દેવાનંદસ્વામીને રાખ્યા હતા. જ્યારે તેઓ વૃદ્ધ થયા ત્યારે

બાલમુકુંદદાસજીસ્વામીએ પોતાના શિષ્ય નારાયણદાસજીસ્વામીને કેટલાય વર્ષ સુધી ભંડારની સેવામાં રાખ્યા હતા. તે બંને સંતોએ માતાની જેમ સત્સંગની માવજત કરી હતી.

❋ ગઢપુરના કોઠારી તથા મહંતોની યાદી :

ગઢપુરધામના કોઠારી ભક્તિવલ્લભદાસજીસ્વામી ઠવી વિરડી ગામના હતા અને જ્ઞાતિએ વણિક હતા. તે ખૂબ વિવેકી, વ્યવહારકુશળ અને નમ્ર સ્વભાવના હતા. જ્યારે ગોપાળાનંદસ્વામી સં.૧૯૦૮, વૈશાખ સુદ-૫ના રોજ અક્ષરવાસી થયા. ત્યારબાદ કોઠારી પૂજા શેઠના અમુક વર્તનથી પ્રેમાનંદસ્વામી તથા મોટીબા કચવાણાં. તે અપરાધથી પૂજાશેઠ સં.૧૯૦૯ ના જેઠ મહિનામાં ધામમાં ગયા. પછી તરત જ સં.૧૯૦૯માં રઘુવીરજી મહારાજે ભક્તિવલ્લભદાસજીસ્વામીને ગઢપુરના કોઠારી બનાવ્યા. ત્યારે તેમણે કહ્યું કે, 'ગોપાળાનંદસ્વામીના મંડળના કોઈ સંત મારી મદદમાં રહે તો હું આ સેવા કરું.' ત્યારે બાલમુકુંદદાસજીસ્વામીએ પોતે ગઢપુરમાં જેમને દીક્ષા અપાવી હતી, એવા ઉદ્ધવવલ્લભદાસજીસ્વામીને ગઢપુર મદદનીશ કોઠારી તરીકે મૂક્યા. અને તે સમયે ગોરવિયાળી ગામના સદ્.મહાપુરુષદાસજીસ્વામીને આચાર્ય રઘુવીરજી મહારાજ તથા સદ્ગુરુ સંતોએ મહંતપદે નિમણૂક કર્યા. તેમણે ૧૫ વર્ષ મહંતપદે રહી વહીવટ કર્યો.

ગઢડા મંદિરના કોઠારી ભીમજીભાઈ ભગવાનભાઈનો જન્મ સં.૧૮૮૭ની સાલમાં ધોળા પાસે આવેલા રેવા ગામમાં વણિક જ્ઞાતિમાં થયો હતો. તેમને સં.૧૯૦૩ની સાલમાં ૧૬ વર્ષની ઉંમરે કો.ભક્તિવલ્લભદાસજીસ્વામી ગઢડા લાવ્યા હતા. અને તેમણે પોતે જ તેને વિદ્યા ભણાવી. પછી સં.૧૯૨૧માં શ્રીગોપીનાથજી મહારાજના મંદિરના વહીવટમાં ભીમજીભાઈને પોતે જ દાખલ કર્યા હતા અને સં.૧૯૩૧માં કોઠારી કર્યા હતા. પછી ભક્તિવલ્લભદાસજીસ્વામી

૧૫ વર્ષ સુધી મહંતપદે રહ્યા હતા. અને કો.ભીમજીભાઈએ ૪૦ વર્ષ વહીવટ કર્યો હતો. અને તે સં.૧૯૭૨ જેઠ મહિનામાં ગઢપુરથી જ અક્ષરવાસી થયા હતા.

સં.૧૯૪૫માં ભક્તિવલ્લભસ્વામીએ ગોપાળાનંદસ્વામીની શિષ્ય પરંપરામાં ઉદ્ધવવલ્ભસ્વામીના શિષ્ય નિર્ગુણદાસજીસ્વામીને મોટેરા કર્યા હતા. તેમની સાથે જ્ઞાનવલ્લભસ્વામી હતા. આ બંને સંતોનો જન્મ વલ્લભીપુરમાં થયો હતો. કો.ભીમજીભાઈની હયાતિમાં મોટા યોગાનંદસ્વામીની પરંપરાના ભગવત્સ્વરૂપદાસજીસ્વામી ઈંગોરાળા (ડાંડ) ગામના શ્યામસુંદરદાસજીસ્વામીને ગઢપુર લાવ્યા અને ઉપરોક્ત મોટેરા ત્રણેય સંતોએ મળી તેમને સં.૧૯૭૦માં કોઠારી બનાવ્યા હતા. પછી તે સમયના ગઢપુરધામના સહુ મોટેરા સંતોએ મળી સં.૧૯૮૦માં નિર્ગુણદાસજીસ્વામીને મહંત બનાવ્યા હતા. તેમના શિષ્ય પ્રેમવતીનંદન સ્વામીએ ગઢપુરમાં પ્રસાદીનું 'આનંદભુવન' બનાવ્યું હતું. આ પરંપરાના સંતો હાલ પણ ગઢપુરમાં ઘણા છે. તે પૈકીના બોટાદમાં શિખરબદ્ધ મંદિર બંધાવનાર ગઢપુરના પુરાણી વિષ્ણુપ્રસાદસ્વામી દ્વારા ઉપરોક્ત હકીકત જાણવા મળેલી છે. આમાં કોઈ ક્ષતિ હોય તો નીરક્ષીર ન્યાયે ક્ષમા કરશોજી.

એ જ લિ.સાધુ બ્રહ્મપ્રકાશદાસના
ભાવથી જય સ્વામિનારાયણ

INDEX


અનુક્રમણિકા

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪
૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫
૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬
૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭
૭૮	૭૯	૮૦	૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮
૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯
૧૦૦	૧૦૧	૧૦૨	૧૦૩	૧૦૪	૧૦૫	૧૦૬	૧૦૭	૧૦૮	૧૦૯	૧૧૦
૧૧૧	૧૧૨	૧૧૩	૧૧૪	૧૧૫	૧૧૬	૧૧૭	૧૧૮	૧૧૯	૧૨૦	૧૨૧
૧૨૨	૧૨૩	૧૨૪	૧૨૫	૧૨૬	૧૨૭	૧૨૮	૧૨૯	૧૩૦	૧૩૧	૧૩૨
૧૩૩	૧૩૪	૧૩૫	૧૩૬	૧૩૭	૧૩૮	૧૩૯	૧૪૦	૧૪૧	૧૪૨	૧૪૩
૧૪૪	૧૪૫	૧૪૬	૧૪૭	૧૪૮	૧૪૯	૧૫૦	૧૫૧	૧૫૨	૧૫૩	૧૫૪
૧૫૫	૧૫૬	૧૫૭	૧૫૮	૧૫૯	૧૬૦	૧૬૧	૧૬૨	૧૬૩	૧૬૪	૧૬૫
૧૬૬	૧૬૭	૧૬૮	૧૬૯	૧૭૦	૧૭૧	૧૭૨	૧૭૩	૧૭૪	૧૭૫	૧૭૬
૧૭૭	૧૭૮	૧૭૯	૧૮૦	૧૮૧	૧૮૨	૧૮૩	૧૮૪	૧૮૫	૧૮૬	૧૮૭
૧૮૮	૧૮૯	૧૯૦	૧૯૧	૧૯૨	૧૯૩	૧૯૪	૧૯૫	૧૯૬	૧૯૭	૧૯૮
૧૯૯	૨૦૦	૨૦૧	૨૦૨	૨૦૩	૨૦૪	૨૦૫	૨૦૬	૨૦૭	૨૦૮	૨૦૯
૨૧૦	૨૧૧	૨૧૨	૨૧૩	૨૧૪	૨૧૫	૨૧૬	૨૧૭	૨૧૮	૨૧૯	૨૨૦
૨૨૧	૨૨૨	૨૨૩	૨૨૪	૨૨૫	૨૨૬	૨૨૭	૨૨૮	૨૨૯	૨૩૦	૨૩૧
૨૩૨	૨૩૩	૨૩૪	૨૩૫	૨૩૬	૨૩૭	૨૩૮	૨૩૯	૨૪૦	૨૪૧	૨૪૨
૨૪૩	૨૪૪	૨૪૫	૨૪૬	૨૪૭	૨૪૮	૨૪૯	૨૫૦	૨૫૧	૨૫૨	૨૫૩


શ્રીજીમહારાજના ચરિત્રની પરમચૈતન્યાનંદસ્વામીએ કરેલ સ્થળનિર્દેશની વિગત

અનુક્રમણિકા

શ્રીહરિના આવાસથી અતિ પાવન થયેલ દાદા ખાચરનો દરબારગઢ










ગઢપુરમાં શ્રીહરિના નિવાસ સ્થાનરૂપ અક્ષરઓરડી



સર્વાવતારી શ્રીહરિએ જેની નીચે બહુ લીલા કરી છે એવો મુક્તરૂપ લિંબતરુ



નોંધ : આ ફોટામાં દર્શાવેલા નંબરો તે જગ્યાએ થયેલ ચરિત્રનાં સ્થાન બતાવે છે.



પ.ભ.શ્રીદાદા ખાચરનો પ્રસાદીભૂત દરબારગઢ

૧. આથમણા બારના ઓરડા
૨. ઉત્તરાદા બારના ઓરડા
૩. ઉગમણા બારના ઓરડા
૪. શ્રીજીમહારાજ સભા કરીને બેસતા તે લિંબવૃક્ષ
૫. દક્ષિણાદા બારના ઓરડા (હાલ-આનંદભુવન)

શ્રીહરિની પ્રસાદીભૂત સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામીની ઓરડી



અહીં સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથની રચના કરી છે

જ્યાં શ્રીહરિએ અનેકવાર સભા કરેલી તે પાવનકારી બેઠક



અહીં ડભાણિયો આંબો હતો



દશેરાના દિવસે શ્રીહરિએ જેનું અનેકવાર પૂજન કર્યું હતું તે સમીવૃક્ષ



મહામુક્ત શ્રીમોટીબાનું નૂતન સ્મૃતિ મંદિર

શ્રીહરિએ અનંત મુક્તો સાથે અનેકવાર સ્નાનલીલા કરી છે, એવી મહા પ્રસાદીભુત ઉન્મત્તગંગા (ઘેલા નદી)







ઉન્મત્તગંગામાં આવેલ પ્રસાદીભૂત સહસ્ર ધરો




લક્ષ્મીબાગમાં અનેકરૂપ ધરી શ્રીહરિએ સંતો સાથે રાસલીલા કરી તે સ્થળ

સ્વયં શ્રીહરિએ પાર્ષદો પાસે ગળાવેલ પ્રસાદીભૂત રાધાવાવ



ઈચ્છારામભાઈના અગ્નિ સંસ્કાર સમયે શ્રીહરિએ જ્યાં સભા કરી હતી તે સ્થળ





શ્રીહરિએ બે માસ દેખરેખ રાખી આ સ્થળે સિરાબંધ ઓરિયો બંધાવેલ હતો




શ્રીહરિએ ઘણા દિવસ રહી સ્નાનાદિક લીલા કરી તે સુમાબાઈની વોકળી

શ્રીહરિએ હરજી ઠક્કરને અપાવેલ પ્રસાદીભૂત શિવવાડી



જ્યાં શ્રીહરિ ઘણીવાર પધાર્યા હતા તે હોળાયા ધાર





ઘણીવાર સંતોને સન્માનવા શ્રીહરિ સામા ગયા હતા તે મઘરિયો ડુંગર



જેના દર્શને ભૂજ યાત્રાનું ફળ મળે તે નાળિયેરી ધાર

શ્રીહરિ અનેકવાર પધાર્યા હતા તે જીવા ખાચરનો દરબારગઢ





નારાયણજીભાઈ પાસે પોતાનાં અંગોના માપ પ્રમાણે ગોપીનાથજીની મૂર્તિ બનાવડાવતા શ્રીહરિ

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

॥ શ્રીસહજાનંદાય નમો નમઃ ॥

સદ્.શ્રીપરમચૈતન્યાનંદસ્વામીકૃત

શ્રીજીમહારાજનાં ચરિત્રો

અથ શ્રીજીમહારાજે ગઢડા મધ્યે લીલાચરિત્ર કર્યાં છે તે લખ્યાં છે.

અક્ષરઓરડીનાં ચરિત્રો

ચરિત્ર નં.૧

શ્રીહરિએ એભલ ખાચરને તેમના પૂર્વજોનું વૃત્તાંત કહ્યું.

મુખ્યપણે પ્રથમ પહેલાં અભયરાજાના દરબારમાં મહારાજ પધાર્યા, તે વખતે મુખ્ય દરબારમાં જેને અક્ષરઓરડી કહે છે, તે જગ્યાએ મહારાજે પ્રશ્ન કર્યો. પછી એભલ દરબાર પ્રત્યે એમ બોલ્યા કે, **“આ બ્રહ્માંડમાં આવું નિવૃત્તિ પરાયણ સ્થાનક ક્યાંય નથી. જેવું અક્ષરધામ છે તેવું આ સ્થાન છે.”**



શ્રીજીમહારાજ જ્યાં રહેતા તે અક્ષરઓરડી

સંવત્ ૧૮૬૧ની સાલથી તે સંવત્ ૧૮૮૬ની સાલ સુધી અખંડ શ્રીહરિ અહીં વિરાજમાન રહ્યા હતા. ને તે જગ્યાએ પોતે પોતાનું ઘર માની લીધેલું હતું. જે વખત મહારાજ ત્યાં પધાર્યા, તે વખત અભયરાજા તથા તેમની પત્નીઓ તથા તેમના પુત્ર-પુત્રીઓ સર્વે મહારાજ પરાયણ થઈ ગયાં અને મન, કર્મ, વચને ને દેહે કરીને મહારાજને વશ થઈને રહ્યાં હતાં.

એક વખત મહારાજ એમ બોલ્યા કે, “હે અભયરાજા ! એક ગૌદોહન જેટલો સમય પણ અમે એક જગ્યાએ ક્યાંય રહી શક્યા નથી, પણ તમારા તથા તમારા પરિવારના અંતઃકરણના ખેંચ્યાથી અમે આ જગ્યાએ અખંડ નિવાસ કરી દેહ પર્યંત રહેશું. અને તમે અનાદિ કાળના અમારા આશ્રિત છો. તમારા પિતાના પિતા ઉનડ ખાચર અમારા આત્માનંદસ્વામીના શિષ્ય હતા.” તે વાત સાંભળી અભયરાજા કહે જે, “એ વાતની મહારાજ તમને શી ખબર ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે અમને કેવા સમજો છો ?” ત્યારે અભયરાજા કહે

જે, "મહારાજ, અમે તમોને નારાયણ સમજીએ છીએ." એમ કહીને કહે જે, "મારા બાપની મા અને મારી મોટી મા રાણદેબાઈએ મારા પાસે એમ કહ્યું હતું કે, નીલકંઠ એવે નામે કરીને ઈશ્વરનો અવતાર થશે. એવું મહાપુરુષ મહંત મેનનાથજીએ કહ્યું હતું. ને તે પ્રગટ થશે ને તમારા કુળનો ઉદ્ધાર કરશે. અને તેની કેટલીક વાતની મને વિગત બતાવેલી છે."

ત્યારે મહારાજ કહે જે, "અમારું નામ ગોપાળજોગીએ નીલકંઠ એવું પાડેલું હતું. અને અમને શંકર રૂપે માનતા હતા. પછી જ્યારે અમને એણે બ્રહ્મરૂપ જાણ્યા ત્યારે તે અમને નારાયણ જાણવા મંડ્યા. પછી અમે તેને સંસારના બંધનથી તોડી મુક્તભાવને પમાડ્યા." ત્યારે અભયરાજા કહે જે, "હે મહારાજ ! મારી મોટી મા રાણદેબાઈએ કહી છે તે અમારા સર્વ વૃત્તાંતની વાત તમે કહી બતાવો." ત્યારે મહારાજ કહે જે, "ત્યાં સુધી તમને અમારી કોરનો નિશ્ચે નહિ થાય ?" ત્યારે અભયરાજા કહે જે, "નિશ્ચે તો છે પણ એ વૃત્તાંત સાંભળવાની મારા જીવને ઘણી અભિલાષા છે."

પછી મહારાજે વાત કરી જે, "હે અભયરાજા ! સમુદ્રના કિનારે દક્ષિણ દિશામાં ગોપનાથ નામે કરીને મહાદેવ છે. ત્યાં વાલ્મિકી ઋષિનો અવતાર ગોપાળ બ્રહ્મચારી કરીને રહેતા હતા. તે મહા પવિત્ર અને મોક્ષદાયક હતા. તેણે ઘણાં વર્ષ સુધી આયુષ્ય ભોગવી હતી. તેના શિષ્ય આત્માનંદસ્વામી કરીને હતા. તેનું પૂર્વાશ્રમમાં વિશ્વંભર ભટ્ટ કરીને નામ હતું. તે દામનગર તથા આસોદર એટલામાં રહેતા. ને તે ઈશ્વરીય અવતાર હતા. અને તેને ભગવાનની પેઠે માનીને ઘણાક માણસો તેના આશ્રિત થયા હતા. અને તે આત્માનંદસ્વામીને અક્ષરધામમાં બ્રહ્મજ્યોતિ સ્વરૂપે દર્શન થાતું હતું.

એક વખત તેમણે પોતાના સંપ્રદાયના ચાર મુખિયા કર્યા હતા. તેમાં સાકાર પ્રતિપાદનના મુખિયા રામાનંદસ્વામીને કરેલા હતા. અને બ્રહ્મજ્યોતિના મુખ્ય જુક્તાનંદ અને મુક્તાનંદ એ બેયને કર્યા હતા. અને એક હરબાઈ નામે ડોશી હતી ને એક માતાજી કરીને ડોશી છે, તેને તેની ઈચ્છા પ્રમાણે તે મતના મુખ્ય કર્યા હતા.

અને મેનનાથજીનું પ્રથમ નામ મેનગર એવું હતું. અને આત્માનંદસ્વામીએ તેને મહાશંકરરૂપ દર્શન કરાવીને નારાયણ એવો મહામંત્ર આપ્યો. અને તેને બ્રહ્મદીક્ષા આપી ને મેનનાથજી એવું નામ પાડ્યું. તે મેનનાથે ઘણાં વરસ આવરદા ભોગવેલી હતી. અને તેણે પોતે તમારા પિતાના પિતા ઉનડ ખાચર અને તમારા પિતાની મા રાણદેબાઈને શિષ્ય કર્યાં હતાં.

❊ રાણદેબાને પુત્રપ્રાપ્તિનું વરદાન :

એક વખત એ રાણદેવબાઈના માવતર માલો કરીને દામનગરમાં રહેતા હતા. તેણે મેનનાથની ઘણી સેવા કરેલી. તમારા મોટા બાપ ઉનડ ખાચરને છોરુ નહોતુ. તેથી તે ઘણા ઉદાસ રહેતા. તે વખતે તેની સ્ત્રી રાણદેબાઈ તેના માવતરે ગયાં હતાં. ત્યારે મેનનાથજી દામનગરથી દક્ષણાદું અને પાંડરશીંગા ને દામનગરના મારગથી ઉગમણી કુંભનાથ મહાદેવની જગ્યા છે, તે મહાદેવ પરશુરામના પધરાવેલા છે ને અનાદિકાળના કહેવાય છે. તે જગ્યાએ તે મેનનાથજી રહેતા. અને તે જગ્યાએ એક વખત તમારી દાદી રાણદેબા ત્યાં ઉદાસ થઈને બેઠાં હતાં. તે મેનનાથજીએ તેમને ભાળી. પછી કહે જે, 'બેટા, કેમ ઉદાસ છો ?' ત્યારે રાણદેબાઈ કહે જે, 'સર્વ વાતે સુખી છીએ પણ પુત્ર નથી.' એમ કહી રોઈ પડી. તે વખત પ્રસન્ન થઈને મેનનાથજી કહે જે, 'તમારો પતિ સાક્ષાત્ કરણનો અવતાર છે. અને તેને શ્રીકૃષ્ણ

ભગવાનમાં ઘણી પ્રીતિ હતી, પણ દુર્યોધનનો પક્ષ હતો તેથી દુર્યોધનની પેઠે અસુરગતિને પામ્યા. અને તે દુષ્ટના સંગથી સાત જન્માંતર સુધી જન્મ લેવો પડ્યો. હવે અમારી જ્યારે મુલાકાત થાશે ત્યારે તેનો મોક્ષ થાશે ને હું દ્રોણાચાર્યનો અવતાર છું ને મારે પણ પૃથ્વીને વિશે એ દુર્યોધનના પાપથી ફરી ફરી અવતાર લેવા પડ્યા છે.

ને હવે શ્રીકૃષ્ણરૂપે નીલકંઠ નામે કરીને ભગવાન પ્રગટ થનાર છે. તેના ઉપાસક ગોપાળ બ્રહ્મચારી ને તેના શિષ્ય આત્માનંદજી છે તે ભગવાનનો અવતાર છે. તે મને મળ્યા, માટે મારો મોક્ષ થયો છે. ને સૂરજના અંશરૂપી ઉનડ ખાચર કરણનો અવતાર છે, તેને પણ હવે હું મહામંત્ર આપીશ તેણે કરીને તેનો મોક્ષ થશે ને જન્મમરણથી છૂટી જાશે. ને તમે પણ નાગકન્યા છો ને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે ઘણાક પ્રીતિવાળા છો. તેથી તમારો પણ મોક્ષ થશે ને જન્મમરણથી છૂટી જાશો. ને તમારે આજથી નવ માસે પુત્ર આવશે. અને બે પુત્રીઓ થશે. તેમાં જે એક પુત્ર થશે તે વૃષકેતુનો અવતાર છે. તેથી તેનું નામ બાવો એવું પાડજો. ને માંડવ ઋષિના પૂજેલા સત્‌જુગ વખતના શ્રીનીલકંઠ મહાદેવ છે.



ઘેલા નદીના કાંઠે આવેલ શ્રીનીલકંઠ મહાદેવ

તે મહાદેવ તમારા ગૌશાળાના વંડાના ફળીમાં દટાઈ ગયેલા છે. તે ફળિયામાં રહેલા પીપરના ઝાડથી બત્રીશ હાથ ઉપર-છેટે છે. તે જગ્યાએ ખોદશો એટલે તે મહાદેવ નીકળશે. તેની પ્રતિષ્ઠા ઘેલા નદીને સામે કાંઠે પીપળાનું વૃક્ષ છે તે જગ્યાએ દેવળ બંધાવીને કરજો. અને બ્રાહ્મણને જમીન આપજો. તથા મારો મોટો શિષ્ય ગોમતીગર છે તેને તે શંકરની પૂજા કરવા રાખજો. ને તેને જમીન આપજો તથા સદાવ્રત બાંધજો. અને મહારુદ્ર યજ્ઞ કરજો. તે વખતે હું ગુરુ આત્માનંદજીને લઈને ત્યાં આવીશ. ને તમે મારી ઈચ્છાથી અહીં આવ્યા છો ને આ વાત તમારા પતિને પણ મેં સ્વપ્નમાં દર્શન દઈને કહેલ છે. તેથી તે પણ હમણા અહીં આવશે. માટે તે આવે ત્યાં સુધી તમે અહીં રહો.

ને તમારા પતિ ઉનડ ખાચરના પિતા દાના ખાચર મહા ધર્મવાળા અને સોમદત્ત રાજાનો અવતાર હતા. તેને પણ દુષ્ટ દુર્યોધનના સંગથી જન્મ લેવો પડ્યો છે. ને તેને મારો સત્સંગ થયો ને મારો શિષ્ય થયો તેથી તે મોક્ષ પામી ગયા છે. ને તમારા પતિના ભાઈ જીવા ખાચર ભુરિશ્રવાનો અવતાર છે. તે મહા શૂરવીર છે, રામના ઉપાસક છે ને મહાપવિત્ર છે. અને તેના ભાઈ દેવાયત તથા સાંગો ખાચર પણ ભગવદીય છે. આ બધા દુર્યોધનના સંગમાં આવેલા તેથી જન્મ લેવા પડ્યા છે, પણ હવે તમારા પવિત્ર કુળમાં અવતર્યા ને મારા શિષ્ય થયા તેથી તે સર્વનો મોક્ષ થાશે.'

હે અભયરાજા ! એમ વાત કરી તેટલામાં તમારા પિતામહ મહાપ્રતાપી ઉનડ ખાચર મેનનાથજી પાસે પહોંચ્યા. તેણે પરસ્ત્રી, દારૂ તથા માંસ વગેરે અભક્ષ્ય વસ્તુ હરામ કરી હતી. અને તેણે ચાર ધામની વચ્ચેનાં તમામ તીર્થોની યાત્રા કરી હતી. તેને મેનનાથજીએ ઉપર મુજબ બધી જ પૂર્વજન્મના વૃત્તાંતની વાત કરી. તે સાંભળીને ઉનડ ખાચર મેનનાથજી પાસેથી મહામંત્ર લઈ તેના શિષ્ય થયા.

પછી મેનનાથજી કહે, 'હે ઉનડ ખાચર ! તમે જે ઘેલા નદીને કાંઠે વસો છો તે નદી તો સાક્ષાત્ ગંગાજી છે. તે ઘેલા નદીને કાંઠે સોમનાથ નામે જે જ્યોતિર્લિંગ છે તે મહાપ્રતાપી છે. ને તે માંડવ્ય ઋષિએ સ્થાપન કરેલ છે. તે સોમનાથજીની ઉપલી કોરે ફૂલઝર નામે વન હતું. તે જગ્યાએ હાલ ગામ છે. તેની ઉત્તર તરફ એક ડુંગર છે તે જગ્યાએ માંડવ્યઋષિ તપ કરતા હતા. તે તપ પૂરું થયું ત્યારે સ્નાન કરવા વાસ્તે ઋષિએ ગંગાને યાદ કર્યા, પણ ગંગાને આવતા વાર લાગી તેથી ઋષિએ ભગવાનનું ધ્યાન કરીને વામનજીના મહામંત્ર જપ્યા. એટલે વામનજીએ પાતાળમાંથી પાટું માર્યું. તેથી મહાચમત્કારી ગંગા ગાંડાની પેઠે નીકળ્યા એટલે તેનું નામ ઘેલો પડ્યું છે.

પછી એ માંડવ્યઋષિ માંડવધાર વચ્ચે ભોંયરુ છે ત્યાં રહેતા. તે જગ્યાએ ઘેલાનું પાણી ઉન્મત્તની પેઠે જોશથી ચાલતું. તે ગંગાને સોમનાથજીના આશ્રમ પાસે થઈને ઋષિ પોતાના આશ્રમે લાવ્યા. અને એ આશ્રમની નજીકમાં એક મોટું પાંડેરા એવે નામે દશ જોજનનું તળાવ હતું. તે તળાવ પાંડવો જે વખતે તપ કરવા વનવાસ નીકળ્યા તે વખતે યક્ષોએ બાંધેલું હતું. તે તળાવમાં શાપને કારણે એક મોટો યક્ષ રહેતો હતો. તે યક્ષે ધર્મરાજાને સો પ્રશ્ન પૂછ્યા. પછી તે છૂટ્યો. એવું તે જૂનું તળાવ છે. તેને કાંઠે નાળિયેરીનું વન હતું. તે વન હેડિંબા રાક્ષસીનું હતું. તેમાં ભીમસેન ઘણીવાર વિચરતો.

ને જે તમારા ગામને પાદર મઘરિયો ડુંગર છે તે તળાવ વચ્ચે હતો. તે તળાવમાં મોટા મોટા મગર રહેતા તેથી મઘરિયો ડુંગર કહેવાય છે. હાલ, જે જગ્યાએ તમારો દરબારગઢ છે તે જગ્યાએ માંડવ્યઋષિને સંધ્યાપૂજન કરવાનું સ્થાન હતું. એવી એ જગ્યા મહાપ્રતાપી છે. ત્યાં અમારે છ માસ નિવાસ કરવો છે. માટે જે વખતે તમારે પુત્રનો જન્મ

થાય તે પછી હું મારા ગુરુ આત્માનંદસ્વામી સાથે ત્યાં આવીશ. ને તમારું સર્વે વૃત્તાંત કહીશ.

ને હવે તમારા કુળમાં તમારા પુત્રનો પુત્ર એભલ ખાચર નામે થશે તે પરીક્ષિતનો અવતાર થશે. તેને શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રમાં સંશય થયો હતો, તેથી તે હવે અવતાર લઈને પૂર્ણબ્રહ્મ પરમાત્માને મળશે ને મોક્ષ પામશે. ને તેમની પુત્રીરૂપે રાધા ને લક્ષ્મી ને પુત્રરૂપે નર જે અર્જુન તે અવતરશે. ને તેની સાથે સાક્ષાત્ સરસ્વતી(રાજબાઈ) પણ અવતાર લેશે. ને તે સર્વે પ્રગટ પુરુષોત્તમની સાથે રહેશે. ને તેથી હજારોને હજારો જીવોનો મોક્ષ થશે. આવી વાત તમારા પિતાના પિતાને મેનનાથજીએ કહી હતી."

❋ શ્રીહરિની વાત સાંભળીને એભલ દરબારને આશ્ચર્ય :

આવી રીતે અભયરાજા પાસે મહારાજે સર્વે વૃત્તાંતની વાત કરી. તે સાંભળીને એભલ ખાચર મહાવિસ્મય પામ્યા અને બોલ્યા જે, "આ પ્રમાણે જ મારી મોટી મા રાણદેબાએ મને વાત કહી હતી. ને મારા પિતાનો જે વખતે જન્મ થયો તે પછી બે વર્ષે ઘેલાને સામે કાંઠે શંકરનું દેવળ કર્યું ત્યારે મહારુદ્ર યજ્ઞ કરાવ્યો હતો. અને બ્રાહ્મણોને ખૂબ દાન આપ્યું હતું. ને ત્યારે દશ હજાર બ્રાહ્મણો ભેગા થયા હતા. તેને જમાડીને એક એક રૂપિયો દક્ષિણા આપી હતી. અને તે સમયે બ્રાહ્મણોને તથા કુળગોર રાજગરોને ગઢડા તથા તેના પરગણામાં જમીન કૃષ્ણાર્પણ કરી હતી. તે તેઓ હજુ સુધી ખાય છે. એવી ધામધૂમથી નીલકંઠ મહાદેવનું સ્થાપન કર્યું હતું.

તે વખતે ગુરુ આત્માનંદજી સાથે મેનનાથજી આવ્યા હતા ને તેમને ઘણા પ્રસન્ન કર્યા હતા. તે વખતે આત્માનંદસ્વામી બોલ્યા હતા જે, અમે તો વેશ લાવનારા છીએ, પણ તમારા પુત્રના પુત્રનો મોક્ષ

કરવા પુરુષોત્તમનારાયણ અવતાર લઈને થોડા કાળમાં આવશે ને તે અહીં નિવાસ કરીને રહેશે. તેની નિશાનીને વાસ્તે આ નીલકંઠ મહાદેવ પધરાવેલા છે. હે મહારાજ ! એ મેનનાથજીના પ્રતાપથી આ અમારા કુળનો મોક્ષ થયો. એ મેનનાથજીના શિષ્ય ગોમતીગર હતા. તેનો શિષ્ય ભવાનીગર હતો. તે મારા બાપ સાથે ઘોડે ચડી હથિયાર બાંધીને ચાલતા. અને તેનો શિષ્ય હાલ આ બાવા ભોજગર છે તે ઉનડ ખાચરે આપેલી બસો વિઘા જમીન હજુ ખાય છે.”

તે સાંભળીને મહારાજ ખૂબ જ પ્રસન્ન થયા અને કહે, ‘એવા ધર્મવાળા તમારા વડવાઓ હતા, તેથી તેના કુળમાં તમારા જેવા પવિત્ર આત્માનો જન્મ થયો છે.’ ત્યારે એભલ ખાચરે ફરીને કહ્યું, ‘હા મહારાજ, આ પ્રમાણે જ મારી મોટી માએ મને વાત કહી હતી.’ એમ કહી ઘણું રાજી થયા અને કહે, ‘હે મહારાજ ! તમે આ બધું વૃત્તાંત ક્યાંથી જાણ્યું ?’ ત્યારે મહારાજ કહે, ‘હે દરબાર ! તમે મને કેવો સમજો છો ?’ તેથી એભલ ખાચર મનમાં પ્રસન્ન થયા અને કહે, ‘હે પ્રભુ ! આપ તો સાક્ષાત્ ભગવાન નારાયણ છો. અને આ ભૂમિ ઉપર અનંત લોકોનો મોક્ષ કરવા માટે અત્યારે પ્રગટ થયા છો. માટે હું આપને પ્રત્યક્ષ સનાતન ભગવાન સમજું છું.’ આવી દરબારની વાત સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા.

❊ શ્રીહરિએ એભલ ખાચરને કહેલી સર્વોપરીતા :

પછી પોતે જ પોતાનો સર્વોપરી મહિમા કહેતાં કહ્યું, “હે એભલ ખાચર ! અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનો કરનારો હું છું. સ્થાવર, જંગમ સહુનું કારણ હું છું. મારાથી બીજું કોઈ પર કારણ નથી. હું જ સર્વે ઈશ્વરોનો ઈશ્વર છું, સર્વ કારણનો કારણ છું, સર્વ અવતારનો અવતારી છું. મારી આજ્ઞાથી જ બ્રહ્મા જગતની ઉત્પત્તિ કરે છે, વિષ્ણુ પાલન-પોષણ કરે છે અને શિવજી સંહાર કરે છે.

મારી આજ્ઞાના ભયથી જ નિરંતર સમય પ્રમાણે સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્ત થાય છે, વાયુ વાય છે, ઇન્દ્ર વરસાદ કરે છે અને કાળ પણ સમય પ્રમાણે સહુનો નાશ કરે છે. હું બ્રહ્માદિક સહુ દેવોનો દેવ છું. કાળનો પણ કાળ છું. **જેમ નાકમાં નાથેલા બળધો ખેડુતને વશ વર્તે છે, તેમ બ્રહ્માદિક તમામ દેવ અને ઈશ્વરો સદા મારે આધીન રહે છે. મેં જે કરવા ધાર્યું હોય તેને કાળ, માયા કે અક્ષરાદિક કોઈ અન્યથા ટાળી શકતા નથી.** હું જ સહુનો નિયંતા છું અને કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થ છું. કાળ, માયા અને ઈશ્વરાદિક સહુ મારી પાસેથી ઐશ્વર્યને પામેલા છે. એમ તમે જાણો.

વળી, **હું જ સર્વ અવતારોનું કારણ છું. સર્વ પ્રાણીઓનો સાક્ષી છું. મને દિવ્ય ગુણો અને ઐશ્વર્ય વગેરેથી અજોડ જાણો. મારા ગુણ અને ઐશ્વર્ય તથા પ્રતાપ વગેરેના આવેશથી જ અનેક મારા અવતારો પૃથ્વી ઉપર થાય છે.** કોઈ બુદ્ધિશાળી ભૂમિના રજકણોને કદાચ ગણી શકે, પણ મારા અનંત અવતારોની ગણતરી ન થઈ શકે. હું આ મારી મૂર્તિ દ્વારા સર્વે અવતારોનાં દર્શન કરાવી શકું તથા અવતારોને મારી મૂર્તિમાં લીન પણ કરી શકું છું, પણ મારું સ્વરૂપ બીજા કોઈ પણ અવતારમાં લીન ન થઈ શકે; એવું મારું અમાપ ઐશ્વર્ય છે. **જેમ ચંદ્રમા અને તારાઓથી સૂર્યમાં ભેદ છે તેમ બધા અવતારોથી મારા સ્વરૂપમાં ભેદ છે. હું જ સર્વાવતારી છું; એમ જે મને જાણે છે તેના તમામ દોષો નાશ પામી જાય છે.** આ રીતે મારા સ્વરૂપને સમજનારો ભક્ત મારા રાજીપાથી અક્ષરધામમાં મારી સેવામાં રહેશે.

સગર્ભા સ્ત્રીને જેમ બાળકની પ્રાપ્તિ થાય છે તેમ જ જેને આવા મારા સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય તે મનુષ્યને જ મારા અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. **જે લોકો આ પ્રમાણે મારા અવતારીપણાને નથી સમજતા તે અતિ ઓછી બુદ્ધિવાળા લોકો મારા સ્વરૂપને યથાર્થ રીતે**

ઓળખી શકતા નથી. મારા પ્રતાપથી સ્ત્રીનો અને ધનનો ત્યાગ કરનારા હજારો સંતો અવતારોના સમાન ઐશ્વર્યોવાળા થશે. આ મહાત્મા સંતો અક્ષરધામના મુક્તો જેવા બ્રહ્મરૂપ થશે, સર્વ સદ્‌ગુણોથી સંપન્ન અને મારા ધામને પામવામાં કારણરૂપ થશે. જેના ચરણો તીર્થરૂપ છે એવાં હજારો નરનારીઓ મારા પ્રતાપથી થશે. કોઈ અવતારે કે આચાર્યે ન કર્યું હોય એવું કાર્ય હું મારા પ્રતાપથી કરીશ. જીવોના ગાઢ અજ્ઞાનનો નાશ કરી ભૂમિ ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરીશ. અને વિના સાધને બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ આદિકને સિદ્ધદશા પમાડીશ. તથા મનુષ્યો, પશુઓ અને પંખીઓને પણ સમાધિ કરાવીશ.

જેમ ઔષધિઓમાં સંજીવની ઔષધિ શ્રેષ્ઠ છે, તેમ સર્વે જ્ઞાનોમાં મારા સ્વરૂપ સંબંધી જ્ઞાન સર્વોત્તમ છે. દ્રવ્યોમાં ચિંતામણિ સર્વોત્તમ છે, દેવોમાં વિષ્ણુ શ્રેષ્ઠ છે તેમ સર્વ પ્રકારના જ્ઞાનમાં મારા સ્વરૂપનું જ્ઞાન સર્વોત્તમ શ્રેષ્ઠ છે અનંતના કલ્યાણને કરનારું છે. જેમ કોઈને સર્પ કરડ્યો હોય તો વિષવૈદ્ય આવીને મંત્રેલું પાણી પાઈ તેને સજીવન કરે છે, તેમ મારા સ્વરૂપનું આ જ્ઞાન નાશવંત સંસારમાં ભટકતા મુમુક્ષુઓને સજીવન કરે છે. અને દેહાભિમાનરૂપ ભયંકર દુ:ખથી રક્ષા કરે છે. અવતારીપણાનું મારું આ જ્ઞાન સંસારરૂપી અતિ વિકટ રોગને મટાડનારું ઉત્તમ ઔષધ છે. સહુને અતિ પાવન કરનારું અને દિવ્ય બનાવનારું છે. તથા અનુભવી સંત પુરુષોએ આ જ્ઞાનને સ્વીકારેલું છે.”

મહારાજે આવી વાત કરી. તે સાંભળીને એભલ ખાચર અતિ રાજી થયા. પછી તેમણે મનમાં સંકલ્પ કર્યો જે, અમારા વડવાઓનો મોક્ષ થયો છે. તે મહારાજ કૃપા કરીને મને દેખાડે તો સારું. એ જ વખતે મહારાજની કૃપાથી એભલ ખાચર, તેમની પત્નીઓ, તેમનો પુત્ર તથા પુત્રીઓ તે બધાને એ સહુનો મોક્ષ થયો છે તે નજરે દેખાણું.

❋ એભલ ખાચરને સમાધિમાં શિવદર્શન :

પછી એભલ ખાચરને સમાધિ થઈ. તેમાં શ્વેત પોઠિયો જોયો. ને તેના ઉપર ચંદ્ર જેવું મોટું સિંહાસન હતું. તેના ઉપર અષ્ટભુજાવાળી શંકરની મૂર્તિ ભાળી. તે મૂર્તિએ પીળું પીતાંબર પહેર્યું હતું. માથે મોટી જટા હતી ને કંઠમાં રુંઢમાળા તથા નાગ ધારણ કરેલાં હતાં. ને એક ભુજામાં ધનુષ, બીજીમાં ત્રિશુળ, ત્રીજીમાં ચક્ર, ચોથીમાં પાશ, પાંચમીમાં કાળદળ, છઠ્ઠીમાં તલવાર, સાતમીમાં ડાકલું અને આઠમીમાં કમળની માળા ધારણ કરી હતી. અને શિવજી સાથે પાર્વતી પણ પોઠિયા ઉપર બેઠાં હતાં. એવી રીતનો તે પોઠિયો અક્ષરઓરડી પાસે આવ્યો. એટલે શંકર હેઠા ઊતર્યા અને મહારાજને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

પછી બંને જણાએ પૂજન કરી, પ્રદક્ષિણા કરી મહારાજને પગે લાગ્યા. અને શંકર નૃત્ય કરી ઘણા રાજી થયા. પછી મહારાજને બથમાં લઈને ભેટ્યા. અને બોલ્યા જે, **"હે મહારાજ ! તમે તો અક્ષરધામના અધિપતિ છો, અનેક બ્રહ્માંડના કર્તા છો, સર્વના આધાર છો અને આપ એક જ સાક્ષાત્ પરમેશ્વર છો. તે તમે મને દયા કરીને સંભાર્યો તેથી હું આજ તમારાં દર્શન કરી કૃતાર્થ થયો છું."** એમ કહી તે મહારાજના ચરણમાં પડ્યા. તે સમયે દિવ્યરૂપે આત્માનંદસ્વામી, મેનનાથજી, ઉનડ ખાચર, બાવા ખાચર તથા રાણદેમા એ સર્વે જોવામાં આવ્યાં. તે સર્વેએ મહારાજની સ્તુતિ કરી પ્રણામ કર્યા. તેવું જોઈને એભલ ખાચર મહા વિસ્મય પામ્યા. અને અહો ! અહો ! એમ શબ્દ કરવા લાગ્યા.

તે વખતે મહારાજ પાસે સુરબાઈ, સોમબાઈ, જીવુબા, લાડુબા, રાજબા, રાજબાઈ વાણિયા, અમરબાઈ બ્રાહ્મણ, દાદા ખાચર, પાંચુબા, મૂળજી બ્રહ્મચારી વગેરે હતાં. તે સર્વને પણ ઉપરોક્ત સર્વે પ્રત્યક્ષ જોવામાં આવ્યું. તેથી સહુ અતિ રાજી થયા. તે સમયે શંકરે સ્તુતિ

કરીને કહ્યું કે, "હે મહારાજ ! મારે તમારું આ સ્વરૂપ નખથી શિખા પર્યંત નીરખવું છે. માટે આપ ઊભા થઈને મને દર્શન આપો." એમ તે કહે છે તેવામાં એક તને કરીને મહાપુષ્ટ અને આજાન બાહુ તથા પ્રસન્નતાએ યુક્ત તેજોમય મૂર્તિ ભાળી. તેથી મહારાજે તેને દંડવત્ પ્રણામ કરી હાથ જોડ્યા. તે વખતે શંકર બોલ્યા, "હે ઉદ્ધવજી ! તમે રામાનંદસ્વામી રૂપે આ નારાયણમુનિના ગુરુ થયા હતા. **પરંતુ આ મૂર્તિ તો કોઈ દિવસ આ બ્રહ્માંડમાં આવી નથી. માટે આ મૂર્તિ નખશિખ પર્યંત મારે હૃદયમાં ધ્યાન કરવા માટે ધારવી છે."**

તે સાંભળી મહારાજ બોલ્યા, "હે શંકર ! તમે અને હું આજ ઘણા દિવસે ભેળા થયા છીએ. એક વખત તમે મને વનમાં સાથવો આપ્યો હતો." એમ કહી મહારાજ હસ્યા. પછી એક કોપીનભર ઢોલિયા ઉપર ઊભા રહ્યા. અને શંકર, પાર્વતી, રામાનંદસ્વામી, આત્માનંદસ્વામી, મેનનાથજી તથા એભલ ખાચર વગેરેએ મહારાજની મૂર્તિ નખથી શિખા પર્યંત અંતરમાં ધારી લીધી. તે વખતે તે સર્વને મહારાજની મૂર્તિ અતિ તેજસ્વી, પ્રકાશમાન તથા મહા સુગંધથી ભરેલી હોય તેવા મહા દિવ્ય અલૌકિક દર્શન થયાં. એટલે તેઓ કાયમ મહારાજની એ મૂર્તિનું જ ધ્યાન કરતા હતા. આવું ચરિત્ર મહારાજે અક્ષરઓરડીમાં કર્યું હતું.

❋ મહારાજે એભલ ખાચરની મહાકાળથી રક્ષા કરી તે વૃત્તાંત :

એકવાર એભલ ખાચરને મહાકાળ પકડીને લઈ ગયો. ત્યારે મહાકાળના દુઃખથી એભલ ખાચર અતિશય ત્રાસી ગયા. તેમનું શરીર ધ્રૂજવા લાગ્યું. પછી તેમણે મહારાજને યાદ કર્યા. તે વખતે મહારાજે એભલ ખાચરની કાળના મુખ થકી રક્ષા કરી. ત્યારે તેમને મહારાજની ઈચ્છાથી સમાધિ થઈ. ને તેમાં સર્વોત્તમ અક્ષરધામમાં ગયા. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર મહા તેજોમય મહારાજની મૂર્તિના અદ્ભુત, અલૌકિક દર્શન થયાં. તે મૂર્તિ દિવ્ય અને સ્વતંત્ર હતી. અને અનેક તેજોમય

દિવ્ય, અક્ષરધામના મુક્ત તેની પૂજા કરતા હતા. આવાં દર્શન થવાથી જેમ ગરીબના હાથમાં ચિંતામણિ આવે ને રાજી થાય તેમ એભલ ખાચર બહુ રાજી થયા. અને તેમનું શરીર રોમાંચિત થઈ ગયું ને ખૂબ જ રાજી થયા. પછી દર્શનમાત્રથી અપાર સુખના આપનારા અને સર્વે અવતારોનું કારણ એવા મહારાજને ભક્તિભાવથી પગે લાગ્યા. તે જ સમયે મહારાજે તેમને સમાધિમાંથી જાગ્રત કર્યા.

એટલે તેઓ કહે જે, "હે મહારાજ ! તમે મને કાળના મોઢામાંથી છોડાવ્યો એ જ મૂર્તિ તમે સાક્ષાત્ પૂરણબ્રહ્મ પરમાત્મા છો." ત્યારે મહારાજ કહે જે, "અમે તમને શી રીતે છોડાવ્યા ? તે આ બધાને કહી બતાવો." ત્યારે એભલ ખાચર કહે જે, "આ અમારી ચાર દીકરીઓ મધ્યે જીવુબાઈ તથા લાડુબાઈ ને અમારી ધરમની દીકરી રાજબાઈ એ ત્રણે કુંવારીકાઓ છે ને તેમને કેવળ હથેવાળાનો સંબંધ છે. અને તમારા પ્રતાપથી એ ત્રણેએ તથા રાજુબાઈ વાણિયણ અને અમરબાઈ બ્રાહ્મણી, એ પાંચે જણ અગિયાર અગિયાર વરસની અવસ્થાએ માથા મુંડાવી સાંખ્યજોગી ડોશીઓ થઈ. તે વખત ગામમાં તથા દેશમાં મોટો ઉદ્‌ગોશ થયો. (કહેતાં કુસંગી લોકોએ મિથ્યા અપવાદ મૂકી ઉપાધિ કરી.)

તે સાંભળી મારું અંતઃકરણ ઘણું તપી ગયું. ને મેં એમ વિચાર કર્યો કે, 'આ બાલ અવસ્થાની અંદર સાંખ્યયોગના નિયમ શી રીતે પાળી શકશે ? ને રૂપિયા રૂપિયાભાર લોટ પીવા માંડ્યો છે તે નિયમ પણ કેટલા દિવસ ટકશે ? આથી તો મારા વેરી લોકોમાં ચોક્કસ મારી અપકીર્તિ થશે. માટે આ બધી દીકરીઓને મારી નાંખીને મારે પણ દેહનો નાશ કરવો.' આમ મનમાં વિચારી નક્કી કરી હું ચોરામાં બેઠો હતો. તે વખત મને ખાટલામાંથી ઊંધો નાંખી એક પુરુષ અધ્ધર લઈ ચાલ્યો. એ વખત મને એમ ભાસ્યું કે, હું સર્વ લૂગડાં પહેરીને હથિયાર સહિત છું. ને મને ક્રોધ ચડ્યો હતો.

તે વખત મેં એક કાળરૂપી મોટો સરપ ભાળ્યો. તે સરપનો એક હોઠ પાતાળમાં ને એક હોઠ આકાશમાં હતો. અને તેના મોઢાના ગલોફા ગુફાઓ જેવા હતા. આંખ્યો સળગતા દાવાનળ જેવી હતી, ફાડેલું મોઢું અતિ ભયંકર હતું. તથા પહાડોના શિખર જેવી મોટી દાઢો અતિ ભયાનક હતી. અને મોટા ડુંગરની ગુફામાં રહેલા અંધારા જેવો તેના મુખનો ભાગ હતો. તથા તે પોતાના ફાડેલા મુખથી આખા જગતને ગળી જવા માગતો હોય તેમ લાગતું હતું.

હે મહારાજ ! તે વખતે મને આ બ્રહ્માંડની સર્વ રચના જોવામાં આવી હતી. અને એ સરપ જીભના લવકારા કરી શ્વાસ-ઉશ્વાસ મૂકતો. અને તેના મોઢામાંથી અગ્નિની જાળાઓ નીકળતી હતી. એ જાળાઓ જ્યારે પાછો શ્વાસ ખેંચતો ત્યારે તે ભેગા નદીના પ્રવાહની પેઠે હજારો પ્રકારનાં જીવો, દેવતાઓ, દૈત્યો, મનુષ્યો તથા પશુ-પક્ષીઓ તેના મોઢામાં આવ્યાં હોય તેમ જોવામાં આવ્યું ને હું પણ તેના મોઢામાં ભરાણો. તે વખતે મેં મારી તરવાર ખેંચેલ હતી અને મને ઘણો ભય હતો. ને તે સરપના ડાચામાં પ્રવેશ થાવા વખતે આકાશવાણી થઈ કે, ‘તારી પુત્રી જીવુબા સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર છે. અને બીજી પુત્રી પણ સરસ્વતી તથા લાડુબા રાધાજી છે, તેને તમે દુઃખ દો છો તેથી તમે કાળના ફાંસામાં પડ્યા છો. માટે તમારી દીકરીયુંનું સ્મરણ કરો એટલે તમને પરમેશ્વર સ્વામિનારાયણ બચાવશે. એટલે મેં મારી દીકરીયુંનું સ્મરણ કર્યું; તેથી તમે મને ત્યાં બ્રહ્મચારીરૂપે જણાણા.

પછી તે વખતનું મહારાજની નખથી શિખા પર્યંત સર્વ મૂર્તિનું વર્ણન એભલ ખાચરે કરી દેખાડ્યું. ને પછી કહે જે, ‘તે મૂર્તિએ મને કાંડે ઝાલી કાળના મોઢામાંથી બચાવ્યો. ને તે વખતે આ જીવુબાઈને પણ ત્યાં મેં તેજસ્વી દેવીના રૂપમાં દેખ્યાં. એ રીતે હું જાગ્રત અવ-સ્થામાં બેશૂધ થયેલો હતો તેવું તે વખતે જણાણું. અને મહારાજ !

તમારી તે મૂર્તિ તેજોમય એવી મહા પ્રકાશવાન દેખાણી ને કાળ વિગેરે સર્વે સમાઈ(અદૃશ્ય થઈ) ગયું. એ રીતે તમે મને દર્શન આપેલાં હતાં. તે જ સાક્ષાત્ મૂર્તિ આ તમે છો. આ રીતે તમે મારી મહાકાળથી રક્ષા કરી હતી.' એમ કહી એભલ ખાચર બોલતા વિરામ પામ્યા. તે વખતે ત્યાં બેઠેલા સર્વેને મહારાજ અક્ષરધામને વિશે બેઠા છે એવું પ્રત્યક્ષ દેખવામાં આવ્યું. એવી રીતે એ અક્ષરઓરડીમાં એભલ ખાચરને મહારાજે ઐશ્વર્ય બતાવેલ છે.

❊ માંડવધારમાંથી ગોવાળિયા કાઠીઓને ભગાડ્યા અને એભલ ખાચરની તેમજ રાજ્યની રક્ષા કરી :

એક વખત મહારાજ અક્ષરઓરડીને વિશે બેઠા હતા. તે વખતે અભયરાજાએ એમ કહ્યું જે, "હે મહારાજ ! અમને (ભાવનગરના) રાજા બહુ પીડે છે. ને ગોવાળિયા જાતના કાઠીઓ અમારા નોકર હતા તે અમારા દુશ્મન થયા છે. માટે તે પાપી થકી મારી રક્ષા કરો." પછી મહારાજ એમ બોલ્યા જે, "હે અભયરાજા ! એ વાત અમે સારી રીતે જાણીએ છીએ. એક વખત અમે કરિયાણેથી ગઢડે આવતા હતા ત્યારે વાવડી ગામ તથા કીડી ગામ વચ્ચે મેરામ ગોવાળિયો તથા જેઠો ગોવાળિયો અમોને રસ્તામાં સામા મળ્યા હતા. ને અમે ગાડામાં બેઠેલા હતા. ને કાઠીઓના સ્વારો કરિયાણામાં છાશ પીવા રોકાણા હતા. અને અમારા ભેળા સાત જણા હતા. તેમાં એક (કુંડળના) અલૈયો ભક્ત કહર, ભગુજી, રતનજી, મિયાંજી, વેરોભાઈ, મોટા કરીમભાઈ અને મુકુંદ બ્રહ્મચારી એ રીતે તે સાથે હતા. તે વાવ ઓળંગી અમે ડુંગરની ગાળીમાં(ડુંગરો વચ્ચેના સાંકડા માર્ગમાં) આવ્યા.

તે વખતે કેટલાક સ્વારો સાથે એ બંને ગોવાળિયાઓ અમારી પાસે આવી ઊભા રહ્યા. ને મેરામ ગોવાળિયો તથા જેઠો ગોવાળિયો કહે જે, 'આ કેનું ગાડું છે ?' ત્યારે ગાડું ચલાવનાર પાર્ષદ કહે જે,

'આ સ્વામિનારાયણનું ગાડું છે.' ત્યારે તે ગોવાળિયા કાઠી બોલ્યા કે, 'સ્વામિનારાયણ મલકને ડોલી(ફરી કે ઠગી) ખાય છે અને અમારા દુશ્મન એભલ ખાચરનું હિત કરે છે. તેથી અમે બારવટે ફરીએ છીએ. માટે અમને ખર્ચી આપો.' ત્યારે અમે તે બંનેને કહ્યું જે, 'આંહીં તો જાટકાની ખર્ચી છે. તે લેવી હોય તો ઊભો રહે.' ત્યારે તે સામા થયા. પછી અમે ગાડી ઉપરથી ઠેકીને હેઠા ઊતરી ગયા ને તલવાર કાઢીને તેની વાંસે થયા. એટલે તે નાસી ગયા. પછી આઘે જાતાં એમ બોલ્યા કે, 'અમારી પાસે બંદૂક નથી નકર તમારી વાત હતી.'

પછી મહારાજ કહે અમે બોલ્યા જે, 'અમારી પાસે માણકી ઘોડી નથી નકર તને ખર્ચી ખૂબ આપત ને કાળના દુવારે(દ્વારે) પોંચાડત. એવી રીતે અમે તેને તગડ્યા. ને ત્યારે અમારે શરીરે કસર હતી, નહિ તો અમે તેને ઠાર કરત.' પછી એ ઘોડા સહિત નાસી ગયા." તે વાત સાંભળી અભયરાજા કહે જે, 'હે મહારાજ ! એ ગોવાળિયાઓએ માંડવધાર, લાખણકું અને ઝીંઝાવદર એ ત્રણે મારાં ગામ બઠાવી પાડ્યાં છે. ને તેમાંથી તે નીકળતા નથી.' એમ કહી દરબાર અતિ દીલગીર થઈ ગયા. તે વખત રાત્રી હતી. પછી અભયરાજા પોતાને સ્થાનકે ગયા.

પછી મહારાજે મુળજી બ્રહ્મચારીને અક્ષરઓરડીએ મૂક્યા અને ઉપર લખ્યા તે અલૈયાભક્ત વગેરે છ પાર્ષદો તથા સાતમા નાજા જોગિયાને સાથે લઈ ગાડામાં બેસી તે જ વખતે માંડવધાર ગયા. અને મહારાજના ભેગા જે સાત જણ હતા, તે રાત્રીએ ભાળતા નહીં. ને તે રાતઅંધા હતા. છતાં તેને પોતાના પ્રતાપથી સાથે લઈ માંડવધાર ગામમાં ગયા. અને ત્યાં ડોસો ગોવાળિયો તથા નાગ ગોવાળિયો રહેતા. તેના દરબારમાં દરવાજા પાસે માણસ ચોકીદાર સૂતા હતા. તેના ખાટલા ઠેબા વડે ઉડાડી નાખી, ગાડું હંકાવી ચોકમાં લઈ ગયા. ને ત્યાં જઈ સિંહગરજના

કરી હિંદુસ્તાની બોલીમાં હાકલ મારી. તે હાકલ ગઢડામાં જીવો ખાચર માળા ફેરવતા હતા તેણે તથા ઘણા ગઢડાના લોકોએ સાંભળી.

અને તે હાકલ સાંભળીને ઘણા લોકો ડર ખાઈ ગયા. અને ડોસો ગોવાળિયો તો નદીમાં ભાગી ગયો અને તેનું કાળજું ઊંધું થઈ ગયું ને પેટ છૂટી ગયું. અને નાગ ગોવાળિયો ઘોડીએ ચડી નાસી ગયો. તથા બીજા બધા ગોવાળિયાઓ પણ આમતેમ ભાગી ગયા. પછી તેના ઘરની બાઈઓ સ્તુતિ કરવા લાગી. તે વખતે મહારાજ કહે જે, "મેરામ ગોવાળિયો તથા જેઠો ગોવાળિયો અમારી પાસે ખર્ચી લેવા આવ્યા હતા. તે અમે આ તેમને ખર્ચી દેવા આવ્યા છીએ. ને ડોસો ગોવાળિયો તથા નાગ ગોવાળિયો આંહીંયાં રહ્યા હોત તો તેમનું માથું કાપી નાખવું હતું. માટે તમે આંહીંયાં આ અભયરાજાના ગામમાંથી ભાગી જજો, નહિ તો મારી નાખશું. ને લાખણકે ને ઝીંઝાવદર પણ કહી મોકલજો જે ત્યાંથી પણ ભાગી જાય. નહિ તો તેના પણ આ હાલ થશે." પછી તે સ્ત્રીઓએ પણ તે વાત કબૂલ કરી ને ગામમાં આયરો તથા કાઠીઓ હતા તેને બોલાવીને કહ્યું જે, "અત્યારે ને અત્યારે ભાગી જાઓ." ત્યારે તેણે પણ આ વાત કબૂલ કરી. અને પછી પોતે પોતાનો પ્રતાપ વાપરી સહુને ભગાડી દુર્ગપતનને વિશે પાછા આવ્યા. અને અક્ષરઓરડીને વિશે વિરાજમાન થયા.

ને તે વખતે અભયરાજા તથા ઉત્તમરાજા તથા જીવો ખાચર વિગેરે ત્યાં આવ્યા. તેની પાસે રાતના સર્વે વૃત્તાંતની વાત કરી. તે સાંભળી જીવા ખાચર કહે જે, "હે મહારાજ ! તે વખતે હું માળા ફેરવતો હતો. અને તમારી સિંહના જેવી ગરજ મેં સાંભળી હતી." તેમ બોલ્યા. પછી તે વખતે ત્યાં ગઢડામાં કારિયાણીના કણબી હરિભગત દર્શન કરવા ત્યાં આવ્યા હતા. તેને અભયરાજાના ગામ માંડવધારમાં રાખી નિવાસ કરાવ્યો. ને એ ડોસો ગોવાળિયો બીજે દિવસે મૃત્યુ પામ્યો. ને બીજા

ગોવાળિયા ગામોમાંથી તરત જ નાસી ગયા. આ રીતે મહારાજ પોતાનો પ્રતાપ વાપરીને અભયરાજાના રાજ્યનો સુધારો કરતા હવા. એવી રીતે અક્ષરઓરડીને વિશે એક મનુષ્યચરીત્ર કર્યું ને પોતાનો અત્યંત પ્રતાપ વાપર્યો હતો. ને પોતે ત્યાં કેટલાક કાળાંતર સુધી નિવાસ કરી રહ્યા હતા.

❋ અક્ષરધામમાં બીજા ધામના ધણી તથા અવતારોનું આગમન :

એક સમયને વિશે અક્ષરઓરડીની મધ્યે મહારાજ પ્રસન્ન થકા વિરાજમાન થયા હતા. તે વખતે મહારાજ પાસે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, આત્માનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, આનંદાનંદસ્વામી આદિ સાધુ બેઠા હતા. ને મુકુંદ બ્રહ્મચારી આદિ ચાર-પાંચ બ્રહ્મચારી હતા. શ્રીપાત્ દેવાનંદસ્વામી, શ્રીપાત્ પદ્મનાભાનંદસ્વામી, શ્રીપાત્ શિવાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, સત્યાનંદસ્વામી એ આદિ સંન્યાસી બેઠા હતા. ને ભગુજી, અલૈયો ભગત કહર, રતનજી, મિયાંજી આદિ પાળા બેઠા હતા. ને સોમલા ખાચર, સુરા ખાચર, નાજો ભગત, માંચો ભગત, વસ્તા ખાચર, સાળંગપુરવાળા જીવા ખાચર, રાઠોડ ધાધલ, ઘેલા ધાધલ, નાગ માલો, લાધા ઠક્કર, હરજી ઠક્કર, કુરજી ઠક્કર, ઝીણોભાઈ તથા નારણજીભાઈ વિગેરે બહારના હરિજનો તથા અભયરાજા, ઉત્તમરાજા વગેરે હરિભક્તો તથા જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ, અમરબાઈ બ્રાહ્મણી ને રાજુબાઈ વાણિયણ વિગેરે સાંખ્યજોગી ડોશીયો તથા સુરબાઈ, સુમાબાઈ, પાંચુબાઈ, નાનબાઈ વિગેરે બાઈઓની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયને વિશે મહારાજે પીળું પીતાંબર ધારણ કર્યું હતું. ને ગુલાબી રંગનો રેંટો માથે બાંધ્યો હતો અને એક રેશમી રાતા રંગનો રેંટો ઓઢ્યો હતો ને ભાલમાં કેસરની આડ કરેલી હતી અને કંઠને વિશે

મોગરાના પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિશે ગુલાબી ગુલાબના તોરા લટકતા હતા ને ગજરા તથા બાજુબંધ હસ્તને વિશે ધારણ કર્યા હતા. અને મહારાજ જમણા હાથવતે ફૂલનો ગોટો ઉછાળતા હતા.

તે સમયને વિશે એકદમ તેજનો બિંબ અક્ષરઓરડીમાં ભરાઈ ગયો. ને તે તેજ શીતળ, સુગંધીમાન અને પ્રકાશમાન જોવામાં આવ્યું હતું. તે વિસ્મય જોઈને સર્વે ચકિત થઈ ગયા હતા. તે સમયે અભયરાજા બોલ્યા જે, "હે મહારાજ ! આ પ્રકાશે યુક્ત તેજ છે, એ અમને બધાયને જોવામાં આવે છે; તે શું છે ? તે કૃપા કરીને કહો." પછી મહારાજ હસીને બોલ્યા જે, "હે અભયરાજા ! એ તેજ નથી. એ અક્ષરના મુક્ત છે. ને તે અમારા તથા આ સભાનાં દર્શન કરવા આવેલા છે."

એમ કહી બોલ્યા જે, **"સર્વે અવતારોનું કારણ અને સર્વ અવતારોથી પર હું છું ને તમે બધા મારે શરણે આવ્યા છો.** માટે આ સમયમાં જેવા આ સત્સંગમાં તમારાં ભાગ્ય છે, તેવા બીજા કોઈનાં ભાગ્ય નથી. અને આ તમે ઓરડી સમજશો નહીં. આ ઓરડી અક્ષર છે. કેમ જે, જ્યાં ભગવાન નિવાસ કરીને રહે ત્યાં જ અક્ષરધામ છે. અને આ સભામાં બેઠેલા કોઈ બદ્ધ જીવ નથી, આ સર્વે તો મુક્ત છે. અને આ પૃથ્વીને વિશે આ સભા આ સમયને વિશે જ આવેલી છે. એમ તમે નિશ્ચય જાણજો. કેમ જે, એક સમયને વિશે અક્ષરધામને વિશે અમે વિરાજમાન હતા. તે સમયને વિશે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મે સહિત મુક્તોની સભા ભરાઈને બેઠી હતી.

तेसमयनेवीषेगौलोकपतीराधारमण त्यावैकुंठपतीलक्ष्मीनारा
यण त्यास्फरजनामंडलनेवीषेतेजोमयरावाजेहीरणगरभभगवानत्याश्वेतदीप
पतीवासुदेवस्वामी त्याबद्रीकाश्रमनेवीषेनरनारायणभगवानतेपणतेसमयने

वीषेआवाहता नेप्रथवीनेवीषेथयेलाजेभगवाननाअवतार केरुखभदेवजीत्था देवींद्रवामनजीत्थारामचंद्रजीत्थाश्रीक्रस्नभगवानएमोटाचारअवतारतेपणते सभानेवीषेआवेलाहता

તે સમયને વિશે ગૌલોકપતિ રાધારમણ તથા વૈકુંઠપતિ લક્ષ્મીનારાયણ તથા સૂરજના મંડળને વિશે તેજોમય એવા જે હિરણ્યગર્ભ ભગવાન તથા શ્વેતદ્વીપપતિ વાસુદેવસ્વામી તથા બદરિકાશ્રમને વિશે (રહેતા) નરનારાયણ ભગવાન તે પણ તે સમયને વિશે (ત્યાં અક્ષરધામમાં) આવ્યા હતા. ને પૃથ્વીને વિશે થયેલા જે ભગવાનના અવતાર (જેવા) કે, ઋષભદેવજી તથા દેવીંદ્ર વામનજી તથા રામચંદ્રજી તથા શ્રીકૃષ્ણ ભગવાન એ મોટા ચાર અવતાર; તે પણ (અક્ષરધામમાં) તે સભાને વિશે આવેલા હતા.

અને કાળ, કર્મ ને માયાદિક મૂર્તિમાન ભગવાનની શક્તિઓ તે પણ ત્યાં હાથ જોડીને ઊભિયું હતિયું. તે સમયે એ સર્વેની સામું અમે જોયું એટલે તે સર્વે હાથ જોડીને ઊભાં રહ્યાં.

❋ મહારાજે કહેલું નિજસ્વરૂપનું જ્ઞાન તથા અક્ષરધામની દુર્લભતા કહી :


પછી તે સમયે એ સર્વેને અમે કહ્યું કે, "તમારા મનને વિશે અભિમાનરૂપી વિકાર રહેલો છે, તે શો છે ? તો આ જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એનામાં એમ અભિમાન રહ્યું છે કે, જેમ ભગવાન અનાદિ છે ને સર્વકર્તા છે, તેમ અમે પણ અનાદિ છીએ અને ભગવાનને ભજવાથી ભગવાનના સાધર્મ્યપણાને પામીને સ્વતંત્ર થયા છીએ. તેથી જેમ ભગવાન સ્વતઃ ઈશ્વર છે, તેમ અમે બધા પણ ઈશ્વર છીએ અને સ્વતંત્ર છીએ, પણ ખરેખર તો તેમ નથી.

સર્વનો કર્તાહર્તા હું છું અને જો હું તમારી શક્તિ ખેંચી લઉં તો તમે સર્વે સ્તબ્ધ થઈ જાવ. ને જે પાંચ ભેદ અનાદિ કાળના છે, તે તો એમ છે જે, સર્વનો અંતર્યામી, ને સર્વનો નિવાસરૂપ એવો હું તે મારા

જેવો તમારો ચારનો આકાર છે. તેથી પાંચ ભેદ જે અનાદિ કાળના છે એમ કહે છે. અને તેનું એ જ કારણ છે. તેથી આ પૃથ્વીને વિશે **જે જીવ છે તે મારી ભક્તિએ કરીને ઐશ્વર્યને પામે છે, એટલે એમ અભિમાન આવે છે કે, હવે મારું કર્મ બળી ગયું એટલે હું ઈશ્વર થયો.** ને તે ઈશ્વર ઐશ્વર્યને પામ્યા પછી એમ સમજે છે કે, 'હું સ્વતંત્ર થયો.' એટલે એને એ અભિમાન આવ્યું.

અને જે માયા છે તેને એમ અભિમાન છે કે, જીવ અને ઈશ્વર પણ મારે વિશે સ્તબ્ધ-વશ છે ને મારી આગળ હારેલા છે. એ અભિમાન એને આવે છે. ને તે માયાને તરીને જે ઈશ્વરો મુક્તની જેમ બ્રહ્મરૂપ થાય છે ને સ્વતંત્ર થકા સાધર્મ્યપણાને પામે છે, તેથી તેને સ્વતંત્રપણાનું અભિમાન આવે છે. એવી તરેહથી જે જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મરૂપ મુક્તો જે બ્રહ્માંડને વિશે પૃથ્વી ઉપર જાય છે, તેને એ અભિમાન નડે છે.

માટે તે ઉપરોક્ત અભિમાન રહિત એવો હું સ્વતંત્ર થકો આ બ્રહ્માંડને વિશે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીશ અને જીવોને મારા સ્વરૂપનું જ્ઞાન કરાવી એ ચારે જણાના અભિમાનનો નાશ કરીશ. એમ એ ચારેને કહ્યું.


पछेआब्रह्मांडनेवीषेजेचारधामछेत्यापृथवीनेवीषेबद्रीकाश्रमादीक
स्थानकछे तेनाअधीष्टताजेदेवछेतेपणपोतानास्वरुपनुंपोतानाआश्रीत
नेज्ञानबतावेछे· पणमारास्वरुपनुंज्ञानबतावतानथी तेथीतेअक्षरधामनी
प्राप्तीतेस्थाननेविषेरेनाराजेमुक्तोतेनेथातीनथी

પછે આ બ્રહ્માંડને વિશે જે (વૈકુંઠાદિ) ચાર ધામ છે તથા પૃથ્વીને વિશે બદરિકાશ્રમાદિક સ્થાનક છે. તેના અધિષ્ઠાતા જે દેવ છે તે પણ પોતાના સ્વરૂપનું પોતાના આશ્રિતને જ્ઞાન બતાવે છે, પણ મારા સ્વરૂપનું જ્ઞાન બતાવતા નથી. તેથી તે અક્ષરધામની પ્રાપ્તિ તે સ્થાનને વિષે રહેનારા જે મુક્તો તેને થાતી નથી.

તેમજ **ઋષભદેવ ભગવાન** પૃથ્વીને વિશે પ્રગટ થયા ને ધર્મ તથા વૈરાગ્ય એ બેયનું ઘણું પ્રતિપાદન કર્યું, પણ મારા સ્વરૂપનું જ્ઞાન તેણે પોતાના આશ્રિતોને બતાવ્યું નહીં. માટે તેના મતના આશ્રિત જીવ એમ સમજ્યા કે, કર્મ બળી જાય તે કેવળિક થાય. તેથી તેમાં નાસ્તિકપણું પ્રધાન રહ્યું.

તેમજ **દેવેન્દ્ર વામનજી**એ દેવતા અને દૈત્યનો વિરોધ અળસાવ્યો. ને દેવોને તથા દૈત્યોને પોતાના સ્વરૂપનું જ્ઞાન બતાવ્યું પણ મારા સ્વરૂપનું જ્ઞાન ન બતાવ્યું.

તેમજ **રામચંદ્રજી**એ રાક્ષસોનો નાશ કર્યો. ને જે રામ કહે તેનો મોક્ષ થાય, ને વાંદરાઓનો મોક્ષ કર્યો. ઋષિનું સંકટ અળસાવ્યું ને સમુદ્રમાં પાળ બાંધી તથા રાવણાદિકનો નાશ કર્યો, પણ ભક્તિ-ધર્મરૂપ પાળ બાંધી અક્ષરધામને વિશે અનેક જીવ પામે એવું અમારા સ્વરૂપનું જ્ઞાન ન કરાવ્યું.

તેમજ **કૃષ્ણ અવતાર**માં ગોપીઓ સાથે વિહાર કરી ગોપીઓનો મોક્ષ કર્યો. ને કૌરવોનું કુળ તથા જાદવકુળ તથા અસુરરૂપી રાજાઓ તેનો નાશ કર્યો ને પૃથ્વીનો ભાર ઉતાર્યો એટલું તેણે કર્યું; પણ કામ, ક્રોધ, મોહાદિક જે વિકારો તેનો નાશ ન થયો અને મારા સ્વરૂપનું જ્ઞાન પણ તેનાથી જીવોને ન થયું. ને તે સિવાય બીજા પણ ભગવાનના ઘણાક અવતારો થયા છે, પણ તે કોઈ ભગવાનનાં સ્વરૂપોએ મારા સ્વરૂપનું પરિપક્વ જ્ઞાન કરાવી અનેક જીવનો મોક્ષ ન કર્યો.

તેમજ ગોલોકને વિશે જે મુક્તો છે અને ત્યાં **રાધાના અધિષ્ઠાતા જે ભગવાન છે** તે ગોપ તથા ગોપીઓ સહિત રાસમંડળ આદિક અનેક ક્રીડા કરી ત્યાંના મુક્તોને સુખ આપે છે, પણ મારા સ્વરૂપનું જ્ઞાન બરાબર કરાવ્યું નહિ. તેથી ત્યાંના મુક્તોને અક્ષરધામની પ્રાપ્તિ હજી સુધી થઈ નથી.

તેમજ વૈકુંઠધામને વિશે **લક્ષ્મીનારાયણ ભગવાન** છે, તે પોતાના લક્ષ્મી આદિક ભક્તને તથા નંદ-સુનંદાદિક પાર્ષદ તથા ત્યાંના મુક્તોને પોતાના સ્વરૂપનો સુખેથી આનંદ ઉપજાવે છે, પણ તેણે અક્ષરધામને વિશે રહ્યા એવા જે અમે તે અમારા સ્વરૂપનું જ્ઞાન બતાવ્યું નથી.

તેમજ સૂરજનારાયણના મંડળને વિશે **હિરણ્યગર્ભ ભગવાન** છે, તેણે પોતાના આશ્રિત સૂરજ લોકના જે દેવતાઓ તથા અઠ્યાસી હજાર ઋષિ તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું, પણ અમારા સ્વરૂપનું જ્ઞાન તે મુક્તોને ન આપ્યું અને અક્ષરધામની પ્રાપ્તિ ન કરાવી.

તેમજ **શ્વેતદ્વીપપતિ વાસુદેવસ્વામી** છે, તેણે ત્યાંના નિરન્ન મુક્તને દર્શન આપી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું, પણ અક્ષરધામને વિશે રહ્યા જે અમે તે અમારા સ્વરૂપનું જ્ઞાન ન બતાવ્યું. ને પોતે તપશ્ચર્યા કરી તેનું ફળ ભરતખંડના જીવને આપ્યું; પણ અક્ષરધામને વિશે રહ્યા જે અમે તે અમારા સ્વરૂપનું જ્ઞાન ન બતાવ્યું.

તેમજ **કાળ** છે તેણે સર્વ બ્રહ્માંડની રચના ને સર્વના અભિપ્રાયોનો નાશ કર્યો અને પોતાનું શંકર સ્વરૂપ છે તેનું જ્ઞાન સહુને બતાવ્યું, પણ જેના પ્રતાપથી તે મોટપને પામ્યા એવા જે અમે, તે અમને મૂકી દીધા ને અમારા સ્વરૂપનું જ્ઞાન તથા અમારા સ્વરૂપની નિષ્ઠા તેને તેણે ન બતાવી.

અને જે **કર્મ** છે તે તો શુભ ક્રિયા કરે તો સારા કર્મની પ્રાપ્તિ થાય અને અશુભ ક્રિયા કરે તો નરસા કર્મની પ્રાપ્તિ થાય. માટે કર્મ છે તે મૂર્તિમાન નથી. અને જે કર્મ છે તે તો **ક્રિયા** છે અને તેનું જે ફળ છે તે મૂર્તિમાન છે. અને જે કર્મે કરીને તેનું એવું શુભ ફળ ઊપજે કે અક્ષરધામને વિશે અમારા સ્વરૂપનું જ જ્ઞાન અને પ્રાપ્તિ થાય. એવા જ્ઞાનરૂપ કર્મની પ્રાપ્તિ ન કરાવી. આમ તે કોઈથી અમારા સ્વરૂપનું જ્ઞાન થાય તે માંયલું કાંઈ ન થયું.


તેથી અમે એમ વિચાર કર્યો કે, આ સર્વેનું અભિમાન ટાળવાને અર્થે અમારે પંડે અવતાર ધરવો. ને તે સર્વેનું સર્વ અભિમાન મુકાવી, અનેક જીવનો મોક્ષ કરી, અમારા સ્વરૂપના જ્ઞાનની પ્રાપ્તિ પમાડવી. તેથી અમે પ્રથમ કહી એવી જે, **જીવકોટી**ના અનેક જીવો તેને એવું અભિમાન હતું જે, અમે અનેક સાધન કરી ઈશ્વર પદવીને પામશું. તે તેનું અભિમાન ટાળવા અમે એવું કર્યું કે, જે સ્વામિનારાયણ એવું નામ લે ને અમારું દર્શન કરે તે અક્ષરધામને પામે. એવું અમે આ સમયને વિશે કર્યું છે. તે તમે જુઓ છો.

અને જે **ઈશ્વર** છે તે ઈશ્વરનું જીવ ઘણા કાળાંતર સ્મરણ કરે ત્યારે તેના નાશવંત એવા જે મનના મનોરથ તે પૂર્ણ કરે. તેથી આ સમયને વિશે તેના અભિમાનનો નાશ કરવા અમે સ્વામિનારાયણ એવું નામ લઈને અમારાં દર્શન કરે તો તેવા ઐશ્વર્યને પામી જીવો તત્કાળ અક્ષરધામને વિશે અમારા સમીપે રહે. એવી તરેહની પદવીને પામે. તે તમે સર્વે નજરે જુવો છો. માટે ઈશ્વરકોટીનું અભિમાન અમે એમ ટાળ્યું.

અને જે **માયા** છે તે જીવને ને ઈશ્વરને વિકારની પમાડનારી છે. ને મુખ્ય સ્ત્રી ને ધન તેના રૂપે જીવને તથા ઈશ્વરને બંધનને કરવાવાળી છે. તો એનું અભિમાન અમે એમ ઉતાર્યું કે, તમે સર્વે સ્ત્રી તથા ધનનો ત્યાગ કર્યો છે ને ક્રોધ ને માન તેનો ત્યાગ કર્યો છે. તેથી માયાનું જે અભિમાન હતું તે ગળી ગયું. ને માયા સ્ત્રી છે તેથી તે માયાના બળથી સ્ત્રી જાતીએ પુરુષનો ત્યાગ કોઈ કાલાંતરે કરેલ નહીં. અને આ સમયને વિશે હજારો સ્ત્રીઓએ પુરુષનો ત્યાગ કરી મહા યોગસાધના કરી. અને આ અનેક સ્ત્રીઓ સાંખ્યજોગી થઈ છે. તેથી એ માયાનો ગર્વ ગળી ગયો ને તેના અભિમાનનો નાશ થયો.

અને જે **બ્રહ્મકોટી**ના જીવ છે તેને જે અભિમાન હતું જે, અમે અનેક સાધને કરી સ્વતંત્ર થયા છીએ. તેનું અભિમાન એમ ટાળ્યું કે,

સ્વામિનારાયણ એવું નામ લે ને અમારું દર્શન કરે તો સામાન્ય જીવ પણ બ્રહ્મકોટીના મુક્તની પ્રાપ્તિને પામે. તેથી એ બ્રહ્મકોટીના મુક્તનું અભિમાન ગળી ગયું. તે વાત તમે આ સર્વે સભા જાણો છો ને નજરે જુવો છો. એવી રીતે અમે જીવકોટી, ઈશ્વરકોટી અને માયાના બંધનથી મુકાવી જેવા તેવા અનેક જીવનો બ્રહ્મકોટીનો મોક્ષ કર્યો.


तेमजचारधामनाअधीष्टातादेवत्यात्यांनारहेनारामुक्तोसहीतआ
हींअमाराभेलाअवतारलइअमारास्वरुपनाज्ञाननेअरथेआसमयनेवीषे
अमारासंकल्पथीरुषभदेवादीकचारअवतारत्थाकेटलाकभगवाननाअंश
अवतारप्रगटथयेलछे नेकालपणसुभवरतेछेनेक्रियापणसुभछे तेथीसुभ
फलनीप्राप्तीथायछे माटेआसमयनेवीषेसरवेनुंअभीमानमुकावीप्रतक्षपु
रुषोतमएवोजेहुंतेप्रगटथयोछउं

તેમજ (વૈકુંઠાદિક) ચાર ધામના અધિષ્ઠાતા દેવ તથા ત્યાંના રહેનારા મુક્તો સહિત આંહીં અમારા ભેળા અવતાર લઈ અમારા સ્વરૂપના જ્ઞાનને અરથે આ સમયને વિશે અમારા સંકલ્પથી ઋષભદેવાદિક ચાર અવતાર તથા કેટલાક ભગવાનના અંશ અવતાર પ્રગટ થયેલ છે. ને (આજ) કાળ પણ શુભ વરતે છે, ને ક્રિયા પણ શુભ છે તેથી શુભ ફળની પ્રાપ્તિ થાય છે. માટે આ સમયને વિશે સર્વેનું અભિમાન મુકાવી પ્રત્યક્ષ પુરુષોત્તમ એવો જે હું તે પ્રગટ થયો છું.

ને આ તમે સર્વે કેટલાક શુભ વાસનાવાળા બળિયા જીવ છો તથા કેટલાક ઈશ્વર તથા બ્રહ્મકોટીના મુક્તો છો અને આ સાંખ્યજોગી ડોશીયો તથા કર્મયોગી સ્ત્રીયો પણ માયાના બંધનથી છૂટી મુક્તદશાને પામિયો છે. ને તે સર્વના રક્ષણને માટે અમારા પ્રતાપે કાળનું બળ ચાલતું-બાલતું નથી ને શુભ કાળ વરતે છે. માટે આ સમયને વિશે તમારું એવું મોટું ભાગ્ય છે. ને જ્યાં હું રહું ત્યાં અક્ષરધામ સમજવું. અને આ સમયને વિશે આ ઓરડી છે તે અક્ષર છે." એટલી વાત કરી મહારાજ મુન્ય રહ્યા.

આવી મહારાજના મુખની વાત સાંભળીને એભલ ખાચર તથા સર્વે સંતો-ભક્તો ખૂબ રાજી થયા અને મહારાજને ભાવથી પગે લાગ્યા.

❋ મહિમા સાંભળીને જીવુબાને સમાધિ તથા અક્ષરધામનું વર્ણન :

તે સમયને વિશે આવો મહિમા સાંભળીને વિસ્મય પામેલા જીવુબાઈને સમાધિ થઈ. અને તેમાં અક્ષરધામનાં દર્શન થયાં. તે અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજ બેઠા હતા. અને મહાતેજની મધ્યે મનોહર મૂર્તિ મહારાજ શોભતા હતા. અમાપ, દિવ્ય ઐશ્વર્યવાળા, સર્વજ્ઞ, સર્વના સાક્ષી, સુખનો મહાસાગર અને અનેક લોકોના અધિપતિઓના નિયામક તથા અનંત કલ્યાણકારી ગુણોથી યુક્ત એવા મહારાજનાં દર્શન થવાથી જીવુબાને હૃદયમાં ખૂબ જ આનંદ થયો. પછી પોતાના સ્વરૂપના સુખમાં ડૂબેલા એવા જીવુબા તરફ અમીદૃષ્ટિ કરી મહારાજે તેમને સમાધિમાંથી ઉઠાડ્યાં.

પછી મહારાજે જીવુબાને પૂછ્યું કે, "તમે સમાધિમાં શું ભાળ્યું ? તે સહુને કહો." ત્યારે જીવુબા કહે જે, "હે મહારાજ ! હું અક્ષરધામને વિશે ગઈ હતી. તે અક્ષરધામ કેવું છે ? તો આઠે દિશા તથા ઉપર-હેઠ ચારેકોરે સરખું છે અને અનંત કોટી સૂર્યના જેવો તેનો પ્રકાશ છે અને અનંત કોટી ચંદ્રના જેવું શીતળ છે, ને તેમાં મંદ, સુગંધ ને શીતળ એવો વાયુ નિરંતર વાય છે અને તેમાં અનંત કોટી ગણતી વિનાના મણિમય કોઠા છે, અને અનેક મણિમય કિલ્લાઓ છે, ને અનેક કોટી દરવાજાઓ છે, અને અનેક ભુવન છે, અને અનેક નદીઓ, તળાવો તથા વાવ્યો છે. અને તેના મધ્યને વિશે મુક્તોને રહેવાનું એક સભાનું સ્થાનક છે.

અને તે સ્થાનક ઉપર એક તેજસ્વી ને મેઘના જેવા વાનવાળું અને સુંદર સુંગધીમાન અને જેમાંથી ચંદનનો ઝીણો ઝીણો વરસાદ થાય

એવું એક છત્ર છે. અને તે છત્ર મહા પ્રકાશે યુક્ત ને તેજોમય છે. એ છત્ર તથા સભાના મધ્યે એક મોટું સુગંધીમાન સુવર્ણનું અને રત્ન તથા મણિઓથી જડીત એક સિંહાસન છે. ને તેને સોળ દરવાજા છે. અને તેને મધ્યે એકસો ને આઠ મોટા સ્થંભ છે. અને તે સ્થંભને વિશે હેઠે પારસમણિઓની કુંભીઓ છે. અને તેને માથે જે મંડપ છે તે મણિમય છે અને રત્નોથી યુક્ત છે.

અને તેના મધ્યે એક નાનું સિંહાસન છે. તે રત્નના સોળ સ્થંભે જુક્ત છે. ને તે સ્થંભને માથે રત્નના સોળ મોર છે. અને તે સોળ સ્થંભની પાસે સોળ પાર્ષદ ઊભા છે. અને લક્ષ્મી આદિક અનેક પટરાણીઓ તથા અનેક મુક્તની સભા તે સિંહાસનને ફરતી ચારેકોરે ભરાઈને બેઠી છે. અને તે સિંહાસનની ઉપર જે ઘુમટી છે તે રત્નની છે. ને તેના મધ્યે રત્નનું એક દિવ્ય છત્ર છે. અને તે સિંહાસનના મધ્યે દિવ્ય રેશમની ગાદી અને તકિયો છે, તે ઉપર તમે વિરાજમાન છો.

અને તમે મણિમય મુગટને ધારણ કર્યો છે ને મકરાકૃત કુંડળ ધારણ કર્યા છે. અને કિશોર મૂર્તિ છે ને પીળું પીતાંબર પહેર્યું છે ને કેડને વિશે મણિમય કંદોરો પેર્યો છે. ને સુંદર એવો વાઘો ધારણ કરેલો છે. ને કૌસ્તુભ મણિનો હાર પેરેલો છે. ને જરીનો દુપટ્ટો પાસે-ખંભે ધારણ કરેલો છે. અને મહાકિશોર તથા ઘનશ્યામ તેજસ્વી મૂર્તિ છે. ને કંઠમાં કમળની માળાને ધારણ કરી છે. ને આઠ આયુધ મૂર્તિમાન ત્યાં ઊભેલા છે. ને તે સભામાં હું વિગેરે આ સર્વ બાઈઓ તથા સર્વે પરમહંસો, બ્રહ્મચારી, સંન્યાસી, આચાર્ય અને પાળા અને હરિભક્ત એ સર્વે બેઠાં છે. ને બીજા પણ અનેક મુક્ત ત્યાં બેઠા છે. ને અક્ષરની મૂર્તિ હાથ જોડી આગળ ઊભેલી છે. ને ઘડીકમાં એમ પણ જોવામાં આવે છે કે, મારો ભાઈ આ ઉત્તમરાજા છે તે પણ ત્યાં હાથ જોડી

સન્મુખ ઊભેલા છે. એવી રીતે મેં સમાધિમાં ભાળ્યું અને અનેક મુક્તોને દેખ્યા. એવી રીતે મારા જોવામાં આવ્યું.

અને લાડુબાઈ ને રાજબાઈ પણ હાથ જોડીને ત્યાં સભામાં ઊભા છે ને મુકુંદ બ્રહ્મચારી ને મુક્તાનંદસ્વામી તે પણ જોવામાં આવ્યા છે. એવી રીતે મેં સમાધિમાં દેખ્યું. અને સમાધિમાંથી નીકળ્યા પછી હવે એમ દેખાય છે કે, આ ગઢપુર છે તે દિવ્ય તેજોમય અક્ષરધામ છે ને હું ત્યાં બેઠી છું; એવું મારા જોવામાં આવે છે. ને જે વખતે હું સમાધિમાં ગઈ હતી, તે વખતે મને આ લોકની કશી ભાન રહી નહોતી. અને ત્યાં ભગવાનના અનેક અવતારો હતા તે પણ મહારાજની સ્તુતિ કરતા મેં દેખ્યા. અને તે સહુ અવતારોને મહારાજનાં ચરણારવિંદમાં લીન થાતા પણ મેં દેખ્યા." એવી રીતે જીવુબાઈએ વાત કહી. તે સાંભળીને સર્વે સભાજનો મહા વિસ્મય પામ્યા.

એવા સમામાં અભયરાજાને પ્રત્યક્ષ હજારો મુક્ત જોવામાં આવ્યા. અને પંડે સર્વ સભા સાંભળતા મહારાજને કહે જે, "હે મહારાજ ! હું આ બ્રહ્માંડને નજરે ભાળું છું. ને અનેક મુક્ત આ બ્રહ્માંડને વિશે ઊભેલા દેખું છું." એમ કહી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી મહારાજનાં ચરણારવિંદમાં પડ્યા, ને એમ બોલ્યા કે, "હે મહારાજ ! હવે મને એ અક્ષરધામની પ્રાપ્તિને પમાડો." એમ કહ્યું. પછી મહારાજ પ્રસન્ન થકા એમ બોલ્યા જે, "તમે આ છતે દેહે જ તે ધામને વિશે બેઠા છો." એમ કહ્યું. એવી રીતે મહારાજે તે ઐશ્વર્ય અક્ષરઓરડીને વિશે દેખાડ્યું. ॥૧॥

અક્ષરઓરડીથી પાંચ હાથ ઉપર ગંગાજળિયો કૂવો છે તેનું

ચરિત્ર નં.૨

મહારાજે કૂવો ગળાવ્યો અને લાડુબા આદિકનાં ભાગ્ય વખાણ્યાં

એક વખત મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢમાં અક્ષરઓરડીમાં બેઠા હતા. તે વખતે ભગુજી, અલૈયો ભગત કહર, રતનજી ને મિયાંજી વિગેરે પાર્ષદો પાસે બેઠા હતા. તેને મહારાજ કહે જે, "આ અક્ષરઓરડીની પાસે આંહીં આપણે એક કૂવો જોઈએ. તે કૂવો કેવો કરવો ? તો જેવું બ્રહ્માનું કમંડલ હોય તેવો કરવો."

પછી તે આજ્ઞા પાર્ષદોએ માથે ચડાવી અને ઘણાક પાળાઓ તથા પરમહંસોએ તત્કાળ કૂવો ખોદવા માંડ્યો. એટલે કઠણ પથ્થર આવ્યો, તે તોડ્યો તૂટે નહીં. પછી મહારાજે બહાર કૂવાને કાંઠે ઊભા રહી એક પથ્થરનો કૂવામાં ઘા કરીને કહ્યું કે, "અહીંયાં સાંગડી(લોખંડની લાંબી કોશ) મારો." પછી તે વખત તે જગ્યાએ સાંગડી મારી. તે એક જ સાંગડીનો ઘા કરતા માંહીથી એક ઊભનળો(ઊભી પાણીની શેર) બાણગંગાની જેમ ગંગાનો પ્રવાહ નીકળ્યો અને કૂવો પાણીથી ભરાઈ ગયો. તે જોઈ મહારાજ ઘણું પ્રસન્ન થયા. ને તે કૂવાનું પાણી બહાર કઢાવી પંડે નાહ્યા ને પોતે પાણી પી કૂવામાં પાછું રેડ્યું.

અને તે વખત બ્રાહ્મણોને બોલાવી અભયરાજા તથા ઉત્તમરાજાએ એ પાણીથી મહારાજને અભિષેક કરાવ્યો. પછી મહારાજને એક સુંદર રેશમી ધોતિયું પહેરાવ્યું અને એક કીનખાપની ડગલી પહેરાવી અને એક રાતો રેંટો માથે બંધાવ્યો અને એક રેંટો ઓઢાડ્યો. પછી મહારાજ આગળ નાના પ્રકારના પકવાનનું નૈવેદ્ય ધર્યું. અને લાડુબાઈએ પોતાની

તાજણ ઘોડી હતી તે મહારાજને ભેટ આપી ને આરતી કરી. પછી તે જગ્યાએ સાધુ, પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, ગૃહસ્થ, સાંખ્યજોગી ડોશીયો એ સર્વેને જમાડ્યાં. અને મહારાજને અભિષેક કરેલું પાણી તેનું ચરણામૃત સર્વેએ લીધું ને મહારાજની સર્વેએ સ્તુતિ કરી નમસ્કાર કર્યા.

તે વખત લાડુબાઈ એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ ગંગા નીકળી તે તમારા પ્રતાપથી નીકળી. આ જગ્યાએ ઘણી વખત કૂવા ગળાવ્યા પણ કોઈ દિવસ પાણી નીકળ્યું ન હતું. તમારા પ્રતાપથી આ ગંગા નીકળી છે." એમ કહી કહે જે, "હે મહારાજ ! વૃંદાવનને વિશે ગોપીઓ ને ગોવાળિયાનાં મોટાં ભાગ્ય અને રાધા-લક્ષ્મીનાં પણ મોટાં ભાગ્ય જે તમારી તેમને સેવા મળી."

તે સાંભળી મહારાજ હસ્યા અને કહે જે, "આ વખતે જેવાં તમારાં મોટાં ભાગ્ય છે તેવાં તે કોઈનાં નથી. કેમ જે, હું પૂરણબ્રહ્મ પરમાત્મા તમારે ઘેર નિવાસ કરી રહ્યો તેથી તો ગોપ, ગોપી, રાધા અને લક્ષ્મી તથા અનંત મુક્ત તે તમારા દાસ છે." એમ કહી દશમ સ્કંધનું આખ્યાન કહી બતાવ્યું કે, વસુદેવજીએ નારદાદિ ઋષિને પૂછ્યું હતું કે, 'અમારો મોક્ષ કેમ થશે ?' તે વખત ઋષિઓએ કહેલો શ્લોક મહારાજે કહી બતાવ્યો ને હસ્યા કે, ભેળા રહેવાથી પોતાનું માહાત્મ્ય જણાય નહીં; પણ આ વખતે તમારાં જેવાં મોટાં ભાગ્ય છે તેવાં બીજાં કોઈનાં નથી. કેમ જે, અતિ દુર્લભ એવો મારો સંબંધ તમારે થયેલો છે. માટે બ્રહ્માદિક ને શંકર આદિક દેવો પણ તમારા મહિમાના પારને પામતા નથી.' એમ કહ્યું.

તે વખતે લાડુબાઈને સમાધિ થઈ અને ગંગાજી મૂર્તિમાન દેખ્યા ને તે ગંગાજીએ ગંગાજળિયા કૂવાનું જળ લઈ માથે ચડાવ્યું

ને સ્નાન કર્યું અને શંકરે મહારાજને રાજી કરવા નૃત્ય કર્યું; એ સર્વે સમાધિમાં દેખ્યું. પછી મહારાજે લાડુબાઈને પૂછ્યું, ત્યારે તેણે સમાધિમાં જોયેલી સર્વે વૃત્તાંતની વાત કરી. પછી મહારાજે એ કૂવાનું નામ 'ગંગાજળિયો' પાડ્યું. એ રીતે ગંગાજળિયા કૂવાને વિશે ચમત્કાર બતાવ્યો છે. ॥૨॥



ગંગાજળિયા કૂવાથી દક્ષણાદી કોર એક ઓરડો છે, ત્યાં મહારાજે એક ચમત્કાર કર્યો તેનું

ચરિત્ર નં. ૩

એભલ ખાચર આગળ શ્રીહરિ અદશ્ય થઈ ફરી પ્રગટ થયા

ગઢપુરને વિશે દાદા ખાચરના દરબારગઢમાં ગંગાજળિયા કૂવાથી દક્ષિણમાં એક ઓરડો છે, એ ઓરડામાં ઘોડા બંધાતા અને મહારાજ તે વખતમાં અસતા(છાના) રહેતા. પછી એક સમયને વિશે મહારાજ ઘોડારમાં ગયેલ. તે વખત અભયરાજાને ખબર નહિ જે, મહારાજ આંહીંયાં ઘોડારમાં બિરાજે છે. પછી અભયરાજા તુલસીક્યારે પાણી રેડવા જતા, તે વખત મહારાજને ઘોડારની બારણે ઊભા રહેલા ભાળ્યા. પછી મહારાજ વીજળીના ઝબકારાની જેમ પાછા ઠેકી ગયા અર્થાત્ અદશાય થઈ ગયા.

પછી અભયરાજા ઘોડારની માલીકોર જઈ જુવે તો ક્યાંઈ મહારાજને ભાળ્યા નહીં. પછી વિસ્મયને પામ્યા અને બહાર આવી જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈને સર્વ વૃત્તાંતની વાત કરી. પછી જીવુબાઈ કહે જે, "બાપુ, તમને મહારાજે દર્શન દીધાં હશે ને મહારાજ અહીંયાં નથી." પછી અભયરાજા ગદ્ગદ કંઠ થઈ દિલગીર થયા ને કહે જે, "આજ અમારે અનાજ ખાવું નથી. મહારાજ દર્શન દે ત્યારે ખાવું. મારી શી અભાગ્ય જે મને દર્શન ન થાય !" એમ કહી ઘરે ગયા.

પછી મહારાજ પાછા પધાર્યા ત્યારે જીવુબાઈ વિગેરેએ એ સર્વ વૃત્તાંતની વાત મહારાજને કરી. પછી મહારાજે અભયરાજાને બોલાવી કહ્યું જે, "તમે શા સારુ દિલગીર થાઓ છો ?" પછી કહે જે, "મહારાજ, મેં તમને ગોત્યા પણ મારા દેખ્યામાં આવ્યા નહીં." પછી મહારાજ કહે જે, "જીવ દેખવામાં આવે પણ ઈશ્વર દેખવામાં

આવે નહીં. તમે અમને પરમેશ્વર જાણો છો ત્યારે શા સારુ પૂછો છો ?" એમ કહી અભયરાજાને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી મહારાજે પંડે રસોઈ કરી રીંગણાનું શાક ને બાજરાનો રોટલો જમી અભયરાજાને પ્રસાદી આપી. ॥૩॥

ગંગાજળિયા કૂવાથી ઉગમણી તરફ લીંબડો હતો. ત્યાં મહારાજ બેઠેલા છે ને તે દસ હાથ છેટે છે. તેનું

ચરિત્ર નં.૪

બ્રહ્મા, વિષ્ણુ ને શિવ શ્રીહરિની આજ્ઞા લેવા આવ્યા.

ગઢપુરને વિશે દાદા ખાચરના દરબારગઢમાં ગંગાજળિયા કૂવાથી ઉગમણી તરફ દસ હાથ છેટે એક લીંબડો હતો. ઉનાળાની વખત હતી. પાણી છંટાવી સાંજ વખતે ત્યાં ઢોલિયો બિછાવ્યો હતો. તેના ઉપર મહારાજ ઝીણાં વસ્ત્ર પહેરી, ફૂલમાં ગરકાવ થઈ વિરાજમાન થયા હતા. તે સમયે અભયરાજા તથા ઉત્તમરાજા આદિ હરિભગતો બેઠા હતા ને મુક્તાનંદસ્વામી આદિ પરમહંસ તથા મુકુંદ બ્રહ્મચારી આદિ બ્રહ્મચારીઓ તથા પાળા તથા જીવુબાઈ, લાડુબાઈ તથા રાજબાઈ આદિ બાઈઓની સભા ભરાઈને બેઠી હતી.

તે સંધ્યા આરતી થઈ રહ્યા પછી આકાશમાંથી એક તેજનો મોટો ગોળો મહારાજ આથમણે મુખારવિંદે બેઠા હતા, તેની આગળ આવી પડ્યો. અને તે ગોળો મહાતેજોમય ને શીતળ ને સુગંધીમાન હતો. તે જોઈ સર્વે સભા એ તેજના ગોળા સામું જોઈ ન શક્યા, એવો તેજસ્વી હતો. તે ગોળો દસ મિનિટ રહ્યો. અને પછી તેના ત્રણ ગોળા થયા અને એ ત્રણે ગોળા મહારાજના સ્વરૂપને વિશે લીન થયા. ને લીન

થઈને પાછા નીકળીને મહારાજની સન્મુખ ત્રણે ગોળા મનુષ્યના જેવડા ઊંચા થયા અને તે બ્રહ્મા, વિષ્ણુ ને શિવરૂપે સર્વ સભાના જોવામાં આવ્યા. અને તે પાછા પૂર્વની જેમ જ એક ગોળારૂપ થયા. અને તે તેજનો ગોળો આકાશમાં અદશ્ય થઈ ગયો, તેમ સર્વ સભાએ દેખ્યું. અને તે વખત ચંદનની વૃષ્ટિ થઈ ને સર્વ સભા ઉપર ચંદન પડ્યું.

તે સમયમાં દેવાનંદ શ્રીપાતે મહારાજને પૂછ્યું કે, "હે મહારાજ! મેં તથા સર્વ સભાએ તેજનો ગોળો દેખ્યો એ ગોળો તેજનો તે શેનો હશે ? અને એ એક ગોળામાંથી ત્રણ ગોળા થયા અને બ્રહ્મા, શિવ ને વિષ્ણુ એ ત્રણે રૂપ જોવામાં આવ્યા અને તે ગોળા તમારા સ્વરૂપને વિશે લીન થયા અને પાછા આકાશમાં ગયા. તે શું અદ્‌ભુત આશ્ચર્ય જોવામાં આવ્યું ? તે શું હશે ?" પછી મહારાજ કહે જે, "એ બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ દેવ હતા. તે અમારે દર્શને આવ્યા હતા. અને અમારી આજ્ઞા લેવા આવ્યા હતા." ત્યારે દેવાનંદ શ્રીપાત કહે જે, "શું આજ્ઞા લેવા આવ્યા હતા ?"

ત્યારે મહારાજ કહે જે, "આજ્ઞા તો એ લેવા આવ્યા હતા જે, આ સમયને વિશે અસુર ઘણા ઉત્પન્ન થયા છે, તેથી પૃથ્વીને વિશે ભાર ઘણો થયો છે, તો તમારી આજ્ઞા હોય તો તે ભાર અમે ઉતારીએ. પછી અમે એને કહ્યું કે, ઠીક છે. તમે સંકલ્પ કર્યો એટલે કાળને આજ્ઞા દેશું. તેથી પૃથ્વીને વિશે અસુરનો નાશ થશે."

એમ કહી મહારાજ કહે જે, "એક અમારું વચન છે તે સાંભળો. સામું વરસ જે આવશે તે મહાકાળ પડશે. સૂકું બળતાં લીલું બળે તેવું થશે. માટે સર્વે સત્સંગીની અમે રક્ષા કરીશું પણ કોઈને અન્ન વેચવું નહીં અને પાપીનો સંગ કરવો નહીં અને અન્નનો સંગ્રહ કરજો." એમ કહી 'જય સચ્ચિદાનંદ' કહી પોતાના ઉતારાને વિશે પધાર્યા. તે વખતે ચાલતાં ચાલતાં એમ બોલ્યા જે, "એક વખત જેતલપુરના રંગમહોલમાં

પણ આ જ રીતે થયેલું હતું. તે મુક્તાનંદસ્વામી આદિક સર્વે જાણે છે." એમ કહી સર્વ સભાને પોત-પોતાને નિવાસે જવાની આજ્ઞા કરી અને પોતે અક્ષરઓરડીએ પધાર્યા. ॥૪॥

અક્ષરઓરડીથી (પૂર્વમાં) આથમણા બારનો ઊંચો રસોડાવાળો ફરજો ને તેને દક્ષણાદી કોર ઓટા ઉપર મહારાજે કરેલું

ચરિત્ર નં.૫

દાદા ખાચરનું કાળ દ્વારા અપહરણ અને શ્રીહરિ ત્યાં ગયા

ગઢપુરને વિશે દાદા ખાચરના દરબારગઢમાં અક્ષરઓરડીથી પૂર્વમાં આથમણા બારનું ઘર હતું જેને ફરજો કહેતા. તેમાં શ્રીહરિ રહ્યા હતા. એ આથમણા બારના ફરજામાં મહારાજનું રસોડું થતું. એક સમયે મહારાજ માંદા હતા ને ઉત્તમરાજા પણ માંદા થયા હતા. પછી મહારાજે ઉત્તમરાજાનો ઢોલિયો પોતાની પાસે મંગાવ્યો.

પછી ઉત્તમરાજા બહુ માંદા થયા એટલે જીવો ખાચર તથા મૂળુ ખાચર જોવા આવ્યા. અને કહે જે, "આ બચશે નહીં." પછી જીવુબાઈ વિગેરે ડોશીઓ રોવા લાગ્યાં ને અભયરાજા પણ દિલગીર થયા. પછી મહારાજ કહે જે, "અસત્ સંકલ્પ કરવાવાળા છે, તેના સંકલ્પ નિષ્ફળ થશે. કાંઈ તમે ફિકર રાખશો નહીં." (એમ કહી) જીવો ખાચર વિગેરે બેઠા હતા તેટલામાં મહારાજ બેઠા થયા ને સબ દઈ(ઝડપથી) તરવાર ખેંચી અને બોલ્યા જે, "આ ઉત્તમરાજાને અમારે કાળ થકી બચાવવા છે. ને જેટલા પાપી છે એટલા બધાનો આજ રાત્રીને વિશે આ તરવાર વતે સંહાર કરી નાખવો છે. ને કેટલાક ગઢ કોઠાને આ તરવારે કરીને

પાડી નાખવા છે. અને પૃથ્વી ઉપર ભાર છે, તેથી આજ રાત્રીએ પૃથ્વી કંપશે ને તે પાપ થકી ભારને હું ઉતારીશ અને આ તરવારે કરીને હું પાપનો નાશ કરીશ.”

એમ કહીને આઠ વખત તરવાર ખેંચી અને એમ બોલ્યા કે, “આ અમારી તરવાર સો સુદર્શન ચક્રના જેવી છે અને આ ઉત્તમરાજાને કાળ થકી બચાવવા છે. અને કાળ આ તરવારથી થરથર કંપે છે. ને ઉત્તમરાજાના મરવાની જે ઈચ્છા રાખતો હશે તેના કૂળનો આ તરવારે કરીને નાશ કરી નાખીશ.” ને પછી જીવો ખાચર, મૂળુ ખાચર ઊઠી ગયા.

ત્યાર પછી ઉત્તમરાજાને જોબો(મૂર્છા) આવી ગયો. ને તેમાં એવું દેખ્યું કે, અહં મારગેથી પપીળા મારગે ગયા(કાળ દાદા ખાચરને આકાશ માર્ગે ગણપતિને સ્થાનકે લઈ ગયો) અને ત્યાં પ્રણવનો નાદ સાંભળ્યો અને ત્યાં એક આઠ પાંખડીનું કમળ જોવામાં આવ્યું. તે કમળ ઉપર ગણપતિનું સ્થાન જોયું અને તે સ્થાનમાં દિવ્ય સિંહાસન ભાળ્યું અને ત્યાં ગણપતિ સૂધ, બુધ, લક્ષ, લાભ સહિત દેખ્યા અને ગણપતિ ઉત્તમરાજાને ભાળી ઊભા થયા. ત્યાં ઉત્તમરાજા જુવે છે તો તરવાર હાથમાં ને મહારાજને જોયા.

અને પછી મહારાજને જુવે છે તેટલામાં એક સ્થાનકને વિશે કાળને ભાળ્યો. તેને હજાર હસ્ત ને બે નેત્ર, એક કપાળમાં નેત્ર એવી રીતે ત્રણ મસ્તકે યુક્ત જોયો ને હજાર હાથમાં હજાર શસ્ત્ર ભાળ્યાં. તે વખત મહારાજને ભાળી થરથર ધ્રુજવા લાગ્યો અને મહારાજને પગે લાગી સ્તુતિ કરવા લાગ્યો અને કંપવા લાગ્યો. પછી મહારાજે કહ્યું જે, “આ ઉત્તમરાજા તારા ભક્ષમાં આવે તેમ નથી. એ તો મુક્ત છે. માટે એને શા સારુ લાવ્યો ?” ત્યારે તે બોલ્યો, “હે મહારાજ ! તમારાં ચરણારવિંદ આ ગણપતિ અને મારા સ્થાનને વિશે ક્યાંથી હોય ? તે વાસ્તે હું અલોપ(અદૃશ્ય) રીતે અહીંયાં

લાવ્યો છું. ને અમારાં સ્થાનક પવિત્ર કર્યાં.” ને ગણપતિએ પણ સ્તુતિ કરી, નૃત્ય કરી મહારાજને જમાડ્યા.

❋ દાદા ખાચરને વૈકુંઠાદિક ધામમાં અવતારીપણાનો અનુભવ :

ત્યાંથી પછી મહારાજે ઉત્તમરાજાને **વૈકુંઠધામ** દેખાડ્યું ને ત્યાંના લક્ષ્મી અને નારાયણે(મહારાજની) ઘણી સ્તુતિ કરી. પછી મહારાજ ત્યાંથી તેમને સૂરજના મંડળને વિશે **હિરણ્યગર્ભ ભગવાનનું સ્થાન** દેખાડ્યું. ત્યાં હિરણ્યગર્ભ ભગવાન મહારાજની સ્તુતિ કરી મહારાજમાં લીન થઈ ગયા. પછી ત્યાં બાર સૂરજ તથા વાલખિલ્ય ઋષિ વિગેરેએ મહારાજની પૂજા કરી સ્તુતિ કરી.

પછી ત્યાંથી મહારાજે ઉત્તમરાજાને **ગોલોકધામ** દેખાડ્યું. અને ત્યાં રાધારમણે મહારાજની પૂજા કરી, નૃત્ય કરીને ગોપી તથા ગોપે સ્તુતિ કરી રાસમંડળની લીલા ઉત્તમરાજાને દેખાડી. પછી મહારાજે ત્યાંથી **અક્ષરધામ** પ્રથમ વર્ણન કરેલું છે, તે પ્રમાણે તે ધામ ઉત્તમરાજાને દેખાડ્યું. ત્યાં અક્ષર મૂર્તિમાન તથા મુક્તોએ મહારાજની પૂજા કરી.

પછી સર્વ અવતારો મહારાજના ચરણારવિંદમાં લીન થયા એવું જોવામાં આવ્યું. તેથી દાદા ખાચરે મહારાજને સર્વ અવતારોનું કારણ અને સહુના નિયંતાપણે દૃઢ કરીને જાણ્યા. પછી ત્યાંથી મહારાજે તેમને **શ્વેતદ્વીપ** દેખાડ્યું. ને ત્યાંના નિરન્નમુક્ત તથા ધર્મ-ભક્તિ ને વાસુદેવનારાયણે મહારાજની પૂજા કરી, પછી ચરણારવિંદને વિશે નમસ્કાર કરીને પગે લાગ્યા. ત્યારે ત્યાં જીવુબાઈને દેખ્યા. પછી વાસુદેવનારાયણ કહે જે, “હે મહારાજ ! અમે તમારા ભેગા આવશું.”

पछेवासुदेवनारायणसहीतबद्रिकाश्रमनेविषेनरनारायणभगवानपासेगया अनेतेनरनारायणभगवानेपूजाकरीस्तुतीकरीमहाराजनाचरणनेवीषेलीनथया

પછી વાસુદેવનારાયણ સહિત (મહારાજ) **બદરિકાશ્રમ**ને વિશે નરનારાયણ ભગવાન પાસે ગયા અને તે નરનારાયણ ભગવાને (મહારાજની) પૂજા કરી, સ્તુતિ કરી મહારાજના ચરણને વિશે લીન થયા ને પાછા નીસર્યા. પછી મહારાજના કહેવાથી દાદા ખાચરે પૂછ્યું કે, **'સર્વ અવતારના કારણ તમે છો કે આ શ્રીહરિ છે ?' ત્યારે તેમણે કહ્યું, 'હું તો આ શ્રીહરિનો અવતાર છું અને આ મહારાજ જ સર્વ અવતારોનું કારણ છે, સ્વતંત્ર છે, સર્વજ્ઞ છે. અને સહુથી પર એવા અક્ષર થકી પણ પર તેની તમને પ્રાપ્તિ થઈ છે. માટે તમને ધન્યવાદ છે.'**

એમ જ્યાં વાત થાય છે ત્યાં મહારાજની ઈચ્છાથી દાદા ખાચરને દેહનું ભાન થયું ને જાગૃત થયા. ત્યારે તે ફરજો જોવામાં આવ્યો. તે જ રાત્રે પૃથ્વી કંપી તેથી હજારો ગઢ તથા કોઠા પડી ગયા અને હજારો અસુરોનો નાશ થયો. અને તે જ સવારે ફરજાથી દક્ષણાદા ઓટા ઉપર મહારાજ તથા ઉત્તમરાજા બેઠા હતા, ત્યાં આ સર્વ વૃત્તાંતની વાત ઉત્તમરાજાએ સભામાં સહુને કહી દેખાડી.

તેવામાં તે જગ્યાએ વાસુદેવનારાયણની મૂર્તિ લઈ એક કારીગર આવ્યો. તેણે મૂર્તિ મહારાજને આપી અને (મહારાજે) તેને ધન આપવા માંડ્યું પણ લીધું નહિ ને કહ્યું જે, 'હું સ્નાન કરી આવું.' તે પછી તેને ગોત્યો પણ તે કારીગર હાથ ન આવ્યો. પછી કરિયાણાના ઉનડ ખાચરે પૂછ્યું કે, 'આ તમારું ચરિત્ર સમજાણું નહિ ને પૈસા લેવા કેમ ન આવ્યો ?' ત્યારે મહારાજ બોલ્યા કે, "અમે દાદા ખાચરને લઈને બધા ધામમાં ગયા ત્યારે અમારે મનસૂબો થયો કે, જ્યાં જ્યાં ગયા તેની મૂર્તિ પધરાવવી એટલે અક્ષરના મુક્તો વાસુદેવનારાયણની મૂર્તિ લાવ્યા છે તે અંતર્ધાન થયા.

અને નરનારાયણની મૂર્તિ અમદાવાદ પધરાવીશું, લક્ષ્મીનારાયણ વરતાલ પધરાવીશું, મારી મૂર્તિ સાથે કૃષ્ણની મૂર્તિ પણ વડતાલ પધરાવીશું. તેનું નામ 'વૃંદાવનવિહારી' પાડીશું. અક્ષરાતીત સ્વયં હું

તે 'ગોપીનાથ' નામની મૂર્તિ અહીં મંદિર કરીને પધરાવીશ. ને મારી હરિકૃષ્ણ નામની મૂર્તિ પછીથી પધરાવશે." આવો મહારાજનો પ્રતાપ નિહાળીને તથા વાર્તા સાંભળીને સહુ ભક્તોને મહારાજના સ્વરૂપમાં સર્વોપરીપણાનો દૃઢ નિશ્ચય થયો અને પ્રગટ પ્રભુમાં ખૂબ પ્રેમ થયો. ॥૫॥

અક્ષરઓરડીની ઉગમણી ઓસરી હતી ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૬

મોટાભાઈનું જમણ અને મહારાજે તેમને દીક્ષા આપી.



એક સમે ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢમાં અક્ષરઓરડીની ઉગમણી ઓસરીમાં મહારાજ બેઠા હતા. ત્યાં પાંચુબાઈએ આવી કહ્યું જે, "હે મહારાજ ! રોટલા ઘડી ઘડીને મારા હાથ રહી ગયા ને આ મોટો ભાઈ ધરાતા નથી. માટે હવે કોઈક રોટલા ઘડવાવાળી રાખો." એમ કહી દિલગીર થયાં.

પછી મહારાજે મોટાભાઈને ત્યાં બોલાવ્યા અને તેમને મહારાજ કહે જે, "તમે કેટલા રોટલા ખાધા ?" ત્યારે કહે જે, "મને કાંઈ ખબર નથી." ત્યારે મહારાજ કહે જે, "તમે શું ભાળો છો ?" ત્યારે મોટાભાઈ કહે જે, "હું તો એક તમને જ ભાળું છું. બીજું કાંઈ ભાળતો નથી." ત્યારે મહારાજ કહે જે, "અમને શી રીતે ભાળો છો ?" ત્યારે તે કહે જે, "સર્વે ક્રિયાને વિશે તમને જ દેખું છું. મને કાંઈ દેહની ભાન રહેતી નથી ને હવે મારે સાધુ થાવું છે. નહિ તો જેટલા રોટલા ઘડશે એટલા કાયમ ખાઈ જાઈશ." પછી મહારાજ હસ્યા ને એને પરમહંસ કરીને 'સચ્ચિદાનંદસ્વામી' એવું નામ પાડ્યું.

પછી મહારાજ કહે જે, "અમારામાં અતિ સ્નેહવાળા ક્રિપાનંદ સ્વામીના મંડળમાં તમે જાઓ." ત્યારે તે કહે જે, "મહારાજ ! તમારા વિના હું એક ઘડી રહી શકીશ નહીં." પછી સચ્ચિદાનંદસ્વામી ઘણા દિલગીર થયા. પછી લાડુબાઈ કહે જે, "હે મહારાજ ! એ સાધુને કલ્પાવો નહીં, અહીંયાં રાખો." પછી મહારાજ કહે જે, "સ્વામી, તમે શું કામ કરશો ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે જે, "લાડુબાઈએ મને તમારા સમીપે રાખ્યો, માટે હું તેમનું કામ કરીશ અને ખેડ ઉપર દેખરેખ રાખી પીપળાવાડીએ રહીશ." પછી મહારાજે પીપળાવાડીનું રક્ષણ કરવા તે વાડીમાં કાયમ રહેવાની સ્વામીને આજ્ઞા કરી એટલે તેમને ત્યાં રહેવાનું ઠર્યું.

❋ સચ્ચિદાનંદસ્વામીની પૂજા અને પ્રભુપ્રેમ :

પછી સચ્ચિદાનંદસ્વામી કહે જે, "મારે તમારી પૂજા કરવાની ઘણી અભિલાષ છે." પછી મહારાજ કહે જે, "પૂજા કરો, પરંતુ તમે સાધુ થયા એટલે તમારી પાસે કંઈ વસ્તુ હોય નહિ, તો હવે શેનાથી પૂજા કરશો ?" ત્યારે લાડુબાઈ કહે જે, "હે મહારાજ ! તમે અમારામાં રાખ્યા એટલે અમારું જે છે તે સચ્ચિદાનંદસ્વામીનું છે. માટે તેમને જે

મારી વસ્તુ જોતી હોય તે બધી લઈને પૂજા કરે.” પછી સ્વામીએ વસ્તુ લઈને મહારાજની પ્રેમભાવથી પૂજા કરી.

પછી બીજે દિવસે તે જ જગ્યાએ સચ્ચિદાનંદસ્વામી ઘેલાનું શુદ્ધ જળ ભરી લાવ્યા ને સુંદર એવું બાવળનું દાતણ મહારાજને કરાવ્યું. ને પછી મહારાજને શરીરે શિખાથી તે નખ સુધી સર્વ અંગ ચોળી, તેને નીરખી નવરાવ્યા. પછી લાડુબાઈએ લાવેલાં વસ્ત્રો મધ્યેથી એક હિરની કોરે જુક્ત ધોળું પીતાંબર પેરાવ્યું ને એક સૂક્ષ્મ ધોળા બુટાએ જુક્ત બનારસી અંગરખું પેરાવ્યું અને સોનેરી કોરે જુક્ત સોનેરી પાઘ માથે બંધાવી ને એક સોનેરી કોરના તારે યુક્ત દુપટ્ટો ઓઢાડ્યો. ને કેશર ચંદનની આડ કરી, પુષ્પના હાર પેરાવી મહારાજ માથે ગુલાલ નાંખ્યો ને એક ગુલાબી રંગનો રેંટો કેડે બંધાવ્યો. ને તેમના પૂર્વાશ્રમનો લાવેલો કટાર કેડે બંધાવ્યો ને પેંડાનો થાળ ભરી મહારાજ આગળ મૂકી નૈવેદ્ય ધર્યું. પછી ધૂપ કરી આરતી ઉતારી, સાષ્ટાંગ દંડવત કર્યા. અને પછી નાચીને કૂદકા માર્યા. પછી મહારાજના સર્વ અંગને વિશે બકીઓ લીધી.

પછી મહારાજના સારુ ભારે સામગ્રી સહિત સીધું લાવ્યા. તે મહારાજ રસોઈ કરી જમ્યા. ને સચ્ચિદાનંદસ્વામીને થાળ આપ્યો ને લાડુબાઈએ સાધુઓ સારુ રસોઈ કરી હતી, તે મહારાજે પંડે ફરી સાધુઓને પોતાના હાથે કરીને જમાડ્યા. અને પંગતમાં ફરતાં ફરતાં ‘લ્યો મહારાજો કાળી રોટી’ એમ બોલતા જાય. પછી બ્રહ્મચારી તથા સંન્યાસી જમ્યા. ત્યાર પછી પાળા, હરિભગત તથા સાંખ્યજોગી ડોશીયોને જમાડ્યા. તે સર્વે જમી રહ્યા પછી એવું પ્રત્યક્ષ જોવામાં આવ્યું કે, સભાને વિશે બેઠેલા જેટલા મનુષ્ય હતા તેટલા સ્વરૂપથી મહારાજ સર્વને એકસાથે મળ્યા. તે જોઈ સર્વને મોટું આશ્ચર્ય થયું. અને તે જગ્યાએ મહારાજે આવાં ઘણાં ચરિત્ર કર્યાં છે, પણ આ તો એક ચરિત્ર લખ્યું છે. મહારાજનું આ ચરિત્ર કહેવા તથા સાંભળવાથી

બધા જ તાપ-સંતાપને ટાળનારું છે અને સંસારસાગરને સહેજે પાર કરે એવું અતિશય મંગળ કરનાર છે. ॥૬॥

અક્ષરઓરડીથી ઓત્રાદો ખોંચામાં(ખૂણે) જાંબુડો હતો, તે જગ્યાનું

ચરિત્ર નં.૭

કચ્છના ઉકાભાઈ, હરજીભાઈ અને પુત્રી રામબાઈ ત્યાગી થયાં

ગઢપુરને વિશે અક્ષરઓરડીથી ઉતરાદી તરફના ખૂણે એક જાંબુડાનું ઝાડ હતુ. એક વખત એ જાંબુડા નીચે મહારાજ પાટ ઉપર વિરાજમાન હતા. તે વખત અભયરાજા, ઉત્તમરાજાને ઘરખેડ કરાવી આપવાનું પ્રકરણ ચાલતું હતું. તે વખત કચ્છ દેશના ત્રણ ભક્ત હરજીભાઈ, ઉકોભાઈ ને તેમની દીકરી રામબાઈ એ ત્રણ ત્યાગી થાવા અહીં આવ્યાં હતાં. તે મહારાજને પગે લાગી દંડવત કરી સામા ઊભા રહ્યાં. તે વખત નરોનારાયણાનંદ સાધુ ત્યાં આવ્યા હતા. પછી મહારાજે પૂછ્યું કે, "હે હરિભગત ! તમે કેમ આવ્યા છો ?" ત્યારે તેઓ કહે જે, "અમારે ત્રણે જણાને ત્યાગી થાવું છે." એમ કહી પોતાની પાસે ત્રણ હજાર ચાંદીની કોરીઓ હતી, તે મહારાજના ચરણમાં મૂકી. અને સંધ મલક(સિંધ દેશ)ની ભારે લોબડી(બારીક ઉનની કામળી) તારે જુક્ત મહારાજને ઓઢાડી મહારાજની પૂજા કરી.

પછી મહારાજ બોલ્યા કે, "તમારે સાધક થાવું છે કે સિદ્ધ થાવું છે ? અને જો સાધક થાવું હોય તો નરોનારાયણસ્વામીના મંડળમાં જાઓ ને તત્કાળ સિદ્ધ થાવું હોય તો અમારી આજ્ઞા પ્રમાણે કરો."

પછી હરજીભાઈ હાથ જોડીને કહે જે, "હે મહારાજ ! અશલના ઓઠાવાલું કરવું છે.(અર્થાત્ સાધન અવસ્થા મહેનતવાળી છે અને

સિદ્ધદશાને સહુ ઉત્તમ કહે છે.) અને લાખના સ્વપ્ના કરતાં રોકડો ત્રાંબિયો સારો. માટે સિદ્ધ થાવું છે.” પછી મહારાજ કહે જે, “તમે જીવુબાઈના ખેડના કારભારી થાઓ ને આ તમારી દીકરી રામબાઈ તેને સાંખ્યજોગી કરશું ને તે જીવુબાઈની સેવામાં રહે.” પછી તેઓ કહે જે, “જેવી આપની આજ્ઞા હશે તેમ કરશું.” પછી એ બંનેને પાળા કર્યા અને રામબાઈને સાંખ્યજોગી કર્યાં.

❊ મહારાજના વચને તત્કાળ સિદ્ધદશા પામ્યા :

પછી તે જ વખત મહારાજ માણકી ઘોડીએ ચડી લક્ષ્મીબાગનો આદર કરવા તે બંને પાળા સાથે લક્ષ્મીબાગમાં ગયા. ને હરજીભાઈ તથા ઉકાભાઈને કહે જે, “તમે સાંતી હાંકો.” ત્યારે તેણે સાંતી હાંકવા માંડ્યું. તેથી તેમને પાધરું જ અક્ષરધામ સમાધિએ કરીને દેખાવા માંડ્યું. ને જાગ્યા ત્યારથી સર્વ ક્રિયાને વિશે અખંડ મહારાજની મૂર્તિ નજર આગળ પ્રત્યક્ષ દેખાવા માંડી. પછી કહે જે, “હે મહારાજ ! અમે તો કૃતાર્થ થયા છીએ ને સિદ્ધદશાને પામ્યા છીએ.”

પછી તે ભગતો તથા મહારાજ પાછા દરબારમાં પધાર્યા અને ત્યાં અક્ષરઓરડી પાસે જાંબુડા હેઠળ વિરાજમાન થયા. ને સચ્ચિદાનંદસ્વામીએ જેમ મહારાજની પૂજા કરી હતી, તે પ્રમાણે જ તે બંને ભગતો પાસે જીવુબાઈએ મહારાજની પૂજા કરાવી. પછી સર્વ પરમહંસ તથા સર્વ સાંખ્યજોગી તથા કર્મયોગી હરિભગતને જમાડ્યા ને મહારાજનો થાળ કરાવ્યો. ને મહારાજે જમીને પ્રસાદી હરજીભાઈ તથા ઉકાભાઈને આપી ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. એવું તે સ્થાનને વિશે અદ્‌ભુત ચરિત્ર કર્યું.

એવાં અનેક ચરિત્ર ત્યાં કર્યાં છે, પણ મેં એક જ લખ્યું છે. જે વખતથી મહારાજે અક્ષરઓરડીમાં નિવાસ કર્યો, તે દિવસથી દેહ પર્યંત

એ જાંબુડા હેઠળ ત્રણે વખત સ્નાન કરતા ને કહેતા જે, “આ જાંબુડો મુક્ત છે. અમારા ચરણારવિંદના ચરણામૃતની લાલચે વૃક્ષરૂપ થયો છે.” એવું બળવાન એ સ્થાન છે. ।।૭।।

અક્ષરઓરડીની આથમણી ઓસરી તથા ફળિયામાં કરેલું એક મોટું

ચરિત્ર નં.૮

મોડાના અક્ષરાનંદસ્વામીને દીક્ષા આપી.

એક વખત ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢમાં અક્ષરઓરડીની આથમણી ઓસરીએ મહારાજ વિરાજમાન થયા હતા. તે સમયને વિશે અલૈયા ગામના બે રાજકુમારોને પરમહંસ કરવા ત્યાં પરમહંસ લઈને આવ્યા. તેમાં એકનું નામ જાડેજા રણમલજી ને બીજાનું નામ જાડેજા પૂજાજી કરીને હતું. તેમને ભાળી મહારાજ ઘણું હસ્યા ને ખુશી થયા. ને બોલ્યા કે, “હે અભયરાજા ! આ અમારા પરમહંસ કેવા છે કે, મોટા રાજાઓના કુંવરોને ઉપદેશ કરી પરમહંસ કરે છે. આવા આ સમયને વિશે તે બળવાન અને પ્રતાપી છે ને અવતારોની જેમ મનુષ્યોનું કલ્યાણ કરે છે. ને અક્ષર સમાન ઐશ્વર્ય અમારા પરમહંસને વિશે રહ્યું છે. એવું કોઈ કાળે હતું નહીં.” એમ કહી એમ બોલ્યા જે, “આ મોટેરા છે તે તો આકાશની જેમ નિર્લેપ છે ને સત્સંગના કામમાં ઘણા ઉપયોગના છે, તેથી તેમને પરમહંસ કરશું.” એમ કહી તેમની ચોટી કાપી બ્રહ્મદીક્ષા આપી ‘અક્ષરાનંદસ્વામી’ એવું નામ પાડ્યું.

અને તે જ વખત તેમને અક્ષરધામનું પ્રત્યક્ષ દર્શન થયું. અને અક્ષરધામને વિશે જે મૂર્તિ છે, તે જ આ મહારાજ છે એવું જોવામાં આવ્યું. તેથી અંતરમાં ઘણા અનંદને પામ્યા. પછી સમાધિમાંથી બહાર આવ્યા અને મહારાજનો દૃઢપણે નિશ્ચય કર્યો. પછી એ બંને ભાઈઓએ

સો સો સોનામહોરું મહારાજને અર્પણ કરી, ને ઢાલો-તરવારો પણ મહારાજને અર્પણ કરી. પછી મહારાજ બોલ્યા જે, "હે જાડેજા પૂજાજી, તમારા સંબંધી મોટાભાઈને જેમ લાડુબાઈના કારભારી ઠરાવ્યા છે, તેમ તમને ઉત્તમરાજાના કારભારી ઠરાવવા છે." પછી પૂજાજી કહે જે, "હે મહારાજ ! જેમ આપની મરજી હશે તેમ કરીશ." પછી મહારાજ કહે જે, "તમે આજથી ઉત્તમરાજાની ખેડના કારભારી છો." પછી અભયરાજાએ તે દિવસે અક્ષરાનંદસ્વામી તથા પૂજાજી પાસે મહારાજની પૂજા કરાવી, મહારાજને થાળ કરી જમાડ્યા. અને પરમહંસો તથા સાંખ્યજોગી, કર્મયોગી હરિજનને પકવાનની રસોઈ કરી જમાડ્યા.

❋ મહારાજે છત્રીશ રૂપ ધરી છત્રીશ આખલાને નાથ્યા :

પછી તે જ દિવસે પાછલો પોર દિવસ રહ્યો ત્યારે એ અક્ષરઓરડીના ફળિયામાં એક મહા મોટું ઐશ્વર્ય વાપર્યું. તે વખત અભયરાજાને મહારાજ કહે જે, "તમારા ધણમાં મોટા વકરી ગયેલા ખૂંટિયા છે તે મંગાવો." પછી જોધા ભરવાડ પાસે એભલબાપુએ છત્રીશ મદોન્મત્ત ખૂંટિયા મંગાવ્યા અને એકેકામાં સાત સાત ગોધા(પાણીદાર બળદ)નું બળ હતું, એવા તેમને ત્યાં લાવ્યા. પછી ખૂંટિયાને નાથવા પાર્ષદોને હુકમ કર્યો. તેથી કેટલાક પાર્ષદો ઊભા થયા, પણ તે ખૂંટિયા જમીન ઓગદાળી(શીંગડાથી જમીન ખોદીને) ત્રાડો મારતા હતા. તેથી કોઈથી તેની પાસે જવાણું નહીં. પછી મહારાજ બોલ્યા જે, "શ્રીકૃષ્ણ ભગવાને જેમ (અયોધ્યામાં નગ્નજિતીના) સ્વયંવરમાં વચ્છોને નાથ્યા હતા, તે વખત આજ આવી ગયો છે." એમ કહી મહારાજ ઊભા થયા.

અને તેને જોઈ મહારાજે કમર બાંધી હિંદુસ્તાની બોલીમાં હાકલ મારી, તત્કાળ ઠેકી એ છત્રીશે આખલાને છત્રીશ રૂપ ધારણ કરીને એકસાથે નાથ્યા. ને તે સમયે તે ગીદર(કાયર) થઈને ઊભા રહ્યા. એ અદ્‌ભુત ચરિત્ર જોઈ અભયરાજા આદિ સર્વ ભક્ત મહા વિસ્મયને

પામ્યા અને પૃથ્વીને વિશે રહેલા રાજાઓ પણ એ ચરિત્ર સાંભળીને મહા વિસ્મયને પામ્યા. ॥૮॥

અક્ષરઓરડીના ફળિયાથી આથમણો શેર-રસ્તો હતો, તેથી આથમણી એક માળની મેડી હતી, ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૯

રાજબાઈની રસોઈ અને મહારાજે કંકોડાનું શાક કર્યું.

ગઢપુરને વિશે અક્ષરઓરડીના આંગણાથી આથમણી દિશામાં જે રસ્તો હતો, તેથી આથમણી એક માળવાળી મેડી હતી. એ મેડીના દક્ષણાદા ગોખમાં મહારાજ બેઠા હતા. ત્યાં ભાલ દેશના હરિભગતો કંટોલાનું ગાડું ભરી લાવ્યા અને મેડીમાં મહારાજ આગળ તે કંટોલાનો ઢગલો કર્યો. તે વખત જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ વિગેરે ત્યાં બેઠાં હતાં. તે જોઈને રાજબાઈ બોલ્યાં જે, “હે મહારાજ ! તમને અને પરમહંસને જમાડવા માટે આજ હું રસોઈ આપું છું.” પછી મહારાજ કહે જે, “મુકુંદ બ્રહ્મચારી, રસોઈમાં કેટલું ઘી જોશે ?”

પછી મુકુંદ બ્રહ્મચારી કહે જે, “બાર મણ ઘી જોશે.” પછી મહારાજ કહે જે, “અમે કહીએ તેમ કરશો ?” ત્યારે રાજબાઈ કહે જે, “સારું મહારાજ. જેમ આપ કહેશો તેમ કરશું.” પછી મહારાજ કહે જે, “સર્વ સાંખ્યયોગી, કર્મયોગી સર્વેને અમારે હાથે શાક કરી જમાડવા છે. માટે ઘી લાવો.” પછી રાજબા વીશ મણ જેટલું ઘી લાવ્યા. અને મહારાજે મોટા ચરુઓમાં કંટોલાનું શાક પંડે હાથે કર્યું ને પછી ઘઉંની બાટીઓ પોતાને હાથે કરી અને તેને પુષ્કળ ઘીમાં ઝબોળી. પછી તે કંટોલાનું શાક અને બાટીઓ મહારાજ પંડે જમ્યા. અને પછી બ્રાહ્મણો પાસે કરાવેલા બાજરાના ને ઘઉંના રોટલા ઘીમાં ચોપડ્યા અને પોતાને હાથે

કંટોલાનું શાક કર્યું હતું તે સર્વ પરમહંસ તથા સાંખ્યયોગી, કર્મયોગીને જેમ ખપતું તેમ નોખી નોખી પંગતીમાં ફરીને જમાડ્યા. ને તે ઉપર દૂધ, ચોખા ને સાકર પીરસીને ખૂબ જ જમાડ્યા.

❋ રાજબાએ કરાવેલી મહારાજની પૂજા :

ત્યારપછી રાજબાઈએ ઉત્તમરાજા પાસે મહારાજની પૂજા કરાવી. તેમાં કિનખાપનો સુરવાળ પ્રથમ પેરાવ્યો. અને પછી કિનખાપની ડગલી પેરાવી ને આસમાની રંગનો બુટાએ યુક્ત કનેરી સહિત રેશમનો રેંટો માથે બંધાવ્યો ને અસમાની રેંટો કેડે બંધાવ્યો ને એક કાળા કિનખાપનો રેંટો ઓઢાડ્યો અને હાથમાં લાલ કોરવાળો સફેદ રૂમાલ આપ્યો. ને મહારાજના કંઠમાં બે હજાર રૂપિયાની ઊતરી પેરાવી. ને મહારાજના લલાટમાં કેસરચંદનની આડ કરી ગુલાબના હાર પેરાવ્યા. પછી પરમહંસની ચંદનાદિકે કરીને પૂજા કરી ને પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસીને ચાદરો ઓઢાડી ને કપૂરની આરતી ઉતારી. પછી રાજબાઈએ છેટેથી મહારાજની આરતી ઉતારી પગે લાગ્યાં.

તે વખતે લાડુબાઈને મહારાજે ધ્યાનના અંગની જે વાત કહી હતી, તે વાત મુક્તાનંદસ્વામીએ પૂછી. પછી મહારાજે તે વાત સહુને કહી દેખાડી. પછી મહારાજ ઊઠ્યા. તે વખત કાઠી પાર્ષદો ભેગા હતા. ને તે મેડી હેઠે માણકી ઘોડી હતી, ત્યાં સર્વે જોવા ગયા. પછી મહારાજ કહે જે, “આ માણકી ઘોડી ગરુડ જેવી છે.” તે વખતે જે થોડા નિશ્ચયવાળા મંદબુદ્ધિના લોકો હતા, તે પરસ્પર હસ્યા. તે જ વખતે મહારાજની ઇચ્છાથી તત્કાળ એ માણકી ઘોડી ગરુડરૂપે દેખાણી. તે જોઈ માણસો ઘણા વિસ્મયને પામ્યા. ને ઘણા જણાને દૃઢ નિશ્ચય થયો. ને મહારાજને સાક્ષાત્ ભગવાન માન્યા. અને નિરંતર મહારાજનું ભજન કરવા લાગ્યા. એવી રીતે ત્યાં મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું હતું. ॥૯॥

હાલ જે જગ્યાએ હવેલી બંગલો છે, ત્યાં અગાઉ બે ઓરડા હતા, તેમાં કરેલું

ચરિત્ર નં.૧૦

વાસુદેવની મૂર્તિ દ્વારા મહારાજ જીવુબાનો થાળ જમ્યા.

ગઢપુરને વિશે દાદા ખાચરના દરબારગઢમાં એક ઉગમણી કોરના ઓરડામાં પ્રથમ થોડા દિવસ વાસુદેવનારાયણ પધરાવ્યા હતા. ત્યાં તે વાસુદેવનારાયણની પૂજા જીવુબાઈ સમય પ્રમાણે હંમેશા કરતાં હતાં. એક વખત મહારાજ લક્ષ્મીબાગે પધાર્યા હતા. તે વખતે જીવુબાએ વાસુદેવનારાયણને થાળ ધરાવ્યો. ત્યારે તે વાસુદેવનારાયણ મહારાજરૂપે પ્રગટ થઈને તે થાળ પ્રત્યક્ષ જમ્યા. તે આશ્ચર્ય જીવુબાઈ, લાડુબાઈ, રાજબાઈ આદિ ઘણીક ડોશીયોને જોવામાં આવ્યું. અને તે વાત ઉત્તમરાજાએ પણ સાંભળી.

પછી જ્યારે મહારાજ બાગથી પાછા પધાર્યા ત્યારે તેમણે તે વાત કરી. પછી મહારાજ વાસુદેવનારાયણને ઓરડે ગયા અને જીવુબાઈને કહ્યું કે, “તમારે અમને તમારા હાથે થાળ જમાડવાનો બહુ સંકલ્પ હતો, તેથી વાસુદેવનારાયણ દ્વારે અમે તમારો થાળ જમ્યા છીએ.” એમ કહ્યું. તે સાંભળી સાંખ્યજોગી ડોશીયો સર્વે પ્રસન્ન થયું ને મહારાજની સ્તુતિ કરી. એવું એક અદ્‌ભુત ચરિત્ર મહારાજે ઉગમણી કોરના ઓરડાને વિશે કર્યું હતું.

❋ મહારાજે રામપ્રતાપભાઈના પૂર્વજોનો ઉદ્ધાર કર્યો :

એ ઓરડાને પડખે એક બીજો ઓરડો હતો. તેમાં રામપ્રતાપભાઈ રહેતા હતા. રામપ્રતાપભાઈએ એક વખત મહારાજને પોતાને ત્યાં જમવા બોલાવ્યા. પછી મહારાજ જમતા તે વખતે રામપ્રતાપભાઈને સંકલ્પ થયો કે, ‘મારા મા-બાપ ધર્મ-ભક્તિ તેનાં દર્શન થાય તો ઠીક.’ પછી મહારાજની ઇચ્છાથી ધર્મદેવ, ભક્તિમાતા અને ધર્મદેવની બીજી

શ્રદ્ધાદિક સ્ત્રીઓ તે બધાયનાં તેમને દર્શન થયાં. ને પત્નીએ સહિત તે બધાય મહારાજની પ્રસાદી જમ્યા. તેને રામપ્રતાપજી તથા તેમની પત્ની સુવાસિનીબાઈ એ સર્વેએ નજરે જોયું. તેથી ઓ..હો...ઓ.. હો...કરવા લાગ્યાં.

તેવા સમામાં ઘણા તેજથી આખો ઓરડો ઢંકાઈ રહ્યો. ને તેમાં તેમના ઘણા પિતૃઓ તથા પૂર્વજો દેખ્યા. અને તે પિતૃઓ તથા પૂર્વજોને ધર્મદેવ પોતાના હાથે કરીને જેને મહારાજનો પ્રસાદ આપે તે પિતૃઓ ને પૂર્વજો અક્ષરધામમાં જાય. એવી રીતે સર્વ પિતૃઓ તથા પૂર્વજોનો મોક્ષ થયો. એ સહુએ નજરે ભાળ્યું. પછી ધર્મદેવ પરિવારે સહિત તેજના પૂંજ સાથે તત્કાળ અદૃશ્ય થઈ ગયા. તે વખત અભયરાજા તથા ઉત્તમરાજા તે પણ ઓસરીમાં બેઠા હતા. ને જીવુબાઈ આદિ ત્રણ ડોસીઓ બેઠાં હતાં, તેમણે પણ નજરે જોયું. તે જોઈ ઘણા વિસ્મયને પામ્યાં. એવું મોટું અદ્‌ભુત ચરિત્ર ત્યાં કર્યું હતું. ॥૧૦॥

એ બંગલાથી આથમણી જે ઉગમણા બારની મેડી છે, તે જગ્યાએ મોટો ચાર ખૂણાનો ધૂડનો ભરેલો કોઠો ચોરાદાખલ હતો. ને ત્યાં સદાવ્રત આપતા. ત્યાં ધોળિયા પૂજનો અપાસરો હતો, તે જગ્યા વાળી લઈ ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૧

મહારાજે રાજબાઈને દાદા ખાચરના ધર્મના બેન બનાવ્યાં.

ઉગમણા બારનું ઘર ગોખવાળું અને માળવાળું હતું. તેના નજીક ઓટા જેવો મનોહર કોઠો હતો. એ કોઠાને ઠેકાણે ઉત્તમરાજાના

કામદારનાં ખોરડાં હતાં. ત્યાં ખાલી જગ્યામાં જૈનના સાધુ ધોળિયા પૂજનો અપાશરો કરાવ્યો હતો. ને તે શ્વેતાંબરી જૈન પૂજ ભૂત થયો હતો, તેથી તે જગ્યા ઉજ્જડ જેવી હતી. ત્યાં એક વખત મહારાજ કહે જે, “હે અભયરાજા ! તમારે ચાર પુત્રિયું અને એક પુત્ર છે. જો એક બીજો પુત્ર હોત અથવા એક પાંચમી પુત્રી હોત તો તેને વપરાશની વસ્તુ, ધન કે જમીન વિગેરે આપવું પડત ને ઉત્તમરાજાને ભાગ અરધ આપવો પડત. માટે અમારું વચન માનો.

અને રાજબાઈએ સત્સંગ માટે તથા તમારી સારુ અને અમારે વાસ્તે પોતાના કુટુંબનું પાણી હરામ કર્યું. માટે આજથી તમારી ચાર પુત્રિયો છે, તેમ પાંચમી પુત્રી એ રાજબાઈ છે તેમ માનજો. અને ઉત્તમરાજાની પાંચમી બેન અમારા વચનથી અમે ઠરાવીએ છીએ. તેને જીવતપર્યંત તમારે પાળવા અને ઉત્તમરાજાએ તેમની સેવા કરવી. ને એક સદાવ્રત (ખોરાકી) આપવું. અને આ ઉત્તમરાજાને રાજબાઈનો ધર્મનો ભાઈ અમે સ્થાપિત કરીએ છીએ.” તે વચનને સાંભળી અભયરાજા, ઉત્તમરાજા તથા જીવુબાઈએ ઊભા થઈ તે મહારાજની આજ્ઞાને માથે ચડાવી.

❊ મહારાજે તીર્થંકરરૂપે દર્શન આપી મહાજનોને આશ્રિત કર્યા :

અને તે અપાશરાની ખાલી જગ્યાએ ભળતિયા કોઠા જેવું ઘર કરાવવા ધારી, તે જ વખતે હજારો મનુષ્યો પાસે કામ કરવા આજ્ઞા કરી. તે વખતે મહાજનો ખિજાયા. અને તેમણે ભાવનગર દરબારમાં ફરિયાદ કરી. મોટી હલાં કરીને દુકાનોએ હડતાળ પાડી. પછી જૈન વણિકો ભેગા મળી તકરાર કરવા દરબારગઢમાં આવ્યા. તેને મહારાજે પોતાના પ્રતાપથી નસાડી મૂક્યા. અને ત્યાં સદાવ્રત આપવાનું નિશાન ચડાવી, **‘સ્વામિનારાયણ’**ના નામની જય બોલાવી. અને તે મહાજન લોકોને એમ જણાણું કે, ચોવીશે તીર્થંકર મહારાજ પાસે નાચે છે

ને સ્તુતિ કરે છે. અને તેમાં મુખ્યપણે જૈનોના આગેવાન નગરશેઠ હેમો કરીને હતો. તેને તીર્થંકરોએ સાક્ષાત્ એમ કહ્યું કે, “અમારા તથા સારા જગતના કર્તા આ પૂરણબ્રહ્મ પરમાત્મા ભગવાન છે. માટે તું તથા સર્વ મહાજનો સાથે મળી તેને શરણે જાઓ, નહિ તો તમારો સર્વેનો નાશ થશે.”

પછી તે નગરશેઠ હેમાભાઈ શ્રીહરિના પ્રતાપથી ઝાંખા પડીને ડરી ગયા. અને ઉત્તમરાજાના કારભારી લાધા ઠક્કર કરીને મહારાજના પરમ પાર્ષદ હતા, તેની પાસે જઈ પગે લાગી એક ઉખાણો કહ્યો કે,

સ્વામિનારાયણના પ્રતાપથી, કાઢ્યા ગોવાળિયા માજન સોત;
લાધા તારે માથે નહિ મોત, તે લીધું અપાશરા સોત.

એમ કહી તે હેમા શેઠે લાધા ઠક્કરને ઘણી આજીજી કરી. પછી સર્વ મહાજને મહારાજ પાસે આવી સ્તુતિ કરવા માંડી. ને પછી હડતાલ ઉઘાડી નાખી. ને હેમોશા શેઠ કહે જે, “મહારાજ, તમે પૂરણબ્રહ્મ પરમાત્મા સાક્ષાત્ ભગવાન છો. એવો નિશ્ચય ચોવીશ તીર્થંકરોએ મને તથા આ સર્વ મહાજનને કરાવ્યો છે. માટે તમે સાક્ષાત્ ભગવાન છો. અને હું આજથી આપને શરણે આવ્યો છું અને તમારો આશ્રિત છું. માટે ખરા સંકટને વિશે મારી રક્ષા કરજો.” એવી રીતે એ જગ્યાએ મહારાજે એક મોટું ચરિત્ર કર્યું હતું. ॥૧૧॥

એ કોઠાને પડખે કોઠા જેવું જ એક ઓતરાદું ખોરડું હતું. તે ઓરડો ઈચ્છારામને દીધો હતો, અને દીદી ત્યાં રહેતાં, ત્યાં મહારાજે કરેલું એક મોટું

ચરિત્ર નં.૧૨

સુવાસિનીબાઈ તથા વરિયાળીબાઈના પિતૃઓનો ઉદ્ધાર

ગઢપુરમાં કોઠા જેવું એક ખોરડું હતું, ત્યાં ઈચ્છારામજી મહારાજ અને તેમના પત્ની વરિયાળીબાઈ રહેતાં હતાં. એક દિવસ ઈચ્છારામ મહારાજે મહારાજ તથા દાદા ખાચર તેમજ પાર્ષદો વિગેરેને જમવાનું કહ્યું હતું. ત્યાં ઉત્તમરાજા વિગેરે સર્વ પાર્ષદો સહિત મહારાજ જમવા ગયા. ત્યાં તે જ જગ્યાએ ઈચ્છારામભાઈએ મહારાજની સોળ ઉપચારે કરી પૂજા કરી, વસ્ત્ર-ઘરેણાં પેરાવ્યાં, ધૂપ-દીપ કરી આરતી ઉતારી, સ્તુતિ કરી. પછી ત્યાં મહારાજને જમવા બેસાડ્યા. મહારાજ જમી રહ્યા પછી પરમહંસ તથા પાર્ષદો તથા સર્વે હરિભક્તો જમ્યા.

પછી ઈચ્છારામ મહારાજનાં પત્ની અને રઘુવીરજી મહારાજનાં માતુશ્રી વરિયાળીબાઈ જે 'દીદી' કહેવાય છે, તેમને એવો સંકલ્પ થયો છે કે, 'રામપ્રતાપજી વિગેરે પાંડેના વંશમાં મહારાજ પ્રગટ થયા તેથી તેનાં પિતૃઓ ને પૂર્વજોનો મોક્ષ તો થયો, પણ મારા કુળનો ને સુવાસિનીબાઈના કુળના પૂર્વજો તથા પિતૃઓનો મોક્ષ થાશે ?' ચોકાની ભીતર રહેલાં તેમણે મનમાં આવો સંકલ્પ કરેલો. તે સંકલ્પને મહારાજ વરતી(જાણી) ગયા. પછી મહારાજ બોલ્યા જે, "તમે બંને અમને તથા પરમહંસને તથા પાર્ષદોને જમાડશો તો તમારાં પૂર્વજો ને પિતૃઓનો મોક્ષ થશે. એવું તમે નજરે જોશો." પછી બીજે દિવસે વરિયાળીબાઈ તથા સુવાસિનીબાઈએ દૂધપાકની રસોઈ કરાવી. ને પછી તેમણે મહારાજને જમવા સારુ બોલાવ્યા. પછી પ્રથમ સોળ ઉપચારે કરીને મહારાજની

પૂજા કરી વસ્ત્ર, ઘરેણાં પહેરાવી આરતી કરી. મહારાજને નમસ્કાર કરી પગે લાગ્યાં ને સ્તુતિ કરી. ને સુવાસિનીબાઈએ પણ મહારાજનાં દર્શન કરી નમસ્કાર કર્યા ને વરિયાળીબાઈ બાઈઓમાં રહી મહારાજને પગે લાગ્યાં. ત્યારપછી મહારાજ તથા સાધુઓ તથા પરમહંસો તથા પાર્ષદો વિગેરે જમ્યા. પછી તે જગ્યાએ સુવાસિનીબાઈ તથા વરિયાળીબાઈ ભાળે તેમ તેનાં પૂર્વજોનો મોક્ષ થયો. અને સર્વે તેજોમય દિવ્ય મુક્તોરૂપે થઈ ભગવાનના ધામમાં ગયા. તેવું શ્રીહરિનું દિવ્ય ઐશ્વર્ય તેમણે નજરે જોયું. તેથી અતિ આનંદ થયો. અને મહારાજને વારંવાર નમસ્કાર કર્યા. એવું એક અદ્‌ભુત ચરિત્ર મહારાજે ત્યાં કર્યું છે. ॥૧૨॥

એ બે ઉપલા કોઠા જેવાં બે ખોરડાં, તેથી ઉગમણું હાલ હવેલીનો દાદરો છે, તેથી ઉગમણું ભરતિયું ઉગમણા બારનું આથમણી ઓસરી સહિત ખોરડું હતું, તેમાં ગોપાળજી રહેતા ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૩

ગોપાળજીને અક્ષરધામનાં દર્શન તથા તેનું વર્ણન

કોઠાના જેવા બે ઘરથી પૂર્વ દિશામાં એક ભવન હતું. તેથી પૂર્વમાં ઉગમણા બારનું એક ઘર આથમણી બાજુએ ઓટલાવાળું હતું. તે ખોરડામાં ઈચ્છારામજી મહારાજના પુત્ર ગોપાળજી મહારાજ રહેતા. એક દિવસે તેમણે મહારાજને ત્યાં પોતાને ઘેર પધરાવી જમાડ્યા. અને સોળ ઉપચારે કરીને પૂજા કરી. તે વખત તેમને પ્રેમને લીધે સમાધિ થઈ ને તેમાં મહારાજની મૂર્તિ અક્ષરધામને વિશે ભાળી. અને ત્યાં મહા તેજોમય અનંત અક્ષરમુક્તો તથા મહારાજનાં દર્શન કરીને અતિ આનંદ પામ્યા. તે વખત નંદરામજી તથા મંછારામ તેમને પણ ચર્તુભુજરૂપે મહારાજ પ્રત્યક્ષ દેખાણા. પછી મહારાજે તેમને સમાધિમાંથી જાગ્રત કર્યા અને

અક્ષરધામની અને સર્વ વૃત્તાંતની વાત પૂછી ત્યારે ગોપાળજીમહારાજે તમામ કહી દેખાડી. એવું એક ચરિત્ર કર્યું. ને એક માસ સુધી મહારાજ ત્યાં હંમેશા જમ્યા હતા. ને એ ઓરડામાં ઉત્તમરાજા વિગેરેને મહારાજે પટ્ટો ખેલવા વિગેરેની કળા શીખવી હતી. સર્વને મુક્તિ આપે તથા સંતાપ સમાવે એવાં મહારાજે ત્યાં ચરિત્ર કર્યાં છે. ॥૧૩॥

રામબાઈવાળું ઉગમણા બારનું ખોરડું છે, ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૪

સંતોના ગાનની પ્રશંસા અને નારદાદિનું આગમન



રામબાઈવાળું ઉગમણા બારનું ખોરડું છે. ત્યાં મહારાજ રહેતા અને તે જગ્યાએ સાધુઓ ગાવણું શીખતા હતા. અને મહારાજ ગાવણું કરાવતા હતા. એક વખત ત્યાં મહારાજ બ્રહ્માનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, જોગાનંદસ્વામી, ગવૈયા

જ્ઞાનાનંદસ્વામી હિંદુસ્તાની વિગેરે ગાવણું કરતા હતા. ગાયક સંતોનું સંગીત સાંભળીને શ્રીહરિ સંતોની નજીક પહોંચી ગયા અને ખૂબ જ રાજી થયા. પોતાના પ્રસાદીનાં વસ્ત્ર, ફૂલોના પ્રસાદીના હાર વિગેરે આપ્યાં. તે વખતે વાતના પ્રસંગથી નારદ ને તુંબરુની વાત નીકળી. તે વાત ઘણા વિસ્તારથી મહારાજે કરી. ને મહારાજ બોલ્યા જે, "નારદ-તુંબરુનું ગાવણું તમારા જેવું ન હતું. હે સંતો ! તે પણ તમારું ગાવણું સાંભળવા અહીં આવે છે."

પછી બ્રહ્માનંદસ્વામી હસ્યા ને બોલ્યા જે, "મહારાજ, અમારાં મોટાં ભાગ્ય છે જે, તમે અમારાં વખાણ કરો છો !" પછી મહારાજ કહે જે, "અમે ખરાં વખાણ કરીએ છીએ. તે વાત અસત્ય નથી, સત્ય છે." તેમ કહી ત્રણ તાળીઓ પાડી, એટલે વેણું સહિત નારદ ને તુંબરુ બંને પ્રત્યક્ષ સહુને દેખાણા. અને તે મહારાજને સાષ્ટાંગ દંડવત કરી ઊભા રહ્યા. અને તેઓ પણ સંતોનાં વખાણ કરવા લાગ્યા. અને વેણું વગાડી ગાન કરવા લાગ્યા. તે જોઈ સાધુઓ મહા વિસ્મયને પામ્યા. પછી સાધુને જોતા એ નારદ ને તુંબરુ બંને મહારાજના ચરણારવિંદને વિશે લીન થયા. એમ એવું મોટું ચરિત્ર મહારાજે ત્યાં કર્યું છે. તે સિવાય બીજાં અનેક ચરિત્ર કર્યાં છે. ॥૧૪॥

તે રામબાઈવાળાં ખોરડાંને દક્ષણાદે કરે એક ઢાળિયું હતું, ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૫

પાંચ મૂરખની વાત અને આજ્ઞા પાળવાનો વિવેક

રામબાઈવાળા ખોરડાને દક્ષણાદે કરે એક ઢાળિયું હતું, ત્યાં કરે મહારાજે અભયરાજા તથા ઉત્તમરાજા તથા જીવુબાઈ વિગેરેને એમ આજ્ઞા કરી કે, "અમે ઉદાસ થઈને જઈએ તોપણ તમારે અમને જવા દેવા નહીં." અને સાધુને એમ આજ્ઞા કરી જે, "તમારે દિવસે ભણવું ને રાત્રિએ એકબીજાને ગાવણું શીખવવું."

પછી સાધુ દિવસે ભણ્યાનો ને ગોખ્યાનો અભ્યાસ કરે ને રાત્રે ગાવણું શીખે. એ એકઢાળિયું અક્ષરઓરડીની નજીક હતું. એવી રીતે ચાર દિવસ સુધી સંતોએ ભણવાનો આગ્રહ કર્યો. એટલે મહારાજને રાત્રિએ કે દિવસે નિદ્રા આવી નહિ, તેથી ઉદાસ થયા.

પછી એક નાગાજણ કરીને સેવક હતો. તેને મહારાજ કહે જે, "આપણી ઉતાવળી ઘોડી સાધુની ધર્મશાળાએ બંધાય છે. ત્યાંથી તું ઘોડી લઈ પરબારો વાડિયું ફરી પીપળાવાડીએ જજે." એમ આજ્ઞા કરી. અને પીપળાવાડીએ જે પાર્ષદો રહેતા તેને એમ આજ્ઞા કરી હતી કે, "રાત્રે કોઈ ચોર-ચકાર આવે તો તેને મારી નાખવા." એમ કહ્યું હતું. પછી એ નાગાજણ રાવળ ઘોડી લઈ પીપળાવાડી તરફ ગયો. અને મહારાજ બધાય પાર્ષદો સૂતા હતા તેને મૂકીને ચાલી નીકળ્યા. તેની ખબર ઉત્તમરાજાને તરત પડી. એટલે જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ, અમરબાઈ બ્રાહ્મણી ને રાજુબાઈ એ પાંચને ઉઠાડ્યાં. અને ઉત્તમરાજાએ કહ્યું કે, "મહારાજ જાય છે."

પછી ઉત્તમરાજા ને એ ડોશીઓ મહારાજને પછવાડે દોડ્યાં. પછી મહારાજે પાછા વળી તેમની માથે ધૂડની મૂઠિયો નાખી. ને કહે 'પાછા ભાગી જાઓ.' એમ કરતાં કરતાં બોટાદને ઝાંપે પીપળાવાડીને રસ્તે એક હોળીધારની ટીંબી છે, તે જગ્યાએ આવીને ઊભા રહ્યા ને ઉત્તમરાજાને ધખવા મંડ્યા.

એટલામાં એવો બનાવ બન્યો કે, પીપળાવાડીએ ગયેલા નાગાજણ રાવળ તેને ચોર જાણી ઢાંગોભગત ને નાન કોઠારી કરીને બે પાર્ષદ હતા, તેઓ તરવારો કાઢી પાછળ દોડ્યા. તેને ભાળી નાગાજણ ભગત ઘોડી ઉપર ચડેલો હતો તે ભાગી નીકળ્યો. તે ભાગતાં ભાગતાં મહારાજ જે જગ્યાએ ઊભા છે, તે જગ્યાએ આવ્યો અને સાદ ફાટી ગયો. ને બોલ્યો જે, "હે મહારાજ ! મને પાળા મારી નાખશે." પછી મહારાજે હાકલ મારી એટલે પાર્ષદો ઊભા રહ્યા.

પછી મહારાજ ઘણું હસ્યા ને બોલ્યા કે, "અમારી આજ્ઞાથી અમને પાંચ મૂરખ મળ્યા." એમ કહી પાછા અક્ષરઓરડીએ આવ્યા. ને અક્ષરઓરડીના ચોકમાં ઢોલિયો બિછાવી વિરાજમાન થયા. ને ત્યાં અભયરાજા વિગેરે સર્વે પાર્ષદોને બોલાવ્યા ને કેટલીકવાર તો હસ્યા. અને પછી બોલ્યા જે, "અમારી આજ્ઞાથી અમને પાંચ મૂરખ મળ્યા. (૧) આ સાધુને ગાવણું શીખવાની આજ્ઞા કરી. તે એક ઘડી નિવૃત્તિ જ પામે નહીં. (૨) ડોશીઓને એમ આજ્ઞા કરી કે, તમારે નવટાંક ખાવું ને રાતે નિદ્રા ન કરવી. અને અમે ઉદાસ થઈને જઈએ તો ન જવા દેવા. (૩) તેમજ ઉત્તમરાજાને પણ આજ્ઞા કરી કે, અમને જાવા દેશો મા. (૪) ને નાગાજણને એમ આજ્ઞા કરી કે, તું ઘોડી લઈ પીપળાવાડીએ જા, તે વગર બોલ્યો ગયો. (૫) અને ઓલ્યા પાર્ષદોને એમ આજ્ઞા કરી હતી જે, કોઈ ત્યાં ચોરી કરવા આવે તો મારી નાખવો પણ પોતા-પારકાનું કાંઈ ન જાણ્યું. ને ઉત્તમરાજા પગે બાધી પડ્યા ને ડોશીયો આડા ઊભા

રહી છેટેથી સ્તુતિ કરવા માંડ્યાં. તેવામાં ધડબડાટ કરતાં નાગાજણ ને પાળાઓ આવ્યા. તેથી નાગાજણને અમે હાકલ મારી બચાવ્યો. એમ કહી કેટલુંક હસ્યા. ને પછી પાછા અહીં આવ્યા.” પછી સર્વે સભા હસી. ને મહારાજ એમ બોલ્યા જે, “હે અભયરાજા ! આજ્ઞામાં પણ વિવેક છે.” એમ કહી એમ બોલ્યા જે, “વિવેક દસમો નિધિ છે.” એમ કહી પછી વિવેક વિશે ઘણી વાત કરી. પછી મહારાજ બોલ્યા કે, “હવે અમને ભૂખ લાગી છે.” તે વખત રાતના બાર વાગી ગયા હતા.

પછી મહારાજે દૂધની કરેલી પૂરીઓ મંગાવી અને ગોરસ જમ્યા. પછી ચોકમાં પરમહંસ તથા પાર્ષદોની પંક્તિ કરાવી દઈને દરબારમાંથી લાવેલા બાજરાના રોટલા અને પાપડ અને કાચરીનું અથાણું સર્વેને જમાડ્યું. પછી પરમહંસ પાસે દિવસ ઊગ્યા સુધી કીર્તન ગવરાવ્યાં ને સવારે ઘોડી ઉપર બેસી ઘેલા નદીમાં ખળખળિયે નાવા ગયા.

પછી માઘ માસમાં ઘેલે નાવાનું સર્વેને નિયમ આપ્યું. ને નિયમ આપી આખો માઘ માસ સાધુઓને જમાડવા ઉત્તમરાજા, જીવુબાઈ, લાડુબાઈ એ ત્રણના વારા ઠરાવ્યા. તે એક માસ સુધી પકવાનની રસોઈ ચાલી. તેમાં મહારાજ પંડે પીરસીને નિત્ય પરમહંસ તથા પાર્ષદોને જમાડતા. એવું એક ચરિત્ર કરેલું છે. તે આ તો લેશમાત્ર લખ્યું છે. ॥૧૫॥

અક્ષરઓરડી તથા ઉગમણા બારનું જે પ્રથમનું ખોરડું તે વચ્ચેનો ચોક, તે મોટું અદ્‌ભુત સ્થાન છે, ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૬

રામશરણ તથા નારાયણપ્રસાદને જનોઈ

ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢમાં અક્ષરઓરડીની પાસે એક ચોક હતો. એ ચોકમાં એક વખત મહારાજે યજ્ઞોપવિત નિમિત્તે મોટો યજ્ઞ કરાવ્યો હતો. અને ત્યાં નંદરામજીમહારાજના દીકરાઓ નારાયણપ્રસાદ ને રામશરણજી એ બેયને જનોઈ આપી હતી. ને ત્યાં હજારો સાધુ તથા બ્રાહ્મણોને જમાડ્યા હતા. અને તે વખત મહારાજની ધર્મકુળના તમામ જણાએ કેસર-ચંદનાદિકે કરીને એકબીજા કેડે પૂજા કરી હતી. જે વખતે યજ્ઞની પુર્ણાહૂતિ થઈ ત્યારે યજ્ઞનારાયણની મૂર્તિ યજ્ઞ કુંડમાં અગ્નિની જ્વાળામાં સહુને દેખાણી. પછી તેમણે શ્રીહરિની સ્તુતિ કરી અને તે યજ્ઞનારાયણ મહારાજના ચરણારવિંદને વિશે પ્રવેશ કરી ગયા, તે સર્વેએ ભાળ્યા. તે જોઈ હજારો માણસ મહારાજના આશ્રિત થયા હતા.

❊ મહારાજનાં સહુને દિવ્ય દર્શન અને ભોજનલીલા :

અને તે વખતે પછી લિંબડાવાળા ચોકમાં નારાયણપ્રસાદ તથા રામશરણજીને બડવો દોડાવ્યો. ત્યાં એક મોટું વિસ્મય જણાણું. મહારાજની મૂર્તિમાંથી તેજ પ્રગટ થયું. તે મહારાજને તેજે કરીને સર્વે દરબારગઢ તેજોમય થઈ ગયો. **તે તેજના મધ્યમાં રત્નજડિત સોનાનું સિંહાસન દેખાયું. અને સિંહાસનમાં વિરાજમાન શ્રીહરિનાં પણ દર્શન થયાં. ભક્તોએ જોયું કે, શ્રીહરિની આગળ મૂર્તિમાન વેદ સ્તુતિ કરતા હતા. અને અક્ષરમુક્તો આગળ ઊભા હતા. અને દર્શન કરનારા હરિભક્તોને શ્રીહરિની આગળ અવતારોનાં દર્શન થયાં. પછી તે સહુ**

તત્કાળ અદૃશ્ય થઈ ગયા. શ્રીહરિનું આવું અદ્‌ભુત ઐશ્વર્ય જોઈ ઘણા લોકોએ આશ્રય કર્યો. અને તે સહુ મહારાજને સર્વે અવતારોનું કારણ માનવા લાગ્યા.

અને પછી મહારાજ અયોધ્યાવાસીને ત્યાં જમ્યા. પછી બ્રહ્મચારી, સંન્યાસી, પરમહંસ અને સર્વે પાર્ષદ ને હરિભગતોને જમાડવા માટે પંગત કરાવી અને પોતે મહારાજે પંડે ઉઘાડે શરીરે, શરીરને વિશે ચંદન ચરચેલું એવી મનોહર મૂર્તિ થકા પંગતમાં ફર્યા. ને પોતાને હાથે પકવાન પીરસ્યા. તે વખતે ચંદનનો વરસાદ વરસ્યો.

અને સાંજ વખતે તે ચોકમાં સભા કરી હજારો બ્રાહ્મણોને રૂપિયો રૂપિયો દક્ષિણાનો આપ્યો. ને આરતી-ધૂન કરી. પછી ઉત્તમરાજાએ મહારાજની સોળ ઉપચારે કરીને પૂજા કરી. ને તે જ રીતે ધરમકુળ તથા પરમહંસની પૂજા કરી. ને ધરમકુળને આભૂષણ, વસ્ત્ર, ઘરેણાં ને ધન આપ્યું. એવો મોટો સમૈયો કર્યો. એ ચોકમાં અનેક ચરિત્ર કર્યાં છે, પણ આ તો લેશમાત્ર લખ્યું છે. એ રીતે અક્ષરઓરડીની આસપાસનાં એક એક ચરિત્ર લખ્યાં છે. ॥૧૬॥

અક્ષરઓરડી અને તેની આસપાસનાં સ્થાન લખું છું. અક્ષરઓરડીથી ઉતરાદું આઠ હાથ ઉપર સુમાબાઈ ફુઈવાળાં ખોરડાં કહેવાય છે, તે પણ દરબારના મધ્યે છે, ને અક્ષરઓરડીના ચોકથી ઉગમણાં આવ્યાં છે. તે વિશેની હકીકત નીચે પ્રમાણે છે. એ સુમાબાઈના ઓતરાદા બારના ત્રણ ઓરડા, તેમાં આથમણા ઓરડામાં ઉત્તમરાજા રહેતા ને વચલા ઓરડામાં સુમાબાઈ રહેતાં ને ઉગમણા ઓરડામાં કોક વખત મહારાજ ઉદાસ હોય ત્યારે રહેતા. ને એ ત્રણે ઓરડામાં અદ્‌ભુત ચરિત્ર કરેલાં છે, ને તેના દીકરાનો મોક્ષ કર્યો. તે

ચરિત્ર નં.૧૭

ઉત્તમરાજાની કાળ થકી રક્ષા

૧. સુમાબાઈના ત્રણ ઓરડા તે ઓત્રાદા બારના ઓરડા હતા. એક વખત પ્રથમના આથમણી તરફના ઓરડામાં મહારાજ ઉત્તમરાજા પાસે આવ્યા હતા અને પટારા ઉપર વિરાજમાન હતા. ઉત્તમરાજાને શરીરે થોડી થોડી કસર હતી. પછી મહારાજે ઉત્તમરાજાના સમાચાર પૂછ્યા. ને પૂછીને એક વાત કરી કે, “**તમારાં મોટાં ભાગ્ય છે, તે તમારા નેત્રની આગળ અનેક બ્રહ્માંડનો પતિ હું આવી બેઠો છું. માટે કોઈ તરેહની ચિંતા રાખશો નહીં.**

અંબરીષ રાજાએ પરોક્ષપણે ભગવાનની સેવા કરી હતી, તો તેની રક્ષા સારુ સુદર્શન ચક્ર ભગવાને મોકલ્યું. આ તો હું પ્રત્યક્ષ તમારાં નેત્ર પાસે ઊભો છું, માટે કાળ વિષમ હોય અથવા કરમ વિષમ હોય તો તેના પણ હું ભૂકા કરી નાખીશ. માટે તમે કોઈ જાતની મનમાં ચિંતા કરશો નહીં.” એમ કહી મહારાજે તેમના માથા ઉપર હાથ મૂક્યા એટલે દૃષ્ટિ આગળ સર્વ બ્રહ્માંડની રચના પ્રત્યક્ષ દેખાણી. તે જોઈ ઉત્તમરાજા ઘણા વિસ્મય પામ્યા ને મહારાજની સ્તુતિ કરી. પછી કાળને ભાગતા

તેમણે નજરે ભાળ્યો. એવી રીતે ઉત્તમરાજાની કાળ થકી રક્ષા કરી. ને તે મોટું ચરિત્ર કર્યું.

❋ સુમાબાઈના દીકરાનો મોક્ષ :

૨. એક વખત મહારાજને સુમાબાઈએ વચલા ઓરડામાં પધરાવ્યા હતા. અને ઉત્તમરાજા પાસે મહારાજ, સાધુ તથા હરિભગત સહિત સર્વેની પૂજા કરાવી. પછી આરતી ઉતરાવી અને મહારાજને તથા સર્વ પરમહંસને જમાડ્યા. ને પછી સુમાબાઈનો એક દીકરો મૃત્યુ પામ્યો હતો, તેથી તેમને એવો સંકલ્પ થયો કે, ‘મારા દીકરાનો મોક્ષ થશે કે કેમ ?’ ત્યારે તેમને પોતાનો દીકરો નજરે દેખાણો. અને ત્યાં તેને ચતુર્ભુજ ભાળ્યો. પછી વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયો, એમ નજરે ભાળ્યું. પછી પંચધાતુની કાંગરાળી અને માલીકોર ગોળ ફાંકાળી થાળીમાં ભરી એક હજાર સુરતી રૂપિયા મહારાજને અર્પણ કર્યા. એવું અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.

❋ જસુબાઈનો પ્રેમ, પ્રાર્થના અને શ્રીહરિની પ્રસન્નતા :

૩. ત્રીજા ઉગમણી કોરના ઓરડામાં એક વખત મહારાજ ઉદાસ થઈ ત્યાં એકાંતે સૂતા હતા. પછી કોઈનું માને નહિ અને કહે જે, “અમારે બદરિકાશ્રમમાં જાવું છે, પણ સત્સંગમાં રહેવું નથી.” પછી તે જગ્યાએ ઉત્તમરાજાની પત્ની જસુબાઈ સુમાબાઈને લઈ મહારાજ પાસે ગયાં ને ઘણી સ્તુતિ કરી. પછી મહારાજ બોલ્યા જે, “તમને પરણવા ઉત્તમરાજા આવ્યા તે વખતે તમારા પિતાએ અમને તમારું કાંડું સોંપ્યું હતું. ને તમારા પિતા કહે, ‘હે મહારાજ ! આ દીકરી તમારી છે.’ એમ કહી મને કાંડું સોંપ્યું હતું. માટે અમારે આ દેશમાં રહેવું નો’તું, પણ તમે અમને કહો છો એટલે અમે રહેશું. કેમ જે, તમારો બાપ નાગપાલ વરુ ને તમારા ભાઈ વાઘા વરુએ અમને ભટવદરમાં ઘણા પ્રસન્ન કર્યા હતા. ને ત્યાં ખારું પાણી હતું, તે અમે મીઠું કર્યું હતું.

એવા અમે તેમના ઉપર રાજી થયા હતા. અને તમારો રથ હાંકી અમે આંહીં સુધી આવ્યા, એવા અમે તમારી ઉપર પ્રસન્ન થયા હતા. માટે આ તમારું વચન અમે ખુશીથી માનશું.”

પછી મહારાજને માટે એ ઓરડામાં રસોઈ કરવા જસુબાએ ચોકો કરી મહારાજની સારુ સીધું-સામાન લઈ ગયાં. પછી બ્રહ્મચારીએ થાળ કર્યો. પછી મહારાજ રીંગણાનું શાક, બાજરાનો રોટલો ને કાચરીનું આથણું એ ત્રણ વાનાં લઈને જમવા બેઠા. એ વખત જસુબાઈને એવો સંકલ્પ થયો કે, આમાં મહારાજ દહીંનો સબડકો લે તો ઠીક. પછી તેના મનનો સંકલ્પ જાણી મુળજી બ્રહ્મચારીને મહારાજ કહે જે, “આ અમારી દીકરી જસુબાઈને અમને દહીં જમાડવાનો સંકલ્પ છે, માટે દહીં લાવો.” પછી દહીં લાવ્યા તે મહારાજ જમ્યા. અને એ પ્રસાદીનો થાળ જસુબાઈ તથા સુમાબાઈને આપ્યો. ને તેમના ઉપર બહુ પ્રસન્ન થયા ને માથા ઉપર હાથ મૂક્યો.

પછી મહારાજની ઉદાસી આળસી. તે વાત સાંભળી સર્વે પરમહંસ, બ્રહ્મચારી, પાર્ષદ, હરિભગત સર્વે આવ્યા. ને ઓસરીમાં મોટી સભા થઈ ને ત્યાં પરમહંસ કીર્તન બોલ્યા. એવું એક ત્રીજા ઓરડાને વિશે ચરિત્ર કર્યું છે.

❋ મહારાજને મારવા આવેલા અસુરોનું કપટ ઉઘાડું કર્યું :

એ સુમાબાઈના ખોરડા પછવાડે એક વાડો હતો. તે વાડામાં અક્ષરઓરડીથી અવાતું. ત્યાં મહારાજ બહિર્ભૂમિએ જાતા. એક વખત રાત્રીએ મહારાજને બહિર્ભૂમિએ જાવાનું થયું. પછી ભગુજી તથા રતનજીને મહારાજ કહે જે, “વાડામાં ખબર કાઢો.” તે વાત સાંભળી પાર્ષદો વિસ્મય પામ્યા કે, કોઈ દિવસ નહિ ને આજ કેમ ખબર કાઢવા કે છે ? પછી ભગુજી અને રતનજી વાડામાં ગયા. જ્યાં જુવે ત્યાં એક અસુરને દુશ્મનોએ મહારાજ ઉપર દગો કરવા મોકલ્યો હતો, તે

બહિર્ભૂમિના ખાડામાં તરવાર કાઢી ઊભેલો હતો. તેને ભગુજી તથા રતનજીએ પકડી લીધો ને મહારાજ પાસે લાવ્યા. પછી તે થરથર ધ્રૂજવા લાગ્યો. પછી મહારાજ કહે, “મલેચ્છ, તને કોણે મોકલ્યો ?” પછી તે કહે જે, “મહારાજ, દાદા ખાચરના દુશ્મનોએ મોકલ્યો.” પછી તેમાં જેણે દગો કર્યો હતો, તે ચાર આસામીને બોલાવ્યા. અને તે અસુરને રૂબરૂમાં બોલાવ્યો. પછી તે ચાર શખ્સોને ધકે મારી ઉઘાડે માથે કાઢી મેલ્યા. તેમાં એક જણે મહારાજની સ્તુતિ કરી.

તે વખત રાજબાઈ, લાડુબાઈ, જીવુબાઈ, ઉત્તમરાજા એ સહુ આવ્યાં. તે વખતે રાજબાઈએ જેણે દગો કર્યો હતો, તેના ઘરનું પાણી હરામ કર્યું. અને એમ કહ્યું જે, “અમારો મામો મૂવો અને આ પાપી મલેક સિપાઈને પત થશે.” પછી તેને ગળતિયો કોઢ તે જ વખત નીકળ્યો ને તે દ્વેષીની સત્સંગમાં લાજ ગઈ. પછી એ મલેકને ખેસવી કાઢી મૂક્યો. અને એ ચાર જણ વિમુખ થયા. એવી રીતે મહારાજે પોતાનો અનંત પ્રતાપ વાપર્યો. ॥૧૭॥

સુમાબાઈના ઓરડા સામી ઘોડાર હતી, ત્યાં મહારાજ હંમેશાં ઘોડાને જોવા સારુ જાતા ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૮

મહારાજે ઘોડીનો ઉદ્ધાર કર્યો.

સુમાબાઈના ઓરડા સામી ઘોડશાળ હતી. ત્યાં માણકી ઘોડી બંધાતી. તેને એક સમે પેટમાં રોગથી અતિ પીડા થઈ ને મરી જાવાનો વખત આવ્યો. પછી મૂળો કરીને ભગત માણકીની સેવામાં હતો. તેણે આવીને મહારાજને કહ્યું કે, "મહારાજ, ઘોડી મરી જાય છે." તેવું સાંભળી મહારાજ સંતોને લઈને તરત ત્યાં ગયા.

પછી મહારાજે પોતે પાણી પીને તે પ્રસાદીનું પાણી માણકી ઘોડીને પાયું. ને ઘોડી પડી હતી એટલે ઘોડીને માથે પગ મૂક્યો, તેથી ઘોડીએ આંખ ઉઘાડી. પાછી આંખ મીંચી ગઈ એટલે તેનો દેહ છૂટી ગયો. પછી કેટલેક જણે એ ઘોડીને ચતુર્ભુજરૂપે દિવ્ય દેહે ભાળી, ને કેટલેક જણે ગરુડરૂપે ભાળી. એ રીતે પ્રત્યક્ષ હજારો જણ ભાળે તેમ મહારાજે અદ્‌ભુત ચરિત્ર કર્યું. તે જોઈ સર્વે વિસ્મિત થઈ ગયા. ॥૧૮॥

એ ઘોડશાળ અને સુમાબાઈના ઓરડા વચ્ચે ચોક હતો, ત્યાં મહારાજે મલ્લ-અખાડો કરાવ્યો હતો, ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૯

મહારાજે ગંગારામ મલ્લનો ગર્વ ઉતાર્યો.

એક બાજુ ઘોડશાળ અને બે બાજુ સુમાબાઈના ઓરડાઓ હતા. તેની વચ્ચે સુંદર વિશાળ ચોક હતો. ત્યાં સભામાં મહારાજ બિરાજમાન હતા. ને એક વખત ભુજથી ગંગારામ મલ્લ મહારાજનાં દર્શને ત્યાં

આવ્યા. પછી ગંગારામ મલ્લને એમ થયું કે, મને કોઈ પોં'ચી શકે નહિ. આવું તેનું અભિમાન જાણી મહારાજે કહ્યું જે, "અમારા સાથે કુસ્તી કરો." પછી મલ્લ કહે જે, **"હે મહારાજ ! આપ તો સર્વ અવતારોનું કારણ છો. જીવ, ઈશ્વર, કાળ, માયા આદિ સહુને વશ રાખનારા છો.** અને મારા માટે પૂજનીય છો. માટે તમારી સાથે કુસ્તી થાય નહિ પણ આટલામાંથી બીજા કોઈને હુકમ કરો."

પછી બેચર ચાવડાની સોળ વરસની અવસ્થા હતી, તેને મહારાજે ગંગારામ મલ્લ સાથે કુસ્તી કરવાનો હુકમ કર્યો. તેથી ચાવડાએ પણ મહારાજને રાજી કરવા કુસ્તી કરવાની હા કહી. પછી ગંગારામ મલ્લ હસ્યા. તે જોઈ મહારાજ હસ્યા. પછી તે બંનેએ કુસ્તી કરવા માંડી. કુસ્તીમાં બેચર ચાવડાએ પગને આંટીએ ચડાવીને ગંગારામ મલ્લને પાડ્યા. અને તેની છાતી ઉપર ચડી બેઠા અને તેને મૂર્છા આવી ગઈ.

પછી બેચરે ગર્જના કરી. ચાવડાની વીરતા જોઈને મહારાજ હસ્યા. અને સભામાં બેઠેલા સહુ ભક્તો પણ વિસ્મય પામી હસવા લાગ્યા. અને સહુને થયું કે ગંગારામ મલ્લને કોઈ જીતી શકે નહિ એવા તે કુશળ યોદ્ધા છે, પણ મહારાજના પ્રતાપે જ આ સોળ વર્ષના બેચર ચાવડા જીત્યા છે. પછી ગંગારામ મલ્લને મૂર્છા વળી અને તેનો ગર્વ ગળી ગયો. પછી ઊભા થઈને મહારાજને પ્રેમથી પગે લાગ્યા. ત્યારે મહારાજે મીઠાં વચન કહીને તેને આશ્વાસન આપ્યું. અને તે બંનેને મળ્યા ને રાજી કર્યા. એવું એક અદ્‌ભુત ચરિત્ર મહારાજે ત્યાં કર્યું હતું. ।।૧૯।।

અક્ષરઓરડીના ચોકમાં થઈને સુમાબાઈના ફળીએ જવાતું, ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૦

સ્વભાવની દુષ્ટતા ઉપર સિદ્ધ ધુંધળીનાથની વાત

એક વખત એ ખડકીમાંથી નીકળતાં માણકી ઘોડીની વછેરી હઠતી(પગ પછાડતી). પછી સર્વ પરમહંસ તથા હરિજનોને બોલાવ્યા. ને પછી (મહારાજ) કહે જે, "જુઓ મહાપુરુષો, જીવના અવળા સ્વભાવનું રૂપ." પછી સો વાંસડા મરાવ્યા, તોય વછેરી ઠાઠું ઉલાળતી આળશે નહિ. પછી મહારાજ કહે જે, "જીવનો આવો અવળો સ્વભાવ છે. જો સ્વભાવ મૂક્યો હોત તો અમે આ ઘોડી ઉપર ચડત અને તેનો ઉદ્ધાર કરત, પણ સ્વભાવ જાય નહિ." તે ઉપર ધુંધળીનાથની વાત કરી બતાવી. ને તેનો જન્મ સત્સંગમાં થયો, ને તે જ્યારે છ મહિનાનો બાળક હતો ત્યારે તેણે તેના બાપને ઠોંટ મારી. અને પછી તેનો રામાનંદસ્વામીએ મોક્ષ કર્યો.

એ વાત મહારાજે વિસ્તારે કરીને કહી જે : પીપલાણામાં એક વેલો નામે કરીને સોની હતો, ને તે રામાનંદસ્વામીનો અત્યંત શિષ્ય હતો. ને તેના ઉપર રામાનંદસ્વામીની અત્યંત કૃપા હતી. તેવા વખતમાં કલ્યાણને અર્થે મુમુક્ષુજન સત્સંગમાં અવતાર લેતા હતા. તે વખતમાં વેલા સોનીને ઘરે એક દીકરો અવતર્યો. તે મહા ક્લેશી, મહા ક્રૂર અને સ્વભાવનો અતિ કરડો હતો, ને તે જન્મ્યો ત્યારથી બહુ રોતો. પછી એ છોકરો છ મહિનાનો થયો, તે વખતે તેની મા પાણી ભરવા ગઈ, એટલે વેલો સોની તેને હિંચકાવવા લાગ્યો. એટલે છોકરે ઘોડિયાની ડાંડિયે પગ મારવા માંડ્યા ને તોફાન કરવા માંડ્યું. આમ, છ માસના છોકરે એટલું તોફાન કર્યું. એ આશ્ચર્ય જોઈ વેલા સોનીએ છોકરાને તેડવાની ઈચ્છા કરી વાંકો વળીને તેને લેવા ગયો, તે વખત એ બાળકે

ઠોંટ મારી. તે એવી જોરથી વાગી કે મોઢું ફરી ગયું. એટલે આંખો મીંચીને વેલો સોની બેસી ગયો. પછી એ છોકરાની મા પાણી ભરીને આવી, તેને વેલાએ વાત કરી. તે વખત તે વેલા સોનીની સ્ત્રી કહે જે, “હે પતિ, આ છોકરો ધાવે છે, તેમાં કોઈ વખત તો મારાં સ્તન કરડે છે, ને ધુંબા એવા મારે છે કે મૂંઝારો આવે એવું કૌતુક કરે છે.” તે સાંભળી વેલાએ વિચાર કર્યો કે, આ વાતને સદ્‌ગુરુ વિના આ માઈનો કોઈ નહિ જાણે. માટે રામાનંદસ્વામી આખા ગામમાં આવ્યા છે ત્યાં જાઉં. પછી આખે ગયો, અને સ્વામીને પગે લાગીને બેઠો. ત્યારે સ્વામી બોલ્યા, “ભક્ત કેમ આવ્યા છો ?” ત્યારે એ વેલા સોનીએ સર્વ વૃત્તાંતની વાત કરી દેખાડી. અને પછી તે વાત સાંભળી રામાનંદસ્વામી હસ્યા. પછી તે આખાના હરિભક્ત સહિત પીપલાણે પધાર્યા.

અને તે વેલાને ઘરે ગયા. તે વખત એ વેલા સોનીનો છોકરો ઘોડિયામાં સૂતો હતો. તેને સ્વામીએ જોયો. તે વખત તે ડોળા તાણવા લાગ્યો, ને એક નજરે સ્વામી સામે જોઈ રહ્યો. પછી સ્વામી બોલ્યા, “હે પાપી ! સાત જનમ થયા તોપણ સ્વભાવ ટળ્યો નહિ ? અને હવે મુક્ત થાવા સત્સંગમાં અવતાર લીધો તોપણ દુષ્ટ સ્વભાવ ન ટળ્યો ? માટે હે પાપી ! આ સ્વભાવ મૂક્ય, નહિ તો તારી દુષ્ટતા જશે નહિ.”

પછી છોકરે બૂમો પાડવા માંડી અને રોવા લાગ્યો. પછી સ્વામીએ તેને માથે પગ મૂક્યો અને હાથ ફેરવ્યો. એટલે સ્વામી સામે એક નજરે જોઈ રહ્યો. પછી વેલા સોનીને કહે, “આને ઘોડિયામાંથી બહાર કાઢો.” પછી તે છોકરાને બાર કાઢ્યો અને સ્વામી ઢોલિયા ઉપર બેઠા હતા, તેની સામો ઉતરાદે મુખારવિંદે બેસાર્યો. પછી તે છોકરો પોતાને જાણે પલોંઠી વાળીને તે ઉપર બે હાથ જોડી સ્વામી સામું જોઈ રહ્યો. અને તે વખતે એ પીપલાણાના નરસી મહેતા નામે હરિભક્ત હતા. તેણે ગુરુમહારાજને પૂછ્યું કે, “આ કોણ હશે ?”

ત્યારે સ્વામીએ વાત કરી કે, “કેટલાક વરસ ઉપર આ પૃથ્વીમાં એ સિદ્ધ હતો. અને એનો જન્મ વાળંદને ઘરે થયેલો હતો. અને તે ઘણો તપશી ને પ્રતાપી હતો. એક વખત ઢાંક(તા.ઉપલેટા, જિ.રાજકોટ) માં નાગાજણ જેઠવાને ઘરે તે ગયો હતો. અને તે નાગાજણ જેઠવા તથા તેની રાણીએ ઘણી તેની સેવા કરી હતી. પછી તે સિદ્ધ પ્રસન્ન થયો. અને કહે જે, ‘તું માગ્ય.’ એમ કહેતા નાગાજણ જેઠવો કહે જે, ‘મારે પુત્ર થાય.’ ત્યારે કહે જે, ‘એકના બે થશે. એક પુત્ર મારો ને એક પુત્ર તારો. તે પુત્ર બાર વરસનો થાય એટલે હું તારે ત્યાં આવીને લઈ જઈશ.’ એમ કહીને તે સિદ્ધ હેમાળા પર્વત ભણી ચાલ્યો ગયો.

અને ત્યાં તેણે ઘણી તપશ્ચર્યા કરી ને સ્વભાવ ટાળવા સારુ ઘણા ઉપાય કર્યા. અને તેણે પોતા જેવા ત્યાં ત્યાંસી ચેલા કર્યા. પછી તે ગિરનારની તળેટીમાં આવ્યો. અને ત્યાંથી તે ઢાંકમાં નાગાજણ જેઠવા પાસે ગયો. પછી રાજા અને રાણીએ હાથ જોડીને તેની સેવા કરવા માંડી. ને બેય દીકરા લાવીને આગળ મૂક્યા. પછી હાથ જોડ્યા. તેમાં મોટા દીકરાનું નામ ‘મે જેઠવો’ કરીને હતું ને નાના દીકરાનું નામ ‘સિદ્ધરાજ જેઠવો’ કરીને હતું. પછી બે પુત્રને જોઈને તે કહે જે, ‘આ બેમાંથી મને કયો ચેલો કરવા આપો છો ?’

ત્યારે નાગાજણ જેઠવો તથા એમની રાણી બેય પરિયાણ કરી (વિચારીને નક્કી કરી) કહે જે, ‘જે તમારા ભેળો આવે તેને લઈ જાવ.’ પછી મેં જેઠવાને કહ્યું કે, ‘મારી સાથે હાલ.’ ત્યારે તેણે ના પાડી. ત્યારે સિદ્ધરાજ જેઠવો કહે જે, ‘હું આવીશ.’ પણ તે રાજા તથા રાણીને સિદ્ધરાજ ઉપર બહુ હેત હતું, પણ તેણે તે જ વખત સિદ્ધરાજને ગુરુદીક્ષા આપી મુંડ્યો. ને તેનું નામ ‘સિદ્ધનાથ’ એવું પાડ્યું, ને તે ચોરાસીમો શિષ્ય કર્યો. ને તે રૂપાળો ને સંતોષે યુક્ત ને શાંત સ્વભાવવાળો જોઈને પોતામાં જેટલી કરામત હતી, તેટલી બધી જ એને શીખવી.

પછી તે બંને વળા ગામ છે, તેનું નામ વિમલાપુરી કરીને હતું અને ત્યાં ગામમાં રાજા રહેતો. પછી ધુંધળીનાથ ઈશાવળા ડુંગર ઉપર ગુફા છે ત્યાં રહેતો. તે એવા આકરા સ્વભાવનો હતો કે, કોઈ તેની પાસે ટકી શકે નહિ. પછી તેની પાસે ચોરાસી ચેલા હતા તેમાંથી ત્રાશી ચેલા નાસી ગયા. અને ચોરાસીમો સિદ્ધનાથ એક રહ્યો. ને તે વિમલાપુરીમાં ભિક્ષા કરવા જાય, પણ તે ગામ કૃપણ હતું. તેથી કોઈ ભિક્ષા આપે નહિ. પછી વરતેજ ગામ છે, તે જગ્યાએ ઝાડી હતી, તે ઝાડીમાં ચંદનનાં ઝાડો હતાં. તેમાંથી લાકડાં કાપી એક શાહુકારને ત્યાં તેનો ભારો બાંધી વેચે. અને તે વખતે તે પૈસાના જે દાણા આવે તે રુવા કરીને એક કુંભાર હતી તેને આપે. તેનો તે કુંભારણ દળીને રોટલો કરી આપે, તે લઈ ધુંધળીનાથને ખવરાવે. ને પંડને તો બે ત્રણ દિવસના કડાકા થાય. એવું કરતાં કરતાં ત્રણ વર્ષ વીતી ગયાં.

પછી એક વખત દિવાળીના નવા દિવસમાં કાળી ચતુર્દશીને દિવસ ચોસઠ જોગણીઓના રથ એ ઈશાવળા ડુંગર ઉપરથી નીકળ્યા. તે ધુંધળીનાથની ધૂણીનો ધુંવાડો તેના એક રથને લાગ્યો, તેથી ચોસઠે રથ ઈશાવળા ડુંગર ઉપર પડ્યા. તે વખત ચોસઠે જોગણિયો તાળિયું લઈને બોલિયું કે, ‘આ મારો પીટ્યો ધુંધળીનાથ સિદ્ધનો દીકરો થયો છે. અને ત્યાંસી ચેલા કાન ભૂંશી ભાગી ગયા, પણ આ રાજા નાગાજણ જેઠવાનો દીકરો મુંડેલો તેને ઈંધણાના ભારા વેઈ વેઈને માથામાં ટાલ પડી ગઈ. ને તેની કમાણીનો રોટલો ખાય છે, ને વળી સિદ્ધ બન્યો છે ને જાતિ સ્વભાવ તો મૂકતો નથી. બળ્યું એનું સિદ્ધપણું.’

તે સાંભળી ધુંધળીનાથ ગુમ થઈ(ગમ ખાઈ) ગયો. પછી પેલી ચોસઠ જોગણીયો પગે લાગી ને હાથ જોડી ઊભી રહીયું. ત્યારે આણે પાણીની અંજલી છાંટી એટલે ચોસઠે રથ ચાલ્યા ગયા. પછી થોડીક વાર થઈ એટલે સિદ્ધનાથ ભાત લઈ આવ્યો, ને ભાત તેની આગળ મૂક્યું. ત્યારે

પંડે ધુંધળીનાથે તેના સામું જોયું ને પાસે બોલાવ્યો. ને માથું જોયું ત્યારે ટાલ ભાળી. તે જોઈ તેના વૃત્તાંતની તમામ વાત પૂછી, એટલે સિદ્ધનાથે વિચાર કર્યો, જો વાત નહિ કરું તો મને બાળીને ભસ્મ કરી નાખશે.

પછી બોલ્યો કે, 'મહારાજ, આ ગામનો રાજા કૃપણ છે ને વસ્તી પણ કૃપણ છે. તેથી કોઈ ભિક્ષા આપતું નથી. અને તમને આ આશ્રમમાં બહુ સારું લાગ્યું, એટલે મેં તમારી પ્રસન્નતાને અર્થે કુહાડી રુવાં કુંભારણને ત્યાંથી લઈ આ વનમાંથી ચંદનનાં લાકડાં લાવી વેચીને દાણા આવતા, તે લઈ એ કુંભારણને ત્યાં દળાવી, રોટલા, શાક વિગેરે જે થતું તે તમને હાજર કરતો. કદી વધારે દાણા આપે તે દિવસ હું ખાતો, નહિ તો મારે ચાર-ચાર, પાંચ-પાંચ લાંઘણો થાતી. આજ મને સાત લાંઘણો થઈ છે, પણ ગુરુની મરજી કેમ લોપાય ? આખર જો તમારી પાસે વાત કરું તો ઉલકાપાત થાય. માટે તમને આજ ખબર પડી એટલે તમે પૂછ્યું. માટે હવે ક્રિપા કરી કોપ કરશો મા.'

પછી રામાનંદસ્વામી નરસી મેતાને કહે છે, "હે નરસી મેતા, આ વાત સાંભળી જે સામી આ છ માસની મૂર્તિ બેઠી છે તેની આંખો રાતી બંબ જેવી થઈ ગઈ, ને મહા ક્રોધાયમાન થયો. ને કહે જે, 'સિદ્ધનાથ ! સાંભળ.' એમ કહી પત્ર હાથમાં લીધું ને કહે જે, 'આ સવા પોર દિવસ ચડ્યે વળા પટન સો દટન હોગા. ઓર માયા સો મીટી હો જાયેગી.' તે સાંભળીને સિદ્ધનાથ થરથર ધ્રૂજ્યો ને કહ્યું કે, 'મહારાજ, એ રુંવા કુંભારણ રોટલા ઘડી દેતી તેના શા હાલ થશે ?' પછી ધુંધળી મલ્લ સિદ્ધનાથને કહે જે, 'તું રુવાને ચેતવ. તે ભાગી જાય ને પાછું વાળી ન જુવે.' એમ કહેતા સિદ્ધનાથે ગામમાં જઈને એ રુવાંને કહ્યું. પછી એ રુવાં કુંભારણ, ને તેની દીકરી, ને એક દીકરો, ને એક પોઠિયો એ ચાર જણ ત્યાંથી ભાગ્યાં. ને સિદ્ધનાથ તે ઈશાવળા ડુંગરે આવ્યા. અને સૂરજનારાયણ ઉદય થયા કે ભોજપત્ર પછાડ્યું એટલે ચોરાસી

પાટણ દટાઈ ગયાં અને કાળો કેર થયો. પછી ભાવનગર પાસે દરિયા કિનારે એ રુવાં કુંભારણ પહોંચી અને પાછું વાળીને જોયું કે, એ વાત સાચી છે કે ખોટી છે ? તેમ જોતાં વેંત જ એ પથ્થરની બની ગઈ ને ત્યાં પડી. ને ધુંધળીનાથ ને સિદ્ધનાથ આ બંને ગુરુ ને શિષ્ય પોતાની સિદ્ધાઈ થકી આકાશ મારગે ઊડ્યા. તે જે જગ્યાએ રુવાં કુંભારણ પાષાણની થઈને પડી હતી, તે જગ્યાએ આવ્યા. ત્યાં સિદ્ધનાથ કહે કે, 'ગુરુ આ રુવાંના તો બેહાલ થઈ ગયા છે.' પછી ગુરુ હેઠા ઊતર્યા ને જુવે છે તો રુવાં પથ્થરની થઈને પડેલી જોવામાં આવી.

પછી કહે જે, 'કળજુગમાં આ પૂજાશે.' એમ કહીને કહ્યું જે, 'હવે સિદ્ધનાથ આપણે તો બદરિકાશ્રમમાં જઈને તપ કરશું.' એમ કહી સિદ્ધનાથને લઈ તે હિમાલય પર્વત ઉપર ચાલ્યા. ને હિમાલયના મધ્યે ગયા ત્યાં આ પાટણનો નાશ કર્યો તે પાપનું પ્રાયશ્ચિત લાગ્યું. તેથી હિમાલય પર્વતમાં, હે નરસી મેતા ! આ મૂર્તિ બેઠેલી છે તે ગળી ગઈ. ને સિદ્ધનાથ બદરિકાશ્રમમાં ગયો. ને તે ધુંધળીનાથના પાપથી છૂટ્યો.

ધુંધળીનાથને સિદ્ધાઈના ને તપશ્ચર્યાના પ્રતાપથી પોતાને પોતાની ઓલ્યા જન્માંતરની સ્મૃતિ રહી. એટલે નરકમાં તો ન પડ્યો, પણ છ જનમ લેવા પડ્યા. અને તેણે સિદ્ધાઈથી તથા તપશ્ચર્યાના બળથી આ સત્સંગમાં જન્મ લીધો છે તોપણ સ્વભાવ ટળ્યો નહિ. હવે એના સ્વભાવનો અમારા દર્શનના પ્રતાપથી નાશ થઈ ગયો. માટે હવે સત્સંગમાં ફરીથી જન્મ લેશે અને ભગવાનની પ્રાપ્તિ થશે. તેથી તેને માથેથી જનમ-મરણ ટળી જાશે."

એમ કહીને તે બાળકની ને પોતાની એક દૃષ્ટિ કરી. તે જ વખત તે બાળકનો દેહ છૂટી ગયો. અને તેને સુખડનાં લાકડાંમાં અગ્નિસંસ્કાર કરવાની આજ્ઞા કરી. એવી રીતે સ્વભાવનું પ્રધાનપણું છે. એમ મહારાજે વાત કરી કહ્યું, "સિદ્ધ હોય તોપણ જન્મોજનમ સ્વભાવ જાય નહિ,

માટે સ્વભાવ મૂકવો તે ઘણું કઠણ છે.” એમ બોલ્યા પછી કહે જે, **“સંત તથા ભગવાનની કૃપા થાય ત્યારે સ્વભાવ સારો થાય છે.** અને સંતો તથા અમારી અમી નજર થઈ માટે હવેથી આ ઘોડી હઠશે નહિ.” એમ મહારાજ બોલ્યા. ॥૨૦॥

બાવા ખાચરનો ડેલો છે ત્યાં સદાવ્રતની ઓરડી હતી, ત્યાં કરેલું

ચરિત્ર નં.૨૧

મહારાજે ખાખી બાવાઓને નરસિંહરૂપે દર્શન આપ્યાં.

બાવા ખાચરનો ડેલો છે ત્યાં સદાવ્રત આપવાની ઓરડી હતી. ત્યાં દાદાગુરુ પ્રભુતાનંદજી એવા નામના સંત સદાવ્રત આપતા. એક વખત બસો જેટલા નાગડા ખાખીઓની મોટી જમાત સદાવ્રત લેવા માટે ત્યાં આવી હતી. તેણે કહ્યું કે, “ગોળ, ઘી અને લોટ ત્રણે ભાગ બરાબર લેશું.” પછી દાદાગુરુ નામે સાધુ હતા, તેણે મહારાજને પાસે આવી ખાખીઓનું સઘળું વૃત્તાંત જાહેર કર્યું.

પછી મહારાજ પાર્ષદોને સાથે લઈ તુરંત સદાવ્રતની ઓરડીએ પંડે પધાર્યા અને ઓરડીના બારણામાં ઊભા રહ્યા. મહારાજને ભાળી ભયંકર વેશ અને ક્રુર દષ્ટિવાળો એક ખાખીનો મહંત આવી સામો ઊભો રહ્યો. અને બોલ્યો જે, “તમે ભગવાન કહેવાઓ છો ?” ત્યારે મહારાજ કહે જે, “હા, અમે ભગવાન કહેવાઈએ છીએ.” ત્યારે તે કહે જે, “જો તમે ભગવાન હો તો નરસંગરૂપે અમને દર્શન દ્યો, નહિ તો આવા પાખંડ મૂકી દ્યો.”

પછી મહારાજે ઇચ્છા કરી તેથી તરત બસે ખાખીઓને મહારાજ નરસંગરૂપે દેખાણા. તેથી તે મહંત તો નાગો નાગો કૂદકા મારી શીશ

ડોલાવી નાચવા માંડ્યો અને જયઘોષ કરવા લાગ્યો. તે જોઈ સાંભળીને આખું ગામ ભેગું થયું. પછી એ મહા અદ્‌ભુત ચરિત્ર જોઈ ઘણા લોકો વિસ્મય પામ્યા. અને ખાખીઓ પણ મહારાજનું આવું સ્વરૂપ જોઈને અતિ રાજી થયા અને આનંદથી તરબોળ થઈ ભક્તિભાવથી વંદન કરવા લાગ્યા.



પછી મહારાજે નરસંગરૂપ અદૃશ્ય કર્યું અને પૂર્વની માફક મનુષ્યરૂપ થયા. પછી તેને મહારાજે નેતરની સોટી અડાડી એટલે તેણે નરસંગ ભગવાનને પ્રત્યક્ષ જોયા. પછી તેને મહારાજમાં પ્રવેશ થાતા નજરે ભાળ્યા. પછી તે મહંત સહિત ખાખીઓને મહારાજે કાળી રોટી કરીને જમાડ્યા અને તૃપ્ત કર્યા. પછી તેમાંથી એ મહંત અને બધા ખાખીઓ મહારાજના આશ્રિત થયા અને દીક્ષા લઈ પરમહંસ થયા. અને મહારાજનું ભજન કરવા લાગ્યા. એ પ્રમાણે મહારાજે ત્યાં ચરિત્ર કર્યું છે. ॥૨૧॥

એ સદાવ્રતની ઓરડીના ખાંચામાં પૂનમિયો કૂવો ગળાવ્યો. તે પૂનમને દિવસ પાણી થયું એટલે 'પૂનમિયો' નામ પાડ્યું ત્યાંનું

ચરિત્ર નં.૨૨

પૂનમિયા કૂવામાં મહારાજ ગંગાજી લાવ્યા.

એ સદાવ્રતની ઓરડીના ખાંચામાં મહારાજે કૂવો ગળાવ્યો. અને પૂનમને દિવસ પરચો આપ્યો તેથી તે દિવસે કૂવામાં પાણી થયું એટલે પૂનમિયો કહેવાય છે. એ પૂનમિયા કૂવાનું લાડુબાઈએ ભર્યું કરાવ્યું. તે વખતે મહારાજે પરમહંસ તથા હજારો બ્રહ્મણોને જમાડ્યા. પછી તેમાં કેટલાક બ્રાહ્મણો ખળ હતા. તેણે એવો તરક બાંધ્યો કે, સત્સંગી લોકો કહે છે જે, 'મહારાજે આ કૂવામાં ગંગા કાઢી.' એમ કહી તેમાંથી ગર્વિષ્ઠ ચાર બ્રાહ્મણો મહારાજના દેખતા કહે જે, "સ્વામિનારાયણ ! અહીંથી ગંગા નીકળી." પછી મહારાજ કહે, "હા, કૂવો જુવો ને પાણી પીઓ એટલે તમને સાચી ખબર પડશે."

પછી તે બ્રાહ્મણોએ કૂવો જોયો ને પાણી પીધું એટલે ચારેયને



પૂનમિયો કૂવો

સમાધિ થઈ. ને તેમાં ગંગાજીને પ્રત્યક્ષ ભાળી. પછી ગંગાએ કહ્યું, "સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. અને ઈશ્વરો તથા કાળ પણ તેમની આજ્ઞા લોપતા નથી. ને હું પણ તેમની આજ્ઞાથી આ કૂવામાં નિવાસ પામી છું." આમ કહી ગંગા અદશ્ય થઈ ગયાં. એટલે એ ચારે જણ સમાધિમાંથી ઊઠ્યા. અને સહુને મહારાજના પ્રતાપની વાત કહી. પછી પોતે પણ મહારાજના આશ્રિત થયા ને વર્તમાન લીધાં. એવું મહારાજે તે દિવસે ચરિત્ર કર્યું. ॥૨૨॥

એ પૂનમિયા કૂવાથી ઓત્રાદી ઓરડી હતી, ત્યાં કેસરીસિંઘ ને માનસિંઘ રહેતા ત્યાં મહારાજે કરેલું અદ્‌ભુત

ચરિત્ર નં.૨૩

મહારાજની લક્ષવેધ કરવાની લીલા

એ પૂનમિયા કૂવાથી ઓત્રાદી એક ઓરડી હતી, તેમાં કેસરીસિંઘ અને માનસિંઘ નામે બે પાર્ષદ રહેતા હતા. એક વખત મહારાજ સંતો અને પાર્ષદોને સાથે લઈ કેસરીસિંઘ અને માનસિંઘની બેઠકે ગયા. તે બંને સારા નિશાનબાજ ગણાતા. તેથી મહારાજે ત્યાં એક સોપારીનું નિશાન માંડ્યું. એટલે કેસરીસિંઘ ને માનસિંઘે કમાન ઉપર તીર ચડાવીને નિશાન પાડી નાખ્યું. એટલે મહારાજ તેમના ઉપર ઘણા રાજી થયા.

પછી મહારાજે સંધ્યા વખતે એક પાળ ઉપર આદમીને ઊભો રાખ્યો અને તેના બે ખભા ઉપર બે દીવા કરાવ્યા, ને એક માથા ઉપર દીવો કરાવ્યો. પછી મહારાજે કમાન હાથમાં લઈ ત્રણ તીર સાંધી એક હારે ત્રણે તીરનો ઘા કર્યો એટલે ત્રણે દીવાની વાટ્યો ઉડાડી દીધી અને તેલ ઢોળાયું નહિ; એવું મનુષ્યચરિત્ર કર્યું. પછી તે મહારાજનું ચરિત્ર જોઈ સર્વે વિસ્મય પામ્યા.

❊ કેસરીસિંઘ તથા માનસિંઘના માતાનો મોક્ષ :

તે દિવસ એકાદશી હતી. તે જગ્યાએ સાધુઓને જાગરણ કરાવી સંતો પાસે કીર્તન ગવરાવ્યાં. અને બીજે દિવસે સવારે મહારાજ તથા સાધુઓને કેસરીસિંઘ તથા માનસિંઘે પારણું કરાવ્યું. પછી કેસરીસિંઘ તથા માનસિંઘજીની ડોશીએ બંને પુત્રો પાસે ફૂલહાર, વસ્ત્ર, અલંકાર વિગેરેથી મહારાજની પૂજા કરાવી. ને તે ડોશી થોડા થોડા માંદા હતાં. તેમને મહારાજે ઘણી પ્રકારે અષ્ટાંગયોગની વાત કરી. પછી તે ડોશીએ મહારાજનું ધ્યાન કર્યું અને તે જ વખતે મહારાજની સમક્ષ તેણે દેહ છોડી દીધો. અને તેજોમય ભાગવતી તનુ પ્રાપ્ત કરીને વિમાનમાં બેસી સર્વથી પર એવા અક્ષરધામમાં ગઈ. પછી મહારાજે તેના દેહની ક્રિયા કરાવી. એવી રીતે એક અદ્‌ભુત ચરિત્ર મહારાજે કર્યું છે. ॥૨૩॥

એ ઓરડીથી ઓત્રાદું અને પૂનમિયા કૂવાથી ઓત્રાદો દશ હાથ ઉપર એભલ ખાચરનો દરવાજો હતો, તેને બહાર ચોરાના બે ઓટા હતા. તેમાં ઓત્રાદા ઓટા ઉપર લીંબડો હતો, ત્યાં મહાદેવ હતા તેનું

ચરિત્ર નં.૨૪

એભલ બાપુને સરસ્વતીનાં દર્શન અને પ્રભુપૂજન

ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં એકવાર દશેરાનો દિવસ હતો. તે દિવસ એભલ ખાચરે હવન કરવાનું નક્કી કર્યું. ત્યારે સવારની વખતે મહારાજ ત્યાં આવ્યા ને પૂછ્યું કે, “શેનો હવન કરો છો ?” ત્યારે એભલ ખાચર કહે જે, “અમારી ત્રણ પેઢીથી કોઈ દિવસ જીવ-હિંસા કરતા નથી. માટે અહિંસામય હવન કરીએ છીએ. ને હવે અમે

તમારા આશ્રિત થયા માટે જેમ તમારી આજ્ઞા હોય તેમ કરીએ. ને અમારી દેવીને નૈવેદ્ય પણ આજે થાય છે.”

પછી મહારાજ બોલ્યા જે, “તમે મારા આશ્રિત થયા ને વૈષ્ણવી દીક્ષા લીધી માટે તમારો દેવ હું ને હવન કરવો હોય તો મારો હવન કરો. અને આજથી તમારા દેવ દેવલાને માનશો મા. મારા નામથી ગોપીનાથ એવે નામે કરીને અમે તમારે ત્યાં દેવનું સ્થાપન કરશું. તે સર્વ જગત જાણશે. માટે તમારા દેવ આજથી ગોપીનાથ છે.” એમ કહી એમ બોલ્યા કે, “સરસ્વતી દેવી છે, તેની પૂજા કરી તે નિમિત્તે હવન કરો.”

પછી હરિભક્ત બ્રાહ્મણો પાસે તે રીતે હવન કરાવ્યો. તે વખતે એભલ ખાચરને સાક્ષાત્ સરસ્વતી દેવીનું દર્શન થયું. તેને ચાર ભુજા હતી. ને હાથમાં વેણું, વાજિંત્ર તથા માથે મુગટ ને આભૂષણ-ઘરેણાં સહિત દેવી દેખવામાં આવ્યા, ને પગમાં નેપુર-ઝાંઝર પહેરેલાં હતાં. પછી તે સરસ્વતી દેવી મહારાજ પાસે નૃત્ય કરવા લાગ્યાં. ને મહારાજનાં ચરણારવિંદને વિશે લીન થયાં.

પછી એભલ ખાચરે સોળ ઉપચારે કરીને મહારાજની પૂજા કરી, વસ્ત્ર પહેરાવ્યાં, ઘરેણાં પહેરાવ્યાં અને એક ભારે તાજણિયા ઘોડા ઉપર સરંજામ માંડીને મહારાજને ભેટ આપ્યો. પછી મહારાજને થાળ કરી દૂધપાક વિગેરે જમાડ્યા ને પંડે પ્રસાદી જમ્યા. અને પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, હરિભગત ને બ્રાહ્મણો સર્વેને જમાડ્યા. અને પરમહંસો વિગેરેને વસ્ત્રો ઓઢાડ્યાં, ને બ્રાહ્મણોને દક્ષિણા આપી. પછી મહાદેવને ત્યાંથી જે જગ્યાએ વાવ છે તે જગ્યાએ બેસાર્યા. એવી રીત્યે ત્યાં મહારાજે એક ચરિત્ર કર્યું છે. ॥૨૪॥

દક્ષણાદા ઓટા ઉપર એભલ ખાચર બેસતા તેનું

ચરિત્ર નં.૨૫

એભલ બાપુ તથા તેમના પરિવાર દ્વારા પરમહંસની સેવા

એક વખત મહારાજ કરિયાણે ગયા હતા. પછી મહારાજનાં દર્શન કરવા સારુ લાડુબાઈ, જીવુબાઈ, રાજબાઈ ત્યાં ગયા હતાં. તે દર્શન કરીને પાછાં આવતાં વાવડી ગામ અને કીડી ગામ વચ્ચે વાવ છે ત્યાં આવ્યાં. ત્યાં અખંડાનંદસ્વામી એવે નામે કરી એક પરમહંસ મહારાજનાં દર્શન કરવા ગુજરાતમાંથી આવતા હતા, પણ તે જગ્યાએ આવતાં સ્વામીને પેટબેસણું થયું, તેથી બેહોશ થઈને ત્યાં પડ્યા હતા. તે વખતે વેલમાં બેઠેલાં ત્રણે ડોશીયો તે જગ્યાએ આવ્યાં અને સાધુની એવી દશા જોઈ પોતા પાસે પાર્ષદ હતો તેને બીજી બાઈયો પાસે કેવરાવ્યું કે, “આ સાધુને આ વેલમાં બેસાડીને ગઢડે લઈ જવા છે. કેમ જે, મહારાજ કરિયાણાથી સોરઠમાં ગયા છે, માટે ત્યાં પહોંચી નહિ શકે. વાસ્તે આ સાધુને કહો ગઢડા આવે.”

પછી જે સાધુને કહ્યું તે પરમહંસ સમાધિવાળા હતા. પછી પરમહંસ કહે જે, “સ્વામિનારાયણની આજ્ઞા નથી. માટે વેલમાં બેસીએ નહિ.” પછી જીવુબાઈએ મહારાજનું ધ્યાન કર્યું ને મૂર્તિને ખેંચી. ત્યારે તે પરમહંસને સમાધિમાં મહારાજનાં દર્શન થયાં ને મહારાજે વેલમાં બેસવાની આજ્ઞા આપી. પછી પરમહંસને વેલમાં બેસાર્યા. પછી એ ડોસીયો પગપાળા ચાલીને ઘરે આવ્યા ને અભયરાજાને સર્વ વૃત્તાંતની વાત કરી.



પછી અભયરાજાએ પંદર દિવસ સુધી એ પરમહંસને વા શેરડો(પેટબેસણું) હતું, તે પોતાને હાથે સેવા કરી સાજા કર્યા. અને પોતાને સૂવાના પલંગ ઉપર સુવરાવી તે પરમહંસ જે મોઢે માંગે તે આપી એભલ ખાચરે ખૂબ સેવા કરી.

પછી એક વખત પરમહંસ અખંડાનંદસ્વામીને તાંદળજાની ભાજી ખાવાનું મન થયું. પછી કહે જે, "એભલ ખાચર, મારે તાંદળજાની ભાજી ખાવી છે." પછી એભલ ખાચર કહે, "ઠીક સાધુ મહારાજ." પછી તે જ વખતે સોમલો પટગર નામનો એક કાઠી હતો, તેને એભલ ખાચર કહે જે, "આ ગામમાં આપણી વાડી પેલા સોમા ઠક્કર તથા લાખા ઠક્કરને આપેલી છે, તે વાડીમાં જઈ ત્યાંથી તાંદળજાની ભાજી લઈ આવો." પછી ત્યાં લેવા જતાં ત્યારે એ સોમા ઠક્કરના દીકરાએ ના પાડી. તે વખતે સોમો આવ્યો અને છોકરાને કહે જે, "શા સારુ ભાજીની ના પાડી ? આપા એભલ ખાચરને ઓળખ છો ? પંડે જોવા આવશે, ને જો ભાજી ભાળશે તો મારા તથા લાખાના ને તારા

કટકા થાશે, માટે ભાજી આપ.” ત્યાં તો સોમલો પટગર ઘરે ગયો ને કહે જે, “ભાજી નથી.” પછી સોમો તથા લાખો બંને જણ ભાજી લઈને આવ્યા. ને કહે જે, “બાપુ, છોકરો ભૂલી ગયો તે ના પાડી, પણ ભાઈ હવે લ્યો.” પછી એભલ ખાચર કચવાણા.

તે વખત અખંડાનંદસ્વામી કહે જે, “પીડા દઈને ભાજી લેવાય નહિ, ને તે ભાજી ખવાય નહિ. અમારો સાધુનો ધરમ જાય.” પછી બંને ખોજાઓ પાઘડી ઉતારી સ્વામીને પગે લાગ્યા, પણ તેમણે ભાજી ન લીધી.

❋ એભલબાપુને અખંડાનંદસ્વામીને રાજી કરવાનો આલોચ :

પછી આ પરમહંસને રાજી કરવા સારુ એ સોમો ઠક્કર તથા લાખા ઠક્કરને પાસે બેસારી એભલ ખાચર સાંગા હજામને કહે જે, “ખતનો ચોપડો લાવ્ય.” પછી વીરજી લવિંગિયાને બોલાવી ખત જોવરાવ્યું. પછી સાડા પાંચસે રૂપિયા નીકળ્યા અને પાંચ કળશીનો કઢારો(ઉછીનું લઈ વધારે પાછું આપવાનો કરાર) નીકળ્યો. તેમાં લીટા તાણ્યા ને તે ખોજાની વાડીનો ઈજારો માફ કર્યો. પછી સોમો ઠક્કર કહે જે, “બાપુ, રળી રળીને આપત પણ ખાવા દરણું નથી.” પછી એભલ ખાચરે બે કળશી કેશરિયો બાજરો તે બંનેને આપ્યો. અને પછી તે ખોજા કહે જે, “ભાજી તથા જે બકાલું હશે તે અમે હાજર કરશું. ને હવેથી રોજ બકાલું અમે આપી જાશું.” પછી પરમહંસ અખંડાનંદસ્વામી ઘણા પ્રસન્ન થયા ને ભાજી ખાધી.

પછી તે વખતે વ્યાપકાનંદસ્વામી કરીને પરમહંસ ત્યાં આવેલા હતા, તે બોલ્યા કે, **“एभल खाचर तो बडा सेवक हे पण अखंडानंद बडा मोटा होकर खलकाके पोषण वास्ते केसी लीला बनाता हे। आ वात नारायण स्वामी जब सांभलेगा तब विमुख करेगा।”** તેમ કહ્યું ત્યારે અખંડાનંદસ્વામી ઘણા બીન્યા.

પછી મહારાજ સોરઠમાંથી કરિયાણે આવ્યા. તે વખતે પરમહંસ વ્યાપકાનંદસ્વામી કરિયાણે દર્શને ગયા. અને ત્યાં આ પરમહંસ અખંડાનંદસ્વામીની સર્વ વાત કરી અને કહે કે, “**अखंडानंद खलका के वास्ते बोत पोषण करता हे।**” તે સાંભળી મહારાજ કહે જે, “સ્વામી, ખરા મંદવાડના આપત્કાળમાં તમે જે વાત કરી તે રીતે અભ્યાગતની સેવા કરે તેને તો અમે અમારું દેહ અર્પણ કરીએ.” તે સાંભળી વ્યાપકાનંદસ્વામીએ મહારાજની ઘણી સ્તુતિ કરી. પછી મહારાજ કહે જે, “એભલ ખાચર તથા તેની દીકરીયો તથા તેનો દીકરો તે અનાદિ મુક્ત છે. માટે આ અમારા પરમહંસ સારુ આવી સેવા કરી. માટે કાલ તેને દર્શન દેવા ત્યાં જશું.”

❋ સેવાથી રાજી થયેલા મહારાજે સદા ગઢપુર રહેવાનો કોલ દીધો :

એમ કહી બીજે દિવસ ગઢડે પધાર્યા ને પાધરા દક્ષણાદે ઓટે આવી બિરાજમાન થયા. અને એ સર્વ વૃત્તાંતની વાત પરમહંસને પૂછી બહુ રાજી થયા. પછી સર્વ હરિજનને બોલાવી કહ્યું કે, “આ અભયરાજા તથા ઉત્તમરાજા મહા ભગવદી છે. માટે તેની સેવાને વશ થઈ અમો તેને ઘેર રહ્યા છીએ. અને તેમણે આ પરમહંસની સેવા કરી તેથી રાજી થઈ અમે દેહ પર્યંત આંહીં રહેશું.” એવું મહારાજે વચન આપ્યું. તે સાંભળી અભયરાજા ઘણું આનંદ પામ્યા. અને તેના રાજીપામાં તે દિવસે મહારાજને મોટો થાળ કરી પરમહંસોને રસોઈ આપી જમાડ્યા.

પછી મહારાજ ઘણા પ્રસન્ન થઈ અભયરાજાને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. અને અભયરાજાને કહે જે, “માગો.” પછી તે મહારાજને કહે જે, **“આ સર્વ જગતમાંથી વાસના તૂટીને તમારા અક્ષરધામની પદવીને પામું એ માંગું છું.”**

પછી તે જ દિવસે અભયરાજાએ ઉત્તમરાજાને મહારાજના વચનથી પોતાની ગાદી આપી. અને મહારાજે પંડે ઉત્તમરાજાને ગાદી ઉપર બેસાર્યા ને સર્વ કારભાર તેમને સોંપ્યો. પછી મહારાજે પંડે ઉત્તમરાજાનું કામ ચલાવવા માંડ્યું. એવું એક ત્યાં મહારાજે ચરિત્ર કર્યું હતું. ॥૨૫॥

એ બે ઓટા વચ્ચે દરવાજા આગળ્ય એક વખત ટંટો થાતા સુમાબાઈને ચંડી બનાવીને મહારાજે નરસિંહરૂપ ધારેલું અને ત્યાં કરેલું અદ્‌ભુત

ચરિત્ર નં.૨૬

મહારાજે નરસિંહરૂપ અને સોમાદેવીએ ચંડીરૂપ બની દુશ્મનોનો પરાજય કર્યો

એક વખત એવો બનાવ બન્યો કે દાદા ખાચરના કોઈ દ્વેષી રાજાએ બે હજાર સૈનિકોનું લશ્કર લડાઈ કરવા ગઢપુરમાં મોકલ્યું. જેથી દરબારને ને ઉત્તમરાજાને એક મોટો મામલો થયો. તે વખતે મહારાજે ઉત્તમરાજાને આજ્ઞા કરી કે, “તમે સાળંગપુર જાઓ.” પછી ઉત્તમરાજાએ જવાની ના પાડી. તેથી મહારાજ ઉત્તમરાજાને ખૂબ ધખ્યા અને મોટા રાઠોડ ધાધલને ભેગા મોકલી સાળંગપુર મોકલ્યા.

પછી મહારાજ બોલ્યા કે, “આ દરબારગઢમાંથી ઉપયોગી જે કોઈ સારા વસ્તુ-પદાર્થનો ઉચાળો કાઢો. હવે એ છે ને આપણે છીએ.” ને તે વખત સમૈયો હતો એટલે હજારો ક્ષત્રિય ભગતો બહારગામથી ભેગા થયા હતા. તે ક્ષત્રિય લોકોને આજ્ઞા કરી કે, “આપણે આજ શત્રુ દરબાર સાથે દેહના અંત સુધી લડવું છે અને કેસરિયાં કરવાં છે.”

પછી પરમહંસો, બ્રહ્મચારીઓ, સંન્યાસીઓને એવી આજ્ઞા કરી કે, “રાણના(રાયણ વૃક્ષના) ધોકા લઈ સંગ્રામ કરો.” ને બાઈઓને

એવી આજ્ઞા કરી કે, "તમારે પથ્થર લઈ શત્રુઓ ઉપર ઘા કરવા અને શત્રુઓનો ઝેર કરવો." ને પાળાઓને બંદૂકો બંધાવી તોપ વિગેરે તૈયાર કરવાની આજ્ઞા કરી. ને પોતે વજકછોટો વાળી કેસરચંદન શરીરે ચરચી નરસિંહરૂપ બન્યા. પછી કેડે કટાર બાંધ્યો, ઢાલ-તરવાર બાંધી, ખભા ઉપર તીરનો ભાથો નાખ્યો, હાથમાં કમાન લઈ શત્રુને મારવા વાસ્તે એક મોટી પાટ હતી તે ઉપર વિરાજમાન થયા. અને સોમ, સુરા આદિક સર્વ પાર્ષદો પણ તૈયાર થયા.

તે વખત દુશ્મનોએ લક્ષ્મીબાગ ઉપર વાઢ બાળી દેવા સારુ ચડાઈ કરી. અને વાઢ બાળી દીધો. તે વખત ચાચરિયા તથા સાળંગપુરના ક્ષત્રિય જીવા ખાચર વિગેરે મહારાજ પાસે આવ્યા. અને એ શત્રુઓની ખબર કાઢવા સારુ હસનભાઈ તથા મેઘજી કોઠારીને મોકલ્યા. તે બંને લક્ષ્મીવાડીએ જોવા ગયા. તે હસનભાઈને દુશ્મનોએ રુધિર ભરેલો સસલો હૈયામાં માર્યો. તેથી રુધિરાળું શરીર થયું. ને મેઘજી કોઠારીને પણ ખૂબ માર્યો. તેનો પોકાર લઈ મહારાજ પાસે આવી હસનભાઈએ બૂમ પાડી.

અને તે કૃત્યમાં ગઢડાના જીવો ખાચર પણ ભેગા હતા, તેની દીકરીઓ અમરબાઈ તથા અમુલાબાઈ પરમ ભગવદી તેણે આવી મહારાજને વાત કરી. અને રાજાના માણસોએ જીવા ખાચરના ઉતારામાંથી નીકળી ઉત્તમરાજાના માણસો ઉપર હલાં કરી. તે બૂમ સાંભળી અભયરાજાની બેન અને ઉત્તમરાજાની ફૂઈ સુમાદેવી તત્કાળ મહારાજ પાસે આવ્યા અને હાકલ મારી કહ્યું કે, "કેનો ભાર છે ? ને આજ મારે દુશ્મનોને મારી કટકા કરી નાખવા છે." તે વખતે એને માથે કાળી કામળી હતી તે ખભા ઉપર પડી ગઈ ને સફેદ વાળ મસ્તકે ઉઘાડા રહ્યા. તેમને ભાળી મહારાજ કહે જે, "આ તો મહા ચંડી છે. હે સુમાદેવી ! અમે નરસિંહરૂપ ધાર્યું છે ને તમે ચંડી બનો." એમ કહી

મસ્તકે કેસરચંદનનું લેપન કર્યું ને ગુલાલ ને કંકુ છાંટ્યું, હાથમાં મુશળ આપ્યું. ને મહારાજ પડકારો કરી હસ્તને વિશે ધનુષ-બાણ લઈ નરસિંહના જેવી ગરજના કરી દરવાજાની આગળ ઊભા રહ્યા. ને સુમાદેવીએ સંગ્રામમમાં પ્રવેશ કર્યો.

પછી શત્રુઓને તથા ઉત્તમરાજાના પક્ષના માણસોને મહારાજ નરસિંહરૂપે દેખાણા અને સુમાદેવી ચંડીરૂપે દેખાણાં. અને ગાલવ વિગેરે પાર્ષદો તથા પરમહંસ વિગેરે દુશ્મનો ઉપર તૂટી પડ્યા. એટલે લોહિર નામે એક યવન હતો, તેણે મહારાજ સામું બંદૂકનો અવાજ કર્યો. એટલે તેની બંદૂક ફાટી અને તેથી તેની દાઢી સળગી ગઈ. ને દુશ્મનોના હજારો માણસ ભાગીને નાસી ગયા. પછી આણંદજી રયા એવે નામે કરી રાક્ષસ હતો, તે ઉઘાડે માથે ભાગી ગયો. ને ચંડીએ મુશળના પ્રહાર કરી કેટલાક માણસોને ગાભરા કરી નાખ્યા.

ત્યારે વિસલ ગઢવી ને કુરજી રાવળ ને આલેક ગોવાળિયાએ આડા પડી મહારાજને પગે લાગી શત્રુને મારવા બંધ કરવા પ્રાર્થના કરી. અને કેટલાક શત્રુઓ જીવા ખાચરના દરબારમાં ભાગી ગયા. પછી સુમાદેવીએ મહારાજને નિવૃત્તિ પમાડ્યા. અને મહારાજે ઘણા રાજી થઈ તેમને ચરણારવિંદ દીધાં. તેમજ આલેક ગોવાળિયા ઉપર પ્રસન્ન થયા ને પ્રસન્ન થઈને સર્વેને નિવૃત્તિ પમાડ્યા.

પછી ઉત્તમરાજાના સર્વ જનોનો બંદોબસ્ત કરી, સુમાદેવીને દરબાર સોંપી મહારાજ દશ અસ્વાર તથા પચાસ પાળા સાથે લઈ ખુલા આયુધે જીવા ખાચરના દરબારમાં ગયા. ને જીવા ખાચરને હાકલ મારી કે, "આ તારું કર્મ છે, તે આ ફેરે તો જાળવું છું; નહિ તો તારો નાશ થઈ જશે. તારી દીકરીઓ અમરબાઈ તથા અમુલાબાઈ અમારી પાસે આવ્યાં. તે મારા સ્વરૂપમાં ભક્તિવાળાં છે. ને શ્રેષ્ઠ સદ્‌ગુણવાળાં છે એટલે તે ભક્તોને લીધે તને આજ મારતો નથી. નહિ તો આજ

તારો નાશ કરત." એમ કહી મહારાજ પીપળાવાડીએ પધાર્યા. ત્યાં જમી સાળંગપુર ગયા. એવી રીતે મહારાજે મહાપ્રતાપ વાપર્યો. ને દુશ્મનોમાં કેટલાક પેટબેસણાથી અને કેટલાક ફડકાથી હજારો મરણ પામ્યા. એવી રીતે મહારાજે મહાપ્રતાપ વાપર્યો. તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૨૬॥

જે જગ્યાએ હાલ બાવા ખાચરનો તબેલો છે, તે જગ્યાએ પરમહંસોની ઓરડિયું હતી. ત્યાં એક ઓરડીમાં ભાઈરામદાસજી રહેતા. તેમના દેહ મૂકતી વખતે મહારાજે કરેલું એક અદ્‌ભુત

ચરિત્ર નં.૨૭

રામદાસભાઈનું અંતિમ મંતવ્ય અને અક્ષરવાસ




એક વખત ભાઈરામદાસજી બહુ માંદા થયા. પછી સાળંગપુરથી ઉત્તમરાજાએ આવી સ્વામીના ખબર પૂછ્યા. ત્યારે ભાઈરામદાસજીએ કહ્યું કે, "મહારાજ ક્યાં છે ?" ત્યારે તે કહે હાલ કારિયાણી છે. પછી સ્વામી કહે, "કાલ એકાદશી છે. તે કાલના બાર વાગતા મારો દેહ છૂટશે. મારે શ્રીહરિનાં દર્શનની ઈચ્છા છે. માટે મહારાજને અહીં ગઢપુર બોલાવો." પછી ઉત્તમરાજાએ નાના રાઠોડ કરીને કાઠી હતો, તેને ઘોડીએ ચડાવીને દોડતો કારિયાણીએ મહારાજ પાસે સમાચાર આપવા માટે મોકલ્યો. તે કારિયાણી જઈ મહારાજને કહે જે, "ઉત્તમરાજાએ કહ્યું છે જે, ભાઈરામદાસજી માંદા છે ને એમ

કહે છે કે, કાલ બપોરે મારે દેહ મૂકવો છે. માટે મહારાજ મને દર્શન દેવા પધારે તો સારું."

પછી તે જ વખત મહારાજ માણકી ઘોડી ઉપર ચડી એકદમ અરધી કલાકમાં દુરગપુરમાં આવ્યા અને તત્કાળ ભાઈરામદાસજી પાસે આવ્યા. તે વખત રામદાસજીભાઈ ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા હતા. પછી મહારાજે ત્રણ હાકલો મારી એટલે જાગૃત થયા અને પગે લાગ્યા જે, "હે મહારાજ ! મારા દેહનો અંત આવ્યો છે. માટે સર્વ પરમહંસ તથા હરિજનને મારે મારા હૃદયનો અભિપ્રાય કહેવો છે. માટે તત્કાળ બોલાવો." પછી સર્વેને બોલાવ્યા. ત્યારપછી સુંદર બાજોઠ મંગાવ્યો.

પછી ભાઈરામદાસજીએ ઉન્મત્ત ગંગાના સુંદર પાણીથી મહારાજને નવરાવ્યા. પછી એક સૂક્ષ્મ વસ્ત્ર વજકછોટાની પેઠે પેરાવ્યું ને નખથી શિખા પર્યંત સમગ્ર મૂર્તિ હૃદયને વિશે ધારીને ઉતારી. પછી મહારાજના સર્વ અંગને વિશે ચંદન ચરચ્યું, પુષ્પના હાર પેરાવ્યા લીલવા ધરાક તથા જમરૂખ, દાડમ વિગેરેનું નૈવેદ્ય ધર્યું ને આરતી ઉતારી. પછી બોલ્યા જે, "એક મારી વાત સર્વે સાંભળો. આ પરમહંસો મહારાજને શ્રીકૃષ્ણ ભગવાન જેવા કહેતા ત્યાં લગણ હું કોઈને ના પાડતો નહીં. તે ઉપરાંત મહારાજનો મહિમા વધારે કહેતા ત્યારે તેમને હું એમ કહેતો જે, સાકરના નાળિયેરમાં શો ભેદ હોય ? સરખાં જ હોય. એ વાત મને સમજાતી નહોતી તેથી હું બોલતો હતો. પરંતુ...


श्रीकृस्न भगवानत्या उधवनो अ
वतार रामानंदस्वामि महाराजना चरण रदयमां लेता भाजाने मने के
जे तुं सरवोपरि समजि छ्नारे ताराुं आत्यंतिक कल्याण थाछे ए विरि
त्ये मने साक्षात दरशन दइ ने कह्युं हवेकें महाराजने स रवोपरि सरव
अवतारना कारण जाणेछुं ते मां कांइ संदेह होय नो आ परमहंस
नासमछे तेत्र सांउ मारा तुं पापरा विरित्ये कहि महाराजनां चरणार
वेंद ह्यामां लेवा कयुं ·

શ્રીકૃષ્ણ ભગવાન તથા ઉદ્ધવનો અવતાર રામાનંદસ્વામી(એ મને દર્શન દીધાં અને) મહારાજના ચરણ હૃદયમાં લેતા ભાળ્યા. ને મને કે' જે, **'તું સર્વોપરી સમજીશ ત્યારે તારું આત્યંતિક કલ્યાણ થાશે.'** એવી રીતે મને સાક્ષાત્ દર્શન દઈ કહ્યું. હવે હું મહારાજને સર્વોપરી, સર્વ અવતારના કારણ જાણું છઉં. તેમાં કાંઈ સંદેહ હોય તો આ પરમહંસના સમ છે ને બ્રહ્માંડ મારાનું પાપ." એવી રીતે કહી મહારાજનાં ચરણારવિંદ હૈયામાં લેવા કહ્યું.

પછી મહારાજ કહે જે, "તમે અને અમે ગુરુભાઈ છીએ. માટે ચરણારવિંદ તમને નહિ આપીએ." પછી રામદાસભાઈ બહુ દિલગીર થયા. અને કહ્યું, "આપ તો ગુરુઓના ગુરુ છો અને પુરુષોત્તમ છો, તેથી સહુને ચરણારવિંદ આપી શકો છો." એટલે મહારાજે સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. અને સાકરની રાબ મહારાજે હાથે કરી પોતે જમી ભાઈરામદાસજીને જમાડી. અને રાતના છેલ્લા પોર સુધી સાધુઓ પાસે કીર્તન બોલાવ્યાં. (સં. ૧૮૭૬, પ્રથમ જેઠ સુદ-૧૧, તા.૨૩/૫/૧૮૨૦, મંગળવારના રોજ) એકાદશીના પ્રભાત વખતે ભાઈરામદાસજીએ મહારાજ સન્મુખ બેસીને દેહ છોડી દીધો.

પછી સ્વામીના પાર્થિવ દેહને માટે માંડવી કરી, અગ્નિસંસ્કાર માટે શ્રીહરિ સૌ સંતોની સાથે ગાતાવાતા ગઢપુરથી ઉગમણી કોર સોમાદેવીની વોંકળીની ઓલી કોર સિરાબંધ ઓરિયો (વોંકળીના કાંઠામાં બાંધેલો કૂવો) છે, ત્યાં અગ્નિદાહ દીધો. (મહારાજ ભેગા હતા.) પછી મહારાજે ભાઈરામદાસજીના ઘણાં વખાણ કર્યાં : ધર્મ, જ્ઞાન, વૈરાગ્યના ગુણોએ યુક્ત હતા. માતાની જેમ સત્સંગનું હિત કરતા. અવતારોના જેવું ઐશ્વર્ય હતું. આત્માને અખંડ દેખતા. બાહ્યદૃષ્ટિ આગળ અને અંતરમાં મારા સ્વરૂપને અખંડ દેખતા. અને કહે જે, "આ તો સાક્ષાત્ શંકર છે. આ ઠેકાણે કોક વખત એમના નામથી મહાદેવનું સ્થાપન થશે, તે મહા ચમત્કારી થશે."



પછી ઉન્મત્તગંગામાં સ્નાન કરી ઘરે આવ્યા. ભાઈરામદાસજીની ઓરડીએ બેસી મહારાજે સર્વેને સ્વામીના ગુણો વિશે ઘણી વાત કરી. પછી દ્વાદશીને દિવસે રસોઈ કરી પરમહંસને લાડુબાઈએ જમાડ્યા. એવી રીતે એક ચરિત્ર કર્યું છે. ॥૨૭॥

જે જગ્યાએ દુકાન છે ને ચોક છે, તે ચોકમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૮

સોમલા પટગરના પુત્ર કૃપાનંદસ્વામી થયા.

તે જગ્યાએ એક સોમલા પટગર કરીને અભયરાજાના ચાકર ખેતીકામ કરનાર જ્યાં રહેતા હતા, તે જગ્યાએ મહારાજ કોઈ વખત ઉદાસ થાતા ત્યારે છાના રહેતા. તે એક વખત એક માસ સુધી મહારાજ ત્યાં છાના રહ્યા અને રીંગણાનું ભડથું, બાજરાનો રોટલો ને દહીં એ બે વખત જમતા. ને તે વખત જીવુબાઈ, રાજબાઈ ને લાડુબાઈ, અમરબાઈ બ્રાહ્મણી ને રાજુબાઈ વાણિયણ એ ડોશીયો નવટાંક લોટ પીને રહેતાં અને ચોમાસામાં પાણી સહન કરતાં, શિયાળામાં ટાઢ સહન કરતાં

અને ઉનાળામાં અગ્નિ સહન કરતાં. એવી રીતે જોગ સાધતાં. એ પાંચ જણાને અને ઉત્તમરાજાને સાંજ-સવાર મહારાજ દર્શન આપતા.

તે સોમલા પટગરને બે દીકરા હતા. એકનું નામ (રાઘવ) રાણિંગ પટગર ને બીજાનું નામ માતરો પટગર એમ બે હતા. રાણિંગ પટગર મુક્તદશાને પામેલા જેવા મહા ચમત્કારી હતા. સોમલા પટગરને મહારાજે પૂછ્યું જે, "તમારી પાસે જે રૂપિયા છે, તે તમારે રૂપિયાને શું કરવા છે ? અને દાટ્યા રૂપિયા શું કામ આવશે ?" ત્યારે કહે જે, "હે મહારાજ ! બે છોકરાને હું ત્રણે વાંઢા છીએ. આ રાણિંગને પરણાવવો છે, તેમાં રૂપિયા વાવરવા છે." પછી મહારાજ કહે, "તમે તેને પરણાવો." પછી કહે જે, "હું તો ઘરડો થઈ ગયો છું ને સગપણ કરવા કોણ જાય ?" પછી માતરો પટગર કહે, "હું જાઉં ?" પછી મહારાજ કહે, "માતરાને રૂપિયા આપો, તે રાઘવનું સગપણ કરી લાવશે."

પછી માતરો રૂપિયા લઈ પોતે પરણી ગાડું લઈને ઘરે આવ્યો. મહારાજે પૂછ્યું કે, "સગપણ કરી લાવ્યો ?" ત્યારે કહે જે, "હે મહારાજ ! હું પોતે જ પરણીને આવ્યો." પછી મહારાજ હસ્યા અને કહે જે, "ચોરમાં મોર પડ્યા(ચોરના ઘેર ચોરી થવી તે). સોમલા પટગર તમારે તો આમ થયું." પછી સોમલા પટગર કહે જે, "મહારાજ ! આ તમારું કૃત્ય છે. રાણિંગ પટગર તમારો જીવ છે, તે તેને તમારે પરમહંસ કરવો છે. માટે આ તમે આમ બનાવ્યું છે." પછી તે કહે, "હે મહારાજ ! પહેલાં હું તેને પરમહંસ થાવાની ના પાડતો હતો, પણ તમે હવે તેને પરમહંસ કરો."

પછી રાણિંગ પટગર ઘણા રાજી થયા અને મહારાજે તેની ચોટી કાપી પરમહંસ કર્યા ને તેનું **'કૃપાનંદસ્વામી'** એવું નામ પાડ્યું. પછી સોમલા પટગરના રૂપિયા ત્રણસે વધ્યા હતા, તેની પરમહંસને રસોઈ

દઈ જમાડ્યા ને થોડા દિવસમાં સોમલા પટગરનો દેહ પડી ગયો. ને તે સાધર્મ્યમુક્તિને પામ્યા. તે જગ્યાએ મહારાજ ઘણું રહેલા છે. તે જગ્યા મહાપ્રતાપી છે. ॥૨૮॥

લાડુબાઈના ઓરડાથી દક્ષણાદી મેડી હતી, ત્યાં મહારાજનું રસોડું હતું. તે આગળ આથમણો ઓટો હતો, ત્યાં મહારાજ જમતા ને બેસતા. તે જગ્યાએ મહારાજે અદ્ભુત ચરિત્રો કરેલા છે. તે માંહિલું

ચરિત્ર નં.૨૯

બેચર ચાવડાની તકની સેવા અને રાજીપો

લાડુબાઈના ઓરડાથી દક્ષણાદી મેડી હતી. ત્યાં મહારાજનું રસોડું થાતું. અને મહારાજ ત્યાં સાંજ વખતે ઓટા ઉપર ખુરશી નાખી બેસતા અને ત્યાં જમતા. એક વખત મહારાજ રાધાવાવે ગયા હતા. ત્યાં નિત્યાનંદસ્વામી પાસે ગીતાભાષ્યની કથા કરાવતા હતા. ત્યાં જયારે કથાની સમાપ્તિ થઈ તે વખતે સચ્ચિદાનંદસ્વામીએ સારાં સુંદર ચાર રીંગણાં લાવી મહારાજ પાસે મોઘરી-મરચાં સહિત મૂક્યાં. પછી મહારાજ બોલ્યા કે, “અમને ભૂખ લાગી છે. માટે અમે ઘરે દરબારગઢમાં આવીએ તે અગાઉ રસોઈ તૈયાર થાય. તેવા સમાચાર જે કોઈ આપે તેને અમારાં ચરણારવિંદ હૈયામાં આપીએ.” તે વખત કોઈ બોલ્યું નહિ. ત્યારે બેચર ચાવડો પગે લાગી રીંગણાં લઈ દોડ્યા ગયા.

નિત્યાનંદસ્વામી ને મહારાજ ઘોડીએ ચડીને દરબારગઢમાં જવા ચાલ્યા. તેટલામાં બેચર ચાવડાએ રીંગણાં, મોઘરી ને મરચાં લાડુબાઈની ઓસરીએ મૂક્યાં ને કહે જે, “મહારાજ સારુ તત્કાળ થાળ કરો. જેથી મહારાજ આવે કે તુરત થાળ જમે.” બેચર ચાવડાને ડોસીયોએ કેવરાવ્યું કે, “જાઓ, મહારાજને કહો કે, થાળ તૈયાર છે.” બેચર ચાવડો

બોટાદને ઝાંપે જઈ મહારાજને કહે કે, “મહારાજ, થાળ તૈયાર છે.” પછી મહારાજ હસ્યા.

મહારાજ દરબારગઢમાં આવીને પાધરા એ મેડીના ઓટા પાસે ઘોડેથી ઊતર્યા. અને મુકુંદ બ્રહ્મચારીએ પાણી તૈયાર કરેલું હતું, તેણે કરી સ્નાન કર્યું. અને સુંદર બાજોઠ નાખ્યો હતો અને તેના ઉપર ધાબળી નાખી ઓટા ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થયા. પછી સુંદર રૂપાના વાટકામાં શોભિતું વૈંતાકનું ચુંમકીદાર શાક, ઘીમાં પલાળેલ બાજરાના રોટલા, મોઘરી ને પાપડનો થાળ મહારાજ આગળ મૂક્યો. પછી મહારાજે ડાબા પગની પલોંઠી વાળી જમણો પગ ઊભો રાખી, કાન ઉઘાડા રાખી સુંદર એવી ધોળી ચાદર ઓઢી હતી. પછી મહારાજ જમવા મંડ્યા. તે વખત નિત્યાનંદસ્વામી અને ઉત્તમરાજાને પ્રસાદી લેવા બોલાવ્યા અને તે પણ જમવા બેઠા. પછી મહારાજ જમતા જાય, પાણી પીતા જાય ને શાકનાં વખાણ કરતા જાય. એમ કરતાં કરતાં જમીને ઉપર દહીં-સાકર જમ્યા.

તે જ પ્રમાણે નિત્યાનંદસ્વામી અને ઉત્તમરાજાને જમાડ્યા. પછી મુકુંદ બ્રહ્મચારીએ હાથ ધોવરાવ્યા ને મહારાજે કોગળા કરી મુખારવિંદ ધોયું. પછી પ્રસાદીનો થાળ હતો, તે બેચર ચાવડાને આપ્યો. તે થાળ લઈ ઘરે ચાલ્યા. ત્યારે મહારાજ કહે, “આંહીં બેસી જમ્ય.” પછી તે કહે જે, “મારા ડોસી, ડોસાને પ્રસાદી આપવી છે.” પછી મહારાજ કહે, “તું અત્યારે જમ્ય. ને કાલ તને થાળની પ્રસાદી આપશું અને તારા ડોસી, ડોસો અને તારા પૂર્વજો અને પિતૃઓને પ્રસાદી મળશે તેથી તેનો મોક્ષ થશે. ને તારા બાપને સંકલ્પ છે, તેથી એ નજરે મોક્ષ થાતા ભાળશે.” પછી તે ઓટા ઉપર બેસી બેચર ચાવડો જમ્યા. પછી મહારાજે ચરણારવિંદ હૃદયમાં આપ્યાં ને વાંકાનેરનો કાળા છેડાનો ખેસ અને માથે બાંધ્યાની પાઘ આપી ઘણા પ્રસન્ન થયા.

પછી બીજે દિવસે તે જગ્યાએ પોર દિવસ ચડ્યે મહારાજ થાળ જમ્યા ને તે પ્રસાદ બેચર ચાવડાને આપ્યો. પછી તે પ્રસાદ લઈ ઘેર ગયા. અને તેના ડોસી, ડોસો પ્રસાદી જમ્યાં. તે જ સમયે તેના પિતૃઓ તથા પૂર્વજોનો મોક્ષ થયો; એવું તેમણે નજરે ભાળ્યું. એવું મહારાજે એક ચરિત્ર કર્યું છે. ને તે વિના પણ તે જગ્યાએ ઘણાં ચરિત્ર કર્યાં છે. ને ગોપીનાથજીનું મંદિર કરાવતા ત્યારે તે જગ્યાએ મહારાજ બેસતા. ॥૨૯॥

એ રસોડાની ઉગમણી કોર બે માળની ઓસરી હતી. ત્યાં પાળા રહેતા. તે ઠેકાણે મહારાજે કરેલું

ચરિત્ર નં. ૩૦

શ્રીહરિ દાદા ખાચરના કારભારી થયા અને પરમહંસોને વસ્ત્રો અપાવ્યાં.

લાડુબાઈના ઓરડાથી દક્ષણાદી મેડી હતી. ત્યાં મહારાજનું રસોડું થાતું. તે મેડી બે માળની હતી. તે મેડીના ઉપલા માળની ઓસરીએ એક વખત મહારાજ બેઠા હતા ને ચારસે પાળાઓની તરે તરે વારના હથિયાર બાંધી હાજરી લીધી હતી. ને બસે મારવાડી રજપૂતોને નોકર રાખ્યા હતા. તેની હાજરી લેતા એક ઘાંયજો હથિયાર બાંધી હાજરી દેવા આવ્યો હતો, તેનું નામ હેમરાજ હતું. કુરજી ઠક્કર તેને નોંધતા. પછી લાધો ઠક્કર કહે, “એ રોમશત્રુ(હજામ) છે.” પછી મહારાજ ઘણું હસ્યા. પછી ‘જય સચ્ચિદાનંદ’ કહી ઊઠી નીકળ્યા.

એક વખત હેઠલી ઓસરીએ મહારાજને પધરાવ્યા હતા. અલૈયો ભગત (મૂળ કુંડળના) ને ભગુજી બે ઉત્તમરાજાના કારભારી હતા. બેયને બોલાવી મહારાજ કહે, “તમારી પાસે પૈસા છે ?” ભગુજી નામકર ગયા(ન માન્યા) અને અલૈયો ભગત માન્યા. અને અલૈયે

ભગતે (લાવીને) રૂપિયાનો ઢગલો કર્યો. પછી ભગુજી પણ માન્યા ને રૂપિયાનો ઢગલો કર્યો. પછી મહારાજે તે રૂપિયાનો માદરપાટ ગામમાંથી મંગાવી પરમહંસને અલેક(શિખા, સૂત્ર અને ચિહ્ન રહિત) દીક્ષા હતી, તે અળસાવી અને વસ્ત્ર પેરવાની આજ્ઞા કરી. ને બે ધોતિયાં, બે ચાદર, એક રૂમાલ તમામ સાડા સાતસે પરમહંસોને એકદમ આપ્યાં. એવી રીતે મોટું ચરિત્ર કર્યું. અલૈયા ભગત, ભગુજીને ચરણારવિંદ આપી મળ્યા. ॥૩૦॥

તે મેડીને સામે શેરીને માથે ઉગમણી ચોપાટ હતી. ત્યાં ઉત્તમરાજાનું દીવાનખાનું હતું. તે ચોપાટમાં મહારાજે કરેલું અદ્‌ભુત

ચરિત્ર નં.૩૧

મહારાજે કપિલદેવરૂપે દર્શન આપ્યા.

દરબારગઢના દરવાજાની પાસે ચોપાટમાં મહારાજ હંમેશાં દસ બજે ઉતરાદે મુખારવિંદે મૃગચર્મના ચાકળા ઉપર વિરાજમાન થતા હતા. અને ઉત્તમરાજાના સર્વ કારભારનું કામ પોતે ચલાવી તપાસ રાખતા. ને તે વખત અનેક ચરિત્ર સિત્તેરની સાલથી છાશીની સાલ સુધી કરેલ છે. એવું મોટું અદ્‌ભુત સ્થાન છે. તે જગ્યાએ હાલ દરવાજાનું દક્ષણાદું ખાનું છે.

એક વખત મહારાજે કપિલા છઠને દિવસ તે જગ્યાએ બ્રાહ્મણોને રૂપિયો રૂપિયો દક્ષિણાનો આપ્યો હતો. તે વખત તમામ માણસોને મહારાજ કપિલદેવ ભગવાનરૂપે દેખાણા હતા. એવું એક અદ્‌ભુત ચરિત્ર કર્યું હતું. તે દિવસ ઉત્તમરાજાએ મહારાજની સોળ ઉપચારે કરીને પૂજા કરી હતી. ને વસ્ત્ર-ઘરેણાં પેરાવી આરતી ઉતારી હતી. ॥૩૧॥

એ ચોપાટથી દક્ષણાદું પાળાના રસોડા પાસે લહિયા લખતા હતા, ત્યાં મહારાજે પાળાઓને ઉપદેશ આપી કરેલું

ચરિત્ર નં.૩૨

ગોરખનાથ તથા મચ્છંધરનાથની વાતથી નિર્બંધતાનો ઉપદેશ

એક વખત ભગુજીના અને અલૈયા ભગતના રૂપિયા મહારાજે કઢાવ્યા અને તેનાં પરમહંસો માટે વસ્ત્રો લેવરાવ્યાં. ને સર્વે પરમહંસને વસ્ત્રો દીધાં. ને તેમ કરતાં પણ રૂપિયા વધ્યા. તે રૂપિયાની પરમહંસોને સાટા ને જલેબીની રસોઈ આપી હતી. તે વખત એ રસોડાની ઓસરીમાં ભગુજી તથા અલૈયા ભગતે મહારાજની સોળ ઉપચારે કરીને પૂજા કરી. પછી ગુલાબી રંગના પાંચેય પ્રકારનાં લૂગડાં મહારાજને પેરાવ્યાં. ને ત્યાં મહારાજને જમાડ્યા હતા. ને જલેબી ને લાડુ મહારાજે પંડે પંગતમાં ફરી પીરસીને પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, હરિભક્ત સર્વેને જમાડ્યા. પછી પાળા સર્વેને બોલાવી ઉપદેશ કર્યો કે, **"ત્યાગીને પૈસા રાખવા નહિ, ને પૈસા રાખે તો તેમાંથી ઝાઝું ભૂંડું થાય."** ત્યાં ગોરખનાથ અને મચ્છંધરનાથની એક વિસ્તારથી વાત કરી હતી કે -

પૂર્વે મચ્છંધરનાથ કરીને એક યોગી હતો અને તે સતજુગવારીનો હતો. અને એવો સિદ્ધ થયો હતો કે, પોતાને જ્યાં સુધી જીવવું હોય ત્યાં સુધી જીવે, એવો સ્વતંત્ર દશાને પામેલો હતો. અને કંચન જે સોનું ને કાંતા જે સ્ત્રી, તેનો ત્યાગ કરેલો હતો. ને તે ગિરનારની ટૂંકમાં(ટેકરી-શિખરમાં) રહેતો હતો. ત્યાં તેણે એક શિષ્ય ગોરખનાથ નામે કરીને મુંડેલો હતો. અને તે શિષ્ય સિદ્ધગતિને પામ્યો હતો. પછી તે નવનાથ લોકોનો જે સંપ્રદાય તે તેને સોંપ્યો. પછી મચ્છંધરનાથે બાર વરસની તપશ્ચર્યા કરવા સારુ નવલખા પર્વત પર જવાની તૈયારી

કરી. અને તે તરફ સિદ્ધાઈને બળે આકાશ મારગે ચાલ્યા. તે ચાલતાં ચાલતાં નવલખા પર્વતની નજીક જ્વાળામુખી નામે કરીને તીર્થ છે, તેની પાડોશમાં દક્ષિણ દિશામાં કામરુ દેશ કરીને એક મુલક છે, ને ત્યાંની સ્ત્રીઓ ખૂબસુરત છે તથા ત્યાં સોનાની ખાણો છે. તે મુલકને માથે મચ્છંધરનાથ નીકળ્યા. અને તે જોવા સારુ ત્યાં ઊતર્યા. ને તે રચના જોઈ સિદ્ધપણું ભૂલી જઈ ત્યાં જ લોભાઈને રોકાઈ ગયા. અને એક રૂપસુંદરી નામે કરીને કન્યા હતી, તે વેરે પરણ્યા અને તેમાં આસક્ત થઈ ગયા. પછી ત્યાં તેને બે પુત્ર ને બે પુત્રીયો થયાં. એવા તેમાં બદ્ધ થઈ ગયા. પછી તેમાં તેને ચૌદ વરસ વીતી ગયા એટલે બાર વરસની અવધિ ઉપર બે વરસ વધારે થયાં એટલે ગુરુની શી દશા છે ? તે જોવા ઇચ્છીને ગોરખનાથે પ્રાણાયામ કરી સમાધિ કરી. અને મચ્છંધરનાથને ગોતી કાઢ્યા. ત્યાં તો તે બદ્ધ થઈ ગયેલા જોવામાં આવ્યા.

પછી તીર્થ કરતાં કરતાં ચાલ્યા. તે મચ્છંધરનાથ જે જગ્યાએ હતા તે જગ્યાએ ગયા. તેને જોઈ મચ્છંધરનાથ દિલગીર થયા અને પોતાની સ્ત્રી રૂપસુંદરીને કહ્યું કે, “હવે હું તારા અરથનો નથી રહ્યો. માટે હું આ મારા ચેલા ભેગો જઈશ.” એમ કહ્યું. એટલે સ્ત્રી, પુત્ર, પુત્રીયો એ સર્વે ગળે બાથીને રોયાં. તે જોઈ ગોરખનાથે તેને ધિક્કાર્યો અને તેને લઈ ચાલ્યા. પછી મચ્છંધરનાથ કહે, “હું મારા ઘરમાં જઈ પાછો આવું.” એમ કહી સોનાની ઈંટ અને રતન ભેળાં લીધાં. ને તે એક ઝોળીમાં નાખી લીધાં. પછી સિદ્ધાઈના બળે પોતાના છોકરાઓને ત્યાં મુલકના રાજા બનાવી ચાલી નીકળ્યા. પછી ગોરખનાથ જેમ શિષ્યને ઉપદેશ દે તેમ ગુરુ મચ્છંધરનાથને ઉપદેશ કરવા લાગ્યા. એમ કરતાં કરતાં આલી મોહનની ઝાડીમાં આવ્યા. જ્યાં મારગમાં ગામ આવે ત્યાં મચ્છંધરનાથ પૂછે કે, “યે રસ્તે મેં કુછ ભય હે ?” એમ જ્યાં જ્યાં વસ્તી આવે ત્યાં પૂછે. એમ કરતાં વનમાં એક વાવ આવી, ત્યાં ગુરુ

શિષ્ય બેઈ સ્નાન કરવા બેઠા. મચ્છંધરનાથ બહિર્ભૂમિએ ગયા એટલે ગોરખનાથે સોનું ને રતનનું પોટકું જોયું. ને એ સર્વે વાવમાં નાખી દીધું. અને એ પ્રમાણે ઝોળીમાં પાણો બાંધી નાખ્યો.

પછી સ્નાન કરી ત્યાંથી ચાલ્યા, ત્યાં એક વસ્તીનો કસ્બો(નાનું ગામ) આવ્યો. તેને ઓળંગી ચાલ્યા, ત્યાં એક મારગમાં મનુષ્ય મળ્યો. તેને મચ્છંધરનાથ પૂછે છે કે, "આ રસ્તે કુછ ભય હે ?" ત્યારે ગોરખનાથ બોલ્યા કે, "ગુરુ સ્વામી, ભય તો સબ વાવમાં ડાલ દીયા." પછી તે ઝોળીમાં જુવે છે ત્યાં પથરો ભાળ્યો. એટલે પોક મૂકી રોવા લાગ્યા.

ત્યારે ગોરખનાથે તેને રડતા જોઈને પથ્થરમાં પેશાબની શેડ મારી એટલે શિલા સોનાની થઈ ગઈ. એટલે મચ્છંધરનાથ કહે કે, "ગોરખા, ગુરુસે ચેલા આગળ હુવા." એટલે ગોરખનાથ કહે કે, "ગુરુપ્રતાપસે એસા હુઆ." એમ કહીને ગુરુને પ્રથમ કાળની સ્મૃતિ કરાવી અને સિદ્ધપણાનું જ્ઞાન સિદ્ધ કરાવ્યું.

માટે હે ભગુજી તથા અલૈયા ભગત ! જેનું મન કાચું હોય તે જ ધન અને સ્ત્રીમાં લંપટ થાય. પછી મચ્છંધરનાથ કહે જે, "આપણો મોક્ષ કેમ થશે ?" પછી બંને સિદ્ધો ગંગા કિનારે ગયા અને **'ઓમ સ્વામિનારાયણ શ્રીગુરુ શરણં મમ'** એ મંત્ર ગંગા ઉપર જઈ જપી પ્રત્યક્ષ ભગવાનને મળવા પ્રયત્ન કર્યા. અને તેમાં તે બંનેનો દેહ પડી ગયો. પછી કહે, ભગુજી તથા અલૈયા ભગત, તમે બંને ગુરુ શિષ્ય છો. માટે તમે હવે એ ધનના ફંદમાંથી છૂટ્યા. અને આ અલૈયા ભગતને તો ધન વળગ્યું જ નથી." એમ હસીને બોલ્યા પછી કહે કે, "અલૈયા ભગતની ભે તો ઘેલામાં ડાલી દીધી.' એમ કહી હસ્યા ને ઘણાં વખાણ કર્યા. એમ કહી બંનેને છાતીમાં ચરણારવિંદ આપી મહારાજ મળ્યા. ને પછી ત્યાગી, પાળા બધાને ચરણારવિંદ આપ્યાં. એવું મહારાજે એક ચરિત્ર કર્યું છે. ॥૩૨॥

જે જગ્યાએ હાલ દરવાજો છે, તે જગ્યાએ દરવાજો હતો, ત્યાં મહારાજે કરેલું અદ્‌ભુત

ચરિત્ર નં. ૩૩

મહારાજે ગેબી વગેરે અસુરોનો પરાજય કરાવ્યો.



હાલ જે દરવાજો છે, એ દરવાજાથી મહારાજ ઘણી વખત ઘોડે ચડીને તથા પગપાળા ચાલેલ છે. એક વખત દરબારને અને ઉત્તમરાજાને લડાઈનો સંભવ થયો હતો. તે વખત મહારાજે કિનખાપનો સુરવાળ પહેર્યો હતો ને કિનખાપની ડગલી પેરેલી હતી, ને માથે અસમાની રંગનું કિનેરીએ યુક્ત સોનેરી છેડાએ સહિત વાંકડું મોળિયું બાંધ્યું હતું અને કેડ ઉપર 'નરનારાયણ... સ્વામિનારાયણ...' એવે નામે અંકિત રેંટો કસ્યો હતો, ને કેડે ભૂજની સોનેરી મૂઠની તરવાર બાંધેલી હતી ને એક ભૂજની ગેંડાની ઢાલ ઢળકતી હતી, ને કટીમાં કટાર તથા લીલમના(એ નામના મણિજડિત) હાથાએ યુક્ત પેસ કબજ બાંધ્યો હતો

અને ખભામાં બાણનો ભાથો ધારણ કર્યો હતો, હાથમાં ધનુષને ધારણ કર્યું હતું. અને મહારાજ ભેગા ઉત્તમરાજા તથા પાર્ષદો સર્વે હથિયાર બાંધી ઊભા હતા. અને પરમહંસો ધોકા લઈને ઊભા હતા. અને તે વખતની મહારાજની આકૃતિ મહા અદ્‌ભુત બનેલી હતી ને કટાક્ષે કરીને સર્વને જોતા હતા ને મહાક્રોધે કરીને હોઠને દાંતે કરીને મચડતા. તે સમે મહારાજની મહા અદ્‌ભુત મૂર્તિ બનેલી હતી. ને સિંહના જેવી આકૃતિથી ઘણી ગર્જના કરતા હતા.

પછી મહારાજ હાકલ મારી દુશ્મનો સામા દોડ્યા, એટલે દુશ્મનો નાસી ગયા. પછી ઉત્તમરાજાએ સ્તુતિ કરીને મહારાજને પાછા વાળ્યા. ને નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને સર્વ પાર્ષદો સહિત ઉત્તમરાજા દુશ્મનોની વાંસે દોડ્યા. પછી ચોકમાં જતા જીવો ખાચર આડા ફર્યા પણ તેનું વારું ન કર્યું. (કહ્યું ન કર્યું) ને આગળ સિંધુડાનું વાજિંત્ર વાજતું હતું. એમ હજારો મનુષ્ય સાથે ખોપાળાને ઝાંપે ગયા. ત્યાં પાખંડી ગરુ ગેબી કરીને હતો, તે આ અસુરો લાવ્યો હતો. તેણે પરમહંસો તથા પાર્ષદોને ગર્જના કરતા ભાળ્યા. તેથી તે પાખંડી ગરુ ગેબી નામનો હતો, તે તેના હજારો માણસ સાથે નાસી ગયો. અને બીજા દુશ્મનો પણ નાસી ગયા. તે નાસીને બેહાલ થઈ ગયા.

પછી ઉત્તમરાજા વગેરે પાછા આવીને મહારાજને પગે લાગ્યા. પછી મહારાજે રાજી થઈ તેમના માથા ઉપર હાથ મૂક્યો. અને પોતાનો તમામ પોશાક હથિયાર સહિત ઉત્તમરાજાને આપ્યો ને હૃદયને વિશે ચરણારવિંદ આપીને મળ્યા. તથા સહુ પરમહંસો, પાળાઓ અને હરિભક્તોને મળ્યા ને પ્રસન્નતા દેખાડી. એવું એક ચરિત્ર મહારાજે કર્યું હતું. ॥૩૩॥

જે જગ્યાએ ચોઘડિયાનો બંગલો છે, ત્યાં પ્રથમ ચોક હતો, ત્યાં મહારાજ પરમહંસોને ઉપદેશ આપતા હતા, ત્યાં કરેલું

ચરિત્ર નં.૩૪

શ્રીહરિએ સંતોને નિઃસ્પૃહી રહેવાની શિક્ષા આપી.

એ પરમહંસોની ઓરડી આગળ ચોક હતો અને તે ચોકથી ઉગમણે પરમહંસોને રાંધવાનું રસોડું હતું. ને તે વખતમાં મંદિરનું કારખાનું ચાલતું હતું. અને સાધુ પાણા કાઢતા હતા. પછી એક સમયે પરમહંસોનાં લૂગડાં ફાટી ગયાં હતાં. તેથી નિર્ગુણાનંદસ્વામી અને સૂર્યાનંદસ્વામી વિગેરે વાસુદેવનારાયણના ઓરડે મહારાજ વિરાજતા હતા ને ત્યાં મુક્તાનંદસ્વામી બેઠેલા હતા તેમના કાનમાં પરમહંસોએ લૂગડાં સબંધી વાત ઉચ્ચારી. તે વાત મહારાજે સાંભળી. તેથી મુક્તાનંદસ્વામીને પૂછી. ત્યારે સ્વામીએ તે વૃત્તાંત કહ્યું. તે સાંભળી મહારાજ ઉદાસ થઈ ગયા અને કાંઈ બોલ્યા નહિ.

પછી બીજે દિવસે સવારમાં મહારાજ ઊઠી પાળાને ઉતારે આવ્યા. ને હમીરજી કરીને પાળા હતા, તેનું લૂગડું કેટલાક સાંધાવાળું ને થીંગડાળું હતું, તે મહારાજ પોતે પહેરીને પરમહંસોના ચોકમાં આવ્યા. અને ત્યાં વેકુરી(રેતી) પડેલી હતી તે બાજોઠ ઉપર પાથરીને બેઠા. પછી તે જોઈ પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, ગૃહસ્થ એ સર્વે આવ્યા ને ચોક ભરાઈ ગયો. ને મહારાજ ઘણા ઉદાસી હતા ને બોલે નહીં. તે જોઈ સર્વે ઘણા દિલગીર થયા.

પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી વિગેરેએ સ્તુતિ કરી. પછી મહારાજ બોલ્યા કે, “હે પરમહંસો ! હું તમારો ગુરુ, તે વસ્ત્ર-આભૂષણ પહેરું તેથી સર્વ પરમહંસને વસ્ત્ર ફાટી જાય એટલે નિઃસ્પૃહી દાવો પડતો

મૂકી તે પ્રમાણે માગવાનું મન થાય. માટે મારે હવે એક વસ્ત્રભર રહેવું છે." પછી કહે જે, "ગુરુ કરે તે શિષ્ય કરે, પણ હું તો સત્સંગના રૂડા વાસ્તે તમારા ઉપર દયાને સારુ વસ્ત્ર-આભૂષણ અંગીકાર કરું છું. મારા સુખને વાસ્તે કરતો નથી. માટે **પરમહંસને નિઃસ્પૃહીપણું રાખવું એ પરમહંસનો મુખ્ય ધર્મ છે."**

પછી તે વાત સાંભળી સર્વે પરમહંસોએ તેમ રહેવું કબૂલ કર્યું. પછી મહારાજને બાજોઠ ઉપર બેસાડી દાતણ કરાવ્યું. અને સર્વ સંતે સ્નાન કરાવી એક ધોળું વસ્ત્ર પેરાવ્યું ને ચંદન ચરચીને પુષ્પના હાર પેરાવી આરતી ઉતારી. તે સમાની મહારાજની શોભા બહુ શોભિતી થઈ. પછી સર્વ પરમહંસને ઉત્તમરાજાએ રસોઈ આપી જમાડ્યા. અને તે પંગતમાં મહારાજે સર્વેને પીરસ્યું ને પછી પોતે જમવા બેઠા. અને ઉત્તમરાજાએ સર્વ પરમહંસોને વસ્ત્ર ઓઢાડ્યાં.

ને સાંજે તે જ પાટ ઉપર બેસીને ચોકમાં મહારાજે સભા કરી, નિઃસ્પૃહી રહેવા સંબંધી ઘણો ઉપદેશ કર્યો. ને નિર્ગુણાનંદસ્વામી, સૂર્યાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, અચલાનંદસ્વામી, શાંતાનંદસ્વામી, અદ્‌ભુતાનંદસ્વામી, વિધાત્રાનંદસ્વામી વિગેરેને ચરણારવિંદ ફરીથી આપ્યાં. ને એમ બોલ્યા કે, "મંદિરના કામમાં આ સાધુ બહુ મહેનત કરે છે ને નિર્માની છે. વળી અમારી શિક્ષા પણ સહન કરે છે. ને સહુ સાધુને રાંધી ખવરાવે છે. અને મંદિર સારુ પથ્થર કાઢે છે. ને અમારો અવગુણ લેતા નથી તથા અમારા વિશે ઘણો સ્નેહ છે ને અમારો ખપ પણ અતિ છે, માટે સાધુને આવા નિઃસ્પૃહી જોઈએ ત્યારે અમને બહુ ગમે છે." એવી રીતે મહારાજે ચરિત્ર કર્યું છે. ॥૩૪॥

એ બંગલાથી ઉતરાદી જે હાલ મેડીનો હેઠલો માળ છે, ત્યાં મુક્તાનંદસ્વામીની ઓરડી હતી. ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં. ૩૫

મુક્તાનંદસ્વામીનો શુભ સંકલ્પ અને મહારાજનો રાજીપો

એક વખત મુક્તાનંદસ્વામી ઓરડીમાં રાત્રે સૂતા હતા. અને મુક્તાનંદસ્વામીને તાવ આવતો હતો. ત્યારે મુક્તાનંદસ્વામીને પાસે કાળ આવ્યો અને લોકોનું ભક્ષણ કરવાની વાત કરી. તેથી દયાએ કરીને સ્વામીએ કાળને પાછો કાઢ્યો. તે વિચારતા મનમાં એમ સંકલ્પ થયો જે, આ નિમિત્તે થોડું પુણ્યદાન કરીએ તો ઠીક. અને બ્રાહ્મણને ગાય આપ્યાનું બહુ પુણ્ય છે ને મહત્પુરુષને પૂજ્યાનું ઘણું પુણ્ય છે.

પછી વિચાર કર્યો તેટલામાં સવારે પીપળિયા ગામના હરિભક્તો સ્વામીને વાસ્તે બે ભેલી ગોળની લાવ્યા ને લોટ વિગેરે સીધું લાવ્યા ને ઘી લેવા સારુ એક રૂપિયો લાવ્યા અને સ્વામી સારુ એક ચાદર લાવ્યા, તે ભેટ કરી. પછી સ્વામીએ અંગીકાર કરી તરત મુળજી બ્રહ્મચારીને બોલાવ્યા. અને બ્રહ્મચારીની ચંદન-પુષ્પે કરીને પૂજા કરી ને તમામ સીધું ભેટ આપ્યું. અને ગોપીભટ્ટને બોલાવી ઘી માટે આપેલ રૂપિયામાંથી અરધો રૂપિયો ગાયનો કરીને આપ્યો અને બે ગોળના ભેલા આપ્યા.

પછી તે ભેટ લઈને બ્રહ્મચારી ને ગોપીભટ્ટ મહારાજ પાસે ગયા. પછી મહારાજે બ્રહ્મચારીને પૂજન કરેલા જોઈ એ વૃત્તાંતની વાત પૂછી. બ્રહ્મચારીએ મુક્તાનંદસ્વામીની બિમારીની સઘળી વાત જણાવી. પછી મહારાજ અક્ષરઓરડીથી મુક્તાનંદસ્વામીની ઓરડીએ ગયા. અને સ્વામીને ખબર પૂછ્યા. ને પછી કહ્યું, “સ્વામી, આજ બ્રહ્મચારીને શું પૂજ્યા ?” સ્વામીએ સંકલ્પની વાત કરી. તે સાંભળી મહારાજ ઘણું પ્રસન્ન થયા. અને એમ બોલ્યા જે, “નિઃસ્પૃહી થાવામાં પણ શુભ સંકલ્પ છે.”

એમ કહી મહારાજે કહ્યું જે, “સ્વામી અમારા ગુરુ છે. માટે આજ તો પરમહંસોને અમે રસોઈ આપશું.” પછી મહારાજે સર્વ પરમહંસોને રસોઈ આપી. અને જીવુબાઈએ ગાય આપી. તે ગાય સીતારામ મહારાજને મુક્તાનંદસ્વામી પાસે અપાવી. ને ઉત્તમરાજાએ સ્વામી પાસે સર્વે પરમહંસને થાય તેટલા ધોતિયાં ઓઢાડ્યાં અને પૂજા કરી. પછી સ્વામીએ મહારાજની પૂજા કરી અને ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. ને સર્વ પરમહંસો તથા હરિજનોને મહારાજે પંડે પીરસીને જમાડ્યા.

પછી બીજે દિવસે જીવુબાઈ કહે જે, “હે મહારાજ ! તમારી આજ્ઞાથી હું એક પરમહંસને રોજ જમાડું છું તથા મુક્તાનંદસ્વામીને રોજ જમાડું છું. માટે મુક્તાનંદસ્વામી મારા ગુરુ થાય. એટલે એમના વતી આજ મારી રસોઈ બ્રહ્મચારી, સંન્યાસી, પરમહંસો વિગેરેને આપો.”

પછી સાટા, જલેબી, મોતૈયા લાડુ અને બરફી એ ચાર પકવાનની રસોઈ સ્વામીની જગ્યામાં કરાવી અને મહારાજને પ્રથમ જમાડ્યા. ને જીવુબાએ સ્વામી પાસે મહારાજની ધોળાં વસ્ત્ર પહેરાવી પૂજા કરાવી. અને પછી મહારાજે સ્વામીની પૂજા કરી વસ્ત્ર ઓઢાડ્યું અને સ્વામીએ મહારાજની આરતી ઉતારી. પછી પંગતીમાં મહારાજ પાંચ વાર ફરી પરમહંસ વિગેરે સર્વેને જમાડ્યા. એવી રીતે તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૩૫॥

હનુમાનજીની ડેરી વાંસે ઓતરાદું ફળિયું છે, ત્યાં મહારાજ સાધુઓને વાતો કરતા ને તે જગ્યાએ કરેલું એક

ચરિત્ર નં.૩૬

ધોરાજીની ધાબળી મિષે સંતોનો મોહ છોડાવ્યો.

ગઢપુરમાં હાલ જ્યાં હનુમાનજીની ડેરી છે, તેથી વાંસે ઓતરાદા ફળિયામાં ચોક છે. એ જગ્યાએ હંમેશાં મહારાજ રાત્રીના સાડા આઠ વાગતા સુધી વાતો કરતા હતા. એ જગ્યાએ રાત્રે સાધુઓના ધર્મની તથા જીવનશુદ્ધિ અને જ્ઞાનશુદ્ધિની વાતો કરતા હતા. એક વખત મહારાજ બાજોઠ ઉપર બેઠા હતા ને સદ્‌ગુરુઓ પણ બેઠા હતા. તે વખત નિષ્કુળાનંદસ્વામી ને કૃપાનંદસ્વામી એ બંને જણા હાથ જોડીને બોલ્યા કે, “હે મહારાજ ! અમુક પરમહંસો તો પાંચ રૂપિયા ઉપરાંત ને દસ રૂપિયા સુધીની ધોરાજીની ધાબળીઓ રાખે છે. એવી રીતે પરમહંસોમાં જગતની વાત વધી ગઈ છે.” તે સાંભળી મહારાજ ઘણા ઉદાસી થયા ને વસ્ત્રો ફેંકી દીધાં.

અને પાટ ઉપર રાત્રે ઉઘાડે શરીરે સૂઈ રહ્યા. ને સવારના પહોરમાં એક ટાટ પહેર્યું ને ઉઘાડે માથે બેઠા. તે જોઈ પરમહંસ તથા સંન્યાસી, બ્રહ્મચારી, પાળા, હરિભક્ત ઘણા ઉદાસ થયા. અને ઉત્તમરાજા વિગેરેએ મહારાજની ઘણી સ્તુતિ કરી. અને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! હવે તમે જેમ કહેશો તેમ કરશું. માટે વસ્ત્ર પહેરો.” પછી મહારાજ દાતણ કરી નાહ્યા અને વસ્ત્ર પહેર્યાં.

પછી ઉત્તમરાજાએ ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી ને આરતી ઉતારી. પછી મહારાજે ઊભા થઈને તાળી પાડી સર્વને છાના રાખ્યા. ને બોલ્યા જે, “જે ધોરાજીની ધાબળી ઓઢે તે ચામડું ઓઢે. માટે સર્વે

ધોરાજીની ધાબળિયું લાવો. આજ એવું પ્રકરણ ચલાવવું છે જે તમામ ધાબળિયું બાળી નાખવી છે. માટે ધાબળિયું લાવો.” પછી તમામ ધાબળિયોનો ઢગલો કર્યો ને નિષ્કુળાનંદસ્વામી દેવતા લાવ્યા. પછી ભગુજી પાસે બાળી દેવરાવી. ને પછી મહારાજ ત્યાંથી ઊઠી જમ્યા તથા પરમહંસને પણ જમાડ્યા.

પછી બપોરે સૂતા ને સાંજે તે જગ્યાએ પાછી સભા કરી. તે વખતે નિષ્કુળાનંદસ્વામી આ પ્રકરણનું નવું કીર્તન બનાવીને લાવ્યા. પછી મહારાજે કહ્યું જે, “તે ગાવ.” પછી સ્વામી કીર્તન ગાવા બેઠા. તે કીર્તનનું પદ -

પાછી આપો તો તમારો પાડ રે, મારી ધોરાજીની ધાબળી...

કાળી રૂપાળી કોરે શોભે, લોભે જોઈને મન;
ઓઢીને બેસતા અંતરમાંઈ, ખરચ્યું ન ખટકે ધન રે...મારી૦

પાઠ કર્યાનું પુસ્તક દીધું, લીધું તેનું ધન;
કાલાવાલા કોટ કર્યા, તે જાણે છે મારું મન રે...મારી૦

ધાબળી બળતી કેમ ખમાશે, થાશે મારું મરણ;
બાળો મા એને બાંધી મેલો, ભાઈ માંડ ફરે પ્રકરણ રે...મારી૦

એવી રીતે કીર્તન બોલ્યા. પછી નિષ્કુળાનંદસ્વામી તથા કૃપાનંદસ્વામી ઉપર રાજી થયા ને તેમને ચરણારવિંદ આપ્યાં. અને કહ્યું, “પરમહંસોએ તો આની જેમ લોક, ભોગ તથા દેહ-ગેહાદિકથી નિઃસ્પૃહી રહેવું.” એવી રીતે એ જગ્યાએ અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૩૬॥

મુક્તાનંદસ્વામીની ઓરડીથી ઓતરાદી લહિયાની નાની-નાની ઓરડીઓમાં મહારાજે કરેલું

ચરિત્ર નં. ૩૭

મહારાજે નિષ્કુળાનંદસ્વામીની ઓરડી પાડી નંખાવી

એક વખત બ્રહ્માનંદસ્વામીએ મહારાજને લૈયાની ઓરડીઓ જોવા વાસ્તે બોલાવ્યા. ત્યાં લૈયાની ઓરડીઓ વચ્ચે નિષ્કુળાનંદસ્વામીએ એક ઓરડી પોતાના હાથથી મહાશોભિતી બનાવેલી હતી. તે ઓરડી મહારાજને બતાવીને બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, "હે મહારાજ ! તપની મૂર્તિ નિષ્કુળાનંદસ્વામીની આ રમણીય ઓરડી છે. ધોરાજીની ધાબળીનો બાધ ને ઓરડીનો બાધ નહિ !" પછી એ જ વખત મહારાજે ઓરડી પાડી નંખાવી. તેથી સ્વામી રાજી થયા. પછી નિષ્કુળાનંદસ્વામી કીર્તન બોલ્યા, તેનું પહેલું પદ -

મારી હાથની માળેલ ઓરડી,
પાડો નહિ તો તમારો પાડ રે; મારી હાથની માળેલ ઓરડી.'



તે તમામ કીર્તન સાંભળી મહારાજ હસ્યા. અને પછી બોલ્યા કે, “આ ઈર્ષ્યાથી બન્યું છે.” એવી રીતે ઓરડીનું થયું. પછી લૈયા સંતોને મહારાજ મળ્યા ને હૈયામાં ચરણારવિંદ આપ્યાં. એવી રીતે એ જગ્યાએ મહારાજે અલૌકિક ચરિત્ર કર્યું છે. ॥૩૭॥

એ લહિયાની ઓરડીથી દક્ષિણાદા બારની બ્રહ્માનંદસ્વામીને રહેવાની ઓસરીબંધ ઓરડી હતી, તે જગ્યાએ કરેલું

ચરિત્ર નં.૩૮

મહારાજે બ્રહ્માનંદસ્વામીને નિજ મૂર્તિનું ધ્યાન શીખવ્યું.

લૈયાની ઓરડીથી દક્ષિણાદા બારની બ્રહ્માનંદસ્વામીને રહેવાની ઓસરીબંધ ઓરડી હતી. એક વખત બ્રહ્માનંદસ્વામી પોતાની ઓરડીએ મહારાજને તેડી લાવ્યા. અને પછી મહારાજની ચંદન-પુષ્પે કરી પૂજા કરી. વસ્ત્ર પહેરાવી આરતી ઉતારી અને પછી બોલ્યા કે, “હે મહારાજ ! અમારું જેમ હિત થાય ને સારું થાય તેમ બતાવો.” પછી મહારાજ બોલ્યા જે, **“અક્ષરધામથી આવી અહીંયાં તમારી પાસે બેઠા છીએ અને પ્રત્યક્ષ નજર આગળ છીએ.”** પછી શરીર ઉપરથી પછેડી લઈને સર્વે શરીર ઉઘાડું કરી સામા ઊભા રહ્યા ને બોલ્યા જે, **“જેનું તમે અક્ષરધામને વિશે ધ્યાન કરો છો, તે જ હું આ પ્રત્યક્ષ તમારી પાસે ઊભો છું, તે હવે નીરખો. એથી પછી તમારા હિતનું સાધન બીજું કાંઈ નથી.”**

પછી બ્રહ્માનંદસ્વામીએ સમગ્ર મૂર્તિ નખથી શિખા પર્યન્ત ધારી નેત્ર પલટાવી હૈયાને વિશે ઉતારી. ને તે વખત જે પરમહંસો ઊભા રહ્યા હતા, તેણે પણ મહારાજની મૂર્તિ સમગ્ર ધારી. પછી મહારાજને

ચણેસીની ભાજી અને બાટી અને કાચરી ને ગોરસ વિગેરે રસોઈ કરી જમાડ્યા ને બ્રહ્માનંદસ્વામીને પ્રસાદી આપી. ને પછી તે જગ્યાએ મહારાજ પોઢ્યા.

પછી થોડોક દિવસ રહ્યો ત્યારે મહારાજ ઊઠ્યા. પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજની મૂર્તિનાં નખથી શિખા પર્યન્તના કરેલાં કીર્તન સંભળાવ્યાં. તે સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા. ને બ્રહ્માનંદસ્વામીને મળ્યા અને બ્રહ્માનંદસ્વામીને ચરણારવિંદ આપ્યાં. એવી રીતે તે જગ્યાએ મહારાજે એક ચરિત્ર કર્યું છે. ॥૩૮॥

બ્રહ્માનંદસ્વામીની ઓરડીથી આથમણી બાજું જૂની હવેલી સુધી લાંબો ધર્મશાળા જેવો દક્ષિણાદા બારનો એક ઢાળિયાનો ફરજો હતો. ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૩૯

જગન્નાથાનંદસ્વામીનું વૃત્તાંત અને ભોજનલીલા

મહારાજ જ્યારે હિન્દુસ્તાનથી નીકળ્યા ત્યારે હિન્દુસ્તાની જગનાથાનંદસ્વામીની ડોશી(માતા)ને ત્યાં રહેલા હતા. અને મહારાજ જ્યારે ત્યાંથી અસ્તા(છાના) ચાલ્યા ત્યારે જગનાથાનંદસ્વામી સોનાનું કડું લઈ તેની માના કહેવાથી મહારાજને ગોતવા નીકળ્યા. તે પછી મહારાજ મળ્યા એટલે તેમના ભેળા જ રહેલા. તે જગનાથાનંદસ્વામીએ એક વખત ચોમાસાની મોસમ ઊતરે મહારાજને પ્રાર્થના કરી પોતાની ઓરડીએ પધરાવ્યા. ને મહારાજને નવરાવી સફેદ વસ્ત્ર પહેરાવ્યું અને ભારે ધોળું બુરાનપુરી શેલું કનેરીએ જુક્ત માથે બંધાવ્યું. ને લાંબી ચાળનું બનારસી ધોળું અંગરખું પહેરાવ્યું અને એક ધોળો દુપટ્ટો

કનેરીએ જુક્ત આડસોડે નખાવ્યો. ને એક દુપટ્ટો કમરે બંધાવ્યો ને હાથી દાંતના હાથાએ યુક્ત છરો કેડે બંધાવ્યો. અને કેસર-ચંદનની આડ કરીને પંચામૃત સ્નાને કરીને મહારાજનાં ચરણારવિંદ ધોયાં અને ચંદન ચરણારવિંદે ચર્ચી પોતાના મસ્તક તથા છાતીમાં લીધાં. ને પછી મહારાજની આરતી ઉતારીને બથમાં ઘાલી દસ વખત મળ્યા.

પછી મહારાજે સદ્‌ગુરુ સંતો તથા મુક્તાનંદસ્વામી પાસે જગન્નાથાનંદસ્વામી તથા તેમની ડોશીની વાત કરી દેખાડી. તે વખત નિરસ્વાદાનંદસ્વામીએ ગીતાનો ગુટકો પોતાના હાથનો લખેલો હતો, તે મહારાજને અર્પણ કર્યો. પછી મહારાજે નિરસ્વાદાનંદસ્વામીના વૃત્તાંતની વાત કરી કે, “આ સાધુ કેવા બળિયા છે ! તો તેઓ પૂર્વાશ્રમમાં તેમના ગામ નજીક મહાદેવનું દેવળ છે, તે ઉપર આ સાધુ તથા તેમનો એક કુસંગી સગો એ બે જણા ચડ્યા હતા. પછી એ કુસંગી કહે જે, ‘તારા સ્વામિનારાયણ સાચા હોય તો તારું શરીર આ મંદિર ઉપરથી પડતું મૂક. અને જો ન વાગે તો તારા ભગવાન સાચા.’ પછી તેમણે દેવળ ઉપરથી શરીર પડતું મૂક્યું. ને અમે તેમની રક્ષા કરી. એવા તે વિશ્વાસી અને અમારા બળવાળા છે.”

પછી નિરસ્વાદાનંદસ્વામી તથા પ્રજ્ઞાનંદસ્વામીને મળીને હૈયામાં ચરણારવિંદ આપ્યાં. પછી જગન્નાથાનંદસ્વામી મહારાજને કહે જે, “મહારાજ ! આજ તો તમને તથા પરમહંસને મારે જમાડવા છે, પણ અમે તો સાધુ છીએ. તે કેમ કરીએ ? ઉત્તમરાજાના ઘરનો માગેલ લોટ ને લક્ષ્મીબાગનાં રીંગણાં અને જીવુબાઈએ પાંચ મણ ઘી આપ્યું છે અને વધુ આપવાનું પણ કહ્યું છે. માટે લોયે જેવું શાક કર્યું તેવું શાક કરી આજ અહીં સર્વને જમાડો.”

પછી મહારાજ ઘણા પ્રસન્ન થયા અને શાક કરવાનો આદર કર્યો. ત્યારે કહે જે, “ભાઈબંધ ! આટલે ઘીએ થશે નહિ.” પછી જીવુબાઈના

કારભારી હરજીભાઈ ઊભા હતા. તેણે જીવુબાઈને વાત કરી. પછી ત્યાંથી બાએ કહ્યું કે, “વીશ મણ સુધી ઘી તૈયાર છે.” પછી પંદર મણ ઘીનું શાક કર્યું ને પ્રથમ મહારાજ જમ્યા. પછી સર્વ પરમહંસને જમાડ્યા. ને ઉપર દૂધ-સાકર ખૂબ પિરસ્યા. અને જગન્નાથાનંદસ્વામી ઉપર દૂધ રેડ્યું. એમ મહારાજે ત્યાં ચરિત્ર કર્યું છે. ॥૩૯॥

તે ધરમશાળાના ફરજાનું ફળિયું ઘણું લાંબુ હતું. તે ફળિયાના મધ્યે એટલે કે ગોપીનાથજી મહારાજના મંદિરમાં દરવાજા સામી ઓટલી હતી, તે ઉપર બેસી મહારાજે કેટલીક વખત અનેક ચરિત્ર કરેલાં છે, તે માંહિલું

ચરિત્ર નં.૪૦

સુરબાઈને સમાધિ અને તેને મહારાજે વરદાન આપ્યું.

ગોપીનાથજી મહારાજના ઓત્રાદા દરવાજાના આગલા મંડપની ચોકીના થાંભલાની પધોરે(સામે) ફળિયામાં એક ઓટો હતો. ત્યાં મહારાજ દરરોજ શિયાળામાં સવારમાં ને ઉનાળામાં આઠ વાગ્યા પછી બેસતા. એક દિવસ મહારાજ ઉદાસ થઈ કહે જે, “અમે તો પરમહંસ ભેગા રહેશું.” પછી એ ઓટા ઉપર બેઠા ને ઘણીક વાતો કરી. અને ત્યાં મહારાજ જમ્યા. અને ચાર દિવસ સુધી રાત્રે ત્યાં સૂતા અને પંદર દિવસ સુધી ત્યાં રહ્યા છે.

પછી એક દિવસ સુરબાઈ કે જે ઉત્તમરાજાના માતુશ્રી હતાં, તેમણે મહારાજ તથા પરમહંસને સૂતરફેણીની રસોઈ આપી ત્યાં જમાડ્યાં. ને ઉત્તમરાજા પાસે મહારાજની કેસર-ચંદનથી પૂજા કરાવી. અને કિંમતી વસ્ત્ર, ઘરેણાં મહારાજને અર્પણ કર્યાં. પછી આઈ સુરબાઈ કહે જે, “મહારાજ ! હવે તમે દરબારમાં પધારો.” પણ મહારાજ દરબારમાં ન ગયા. પછી સુરબાઈ દરબારગઢમાં ચાલ્યા ગયાં.

પછી ત્યાં દરબારમાં આઈ સુરબાઈ બેઠાં હતાં. ત્યાં તેમને એમ જણાણું કે એ ઓટા ઉપર મહારાજ બેઠા છે ને તેમાંથી દિવ્ય તેજના પૂંજો દશે દિશામાં વ્યાપી રહ્યા છે અને તે તેજના પૂંજમાં ચોવીશ અવતારનાં દર્શન થયાં. પછી તે ચોવીશ અવતારો દિવ્ય ઉપચારથી મહારાજની પૂજા કરે છે. મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લે છે. પછી મહારાજના ચરણારવિંદમાં ચોવીશે અવતાર લીન થતા હોય એવું ભાળ્યું ને પાછા મહારાજના સ્વરૂપમાંથી બહાર નીકળતા ભાળ્યા. પછી તે અવતારો અદશ્ય થઈ ગયા. અને તુરત સુરબાઈને સમાધિ થઈ ગઈ.

પછી મહારાજ પાસે ઉત્તમરાજાએ તે વાત કરી. પછી મહારાજ જલદી ત્યાં ગયા અને સમાધિમાંથી સુરબાઈને ઉઠાડ્યા. પછી મહારાજ કહે જે, “માગો, જે માગો તે આપીએ.” ત્યારે સુરબાઈ કહે જે, “મહારાજ ! તમે દરબારમાં પધારો ને અહીંયાં કાયમ રહો, એ વર માગું છું.” ત્યારે મહારાજ કહે, “સારું. હવે અમે દરબારમાં રહેશું.” એવી રીતે મહારાજે તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૪૦॥

જે જગ્યાએ હાલ ખળી છે, તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૪૧

મહારાજે મહાભારતની કથા સાંભળી.

જે જગ્યાએ ખળી(સીધું-સામાન સાફ કરવાની જગ્યા) છે, તે જગ્યાએ એક માંડવો હતો. તે ઉપર પરબોળિયા તથા આંબવા વાલોળના વેલા હતા. અને પરમહંસોએ ફરતી કરેણનાં તથા ગુલાબનાં ઝાડ વાવેલાં હતાં, ને ત્યાં ઘણું ટાઢું રહેતું. તેથી ત્યાં મહારાજ લાગઠ પાંચ માસ સુધી સૂતા હતા. અને સાંજે નિત્યાનંદસ્વામી પાસે મહાભારતની કથા

રોજ વંચાવતા હતા. ત્યારે અનેક દરબારો તથા હરિભક્તો દૂર દૂરથી સાંભળવા આવતા. અને મહારાજ સહુને ખૂબ રમૂજ કરાવતા. અને તે ગ્રંથનું રહસ્ય સમજાવતા. એવી રીતે તે જગ્યાને વિશે મહારાજે ચરિત્ર કર્યું છે. ॥૪૧॥

ખળીથી આથમણી મૂળજી બ્રહ્મચારીને રહેવાની ઓરડી હતી, તે જગ્યાએ મહારાજ ઘણીવાર જમ્યા છે અને મૂળજી બ્રહ્મચારીને પ્રસન્ન કરવા માટે ઘણાં ચરિત્ર કર્યાં છે, તે માંહિલું

ચરિત્ર નં.૪૨

બ્રહ્મચારીને ત્યાં ભોજન, વામનજી-દર્શન અને ઉપદેશ

મંદિરથી ઉત્તર તરફ બ્રહ્મચારીની ઓરડી હતી. ત્યાં મુળજી બ્રહ્મચારીએ એક દિવસ મહારાજને જમવા બોલાવ્યા હતા. પછી ત્યાં મહારાજને કોયા(ઘણું ઘી નાખી સાકરમાં બનાવેલા લચપચતા) લાડુ કરીને જમાડ્યા હતા. પછી એક કાળીદાસ બ્રહ્મચારી હતા તે ખૂબ લાડુ જમ્યા. પછી મહારાજ હસ્યા ને કહે, “હવે કેટલા લાડુ જમવા છે ?” પછી તે કહે, “જેટલા લાડુ જમું એટલી વખત મળીને ચરણારવિંદ આપો તો બંદો કાળીદાસ હજી લાડવા ખાય.” પછી મહારાજે હા પાડી. પછી નવ લાડવા ખાઈ ગયા. તેથી મહારાજ તેને નવ વખત મળ્યા ને નવ વખત હૈયામાં ચરણારવિંદ દીધાં.

પછી ત્યાં મહારાજ બેઠા હતા અને બ્રહ્મચારીએ મહારાજની સુંદર ચંદન ચરચી ફૂલહાર પહેરાવી પૂજા કરી. અને મહારાજ સામું પ્રેમથી જોઈ રહ્યા. તેવા વખતમાં એ ઓરડીમાં તેજનો અંબાર થઈ ગયો. પછી મુકુંદ બ્રહ્મચારીને વામનજી ભગવાન દેખવામાં આવ્યા. અને તેણે સોળ

ઉપચારે કરીને મહારાજની પૂજા કરી. પછી તે વામનજી મહારાજના ચરણારવિંદમાં લીન થઈ ગયા; આવાં દર્શન થયાં. ત્યાં રહેલા સહુ ભક્તોએ મહારાજને સર્વ અવતારોનું કારણ માન્યા અને સહુ આનંદમાં ગરકાવ થઈ ગયા.

પછી મહારાજે આજ્ઞા કરી કે, "બ્રહ્મચારીમાત્રને ડોશીના હાથનું જમવું નહિ. કેમ જે, સ્ત્રીનો સંસર્ગ મોક્ષના અંકુર કાપી નાખે છે. અને દેવ જેવા ડાયાને પણ દેહાભિમાની બનાવી મોક્ષમાર્ગેથી પાડી દે છે. માટે સ્ત્રીથી અગિયાર પ્રકારે છેટે રહેવું. અને ધનનો સંગ્રહ પણ અનેક અનર્થો તથા વિપત્તિઓનું મૂળ છે. માટે ધનનો સંગ્રહ પણ કરવો, કરાવવો નહિ, તે બ્રહ્મચારીનો ધર્મ છે." પછી મુકુંદ બ્રહ્મચારી વગેરેએ મહારાજની તે આજ્ઞાને માથે ચડાવી લીધી. એવી આજ્ઞા મહારાજે તેમને કરી. અને આવું ચરિત્ર કર્યું હતું. ॥૪૨॥

મૂળજી બ્રહ્મચારીની ઓરડીથી ઉગમણું બ્રહ્મચારીનું રસોડું હતું, તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૪૩

બ્રહ્મચારીઓનું પૂજન, ભોજન અને સનકાદિકોની ઓળખ

મુળજી બ્રહ્મચારીની ઓરડીથી ઉગમણું બ્રહ્મચારીનું રસોડું હતું. તે જગ્યાએ બધા બ્રહ્મચારીએ મળીને એક દિવસ મહારાજની પધરામણી કરી. પછી મહારાજની ચંદન-પુષ્પે કરીને પૂજા કરી અને પછી તરધારી લાપસી(ઘી, ગોળ અને લોટ ત્રણેય સરખા વજને નાખીને બનાવેલી લાપસી) કરીને મહારાજ તથા ઉત્તમરાજાને પ્રેમથી જમાડ્યા.

પછી મહારાજે બધાય બ્રહ્મચારીની બુદ્ધિની પરીક્ષા પ્રશ્ન પૂછીને કરી લીધી. પછી મહારાજે ચારને કહ્યું કે, "આ વૈકુંઠાનંદ બ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, આનંદાનંદ બ્રહ્મચારી ને ગોવિંદાનંદ બ્રહ્મચારી એ ચાર તો સનકાદિકના જેવા છે." એમ કહી એ ચારેને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

પછી તે જગ્યાએ સભામાં બેઠેલા કેટલાકને સંશય થયો કે, શું આ ચાર વર્ણીઓ સનકાદિક જેવા હશે ? ત્યારે તે જગ્યાએ સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ. અને તેમાં ચાર બ્રહ્મચારીઓને સનકાદિકના જેવા જોયા. પછી સમાધિમાંથી મહારાજે સચ્ચિદાનંદસ્વામીને ઉઠાડ્યા. પછી તે બોલ્યા જે, "હે મહારાજ ! આ ચાર બ્રહ્મચારી સનકાદિક જેવા છે; એમ મેં જોયું. અને આટલા જણાને તેનો સંશય થયો હતો, તેના સંકલ્પ મેં કળ્યા છે." પછી જેને સંશય હતો તે સંકલ્પવાળા મહારાજને પગે લાગી કહે જે, "અમારો અપરાધ માફ કરો." પછી મહારાજ સર્વને 'જય સચ્ચિદાનંદ' કહીને ઉતારે પધાર્યા. એમ ચરિત્ર કર્યું. ॥૪૩॥

એ રસોડાથી ઉગમણો નારાયણલેરી નામે મહારાજે પંડે કૂવો ગળાવેલો ને ત્યાં મહારાજ ઘણું નાહ્યા છે. તે કૂવો હાલ મંદિરની પ્રદક્ષિણામાં આવ્યો છે. તે કૂવો ગળાવતાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૪૪

મહારાજે નારાયણલેરી કૂવો ગળાવ્યો અને વર્ણી પર પ્રસન્નતા

બ્રહ્મચારીને રસોડે મહારાજ પધાર્યા. તેને બીજે દિવસે સવારમાં બ્રહ્મચારીની વિનંતીથી કૂવો ગાળવાની મહારાજે પાળાઓને આજ્ઞા કરી. પછી કૂવો ગળાવતા ત્યાં મહારાજ સવાર અને સાંજ બે વખત બેસતા. ને ત્યાં ત્રીજે દિવસે કૂવામાં પાણી નીકળ્યું. તે પાણીએ કરીને બ્રહ્મચારીઓએ મહારાજને વિષ્ણુસહસ્ર નામે સ્તોત્રે કરી અભિષેક કરી નવરાવ્યા. પછી વૈકુંઠ બ્રહ્મચારી કહે જે, “હે મહારાજ ! તમે આ કૂવાને ગંગારૂપ કરો. માલીકોર ઊતરી નાઓ. હે સ્વામિનારાયણ ! એટલી કૃપા કરો. ને એટલી મેર કરો તો અમે બ્રહ્મચારી સર્વે હંમેશાં ગંગાનું પાણી પી કૃતારથ થઈએ.”

પછી મહારાજ કૂવામાં ઊતરી નાયા ને બહાર નીકળી બ્રહ્મચારીઓ સાકર લાવ્યા હતા તે સહુને વહેંચાવી. પછી ઉત્તમરાજા પાસે હતા, તેને મહારાજ કહે જે, “આ બ્રહ્મચારી તમારા રાજ્યમાં સુખી છે. માટે આજ આ બધા બ્રહ્મચારી તથા પરમહંસોને રસોઈ આપો.” તે દિવસ નૃસિંહ ચૌદશ હતી. પછી રાત્રે દાદા ખાચરે રસોઈ આપી સર્વને જમાડ્યા. ને ત્યારે મહારાજે એ કૂવાનું નામ **‘નારાયણલહેરી’** પાડ્યું. એ કૂવો હાલ ગોપીનાથજી મહારાજના મંદિરની પ્રદક્ષિણામાં આવેલ છે. એમ તે જગ્યાએ એક ચરિત્ર મહારાજે કર્યું છે. ॥૪૪॥

જૂની હવેલી પાસે લાંબો મોટો વાડો હતો, તે પાંચુબાઈના કરાથી ઓત્રાદો ને નવી ધરમશાળાના ઓત્રાદી કોરના જીના સુધી લાંબો હતો, ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૪૫

મહારાજે સંતોને યોગક્રિયા શીખવી તથા સિદ્ધો દર્શને આવ્યા.

જે જૂની હવેલી હતી ત્યાં લાંબો મોટો વાડો હતો, તે વાડામાં લાગઠ દાડમોનાં ઝાડ હતાં અને ત્યાં સાધુઓનાં આસનો રહેતાં. ત્યાં મહારાજ અનેક વખત છતા(જાહેર) રહેતા અને અછતા(ગુપ્ત) પણ રહેતા. એક વખત મહારાજે ત્યાં સાધુઓની અષ્ટાંગયોગ તથા ચોરાસી આસન સાધવાની પરીક્ષા લીધી હતી. અને કેટલાક સાધુઓને અષ્ટાંગ યોગ તથા આસન તથા નોળીકરમ તથા દંડ પીલવા તથા ભસ્તી વિગેરે ક્રિયાઓ શીખવતા. ત્યાં તે વખત નવ યોગેશ્વર તથા સનકાદિક તથા અનેક સિદ્ધ સાધુઓ સહુના જોવામાં આવ્યા અને તેઓ મહારાજની લીલા જોઈ ઘણું પ્રસન્ન થયા અને મહારાજને દંડવત કર્યા. પછી મહારાજનાં ઘણાં વખાણ કરી ચંદનનો વરસાદ કરી પુષ્પે કરીને વધાવ્યા. એવી રીતે મહારાજે ત્યાં ચરિત્ર કર્યું છે. તે વિના પણ તે જગ્યાએ અનેક ચરિત્ર કરેલાં છે. ॥૪૫॥

વાસુદેવનારાયણના મંદિરનો ઓરડો છે, તે જગ્યાએ ઉગમણા બારનો ઓરડો હતો, ત્યાં મહારાજે એક વખત કરેલું

ચરિત્ર નં.૪૬

મહારાજે ચારણને ચમત્કાર બતાવ્યો.

ગઢપુરને વિશે વાસુદેવનારાયણના મંદિરનો ઓરડો છે, તે જગ્યાએ ઉગમણા બારનો ઓરડો હતો. ત્યાં એક વખત મહારાજ તે ઓરડામાં બેઠા હતા. તે વખત શિયાળાની ઋતુ હતી. પાર્ષદો તથા સદ્ગુરુઓ પાસે બેઠા હતા ને એભલ ખાચર પણ બેઠા હતા. ને મહારાજે ફાટેલ ગોદડી ઓઢી હતી. તે વખત એક ચારણ ત્યાં આવ્યો. તેણે એમ કહ્યું કે, “આ ગોદડીવાળો પુરુષ ભગવાન રાધાનો પતિ છે.” એમ કહી ઓ..હો..હો.. કરી ઠેકડા મારવા મંડી ગયો. પછી અભયરાજાએ કટાક્ષથી ડોળા કાઢ્યા. પછી ચારણ બોલ્યો, “ડોળાળા ડોળા શું કાઢે છે ? આ તો પૂરણબ્રહ્મ પરમાત્મા નારાયણ છે.” એમ કહી મહારાજને પગે બથ ભરી. પછી જીવા ખાચરની ડેલી સુધી એમ ને એમ કહેતો કહેતો ગયો અને ત્યાંથી જીવા ખાચરને તેડી લાવ્યો. પછી તેણે મહારાજ પાસે વ્રતમાન લીધાં. એવી તરેહનું આશ્ચર્યકારી તેના જોવામાં આવ્યું.

❊ એભલ ખાચરના ચોરાયેલા ધનની અખંડાનંદસ્વામી દ્વારા રક્ષા :

તે જ દિવસ સાંજે મહારાજે એભલ ખાચરને પૂછ્યું કે, “આ તમારી પાસે દરબારગઢમાં કોણ નોકર છે ?” ત્યારે તે કહે જે, “અતીત છે. તેનું નામ અચળગર.” ત્યારે મહારાજ કહે જે, “તમારો ખજીનો કેની પાસે છે ?” પછી એભલ ખાચર કહે જે, “ઠામ છે તે આ ઓસરીમાં છે ને કુંચીઓ અચળગર પાસેછે.” પછી મહારાજ કહે, “એ અચળગર વિશ્વાસ કરવા જોગ નથી. તેની વૃત્તિ બગડી છે. માટે કુંચીઓ મારી પાસે

લાવો.” પછી કુંચીઓ મહારાજને આપી. પછી તે રાત્રે મહારાજ ખજીનો સાચવવા સારુ તેના ઉપર સૂતા. અને તે જ રાત્રે અચળગર એભલ ખાચરના ખડિયામાંથી ચામડાની પડતળી(કોથળી)માં સો સોનામહોરો હતી તે, તથા સોનાની મૂઠવાળી તલવાર લઈ નાસી ગયો.

તે બાર ગાઉ વળા ચમારડી પાસે ઈશાવળા ડુંગરની તળાટીમાં ચાલ્યો જાતો હતો. ત્યાં મોટા અખંડાનંદસ્વામી કરીને સમાધિવાળા સાધુ હતા, તેને મહારાજ કહે જે, “આ અચળગર એભલ ખાચરની ચોરી કરીને ધન લઈ જાય છે, માટે તે સામાન તમે લઈ લો અને તેને કાઢી મૂકજો. નહિ તો તેને એભલ ખાચર મારી નાખશે.” પછી સ્વામીએ સામાન લઈ લીધો ને તેને ઠોટું મારી કાઢી મૂક્યો. ને સવાર થયું ત્યારે જુવે છે તો અચળગરજી ન મળે ને સોનામહોરો તથા તરવાર ન મળે. પછી એભલ ખાચરે મહારાજ પાસે જઈ સર્વ વૃત્તાંતની વાત કરી.

પછી તે વાત સાંભળી મહારાજ હસ્યા ને બોલ્યા જે, “હે અભયરાજા ! આ તમારું બધું લઈ જાત.” એમ કહી કહે જે, “કાંઈ ચિંતા રાખશો નહિ, મોટા અખંડાનંદસ્વામી સમાધિવાળા પરમહંસ છે. તેને અમે સમાધિમાં કહ્યું એટલે એ ઈશાવળા ડુંગરમાં તેણે રસ્તા ઉપર આવીને તે અચળગર પાસેથી સોનામહોર તથા તમારી તરવાર આંચકી લીધી અને તે લઈને સ્વામી ચાલ્યા આવે છે.”

તેટલામાં તો પરમહંસ દશાવાળા અલમસ્તની પેઠે ફક્ત અલફી પહેરેલી એવા અખંડાનંદસ્વામી ત્યાં આવ્યા. અને મહારાજને દંડની ઘોડે(જેમ) પડી નમસ્કાર કરી પગે લાગ્યા અને કહ્યું કે, “આ તરવાર અને સોનામહોરની પડતળી લ્યો.” પછી મહારાજ બોલ્યા જે, “ધનને અડવાની પરમહંસને આજ્ઞા નથી.” ત્યારે અખંડાનંદસ્વામી બોલ્યા કે, “ગુરુની આજ્ઞાથી અચળગરને પકડ્યો. અને આપનું વૃત્તાંત સર્વ જાણતો તેથી મેં આજ્ઞા લોપી નથી. તરવારની મૂઠે એને ઠોસાવીને એ

ધનના લોચાની પડતળી અચળગર પાસે મારી કોપીને બંધાવી છે, તે જુવો, આ રહી.” તે વૃત્તાંત જોઈ-સાંભળી મહારાજ ઘણું પ્રસન્ન થયા અને સ્વામીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. અને પંડે જમી સ્વામીને પ્રસાદીનો થાળ આપ્યો.

આ વૃત્તાંત જોઈ એભલ ખાચર ઘણા પ્રસન્ન થયા. પછી પોતા પાસે સાઠ હજાર રૂપિયા હતા, તે દશ હજાર રૂપિયા જીવુબાઈને આપ્યા ને દસ હજાર રૂપિયા લાડુબાઈને આપ્યા ને ચાલીશ હજાર રૂપિયા મહારાજને અર્પણ કર્યા. પછી મહારાજે અભયરાજાને કહ્યું, “હે અભયરાજા ! આ ઉત્તમરાજાને કાંઈક આપો.” પછી કહે જે, “એ ઉત્તમરાજાને તો તમને આપ્યા છે. માટે તે સારુ તો આ ઉકરડાને ઠેકાણે સુદામાવાળું થશે. હે મહારાજ ! આજ કઠણ કાળમાં આ ગરાસ તથા આ સમૃદ્ધિ તમારા પ્રતાપથી બચી છે. તેમાં કાંઈ સંશય હોય તો મને બ્રહ્માંડ માર્યાનું પાપ છે. અને અત્યારે મને સર્વ આવરણ ટળી ગયું છે. આંયા બેઠા બેઠા હું સર્વ બ્રહ્માંડની રચના દેખું છું.”

પછી ઉત્તમરાજાને મહારાજ કહે જે, “આ ખજીનામાંથી તમારે કાંઈ ઇચ્છા છે ?” ત્યારે તે કહે જે, “હે મહારાજ ! આ તો ખજીનો અર્પણ કર્યો પણ આ ગામ, ગરાસ તથા સમૃદ્ધિ તમને તેવી જ રીતે અર્પણ કરે તોપણ હું તૈયાર છું. મારે કોઈ જાતનો સંશય નથી.” તે સાંભળી મહારાજ ઘણું પ્રસન્ન થયા. પછી ત્યાં રોજ મહારાજ એ ઓરડામાં રહેતા.

❊ મહારાજે ગંગાધર શાસ્ત્રી દ્વારા ગરાસનો કજિયો ટાળ્યો :

એક દિવસે રાજા તરફથી ઉપદ્રવ થયો ને ગાયકવાડ સરકારના દીવાન (ગંગાધર) શાસ્ત્રીબાવા કરીને હતા. તેની પાસે ઉત્તમરાજાને મોકલ્યા. તે વખત ઉત્તમરાજાની બાર વરસની ઉમર હતી, પરંતુ મહારાજના પ્રતાપથી તે જ્યાં શાસ્ત્રીબાવા મઠમાં ઉતરેલા હતા,

ત્યાં ગયા. તે વખત દૈત્ય સ્વભાવવાળા બે કાઠીઓ ત્યાં બેઠા હતા. તે મહારાજનું વાંકુ બોલ્યા. તે ઉત્તમરાજા સહન ન કરી શક્યા. અને ઉત્તમરાજાને ભાળી તેઓ દબાઈ ગયા.

અને મહારાજના પ્રતાપથી ઉત્તમરાજાને તેજસ્વી પુરુષ જાણીને શાસ્ત્રીબાવાએ ખોળા પાસે બેસારીને તેમનો કેટલોક સત્કાર કર્યો. પછી ઉત્તમરાજાએ ગરાસના વૃત્તાંતની વાત કરી. પછી શાસ્ત્રીબાવાએ અભયરાજાના સમાચાર પૂછ્યા ને બોલાવ્યાનું કહ્યું. પછી ઉત્તમરાજા પાછા દરબારગઢમાં આવ્યા ને મહારાજને સર્વ વૃત્તાંતની વાત કરી. પછી ગંગાધર શાસ્ત્રી જે મઠમાં સૂતા હતા, ત્યાં તે વખતે બપોરે સર્વ બ્રહ્માંડની રચના તેને જોવામાં આવી. અને ત્યાં ગઢડું શહેર જોવામાં આવ્યું. અને ઉત્તમરાજાના દરબારમાં જે ઓરડામાં મહારાજ વિરાજતા હતા, તે પણ જોવામાં આવ્યું. પછી મહારાજને દિવ્ય સિંહાસન ઉપર બેઠેલા ભાળ્યા. અને મહારાજ આગળ શિવ, ગણપતિ, પાર્વતી વગેરેને નૃત્ય કરતાં ભાળ્યાં. તે જોઈ તેને ઘણો વિસ્મય થયો.

પછી જાસુસ મોકલી અભયરાજા તથા ઉત્તમરાજાને બોલાવ્યા. પછી પૂછ્યું કે, “અહીં સ્વામિનારાયણ છે ?” ત્યારે ઉત્તમરાજાએ ના પાડી. પછી પોતાના સ્વપ્નાના તમામ વૃત્તાંતની વાત કરી. તે સાંભળી ઉત્તમરાજા દરબારમાં જઈ મહારાજને પૂછી આવ્યા. અને આવીને સઘળી હકીકત જણાવી.

પછી સાંજ વખતે મહારાજ પાસે ગંગાધર શાસ્ત્રી આવ્યા. ને પગે લાગી મહારાજને ચરણે પડ્યા. ને કહે જે, “મહારાજ ! તમે તો અખંડાનંદ અને પૂરણ બ્રહ્મ નારાયણ છો.” એમ કહી નમસ્કાર કર્યો ને મહારાજને શરણે થયા. પછી તે કહે જે, “આ અભયરાજાના રાજ્ય બાબત હું દીવાનજી ઉપર લખાણ કરી હુકમ મંગાવી આપીશ.” એમ કહી મહારાજની સોળ ઉપચારે કરી પૂજા કરી, શાલ જોટો ઓઢાડ્યો.

ત્યાં ઉત્તમરાજાનું ગાયોનું ધણ આવ્યું. તે જોઈ શાસ્ત્રીબાવા ઘણા ખુશ થયા. તેમાં કેટલીક કપિલા ગાયો જોવામાં આવી. પછી તે જોઈ તેનાં વખાણ કર્યાં. પછી મહારાજ કહે જે, "તમારે જેટલી ગાયો જોઈએ તેટલી રાખો." પછી તે કહે, "બાર ગાયો આપો. તેનું જે કહેશો તે ધન આપશું." પછી અભયરાજા કહે, "અમે ગાયો વેચતા નથી. ગાયો વેચવાનું ઘણું પાપ છે."

પછી મહારાજે ગંગાધર શાસ્ત્રીને મહાસુંદર એવી બાર કપિલા ગાયો આપી. અને તેણે વડોદરે જઈ સિયાજીરાવ મહારાજ પાસે સર્વે વૃત્તાંતની વાત પ્રશંસા સાથે કરી. અને કહે જે, "સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે." પછી સરકાર દ્વારા અભયરાજાના ગરાસનો નિકાલ કરાવી આપ્યો. આ રીતે મહારાજે એભલ ખાચરના ગરાસનો વિક્ષેપ મટાડી દીધો અને તેમનું સર્વ રીતે રક્ષણ કર્યું.

❊ એભલ ખાચરની સમજણ તથા અક્ષરવાસ :

પછી થોડા દિવસ થયા એટલે અભયરાજાને તાવ આવ્યો. પછી મહારાજ જોવા ગયા. ત્યારે તે કહે જે, "સર્વ પરમહંસને બોલાવો મારે અંત અવસ્થા છે." પછી મુક્તાનંદસ્વામી વિગેરે સર્વેને બોલાવ્યા ને મહારાજ પાસે બેઠા હતા. પછી અભયરાજાએ મહારાજની પૂજા કરી ને સર્વ પરમહંસ તથા બ્રહ્મચારીની પૂજા કરી. તે વખતમાં મુળુ ખાચર તથા જીવો ખાચર ત્યાં આવ્યા. તે અભયરાજાને જોઈ કહે જે, "આ ઉત્તમરાજાની કાંઈ ભલામણ કરવી છે ?" ત્યારે તે બોલ્યા જે, "ઉત્તમરાજાનું તો સુદામાવાળુ થઈ ગયું છે. ને મેં તો અનંત બ્રહ્માંડના પતિ એવા સ્વામિનારાયણ ભગવાનને તેનું કાંડું સોંપ્યું છે. હવે પરલા(જેની માથે કાળનો ભય છે તેવા નમાલા) જીવને શું ભલામણ કરવી?" એમ કહી કહે જે, "આત્માને એક ભગવાન સિવાય બીજું કોઈ સંબંધી નથી." પછી સાખી કહી દેખાડી કે -

'કિસ્કા બેટા, કિસ્કી વઉ, આપ સવારથે મળિયા સઉ'

તે સાંભળી મહારાજે તેમનાં ઘણાં વખાણ કર્યાં છે. પછી અભય રાજાએ ખાટલા પરથી હેઠા ઊતરી પલોંઠી વાળી, મહારાજનું ધ્યાન કરી (સં.૧૮૭૦ કારતક વદ-૫, તા.૧૩/૧૧/૧૮૧૩, શનિવારના રોજ) દેહ છોડી દીધો. પછી મહારાજે ઉત્તમરાજા પાસે તેમના દેહની સર્વ ક્રિયા કરાવી અને મહામોટું કારજ કર્યું. તે કારજ કરતી વખતે યવન જાતિના ત્રણ જણ લાધો ઠક્કર, કુરજી ઠક્કર, પ્રેમજી ઠક્કર એ ત્યાં દર્શન કરવા આવ્યા હતા. તેને ઘી લેવાની(ઘી ખરીદ કરવાના કામની) સોંપણી કરી અને તેમાં ઘી વધ્યું તે પાછું આપ્યું, તેનો અવગુણ ન લીધો. (એટલે કે મહારાજે ઘી ત્રણેયને પાછું આપ્યું તોય મહારાજનો અવગુણ ન લીધો.)

પછી તેને મહારાજે ઈનામ આપ્યું અને ખૂબ પ્રસન્ન થઈ લાધા ઠક્કર તથા કુરજી ઠક્કરને ઉત્તમરાજાના કારભારી સ્થાપ્યા. અને અભયરાજાના કારજમાં સાકરના સાટા તથા સાત વાનાંની સુખડી કરી લાખો માણસને જમાડ્યા. અને બ્રાહ્મણોને દક્ષિણા દીધી અને એક માસ સુધી પરમહંસોને ઉત્તમરાજાએ જમાડ્યા.

પછી આગળ ચતુરમાસું(ચાતુર્માસ) આવ્યું એટલે પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી, પાળા, હરિભગત ને તીર્થવાસી, સદાવ્રતીઓ વિગેરેને એક દિવસ પકવાનની રસોઈ જીવુબાઈ આપે ને એક દિવસ પકવાનની રસોઈ લાડુબાઈ આપે. એવી રીતે દેવદિવાળી સુધી છાવણી રાખી સહુને જમાડ્યા. અને તે વરસમાં જીવુબાઈએ અન્નકોટનો મહા ઉચ્છવ કરાવ્યો. ને લાડુબાઈએ દેવદિવાળીનો ઉચ્છવ કરાવ્યો. ત્યાં સુધી મહારાજે એ ઓરડામાં વિરાજમાન થઈ અનેક લીલાઓ કરી છે. આ તો લેશમાત્ર લખી છે. ॥૪૬॥

મહારાજે દરબારગઢ કરાવ્યો, તેમાં અગિયાર ઓરડા કરાવ્યા તથા તે વચ્ચે ચોક હતો, તેમાં લીંબડો હતો, તે લીંબડા ફરતો ઓટો કરાવ્યો. તથા ગોપીનાથજી મહારાજનું મંદિર દક્ષણાદા બારના ઓરડા પાડીને કરાવ્યું. તે વિશેની વિગત નીચે લખ્યા પ્રમાણે છે.

ચરિત્ર નં.૪૭

મહારાજે દરબારગઢમાં ૧૧ ઓરડા કરાવ્યા તેની વિગત

૧. અક્ષર ઓરડીથી ઉત્તર દિશામાં બેય બાજુ સારી ઓસરીવાળા બે ઓરડા કરાવ્યા હતા. તેમાં એક ઓરડાનું જ્યારે વાસ્તુકર્મ કર્યું ત્યારે મહારાજે ઘણું ઐશ્વર્ય જણાવ્યું હતું. ને તે ઓસરીએ યુક્ત ઓરડામાં અપાર તેજ દેખાડ્યું અને ત્યાં વાસુદેવનારાયણની મૂર્તિ સ્થાપન કરી હતી. અને ઉત્તમરાજાની પ્રસન્નતા માટે તે વાસુદેવનારાયણના ઓરડામાં મહારાજ ઘણા દિવસ રહ્યા હતા.

૨. વાસુદેવનારાયણના ઓરડાથી ઉગમણું કોટે યુક્ત એક ઘર કર્યું હતું. તેમાં મહારાજ ઘણીવાર બેસતા.

૩. વાસુદેવનારાયણના ઓરડાની પડખે આથમણો એક સુંદર ઓરડો કર્યો. અને તે ઉત્તમરાજાને આપ્યો હતો. ને ત્યાં મહારાજે તેમને અપાર ઐશ્વર્ય દેખાડી સૂર્યમંડળના મધ્યમાં હિરણ્યગર્ભરૂપે દર્શન આપ્યું હતું. અને આ ઓરડાની પાછળ વાડામાં મહારાજે આંબલીનું વૃક્ષ વવરાવ્યું હતું. ને તેના મૂળમાં બેસીને સ્નાન કર્યું છે.

૪-૫. વાસુદેવનારાયણના ઓરડાથી પૂર્વમાં આથમણા બારના બે ઓરડા બે તરફ ઓસરીવાળા કરાવ્યા હતા. અને ત્યાં મહારાજે પોતે વાસ્તુ કરી બ્રાહ્મણોને જમાડ્યા હતા. તે બે ઓરડામાંથી દક્ષિણ દિશાનો ઓરડો જીવુબાને આપ્યો. અને તે સમયે મહારાજે જીવુબાને

શ્વેતદ્વીપપતિ વાસુદેવરૂપે દર્શન આપ્યું હતું. જીવુબાના ઓરડાથી ઉત્તર દિશાનો ઓરડો લાડુબાને આપ્યો. અને ત્યારે તેમને ગોલોકધામ સહિત શ્રીકૃષ્ણરૂપે દર્શન આપ્યું હતું.

૬. આ બંને ઓરડાથી ઉત્તર તરફ એક ત્રીજો ઓરડો હતો. તે બહેનોની પાકશાળા કહેવાતી. તેમાં મહારાજ ઘણીવાર જમ્યા છે. અને તેથી ઉત્તરમાં એક બે માળવાળો મોટો ઓરડો હતો. તે હરિભક્તોની પાકશાળા હતી. ત્યાં પણ મહારાજ જમ્યા છે અને તેની મેડીએથી ઊતરતા પગથિયામાં બેસી અદ્‌ભુત ચરિત્ર કર્યાં છે.

૭-૮. વાસુદેવનારાયણના ઓરડાથી આથમણા ઉગમણા બારના બે ઓરડા કરાવ્યા. અને તે ન રુચવાથી પાડીને બે-ત્રણ વાર નવા કરાવ્યા હતા. પછી તેમાંથી પહેલો ઓરડો જીવુબાને આપ્યો. ત્યાં રાજબા વગેરે રહેતાં. અને તે સમયે તેમને વૈકુંઠપતિ લક્ષ્મીનારાયણરૂપે દર્શન આપ્યું હતું. અને બીજો ઓરડો સુરબાઈને આપ્યો ત્યારે તેમને નરનારાયણરૂપે દર્શન આપ્યું હતું. આ બે ઓરડામાં જે ઓતરાદો ઓરડો છે, તેમાં શ્રીહરિ ભાવનગરના દરબાર વજેસિંહને મળ્યા હતા.

૯. આ બંને ઓરડાથી ઉત્તર તરફ સમીપમાં જ બે ઓરડા કરાવ્યા હતા. તેમાં પહેલાં ઓરડામાં પાંચુબા રહેતાં. અને એ ઓરડો તેમને આપ્યો ત્યારે ત્યાં તેમને ભૂમાપુરુષરૂપે દર્શન આપ્યાં હતાં. તથા તે ઓરડામાં મહારાજે એકવાર પાંચુબા સાથે દહીં વલોવ્યું હતું. અને પાંચુબાની દીકરીનો મોક્ષ કર્યો હતો. ને એની ઓસરીમાં બેસીને ગોપીનાથજીનું મંદિર થતું ત્યારે અનેક ઐશ્વર્ય બતાવ્યાં હતાં.

તેની સમીપનો જે બીજો ઓરડો તેમાં બિમાર સંતોને રાખતા. અને જ્યારે પાર્ષદો ઘાયલ થયા ત્યારે તેને તે ઓરડામાં રાખ્યા હતા. અને ત્યાં મહારાજે તેમની કાળથી રક્ષા કરી હતી. આ બંને ઓરડાની

પાછળ દાડમનાં વૃક્ષો હતાં, ને તે દાડમવાળો વંડો કહેવાતો. મહારાજ ક્યારેક ઉદાસી થઈ જાય તો ત્યાં આ ઓરડાની પાછળની ઓસરીમાં બેસતા. ને તે બે ઓરડાથી દક્ષિણભાગમાં રસોડું હતું. તેની ભીત પડી ત્યારે મહારાજે તે થકી જીવુબાની રક્ષા કરી હતી.

૧૦-૧૧. વળી, શ્રીહરિએ દક્ષિણ બારના બંને બાજુ ઓસરીવાળા બે રમણીય ઓરડા કરાવ્યા હતા. અને તે સમયે શ્રીહરિએ દાદા ખાચર આદિક તમામ ભક્તોને વિરાટપુરુષરૂપે દર્શન આપ્યું હતું. અને આ બે ઓરડામાંથી એક ઓરડામાં બેસી શ્રીહરિ સંતોને બેસી બ્રહ્મનિરૂપણની વાતો કરતા તથા બીજો ઓરડો દાદા ખાચરના બેઠક સ્થાન માટે નક્કી કર્યો હતો. ત્યાં દાદા ખાચર સાથે ઘણીવાર ગુપ્ત વાતો કરેલી છે. ॥૪૭॥



ઓતરાદા બારના બે ઓરડા તેમાં ઉગમણી કોરના ઓરડાને પોતે રહેવાનું મંદિર ઠરાવ્યું ને તે ઓરડાનું નામ 'વાસુદેવનારાયણનો ઓરડો' એવું પાડ્યું. ને તે ઓરડાની પ્રતિષ્ઠા કરતી વખતે ઓરડો તથા ઓરડાની ઓસરી વિગેરે અક્ષરધામરૂપ જણાણું ને (તેમાં) શ્વેતદ્વીપપતિ વાસુદેવનારાયણની મૂર્તિ પધરાવી વિગેરે ચરિત્ર કરેલાં

ચરિત્ર નં.૪૮

વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા અને ઐશ્વર્યદર્શન

વાસુદેવનારાયણનો ઓતરાદા બારનો ઓરડો જ્યારે તૈયાર થયો ત્યારે સ્વયં શ્રીહરિએ ત્યાં સર્વ પરમહંસ તથા હરિભક્તને વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા બાબતે બોલાવ્યા, ને ત્યાં માલીકોરે જે વાસુદેવનારાયણની મૂર્તિ હતી, તેની પ્રતિષ્ઠા કરવાનો આરંભ કર્યો. તે વખત એ ઓરડાની આગળ મોટો મંડપ કરાવ્યો અને ત્યાં યજ્ઞશાળા કરાવી ને તેમાં યજ્ઞકુંડ કરાવ્યો. તે યજ્ઞકુંડ અદ્યાપિ સુધી છે.

ને એ વાસુદેવનારાયણના ઓરડામાં ઓતરાદા બારનો જે ગોખ છે, તેમાં વાસુદેવનારાયણની મૂર્તિ પધરાવી મહારાજે પોતે આરતી ઉતારી. પછી તે સમયે હજારો માણસ ભાળે છે એવું તેમાં સહુને આશ્ચર્ય જણાણું. તેની વિગત તે વખતે એ ઓરડો મહાતેજોમય તેજરૂપ જણાણો. અને તે ઓરડાના મધ્યે એક દિવ્ય સિંહાસન મહા શોભિતું હતું. અને સોના અને મણિએ જડેલ રમણીક ઓટો હતો. અને તે ઉપર કૌસ્તુભમણિના સોળ સ્તંભ હતા. ને તેમાં સોળ કુંભીયું ને કમાનો અને માથે મણિમય ઘુમટ તે કાંગરાએ જુક્ત હતા. અને વેલો તથા પક્ષીઓ સહિત શોભતું એવું સહુને જોવામાં આવ્યું. ને તે સિંહાસનને માથે એક મેઘની ઘટા જેવું છત્ર હતું. તે છત્ર મહા સુંદર ને રમણીય તેજોમય એવું મણિ જડેલ તેથી ઝગઝગાટ થઈ રહેલું જોયું.

તે સિંહાસનના મધ્યમાં સુંદર ગાદીતકિયા ઉપર સ્વામિનારાયણ મહારાજ બિરાજમાન હતા, તે સહુએ ભાળ્યા. ને તે સિંહાસનને પડખે અનંત પાર્ષદો તથા અનંત મુક્ત બેઠા બેઠા સ્તુતિ કરે છે, એવું જોવામાં આવ્યું અને તે સિંહાસનની આગળ ઓતરાદી તરફના વાસુદેવનારાયણ ઊભેલા હતા. તે વાસુદેવનારાયણ કેવા છે ?

તો મેઘના સરખો વર્ણ છે, ને શંખ, ચક્ર, ગદા, પદ્મ તેને ચાર ભુજાને વિશે ધારી રહ્યા છે, ને પીળું પીતાંબર પહેર્યું છે, ને વૈજયંતીમાળા અને કૌસ્તુભમણિનો હાર કંઠને વિશે ધારણ કરેલો છે. અને કાનને વિશે મકરાકૃત કુંડળ ને મસ્તકને વિશે મણિએ જુક્ત મુગટ ને સુંદર શ્વેત એવો વાઘો ધારણ કરેલ છે. ને ગુલાબી એવો રેંટો તેને ખભાને વિશે ધારણ કરેલો છે. ને લલાટને વિશે ઊર્ધ્વપુંડ્ર સહિત કેશરની આડ કરેલી છે. ને પગને વિશે નેપુર, ઝાંઝર ને તોડાને



ધારણ કરી રહ્યા છે. એવી મનોહરમૂર્તિ મહાતેજોમય વાસુદેવ સર્વેને દેખાવામાં આવ્યા હતા.

અને મહારાજની મૂર્તિ સુંદર પુષ્ટ ને મનોહર એવી તેજોમય દેખાવામાં આવી. ને તે મૂર્તિએ શ્વેત એવો સુરવાળ પહેરેલો. ને નરનારાયણ સ્વામિનારાયણ એવો અંકિત વાઘો ધારણ કરેલો, ને ગુલાબી રંગનો સોનેરી બુટ્ટાદાર એવો રેંટો છોગાએ જુક્ત મસ્તકને વિશે ધારણ કરેલો છે. અને કાનને વિશે મકરાકૃત કુંડળ ધારણ કરી તે ઉપર ગુલાબના ગુચ્છને ધારણ કરી રહ્યા છે. ને કટીને વિશે સુંદર એવો રાતો ક્યારાબંધ સોનેરી છેડાએ યુક્ત રેંટો બાંધેલો હતો.

એવી રીતે મહારાજની મનોહર મૂર્તિ દેખાવામાં આવી. અને લલાટને વિશે ચંદનની આડ્ય હતી. ને ગળાને વિશે મોગરાના પુષ્પનો હાર પેરેલો અને મોતીની માળા કંઠને વિશે ધારણ કરેલી, એવા મહારાજ જોવામાં આવ્યા. ને મુખારવિંદે કરીને મંદ મંદ હસતા, ને જમણા હસ્તને વિશે માળાને ધારણ કરેલી, ને ડાબા હસ્તને વિશે ગુલાબના પુષ્પના ગુચ્છને ધારણ કરી રહેલા. તે ક્યારેક ક્યારેક નાસિકાએ કરીને સૂંઘતા ને કમળનાં પત્ર જેવાં નેત્ર હતાં, તેના કટાક્ષે કરીને ભક્તજનની સામું જોતા, ને કોટી કોટી સૂરજના જેવો પ્રકાશ અનેક કોટી પૂરણમાસીના ચંદ્રના જેવી શીતળતાએ યુક્ત અને સુગંધીમાન એવા પ્રકાશે યુક્ત મહારાજ દેખવામાં આવ્યા. તેને જોઈ હજારો માણસ ‘જય જય’ એવા શબ્દનો ઉચ્ચાર કરતા હતા. ને જે વાસુદેવનારાયણ સિંહાસનની સમીપે ઊભેલા, તે વાસુદેવનારાયણ મહારાજના ચરણારવિંદને વારંવાર નમસ્કાર કરી સ્તુતિ કરતા હવા.

એવી રીતે હજારો પરમહંસ તથા હજારો હરિભગત તથા જીવુબાઈ વિગેરે ડોશીયો તથા ઉત્તમરાજા એ સર્વેના દેખવામાં આવ્યું. તે વખત આકાશને વિશે ‘જય જય’ એવો શબ્દ થાતો હતો અને ચંદનનો ને પુષ્પનો વરસાદ થતો હતો. એવું અક્ષરધામરૂપ વાસુદેવનારાયણનું મંદિર સર્વના

જોવામાં આવ્યું. પછી સિંહાસનની સમીપે ઊભેલા વાસુદેવનારાયણને મહારાજ પોતાના હાથે કરીને પધરાવેલી એવી જે વાસુદેવનારાયણની પ્રતિમા તેને વિશે પ્રવેશ કરાવતા હતા. એવું જીવુબાઈ, રાજબાઈ ને ઉત્તમરાજા એ આદિ સર્વેના જોવામાં આવ્યું. પછી મહારાજ વાસુદેવનારાયણની પૂજા કરવા જીવુબાઈને આજ્ઞા આપતા હતા. પછી જીવુબાઈએ થાળ કરી મહારાજને જમાડ્યા, ને વાસુદેવનારાયણને પણ જમાડ્યા. પછી સર્વ પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, હરિભગત ને સાંખ્યજોગી ડોશીયો વિગેરેને મહારાજ પોતે પીરસી જમાડતા હતા. તે ભેગા અનેક મુક્ત તથા દેવતાઓ પણ જમતા હવા.

તે વખત દશ રસોઈયાએ મળી દશ હજાર માણસ જમે તેટલી રસોઈ કરી હતી. તે રસોઈનો કરેલ સામાન એક જ વખતમાં સર્વે જમી જાતા હવા. એવું મહાઅદ્‌ભુત આશ્ચર્ય સહુના જોવામાં આવ્યું.

પછી ઉત્તમરાજા મહારાજને વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં પધરાવી સોળ ઉપચારે કરીને ચંદન પુષ્પે કરી પૂજા કરતા હવા. અને તે દિવસે સાંજે મહારાજ હજારો બ્રાહ્મણોને જમાડી રૂપિયો રૂપિયો દક્ષિણાનો ઉત્તમરાજા પાસેથી અપાવતા હવા. એવી રીતે મહાઅદ્‌ભુત ચરિત્ર મહારાજે કરેલું. તે દિશમાત્ર લખ્યું છે. ॥૪૮॥

વાસુદેવનારાયણના ઓરડાની આગળ ચોકમાં વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા કરી તેનો યજ્ઞકુંડ છે, તે યજ્ઞકુંડ પ્રસાદીનો છે, તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૪૯

યજ્ઞનારાયણે પ્રગટ થઈને મહારાજની પૂજા કરી.

અને તે જ દિવસે સાંજ વખતે એ વાસુદેવનારાયણના ઓરડાનાં પગથિયાં આગળ યજ્ઞકુંડ પાસે સંધ્યા કાળે મહારાજ ખુરશી ઉપર બેઠા હતા. પછી સંધ્યા આરતીની ધૂન બોલી રહ્યા. પછી એ યજ્ઞકુંડમાં પ્રકાશે યુક્ત મહાતેજોમય એવી એક અગ્નિની જ્વાળા એકદમ નીકળી. તેમાં મહાતેજોમય મનોહર એવી યજ્ઞનારાયણની મૂર્તિ સહુના જોવામાં આવી. તે યજ્ઞનારાયણે મહારાજની પૂજા કરી પ્રણામ કરીને સ્તુતિ કરી.

પછી તે મૂર્તિ મહારાજના ચરણારવિંદમાં પ્રવેશ કરી ગઈ; એમ સર્વેને જોવામાં આવ્યું. તે જોઈ સર્વ મનુષ્યને ઘણું આશ્ચર્યકારક દેખવામાં આવ્યું. એવી રીતે મહારાજે ત્યાં ચરિત્ર કર્યું. તે જોઈ માણસો 'જય જય' શબ્દો કરવા લાગ્યા. અને સહુને ખૂબ આનંદ થયો. અને સહુએ મહારાજને અક્ષરથી પર સ્વતંત્ર તથા સર્વે અવતારોના કારણ માન્યા. ।।૪૯।।

એ ઓરડાનાં પગથિયાં ઉપર મહારાજ સદા વિરાજમાન થાતા, ત્યાં અદ્‌ભુત ચરિત્ર કર્યું

ચરિત્ર નં.૫૦

મહારાજે નેવુંરૂપે દર્શન આપ્યાં.

મહારાજ વાસુદેવનારાયણના ઓરડાની આગળ પગથિયાં પાસેના ખંડમાં ઘણીવાર બેસતા. એક વખત મહારાજ સવારના પહોરમાં વિરાજમાન થયા હતા. તે વખત ધનતેરસનો દિવસ હતો. ત્યાં ચોકમાં બીજલ નામે ગોવાળ ગાયો લાવ્યો હતો, તે નેવું ગાયો હતી. પછી તે ગાયોની મહારાજે પૂજા કરાવી. ત્યારે કેટલાકને તે નેવું ગાયો દીઠ એકેકી એમ મહારાજની નેવું મૂર્તિ જોવામાં આવી. અને તે મૂર્તિ કેવી છે ? તો બંસી બજાવે છે અને હસ્તને વિશે જેષ્ટિકા(છડી) રહી છે. અને મોરપીંછનો મુગટ માથે ધારણ કરેલો છે, એવું રાધાએ યુક્ત લાડુબાઈને દેખવામાં આવ્યું. પછી તે વાત તેણે સર્વે ડોશીયોને કહી કે, જુવો આવી રીતે મહારાજ દેખાય છે.

પછી જીવુબાઈ, રાજબાઈ વિગેરે ડોશીયોએ જોયું એટલે તેમના જોવામાં પણ તે જ પ્રમાણે આવ્યું. ને બીજલ ભરવાડ ને પરમહંસાનંદસ્વામી તેમના જોવામાં પણ તે જ પ્રમાણે આવ્યું. પછી તે નેવું સ્વરૂપ મહારાજના સ્વરૂપને વિશે લીન થયાં, તે પણ સર્વેના જોવામાં આવ્યું. એવી રીતે મહારાજે અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ।।૫૦।।

વાસુદેવનારાયણના એ ઓરડાની ઓસરીના વચલા ખંડમાં મહારાજ વિરાજમાન થાતા ત્યાં અનેક ચરિત્ર કર્યા છે તે મધ્યેનું એક

ચરિત્ર નં.૫૧

મહારાજનાં દર્શન તથા પૂજન માટે બ્રહ્મા આવ્યા.

એક વખત વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં વચલા ખંડમાં ઢોલિયા ઉપર કીનખાપનો ગાદી-તકિયો બિછાવ્યો હતો. તેના ઉપર શ્વેત વસ્ત્ર પહેરીને (મહારાજ) વિરાજમાન થયા હતા. અને મોટા મોટા પરમહંસો તથા મોટા મોટા હરિભગતો બેઠા હતા. અને છેટે મોટી ડોશીયો દશ જેટલાં બેઠાં હતાં. તે વખત બ્રહ્મનિરૂપણની વાત ચાલતી હતી.

તેવા સમામાં ઓત્રાદી તરફથી એક શ્વેત મહાતેજસ્વી અને સુગંધીમાન એવો તેજનો ગોળાકાર ગોળો દેખવામાં આવ્યો. અને તે ગોળો એ ઓરડાની ઓસરીના પગથિયાં સુધી ચાલ્યો આવ્યો. અને પગથિયા ઉપર તે સ્તંભિત થયો. તેમાં એક હંસ જોવામાં આવ્યો ને તે હંસ ઉપર એક સિંહાસન દીઠ્યામાં આવ્યું. ને તે સિંહાસન ઉપર બે મૂર્તિયો જોવામાં આવી, તેમાં એક મૂર્તિ ચર્તુમુખી બ્રહ્માની અને એક મૂર્તિ સાવિત્રી બ્રહ્માણીની હતી. તેણે મહાતેજોમય એવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં ને આભૂષણ ધારણ કરેલાં હતાં. ને તેમના હાથમાં પૂજાની સામગ્રી હતી.

પછી તેમાંથી બ્રહ્માણીએ નીચે ઊતરી પંચાંગ પ્રણામ કરી મહારાજને મણિના બે હાર પેરાવ્યા. ને બ્રહ્માએ સાષ્ટાંગ દંડવત કરી ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. અને વિવિધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. અને ચાર મુખે કરીને વેદસ્તુતિ કરતા સહુના દેખવામાં આવ્યા. અને એક ભારે થાળમાં મહાસુંદર એવું ભોજન લાવેલા. તે મહારાજ આગળ ધર્યું. અને પછી પ્રસાદ બ્રહ્મા તથા બ્રહ્માણીએ લીધો.

અને પછી તે ગોળાકાર ગોળો બની ઉત્તરમાં ચાલ્યાં ગયાં. તે વખતે સભામાં બેસનારા સહુ સ્તબ્ધ થઈ ગયા ને મટકું પણ મારતા નહીં. તે વખતે તેઓ બોલવામાં પણ અસક્ત થઈ ગયા હતા.

પછી બ્રહ્માનંદસ્વામી વગેરેએ એ સર્વે વૃત્તાંતની વાત મહારાજને પૂછી. ત્યારે મહારાજ કહે જે, "એ તો આ બ્રહ્માંડના બ્રહ્મા હતા. ને અમારાં દર્શન કરવા આવ્યા હતા. અને તે બ્રહ્માએ અમારી સ્તુતિ કરી થાળ ધરી અમારી પ્રસાદી જમ્યા. અને બ્રહ્મા એમ બોલ્યા જે, 'હે મહારાજ ! આજ હું કૃતારથ થયો છું.' એમ કહી અમારી આજ્ઞા લઈ પાછા બ્રહ્મા તેના લોકમાં ગયા." એ રીતે તે જગ્યાએ મહારાજે એક ચરિત્ર કર્યું છે. ॥૫૧॥

વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીના વચલા ખંડમાં ઘોડિયાટે ખાટ બાંધી મહારાજ હીંચકતા ને તે જગ્યાએ કરેલું

ચરિત્ર નં.૫૨

પરમહંસોએ પ્રભુની પૂજા કરી તથા ઘેલાસ્નાન

એક દિવસ ઉનાળાની વખતમાં વાસુદેવનારાયણની ઓસરીમાં ખાટ બાંધી ત્યાં મહારાજ હીંચકતા. તે વખત તડકો ઘણો પડતો હતો. અને તે ઓરડાના ત્રણ ખંડમાં વાળાની ત્રાટી બાંધીને પાણી છાંટ્યું હતું. તે વખત મહારાજે સર્વ પરમહંસ વિગેરે ત્યાગી લોકને આજ્ઞા કરી જે, "જેને ચંદન ચરચી અમારી પૂજા કરવી હોય તે આવો." પછી પરમહંસો ચંદન ઘસીને પુષ્પના હાર લઈ એકેકા એકેકા પરમહંસે મહારાજને સર્વ શરીરે ચંદન ચરચીને હાર પહેરાવ્યા. અને મહારાજ તેને મળ્યા. તે બાર વાગ્યાથી તે બાર ઉપર પાંચ બજ્યા સુધી પૂજા ચાલી.

પછી એમ ને એમ ચંદન ચરચેલ શરીરે ઘોડેસવાર થઈને ઉન્મતગંગામાં ખળખળિયે મહારાજ નાવા પધાર્યા. અને પાછા નાઈ સાધુ પાસે કીર્તન ગવરાવતાં ગવરાવતાં આવ્યા ને તે ખાટ ઉપર વિરાજમાન થયા. ને સંજ્યા વખત આરતી ધૂન બોલી રહ્યા, પછી સભાને ઊઠવાની આજ્ઞા કરી. ને જીવુબાઈએ થાળ કરાવેલો હતો, તે મહારાજ જમ્યા. રીંગણાંનું શાક ને બાજરાનો રોટલો ને ગોરસ ને અડદના પાપડ જમ્યા ને ત્યાં ખાટ ઉપર સૂતા. એવી રીતે તે જગ્યાએ અનેક ચરિત્રો કર્યાં છે, પણ એક લખ્યું છે. ॥૫૨॥

તે જ પ્રમાણે આથમણી કોરના ઘોડિયાટે ખાટ બાંધી મહારાજ બેસતા. એ જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૫૩

મૂર્તિ કરનાર નારાયણજીભાઈ ઉપર શ્રીહરિની પ્રસન્નતા

વાસુદેવનારાયણના ઓરડાથી એ આથમણી કોરના ખંડમાં ઘોડિયાટે(મોભ રાખવાના ત્રિકોણ લાકડા સાથે) ખાટ બાંધી હતી. તે ખાટ ઉપર મહારાજ બેસતા ને નારાયણજી સુતાર પાસે ગોપીનાથજી મહારાજની મૂર્તિ કરાવતા. તે મહારાજ પોતે પોતાના દેહના અવયવ પ્રમાણે પાસે બેસી નખથી શિખા પર્યંત ચિહ્ન સહિત અવયવ ચીંધતા ને મૂર્તિ કરાવતા. તે ત્રણ માસ સુધી એ ખાટ ઉપર બેસી મહારાજે મૂર્તિ કરાવેલી છે. અને મૂર્તિની સમાપ્તિ થઈ ત્યારે મહારાજ મૂર્તિને દસ વખત મળ્યા. અને એ મૂર્તિ સાથે પંડે ઊભા રહી સદ્‌ગુરુ તથા મોટી ત્રણે ડોશીયો અને ઉત્તમરાજા વિગેરે પાર્ષદોને કહે જે, “આ મૂર્તિ અમારા જેવી થઈ ?” ત્યારે લાડુબાઈ કહે જે, “હા મહારાજ ! તમારા જેવી થઈ.”

પછી કીનખાપની ડગલી, સુરવાળ, કેડે બાંધવાનો રેંટો, પાસે રાખવાનો રેંટો, માથે બાંધવાની પાઘ, હાથમાં રાખવાનો રૂમાલ, પોતે પહેરવાની ચાખડિયો ને હાર સહિત તમામ પોશાક મહારાજે નારાયણજીભાઈને આપ્યો. ને ઉત્તમરાજાએ સોનાની ઊતરી પે'રાવી ને ત્રણ ડોશીયોએ સોનાના ત્રણ વેઢ આપ્યા. ને મહારાજ નારાયણજીભાઈને ઉઘાડે શરીરે મળ્યા, ને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં, ને સદ્‌ગુરુ તથા ઉત્તમરાજા વિગેરે સર્વેને મળ્યા. ને નારાયણજીભાઈએ ચંદન-પુષ્પે કરીને મહારાજની પૂજા કરી ને આરતી ઉતારી. એવી રીતે મહારાજે મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ।।૫૩।।

તેમજ આથમણી કોરના ખંડમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૫૪

નિત્યાનંદસ્વામીએ મોક્ષધર્મની કથા વાંચી અને પ્રભુ પ્રસન્નતા

ગોપીનાથજી મહારાજની મૂર્તિ કરાવ્યા પછી એ આથમણા ખંડમાં હાલ ગોપીનાથજી મહારાજના મંદિરમાં જે પાટ છે, તે ઉપર મહારાજ આથમણે મુખારવિંદે બેસતા. અને નિત્યાનંદસ્વામી ઉગમણે મુખારવિંદે બેસી કથા વાંચતા. તે મહાભારત મધ્યેથી મોક્ષધર્મની કથા ચોમાસાના ચાર માસ વંચાવી. કથા વાંચતી વખતે પરમહંસોની સભા ફળિયામાં થતી ને સાંખ્યયોગી ડોશીયોની સભા વાસુદેવનારાયણના ઓરડાની જોડેના બીજા ઓરડામાં થતી. એ કથાની સમાપ્તિ થતી વખત એક દિવસ મહારાજને ઉત્તમરાજાએ જમાડ્યા અને સોળ ઉપચારે કરીને પૂજા કરી.

સર્વ પરમહંસ ત્યાગી, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, ધરમકુળ ને સર્વ પાર્ષદ તથા હરિજન વિગેરે માટે ઉત્તમરાજાએ સૂતરફેણીની રસોઈ કરાવી. અને મહારાજ પાસે પીરસાવી. મહારાજે પંગતમાં ફરી પોતે સર્વેને જમાડ્યા. સાંજે કથાની સમાપ્તિ કરાવીને (વક્તાશ્રી) નિત્યાનંદસ્વામીને પોતાનાં પાંચ વસ્ત્રનો ધોળો પોશાક આપ્યો. અને મહારાજ પોતે મળ્યા ને નિત્યાનંદસ્વામીના હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. અને મહારાજે પુસ્તકની પૂજા કરી આરતી ઉતારી. ઉત્તમરાજાએ મહારાજની પૂજા કરી મહારાજની આરતી ઉતારી. એક ભારે શાલ જોટો ધોળો ઓઢાડ્યો. નિત્યાનંદસ્વામીની પૂજા કરી વસ્ત્ર ઓઢાડ્યું. ધરમકુળ વિગેરેને પોશાક પે'રાવી સર્વ પરમહંસ વિગેરે

ત્યાગીઓને બબ્બે વસ્ત્ર આપ્યાં. દંડવત કરી પગે લાગ્યા. મહારાજ ઉત્તમરાજાને હાથે કરી તાણી લઈ મળ્યા ને ચરણારવિંદ આપ્યાં. એવી રીતે અદ્ભુત ચરિત્ર કર્યું છે. ।।૫૪।।

વાસુદેવનારાયણના ઓરડાથી ઉગમણા ખંડમાં મહારાજ ઘણાં વરસ બપોરે ત્યાં સૂતા ને શુકસ્વામી પાસે કથા વંચાવતા, તે જગ્યાએ કરેલું

ચરિત્ર નં.૫૫

શ્રીહરિએ શુકમુનિની સેવાને બિરદાવી રાજીપો આપ્યો.

વાસુદેવનારાયણના ઓરડાથી ઉગમણા ખંડમાં મહારાજ ઘણાં વરસ બપોરે ત્યાં સૂતા. શુકસ્વામી પાસે ભાગવતની કથા ત્યાં વંચાવતા. એક વખત મહારાજ સૂઈને ઊઠ્યા, તે વખત લાડુબાઈએ તાંજળિયાની ભાજી ને પૂરી ને કેરીના મરવા(ખાખઠી) નાખેલ ચટણીનો થાળ કરાવેલ તે જમ્યા. ને તે પ્રસાદી શુકસ્વામીને આપી. અને પોતે જેટલાં વસ્ત્ર પહેર્યાં હતાં, તેટલાં તે શુકસ્વામીને આપ્યાં. ને શુકસ્વામીને મળી હૃદયમાં ચરણારવિંદ આપ્યાં, ને ઘણા પ્રસન્ન થઈ ઉત્તમરાજા વિગેરે પાસે શુકસ્વામીનાં ઘણાં વખાણ કર્યાં. ને એમ બોલ્યા જે, “આ સાધુ અમારા હાથ છે. અને શુકદેવજી જેણે ન જોયા હોય, તે આ શુકસ્વામીને જોઈ લો.”

એમ કહી ઢોલિયા ઉપર ઊભા થઈ વજકછોટો વાળી શુકસ્વામીને કહે જે, “આ અમારી મૂર્તિ તમે નખથી શિખા પર્યંત હૃદયમાં ધારો.” પછી શુકસ્વામીએ તથા ત્યાં બેઠેલી સભાએ સર્વેએ એ મૂર્તિનાં ચિહ્ન ધાર્યાં. અને મહારાજ બોલ્યા જે, “આજ અમે આ શુકવામી તથા ઉત્તમરાજા ઉપર ઘણા પ્રસન્ન થયા.” અને કહે જે, **“સર્વ સાધનમાં આ**

સાધન મોટું છે જે પ્રત્યક્ષ ભગવાનની નખથી શિખા પર્યંત મૂર્તિ ધારવી. તેથી અનંત કોટી જનમનાં પાપ છે, તે બળી જાય છે. આ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય અમે આ બેની ઉપર રાજી થઈ બતાવ્યો છે. સર્વ સાધન કરી આ સાધન કરવાનું મુખ્ય છે." એમ બોલી જય સચ્ચિદાનંદ કહી અક્ષરઓરડીમાં પધાર્યા. ।।૫૫।।

વાસુદેવનારાયણના ઓરડાથી ઉગમણો વાડો હતો. તેમાં મહારાજ સ્નાન કરતા. તે હાલ બાવા ખાચરની ચોપાટ છે. તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૫૬

રાજબાઈની રસોઈ, ભોજનલીલા અને મહારાજનું પૂજન

વાસુદેવનારાયણના ઓરડાથી ઉગમણો વાડો હતો. તે વાડામાં મહારાજ દરરોજ સ્નાન કરતા. એક વખત બપોર વખતે ઉનાળાની મોસમ હતી. અને તડકો ઘણો પડતો. પછી એ વાડાનું ફળિયું તમામ સીરાબંધ(ચુનાથી પાકું) બાંધેલું દસ દસ આંગળ ઊંડું હતું. તેમાં તમામ એ વાડામાં પાણી ભરેલું હતું. અને તેને માથે ખોરડા ઉપર કડબ નાખી હતી, તે ઉપર પરમહંસે પાણી છાંટ્યું હતું. અને તેની અંદર પાણીમાં ઢોલિયો બિછાવી, ઉપર ગાદી તકિયો નાખી, તે ઉપર મહારાજ વિરાજમાન થયા હતા.

અને તે વખત રાજબાઈએ તમામ પરમહંસો વિગેરેને કેરીનો રસ રોટલીની રસોઈ તૈયાર કરાવી હતી. પહેલાં મહારાજને થાળ કરાવી, રસ રોટલી જમાડ્યા. અને પછી વાસુદેવનારાયણના તમામ ઓરડાની ઓસરીઓમાં તથા ઓરડામાં પરમહંસની પંગતી બેઠી હતી. મહારાજે તેમાં પંડે ફરીને બેઠેલી પંગતને હાથે કરી પીરસી જમાડ્યા. તેમજ ધરમકુળ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, હરિભક્ત સર્વેને જમાડ્યા.

અને પોતાને હાથે પ્રસાદી કરી ડોશીયોમાં પીરસવાની મોટી ડોશીયોને આજ્ઞા કરી સર્વેને જમાડ્યા. પછી મધ્યાન કાળે મહારાજ એ વાડામાં ઢોલિયો બિછાવ્યો હતો, તે ઉપર વિરાજમાન થયા. પછી રાજબાઈએ ઉત્તમરાજા પાસે સર્વે શરીરે ચંદન ચરચાવી ડોલરના હારથી પુષ્પમાં ગરકાવ કર્યા.

તે વખત નિષ્કુળાનંદસ્વામી ઢોલિયા ઉપર દોરી ખેંચવાથી ચાલતો પંખો લાવ્યા હતા. તેની દોરી નિષ્કુળાનંદસ્વામી ખેંચતા. અને મધુરો મધુરો પવન આવતો હતો. તે વખત રાજબાઈએ પોતાનાં તમામ ઘરેણાં તથા જેટલા હતા તેટલા પૈસાનો થાળ ભરી મહારાજને અર્પણ કર્યો. ને મોતીજડાવ એક પોંચી મહારાજને પેરાવી. મહારાજે તમામ ઘરેણાં ધરમકુળોને આપી દીધાં.

પછી ઉત્તમરાજાએ આરતી ઉતારી મહારાજનાં ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. મહારાજ એ વાડામાંથી બહાર નીકળી વાસુદેવનારાયણની ઓસરીએ ઊભા રહ્યા. ત્યાં રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈએ મહારાજને નીરખી દર્શન કર્યાં. તે વખત રાજબાઈને મહારાજ ચતુર્ભુજરૂપે દેખાણા, અને ત્યાં અક્ષરધામ દેખાણું. અને તેમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને ઊભેલા દેખ્યા, તે વખત તમામ દરબારમાં ચંદનનો વરસાદ વરસ્યો ને મંદ, સુગંધ ને શીતળ એ ત્રણ પ્રકારનો પવન વાવા લાગ્યો. અને વાદળાંથી આકાશમાં ઘટા બંધાઈ ગઈ તે મંદ મંદ એવો વરસાદ વરસવા લાગ્યો.

પછી મહારાજ બોલ્યા જે, “આજ રાજબાઈએ રસોઈ આપી ને કેરીનો રસ ખવરાવ્યો, તેથી આ અગ્નિ હતો, તેનો નાશ થઈ ઠંડક થઈ ગઈ. અને સાધુએ અમારા સારુ પાણી છાંટ્યું. તેની મહેનત જોઈ આ મેઘ છે, તે વરસવા લાગ્યો.” એમ કહી ઘણા પ્રસન્ન થયા.

પછી વાસુદેવનારાયણના ઓરડાના પગથિયા ઉપર બેસી નાહ્યા. અને પછી ઓસરીમાં ચાકળા ઉપર બેઠા. તે વખત સર્વ પરમહંસ વિગેરે તમામને બે બે વસ્ત્ર આપી રાજબાઈએ સંતની પૂજા ઉત્તમરાજા પાસે કરાવી. અને પછી બે આચારજને બે પટારા આપ્યા. એ રીતે એ જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ।।૫૬।।

વાસુદેવનારાયણના ઓરડાના આથમણા કરામાં બે ઓરડા વચ્ચે એક ગોખ હતો. ત્યાં મહારાજ ગોખમાં વચ્ચે બેસતા. તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૫૭

ધર્મ-ભક્તિનાં સહુને દર્શન તથા તેમની સ્થાપના



વાસુદેવનારાયણના ઓરડાના આથમણા કરામાં બે ઓરડા વચે એક ગોખ હતો. ત્યાં એક વખત એ ઓરડાના ગોખમાં ચાકળા ઉપર મહારાજ વિરાજમાન થયા હતા. ને વાસુદેવનારાયણના ઓરડામાં બાઈયોની સભા ભરાઈને બેઠી હતી અને ઉત્તમરાજાના ઓરડામાં બ્રહ્મચારી તથા

ત્યાગીની સભા ભરાઈને બેઠી હતી.

તે વખત એક અદ્‌ભુત ચરિત્ર થયું કે, ભાઈઓની સભામાં એક તેજનું બિંબ દેખાણું. તે તેજ શ્વેત, શાંત, શીતળ એવું દેખાણું. અને તે તેજમાં શ્વેતાંબર લૂગડાં પે'રેલાં ને શ્વેત એવી મૂર્તિ જોવામાં આવી. તે વખત સભામાં ગાવણું થાતું હતું તે બંધ થઈ ગયું. ને સર્વેએ ઓ... હો... હો... એવો શબ્દ કર્યો, સર્વેને આશ્ચર્ય ભાસ્યું.

તે વખતે બાઈયોની સભામાં એક તેજોમય એવું તેજનું બિંબ જોવામાં આવ્યું. તે તેજ મહા પ્રકાશમાન ને રક્ત ને મહા સુગંધીમાન અને ઝળઝળાટથી પ્રકાશમાન જોવામાં આવ્યું. અને તેમાં મહા સ્વરૂપવાન ને મહા સુંદર એવા રક્ત વસ્ત્ર પહેરેલાં અને મનોહર મૂર્તિ એવાં માતાજી જોવામાં આવ્યાં. તે જોઈ ઓ... હો... હો... એવો શબ્દ થયો.

અને પછી તે બેય તેજના બિંબમાંથી ઘણો પ્રકાશ વધ્યો. તે બેય તેજના બિંબ મહારાજના સ્વરૂપને વિશે લીન થયા. તે આશ્ચર્ય જોઈ પરમહંસો તથા ડોસીયોએ મહારાજને પૂછ્યું. ત્યારે મહારાજ કહે જે, "તે ભક્તિદેવી ને ધર્મદેવ અમારાં માતા-પિતા હતાં. તે અમે ઉત્તમરાજાને ઘરે નિવાસ કરીને રહ્યા અને આ ત્રણ બાઈયોની ભક્તિએ કરીને વશ થયા. તે સારુ આ ભક્તિમાતા ને ધર્મદેવ બંને ઉત્તમરાજાના દરબારમાં પૃથ્વીનું પીઠ રે'શે ત્યાં સુધી અહીંયાં નિવાસ કરવા આવ્યાં છે.

જ્યાં ધર્મ અને ભક્તિ રહે છે ત્યાં હું રહું છું અને જ્યાં હું રહું છું ત્યાં ધર્મ-ભક્તિ કાયમ રહે છે. એના વગર કલ્યાણનાં કોઈ સાધન સફળ થતાં નથી. માટે તમારે ધર્મનું પાલન કરવું અને ધર્મે સહિત એકાંતિકી ભક્તિ કાયમ કરવી." એવી રીતે મહારાજ બોલ્યા. પછી જય સચ્ચિદાનંદ કરી અક્ષર ઓરડીએ પધાર્યા. તે વખતે એક મૂર્તિ વેચનાર આવ્યો. તેની પાસે ધર્મ અને ભક્તિની બે મૂર્તિયો હતી. તે બંને મૂર્તિઓ ખરીદી લીધી.

પછી પ્રભાતમાં એ વચલો ગોખ આથમણી કોરથી ચણાવી લીધો. અને તે જ વખત ધર્મદેવની ને ભક્તિમાતાની મૂર્તિ પ્રતિષ્ઠા કરી બેય મૂર્તિયોને એ ગોખમાં પધરાવી. અને પરમહંસ વિગેરે બ્રહ્મચારી તથા બ્રાહ્મણોને સર્વેને ઉત્તમરાજાએ જમાડ્યા. પંગતી વખતે સાધુઓને બબ્બે વસ્ત્ર આપ્યાં ને બ્રહ્મચારીઓને મુગટા(રેશમી વસ્ત્ર) આપ્યા. અને બ્રાહ્મણોને જમાડી રૂપિયો રૂપિયો દક્ષિણા આપી. અને સાંજે ઉત્તમરાજાએ મહારાજની પૂજા કરી વસ્ત્ર પહેરાવ્યાં. અને ધર્મકુળને વસ્ત્ર પહેરાવી પૂજા કરી અને સંન્યાસીને અકેકો ખલકો(ઝભ્ભો) આપ્યો.

પછી એ સાંજે વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થઈ એમ બોલ્યા જે, "આ અમારાં માતા-પિતા ભક્તિમાતા ને ધર્મદેવ હાલ તો અહીંયાં પધરાવ્યાં છે."

પછી એમ બોલ્યા, "અહીંયાં ઉત્તમરાજાના દરબારમાં મંદિર કરી તેમાં તે પૃથ્વીનું પીઠ રેશે ત્યાં સુધી રે'શે." તે સાંભળી બ્રહ્માનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુઓ ઘણા રાજી થયા. પછી મહારાજ એમ બોલ્યા જે, "આ ઉત્તમરાજા તથા તેના ઘરના સર્વે મનુષ્ય કેવા છે ? તો માહાત્મ્યે સહિત ભક્તિએ જુક્ત છે, ને સધર્મ સહિત ધર્મે યુક્ત છે, અને ત્યાગે સહિત વૈરાગે જુક્ત છે, અને પ્રીતિએ સહિત અમારે વિશે સ્નેહે જુક્ત છે, ને દયા અને ન્યાયે જુક્ત છે. તેથી એમને ત્યાં ધર્મ અને ભક્તિ નિવાસ કરી રહ્યાં છે. કોઈને ત્યાં અમે ગોદોહન પણ રહીએ નહિ, પણ આમના સ્નેહને લીધે નિવાસ કરી અમે અહીંયાં રહ્યા." એમ મહારાજ બોલી જય સચ્ચિદાનંદ કહી પોતાના ઉતારાને વિશે પધાર્યા. ॥૫૭॥

વાસુદેવનારાયણના ઓરડાના પડખાનો ઓતરાદા બારનો ઓરડો તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૫૮

દાદા ખાચરના ઓરડાનું વાસ્તુ-પૂજન તથા જમણવાર

વાસુદેવનારાયણના ઓરડાના પડખાનો ઓતરાદા બારનો એ ઓરડો ઉત્તમરાજાને આપ્યો. તે વખત વાસ્તુ કર્યું. ત્યારપછી એ ઓરડામાં મહારાજને પધરાવવાનો ઉત્તમરાજાએ વિચાર કર્યો. તે વખતે ઉત્તમરાજાના કામદાર લાધા ઠક્કર તથા કુરજી ઠક્કરને બોલાવી કહે જે, "આપણે કાલ મહારાજને પધરાવવા છે.

માટે મોટી સામગ્રી તૈયાર કરી રસોઈની સાત વાનાંની સુખડી કરાવો. અને બ્રાહ્મણ, પરમહંસ, ધર્મકુળ, સંન્યાસી, પાળા, હરિભક્ત ને ગૃહસ્થ સાંખ્યયોગી, કર્મયોગી બાઈયો તેમજ સગાં અને ગામનો ધુમાડો બંધ કરી આખા ગામને જમાડવું છે. એવો અમોએ તથા ત્રણ બેનોએ વિચાર કર્યો છે. માટે સામગ્રી તૈયાર કરો." પછી સર્વે સામગ્રી તૈયાર કરી તેઓ કહે જે, "સર્વે સામાન તૈયાર છે. તેમજ સર્વે ચોકાનો બંદોબસ્ત કરી રાખી, નિષ્કુળાનંદસ્વામીને ભલામણ આપી છે."

સવારમાં કપિલા છઠ હતી. પ્રભાતે ઉત્તમરાજાએ મહારાજ પાસે જઈ વિનંતિ કરી કે, "હે મહારાજ ! તમે એ ઓરડામાં પધારો." પછી મહારાજ ત્યાં પરમહંસનાં મંડળ સહિત પધાર્યા. ને ઓરડાના બાહ્યલા ખંડે ચાકળા ઉપર બેસી દાતણ કર્યું. ઉત્તમરાજાએ પંચામૃતે કરી પ્રથમ ચરણારવિંદ ધોયાં. પછી મહારાજનું શરીર પંડે ચોળવા માંડ્યું ને મુળજી બ્રહ્મચારીએ પાણી રેડવા માંડ્યું. પછી મહારાજ ઊભા થયા એટલે ઝીણે વસ્ત્રે કરીને શરીરને લૂયું.

ને પછી પીળું પીતાંબર ઘણી કિંમતવાળું તારની કોરે યુક્ત પહેરાવ્યું. અને એક ધોળું પીતાંબર સોનેરી બુટ્ટાએ યુક્ત બેવડું કરીને ઓઢાડ્યું, ને સોનેરી ટોપી કચ્છની માથે પહેરાવી અને સુંદર જડાવ બાજોઠ ઉપર કિનખાબનું ગાદલું નાખી ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થયા. ને કેસરની આડ કરી ગુલાબના પુષ્પનો હાર ડોકને વિશે પહેરાવ્યો, ને સોનાના ફૂલે વધાવ્યા. ને એક સુંદર સોનેરી બાજોઠ આગળ મૂક્યો. આચમન કરાવ્યું. ભોજનનો થાળ મહારાજ સારુ કરાવ્યો હતો, તે થાળ બાજોઠ ઉપર મૂક્યો.

પછી મહારાજ ટોપી નીચે ઉતારી ડાબા પગની પલોંઠી વાળી જમણો પગ ઊભો રાખી ઉઘાડે મસ્તકે જમવા બેઠા. સર્વ ભોજન રૂડી રીતે જમ્યા ને પછી ચળુ કરી મુખવાસ જમી પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી, ધર્મકુળ વિગેરેને પોતે પંગતમાં ફરીને જમાડ્યા, ને સદ્‌ગુરુને પણ જમાડ્યા. પછી તે ઓરડામાં આવી બપોરે પોઢ્યા.

ત્રીજે પોરે સર્વ સગાં-વહાલાં તથા ગામ જમી રહ્યું ને બ્રાહ્મણોને રૂપિયો રૂપિયો દક્ષિણા આપી. પછી ઓરડાને મધ્યે ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન થયા. ને લીલા કિનખાબની ડગલી ને સુરવાળ ને લીલા કિનખાબના બુટ્ટાએ જુક્ત રેંટો કેડે ને લીલા કિનખાબનો રેંટો માથે બંધાવ્યો અને લીલા કિનખાબનો રેંટો પાસે રાખવા અને લીલો રૂમાલ, એ રીતે છએ વસ્ત્ર મહારાજને પહેરાવ્યાં, ને મોતીની માળા પહેરાવી. એક હજાર રૂપિયા આગળ મૂક્યા ને કપૂરની આરતી ઉતારી, સાષ્ટાંગ દંડવત કર્યા ને સ્તુતિ કરી.

❊ દાદા ખાચર વગેરેને સૂર્યનારાયણનાં દર્શન તથા સ્થાપના :

તે વખત ઉત્તમરાજાને સૂરજના મંડળને વિશે હિરણ્યગર્ભ ભગવાનનાં દર્શન થયાં. તે કેવાં થયાં ? તો શંખ, ચક્ર, ગદા ને પદ્મને ધારણ કરી રહ્યા છે, ને મસ્તકને વિશે મુગટ ધારણ કર્યો છે, ને

કાનને વિશે કુંડળ ધારણ કર્યા છે, ને કૌસ્તુભમણિનો હાર ધારણ કર્યો છે, ને પીળું પીતાંબર ધારણ કર્યું છે, ને પીળો રેંટો ખભે ધારણ કર્યો છે, ને સાવ સોનાની રત્ને યુક્ત આંગીને ધારણ કરી છે, ને હજારો વાલખિલ્ય ઋષિ અને બાર સૂરજથી વીંટાણા એવા તે હિરણ્યગર્ભ ભગવાને મહારાજના ચરણારવિંદમાં આવી સાષ્ટાંગ દંડવત કર્યા, એવું જોવામાં આવ્યું. ને જ્યાં ફળીમાં જુવે છે તો વિમાનને આકારે મોટો રથ સપ્તાસ મુખા ઘોડાએ જોડેલો એવો જોવામાં આવ્યો. ને મહા તેજોમય ને અનેક પ્રકારના રત્ને જડીત ને અરુણ સારથી રથ હાંકે છે, તેવું જોવામાં આવ્યું. તે જોઈ ઘણો આનંદ થયો.

પ્રથમ ઉત્તમરાજા માંદા થયા ત્યારે જેવું સૂરજનારાયણના મંડળમાં જોવામાં આવ્યું હતું તેવું જોવામાં આવ્યું. પછી હિરણ્યગર્ભ ભગવાન મહારાજના રૂપને વિશે લીન થયા. અને પાછા પ્રગટ થઈ આગળ ચાર આયુધ હેઠાં મૂકી હાથ જોડી ઊભા રહ્યા. ને એમ બોલ્યા જે, “આ ઉત્તમરાજાનો હું કુળદેવ છું. માટે અનેક બ્રહ્માંડના પતિ તમે અહીંયાં બિરાજમાન છો, તે મારે તમારી સેવામાં રહેવાની ઈચ્છા છે. માટે કૃપા કરી કહો તો હું રહું. ઉત્તમરાજા દેવળ કરાવે છે, તેમાં તમો મારું સ્થાપન કરશો એટલે હું સેવક પણ સેવામાં રહીશ.”

પછી મહારાજ રાજી થઈ હિરણ્યગર્ભ ભગવાનને માથે હાથ મૂકીને કહે, “સારું.” પછી રજા લઈ સર્વે સૂર્યો પગે લાગી દંડવત કરી રથ ઉપર બેઠા. પછી અરુણ કહે જે, “તમે સર્વેએ દર્શન કર્યાં ને મારી શી અભાગ્ય ? જે હું દર્શન વિના રહ્યો.” એવો શબ્દ સાંભળી મહારાજે અરુણને પાસે બોલાવ્યો. તે અરુણે મહારાજને પગે લાગી ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. પછી આજ્ઞા લઈ સર્વે રથે ગયા. પછી તે રથ આકાશમાર્ગે ચાલ્યો ગયો.

એવું ઉત્તમરાજા તથા હજારો માણસોને જોવામાં આવ્યું. પછી મહારાજ ઉત્તમરાજાને મળી માથા ઉપર હાથ મૂક્યો ને મહારાજ કહે જે, "કાંઈ દેખ્યું ?" ત્યારે સર્વે વૃત્તાંતની વાત કરી. ત્યારે મહારાજ કહે જે, "સૂર્યનારાયણની મૂર્તિ આપણે લીધી છે, માટે સવારે પ્રતિષ્ઠા કરાવીએ." પછી મહારાજે તે મૂર્તિને એક સલાટ હરિભક્ત હીરાભાઈને આજ્ઞા કરી પંડે પાસે રહી સુધરાવી. ત્રીજે દિવસ વાસુદેવનારાયણના મંદિરમાં તે મૂર્તિ પધરાવી પ્રતિષ્ઠા કરી. મહારાજે પોતે આરતી કરી પંડે જમી પરમહંસ વિગેરે બ્રાહ્મણોને જમાડ્યા. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ।।૫૮।।

ઉત્તમરાજાના ઓરડાની ઓસરીમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૫૯

મહારાજે સીતારામને જનોઈ આપી આચાર્ય કર્યા.

એક દિવસ મહારાજ ઉત્તમરાજાના ઓરડાની ઓસરીના બારણાના પડખાના ઉગમણા ખંડમાં ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવી વિરાજમાન થયા હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને એ ઓસરીના ફળિયામાં પરમહંસ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે મહારાજે ઉત્તમરાજાને બોલાવ્યા અને કહે જે, "ઈચ્છારામજી મહારાજના પુત્ર સીતારામજીને જનોઈ આપવી છે. માટે જનોઈના યજ્ઞની સામગ્રી ભેગી કરાવો."

પછી ઉત્તમરાજા કહે જે, "તમારા પ્રતાપથી સર્વ તૈયાર છે." તે વખત બાઈઓની સભામાં છેટે જીવુબાઈ બેઠાં હતાં. તે કહે જે, "હું જનોઈ આપીશ. જે ખર્ચ થશે તે મારું." પછી મહારાજે પ્રસન્ન થઈ

હા પાડી ને સામાન તૈયાર કરવા લાધા ઠક્કર, હરજી ઠક્કર, કુરજી ઠક્કર તથા કરશનજી કોઠારીને આજ્ઞા કરી. પછી મુરત જોવરાવ્યું. મુરત આજથી ચોથે દિવસ આવ્યું. એ ચાર દિવસ સુધી મહારાજ રાત્રે એ ઓરડામાં સૂતા અને જમતા અને એ ઓસરીમાં દિવસે સભા કરી બેસતા. તે સભામાં હજારો હરિભક્ત ભેગા થયા હતા.

ચોથે દિવસે એ ઓરડાના ફળિયામાં મંડપ કર્યો ને મહારાજે પોતે સીતારામને જનોઈ અપાવી. અને હજારો બ્રાહ્મણોને યજ્ઞકુંડને વિશે હોમ કરાવ્યો. તે વખત એક મોટો ચમત્કાર થયો. તે વખત મંદ મંદ ચંદનનો વરસાદ વરસ્યો ને પુષ્પની વૃષ્ટિ થઈ એવું જોવામાં આવ્યું.

❋ ઇન્દ્ર તથા બૃહસ્પતિ સપત્ની શ્રીહરિના દર્શને આવ્યા :

તે સમયે ઐરાવત હાથી ઉપર ઈન્દ્ર તથા ઈન્દ્રાણી ચડીને આવ્યાં છે. અને તે હાથી ઉપરથી ઊતરી મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા. અને ઈંદ્ર એક પગે ઊભા રહી સ્તુતિ કરી ચરણારવિંદમાં પડ્યા ને ઈંદ્રાણી પણ પગે લાગી ચરણારવિંદમાં પડ્યાં. ને ઈન્દ્ર એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો સર્વ બ્રહ્માંડના પતિ છો ને રાજાધિરાજ છો, પણ આ સત્સંગની ધર્મરૂપ જે પ્રથા તેના રાજા ધર્મકુળમાંથી સ્થાપો. હું તો તમારો દાસનો દાસ કિંકર છું." એમ બોલ્યા.

ત્યારે મહારાજ કહે, "ઠીક." એમ કહે છે તેટલામાં એક દિવ્ય વિમાન આકાશમાંથી ઊતર્યું. અને તેમાંથી ઊતરી એક મનોહર એવા સુંદર મૂર્તિમાન બૃહસ્પતિ તથા તેની સ્ત્રી મહારાજના ચરણારવિંદમાં પડ્યાં ને પગે લાગ્યાં અને બોલ્યાં જે, "હે મહારાજ ! શી આજ્ઞા છે ?" મહારાજ કહે જે, "આ અમારા ભત્રીજાને જનોઈ આપવી છે માટે યજ્ઞ કરાવો." પછી ઈન્દ્ર મહારાજનાં ચરણારવિંદ પાસે બેઠા અને બૃહસ્પતિએ યજ્ઞ કરાવવા માંડ્યો. ઈન્દ્રાણી તથા બૃહસ્પતિની સ્ત્રી

ગુરુવાણી(ગોરાણી) એ બેય ડોશીયોની સભામાં ગઈ. એવું સર્વના દેખવામાં આવ્યું. તે મોટું આશ્ચર્ય થઈ પડ્યું.

પછી જનોઈની ક્રિયા સર્વ પૂરી થયા પછી બડવો દોડાવ્યો. બડવો ધોડાવી આવ્યા, પછી મહારાજ બોલ્યા જે, "આ સીતારામ મહારાજને સત્સંગના આચાર્ય સ્થાપીએ છીએ. જીવુબાઈએ જનોઈ આપી ને અમે આ ગાદી આપીએ છીએ." તે વખત ઉત્તમરાજાને જીવુબાઈએ બોલાવ્યા ને કહે જે, "હે ભાઈ ! આ લક્ષ્મીબાગ છે, તે સીતારામ મહારાજને હું આપું છું."

પછી ઉત્તમરાજાએ તેમનાં વચન પ્રમાણે લક્ષ્મીબાગ જીવુબાઈનો હતો, તે સીતારામ મહારાજને કૃષ્ણાર્પણ આપ્યો. અને પંડે મોટા બે વંડા એક લિંબડાવાળો ને એક કૂવાવાળો જેમાં હાલ ધર્મશાળા થાય છે, તે કૃષ્ણાર્પણ આપ્યા. અને લાડુબાઈએ સાતસેં રૂપિયાની ઊતરી આપી ને રાજબાઈએ ઝૂમણું આપ્યું. પછી સર્વ હરિભક્તોએ હજારો સોનામહોરો, રૂપિયા, ગાયો વિગેરે અર્પણ કર્યું. મહારાજે આરતી ઉતારી વાંસો થાબડ્યો.

તે વખત ઇન્દ્ર છે, તે પગે લાગી કહે જે, "હે મહારાજ ! તમારા આશ્રિત જે સત્સંગી તેને હું અન્ન-વસ્ત્ર આદિક પોષણ કરીશ. તે કરવાવાળા તો તમે છો, પણ હું તો તમારો દાસ નિમિત્તરૂપ છું. માટે બધાએ હાથગરણાં કર્યાં તે મારે પણ એ આચાર્યના રાજમાં વરસાદ કરવો, એ હાથગરણું કરું છું." એમ બોલ્યા. ને બૃહસ્પતિએ આશીર્વાદ આપ્યો. એ વાતની સમાપ્તિ થઈ.

પછી મહારાજ ઓરડામાં પધાર્યા અને ત્યાં ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થઈ જમ્યા. ને બૃહસ્પતિ તથા તેમની સ્ત્રી તથા ઈંદ્ર તથા ઇન્દ્રાણીએ પ્રસાદી લીધી અને માતુલી(ઇન્દ્રનો સારથી) તેણે

પણ મહારાજને પગે લાગી પ્રસાદ લીધો. પછી હાથી ઉપર ઇંદ્ર તથા વિમાન ઉપર બૃહસ્પતિ બેસી પોતાના લોકમાં ગયા. પરમહંસ તથા સર્વ હરિભક્ત તથા સર્વ બ્રાહ્મણોને સાત વાનાની સુખડી કરી જમાડ્યા અને સાંજે તે રહે છે તે જ ઠેકાણે જીવુબાઈએ ઉત્તમરાજા પાસે મહારાજની પૂજા કરાવી વસ્ત્ર પેરાવ્યાં. પછી સીતારામ મહારાજની પૂજા કરાવી વસ્ત્ર પેરાવ્યાં. પછી ધર્મકુળને સર્વને વસ્ત્ર પેરાવ્યાં ને પછી આરતી ઉતારી પગે લાગ્યા.

પછી મહારાજે ઊભા થઈ તાળી વગાડી સર્વને છાના રાખ્યા. ને બોલ્યા જે, "એક અમારું વચન તે સર્વ પાળજ્યો." એમ કહી બોલ્યા જે, "અમને જેમ પૂજો છો તેમ આ સીતારામ મહારાજને પૂજજ્યો. એમ અમારી સર્વ પરમહંસ વિગેરે હરિભક્તને આજ્ઞા છે." એમ આજ્ઞા કરી, પછી ઉત્તમરાજા જીવુબાઈ પાસેથી રૂપિયાની ફાંટ ભરી આવ્યા. પછી દરબારમાં બ્રાહ્મણની પંક્તિ બેસારી સર્વને રૂપિયો રૂપિયો દક્ષણાનો આપ્યો. ને પછી ઉત્તમરાજા હાથ જોડી મહારાજ સન્મુખ આવી ઊભા રહ્યા. પછી મહારાજ ઊભા થઈ ઉત્તમરાજાને મળ્યા.

અને એમ બોલ્યા જે, "આ ઉત્તમરાજાના જેવો આ બ્રહ્માંડમાં કોઈ જીવ નથી, એમ કોઈ મુક્ત પણ નથી." એમ કહી ચરણારવિંદ હૃદયને વિશે આપ્યાં અને "આ જે ત્રણ ડોશીયો તે પણ તે જેવાં છે અને આ જીવુબાઈ છે તે તો સાક્ષાત્ લક્ષ્મી છે," એમ કહી ઘણા પ્રસન્ન થયા. અને પછી તે વખતે મુકુંદ બ્રહ્મચારીએ ધોળું પીતાંબર લઈ સીતારામ મહારાજને ઓઢાડ્યું.

પછી મહારાજ હસ્યા ને કહે જે, "આ બ્રહ્મચારી જેવો પણ આ બ્રહ્માંડમાં કોઈ જીવ નથી, તેમ એવો મુક્ત પણ નથી. જેમ ભગવાન નિર્દોષ છે તેમ ત્રણ ડોસીઓ તથા ઉત્તમરાજા, મુકુંદ બ્રહ્મચારી એ પણ

નિર્દોષ છે. જ્યાં અમે હોઈએ ત્યાં તે પણ હોય.” એમ સર્વ સાંભળે તેમ બોલ્યા ને સર્વ સભા સાંભળે તેમ જય સચ્ચિદાનંદ કહી પોતાને ઉતારે પધાર્યા. એ પ્રમાણે ત્યાં ચરિત્ર કર્યું છે. ।।૫૯।।

પછવાડે આંબલીવાળા વાડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૬૦

ચૈતન્યાનંદસ્વામીએ મહારાજની અલૌકિક પૂજા કરી.

એક વખત મહારાજ ઉનાળાની ઋતુમાં આંબલીવાળા વાડામાં સૂતા હતા ને પાણી છાંટ્યું હતું. પોર દિવસ ચડ્યો હતો. તે વખત ચૈતન્યાનંદસ્વામી આવી કહે જે, “મહારાજની પૂજા કરવી છે.” પછી મહારાજે ત્યાં બોલાવ્યા. ત્યાં તેમના મંડળના સાધુ સહિત આવ્યા. મહારાજને સર્વ અંગે ચંદન

ચરચ્યું અને ફૂલની સૂંથણી પેરાવી, ફૂલનો વાઘો પેરાવ્યો, માથે ફૂલની ટોપી પેરાવી, કાનને વિશે ગુચ્છ ખોસ્યા, મસ્તકને વિશે તોરા ખોસ્યા અને ફૂલની ચાદર ઓઢાડી મહારાજનાં ચરણારવિંદ પોતાના હૃદયને વિશે લીધાં. ભાલ દેશમાંથી ઘઉંનો પોંક લાવ્યા હતા તે આગળ મૂક્યો. ધૂપ કરી, આરતી કરી મહારાજને મળ્યા. એ જ પ્રમાણે તેમના મંડળના સાધુએ પણ મહારાજની પૂજા કરી ચરણારવિંદ લીધાં.

પછી મહારાજે ચૈતન્યાનંદસ્વામીને આસન ઉપર બેસાર્યા. ને પછી પોતાને હાથે આડ કરી હાર પેરાવ્યો. પછી મહારાજે પોતાને પેરવાનું ધોતિયું, વાઘો, પાઘ, ચાદર અને એક વાંકાનેરનો કાળા છેડાનો ખેસ તથા પોતાની ચાખડિયો ચૈતન્યાનંદસ્વામીને આપી. તે પોતે ઊભા થઈ માથે ચડાવી લીધું. તે વખત ચરણારવિંદ પાડવાનું

પ્રકરણ ચાલતું. પછી સ્વામીએ વિનંતિ કરી એટલે ચરણારવિંદ ચંદનનાં તથા હિંગળો(લાલ રંગ)નાં પાડી આપ્યાં. ને મહારાજ સ્વામી ઉપર ઘણું પ્રસન્ન થયા. તે વખત મહારાજનો થાળ આવ્યો. તે મહારાજ જમ્યા. જમી સ્વામીને પ્રસાદી આપી. અને બીજો જમવાનો વધુ સામાન મંગાવી, સ્વામી તથા સ્વામીના સાધુને જમાડ્યા અને પછી એમ બોલ્યા જે, **"આ સાધુ તો ગુરુ દત્તાત્રેય જેવા મહાસમર્થ છે ને તેનો જ અવતાર છે."** એવી રીતે મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૬૦॥

વાસુદેવનારાયણના ઓરડાની હારના ઓરડા ઉગમણા-આથમણા બારના બંને કોર ઓસરીયાળા ઓરડા બે છે. તેમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૬૧

આથમણા બારના બે ઓરડાનું વાસ્તુકર્મ

એક વખત વાસુદેવનારાયણને ઓરડે મહારાજ બેઠા હતા. તે વખત બ્રહ્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "હવે જીવુબાઈ વાસ્તે ને લાડુબાઈ વાસ્તે બે ઓરડા આથમણા બારના બેય કોર ઓસરીવાળા કરાવવા છે." એમ કહી નિષ્કુળાનંદસ્વામીને બોલાવી, બેય ઓરડા કરાવવા મહારાજે આજ્ઞા કરી. થોડા રોજમાં પાયા નખાવી, ચણાવી ને મળાવી લીધા.

પછી જ્યારે ઓરડા તૈયાર થયા, ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ મહારાજને બોલાવીને બેય ઓરડા બતાવ્યા. પછી મહારાજ એ ઓરડામાં જઈ બંને ઓરડા જોઈ બોલ્યા જે, "આ બે ઓરડા શ્વેતદ્વીપ તથા ગોલોકધામ જેવા છે." એમ કહી કહ્યું જે, "દક્ષણાદી તરફનો ઓરડો જીવુબાઈને આપવો ને ઉતરાદી તરફનો ઓરડો લાડુબાઈને આપવો." એમ કહી બંને ઓરડાનું વાસ્તુ કરવું ઠેરાવ્યું. પછી પહેલાં વહેલાં

જીવુબાઈને આપેલ ઓરડામાં મહારાજને પ્રથમ પધરાવવાના ઠેરાવ્યા. અને પછી લાડુબાઈવાળા ઓરડામાં પધરાવવા ઠેરાવ્યા. અને ભારે સામગ્રીએ સહિત રસોઈઓ આપવી ઠરિયો. એવી રીતે એક દિવસ ઠરાવ કર્યો. મહારાજ ઉતારે પધાર્યા. પછી બીજે દિવસે મહારાજે ઉત્તમરાજાને આજ્ઞા કરી ને બેય ઓરડાનું વાસ્તુ કર્યું. ને હજારો બ્રાહ્મણોને જમાડી રૂપિયો રૂપિયો દક્ષિણા આપી. તે જોઈ મહારાજ ઘણું પ્રસન્ન થયા.

પછી દક્ષિણ તરફનો જીવુબાનો ઓરડો એ સમયે સહુને શ્વેતદ્વીપ જેવો અતિ તેજોમય દેખાયો અને તે તેજમાં વાસુદેવ ભગવાનનાં દર્શન થયાં. તથા તેથી ઉત્તર તરફનો બીજો ઓરડો લાડુબાને આપ્યો અને તે સમયે એ ઓરડો ગોલોકધામ જેવો તેજોમય દેખાયો. અને તે તેજના મધ્યમાં મોરપીંછનો મુગટ ધારી રહેલા શ્રીકૃષ્ણએ સહિત રાધાજીનાં દર્શન થયાં. આવો મહારાજનો પ્રતાપ જોઈ સહુ ભક્તો અતિ વિસ્મય પામ્યા. એવી રીતે મહારાજે એ જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ॥૬૧॥

ઉગમણા બારના બે ઓરડામાંથી દક્ષણાદો ઓરડો રાજબાઈને આપ્યો. તે વખત તે ઓરડો શ્વેતદ્વીપરૂપે દેખાણો. ને તે મધ્યે વાસુદેવ ભગવાનનું દર્શન થયું. ને તે વાસુદેવનારાયણ મહારાજમાં પ્રવેશ કરી ગયા. એવું કરેલું અદ્‌ભુત

ચરિત્ર નં.૬૨

રાજબાઈના ઓરડામાં પૂજન તથા ભોજન

એક દિવસ રાજબાઈએ સાત વાનાંના પકવાનની મહારાજને તથા પરમહંસને રસોઈ આપવી ઠરાવી. અને ઉગમણા બારના દક્ષિણ તરફના ઓરડામાં મહારાજને પધરાવવા ઠરાવ્યા. પછી તે દિવસે મહારાજ એ ઓરડામાં વિરાજમાન થયા ને પ્રથમ પોતે ના'યા. નાહીને પછી ઉતરાદે

મુખારવિંદે જમવા બેઠા. તે વખત નાના વ્યંજને સહિત રૂપાનો થાળ બાજોઠ ઉપર આગળ મૂક્યો. પછી ડાબા પગની પલોંઠી વાળી ઉપર જમણો પગ ઊભો રાખી ઉઘાડે શરીરે જમવા બેઠા. પછી જમતા જાય ને ભોજનનાં વખાણ કરતા જાય. એવી રીતે જમી મુખવાસ લીધો. પરમહંસ તથા બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, હરિભક્ત વિગેરેને પોતે પીરસી જમાડ્યા. પછી તે જમી રહ્યા. પછી ડોશીયોને પ્રસાદી આપી. સર્વેને જમવાની આજ્ઞા આપી, તે સર્વે જમિયું. પછી ઉત્તમરાજાને રાજબાઈએ કહ્યું જે, “તમે મહારાજની પૂજા કરો.”

પછી ત્રીજે પહોરે એ ઓરડા મધ્યે ઢોલિયો બિછાવ્યો. તે ઉપર મખમલનું ગાદલું બિછાવ્યું. તે ઉપર રેશમી ધોળો ઓછાડ બિછાવ્યો. ને ચાર પાયે હિરનાં કછાણિયાં બાંધ્યાં, ઉપર ભારે મખમલનો તકિયો મૂક્યો. પછી મહારાજને ઉપર બેસાર્યા. મહારાજ ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થયા. પછી ઉત્તમરાજા પાસે મહારાજની પૂજા કરાવી. પ્રથમ રેશમનું ભારે ધોળું પીતાંબર પેરાવ્યું, બનારસી ધોળો બુટ્ટાદાર વાઘો પેરાવ્યો, સનેરીની ધોળી પાઘ બંધાવી, કેડે સનેરી(સોનાના રંગ જેવો ઝગમગતો)નો ધોળો દુપટ્ટો બંધાવ્યો, બનારસીનું ભારે ધોળું તારના બુટ્ટાએ યુક્ત ખભે શેલું નખાવ્યું, સોનાની એક હજાર રૂપિયાની સાંકળી પેરાવી, ચંદનની આડ કરી, કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો, ડોલરના પુષ્પના તોરા ખોસ્યા, કાને ગુચ્છ ખોસ્યા, હાથે ગજરા બાજુબંધ પુષ્પના ધરાવ્યા, મોગરાના પુષ્પનો હાર પેરાવ્યો, પંચામૃતે કરીને ચરણારવિંદ ધોયાં, ચંદન ચરચી ચરણારવિંદ હૃદયમાં લીધાં.

પછી દાડમના મિંજનો(દાણાનો) થાળ, જમરૂખ, પપૈયા, દ્રાક્ષ, સાકર વિગેરેનો થાળ ધરી નૈવેદ્ય ધર્યું. ધૂપ કર્યો, ઘીના બે દીવા વાશાકપૂરની આરતી ઉતારી સાધુઓ ધૂન બોલ્યા. પછી પગે લાગી

સાષ્ટાંગ દંડવત કર્યો. તે વખત બાઈઓની સભા લાડુબાઈવાળા ઓરડામાં બેઠી હતી. ત્યાંથી બારીમાં આવી રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈએ દર્શન કર્યાં. તે રાજબાઈ વિગેરે ડોસીયોને એક અદ્‌ભુત ચરિત્ર જોવામાં આવ્યું.

❋ મહારાજના દર્શને આવેલા વાસુદેવનારાયણ :

એ તમામ ઓરડો શ્વેત બરફના જેવો દેખાણો. અને તેમાંથી મહા તેજસ્વી એવો પ્રકાશ કોટી સૂરજના જેવો દેખાણો. તે પ્રકાશ મહા સુગંધીમાન, શીતલ ને શાંત રૂપે જણાણો. અને જે ઢોલિયો હતો, તે સિંહાસન રૂપે જણાણો. મહા મણિમય એવો ચોસઠ સ્તંભ ને મંડપે સહિત જોવામાં આવ્યો. તેમાં એક જાતનાં પક્ષીઓ તથા મુક્ત દેખવામાં આવ્યાં. તેના મધ્યે શ્વેત મહા મનોહર સુંદર એવી ચર્તુભુજ(વાસુદેવનારાયણની) મૂર્તિ જોવામાં આવી. અને તે મૂર્તિ મહા સુંદર ને પુષ્ટ ને તેજસ્વી ને લગાર શામ વર્ણે જુક્ત જોવામાં આવી. અને તે મૂર્તિ મહારાજની મૂર્તિને મળી મહારાજના ચરણારવિંદમાં પ્રવેશ કરી ગઈ. અને મુક્ત હતા, તે પરમહંસોમાં પ્રવેશ કરી ગયા. એવું સર્વના જોવામાં આવ્યું. અને ફૂલની એવી વૃષ્ટિ થઈ કે, તમામ દરબાર તથા ઓરડો પુષ્પે ભરાઈ ગયો.

પછી ત્યાં એક મોટો નારાયણ એવા નામનો શબ્દ થયો. તે સર્વેએ સાંભળ્યો. અને એ આશ્ચર્ય જોઈ સર્વે મનુષ્ય વિસ્મયને પામ્યા. રાજબાઈ ઘણું પ્રસન્ન થયાં ને મહારાજની સ્તુતિ કરી. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ને મહા મોટું ચરિત્ર કર્યું છે. ॥૬૨॥

એ ઓરડે મહારાજે ઘણાં ચરિત્ર કર્યાં છે, તે મધ્યેથી એક

ચરિત્ર નં.૬૩

મહારાજના પ્રસાદીના ભજિયાં બ્રહ્મા જમ્યા.

એક દિવસ રાજબાઈએ મહારાજને ઉગમણા (હાલ આથમણા દ્વારના ઓરડા છે તેનું પ્રવેશદ્વાર તે સમયે ઉગમણી બાજુ દરવાજો હતો, જેથી તેને ઉગમણા બારના કહેલ છે.) બારના દક્ષિણ તરફના ઓરડામાં પધરાવ્યા. અને ત્યાં સદ્‌ગુરુ તથા મુળજી બ્રહ્મચારી તથા ઉત્તમરાજા વિગેરે પાર્ષદો હતા. ત્યાં મહારાજને કેરી જમાડી. ને પછી મહારાજને સારુ માખણનાં ભજિયાં કર્યાં. તે પ્રથમ મહારાજ જમ્યા. પછી સદ્‌ગુરુઓ તથા પાર્ષદોને આપ્યાં. અને મહારાજ એમ બોલ્યા જે, “આ ભજિયાં એવાં સ્વાદું થયાં છે કે, બ્રહ્મા જમે એવાં છે.” તે સાંભળી બ્રહ્માનંદસ્વામી ને સુરો ખાચર હસ્યા. તેટલામાં તે જમતાં જમતાં બંને સ્થંભિત થઈ ગયા અને બંનેના મોઢામાં ભજિયાં ઠઠ્યાં રહ્યાં. એવું એક ઘડી રહ્યું. પછી બંનેને સ્મૃતિ આવી.

પછી બંને જણાએ મહારાજની ઘણી સ્તુતિ કરી, ને એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમારા વચનમાં જે વિશ્વાસ ન રાખે ને તેમાં જે મરમ કરે તેને ઘણું આડું આવે.” પછી મહારાજે કહ્યું કે, “તમોએ કાંઈ દેખ્યું ?” પછી બ્રહ્માનંદસ્વામી તથા સુરો ખાચર કહે જે, “હા મહારાજ, અમારા જોવામાં આવ્યું. અમે બ્રહ્માને ભાળ્યા. તે બ્રહ્મા ચાર મુખે તમારી પ્રસાદીનાં ભજિયાં જમતા જોયા.” અને એમ બોલ્યા જે, “આ ભગવાનના ચરિત્રમાં સંશય કરવા જેવું નથી.” એવું તે જગ્યાએ મહારાજે એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૬૩॥

એ ઓરડાની વાંસલી ઓસરીએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૬૪

મહારાજે જાતિ-સ્વભાવ ટાળવા ઉપર ટકોર કરી.

એક વખત મહારાજ ઉદાસ થઈ ઉગમણા બારના ઓરડાની વાંસલી ઓસરીએ (હાલ આથમણા બારના ઓરડાની ઓસરીએ) સૂતા હતા. પછી કોઈની સાથે બોલે નહિ. ત્યાં એક માણસ આવ્યો. તેણે નરસી મહેતાના કરેલાં હાર, શણગારનાં કીર્તન બોલવા માંડ્યાં. તેમાં 'ગોરિયો ગમાણે આવ્યો' તે વેણ સાંભળી મહારાજ બેઠા થયા ને એ ચારણને બોલાવ્યો. પછી એ ચારણ પાસે એ તમામ કીર્તન બોલાવ્યું.

અને એમ બોલ્યા જે, "પરમ ભગવદી થાય તોપણ જાતિ-સ્વભાવ જાય નહિ. નરસી મહેતા જેવા ભગવાનના ભક્ત કોઈ નહિ, પણ ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિએ કીર્તન બોલ્યા, પણ મરમે કરીને ભગવાનને બળધ ઠેરાવ્યા. માટે ભગવાનના ભક્તને ભગવાનની ભક્તિમાં ભિન્ન ભાવ રાખવો નહિ. અમે ઘણા ઉદાસ થઈ ગયા હતા ને અમારે ઘણું બદરિકાશ્રમમાં જાવું હતું, પણ આ કીર્તન સાંભળી અમારું ઉદાસીપણું મટી ગયું." એમ કહી બોલ્યા જે, "આપણા સત્સંગમાં જે કાવ્ય કરે તેને ખળતાઈનું વચન લાવવું નહિ. એવી અમારી આજ્ઞા છે."

પછી એ ચારણને કીનખાપની ડગલી તથા માથે બાંધવાનો રેંટો તથા સુરવાળ વિગેરે પાંચ લૂગડાં આપ્યાં. તે સાતસેં રૂપિયાની કિંમતનાં હતાં. પછી ચારણ હાથ જોડી બોલ્યો જે, "હે મહારાજ ! મારે વધારે લાલચ છે." પછી મહારાજ હસ્યા ને બોલ્યા જે, "આનું નામ જ જાતિ-સ્વભાવ." પછી ચારણ ઝંખવાણો પડીને કહે જે, "મારે તો જીવનું કલ્યાણ કરાવવું છે, એ લાલચ છે." પછી મહારાજ કહે જે,

"અમે અંતરજામી છીએ. તારે ઘોડાની લાલચ હતી ?" ચારણ કહે, "હા મહારાજ, ખરું કહો છો." પછી ઉત્તમરાજા પાસેથી એક ઘોડો અપાવ્યો. પછી તે ઉપર એક સાખી કહી જે,

પારસકે પ્રસંગસે, કંચન ભઈ તરવાર,
તુલસી તીનો ન મિટે, માર ધાર આકાર.

એમ કહી કહે જે, "જાતિ-સ્વભાવનો દોષ મૂકવો એ ઘણું કઠણ છે, પણ પરમેશ્વરની દયાએ કરીને મુકાય છે. આજ અમે પ્રગટ થયા છીએ. તે કેટલાક જાતિ-સ્વભાવ તથા કેટલાકના જન્માંતરના સ્વભાવ, કેટલાકના પાપી ને દુષ્ટ સ્વભાવ ને યવનાદિકના અસુર સ્વભાવ, તે જે અમારે શરણે આવે તેના સ્વભાવનો નાશ થાય છે. એવો હાલ કાળ સત્‌ધર્મ વર્તે છે."

એમ કહી મહારાજ ઉદાસીપણાનો ત્યાગ કરી તે જગ્યાએ સરગવાની સિંગુની કઢી ને બાજરાનો રોટલો જમતા હવા. અને 'પ્રભુતાનંદસ્વામી' એવે નામે કરીને દાદાગુરુ કહેવાતા, તેને મહારાજ મળી ચરણારવિંદ હૃદયને વિશે આપતા હવા. પછી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહી પોતાના ઉતારાને વિશે પધારતા હવા. ॥૬૪॥

એ ઓરડાની ઉગમણી ઓસરીએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૬૫

સંક્રાંતીઓ મહારાજના દર્શને આવી.

એક વખત એ ઓરડાની ઉગમણી ઓસરીએ સંક્રાંતને દિવસ મહારાજ પ્રભાતમાં નાહી રાજબાઈએ થાળ કરાવ્યો તે જમ્યા. અને સાડા સાતસેં પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, બ્રાહ્મણ મળીને હતા. તેને એક એક તલનો લાડવો આપ્યો. અને તે વખત ત્યાં સભામાં

બેસવાવાળાઓને બાર સંક્રાંતીઓ દેખાણી. ને પછી તે બારે સંક્રાંતીઓ પગે લાગી મહારાજના ચરણારવિંદમાં લીન થઈ ગઈ. એ રીતે સર્વના જોવામાં આવ્યું. એવું તે જગ્યાએ મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. પછી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહી ઉતારે પધાર્યા. એ ઉગમણી ઓસરીએ મહારાજ ખંડે ખંડે સૂતા છે, બેઠા છે અને અનેક ચરિત્ર કર્યાં છે, પણ દિશમાત્ર લખ્યું છે. ॥૬૫॥

(રાજબાઈના) એ ઓરડાથી ઓતરાદો ઓરડો લાડુબાઈને આપ્યો, તે વખતે તે ઓરડો ગૌલોકરૂપે દેખાણો. ને તેના મધ્યમાં દિવ્ય સિંહાસન દેખાણું. ને તેમાં મહારાજની મૂર્તિ દેખાણી ને તે રાધાકૃષ્ણે (મહારાજમાં) પ્રવેશ કર્યો એવો ચમત્કાર જણાણો. તે ઓરડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૬૬

હિંડોળે બેઠેલા શ્રીહરિનું પૂજન અને રાધાકૃષ્ણનું દર્શન

એક દિવસે લાડુબાઈએ મોટી સામગ્રીથી ભારે રસોઈ મહારાજ તથા પરમહંસ સારુ કરાવી. અને પોતાના ઓરડામાં પ્રથમ મહારાજને પધરાવવા તૈયારી કરી. ને સવારના પહોરમાં મહારાજને ત્યાં પધરાવવાની સ્તુતિ કરી. તે દિવસે જન્માષ્ટમી હતી. પછી મહારાજ પ્રભાતે ત્યાં પધાર્યા અને દાતણ કરી, મહારાજને શરીર ચોળીને ઊના પાણીથી નવરાવ્યા. પછી શરીરે અત્તર ચર્ચી, કેસરની આડ કરી ને સર્વ અંગે ચંદન ચરર્ચ્યું અને પીળું પીતાંબર પેરાવી, પીળો રેંટો ઓઢાડ્યો ને માથે કલંગીએ જુક્ત ભારે જરકસીની ટોપી પેરાવી ને મોતીની માળા પેરાવી અને ખાટ ઉપર કીનખાપના ગાદીતકિયા નંખાવી તે ઉપર મહારાજ વિરાજમાન થયા. ને તે ઓરડા તથા ઓસરીમાં પરમહંસની

સભા ભરાઈને બેઠી હતી અને પરમહંસે સરોદો, સતાર ને મૃદંગ લઈ કીર્તન ગાવાનો આદર કર્યો.

પછી કપૂરની આરતી ઉતારીને ઉત્તમરાજા દંડવત કરી મહારાજને મળ્યા. અને પછી મહારાજને શ્રાવણિયા આંબાની કેરી તથા દાડમ, જમરૂખ, કેળાં વિગેરે મેવાનો થાળ કરી જમાડ્યા. પછી મહારાજની આજ્ઞાથી સંતો કીર્તનભક્તિ કરવા લાગ્યા. અને જ્યારે ખરેખર ગાવણું જામ્યું ત્યારે મહારાજની મહાશોભા બની. તે વખતે લાડુબાઈએ પુષ્પનો વાઘો હાથે બનાવ્યો હતો, તે ઉત્તમરાજાના હાથમાં મહારાજને પેરાવવા આપ્યો. પછી વાઘો પેરાવ્યો. તે સમયને વિશે લાડુબાઈ, રાજબાઈ, જીવુબાઈ વિગેરે ડોશીયોએ બારીએથી મહારાજનાં દર્શન કર્યાં.

તે વખત તેમના તથા સભાના જોવામાં એમ આવ્યું કે, એ ઓરડો ગોલોક જેવો દેખાણો. ને તેના મધ્યમાં મહારાજની ખાટને ઠેકાણે મહા મોટો રત્નમય હિંડોળો જણાણો. અને તે હિંડોળે દિવ્ય સિંહાસન બાંધેલું દેખ્યું. તેમાં સર્વ ખલકના કર્તા 'સ્વામિનારાયણ મહારાજ' ને ભાળ્યા. ત્યાં રાધાકૃષ્ણની મૂર્તિ જોવામાં આવી. અને કૃષ્ણએ માથે મુગટ ને પીતાંબર તથા આભૂષણ પહેરેલાં જોવામાં આવ્યાં. ને ભેળા રાધિકાજી જોવામાં આવ્યાં ને કેટલીક ગોપીઓ તથા કેટલાક ગોપ દેખવામાં આવ્યાં. ને તે રાધાએ અને કૃષ્ણએ મહારાજની કેટલીક સ્તુતિ કરી ને એમ બોલ્યા જે, "અહીંયાં અમારે નિવાસ કરી રહેવું છે."

એમ કહીને પછી કૃષ્ણ છે, તે મહારાજમાં પ્રવેશ કરી ગયા. અને રાધિકાજી મહારાજની સ્તુતિ કરી કહે જે, "ગોપીનાથજી મહારાજની સમીપે મારે રહેવું છે. હે કૃપાનાથ ! જો તમે આજ્ઞા કરો તો હું રહું." પછી મહારાજે કહ્યું કે, "સારું." એવી રીતે મહા ચમત્કાર જણાણો. આવું આશ્ચર્ય જોયા પછી અરસપરસ આ બાબતની સર્વ સભા તથા

બાઈઓમાં વાતો કરવા માંડી. એવી રીતે ચમત્કાર જણાણા પછી તે જ જગ્યાએ દિવસ તથા રાત્રિએ સર્વે સભાએ જાગરણ કર્યું.

પછી પ્રભાતે ઓત્રાદી કોર ઓટા ઉપર મહારાજ દાતણ કરી નાયા. અને એ ઓરડામાં ઓત્રાદે મુખારવિંદે બેસી મહારાજ જમ્યા. પછી મહારાજે પોતે બ્રહ્મચારી, સંન્યાસી, પરમહંસ, પાળા વિગેરેને સાત વાનાની મિઠાઈ પોતે પીરસી જમાડી. પછી મહારાજ અને પરમહંસ વિગેરેને લાડુબાઈએ ધોતિયાં ઓઢાડવા આપ્યાં. તે મહારાજે પોતાનું માની સર્વેને એકેકું ધોતિયું આપ્યું. અને પછી ઉત્તમરાજાએ મહારાજની આરતી ઉતારી ને સાષ્ટાંગ દંડવત કર્યા. પછી મહારાજે લાડુબાઈની રસોઈનાં ઘણાં વખાણ કર્યાં.

તે સમયે લાડુબાઈના મનમાં એમ સંકલ્પ થયો કે, ગોપ ને ગોપિયુંને જમાડ્યા નથી. તે સંકલ્પને મહારાજે અંતર્યામીપણે જાણીને મહારાજ કહે જે, એક થાળ ભરીને પકવાનનો લાવો. પછી પકવાન લાવ્યાં. પછી મહારાજ બધા ભોજનને જમ્યા તેટલામાં લાડુબાઈને એમ દેખવામાં આવ્યું કે, ગોપ ને ગોપિયું બધાં જમીને તૃપ્ત થયાં. એવી રીતે ચમત્કાર લાડુબાઈને બતાવ્યો.

તે જ વખતે એક કારીગર રાધિકાજીની મૂર્તિ લઈ આવ્યો. ને એમ બોલ્યો જે, “આ મૂર્તિનું મૂલ્ય લેવું નથી, મોક્ષને અર્થે હું લાવ્યો છું.” એમ કહી રાધિકાજીની મૂર્તિ ભેટ કરી. તેથી શિલ્પી ઉપર શ્રીહરિ રાજી થયા. આ સિવાયની આઠ જોટા રાધાકૃષ્ણની પ્રતિમા મૂલ્ય લઈને આપી. પછી મહારાજ બોલ્યા જે, “કાલ જેમ રાધા પ્રત્યક્ષ દેખાણી હતી, તેવી જ આ રાધિકાજીની મૂર્તિ છે. આ ગોપીનાથજી મહારાજની જોડ થશે.” ને રાધિકાજીના જોટાની મૂર્તિ કૃષ્ણની હતી, તેને જોઈ મહારાજે માથું ડોલાવ્યું.

અને ફરીથી મહારાજ એમ બોલ્યા જે, "લાડુબાઈ તમારી ઈચ્છા પ્રમાણે આ રાધિકાજીની મૂર્તિ બનેલી છે અને તેવી જ છે, ને ગોપીનાથજીની જોડ છે. ગોપીનાથજીની મૂર્તિનું ગોપીનાથ એવું નામ છે, પણ એ મૂર્તિ અમારી જ છે. તેમજ રાધિકાજીની મૂર્તિ તે તેમ જ છે. એમ તમે નિશ્ચે જાણજો. પૃથ્વીનું પીઠ રહેશે ત્યાં સુધી આ ગોપીનાથજી તથા રાધિકાજી અહીંયાં વિરાજમાન થશે. ને ઉત્તમરાજાના દરબારમાં નિવાસ કરી રહેશે." એમ કહી 'જય સચ્ચિદાનંદ' કહી પોતાને ઉતારે પધાર્યા. એવું ચમત્કારી ચરિત્ર મહારાજે કર્યું. ॥૬૬॥

એ ઓરડામાં મહારાજે અનેક ચરિત્ર કર્યા છે. ને ત્યાં મહારાજ સૂતા ને ત્યાં જમતા ને ત્યાં અદ્‌ભુત ચરિત્ર કર્યાં. તે માંહિલું

ચરિત્ર નં.૬૭

મુક્તાનંદસ્વામીનું ગાવણું તથા પ્રભુપ્રસન્નતા

ચોમાસાના દિવસમાં એક દિવસ મહારાજ એ ઓરડામાં વિરાજમાન થયા હતા. ને લાડુબાઈએ ઉત્તમરાજા પાસે પાંચેય ધોળાં વસ્ત્ર પેરાવ્યાં હતાં. અને મોગરાના પુષ્પના હાર પેરાવ્યા હતા. અને મહારાજ મંદ મંદ હસતા હતા. તે વખત મુક્તાનંદસ્વામી કીર્તન બોલતા હતા જે, **"વાલીડા વેરો કીધો રે, કુંજવિહારી..."** એ કીર્તન બોલતા હતા. પછી મહારાજ મુક્તાનંદસ્વામી પર રાજી થઈ પાંચે લૂગડાં તથા હાર આપ્યો ને તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ને એમ બોલ્યા જે, "આ કીર્તન મહાપ્રેમે કરીને કર્યાં છે." પછી મહારાજ જમવા ઊઠ્યા. જમીને મુક્તાનંદસ્વામી તથા ઉત્તમરાજાને પ્રસાદી આપી. એવું મહાચરિત્ર કર્યું છે. ॥૬૭॥

એ ઓરડાની ઉગમણી ઓસરીમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૬૮

શ્રીહરિ જમ્યા તથા પાર્ષદોની હાજરી લીધી

એ (હાલ આથમણા બારના) ઓરડાની ઉગમણી ઓસરીએ મહારાજ બેસતા ને ઓરડાના બારણાથી ઓત્રાદું રસોડું હતું. ત્યાં મહારાજ અનેક વખત જમ્યા છે. એક વખત એ ઓસરીમાં એ રસોડા નજીક ઉગમણા મુખારવિંદે પાટલા ઉપર જમવા બેઠા હતા. અને ઉઘાડે શરીરે જમતા હતા. તે વખત રીંગણાનું શાક ને બાજરાનો રોટલો જમ્યા. ને પછી દહીં, ભાત તથા સાકર જમ્યા. અને પછી તે થાળ ભગુજી, રતનજી, અલૈયાભક્ત વિગેરે પાળાઓને આપ્યો. અને પછી ઉત્તમરાજાએ મહારાજની પૂજા કરી. પછી મહારાજે પાસે બેસારીને તેમને સર્વેને હથિયાર બંધાવી ત્રણસે પાળાની હાજરી લીધી. ને ત્રણસે પાળાને મહારાજે ચરણારવિંદ હૃદયમાં આપ્યાં. ॥૬૮॥

લાડુબાઈના ઓરડાની આથમણી ઓસરીએ ખંડે ખંડે મહારાજ ઢોલિયા ઉપર અનેક વખત વિરાજમાન થઈ કેટલાંક કરેલ

ચરિત્ર નં.૬૯

મહારાજે બ્રહ્માનંદસ્વામીને દૂધ જમાડ્યું તથા માથે રેડ્યું.

એક વખત ઓરડાની આથમણી ઓસરીએ મહારાજને જમાડ્યા. તે દિવસ લાડુબાઈની રસોઈ પરમહંસોને હતી. પછી સાકરિયો બિરંજ પોતે પીરસી પરમહંસો વિગેરેને જમાડ્યા. પછી ઉપર ચોખા, દૂધ ને સાકર પરમહંસોને પીરસવા માંડ્યું. પછી પીરસતાં પીરસતાં બ્રહ્માનંદસ્વામી પાસે આવ્યા ત્યાં દૂધ થઈ રહ્યું. પછી મહારાજને બ્રહ્માનંદસ્વામી કહે જે,

"અમારા નસીબમાં દૂધ નહિ હોય. અને આ તો તમારી લાજ ગઈ કહેવાય મહારાજ !" એમ કહી હસ્યા. પછી મહારાજે તપાસ કર્યો પણ દૂધ મળ્યું નહિ. તે વખત જોધો ભરવાડ હાજર હતો. મહારાજ કહે જે, "જોધા, બ્રહ્માનંદસ્વામી દૂધ વિના રહ્યા, તે આપણી લાજ ગઈ."

ત્યારે જોધો ભરવાડ કહે જે, "મહારાજ લાજ જાય નહિ." એમ કહીને કાળું ને સાંઢી બે ભેંસો હતી તેને દોયું. પછી મોટી ઘડુંમાં(સરખો ઘડ્યો ન હોય એવા જાડા દળના માટીના ઘડામાં) દૂધ ગાળી મહારાજને આપ્યું. પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને દૂધ પીરસ્યું ને પરમહંસને પીરસ્યું. પછી દૂધ વધ્યું તે બ્રહ્માનંદસ્વામીના માથા પર રેડ્યું. પછી ગોરસ પીરસ્યું અને ગોરસ વધ્યું તે પણ માથા પર રેડ્યું. અને એમ બોલ્યા જે, "કે હવે લાજ ગઈ કે રહી ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "ભગવાનની લાજ તો જાય જ નહિ." તે સમયમાં આકાશમાંથી પુષ્પનો ને ચંદનનો વરસાદ થયો. અને હજારો મુક્તો ને દેવોનાં વિમાન જોવામાં આવ્યાં. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૬૯॥



આથમણા બારના ઓરડાની ઓસરીને ઓતરાદે કરે બારણું હતું ને તે બારણાની આગળ ઓતરાદો ઓટો ઓસરી બરોબર હતો. તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૭૦

સચ્ચિદાનંદસ્વામીની સેવાનો સ્વીકાર

આથમણા બારના ઓરડાની ઓસરીને ઓતરાદે કરે બારણું હતું. ને તે બારણાની આગળ ઓસરી સામે ઓટો હતો. એક વખત એ ઓટા ઉપર ખુરશી નંખાવી મહારાજ વિરાજમાન થયા હતા. ત્યાં સચ્ચિદાનંદસ્વામી ડોડાનું એક ગાડું ભરીને લાવ્યા હતા. અને તે ડોડા પાળા પાસે શેકાવી તેમાં મસાલો નંખાવીને લાવ્યા હતા.

પછી તેના થાળ ભરી મહારાજ આગળ ઓટા ઉપર મૂક્યા. અને પ્રથમ કેસર ચંદનની આડ કરી મહારાજની પૂજા કરી. પછી મહારાજ સારુ ડોલરના પુષ્પનો સુરવાળ, પુષ્પનો વાઘો તથા પુષ્પની ટોપી કલંગીએ જુક્ત અને પુષ્પની ચાદર એમ લાવ્યા હતા. તે પ્રથમ પુષ્પના વસ્ત્રાદિ પેરાવ્યા. પછી ડોડાના થાળો ભરેલા હતા, તે આગળ મૂક્યા. પછી મહારાજ ડોડા જમ્યા. પછી સચ્ચિદાનંદસ્વામીને મળ્યા. પછી હૃદયમાં ચરણારવિંદ આપ્યાં અને પછી કહે જે, “માંગો.”

ત્યારે સ્વામી કહે જે, “સર્વ પરમહંસને મારા વતી હૃદયમાં ચરણારવિંદ આપો. ને એક એક ખોબો ડોડાના બીનો આપો.” પછી મહારાજે તે પ્રમાણે કર્યું. અને સચ્ચિદાનંદસ્વામી સાથે આમાં મદદ કરનારા સિદ્ધાનંદસ્વામીને હૃદયને વિશે ચરણારવિંદ આપીને પુષ્પનો હાર પણ આપ્યો. તે જ પ્રમાણે બ્રહ્મચારી, સંન્યાસી, પરમહંસ, પાળા વિગેરેને પ્રસાદ આપી ચરણારવિંદ આપ્યાં. તે વખત પુષ્પધર વાસુદેવરૂપે

મહારાજ જણાણા. તે જોઈ કેટલાક કુસંગી હતા તે સત્સંગી થયા. એવી રીતે તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૭૦॥

એ ઓરડાને ઓત્રાદે કરે બારી હતી ને તેથી ઓત્રાદી મેડી હતી. ત્યાં મહારાજનું રસોડું હતું. તેમાં મહારાજ હજારો વખત જમેલા છે. તે જગ્યાએ મહારાજે કરેલું અદ્‌ભુત

ચરિત્ર નં.૭૧

મહારાજના દર્શને સનકાદિકો આવ્યા.

આથમણા બારના ઓરડાની પાસે ઉત્તર તરફ માળવાળું એક ઘર હતું. એક વખત મહારાજ તેની મેડીમાં ઉતરાદે મુખારવિંદે ચાકળા ઉપર જમવા વિરાજમાન થયા હતા. તે વખત રાજબાઈ, લાડુબાઈ ને જીવુબાઈ એ ત્રણેય પાંચ હાથને છેટે બેઠેલાં હતાં ને મહારાજ જમતા તેને ભક્તિભાવથી નીરખતાં હતાં. ને મુળજી બ્રહ્મચારી પાસે બેઠા હતા. અને તે વખતે બિરંજ ને રીંગણાંનું શાક, પૂરી, દહીંવડાં, ભજિયાં, દહીં, સાકર વિગેરે થાળમાં હતું, તેને મહારાજ ધીરે ધીરે જમતા હતા. તેવામાં પાંચ પાંચ વર્ષની અવસ્થાએ યુક્ત બ્રહ્મચારીને વેશે ચાર સનકાદિકો(સનક, સનત, સનંદન, સનાતન) દિવ્યરૂપે આવ્યા. અને મહારાજને દંડવત કરી પગે લાગી ઊભા રહ્યા.

તે જોઈને ત્રણ બાઈઓ તથા બ્રહ્મચારી વિસ્મય પામ્યાં. પછી મહારાજે દહીં, સાકર જમી થાળ તેમની આગળ મૂક્યો, તે ચાર જણા જમ્યા. અને પછી મહારાજને મળી ચરણારવિંદ હૃદયને વિશે લઈ તે ચારેય આકાશ રસ્તે ચાલ્યા ગયા. એવું મહા અદ્‌ભુત ચરિત્ર જોઈ ડોશીયો તથા બ્રહ્મચારી ઘણું વિસ્મય પામ્યાં ને ખુશી થયાં. એ રસોડાનું બારસાખ ઘણું પ્રસાદીનું છે ને ત્યાં મહારાજ ઘણું બેઠા છે. ॥૭૧॥

એ બેય ઓરડાના ઉતરવાનાં પગથિયાં વચ્ચે હતાં, ત્યાં મહારાજે બેસી કરેલું એક અદ્‌ભુત

ચરિત્ર નં.૭૨

નગા ધાધલનું અવળા સંકલ્પને કારણે નાક કપાણું.

ઉગમણા બારના (હાલ આથમણી ઓસરીવાળા) આ બંને ઓરડાના ઉતરવાનાં પગથિયાં વચ્ચે હતાં. ત્યાં એક વખત એ પગથિયાં ઉપર મહારાજ ઝીણું સૂક્ષ્મ વસ્ત્ર પહેરેલું હતું અને નાવા બેઠા હતા. તે વખત ચેલા ખાચર વિગેરે મહારાજને દર્શને આવ્યા હતો. તે વખત ચેલા ખાચરના મામાનો દીકરો નગો ધાધલ કરીને હતો. તે મહાખળ હતો. તેણે એવો વિચાર કર્યો કે, સ્વામિનારાયણ બીજાને ધર્મ પળાવે છે અને પંડે તો શ્રીકૃષ્ણ ભગવાનની પેઠે રાસમંડળ આદિક ચરિત્રો કરે છે ને વળી ત્યાગી કહેવાય છે. તેવો સંશય ધરતો થકો ખળતાઈએ કરી મહારાજ ના'તા તે જગ્યાએ સામો ઊભો રહ્યો.

પછી મહારાજ તેનો સંકલ્પ જાણી ઊભા થઈ તેની સામા ઊભા રહ્યા. અને હસ્યા ને બોલ્યા, "કાઠીભાઈ, શું જોવા ઊભા છો ? તને મનમાં જેવા ભૂંડા ઘાટ થાય છે તેવા અમે નથી. અમે ભગવાન છીએ એમ નિશ્ચે જાણો. અમારું સ્વરૂપ દિવ્ય છે, અમાયિક છે, લેશ પણ માયિક નથી." એમ કરી ધોતી ખંખેરી એટલે વજકછોટા સહિત અલિંગ મહારાજ તેના જોવામાં આવ્યા. એટલે તે કાઠી ઊભો ઊભો થરથર ધ્રુજવા લાગ્યો ને મહારાજનું સ્વરૂપ મહાકરડું અને કાળ સ્વરૂપે જોવામાં આવ્યું. અને પછી આંખો મીંચી બેસી ગયો. અને ઘડીક થયું ત્યાં આંખો ઉઘાડી. પછી મહારાજ કહે જે, "ભગવાનના સ્વરૂપમાં સંશય કરે તેનું તત્કાળ નાક કપાઈ જાય ને જીવતા મુવા જેવો થાય." એમ બોલ્યા ને પછી મહારાજ બીજું વસ્ત્ર પલટાવી જમવા પધાર્યા.

એ પછી નગા ધાધલે ઉતારે જઈ ચેલા ખાચરના કપડાના પાંચ રેજા(કિંમતી અંગરખા) ચોર્યા. ને તેની ઝાડો(શોધ) લેતા તેના ખડિયામાંથી(વચ્ચે મોઢું અને બંને બાજુ વસ્તુ ભરી શકાય તેવા એક પ્રકારના થેલામાંથી) નીકળ્યા. અને તે મુવા જેવો થયો ને નાક કપાણું. પછી ચેલા ખાચરે કહ્યું જે, "તારી બુદ્ધિ આમ કેમ થઈ ?" ત્યારે તે કહે જે, "આ સ્વામિનારાયણના સ્વરૂપમાં મને સંશય થયો." તે સંબંધી તમામ વાત વિસ્તારેથી કહી દેખાડી. તે વાત સાંભળી તે ઘણા વિસ્મયને પામ્યા.

અને સાંજે તે જ ઓરડાની ઓસરીએ સભા હતી. તે જગ્યાએ નગા ધાધલે આવીને સર્વે વાત કહી દેખાડી. ને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે તો પૂરણબ્રહ્મ પરમાત્મા છો. અક્ષરધામના વાસી છો. સદા દિવ્ય અને નિર્દોષ સ્વરૂપ છો, પણ તમારા સ્વરૂપમાં જે સંશય કરે તેનું નાક કપાઈ જાય. અને તેને ઘણું દુઃખ ભોગવવું પડે." એવી રીતે તે જગ્યાએ મહારાજે એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે, પણ દિશમાત્ર લખ્યું છે. ॥૭૨॥

એ ઓરડાને દક્ષિણાદે કરે બારી હતી. તે બારીએથી વાસુદેવનારાયણના ઓરડામાં જવાતું. તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૭૩

મહારાજે આત્મનિવેદી ભક્તનું પ્રકરણ ચલાવ્યું.

આથમણા બારના ઓરડાને દક્ષિણાદે કરે બારી હતી. તે બારીવાળા ઓસરીના ખંડમાં મહારાજ શ્વેત વસ્ત્ર ધારણ કરી ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવી બિરાજમાન થયા હતા. અને ગુલાબના પુષ્પના હાર તથા બાજુબંધ, બેરખાથી ફૂલમાં ગરકાવ થઈને બેઠા હતા. તે સમયે

એવું પ્રકરણ નીકળ્યું હતું કે, આત્મનિવેદી ભક્ત જેને થાવું હોય તે પ્રતિજ્ઞા લે. તે સમયને વિશે ઉત્તમરાજાએ પ્રથમ આત્મનિવેદી ભક્ત થાવાની પ્રતિજ્ઞા લીધી.

પછી તે વખતે મહારાજે પોતાને સેવવાના બાલમુકુંદજી હતા. જે વિઠ્ઠલનાથજીએ અંગુઠા પ્રમાણે બાલમુકુંદજી સેવ્યા હતા, તેવા જ બાલમુકુંદજી અંગુઠા પ્રમાણે ઘણા સમય સુધી મહારાજે સેવા કરેલ. ને પોતાની પ્રસાદીના મહા ચમત્કારી બાલમુકુંદ રૂપાની પેટી પ્રસાદીએ સહિત તથા તમામ સેવાની સામગ્રીઓનાં રૂપાનાં વાસણ સહિત ઉત્તમરાજાને સોંપ્યાં અને બહુ પ્રસન્ન થયા. અને એમ બોલ્યા જે, "હે ઉત્તમરાજા ! આ લાલજી તમારા વંશ પરંપરામાં પૂજજો અને પુજાવજો. અને આ લાલજી અમારા વચનથી ઘણા પ્રતાપી અને ચમત્કારી છે." એમ મહારાજ વચન આપતા હવા.

તે વખત ઉત્તમરાજાની પત્ની જસુબાઈ કરીને હતાં. તેણે પણ નાતમાં કાંઈ ન ખાવું ને આત્મનિવેદીપણું રાખવું એવું નિયમ લીધું. પછી મહારાજ ઘણું પ્રસન્ન થયા ને ગુલાબના પુષ્પના હાર તેને આપ્યા. ને સર્વે સભાને છાના રાખી એમ બોલ્યા જે, "આ જશુબાઈને એના બાપાએ અમને કાંડું સોપેલું હતું. અને કહ્યું હતું કે, 'આ તમારી દીકરી છે.' તેમ જ એણે સત્સંગ શોભાડ્યો છે. અને બધાયની મોર આત્મનિવેદીપણું લઈ નાતમાં ખાવું તજ્યું. માટે એના ઉપર અમે ઘણા પ્રસન્ન થયા છીએ ને એ મહાપવિત્ર છે." પછી સર્વે પરમહંસે તથા કેટલાક હરિભક્ત તથા કેટલીક ડોશીઓએ આત્મનિવેદીપણું લીધું. ને તે સર્વેને મહારાજે પોતાનાં ચરણારવિંદ હૃદયને વિશે આપ્યાં.

પછી ઉત્તમરાજાએ ઘણી બરફી મંગાવી. મહારાજને નૈવેદ્ય ધરી સર્વેને વહેંચી આપી. પછી મહારાજની આરતી ઉતારી વાજિંત્ર વગડાવીને એવો મહાઉત્સવ કર્યો.

ત્યારપછી સાત દિવસ પછી પરમહંસોને શાલીગ્રામ આપવાનું પ્રકરણ ચલાવ્યું. પછી શાલીગ્રામનો થાળ ભરીને મહારાજ આગળ મૂક્યો. પછી એક મોટા શાલીગ્રામ બ્રહ્માનંદસ્વામીને આપ્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ મરમ કર્યો. તે સાંભળી મહારાજ હસ્યા. પછી શાલીગ્રામ સર્વે પરમહંસ, બ્રહ્મચારીને આપ્યા.

ત્યારપછી મહારાજ તે જ ખંડમાં આથમણે મુખારવિંદે જમવા બેઠા. લાડુબાઈએ થાળ કરાવેલો. તેમાં રીંગણાનું શાક તથા બાજરાનો રોટલો મહારાજ જમ્યા. તે વખત જશુબાઈ બારીથી હેઠાં બેઠાં હતાં. તેમને એવો સંકલ્પ થયો કે, મહારાજને શાક તીખું લાગે છે, માટે છાશનો ઘૂંટડો લે તો સારું.

મહારાજ બોલ્યા, "બ્રહ્મચારી, એક હરિજનને સંકલ્પ થયો છે કે, મહારાજ છાશનો ઘૂંટડો લે તો સારું." પછી છાશ મંગાવી મહારાજ જમ્યા. પછી મહારાજ બોલ્યા, "જશુબાઈ તમારો સંકલ્પ પૂરો થયો કે ? લ્યો આ પ્રસાદી જમો." પછી મુખવાસ લઈ મહારાજ ચાખડીઓ ઉપર ચડી અક્ષર ઓરડીએ પધાર્યા. એવું અલૌકિક ચરિત્ર ત્યાં કર્યું છે. ॥૭૩॥

આથમણા બારના ઓરડાનાં બે બારણાં તથા વચલો ખંડ પગથિયાવાળો તેની પધોર ફળીમાં મહારાજ અનેક વખતે બેઠેલા છે. તેમાંથી ત્રણ જગ્યાનાં ત્રણ

ચરિત્ર નં.૭૪

મહારાજે દરબારગઢના ચોકમાં વસંતોત્સવ કર્યો.

રાજબાઈવાળા ઓરડાની ઓસરીથી નીચે ફળીના ચોકમાં વસંત પંચમીને દિવસ મહારાજ શ્વેત વસ્ત્ર પહેરી પાટ ઉપર બિરાજમાન થયા હતા. અને પાર્ષદો તથા પરમહંસની સાથે ખૂબ ગુલાલ ઉડાડ્યો હતો.


અને વાસુદેવનારાયણના મંદિર આગળ ચોકમાં મહારાજના બાજોઠની સમીપે વસંતનો ઉત્સવ કરી, પરમહંસોએ ઝાંઝ-પખાજ બજાવી વસંતનાં કીર્તન ગાયાં. ને મહારાજે પોતાને હાથે કરી સર્વ પરમહંસ તથા હરિભક્તને ફગવા આપ્યા. અને મહારાજ પછી જમવા પધાર્યા. એવી રીતે તે જગ્યાએ વસંતપંચમીનો ઉત્સવ કર્યો.

એક વખત ઉનાળાની ઋતુ હતી ને ચોકમાં પાણી છાંટ્યુ. અને પગથિયા પધોર ચોકમાં છપરપલંગ બિછાવ્યો. સચ્ચિદાનંદસ્વામીએ ડોલરના ફૂલથી ગરકાવ જાળી કરી છપરપલંગ ઉપર પુષ્પનું સિંહાસન કર્યું. અને પછી સાંજ વખતે મહારાજને એ છપરપલંગમાં પધરાવ્યા. અને મહારાજને શરીરે ઉત્તમરાજા તથા સચ્ચિદાનંદસ્વામી એ બંનેએ ચંદન ચરચ્યું. ને પછી પુષ્પનો વાઘો, સુરવાળ, પાઘ, પછેડી વિગેરે પોશાક પહેરાવ્યો. અને રાધાબાગની કેરીઓની સાખો છોલીને ચીરિયા કરી, પછી મોટા દસ થાળ અને મોટા ત્રાસ તથા કેટલાંક વાસણોમાં ભરી ને માંહી સાકર નાખી પછી મહારાજ આગળ મૂકી. તે મહારાજે જમીને પછી ચાર સદ્‌ગુરુને આજ્ઞા કરી કે, "તમારે હાથે આ પ્રસાદી

વહેંચી આપો." પછી તેમણે તેમના હાથે સર્વને વહેંચી આપી. અને સાંખ્યયોગી ડોશીઓને મહારાજે બે ત્રાસ કેરીઓ ભરેલા આપ્યા. પછી મહારાજ સંધ્યા આરતી સુધી ત્યાં રહ્યા. અને પછી ઊઠી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહી ઉતારે પધાર્યા.

❋ મહારાજે સ્વમુખે કહેલો ગોપાળાનંદસ્વામીનો મહિમા :

એક વખત મહારાજ લાડુબાઈના ઓરડાની પધોર સામે ફળીમાં ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવી રાત્રીએ બિરાજમાન થયા હતા. અને તે સમયે આકાશમાં તારાઓના ઝગમગવાથી રાત ઘણી ખીલી હતી. પછી મહારાજ આકાશ સામું જોઈ રહ્યા. ને પછી ગોપાળસ્વામીને બોલાવવાની કોઈને આજ્ઞા કરી ને તેમને પાસે બોલાવ્યા. પછી ગોપાળસ્વામી સભામાં આવ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા કે, "આ નવ લાખ તારા છે. તેમાં કેટલાકનાં તો નામ પ્રસિદ્ધ છે. તેને તમે ઓળખો છો ?" પછી કેટલાક તારાઓનાં નામ ગોપાળાનંદસ્વામીએ કહી બતાવ્યાં. તે સાંભળી મહારાજે શિશુમારચક્ર સંબંધી ખગોળ-ભૂગોળની વાર્તા કરી દેખાડી.


अनेपछेमहारा
जएमबोल्याजेआगोपाळानंदस्वामिकांइं झाझुंजोतिषभणेलानथिप
एत्रिकाळदरसीछे अनेश्रीकृस्नभगवाननाजेटलिआपरमहंसमांबु
धिअनेकळाछे नेसताछेनेआसाधुघणामोटाछे अनेयोगकळामां
पणकुशळछे अनेआतोअमेछैएनहिंतोभगवाननाजेमपूजाय

અને પછી મહારાજ એમ બોલ્યા જે, "આ ગોપાળાનંદસ્વામી કાંઈ ઝાઝું જ્યોતિષ ભણેલા નથી, પણ ત્રિકાળદર્શી છે. અને શ્રીકૃષ્ણ ભગવાનના જેટલી આ પરમહંસમાં બુદ્ધિ અને કળા છે ને સત્તા છે. ને આ સાધુ ઘણા મોટા છે. અને યોગકળામાં પણ કુશળ છે. અને આ તો અમે છૈએ, નહિ તો ભગવાનની જેમ પૂજાય.

પણ જેમ સૂર્ય ઉદય થતા ચંદ્રનું તેજ તેમાં લીન થઈ જાય તેમ સર્વ અવતારોનું કારણ હું અત્યારે પ્રગટ છું તેથી તે સહુનું ઐશ્વર્ય, સામર્થ્ય મારામાં લીન થઈ ગયાં છે. જો હું આ પૃથ્વી ઉપર ન હોવ તો સર્વે સદ્‌ગુણોએ યુક્ત આ સંતોને સહુ ભગવાન છે એમ માને અને પૂજે. અને આ ગોપાળાનંદસ્વામી મારી જેમ હજારો લોકોનો મોક્ષ કરે, એમ આ ગોપાળાનંદસ્વામીમાં અવતારો સમાન ઐશ્વર્ય છે ને તે મહામુક્ત છે; એમ તમે સહુ નિશ્ચિત સમજજો.

અને આ સમયને વિશે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ભાયાત્માનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, આનંદસ્વામી, શુકસ્વામી, અક્ષરાનંદસ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નરસિંહાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, પરમાનંદસ્વામી, ભાઈ સોમપ્રકાશાનંદસ્વામી આદિ પરમહંસ, મુકુંદ બ્રહ્મચારી, મયારામ ભટ્ટ અને દાદો ખાચર તથા જીવુબાદિ ત્રણ બાઈઓ ને ધર્મકુળ એ સર્વે મારે આશરે રહેલાં છે. તેથી...


ए सरवेमां अमारा प्रतापथि ए भगवानना अवता
र जेवा छे अने अमे न होइए तो भगवान थै पुजाय एटलि तेनामां शक्ति ने
सामृथ छे अने अमे अवतार लिधो ते भेगो तेमणे पण अवतार लिधो छे

એ સર્વેમાં અમારા પ્રતાપથી એ ભગવાનના અવતાર જેવા છે. અને અમે ન હોઈએ તો ભગવાન થૈ પૂજાય. એટલી તેનામાં શક્તિ અને સામૃથ છે. અને અમે અવતાર લીધો તે ભેગો તેમણે પણ અવતાર લીધો છે.

અને આ વાત સભામાં થાય તેવી નથી, પણ તમે સર્વે અમારા નિશ્ચયવાળા છો તેથી સભામાં વાત કરીએ છીએ કે, **બ્રહ્માનાં પાંચ-સાત વરસ થાય છે ત્યારે સ્વયં ભગવાન અવતાર લે છે, બ્રહ્માનાં પચાસ વર્ષ થયાં ત્યારે અમે સ્વયં અવતાર લીધો. તેને ભેળા અક્ષર ને અક્ષરના મુક્ત અને ભગવાનની શક્તિઓ, માયા ને કાળ અને રાજારૂપે રામ,**

કૃષ્ણાદિક ભગવાન તથા સાધુરૂપે ભગવાનના અવતારો ને રાધા, લક્ષ્મી આદિક પટરાણીઓ અને બ્રહ્મા, વિષ્ણુ આદિક દેવ ને વૈરાટનારાયણ, પ્રધાનપુરુષ આદિ તમામ ઈશ્વરો અમારા ભેગા જન્મ લઈ અમારાં ચરિત્રોને ગાય છે, સાંભળે છે." એમ કહી કોણ કોના અવતાર છે, તે સર્વેનાં નામ કહી દેખાડ્યાં.

પછી એમ બોલ્યા જે, "આ સભામાં જેટલા બેઠા છે, તેટલા સૌ સૌના હૃદયમાં અંતર્દષ્ટિ કરીને સૌ ધારશો તો હું જેમ કહું છું તે જ રીતે સૌ સૌના હૃદયને વિશે પોતાનાં પૂર્વનાં નામ, સ્વરૂપ ઈત્યાદિક જણાય આવશે અને દેખાશે." પછી તેવી જ રીતે તે સર્વે સભાએ કર્યું. પછી મહારાજના કહ્યા પ્રમાણે સર્વને દેખાણું. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૭૪॥

ઉગમણા બારના બે ઓરડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૭૫

મહારાજે ઉગમણા બારના ઓરડા ફરીથી કરાવ્યા.

મહારાજે ઉગમણા બારના બે ઓરડા કરાવ્યા. તે ઓરડા ન ગમ્યા એટલે તે જગ્યાએ ફરીથી બીજા ઓરડા કરાવ્યા. તેનું કારણ એટલું જ કે, ઉત્તમરાજા મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તતા, રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ એમ રહેતા. અને કહે, આ ચણાવો કે આ પડાવો તો તે જ પ્રમાણે તેઓ આજ્ઞા પાળી મરજી સાચવતા. તેમને ભગવાનપણાના નિશ્ચયમાં કાંઈ સંશય હતો નહીં.

એક દિવસ પ્રભાતે મહારાજે એ ઓરડા જોયા ને કહે જે, "સારા ન બન્યા એટલે પાડી નાખો." એટલે ઉત્તમરાજા કહે જે, "પાડો."

પછી પાડી નાખ્યા. પછી મહારાજ કહે જે, "સંશય કર્યો નહિ ?" ત્યારે ઉત્તમરાજા કહે જે, "મહારાજ ! તમે તો સાક્ષાત્ પૂરણબ્રહ્મ પરમાત્મા નારાયણ છો. તે તમારી આજ્ઞાને વિશે મારાથી સંશય થાય જ નહિ." પછી જીવો ખાચર ઊભા હતા તેને મહારાજ કહે જે, "દાદા ખાચરને આવો સ્વભાવ છે એટલે જ તેને ત્યાં અમો નિવાસ કરીને અખંડ રહ્યા છીએ." પછી બે ઓરડા ફરીથી કરવા આજ્ઞા આપી. એ પ્રમાણે તે જગ્યાએ મહારાજે ચરિત્ર કર્યું છે. ॥૭૫॥

ઉગમણા બારના બે ઓરડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૭૬

ઓરડાના વાસ્તુકાળે લક્ષ્મીનારાયણ દર્શને આવ્યા.

ઉગમણા બારના નવા બનાવેલા બે ઓરડા જ્યારે પૂરા થયા ત્યારે મહારાજ તે જોઈ ઘણા ખુશી થયા. અને એ બે ઓરડામાં દક્ષિણાદી તરફનો ઓરડો જીવુબાઈને આપ્યો. અને જીવુબાઈએ તે ઓરડામાં વાસ્તુ કરાવી બ્રાહ્મણોને જમાડ્યા. પછી બીજે દિવસે મહારાજને તથા પરમહંસોને એ ઓરડામાં પધરાવવા ઠેરાવ્યા. ને તે દિવસ ભારે સામગ્રી સહિત રસોઈ કરાવી.

અને પછી મહારાજને એ ઓરડાનાં પગથિયાં ઉપર બેસારી નવરાવ્યા. સુંદર પીળું પીતાંબર પહેરાવ્યું, ને એક ભારે મૂલ્યવાળું પીતાંબર ઓઢાડ્યું, ને ચણોઠીની ટોપી મસ્તક ઉપર ધરાવી, ને કંઠને વિશે મોગરાના પુષ્પના હાર પહેરાવ્યા. એવી રીતે ઉત્તમરાજા પાસે પૂજા કરાવી. અને પછી એ ઓરડા મધ્યે ઉગમણે મુખારવિંદે પાટ ઉપર રેશમનો ચાકળો નંખાવી મહારાજ વિરાજમાન થયા. અને ટોપી

હેઠી મૂકી, આચમન કર્યું ને પછી જમવા બેઠા. તે કેટલીક તરેહનાં પકવાન ને બિરંજ વિગેરે તથા કેટલીક તરેહનાં શાક વિગેરે જમ્યા. ને તે જીવુબાઈને થાળ આપ્યો. ને પછી મુખવાસ લઈ પરમહંસ તથા બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, ધરમકુળ અને હરિજન વિગેરેને પોતાને હાથે જમાડ્યા. ને ડોશીઓને પોતાની પ્રસાદી વિગેરે સામાન અપાવ્યો. તેથી તે સહુ પણ જમ્યા.

ત્યારપછી મહારાજ એ ઓરડામાં ગાદી-તકિયા ઉપર બિરાજમાન થયા ને સર્વે પરમહંસો વિગેરેને સ્વામિનારાયણ ધૂન બોલવાની આજ્ઞા કરી. પછી બારીમાંથી જીવુબાઈ, લાડુબાઈ, રાજબાઈએ મહારાજનાં દર્શન કર્યાં. તે સમયે એ ઓરડો રમાવૈકુંઠ સમાન દેખાતો હતો. ને લક્ષ્મી તથા ભગવાન તથા નંદ-સુનંદાદિક પાર્ષદો સહિત દેખાણાં અને તે મહારાજના ચરણારવિંદને વિશે લીન થઈ ગયાં. તે ચરિત્ર જીવુબાઈ વિગેરેએ પ્રત્યક્ષ જોયું. અને ઘડી પછી લક્ષ્મી અને નારાયણ પાછા પ્રગટ થાતાં દેખાણાં. અને પછી બોલ્યા જે, "અમારા સારુ આવું રમાવૈકુંઠ સમાન સત્સંગ મધ્યે ધામ કૃપા કરી કરાવો. અને તમો સહિત અમે ત્યાં નિવાસ કરી અખંડ રહેશું." એવી મહારાજની સ્તુતિ કરી.

❊ મહારાજે વડતાલમાં ધામ બાંધવાનું નક્કી કર્યું :

અને પછી મહારાજે તે જ વખત વડતાલે મંદિર કરવાનો વિચાર ધાર્યો. તે મંદિર કરાવવા બ્રહ્માનંદસ્વામીને આજ્ઞા આપી. ને તે જ દિવસ મહારાજ સાંજ સમે સભા કરી વિરાજમાન થયા હતા. અને તે વાત કરી જે, "ગુજર ખંડમાં એક રમણીક ધામ કરવું." એમ ઠરાવ કરી વડતાલમાં ધામ કરવાનું નિરધાર્યું. અને પછી બ્રહ્માનંદસ્વામીને પણ ત્યાં જવા આજ્ઞા કરી. એવું અદ્‌ભુત મહારાજે ચરિત્ર કર્યુ છે. ॥૭૬॥

એ ઓરડાની પડખે ઉતરાદી કોરનો ઓરડો સુરબાઈને આપ્યો. તે ઓરડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૭૭

સુરબાના ઓરડામાં પધરામણી તથા ભોજન-પૂજન

ઉગમણા બારના જીવુબાઈના ઓરડાની પડખેનો ઓતરાદો ઓરડો ઉત્તમરાજાના માતુશ્રી સુરબાઈને આપ્યો. ને તે વખત સુરબાઈએ ઉત્તમરાજાને બોલાવી કહ્યું જે, "આ ઓરડામાં મહારાજને પધરાવવા છે ને પરમહંસો તથા મહારાજને જમાડવા છે. માટે સામગ્રી તૈયાર કરો." પછી તે દિવસ હુતાશણીનો બીજો દિવસ હતો. તે દિવસે ફૂલનો હિંડોળો એ ઓરડામાં બાંધ્યો. અને પછી મહારાજને હિંડોળા ઉપર પધરાવ્યા અને સાધુ ઉત્સવ કરવા લાગ્યા. પછી ઉત્તમરાજાએ મહારાજની સોળ ઉપચારે કરીને પૂજા કરીને આરતી ઉતારી. અને એક માંકડી(ભૂખરા વર્ણની) માણકી ઘોડી મહારાજને અર્પણ કરી. તે વખત ત્રણ મોટી ડોશીઓ તથા સુરબાઈ એ મહારાજનાં દર્શન કરવા આવ્યાં ને તેણે દર્શન કર્યાં.

❋ નરનારાયણનાં દર્શન તથા અમદાવાદ, ભુજ મંદિરની કાર્યવાહી :


તે વખતે તેમને તે ઓરડો બદરિકાશ્રમરૂપે દેખાણો. ને તેના મધ્યને વિશે હિંડોળો સિંહાસનરૂપે ભાસ્યો. અને ત્યાં મહારાજની મૂર્તિ મહાતેજસ્વી દેખી. ને તે વખતે સિંહાસન આગળ નરનારાયણ તથા નારદજી, ઉદ્ધવ વગેરેને દેખ્યા. અને નરનારાયણે સોળ ઉપચારે કરીને મહારાજની પૂજા કરી. પછી સ્તુતિ કરીને કહે જે, "આ સત્સંગને વિશે અમારે રહેવાનો ઘણો પ્યાર છે. માટે તમો સહિત અમે રહીએ તેવું ધામ કરાવો તો સારું." એમ કહી મહારાજના ચરણારવિંદનું ધ્યાન કરી મહારાજમાં પ્રવેશ કરી ગયા.

તે આશ્ચર્ય જોઈ સુરબાઈએ રાજબાઈને વાત કહી. તે વખતે જીવા ખાચરની દીકરી અમરબાઈ ત્યાં હતાં, તે હસ્યાં. તે જોઈ સુરબાઈ કહે જે, “આ વાત અસત્ હોય તો મારે માથે બ્રહ્માંડ મારવાનું પાપ છે.”

ત્યારે અમરબાઈ કહે જે, “હે દાદી ! એ પ્રમાણે મને પણ દેખાવું જોઈએ !” તે કહેતાં જ ત્રણ હાથ ઊંચા પૃથ્વી પરથી પડ્યાં. ને કહે જે, “જે પ્રમાણે સુરબાઈએ કહ્યું હતું, તે પ્રમાણે મેં પણ દેખ્યું.” તે સમયે પાંસઠ જણને સમાધિઓ થઈ. અને કેટલાકને વગર સમાધિએ પણ તે જ પ્રમાણે દેખાણું. પછી અમરીબાઈ સમાધિમાંથી ઊઠ્યાં ત્યારે સર્વ વાત કહી દેખાડી. તે જોઈ-સાંભળી ઘણા માણસો આશ્ચર્ય પામ્યા.

પછી મહારાજ એ ઓરડામાં રંગે રમ્યા. એક તરફે મહારાજ અને પાર્ષદો થયા ને બીજે તરફે પરમહંસ થયા. પછી પરમહંસ જીત્યા. તેથી પરમહંસને મહારાજે હૃદયમાં ચરણારવિંદ આપ્યાં ને ફગવા આપ્યા. અને પછી મહારાજ નદીએ નાહ્વા પધાર્યા. નાહીને પાછા દરબારમાં પધાર્યા અને એ ઓરડામાં બેસીને મહારાજ જમ્યા ને પરમહંસોને જમાડ્યા. ને પરમહંસોની ઉત્તમરાજાએ પૂજા કરી ચાદર ઓઢાડી.

તે જ સાંજે મહારાજે મોટી સભા એ ઓરડામાં કરી. તે જગ્યાએ કારીગર ઘણી મૂર્તિઓ લઈ આવ્યા. જેમાં નરનારાયણ, રણછોડજી, સિદ્ધેશ્વર, લક્ષ્મીનારાયણ, દશાવતાર, સૂરજનારાયણ, શિવજી વિગેરેની પ્રતિમાઓ હતી, તે મહારાજે લીધી. અને પછી કારીગરને પહેરામણી કરી. ને તે વખતે આનંદસ્વામીને મહારાજે અમદાવાદ મંદિર કરવાની રજા આપી તેમને અમદાવાદ મોકલ્યા. અને ભૂજ મંદિર કરવાની શિષ્યમંડળે સહિત આજ્ઞા ગોવિંદસ્વામીને આપી તેમને ભૂજ મોકલ્યા. એ પ્રમાણે એક આ અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.


हवेआलखावनारएमकेछेकेआवातमेंमु
क्तहरिभक्तपासेथिसांभलिछे तेमांकाइंसंदेहहोयतोमनेब्रह्मांड
मार्यानुंपाप एवांमहाराजनांचरित्रमेंघणांकसांभल्यांछे तेमनेया
दआवेछेतेप्रमाणेहुंलखुंछुं

હવે આ લખાવનાર એમ કહે છે કે, "આ વાત મેં (એક) મુક્ત હરિભક્ત પાસેથી સાંભળી છે, તેમાં કાંઈ સંદેહ હોય તો મને બ્રહ્માંડ માર્યાનું પાપ. એવાં મહારાજનાં ચરિત્ર મેં ઘણાંક સાંભળ્યાં છે (ને દેખ્યાં છે), તે મને યાદ આવે છે તે પ્રમાણે હું લખું છું." ॥૭૭॥

ઉગમણા બારના એ બંને ઓરડા વિશે મહારાજ રહેતા ને ત્યાં કેટલાક ચરિત્ર કરેલાં છે, તે માંહિલું

ચરિત્ર નં.૭૮

ઉગમણા બારના ઓરડાની વિવિધ લીલાઓ

ઉગમણા બારના એ બંને ઓરડામાં મહારાજ હજારો વખત બિરાજમાન થયેલ છે ને સૂતેલ છે ને બેઠેલ છે ને જમેલ છે અને દંડ પીલેલ છે અને સાધુઓને યોગકળા શીખવેલ છે ને અષ્ટાંગ યોગ શીખવેલ છે. કેટલાંક પ્રકરણો ચલાવેલ છે અને બહુ પ્રકારે રમૂજો કરેલ છે અને ત્યાં મહારાજ ઘણાં વરસ દરરોજ સાંજ વખતે બેઠેલા છે. અને સાધુઓને મળીને ચરણારવિંદ આપેલ છે ને કેટલાક મંત્રવિચાર(ગુપ્તમંત્રણા) કરેલા છે. ને એ વિગેરે અનેક ચરિત્રો કરેલાં છે. **તે જો આ જગ્યાએ લખીએ તો મોટું પુસ્તક થાય તેથી સંક્ષેપે લખું છું.** ॥૭૮॥

ઉગમણા બારના એ બે ઓરડાની ઓસરીનાં સાત ખંડ છે. તેનાં ઘણાં ચરિત્ર છે, પણ ખંડેખંડનું કરેલું એક એક ચરિત્ર નીચે લખ્યા પ્રમાણે લખ્યું છે.

ચરિત્ર નં.૭૯

અમદાવાદ જતા શ્રીહરિ સાથે નરનારાયણ દેવનાં દર્શન

૧. એક વખત એ ઓરડાની ઓસરીના દક્ષિણાદી કોરના ખંડમાં મહારાજ બિરાજમાન હતા. ને તે સિંહાસન ઉપર બેઠા હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયે અમદાવાદથી આનંદસ્વામીનો પત્ર આવ્યો. તેમાં નરનારાયણની પ્રતિષ્ઠા કરવાનું લખેલું હતું. પછી ઉત્તમરાજાને બોલાવીને તથા સદ્‌ગુરુ સહિત મહારાજે કહ્યું જે, "અમદાવાદ પ્રતિષ્ઠામાં જાવું છે, માટે સહુ તૈયાર થાઓ." પછી મોટી ડોસીઓ સહિત સર્વ તૈયાર થયા અને મહારાજ માણકી ઘોડી ઉપર ચડી ગાજતાં-વાજતાં અમદાવાદ પધારતા હતા. તે વખત મનુષ્યને જોવામાં એમ આવ્યું કે, ચતુર્ભુજ મૂર્તિ નરનારાયણ મહારાજને બેય પડખે શંક, ચક્ર, ગદા, પદ્મ સહિત ચાલ્યા જાય છે. એવું આઈ સુરબાઈ વિગેરે ઘણાક માણસોને નજરે દેખાણું. તેથી આવો મહારાજનો મહિમા છે, તેમ જાણી ખૂબ આનંદ થયો; એવું ચરિત્ર તે જગ્યાએ કર્યું.

❋ ભૂજ પ્રતિષ્ઠામાં જતી વેળાએ વિરાટરૂપે દર્શન :

૨. એ ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં બારણાવાળા ખંડથી ઓતરાદા ખંડમાં એક વખત મહારાજ બિરાજમાન થયા હતા. અને ખુરશી ઉપર બેઠા હતા. ને પીળો પોશાક પહેર્યો હતો ને પીળું મોળિયું

મસ્તકે બાંધ્યું હતું ને પીળા ગલગોટાના પુષ્પના હાર ને તોરા ઝૂકી રહ્યા હતા. તે સમયને વિશે ભુજથી ગોવિંદસ્વામીનો પત્ર આવ્યો. તેમાં મંદિર તૈયાર થયું છે, માટે મૂર્તિયું પધરાવવા પધારવું, તેવું જણાવ્યું હતું. તે વાંચી સદ્‌ગુરુઓને બોલાવી મંત્રવિચાર(ચર્ચા-વિચારણા) કર્યો.

તે વખત મૂંજિયા ને ગાંડિયા બળદની ગાડી જોડાવી ગોપાળસ્વામીને લઈ મહારાજ ભૂજ પધારી રહ્યા હતા. પછી જે વખત ગાડી ચાલી તે વખત ગોપાળસ્વામી શ્લોક બોલ્યા જે, **'नमोऽस्त्वनन्ताय सहस्रमूर्त्तये...'** એ શ્લોક બોલતાં જ હજાર હાથ, હજાર પગ, હજાર મસ્તક એમ વૈરાટરૂપ મહારાજ જણાણા. તે વખત એ ફળીમાં એક નાથો નામનો મૂંગો માણસ હતો, તેને મહારાજે ત્યાં બોલતો કરેલો; તે એમ બોલ્યો જે, **"હે ભાઈ ! જુઓ આ હજાર માથાવાળો ભગવાન ગાડીમાં બેસીને જાય છે."** અને તે બીજા માણસોના જોવામાં પણ આવ્યું. પછી થોડીવારે મહારાજે તે રૂપ અદૃશ્ય કર્યું. આ રીતે મહારાજે દરબારગઢના તે ઓરડાની ઓસરીમાં અનેક સુંદર લીલાઓ કરેલી છે. એવી રીતે તે જગ્યાએ મહા અદ્‌ભુત એવું ચરિત્ર કરેલું છે.

❋ જૂનાગઢ તથા ધોલેરામાં મંદિર માટેની વ્યવસ્થા :

૩. એ ખંડથી ઓસરીના ઓતરાદા ખંડમાં મહારાજે કરેલું ચરિત્ર. એક વખત ઉનાળાની ઋતુ હતી. તે એ ખંડમાં વાળાની ત્રાટી બાંધી હતી ને પાણી છાંટ્યું હતું. તે વખત જૂનાગઢના જીણોભાઈ ને ધોલેરાના પૂંજોજી મહારાજના દર્શને આવ્યા. એ બંને જણા હાથ જોડી એમ બોલ્યા જે, "ધોલેરા તથા જીરણગઢમાં મંદિર કરાવવું છે." તે વખત પૂંજાજીને મહારાજ મદનમોહનરૂપે દેખાણા ને જીણાભાઈને રાધારમણરૂપે દેખાણા. ને પછી એકલી મહારાજની મૂર્તિ દેખાણી. એવું મહારાજનું અદ્‌ભુત ચરિત્ર જોઈ તે બંને વિસ્મય પામ્યા.

તે વખત મોટી ત્રણ ડોશીઓ દર્શન કરવા આવ્યાં હતાં. પછી મહારાજે ત્રણ ડોશીઓને કહ્યું જે, "જીણોભાઈ જૂનાગઢમાં તથા પૂંજોજી ધોલેરામાં મંદિર કરાવવા આવેલા છે. તે ધોલેરે અદ્‌ભુતાનંદસ્વામી જશે અને નિષ્કુળાનંદસ્વામી એમને મદદ કરશે, અને જૂનેગઢ ગુણાતીતાનંદસ્વામી જશે ને બ્રહ્માનંદસ્વામી તેમને મદદ કરશે." તે સાંભળી ત્રણેય ડોશીઓ દિલગીર થયાં અને બોલ્યાં કે, "હે મહારાજ ! અમારી શી અભાગ્ય ? જે અહીંયાં મંદિર નહિ !" તે સાંભળી મહારાજ કાંઈ બોલ્યા નહિ.

પછી મહારાજ તે જગ્યાએ જમવા માટે ઉગમણે મુખારવિંદે રેશમના ચાકળા ઉપર બિરાજમાન થયા. પછી પૂરી અને કેરીના મરવા નાખેલી તાંદળજાની ભાજી જમ્યા. અને તે પ્રસાદી પૂંજાજી તથા જીણાભાઈને આપી. પછી મહારાજ પોઢી ગયા. એવી રીતે તે ઠેકાણે અદ્‌ભુત ચરિત્ર કરેલું છે.

❊ ભુજથી પત્ર અને ગઢપુરમાં મંદિરનું ખાતમુહૂર્ત :

૪. એક વખત એ ઓસરીના એ ખંડથી ઓતરાદા ખંડમાં મહારાજ બિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને ગુલાબના પુષ્પના હાર કંઠને વિષે બિરાજમાન હતા. અને સંધ્યા કાળનો વખત હતો. તે સમયે દાદા ખાચર શ્રીહરિને કહે, "મહારાજ ! અહીં મંદિર ક્યારે કરશો ? અમે સર્વે મંદિર થવાની રાહ જોઈ રહ્યા છીએ." એમ જ્યાં વાત કરે છે, ત્યાં જ ભુજથી ગંગારામ મલ્લ આવ્યા. તે મહારાજને સાષ્ટાંગ દંડવત કરી પગે લાગ્યા અને ગોવિંદાનંદસ્વામીનો કાગળ આપ્યો.

તે કાગળમાં એમ લખ્યું હતું જે, 'ભુજમાં નારાયણની જોડે નરની મૂર્તિ પધરાવી છે, તે ખંડિત થઈ ગઈ છે; માટે બીજી મૂર્તિ

મોકલી આપવી.' તે સાંભળી શ્રીજીમહારાજે સદ્‌ગુરુને બોલાવ્યા અને તે સંબંધી સર્વે વાત કહી. તે વખતે શુકસ્વામી બોલ્યા જે, **"આ વાસુદેવનારાયણની મૂર્તિ છે, તે બરાબર આવડી (નરની મૂર્તિ જેવડી) જ છે, તે લઈ જાય. કેમ જે, શાસ્ત્રમાં સ્ત્રીઓને મૂર્તિ પૂજવાની ના કહી છે. માટે જીવુબાને પૂજવા લાલજી આપો અને આ વાસુદેવનારાયણની મૂર્તિ ભુજ લઈ જાય."**

શુકસ્વામીની તે વાત મહારાજે કબૂલ કરી. પછી ભણનારા સંતોને બોલાવ્યા. તેમાં મુખ્ય નાના આત્માનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, યોગાનંદસ્વામી, સેવાનંદસ્વામી એ આદિક ચાલીશ સંતો આવ્યા. પછી મહારાજે તે સાધુઓને આજ્ઞા કરી કે, "આ વાસુદેવનારાયણની મૂર્તિને ભુજ પહોંચાડો."

એમ નક્કી કરી સાધુઓને ભાતું વગેરે અપાવ્યું અને ચાલીશે સાધુને હૃદયને વિષે ચરણારવિંદ આપ્યાં અને ભેટ્યા. પછી મહારાજે વાસુદેવનારાયણના ઓરડામાં જઈ મૂર્તિને ગોખમાંથી ઉતારી પાલખીમાં મુકાવી. પછી મહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા. આ સર્વે વૃત્તાંત સાંભળી જીવુબા ઘણા ઉદાસ થઈ ગયાં.

બીજે દિવસે પ્રભાત વખતે મહારાજ તે ઓરડાના બારણાથી ઉતરાદા ખંડમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ને સાધુઓ વાસુદેવ નારાયણની ડોળી ઉપાડી મહારાજ પાસે લાવ્યા. પછી મહારાજે આજ્ઞા કરી એટલે સાધુઓ ડોળી ઉપાડીને ચાલ્યા. તે પાણીવાળી ઓકળીએ આવ્યા. ત્યાં નાગમાલાનો કૂવો છે, ને તે ખેતર અમરા ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ કરેલ છે. તે કૂવાના ઉગમણા ગાળ ઉપર ડોળી ઉતારી. પછી સાધુઓ નાહી, પૂજા કરી, ડોળી ઉપાડવા મંડ્યા; પણ ડોળી ઊપડી જ નહીં.

પછી યોગાનંદસ્વામી તથા ભગવદાનંદસ્વામીએ પાછા આવી મહારાજને વાત કરી. તે વખતે મહારાજ દાતણ કરતા હતા. તે દાતણ કરી કોગળા કર્યા. તે સમયે દાદા ખાચર મહારાજ પાસે આવી ઘણા દિલગીર થયા ને આંખમાં આંસુની ધારા થઈ. તે જોઈને મહારાજ ઘણા અકળાઈ ગયા. અને તે વખતે રાજબાઈ તથા લાડુબાઈ પણ એ ઓસરીમાં છેટે બેસી ઘણા દિલગીર થઈ ગયાં.

પછી મહારાજે દાદા ખાચરની આંખમાંથી આંસુ લૂછ્યાં ને શું દુઃખ છે ? તે બોલાવવા લાગ્યા; પણ હૈયું ભરાઈ ગયું હતું, તેથી બોલી શક્યા નહીં. તે વખતે લાડુબા બોલ્યાં જે, “દાદા ! તું રોઈ રોઈને મરી જઈશ તોપણ મહારાજને દયા આવશે નહિ.” વળી, તે વખતે રાજબા પણ એમ જ બોલ્યાં. પછી કહે જે, “હે મહારાજ ! જીવુબાને મૂર્છા આવી ગઈ છે ને દેહની સૂધબૂધ રહી નથી. કેમ જે, તેમને આધારરૂપ એક વાસુદેવનારાયણની મૂર્તિ હતી, તે આપ લઈ ગયા.” પછી દાદા ખાચર પણ એમ બોલ્યા ને કહે જે, “બધે ઠેકાણે મંદિર અને અમારે ઘેર મંદિર નહિ; તે અમારા એવાં શાં દુર્ભાગ્ય છે ?”

તે સાંભળી મહારાજને ઘણી દયા આવી. પછી દાદા ખાચરનું મોઢું ધોયું અને હૃદય સાથે દાબ્યા ને ઢોલિયા ઉપર ખેંચી લીધા. પછી મહારાજ બોલ્યા જે, “આમાં અમારો વાંક નથી, પણ આ શુકસ્વામીનો વાંક છે. કેમ જે, શુકસ્વામીએ કહ્યું જે, ‘સ્ત્રીઓએ મૂર્તિ પૂજાય નહિ.’ તેથી અમે તે મૂર્તિ મોકલી આપી, પણ જીવુબાને એવી ભક્તિ છે, તેથી તેઓ વૃત્તિ દ્વારા મૂર્તિને ખેંચે છે. માટે હવે એ મૂર્તિ સાધુથી ઊપડતી નથી. આમ, જીવુબાની વૃત્તિનું ઘણું જોર છે, તેથી એ મૂર્તિ તો આ પૃથ્વી રહેશે ત્યાં સુધી અહીં જ રહેશે.” એમ કહી મૂર્તિ પાછી લાવવાની ભગવદાનંદસ્વામીને તથા યોગાનંદસ્વામીને આજ્ઞા કરી. અને

દાદા ખાચરને કોલ આપ્યો કે, "અમે આજ ને આજ અહીંયાં મંદિરનો પાયો નાખશું." એમ કહી પાયો નાખવાનું મુહૂર્ત જોવા બ્રાહ્મણને બોલાવવાનું કહ્યું.

તે વખતે બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, "હે મહારાજ ! મુહૂર્ત જોવામાં તો આ યોગી ગોપાળાનંદસ્વામી ઘણા કુશળ છે." પછી મહારાજે સ્વામીને પૂછ્યું. ત્યારે સ્વામી બોલ્યા જે, "આજ બાર બજે ઘણું સારું મુહૂર્ત છે." પછી મહારાજે કહ્યું જે, "ક્યાં મંદિર કરશું ?" ત્યારે જેને જેમ ભાસ્યું તેમ તેમણે નોખા નોખા મત કહ્યા. છેલ્લે શ્રીહરિએ દાદા ખાચરને પૂછ્યું. ત્યારે દાદા ખાચર કહે જે, "દક્ષિણાદા બારના ઓરડા છે તે પાડો, ને ત્યાં મંદિર કરો તો સારું."

તે વાત સાંભળી મહારાજ કહે, "અમે પણ તેમ જ ધારેલું છે, પણ શિખરની છાયા ઘર ઉપર પડે તે શાસ્ત્રમાં ગૃહસ્થને નડતરરૂપ કહી છે." ત્યારે દાદા ખાચર બોલ્યા જે, **"હે મહારાજ ! કોઈ જીવ, દેવ, ઈશ્વર કે બ્રહ્મવેત્તા આ મંદિર કરાવે તો તેમ સંશય કરવો, પણ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન પોતે જ મંદિર કરાવે તો તેમાં કાંઈ સંશય નથી. તેથી તો સહુ ગૃહસ્થને પણ આનંદ થાય."** તે સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા. તેટલામાં સાધુ વાસુદેવનારાયણની મૂર્તિ લઈને પાછા આવ્યા. તે મૂર્તિ ફરીને વાસુદેવનારાયણના ઓરડામાં પધરાવી.

પછી જીવુબા પાસે જઈને મહારાજે સાદ કર્યો. એટલે તરત તેમની મૂર્છા ઊતરી ગઈ ને તેઓ મહારાજને પગે લાગ્યાં. ત્યારે મહારાજે તેમને કહ્યું જે, "તમારા સંકલ્પ પ્રમાણે અમે સર્વે કર્યું છે, માટે વૃત્તિ પાછી વાળો અને શાંત થાઓ." પછી જીવુબા કહે જે, "મહારાજ ! બહુ સારું. જેમ આપની કૃપા હશે તેમ થાશે."



પછી મહારાજ જે જગ્યાએ બેઠા હતા ત્યાં પાછા આવ્યા. ને સાડા સાતસો પરમહંસોને બોલાવ્યા અને આજ્ઞા કરી તેથી તેમણે તત્કાળ દક્ષિણાદા બારના ઓરડા પાડી નાખ્યા ને ઉગમણી કોર જ્યાં ખાતમુહૂર્ત કરવું હતું, તે જગ્યાએ પાયો ગાળી તૈયાર કર્યું. પછી મહારાજે પોતે (સં.૧૮૮૩, જેઠ સુદિ એકાદશી ને સોમવારે) બપોરે બાર બજે મંદિરનું ખાતમુહૂર્ત કરી પાયો નંખાવ્યો. પછી એમ બોલ્યા જે, "આ મંદિરના પાયાની ખીલ્લી શેષનાગના માથા પર ખોડી છે. અને આ જગ્યા મહા પવિત્ર છે. માટે અહીં મોટું મંદિર થાશે." એમ કહી સહુને ગોળ-ધાણાનો પ્રસાદ અપાવ્યો. બ્રાહ્મણોને દાન દક્ષિણા આપી રાજી કર્યા.

❋ સવળું લેવાથી સ્વામી ઉપર રાજીપો થયો :

પછી મહારાજે ત્યાંથી રસોડાની મેડીના ઓટા ઉપર આવી સ્નાન કર્યું અને જમવા બેઠા. તે સમયે સર્વે સદ્‌ગુરુઓ તથા શુકસ્વામી પાસે હતા. તેથી મહારાજ દાદા ખાચરને કહે જે, "આ તમારા શુકસ્વામી, તે

તમારી પુષ્ટિ કરવાવાળા છે. શુકમુનિને કારણે આજ ને આજ મંદિરના પાયા નાખવા પડ્યા છે.”

ત્યારે શુકસ્વામી કહે જે, **“હે મહારાજ ! મને અમથેઅમથો શા માટે બદનામ કરો છો ? હું તો તમારી મરજી પ્રમાણે બોલ્યો હતો; છતાં મારાથી આવા ભગવદીયનો અપરાધ થયો છે, માટે હું તો આજ ઉપવાસ કરીશ.”** પછી ઉત્તમરાજા બોલ્યા જે, “હે મહારાજ ! શુકસ્વામીના પ્રતાપે જ આજ અમારે ઘરે મંદિર થયું. માટે સ્વામીને ઉપવાસ કરવો જોઈએ નહિ. શુકસ્વામીની કોરનો અમારે કોઈને કોઈ વાતે અવગુણ જ નથી.” તેટલામાં લાડુબાઈ કહે જે, “મહારાજ ! શુકસ્વામીએ તો અમારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. માટે થાળની પ્રસાદી આપી આજ શુકસ્વામીને જમાડો.” પછી શુકસ્વામી તથા સર્વ સદ્‌ગુરુને થાળની પ્રસાદી આપીને જમાડ્યા ને ઉત્તમરાજા પણ જમ્યા.

પછી લાડુબાઈએ એક મહારાજને પહેરવાનો સુરવાળ, ઉપર કાળા છેડાની પછેડી તથા અંગરખું, પાઘને પાસે રાખવાનો દુપટ્ટો, તથા કેડે બાંધવાનો દુપટ્ટો અને રૂમાલ એટલાં લૂગડાં મહારાજની પ્રસાદીનાં શુકસ્વામીને આપ્યાં.

અને એક ધોતિયું, એક રૂમાલ ને એક ચાદર ઉત્તમરાજા પાસે શુકસ્વામીને પહેરાવ્યાં. પછી મહારાજ બોલ્યા જે, **“આ ઉત્તમરાજા ને તેમની ત્રણ બહેનો ઘણા પવિત્ર જીવ છે. અને તેમનો કોઈ અવગુણ લે છતાં પણ તેનો અવગુણ તેમના મનમાં રંચમાત્ર નથી. આવી તેમની સમજણ જોઈ ત્યારે અમે તેને ઘેર સમજીને નિવાસ કરીને રહ્યા છીએ. નહિતો ગોદોહનમાત્ર પણ ક્યાંય રહી શકીએ નહિ.”**

પછી લાડુબાઈ કહે, “મહારાજ ! આજ મંદિરનો પાયો નાખ્યો. તે માટે સર્વે પરમહંસ તથા પાળાને વાસ્તે રસોઈ તૈયાર છે. ને ધરમકુળ,

બ્રહ્મચારી ને સંન્યાસીને વાસ્તે પણ જુદી રસોઈ તૈયાર છે. માટે આજ તમે પંડે પીરસી તમામને જમાડો." પછી મહારાજ પંડે પંગતમાં ફરી પીરસીને સહુને કંસાર જમાડ્યો. અને પછી મંદિરનું કામ તડામાર ચલાવવાની સર્વેને આજ્ઞા કરી. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૭૯॥

ઉગમણા બારના એ બે ઓરડાની ઓસરીની ફળીમાં સાધુને જમાડતી વખતે શેષશાઈ ભગવાન દર્શન કરવા આવ્યા ને ત્યાં કરેલું અદ્‌ભુત

ચરિત્ર નં.૮૦

મહારાજે પ્રકરણ ફેરવી પરમહંસોને પાત્રમાં જમાડ્યા.

સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી કહે જે, "હે શ્રોતા સેવક(અમરા ખાચર!) સાંભળ. એક પ્રથમની અલૌકિક વાર્તા કહું છું. એ બે ઓરડા કરાવ્યા અગાઉ ત્યાં બે જૂના ઓરડા હતા, તેની ઓસરીઓ નીચી હતી. અને સ્વામિનારાયણ મહારાજ તમારા દરબારમાં બિરાજમાન હતા. તે વખત ચોમાસાની ઋતુ હતી. પછી મહારાજ ત્રીજા પાછલા પહોરની વખતે એમ બોલ્યા જે, "પરમહંસ ઘણા આવ્યા છે, પણ જમવાનું જમ્યા નથી." તેવા સમામાં જીવુબાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! સંત વાસ્તે રસોઈ કરાવીએ ?" પછી મહારાજ બોલ્યા જે, "કાઠિયાવાડી રસોઈ કરાવો." પછી બાજરાના રોટલા કરાવ્યા અને કોચલા(ચીભડાના કટકાની સૂકવણી)નું શાક કરાવ્યું, રીંગણાની સૂકવણીનું શાક અને ગોળ મંગાવ્યો અને ઘી મંગાવ્યું.

પછી એ ઓરડાના ફળીમાં ચાર લાકડાં ખોડાવી તે ઉપર ઢોલિયો મૂક્યો. ને તેની ઉપર મહારાજ બિરાજમાન થયા. તે વખત તમામ વસ્ત્ર કસુંબલ પહેરેલાં હતાં. ને સોનાની ઊતરી ડોકમાં નાખેલી હતી

અને રાતી ગુલદાવદીના હાર તથા તોરા તથા ગુચ્છ, ગજરા પહેરેલા હતા. અને આગળ બે મશાલો બળતી હતી. સંધ્યા આરતી થયા પછી ધૂન બોલી રહ્યા, પછી ઉત્તમરાજાને આજ્ઞા કરી પાળાઓ પાસે ચારસે ખાટલા મંગાવ્યા. અને તે ખાટલા ઢળાવ્યા. કેમ જે, ચોમાસાનો દિવસ હતો, તે ફળીમાં બેસાય એવું ન હતું. પછી પરમહંસને મહારાજે આજ્ઞા કરી જે, "આ ખાટલા ઉપર બેસો. તમોને જમાડવા છે."

ત્યારે સંતે હાથ જોડી કહ્યું કે, "હે મહારાજ ! અમારે ખાટલે બેસવાનું પ્રકરણ નથી ને તમારી આજ્ઞા નથી." પછી મહારાજ હસીને બોલ્યા જે, "પ્રકરણની આજ્ઞા કેના મોઢામાં છે ?" ત્યારે પરમહંસ બોલ્યા જે, "ગુરુકૃપાની મરજીમાં." પછી એક-એક ખાટલા ઉપર ચાર-ચાર પરમહંસને બેસવા આજ્ઞા કરી. પછી જેને ઘટતું તેમ એક ખાટલા ઉપર એક, બે, ત્રણ, ચાર એ પ્રમાણે ચારસે ખાટલા ઉપર સાડા સાતસે પરમહંસ બેઠા.

પછી મહારાજે જીવુબાઈ વિગેરેને આજ્ઞા કરી કે, "પરમહંસોને જમવાને વાસ્તે સામાન લાવો." પછી સામાનનો થાળ ભરી લાવ્યા. તે તમામ થાળમાંથી મહારાજ જમ્યા ને પ્રસાદી કરી આપી. અને પછી દૂધ ને દહીં જમ્યા. પછી ચારસે મોટા ત્રાંસ મંગાવ્યા. તેમાં પોતાને હાથે મંચ ઉપર બેઠા બેઠા પીરસ્યું અને પાળાઓને આજ્ઞા કરી કે, "ખાટલા દીઠ એકેકો એકેકો ત્રાંસ મૂકી દિયો." પછી પાળાઓએ ચારસે ત્રાંસ મૂક્યા. એ વખત સાડા સાતસો પરમહંસની સંખ્યા હતી. અને પરમહંસોને કરપાત્ર, ઉદરજોળી ને ગોળા કરી હાથમાં જમવાનું પ્રકરણ ચાલતું હતું. પછી પરમહંસ બધાય મહારાજ સામું જોઈ રહ્યા.

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! અમારે હાથમાં ગોળા કરી જમવાની આજ્ઞા છે. ને ધાતુપાત્રમાં કેમ જમાય ?" પછી મહારાજ બોલ્યા જે, "હવે પરમહંસ દશાને અળસાવવી છે. અને

બીજું પ્રકરણ ચલાવવું છે. માટે અમારી આજ્ઞા છે તે જમો.” પછી સાધુએ નારાયણ-ધૂન્ય કરી. ને પછી મહારાજે ‘જય સચ્ચિદાનંદ’ કહ્યા. પછી પરમહંસો જમવા મંડ્યા.

❋ શેષનારાયણ શ્રીહરિ તથા સંતોના દર્શને આવ્યા :

જે વખત પરમહંસ જમવા બેઠા તે વખત વાદળની એક ઘટા ચડી ને વીજળી પણ થાવા લાગી. અને વરસાદના ફોરા પડવા માંડ્યા. તેમાં એવું અદ્‌ભુત આશ્ચર્ય થયું જે, ચંદન ને પુષ્પની વૃષ્ટિ થઈ અને મંદ, સુગંધ ને શીતળ એવો વાયરો વાવા લાગ્યો. તે સમયમાં એક મોટો સર્પ ને શ્યામ એવી મોટી ફણા ને ધોળી મૂછો ને ફણામાં અમુક વખતે ઘણા મોઢા પણ જણાય ને અમુક વખતે એક મોઢું પણ જણાય, તે સર્પ જોઈ સર્વ પરમહંસ-મંડળમાં ચંચળ(ખળભળાટ) થવા લાગ્યું. પછી મહારાજ તાળી વગાડી બોલ્યા જે, “કોઈ ચંચળ થશો નહિ. સર્વે આત્મારૂપ થાઓ. અને જેમ જમો છો તેમ જ જમો. એ તો શેષશાઈ ભગવાન તમારાં દર્શન કરવા આવ્યા છે, માટે બીશો નહિ.”

પછી સાત આંટા મહારાજ તથા પરમહંસ ફરતા પ્રદક્ષિણા ફરી અને પછી મહારાજ સન્મુખ એક નજર ખોડી જમીનથી એક ગજ ઊંચું મસ્તક રાખી જોઈ રહ્યા. અને તેનું સ્વરૂપ ઘનશ્યામ ને તેજસ્વી હતું અને પેટાળ ચંદ્રમાની કિરણોના જેવું ઝગમગતું અને ફણાને માથે શુક્રના તારાની માફક ઝળઝળાટ થાતો હતો. પછી મહારાજે તે વખતે એક રૂપાની તાંસળીમાં દૂધ ને સાકર મંગાવી પંડે બે ઘૂંટડા લીધા. પછી તેની તે તાંસળી ગુમાનજી પાળા પાસે એ શેષનારાયણ પાસે મુકાવી. તે દૂધ સર્વે પી ગયા. પછી મહારાજે જળ પીને તાંસળીમાં જળ રેડ્યું. તે જળ પણ શેષજી પી ગયા. તે વખત સર્વેએ એ વાત સાંભળી ઘણા માણસ દરબારમાં જોવા ભેગા થયા. પછી એ શેષનારાયણ એ માણસો જુએ તેમ પરમહંસોના ખાટલા હેઠે અલોપ થઈ ગયા.

પછી પરમહંસને જમ્યા ઉપર(જમ્યા પછી) દૂધ, ચોખા ને સાકર પીરસી જમાડ્યા. અને તે ઉપર દહીં ને સાકર જમાડી ચળુ કરાવ્યું. પછી પાળાઓ તથા હરિજનો સર્વેને જમાડ્યા. તે જમી રહ્યા પછી સાધુ આગળ(પાસે) ઊંચે સ્વરે એક કલાક સુધી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એવી ધૂન બોલાવી. પછી 'જય સચ્ચિદાનંદ' કહી મહારાજ ઊઠ્યા. તે વખતની જે શોભા બની તે મુખેથી વર્ણવી જતી નથી. એવું અદ્‌ભુત ચરિત્ર તે જગ્યાએ મહારાજે કર્યું છે. ॥૮૦॥

એ ઓરડાની ઓસરીના જેમ સાત ખંડ છે, તે પ્રમાણે ફળીમાં સાતે ખંડ પધોર ઉનાળાની વખતમાં પાણી છંટાવી મહારાજ બેસતા ને મલ્લ કુસ્તી વિગેરે અનેક ચરિત્ર કરાવેલાં છે. તેમાં સાત ઠેકાણાંનાં સાત ચરિત્ર આ નીચે લખ્યાં છે.

ચરિત્ર નં.૮૧

સંતો સાથે દેવતાઓએ કરેલી કીર્તનભક્તિ

૧. ઉગમણા બારના ઓરડાની દક્ષણાદી કોર પેલા ખંડના ફળીમાં એક વખત મહારાજ સાંજ વખતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને ગુલાબના હાર કંઠને વિશે વિરાજમાન હતા. તે સમામાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, મોટા જોગાનંદસ્વામી વિગેરે વાજિંત્ર વજાડી કીર્તન ગાવતા હતા. તે વખત છ રાગ ને છત્રીશ રાગણીથી ગાવણું કર્યું. ત્યારે આકાશને વિશે મહા મીઠા સ્વરથી ગાવણું થવા લાગ્યું. તે શબ્દ સાંભળી પરમહંસોએ ગાવણું બંધ કર્યું. અને આખી સભા એક ચિત્તથી સાંભળવા લાગી. તેમાં **'વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ'** એ પ્રેમાનંદસ્વામીનાં કરેલાં કીર્તન ગાતા હતા.

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આ શું આશ્ચર્ય જેવું છે ?" પછી મહારાજ બોલ્યા જે, "આ વખતે તમારાં મોટાં ભાગ્ય છે, તેવાં કોઈનાં નથી. કેમ જે, પ્રત્યક્ષ પુરુષોત્તમ અમે તેના ગુણનું તમે વર્ણન કરેલ છે. તે કીર્તનભક્તિ વાજિંત્રમાં દેવતા પણ બજાવે છે. તે છ રાગ ને છત્રીશ રાગણી મૂર્તિમાન આ કીર્તન બોલે છે. તે સભા આખી તમે સાંભળો છો. માટે **આ સમયને વિશે જે પાપી હશે તે પણ આ કીર્તન બોલશે અને તે અંતકાળે સાંભરી આવશે તો તે પણ સર્વ પાપથી છૂટી જશે."** એમ બોલ્યા. પછી આકાશમાં શ્વેત પ્રકાશ થયો અને શબ્દ થયો. તે સાંભળી સર્વે વિસ્મય પામ્યા. એવું એક અદ્ભુત ચરિત્ર મહારાજે કર્યું છે.

❋ ઇન્દ્રાદિક દેવો મહારાજને ભેટવા આવ્યા વગેરે... :

૨. એક વખત એ ઓરડાની દક્ષણાદી કોરના ઓસરીના ખંડના પધોર ફળીમાં મહારાજ વિરાજમાન થયા હતા. અને સંતો સાંજ વખતે મહારાજની ચંદન ને પુષ્પથી પૂજા કરવા આવ્યા. પછી સર્વેએ પૂજા કરી. અને પછી મહારાજ સર્વે સંતોને મળ્યા. ને થોડાક સંતને મળવું બાકી રહ્યું ત્યારે ઇન્દ્રાદિક દેવ સંતનું રૂપ લઈ મહારાજને મળવા પેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આમાં ચોર છે. માટે હવે અમે મળશું નહિ." પછી નિત્યાનંદસ્વામી બોલ્યા, "મહારાજ ચોરને પકડવા જોઈએ." પછી મહારાજ કહે જે, "ઇન્દ્રાદિક દેવ અમને મળવા આવ્યા છે, પણ એ ગૃહસ્થ છે ને અમે સાધુરૂપે આ વખત અવતાર લીધો છે. માટે અમે એને મળશું નહિ."

પછી મહારાજ બોલ્યા કે, "પરંતુ એને ચરણારવિંદ આપશું, જો એનું મૂળ સ્વરૂપ પ્રગટ કરશે તો." પછી ઇન્દ્રાદિક દેવોએ પોતાનાં મૂળ રૂપ પ્રગટ કર્યાં. પછી મહારાજે ખાટલા ઉપર ચરણારવિંદ લાંબાં કર્યાં ને ઇન્દ્રાદિક દેવે હૃદયને વિશે તેને લીધાં. અને મહાસભાને વિશે

સુગંધ ચાલી. ત્યાં તો આકાશમાં એક તેજનો અંબાર સર્વે સભાના જોવામાં આવ્યો. અને તે તેજમાંથી પુષ્પ અને ચંદનનો વરસાદ થયો. એવી રીતે તે જગ્યાએ એક મહાચરિત્ર સહુના જોવામાં આવ્યું, પણ કિંચિત્માત્ર લખ્યું છે.

❋ મહારાજે શિવજી તથા પાર્વતીજીને પ્રસાદ આપ્યો :

૩. ઉગમણા બારના ઓરડાની ઓસરીના દક્ષિણ તરફના એ ખંડના પડખાના બીજા ખંડના ફળીમાં મહારાજ એક વખત સૂતા હતા અને સેવકો પગ દાબતા હતા. પછી મહારાજ બોલ્યા જે, "અમને ભૂખ લાગી છે, તે જમવાનું લાવો." પછી જીવુબાઈ બાજરાનો રોટલો ને ઘઉંનો પાપડ ને ગોરસ લાવ્યાં. પછી મહારાજ ત્યાં બેઠા થઈ જમ્યા અને બાકી વધ્યું તે બા જીવુબાઈને પાછુ આપ્યું. પછી તેઓ થાળી નીચે મૂકી મહારાજ સારુ એલચી લેવા ગયાં તેટલામાં તે થાળીમાં કાંઈ રહ્યું નહીં.

પછી જીવુબાઈ બોલ્યાં જે, "આમાં પ્રસાદી આપી હતી, તે આ થાળીમાં નથી." પછી મહારાજ બોલ્યા જે, "એમાં ચોરી થઈ છે." ત્યારે જીવુબાઈ કહે જે, "તમે અંતર્યામી છો, તે ચોરને છતો(જાહેર) કરો." પછી મહારાજ કહે, "જુઓ." એમ કહી હાથ ઊંચો કર્યો. ત્યાં આકાશ માર્ગે એક પોઠિયો ભાળ્યો. તે ઉપર શંકર ને પાર્વતી દીઠાં. પછી જીવુબાઈ કહે જે, "એ તો શંકર ને પાર્વતી છે."

પછી મહારાજ કહે, "શંકર ને પાર્વતી એક માસ થયા આ ગામની સીમમાં વિચરતાં અને અમે જ્યાં જ્યાં ના'યા અને વિચર્યા છીએ તે જગ્યાએ તે ફરતાં અને રમણરેતી માથે ચડાવતાં. અને અત્યારે અહીંયાં અમારાં દર્શન કરવા આવ્યાં હતાં. અને તેમને અમારી પ્રસાદી લેવાનો સંકલ્પ થયો હતો. પછી તેના સંકલ્પ પ્રમાણે અમે જમ્યા, પણ અમને એમ થયું કે, દહીં ને રોટલામાં શું આપીએ ? પછી અમે તમને પ્રસાદી આપી. તેથી તે ઘણા દિલગીર થયાં એટલે અમે તમને મુખવાસ

લેવા સારુ મોકલ્યાં. એટલામાં અમારી આજ્ઞા લઈ તે બંને પ્રસાદી જમી ગયાં. ને પોઠિયાને પણ પ્રસાદી આપી. પછી તેઓ અદશ્ય થઈ ગયાં. માટે આ તમે નજરે ભાળ્યું, પણ સભામાં વાત કરીએ તો સર્વ માણસને મનાય નહિ. અને તમે તો આ નજરે ભાળ્યું એટલે તમને અમે વાત કરીએ છીએ." એમ કહી મહારાજ પોઢી ગયા. એવી રીતે ત્યાં મહારાજે ચરિત્ર કર્યું છે.

❋ મહારાજના સંકલ્પે નારાયણની મૂર્તિનાં આયુધ સરખાં થયાં :

૪. એક વખત મહારાજ ઉગમણા બારના ઓરડાની વચલા ખંડની ઓસરીના પધોર ફળીમાં સાંજ વખત સભામાં વિરાજમાન થયા હતા. તે વખતે વરતાલથી જુહાજી ભગત કાગળ લઈને આવ્યા કે, "લક્ષ્મીનારાયણ દેવને પધરાવવા છે." પછી તે કાગળ સાંભળી મહારાજે વરતાલ જવા તૈયાર થવાનો મનસૂબો કર્યો. પછી કહે જે, "લક્ષ્મીનારાયણની પ્રતિમા વરતાલ મોકલવી છે માટે લાવો." પછી નિષ્કુળાનંદસ્વામી કહે જે, "જે પ્રતિમા નારાયણની કહો છો તે પ્રતિમા(તીરુપતિ) બાલાજીની છે. કેમ જે, જે ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ હોય તે ભુજાઓમાં શંખ ને ઠેકાણે ચક્ર છે ને ગદાને ઠેકાણે પદ્મ છે. એવી મૂર્તિ તો બાલાજીની હોય છે."

પછી મહારાજ કહે જે, "એ મૂર્તિ તો નારાયણની છે અને શંખ, ચક્ર, ગદા, પદ્મ જેમ જોઈએ તેમ છે." પછી નિષ્કુળાનંદસ્વામી કહે, "મહારાજ ! મેં કાંઈ એકલે જોઈ નથી. એ મૂર્તિ પચાસ માણસની જોયેલી છે." ત્યારે મહારાજ કહે, "તમારું કર્યું થાય છે કે અમારું કર્યું થાય છે ?" ત્યારે નિષ્કુળાનંદસ્વામી કહે, "તમારું કર્યું સર્વે થાય છે, પણ જેમ મેં ભાળ્યું છે, તેમ હું બોલ્યો છું. તે સર્વેને પૂછો."

ત્યારે છેટા બેઠાં હતાં તે લાડુબાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! નિષ્કુળાનંદસ્વામી જેમ કહે છે તે જ પ્રમાણે છે." પછી મૂર્તિઓ મંગાવીને

જોયું. ત્યાં મહારાજે જેમ કહ્યું હતું, તે જ પ્રમાણે શંખ, ચક્ર, ગદા ને પદ્મ ભુજામાં ધારેલાં ભાળ્યાં. તે આશ્ચર્ય જોઈ ઘણાક માણસો વિસ્મિત પામ્યા. અને પછી મહારાજ આગળ મૂર્તિઓને (રવાના) કરી. પછી મૂર્તિઓ વરતાલ લઈ ગયા. અને તે જ વખત મહારાજ માણકી ઘોડી ઉપર ચડી વરતાલ પધાર્યા. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે.

❋ મહારાજે ભમરાઓનો ઉદ્ધાર કર્યો :

૫. એ ઉગમણા બારના ઓરડાની ઓસરીના દક્ષિણ તરફથી વચલા ખંડના પડખાની પધોરના ફળિયામાં એક વખત મહારાજ ઢોલિયા ઉપર સંધ્યા આરતી પછી વિરાજમાન થયા હતા. તે વખત સચ્ચિદાનંદસ્વામીએ પાંચ કેળાં લાવી મૂક્યાં. પછી મહારાજ જમ્યા. ને કોગળા કરીને મુખવાસ લીધો. પછી સચ્ચિદાનંદસ્વામીએ એક ગુલાબનો હાર પેરાવ્યો. તેમાં દસ ભમરા ઊડતા અને મહારાજને ફરતા ગુંજાર કરવા લાગ્યા. તે જોઈને સચ્ચિદાનંદસ્વામી નૃત્ય કરવા લાગ્યા. તે વખત બ્રહ્માનંદસ્વામી પાસે બેઠા હતા. પછી દશે ભમરા પડી ગયા ને ચિતા થઈ મોક્ષ પામી ગયા.

તે જોઈ સચ્ચિદાનંદસ્વામી મોટા સ્વરથી બોલવા લાગ્યા કે, “જુવો મારા પ્રભુનું ચરિત્ર. આ ભમરા આકાશ માર્ગે વિમાનમાં બેસીને ધામમાં જાય છે.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ આકાશ સામું જોયું અને બ્રહ્માનંદસ્વામીને સમાધિનો લક્ષ થયો. તે દશે ભમરા આકાશમાં વિમાનમાં બેસીને ચાલ્યા જાતા હતા; એવું નજરે જોયું. મહારાજનો યોગ થતા નાનાં જંતુઓ પણ તત્કાળ દિવ્યગતિને પામે અને મોક્ષ થાય; એવો આજનો પ્રતાપ છે. એવી રીતે તે જગ્યાએ અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.

❋ વરુણદેવે મહારાજનું સ્નાન-પૂજન કર્યું અને પ્રસાદ જમ્યા :

૬. ઉગમણા બારના ઓરડાની આગળના ચોકમાં એક વખત મહારાજ ઉનાળાની ઋતુમાં પ્રભાતના પહોરમાં ના’વા સારુ બાજોઠ ઉપર

બિરાજમાન થયા હતા. તે વખત ભગુજીએ આવી સમાચાર આપ્યા કે, "એક તેજસ્વી, વૃદ્ધ ને મહા પ્રતાપી એવો બ્રાહ્મણ ઋષિની માફક દરવાજે આવી ઊભો છે. અને તેમના હાથમાં સફેદ અને મહા રમણીક એવા આરસપાણાના બે ઘડા જળના ભરેલા છે ને તે ઉપર ઢાંકણાં ઢાંકેલાં છે, તે મહા રમણીક છે. અને બ્રાહ્મણને માથે ધોળી-સફેદ જટા છે. અને ધોળું રેશમી પીતાંબર પહેર્યું છે. અને કમળની માળા ગળાને વિશે છે ને સુંદર એવું પીળું પીતાંબર ઓઢાડ્યું છે અને છીપ જડેલી ચાખડીએ ચડેલ છે અને મોઢા ઉપર સુંદર એવી કાળી મૂછો છે ને મહાપ્રલંબ(લાંબા) હાથ છે. એક હાથમાં ઉપરાઉપર બે ઘડા છે અને એક હાથમાં સુંદર એવું પાત્ર ઢાંકેલુ છે. ને તે એમ કહે છે કે, "મારે સ્વામિનારાયણને મળવું છે, ને પૂજા કરવી છે, તેટલા માટે હું આવ્યો છું." એમ કહ્યું. તે સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થઈને કહે જે, "એને બેલાવો."

ને તે વખત ગુમાનજી કરીને પાળા હતા, તેને મહારાજ કહે જે, "તમે સર્વે પાળાને અને હરિભક્તને બોલાવો." પછી સર્વે આવ્યા. અને તે વૃદ્ધ બ્રાહ્મણ મહારાજ પાસે આવી એ બે પાણીનાં પાત્ર અને એક સામગ્રીનું પાત્ર તે પાટ ઉપર મૂક્યું ને મહારાજને પાંચ પ્રદક્ષિણાઓ કરી પાંચ સાષ્ટાંગ દંડવત કર્યા. અને મહા મીઠા સ્વરથી સામવેદનું ગાન કર્યું. અને હાથ જોડીને બોલ્યા જે, "હે અનંત બ્રહ્માંડના પતિ પરમેશ્વર, સર્વના કર્તા સ્વામિનારાયણ ! હું તમારે શરણે આવ્યો છું. માટે મારી પૂજા અંગીકાર કરો." મહારાજ કહે, "સારું."

પછી મહારાજને તે પાત્રને જળે કરીને સ્નાન કરાવ્યું, પણ તેમાંથી બેસુમાર(અપાર) પાણી નીકળ્યું. પછી બધું શરીર ચોળી મહારાજની મૂર્તિ નીરખી મહારાજને ઊભા કરી મસ્તક ઉપર જળ રેડ્યું. પછી બીજો ઘડો ઉઘાડી માલીકોરથી એક પીળું પીતાંબર કાઢી પહેરાવ્યું અને એક પીળું પીતાંબર ઓઢાડ્યું ને મસ્તક ઉપર ટોપી પહેરાવી અને છીપ

જડેલી ચાખડિયો આગળ મૂકી. પછી એક કમળની માળા પહેરાવી અને એક સાચા મોતીની કંઠી પહેરાવી. ને સુંદર બીજું પાત્ર ઉઘાડ્યું. તે પાત્રમાંથી ચંદનનો વાટકો કાઢી મલિયાગર ચંદન અંગે ચરચ્યું અને ચરણારવિંદે ચરચ્યું. અને પછી ખુરશી મંગાવી પાટ ઉપર નાખી(મૂકી) તે ઉપર મહારાજને બિરાજમાન કર્યા. પછી મહારાજને તે સાત વખત મળ્યા. ચરણારવિંદ મસ્તક ઉપર તથા હૃદયમાં લીધાં અને પછી પાત્ર ઉઘાડી મેવો લઈ હાથમાં ઝાલી રાખ્યો. અને વેદસ્તુતિ કરી સાષ્ટાંગ દંડવત કરી, નમસ્કાર કર્યા.

પછી મહારાજ કહે જે, "હવે ઓસરી ઉપર પધારો." પછી ત્યાં ઉગમણે મુખારવિંદે રેશમનો ચાકળો નાખી તે ઉપર બિરાજમાન થયા. અને આગળ બ્રહ્મચારીએ બાજોઠ મૂક્યો. તે દિવસ જીવુબાઈનો થાળ ને પરમહંસોને જીવુબાઈની રસોઈ હતી. પછી બ્રહ્મચારી થાળ લાવ્યા તેમાં હરિસો, બિરંજ અને સાકરના રોટલા(ઘી-સાકર ભરેલા રોટલા), સૂતરફેણી ને કેળાં, ઘી ને સાકર હતું. તે સિવાય અનેક શાક ને અનેક ભોજન હતાં. પછી મહારાજ તે ધીરે ધીરે જમ્યા અને પછી ચળુ કર્યું. ને પછી એ બ્રાહ્મણ હાથ જોડી કહે જે, "મહારાજ, મને પ્રસાદ આપો." મહારાજ ખુરશી ઉપર બેઠા ને તેમણે ચાકળો કાઢી નાખી બાજોઠ ઉપર બેસી મહારાજની પ્રસાદી સર્વે જમી ગયા. તે પછી ચળુ કર્યું.

પછી ઉત્તમરાજાને બોલાવ્યા અને તે બ્રાહ્મણની પૂજા કરાવી. પછી મહારાજ એમ બોલ્યા જે, "આ તો સાક્ષાત્ વરુણદેવ છે." એમ કહી પાત્રમાંથી મહારાજની પ્રસાદીનો મેવો હતો, તે ઉત્તમરાજા વિગેરે સર્વે બાઈઓ તથા પરમહંસ તથા પાળા તથા હરિભક્ત સર્વેને વહેંચી આપ્યો. પછી જળપાત્ર ઉપર લૂગડું ઢાંક્યું ને ઉઘાડ્યું. ત્યાં જળપાત્ર ભરાઈ ગયું. પછી એ જળપાત્રમાંથી મહારાજે મોઢે માંડી જળ પીધું. પછી ઉત્તમરાજાને પાયું. ને પરમહંસને જમવાને 'વાસુદેવ હરે'

થયું. પછી પરમહંસ જમવા બેઠા. પછી એ પ્રસાદીનું જળપાત્ર લઈ એક સાધુને આપ્યું અને કહ્યું જે, "સર્વે પરમહંસ તથા હરિભક્તને ચરણામૃત આપો."

પછી સર્વેને ચરણામૃત આપ્યું. પછી એ જળપાત્ર ડોશીયુંમાં આપ્યું. પછી ડોશીયોએ પ્રસાદીનું જળ પીધું. ત્યારે સર્વેના મનમાં એમ થયું જે, આવું જળ તો કોઈ દિવસ પીધું જ નથી. પછી સાધુ જમી રહ્યા ત્યાં સુધી એ વરુણદેવ ત્યાં રહ્યા. પછી પાત્ર સહિત અલપ-ઝલપ(અદૃશ્ય) થઈ ગયા. તે જોઈને તથા તે વાત સાંભળીને માણસ ઘણા વિસ્મય પામ્યા. એવું અદ્‌ભુત ચરિત્ર તે જગ્યાએ કર્યું હતું, પણ આ તો કિંચિત્‌માત્ર લખ્યું છે.

❊ ચોર થકી લોકોની રક્ષા તથા ઘોડીનો મોક્ષ :

૭. એ સાતમા ખંડના પધોર ફળીમાં એક વખત મહારાજ દિવસ ઊગતામાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. ને તે સમયને વિશે સીમમાં ગોકીરો-મોટો કોલાહલ થયો હતો. પછી નાજો જોગિયો વિગેરે પાસે હતા તે ઘોડેસ્વારો શ્રીહરિની આજ્ઞાથી મનુષ્યોના રક્ષણ માટે ગયા. અને ચોરોને ભગાડી લોકોને શાંતિ આપી. તેમાં નાજા ભક્ત માણકી જાતની ઘોડીએ ચડેલા હતા. તે માણકી ઘોડી અતિ પરિશ્રમને કારણે દમે(શ્વાસે) ભરાય ગઈ હતી. પછી ઘોડી ઉપરથી નાજો જોગિયો ઊતરી ચોકમાં છૂટી મૂકી પલાણ ઉતારી લીધું. પછી ઘોડી મહારાજ પાસે આવી ઢોલિયા પાસે બેઠી. ને મહારાજના ચરણારવિંદમાં માથું નાખ્યું. પછી મહારાજે તેના મસ્તક પર હાથ મૂકીને ચરણારવિંદ મૂક્યો.

અને પછી એક પાણીનો ત્રાંસ મંગાવ્યો. અને તે ત્રાંસમાં સર્વ પરમહંસના પગના અંગૂઠા બોળાવ્યા. ને સંતનું માહાત્મ્ય જણાવવા સારુ તેમાંથી જળનું ટીપું લઈ મહારાજે જીભ ઉપર મૂક્યું. અને પછી મહારાજે પોતાનાં ચરણારવિંદ ત્રાંસમાં મૂક્યાં. પછી બ્રહ્મચારીને

બોલાવ્યા કે, "પાણી લઈ આવો." પછી બ્રહ્મચારી પાણી લાવ્યા. પછી તેમાંથી મહારાજે પાણી મોઢામાં લઈ ત્રાંસમાં સાત કોગળા કર્યા.

તે જોઈ જીવુબાઈએ તેમાંથી એક પંચપાત્ર(પાણી ભરવાની ઊભા ઘાટની પવાલી) બ્રહ્મચારી પાસે ભરાવી લીધું. પછી મહારાજે એ પાણી ઘોડીને બેઠી કરી આગળ ધર્યું. તે પાણી પીને પછી ઘોડી દોડી લીંબડા ફરતો આંટો મારી મહારાજના ઢોલિયાથી દસ હાથ છેટે પડીને મૃત્યુ પામી. તે વખતે ગોપીનાથજી મહારાજના મંદિરનું કારખાનું ચાલતું હતું. એટલે ત્યાં સાધુ હતા, તેને સમાધિ થઈ તેમાં એમ જણાણું કે, એ ઘોડી ચતુર્ભુજ થઈ વિમાનમાં બેસીને ધામમાં ગઈ એવું દેખવામાં આવ્યું. એવું એક અદ્ભુત ચરિત્ર કર્યું છે. ॥૮૧॥

એ બે ઓરડા મધ્યેથી ઓતરાદી કોરના બારણાની આગળ ઓસરીના ખંડમાં મહારાજ અનેકવાર વિરાજતા તેનું

ચરિત્ર નં.૮૨

ભાવસિંહ તથા નારસિંહને બ્રહ્માદિક ત્રણ દેવોનાં દર્શન

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીના ઉત્તર તરફના બારણા પાસેનો ખંડ છે, ત્યાં ઢોલિયા ઉપર કિનખાબના ગાદીતકિયા નંખાવી બિરાજમાન થયા હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને સંધ્યા વખત થઈ હતી અને મશાલો આગળ બળતી હતી. અને પરમહંસ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે વખત ભાવનગરના ઠાકોર વજેસિંહજીના મોટા દીકરા ભાવસંગજી કે જે 'દાદભા'ના નામે ઓળખાતા, તે મહારાજને ખુમાણો તથા ચેલા ખાચર વિગેરે સાથીઓ

સહિત પગે લાગવા આવ્યા હતા. પછી પગે લાગી મહારાજની આગળ બેસવાનું કરતા હતા. ત્યારે મહારાજે ઢોલિયા પર બેસવાનું કહ્યું ને તાણ કરી. ત્યારે તે કહે જે, "હે મહારાજ ! અમે તો જીવ છીએ અને તમે તો પરમેશ્વર છો. તે તમારા સ્થાનક ઉપર મારાથી બેસાય નહિ. કેમ જે, તમે તો પરમેશ્વર છો." પછી મહારાજે તેને રેશમનો ચાકળો નાંખી દીધો, તે ઉપર બેઠા.

તે વખત તેમની પાસે હજૂરમાં મારવાડમાંથી આવેલા એક રાઠોડ રાજવંશી ગરાસિયા નારસંગજી કરીને હતા. તે પણ દરબારના પછવાડે બેઠા હતા. પછી મહારાજે સર્વેની ખબર પૂછી સત્કાર કર્યો. પછી ઠાકોર ભાવસિંહજી બોલ્યા કે, "પરમહંસો ગાવણું ગાય તો સારું. મને આપના સંતોનું સંગીત-ગાન સાંભળવાની ઇચ્છા છે." પછી મહારાજે સંતોને આજ્ઞા કરી તેથી પરમહંસો ગાવા લાગ્યા. જ્યારે બરાબર ગાવણું જામ્યું તે વખત ચાર મુખવાળા બ્રહ્મા અને ચાર ભુજાવાળા વિષ્ણુ અને ચાર ભુજાવાળા શંકર સભાને વિશે આવીને નૃત્ય કરતા હતા, તે બંનેએ ભાળ્યા. એટલે એ દરબાર ભાવસિંહજી નારસંગને કહે જે, "આ સાધુ લોકો આવો વેશ લાવે છે ?"

ત્યારે નારસંગજી બોલ્યા જે, "ના." પછી તે ભાવસિંહજી રાજાએ ઊઠી સભાના મધ્યે ઊભા રહી તપાસ કરીને જોયું. ને નારસંગજીએ પણ ઊભા થઈને તપાસ કરીને જોયું. પછી મહારાજ પાસે આવીને બેઠા. અને બીજા માણસોને પૂછ્યું કે, "અમને આવું દેખાયું તે શું છે ? તમે કોઈ સાધુ-સંતો આવો વેશ લાવો છો ?" ત્યારે બીજા કહે કે, "અમારે દેખવામાં જ આવતું નથી." તેથી તે બંને મહા વિસ્મય પામ્યા. અને ઘડીક થયું ત્યાં તો કાંઈ જણાણું નહિ.

પછી સભા ઊઠવાનો વખત થયો. તે વખત મહારાજને હાથ જોડી તે કહે જે, "હે મહારાજ ! આપનો આ દિવ્ય પ્રતાપ જોઈને હું

તો આપને સનાતન પરમેશ્વર નારાયણ સમજું છું, છતાં ભાવનગરના રાજા અમારા પિતા અને ત્યાંના માણસો તરેવારના ક્રૂરતાભર્યાં વર્તન કરી પોતાનો મોક્ષ બગાડી રહ્યા છે.

અને મારાથી વર્તમાન તો પળશે તેટલાં પાળીશ, પણ તમે તો સાક્ષાત્ ભગવાન છો, માટે મારી અંતકાળ વખત સહાય કરજો.” મહારાજ કહે, “સારું.” એમ કહી તેમના માથે હાથ મૂક્યો.

❊ નારસિંહજી ત્યાગી થઈ સદા શ્રીહરિની સાથે રહ્યા :

તે જ વખત નારસંગજી કહે જે, “રાજા સાહેબ, હવે રામ રામ છે. અમે તો સંસારનો ત્યાગ કરી ત્યાગી થશું અને તમે મારા ખરા મિત્ર ને ખરા ખાવિંદ હો તો રાજી થઈ રજા આપી મારું કાંડું ભગવાનને સોંપો.” પછી રાજાએ તેમ કર્યું. અને તે જ વખત નારસંગજી રાઠોડ ત્યાગી થયા. પછી મહારાજે તેમને ઉત્તમરાજાના એક કારાખાનાના કારભારી ઠરાવ્યા. તેમની પાસે કેટલાક રૂપિયા તથા કેટલાક હથિયારો તથા કેટલાક ઘરેણાં હતાં, તે સર્વે મહારાજને અર્પણ કર્યું. અને જેવી પરમહંસની દશા(સ્થિતિ) હોય તેવી જ સ્થિતિને તે પામ્યા. અને ધોળા લૂગડાં પહેરી ત્યાગી થઈ હંમેશાં નિર્બંધપણે રહ્યા. એવું મોટું અદ્ભુત ચરિત્ર તે જગ્યાએ મહારાજે કર્યું છે. ||૮૨||

એ બે ઓરડા મધ્યેથી દક્ષણાદી તરફના ઓરડાના વચલા ખંડમાં બારણાની ઓસરીના ખંડનું

ચરિત્ર નં.૮૩

મીરસાહેબ ગઢપુર આવ્યા અને શાંતિ થઇ.

એક વખત (સં.૧૮૭૩, અષાઢ માસ, ઈ.સ.૧૮૧૭, જૂન મહિનામાં) દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના બે ઓરડા મધ્યેથી દક્ષણાદી તરફના ઓરડાના વચલા ખંડના પગથિયા ઉપર પ્રભાત સમયે મહારાજ કાળો ધાબળો નંખાવી બિરાજમાન થયા હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને ફળીમાં ચંદની બાંધી હતી. અને ત્યાં સભા ભરાઈને બેઠી હતી.

તે વખત ગાયકવાડ સરકારના મીરસાહેબ નામે અધિકારી કેટલાક દિવસ થયા અનિદ્રાના રોગના દુઃખથી જૂનેગઢ જાત્રાએ ગયા હતા. તે ત્યાંથી પાછા ગઢપુર આવતા સવારની વખતે દિવસ ઊગતા પહેલાં ઉગામેડીના માર્ગે રાધાવાવ છે, ત્યાં નમાજ પઢવાનો સમય થતા નમાજ પઢ્યા. અને પછી તસબી(માળા) પઢવા(ફેરવવા) લાગ્યા. તેને ત્રણ મહિનાથી નિદ્રા આવતી નહિ, પણ ત્યારે તે જગ્યાએ જીવ વિશ્રામ પામ્યો તેથી નિદ્રા આવી અને તેથી ત્યાં બે ઘડી સૂતા. પછી બેઠા થઈ વિચાર કરવા લાગ્યા કે, ‘કુરાનમાં એમ લખ્યું છે કે, જ્યાં ઓલિયા પુરુષ હોય ત્યાં પીડાનો નાશ થાય ને મનમાં શાંતિ થાય; માટે આ જગ્યાએ કોઈક ઓલિયા હશે.’

ત્યાં સચ્ચિદાનંદસ્વામી રહેતા તેમને પૂછ્યું કે, “અહીંયાં કોઈ મોટા સત્પુરુષ રહે છે ?” ત્યારે સ્વામી કહે જે, “અહીંયાં તો સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન રહે છે. ને તેમનો આ રાધાવાડી નામનો બાગ છે.” પછી મીરસાહેબ ખુશ થયા. અને મિયાનામાં બેસી ચાલ્યા. તે ચાલતાં

ચાલતાં મનમાં વિચાર કરે છે કે, આપણે સ્વામિનારાયણને મળવું તો ખરું ! પરંતુ મુસલમાનના કિતાબમાં ખુદાનો અવતાર લખ્યો નથી, પણ પેગમ્બરોના અવતાર લખ્યા છે, પણ હિંદુ લોકો નારાયણ સ્વામીને સાક્ષાત્ પરમેશ્વર કહે છે અને (૧) તે જો પરમેશ્વર હોય તો હું જ્યારે તેમની પાસે જાવ ત્યારે તેઓ ઉગમણે મોઢે ધાબળી ઉપર બેઠા હોય, (૨) ને ઉઘાડું મસ્તક હોય, (૩) ને મારું નામ લઈને મને બોલાવે, (૪) ને રીંગણાંનો ઢગલો પાસે પડ્યો હોય, (૫) ને દહીંનું દોણું મને આપે તો તે પરમેશ્વર ખરા. પછી મારા મનનો સંદેહ સર્વે ટાળે; એવો વિચાર કરી ગામને પાદર આવ્યા. તેમની સાથેના બીજા તમામ માણસોનો મુકામ પાદરમાં કર્યો.

❋ મીરસાહેબના સંકલ્પો સત્ય કર્યા અને અવતાર વિશેની શંકા :

પછી પંડે બઠ(નીચા મજબૂત) ઘોડા ઉપર ચડી પોતાના ચાર આદમી લઈ દાદાના દરબારમાં મહારાજ પાસે આવી ઊતર્યા. અને પોતાનું નામ ન બતાવી સીધા મહારાજ પાસે આવ્યા. તે વખતે એના ધાર્યા પ્રમાણે મહારાજ કાળા ધાબળા ઉપર ઉગમણે મુખારવિંદે ઉઘાડે મસ્તકે બેઠા હતા. અને તેમને આવતા ભાળી મહારાજ હસી એમ બોલ્યા કે, “આવો, મીર સફરાઅલી.” તે શબ્દ સાંભળી મીરસાહેબ ઘણાક ખુશી થયા. પછી બેસવા માટે જાજમ ઉપર પાર્ષદોએ ચાકળો નાખી દીધો તે ઉપર બેઠા. ત્યારે એક કોરના પગથિયા ઉપર સેવકે ભેટ મૂકેલાં રીંગણાં મણ એકને આશરે પડેલાં હતાં.

તે વખતે હાથ જોડી મીર સાહેબ બોલ્યા જે, “હે મહારાજ ! હિન્દુ લોકો તમને પરમેશ્વર કહે છે. તે પરમેશ્વર અને ખુદાનું એક નામ છે ? અને કિતાબમાં તથા કુરાનમાં એમ લખ્યું છે કે, ‘ખુદા ભૂમિ ઉપર જન્મ ધરતા નથી.’ અને તમે પરમેશ્વર કહેવાઓ છો, પરંતુ પેગમ્બરોના અવતાર થાય છે તે વાત ખરી છે. માટે આ વિશે

શું સમજવું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હે મીરસાહેબ ! પરમેશ્વર જન્મે છે કે નથી જન્મતા તેની નાલ મોલવા(ખરી તપાસ કરવા) કોણ ગયું છે ? પરમેશ્વર ભૂમિ ઉપર માણસમાં અવતાર ધરે છે, તો મનુષ્ય જેવા થાય છે. અને ત્યારે જ મનુષ્યને સુખ થાય છે અને શાંતિ થાય. જો તેવા ન થાય અને જેવું દિવ્ય દેહ છે, તેવું જણાય તો માણસને શાંતિ થાય નહિ.

આ સૂરજનારાયણ છે, તે કુંતાજી તથા સત્રાજીત યાદવ બેયને મળ્યા. ત્યારે જો જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપેથી મળ્યા હોત તો તે બેય બળી મરત ને કોઈ પ્રકારનું સુખ આવત નહિ, પણ જેવા છે તેવા પોતાના લોકમાં રહીને મનુષ્ય જેવા થઈને મળ્યા ત્યારે તેમને સુખ થયું. માટે પરમેશ્વર અવતાર લે છે અને મનુષ્ય જેવા જણાય છે, પણ મનુષ્ય જેવા નથી. તેમનો દેહ દિવ્ય છે અને જે કુરાન તથા કિતાબમાં લખ્યું છે જે, ખુદા અવતાર લેતા નથી, તેનું તો એમ છે જે -

પરમેશ્વરને સર્વજ્ઞ કહ્યા છે. એ પ્રભુ પ્રાણીઓનાં કલ્યાણ માટે દયા કરીને ભૂમિ ઉપર જન્મ ધરે છે. તેમનો જન્મ સામાન્ય જીવના જેવો પ્રાકૃત નથી, તેઓ કર્માધીન નથી. માટે ઈસ્લામમાં ઈશ્વરના જન્મનો નિષેધ છે. અજન્મા પરમેશ્વરનો જન્મ થવા છતાં દુનિયાથી નિર્લેપ અને અસંગી રહે છે. તેથી જન્મતા નથી એમ કહેવાય છે. પરમેશ્વર અજન્મા છે છતાં, જન્મ-કર્મની શુભ લીલાઓ કરે છે." શ્રીહરિએ કહ્યું, "બ્રહ્માદિ ઈશ્વરોના ઈશ્વર પ્રભુ અવતાર ધારે છે, તેની એક કથા તમારા ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. તે તમે સાંભળો -

❋ બાદશાહની વાતથી અવતારવાદની પુષ્ટિ :

એક મુલ્તાન દેશમાં સતજુગ વારામાં બદરેશ નામે એક બાદશાહ હતો અને તે બાદશાહ જુલમી ને અહંકારી હતો. તેને એક શાહજાદો(દીકરો) હતો. તે બાદશાહની જૈફ(વૃદ્ધ) અવસ્થા થઈ, તે

વખત શાહજાદો મરી ગયો. તે વખત એને એમ થયું કે, મારા રાજ્યમાં ઘણા ફકીર ઓલિયાઓ નભે છે ને મારા આશ્રયથી સુખિયા થાય છે અને મારો દીકરો જીવતો કરતા નથી. માટે મારે તે તમામને મારી નાખવા. પછી સર્વેને ભેળા કરી મારવાનો ઈરાદો કર્યો. તે વખત પરમેશ્વર મહમદ સાહેબ એ નામે અવતાર ધરી પ્રગટ થયા. અને બાદશાહના દીકરા પાસે આવ્યા. ને પછી કહ્યું કે, "પેગમ્બરોના નામથી ઊઠ. ખુદાના નામથી ઊઠ." તોપણ ઊઠ્યો નહિ. પછી કહે, "મારા નામથી ઊઠ." ત્યારે છોકરો ઊઠ્યો. ત્યારે બાદશાહ હાથ જોડી કહે કે, "ખુદા અવતાર લે છે' એમ કોઈ કહે તો અને 'હું ખુદા છું' એમ કોઈ કહે તો તેને જીવતી ચામડી ઉતારવી જોઈએ."

પછી મહમદ સાહેબ કહે, "ઈશ્વરના ચોર તું મારી શક્તિ જોઈ લે." પછી ચોટીએ ઝાલી પોતાના શરીર ઉપરની ચામડાની ખોળ ઉતારી બાદશાહ પાસે નાખી દીધી. અને પછી મનુષ્ય ચરિત્ર કર્યું કે, મને ભૂખ લાગી છે, માટે કાંઈક ખાવાનું જોઈએ. તે વખત કાચા લોટનો મેંદો પાસે પડ્યો હતો તે આપ્યો. તે કાચો લોટ જોઈ બાદશાહ સમક્ષ કહે જે, "હે સૂરજ ! તું મારો ખરો હુકમ માનતો હો તો આ મેંદાનો લોટ પકવી દે." પછી સૂરજ બાર જોજન હેઠા ઊતરી મેંદો પકવી દીધો. તે વખતે જગત આખું બળી ઊઠ્યું ને ત્રાહી તોબા કરાવ્યું.

પછી બાદશાહને કહે જે, "પરમેશ્વર અવતાર લેતા નથી. તે કુરાનમાં લીધું હોય કે કિતાબમાં લખ્યું છે, એ ખોટું છે ને બેઈમાનનું(મૂરખનું) કામ છે. જો હું ખુદા છું." એમ કહી દિવ્યરૂપ બતાવ્યું. તેથી તે લોકોને ભ્રાંતિ ટળી ગઈ. માટે કોઈ કાર્યને માટે પરમેશ્વર અવતાર લે છે, પણ માયિક સ્વરૂપ પરમેશ્વરનું નથી. તેથી વેદમાં પણ પરમેશ્વરના સ્વરૂપને અમાયિક અને પંચભૂત રહિત છે એમ કહે છે." એવી રીતે વાત કરી.

પછી મહારાજ મીરસાહેબને કહે જે, “તમારા હૃદયને વિશે અંગૂઠો મૂકો ને આંખો મીંચો ને મનની વૃત્તિ બંધ કરો અને જીવની વૃત્તિ હૃદયને વિશે ખેંચો.” એટલે તેણે તેમ કર્યું. એટલે મીરસાહેબે પોતાના હૃદયમાં પ્રકાશ ભાળ્યો ને તે પ્રકાશને વિશે દિવ્ય સિંહાસન ભાળ્યું. અને તેમાં ખુદારૂપે મહારાજને ભાળ્યા. અને ચોવીસે પેગમ્બર સ્તુતિ કરતા ભાળ્યા. તે જેવા કુરાન તથા કિતાબમાં ખુદાને કહેલા છે, તે પ્રમાણે જોવામાં આવ્યું. તે આ આશ્ચર્ય જોઈ ઘણા વિસ્મય પામ્યા. અને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા.

❊ મીરસાહેબની સજ્જનતા અને મુમુક્ષુતા :

પછી તે વખત ઉત્તમરાજા ત્યાં હતા, તેમને મહારાજે આજ્ઞા કરી. તેથી દાદા ખાચરે મીરસાહેબને જાફત(રસોઈ માટે સીધું-સામાન) આપવાની તાણ કરી. અને જાફત લેવાનું કબૂલ કરાવ્યું. પછી મીર સાહેબ કહે જે, “હે મહારાજ ! તમે તો ખુદા છો અને પરમેશ્વર છો. તેમાં કાંઈ શંકા નથી.” પોતાના ચાર કારભારીને પણ તે જ પ્રમાણે દેખાણું હતું. તેથી તેઓએ પણ તેમ કહ્યું. પછી કહે જે, “હાલ રમઝાન માસ છે, માટે સાંજે રોજુ ખોલી જમશું.”

તે વખત મહારાજે હાથે કરી રીંગણાં આપ્યાં. તે મીરસાહેબે પોતે હાથે કરી રૂમાલમાં લીધાં અને એક દહીંનું દોણું આપ્યું. પછી મહારાજ કહે, “કાંઈ સંદેહ રહેતો હોય તો પૂછો.” પછી મીરસાહેબ કહે જે, “તમે તો સાક્ષાત્ અલ્લા છો. અને હું તો તમારો ગુલામ છું. ને તમે સર્વ ખલકના માલિક છો.” એમ કહી ચરણારવિંદમાં માથું નાખ્યું. પછી મહારાજે તેમના માથા ઉપર હાથ મૂકી વાંસો થાબડ્યો. પછી મીરસાહેબ કહે જે, “હે મહારાજ ! મેં મારા મનમાં જે ઘાટ ઘડ્યો હતો, તે જ પ્રમાણે બની આવ્યું. અને મારી મુરાદ સર્વે તમે પાર પાડી.” પછી મુકામ પર આવ્યા. ને ત્યાં સાત દિવસ સુધી ગઢપુરમાં રહી મહારાજનો ઘણોક સમાગમ કર્યો હતો.

અને મહારાજ અક્ષરધામમાં ગયા પછી મીરસાહેબ તે અમદાવાદમાં રસાલા(લશ્કરી અધિકારીઓના) ઉપર નિમાયા હતા. ત્યારે એણે સર્વે ધારેલી વાત(માનતા પૂરી) થઈ તે તેમણે અયોધ્યાપ્રસાદજી મહારાજને કહી હતી. અને નરનારાયણના મંદિરમાં એક હાથી બાંધી આઠ હજાર રૂપિયા આપ્યા હતા. અને તેણે (એ પ્રમાણે) માનતા પૂરી કરી હતી. અને તે વાત મલકમાં પ્રસિદ્ધ છે. અને આ ચરિત્ર મહારાજે ઘણું મોટું કર્યું છે, પણ મેં થોડું લખ્યું છે. ॥૮૩॥

એ બે ઉગમણા બારના ઓરડાથી ઓતરાદા બે ઓરડા પાંચુબાઈને આપવા કરાવ્યા, તે જગ્યાએ કરેલું

ચરિત્ર નં.૮૪

પાંચુબાને ઓરડાના વાસ્તુ નિમિત્તે ભૂમાપુરુષરૂપે દર્શન

ઉગમણા બારના ઓરડાને અડીને ઉત્તર તરફ બે ઓરડા પાંચુબાઈને આપવા માટે તૈયાર થયા. ત્યારે તેનું વાસ્તુ કરાવી બ્રાહ્મણોને જમાડ્યા ને દક્ષિણા આપી. પછી મહારાજે ઉત્તમરાજાને આ ઓરડા પાંચુબાઈને આપવા સારુ કહ્યું. પછી આ ઓરડા ઉત્તમરાજાએ મહારાજની આજ્ઞાથી પાંચુબાઈને આપ્યા. જે વખત પાંચુબાઈ ત્યાં રહેવા ગયાં, તે વખત પ્રથમ મહારાજ તથા પરમહંસોને જમાડવાનો તેમણે સરંજામ કરાવ્યો. પછી સવારના પહોરમાં પોતાના પતિ નાગમાલા પાસે મહારાજની પૂજા કરાવી. કીનખાબની ડગલી, કીનખાબનો રેંટો ને કેડે બાંધવાનો રેંટો તથા માથે બાંધવાનું મોળિયું વિગેરે વસ્ત્ર પહેરાવ્યાં. પછી ચંદનની આડ કરી હાર પહેરાવ્યા ને સોનાલિયા ને પરવાળાની(મોતીની) માળા પહેરાવી ને દાડમના બીની થાળી ભરી આગળ મૂકી. તે મહારાજ જમ્યા. પછી આરતી ઉતારી. ત્યારપછી પરમહંસોની પૂજા કરી.

પછી પાંચુબાઈ ઓસરીમાં આવી સ્તુતિ કરી પગે લાગ્યાં. તે વખતે એ ઓરડો ભૂમાપુરુષના ધામરૂપે તેજોમય જણાણો. અને તેમાં મહારાજ દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા છે, ને આગળ મહા આભૂષણ ધારી રહેલા તથા માથે મુગટ છે, હાથમાં શંખ, ચક્ર, ગદા ને પદ્મ છે એવા ચતુર્ભુજરૂપે ભૂમાપુરુષ રૂપ દેખ્યા. ને તેમણે કેટલીક મહારાજની સ્તુતિ કરી, પ્રદક્ષિણા કરી તેમના ચરણમાં પ્રવેશ કર્યો. એવું પાંચુબાઈએ નજરે જોયું. તે જોઈ ઘણા આનંદ પામ્યાં. પછી મહારાજને જમાડ્યા. પછી પરમહંસને જમાડ્યા. પછી મહારાજને ઢોલિયા ઉપર બેસારી આરતી ઉતારી, નાગમાલો પગે લાગ્યા. ને મહારાજે તેમના મસ્તક ઉપર રાજી થઈને પોતાનો ડાબો હાથ મૂક્યો. એવી રીતે એ જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ॥૮૪॥

પાંચુબાઈના એ બે ઓરડામાં દક્ષણાદી કોરનો ઓરડો છે, તેમાં પાળા ઘવાયા હતા, તેના ખાટલા ત્યાં રહેતા. તે વખત એ પાળાની કાળ થકી રક્ષા કરી ને ઓરડામાં મહારાજ રહ્યા છે, એનું

ચરિત્ર નં.૮૫

પાર્ષદો તથા ખબડ, મતારા વગેરેનું ધિંગાણું

એકવાર મહારાજ આ ઓરડાની ઓસરીના આગળના ભાગમાં ગાદી-તકિયાવાળા સુંદર સિંહાસન ઉપર બિરાજમાન હતા. અને સર્વે સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં તથા કંઠમાં ફૂલના હાર શોભતા હતા. તે સમયે ભડલીના ભાણ ખાચરનું ગામ રામપરુ અને આંહીંનું કહેતાં દાદાખાચરના ગરાસનું ગામ માંડવધાર હતું, તેને સિમાડે તકરારિયા ખેતર માટે (સં.૧૮૮૨, શ્રાવણ સુદ-૧૦, તા.૧૨/૮/૧૮૨૬, શનિવાર) ધિંગાણું થયું.

તે ઝઘડાની વાત મહારાજ પાસે આવી. તેથી મહારાજે પોતાના શૂરવીર પાળાઓ ભગુજી, રતનજી, મિયાંજી, ગુમાનજી, લાખોભગત, દેવોજી, વીરોજી, ભીમ ડાભી, ધનોભગત, બેચર ચાવડો, નથુજી એ વિગેરેને ખેતરની રક્ષા માટે મોકલ્યા. પછી તે પાળાઓને અને ભાણ ખાચરના લશ્કરના હથિયારધારી માણસો સિંધી ખબડ, મુબારક, મતારો વિગેરેની સાથે ધિંગાણુ થયું. તેમાં ખબડને ભગુજીએ મારી નાખ્યા અને મુબારકને બેચર ચાવડાએ મારી નાખ્યા. એ બેને મારી નાખ્યા તેથી એના ત્રણસો માણસ ભાગી ભડલીએ જાતા રહ્યા. ને ભાણ ખાચર પણ ભાગી ગયો અને પાળા જીત્યા.



❈ મહારાજે પાર્ષદોની કાળથી રક્ષા કરી :

અને લડાઈમાં પાળા ઘાયલ થયા તેને ખાટલા ઉપર નાખી ગઢપુર દરબારમાં લાવ્યા. તેને મહારાજે જોઈ પાંચુબાઈવાળા દક્ષણાદી કોરના ઓરડામાં ખાટલા રખાવ્યા. તેમાં કેટલાક પાળાઓની આવરદા પૂરી થઈ રહી, તેથી તેને કાળ લેવા આવ્યો. તે વખત જાણીને મહારાજે સચ્ચિદાનંદસ્વામીને તે ઓરડાના બારણામાં બેસાર્યા. અને રાત્રીનો વખત

થયો ત્યારે કાળ એ પાળાઓને લેવા આવ્યો. અને ભગુજી વિગેરેએ એ કાળને ભાળ્યો. તે વખતે સચ્ચિદાનંદસ્વામીને દિવ્ય દૃષ્ટિએ કાળ આવેલો જણાણો. એ વખતે આયુધનો ખપ પડ્યો એટલે સ્વામી જ્યાં નજર કરી જુએ છે, ત્યાં સાંબેલુ જોવામાં આવ્યું. તે બે હાથમાં લઈ કાળના કાંધમાં માર્યું. તેથી ઊંધે મસ્તકે કાળ હેઠો પડ્યો.

પછી તે કાળે મહારાજ પાસે જઈ સ્તુતિ કરીને કહે જે, "તમારી બાંધેલી મરજાદા સચ્ચિદાનંદસ્વામી તોડે છે." પછી મહારાજ કહે જે, "મરજાદના બાંધવાવાળા પણ અમે છીએ અને તોડવાવાળા પણ અમે છીએ. અને કોઈની આયુષ્ય ઘટાડવી હોય તે અમારા હાથમાં છે ને વધારવી હોય તે પણ અમારા હાથમાં છે અને ભગવાનના ભક્ત ઉપર તારું બળ-જોર નથી. અત્યારે અમે પ્રત્યક્ષ આંહીં છીએ માટે એની આવરદા અમે વધારી છે. માટે તારે તેનો ભક્ષ કરવો નહિ." પછી સ્તુતિ કરી પ્રદક્ષિણા કરી કાળ પાછો સચ્ચિદાનંદસ્વામી પાસે આવ્યો. ને સ્વામીને પાંચ પ્રદક્ષિણાઓ કરી દંડવત કર્યા. ને પછી બોલ્યો જે, "મારું ગર્દન ભાંગ્યું છે, માટે તમારાં ચરણારવિંદ મારા માથા ઉપર મૂકો એટલે હું બળને પામું." પછી સ્વામીએ ચરણારવિંદ મૂક્યાં. પછી પગે લાગી ખુશી થઈ કાળે મહારાજના મહિમાનું ગાન કર્યું. અને મહારાજના ગુણ ગાતો ગાતો રસ્તે થયો.

પછી મહારાજ અરધી રાત્રે પાળાઓની ખબર લેવા ત્યાં ગયા. અને બધાય પાળાઓને માથે હાથ મૂક્યા એટલે મૂર્છા આવી ગઈ હતી તે ઊતરી ગઈ. મહારાજે તેમને પૂછ્યું ત્યારે તેઓ કહે જે, "મહારાજ ! અમે એક કાળરૂપી પુરુષ ભાળ્યો. ને તે વખત તમે અમારી રક્ષા કરવા આવ્યા ને તમને ભાળી સચ્ચિદાનંદસ્વામીએ પડકારો કરીને કાળને એક સાંબેલું માર્યું એટલે જમીન ઉપર પડી નાસી ગયો ને તમે

અમારી રક્ષા કરી. જે વખત અમારે ને સિંધીઓને ધિંગાણું થયું, તે વખત અમે પંદર જણાએ પાંચસે માણસને તગડ્યા. અને એ લોક એમ બોલતા જે, 'હજારો માણસ આવ્યા છે એટલે હવે ભાગો, નહિ તો મોત થાશે.' એમ કહીને ભાણ ખાચર પણ ભાગી ગયા. તેવું તમારા પ્રતાપથી બન્યું. અને અત્યારે પણ અમે તમારા પ્રતાપથી નભ્યા છીએ. એવી રીતે તમે અમારી રક્ષા કરી." પછી મહારાજ રાત્રીએ પાછા અક્ષરઓરડીએ પધાર્યા.

પછી પાછલી એક પહોર રાત્રી હતી, ત્યારે લોકોમાં એમ વાયકો ઊડ્યો હતો કે, પાળાઓ સાત-આઠ મરી ગયા છે. તે વાત સાંભળી જીવો ખાચર જોવા આવ્યા. ને બધાયનાં નામ લઈ બોલાવ્યા. એટલે બધાએ જવાબ દીધો. પછી ભગુજી બોલ્યા કે, "જે રીતે આપ ધારતા તે બધુંય ચાર ઘડી મોર પ્રાપ્ત થયું હતું, પણ મહારાજે સચ્ચિદાનંદસ્વામીને મૂકી અમારી કાળથી રક્ષા કરી." તે વખત જીવો ખાચર એમ બોલ્યા કે, "તમે જે કહ્યું તે મને પણ સ્વપ્નામાં એમ જણાણું. તેથી હું પણ જોવા આવ્યો છું." એવી રીતે તે જગ્યાએ મહારાજે એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે, પરંતુ આ તો દિશમાત્ર લખ્યું છે. ॥૮૫॥

ઓતરાદી તરફના ઓરડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૮૬

પાંચુબાઈની પુત્રી હીરબાનો મોક્ષ

ઉગમણા બારના ઓરડાની બાજુના પાંચુબાઈના બે ઓરડામાં ઓતરાદી તરફના ઓરડામાં પાંચુબાઈ રહેતાં. ત્યાં તેમની દીકરી હીરબાઈ માંદા થયાં હતાં, ને તેને જોવા સારુ મહારાજ આવ્યા હતા. એ હીરબાઈના ખબર પૂછ્યા. ત્યારે હીરબાઈએ કહ્યું કે, "હે મહારાજ ! મારે આ સંસારમાં રહેવું નથી. માટે મને ધામમાં તેડી જાવ. ઓલે ભવ હું બ્રાહ્મણી હતી અને તમે વનમાં જે વખત વિચરતા તે વખત મારે ઘેર ત્યાં તમે રહ્યા હતા. તેથી મારા સર્વે જન્માંતરનાં પાપ બળી ગયાં હતાં, પણ તમને યથાર્થ સમજવાની ખામી રહી, તેથી આ જન્મ આવ્યો છે. હવે આ મારા ભૌતિક શરીરનો નાશ થશે ને દિવ્ય શરીરની પ્રાપ્તિ થશે; એવું તમારી સેવાનું, તમારા પ્રગટપણાના દર્શનનું અને તમારા ચરિત્રના ચિંતવનમાં બળ રહ્યું છે. માટે જે કોઈ તમારું ચિંતવન કરશે તેનો મોક્ષ થશે." એવી રીતે કહી કહે જે, "તમે કેરી ચૂસી મને પ્રસાદી આપો એટલે હું ખાવ."

પછી મહારાજે કેરી ચૂસી હીરબાઈને આપી. તે કેરી હીરબાઈએ ખાધી. અને પાંચુબાઈ દિલગીર થવા લાગ્યાં. પછી હીરબાઈ કહે જે, "તમે દિલગીર થાશો નહિ. મારે ને તમારે સંબંધ મહારાજને લીધે છે. આ સંસારમાં કર્મસંબંધ સંસ્કારથી થાય છે અને કાળે કરીને તે સંબંધ છૂટી જાય છે. પરંતુ શ્રીહરિના યોગથી આપણો સંબંધ થયો છે, તે ક્યારેય નહિ છૂટે, માટે શોક કરવો નહિ. જો આ દિવ્ય વિમાન આવ્યું છે, માટે ઓસરીમાં જઈને તમે જોશો તો ખબર પડશે." પછી પાંચુબા ઓસરીમાં જઈ જુએ છે તો વિમાન જોવામાં આવ્યું અને તેમાં મહારાજને

ભાળ્યા. ને તે વિમાનમાંથી બે પાર્ષદ ઊતરી હીરબાઈને અક્ષરધામમાં મહારાજની સાથે લઈ ગયા. તે વાત પ્રત્યક્ષ જોઈ પાંચુબાઈએ શોકનો ત્યાગ કર્યો. અને એ પાંચુબાઈની દીકરી દેહ મૂકી ગયાં પછી એમની અગ્નિસંસ્કાર ક્રિયા કરી અને પછી પાંચુબા વિગેરે બધાય રોવા લાગ્યાં.

❋ ઉદાસ થયેલા મહારાજને સ્તુતિ કરી રાજી કર્યા :

પછી મહારાજ ઉદાસ થઈ ઘોડી મંગાવી વરતાલ જવા પરિયાણ કર્યું. ત્યારે ઉત્તમરાજા વિગેરે સર્વે ભેગા થઈ મહારાજની સ્તુતિ કરી. પછી મહારાજ બોલ્યા કે, "હીરબાઈનો મોક્ષ થયો તે તમે નજરે ભાળ્યું છે, છતાં પણ દેહાભિમાનને લીધે અજ્ઞાની લોકની પેઠે બદ્ધની ઘોડે રોવો છો, પણ સંસારનાં બંધનો તોડાવનારા અમે પ્રત્યક્ષ તમારે ત્યાં રહીએ છીએ, તેના મહિમાનો કોઈ મનમાં વિચાર કરતા નથી. માટે અમે અહીં નહિ રહીએ."

ત્યારે જીવુબાઈ, રાજબાઈ, ઉત્તમરાજા વગેરે કહે જે, "હે મહારાજ ! જીવ તો અજ્ઞાની છે ને બદ્ધ છે, માટે જેટલો કકળાટ કરે તેટલી મૂર્ખાઈ છે. માટે તમે તો પૂરણબ્રહ્મ પરમાત્મા નારાયણ છો તમારે અમારું અજ્ઞાન ટાળવું જોઈએ." પછી સ્વામિનારાયણ મહારાજ હસીને બોલ્યા જે, "**અક્ષરધામથી આંહીં તમારી પાસે અજ્ઞાન ટાળવા તો આવ્યા છીએ,** તોપણ તમારા જેવી જ્ઞાની વ્યક્તિઓને પણ અજ્ઞાની થઈ બદ્ધ થવાય છે તેથી અમને રીસ ચડી. માટે પાંચુબાઈ વિગેરે હવે રોવે નહિ તો અમે રહીએ." પછી તેઓ કહે જે, "ઠીક મહારાજ, શા માટે રોશે ? તમે તો અમારા જીવનપ્રાણ છો." એમ કહ્યું તેથી મહારાજ રાજી થયા અને અહીં રહ્યા. એવી રીતે મહારાજે હીરબાઈનો મોક્ષ કરી તે જગ્યાએ એક અદ્ભુત ચરિત્ર કર્યું છે. ॥૮૬॥

પાંચુબાઈના એ બે ઓરડાની ઓસરીમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૮૭

સહકુટુંબ શિવજી શ્રીહરિનાં દર્શન તથા પ્રાર્થનાર્થે આવ્યા.

એક દિવસ મહારાજ દાદા ખાચરના દરબારમાં એ પાંચુબાઈના બે ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા. એ ઓસરીમાં મહારાજે અનેક ચરિત્ર કર્યાં છે ને ત્યાં ઘણું બેઠા છે. ને ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું તો તે જગ્યાએ ઘણું બેસતા. અને અનેક પ્રકારનો પ્રતાપ જણાવતા. એવી રીતે તે જગ્યાએ મહારાજે ઘણાં ચરિત્ર કર્યાં છે, તે મધ્યેથી એક લખ્યું છે.

એક વખત મહારાજ ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું ત્યારે ત્યાં પાંચુબાઈના ઓરડાની ઓસરીએ બપોર વખતે સૂતા હતા. અને પછી મહારાજે ઊઠી ત્રણેય મોટેરી ડોશીયો તથા ઉત્તમરાજા અને સદ્‌ગુરુઓ તથા મુકુંદબ્રહ્મચારી, ભગુજી, રતનજી વિગેરે પાળાઓને બોલાવ્યા. ને તે શિવરાત્રીનો દિવસ હતો. ત્યાં ઓસરીમાં બેઠા હતા ત્યારે મહારાજ કહે જે, “અત્યારે અમને એક સ્વપ્ન આવ્યું. તેમાં સિદ્ધિઓમાત્રના ઈશ્વર એવા શંકરને ભાળ્યા. અને એ શંકર મનોહર મૂર્તિ હતા, ચાર ભુજાઓ હતી અને પોઠિયા ઉપર ચડેલા હતા, ભેગા સતિ ખોળામાં બેઠેલાં હતાં. તે અહીંયાં આવી ઊતરી અમોને પગે લાગ્યાં અને ગણેશ પણ વાંસેથી આવ્યા. તે પણ અમને પગે લાગી અમારી સ્તુતિ કરવા લાગ્યા.

પછી શંકર બોલ્યા કે, ‘હે પરમેશ્વર સ્વામિનારાયણ ભગવાન ! અમારે સત્સંગમાં નિવાસ કરીને રહેવું છે. માટે જીરણગઢમાં મંદિર તૈયાર થયું છે, તેમાં અમને પરિવાર સહિત નિવાસ કરાવો.’ એમ પ્રાર્થના કરી. તેથી અમે હસ્યા. પછી શંકર ઘણા ખુશી થયા અને અમને મળ્યા.

પછી એમ બોલ્યા કે, 'હે મહારાજ ! તમે અમને તમારા ચરણારવિંદને વિશે નિવાસ કરી રાખો.' એમ મરમ કર્યો. 'તમે વનમાં ફરતા ત્યારે અમે તમને સાથવો અને મીઠું નૈવેદ્યનું આપ્યું હતું. તે દિવસ તમે રાજી થઈ માથા ઉપર હાથ મૂકી કહ્યું હતું જે, માંગો. ત્યારે મેં એમ કહ્યું હતું જે, જ્યારે તમે સત્સંગમાં પ્રગટ થાઓ ત્યારે મારી સંભાળ લેજો; પણ હજી સુધી અમારી સંભાળ લીધી નહિ, એટલા સારુ તમારા ચરણારવિંદમાં વિનંતી કરવા આવ્યો છું. તમારે ક્રોધી ઉપર રીશ છે, પણ હું ક્રોધી નથી. મેં દુષ્ટજનને શિક્ષા આપવા તમારી આજ્ઞાથી ક્રોધ રાખ્યો છે. તે પણ તમને મળવાથી મારો ક્રોધ નાશ થઈ ગયો. સત્સંગમાં હું ક્રોધ ચલાવીશ નહિ. તમારા ચરણારવિંદના પ્રતાપથી સત્સંગમાં નવનીધિ ને અષ્ટસિદ્ધિ હું શાંત રીતે વાપરીશ.' એમ કહી વિરામ પામ્યા.

પછી અમે કહ્યું કે, 'સિદ્ધિમાત્રના તમે નાથ છો, માટે તમારી પ્રતિમા સહકુટુંબે જૂનાગઢમાં પધરાવશું.' તે વખત શંકર, પાર્વતી, ગણેશ, નંદીશ્વર એ બધાયે અમારાં ચરણારવિંદ હૃદયમાં લીધાં. અને ચંદન-પુષ્પાદિકે કરી અમારી પૂજા કરી. તે હજી અહીંયાં બેઠાં છે. અમે થાળ જમશું તે પ્રસાદી લઈને પછી તે કૈલાસ જશે." પછી બ્રહ્મચારીને કહેવાથી તે થાળ લાવ્યા. તે મહારાજ જમ્યા ને પછી શંકર વિગેરેને પ્રસાદી આપી.

ચાલતી વખતે પોઠિયે આકાશ માર્ગે ત્રાડ મારી, તે સર્વેએ સાંભળી. ગામમાં તથા દરબારમાં એમ થઈ પડ્યું કે, આકાશમાં શેનો ઘોર શબ્દ થયો ? પછી મહારાજ કહે, "નંદી-પોઠિયો જમી પ્રસન્ન થઈ ત્રાડ મારી તેનો શબ્દ છે." તે સાંભળી સર્વે વિસ્મય પામ્યા.

જરા વાર લાગી એટલે શંકરની બે મૂર્તિઓ પાર્વતી, ગણપતિ, પોઠિયા સહિત એક કારીગર લઈને આવ્યો. પછી તે પ્રતિમાઓ

લીધી. અને તે વખત જૂનેગઢ મંદિર તૈયાર થયાનો પત્ર આવ્યો. પછી ગોપાળસ્વામી સહિત મૂર્તિઓ લઈને મહારાજ જૂનેગઢ જવા તૈયાર થયા. અને એવો વિચાર કર્યો કે, રાધારમણ, રણછોડજી, ત્રિકમજી ને સિદ્ધેશ્વર મહાદેવને સહકુટુંબ સહિત પધરાવવાનો ઠરાવ કર્યો. એવી રીતે એક મોટું ચરિત્ર તે જગ્યાએ મહારાજે કર્યું છે. ॥૮૭॥

પાંચુબાઈના એ ઓરડાના વાંસલા વાડામાં વચલા કરા પધોર દાડમનું ઝાડ હતું ત્યાં મહારાજ ઉદાસ થઈ સૂતેલા હતા, તેનું

ચરિત્ર નં.૮૮

લોકવાણી સાંભળીને મહારાજની ઉદાસી

પાંચુબાના ઓરડાની પાછળ બે બારણાં હતાં. તેની આગળ થોડું પહોળું અને લાંબું દિવાલથી કબજાબંધ સ્થાન હતું. તે સ્થાનમાં ઉપર માળેલી ખુલ્લી ઓસરી હતી. તેની આગળના ભાગમાં ઘણાં દાડમનાં ઝાડ હતાં. મહારાજ કોઈ વખત તે ઓસરીમાં બેસતા હતા.

એક વખત સાધુઓની મંડળી આવી ને તે મહારાજને પગે લાગી. મહારાજે દેશાવરના સમાચાર પૂછ્યા એટલે સાધુએ લોકવાણીથી હકીકત કહી. તે સાંભળી મહારાજ ઘણું ઉદાસ થઈ બદરિકાશ્રમને વિશે જવા મનસૂબો કર્યો. અને ઉદાસ થઈને ચાલી નીકળ્યા. પછી ઉત્તમરાજા અને મોટી ત્રણ ડોશીઓને ખબર પડતાં મહારાજની કેટલીક સ્તુતિ કરી જાવા ન દીધા, તોપણ મહારાજ ઉદાસી આળસતા નહિ. પછી પાંચુબાઈના વાડામાં દાડમનાં ઝાડ હતાં. ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. અને તે વખત ઉનાળાનો હતો, એટલે પરમહંસોએ બુંગણ બાંધી પાણી છાંટ્યું અને સદ્‌ગુરુઓ તથા પાર્ષદો આવી બેઠા. અને બ્રહ્માનંદસ્વામી વિગેરેએ ઘણા નકટા-પ્રકારે કળા કરી, પણ મહારાજની ઉદાસી મટી નહિ.

❋ સુરા ખાચરની રમૂજ અને ધર્મકુળને લાવવાના મર્મ :

તેવા સમામાં સુરો ખાચર નાગડકેથી આવ્યા અને નાગમાલાને ત્યાં ઊતર્યા. તે વખતે નાગમાલે સર્વે હકીકત સુરા ખાચરને કહી. તે સાંભળી વિચાર કરી ઢાલ, તલવાર ને હાથમાં ભાલા સહિત આવી મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા. પાછા ઊભા થાવા જાય છે, ત્યાં ઊભું થવાણું નહિ. તે જોઈ સભા હસી પણ મહારાજ હસ્યા નહિ.

પછી સુરા ખાચર બેઠા થયા અને બોલ્યા, “બ્રહ્માનંદસ્વામી ! મહારાજ ઉદાસ થઈ ગયા છે, તે હવે કાણું કરવો ? નહિ તો નિષ્કુળાનંદનો કરેલો એક શાખાની કાવ્ય શીખ્યો છું, તે ભણત(બોલત), પણ કાણો કરવો ? મહારાજ બોલતા નથી.” પછી બ્રહ્માનંદસ્વામી મરકીને કહે જે, “સુરાભગત ! ભગવાન તો હસે અથવા ન હસે પણ આપણે જે જાણવો હોય તે ભણો ને કાવ્ય ગાઓ.”

પછી સુરોભક્ત કાવ્ય ગાવા બેઠા, “બ્રહ્માનંદસ્વામી સાંભળો અમારી વાત. નિષ્કુળાનંદસ્વામીને અહીંના મુખી(મહંત) કરવા હતા, પણ જોગીરાજ તે બા ‘ત્યાગની મૂર્તિ’ તે કાણું વાત કહેવી. પછી આંહીંથી ભલકે(સવારે વહેલા) ભાગુગા. અને ગઢાળી જઈ આંબા શેઠને શાખો શીખવી મહારાજ પાસે મોકલ્યો. ત્યાં તો બા મહારાજ આંહીંથી કારિયાણીએ ગયેલ. પછી કાણું કરવો ? પછી આંબાશાએ મારા પાસે વાત ભણી. તે હું કાવ્ય શીખું ગયો. અને તેદુનો આજ ભણે ભેગો થયો(લાગ આવ્યો). તે કાવ્ય ઈમી ભણી છે જે, ‘તમે બાઈઓના કારભારીને નમો, નમો સત્ગુરુના છૈયાને, નમો મહારાજના લૈયાને, નમો ભગત ભુલાને, નમો નાગમાલાના કુલાને.” તે સાંભળી મહારાજ ઘણું હસ્યા. અને હસતાં હસતાં ઢોલિયા ઉપર તકિયાનું ઓઠિંગણ દઈ પેટ દાબ્યું, પણ હસવુ રહે નહિ. ને સુરા ખાચર પાછા ગરબી ગાવા લાગ્યા કે,

નમો માનજી લુલાને, નમો ગોપાળજી બાડાને,
નમો હશના ઠુઠાને, નમો રૈયા રૂઠાને,
નમો મેઘજી બાડાને, નમો ગઢડાના કારભારને,
નમો શ્રીજીમહારાજને.....

પણ ભણું તે નિષ્કુળાનંદસ્વામી આંહીંના મહંત થતાં મોટા કષ્ટને પામે છે. માટે નિષ્કુળાનંદનો છૂટકારો કરો.” આવી રીતે ગરબી ગાઈ. ને વળી ફરી ઉપાડી. ત્યારે મહારાજે પોતાના પેરવાનાં પાંચે કપડાં સુરા ખાચરને આપી ચરણારવિંદ આપ્યાં ને ઘણા રાજી થયા.

પછી ત્યાં થાળ મંગાવ્યો. રીંગણાં ને વડીનું શાક ને બાજરાનો રોટલો જમ્યા. અને પછી મહારાજે સુરાભક્તને થાળ આપ્યો. પછી સુરેભક્તે મરમ કર્યો કે, “હે બ્રહ્માનંદસ્વામી ! આમાં નાગમાલાનો ભણે બા ભાગ, કેમ કે અનંત બ્રહ્માંડનો નાથ, નાગના કુલાનું ગાયું તેથી રાજી થયા. માટે નાગના કુલાના કાણું ભણે નસીબ બા.” પછી તે સાંભળી મહારાજે ઘણા દાંત કાઢ્યા.

પછી મોટા મોટા પરમહંસો તથા સદ્‌ગુરુઓ તથા ત્રણ મોટેરી બાઈઓ, ઉત્તમરાજા, જીણોભાઈ, સોમલો ખાચર, સુરો ખાચર, મૂળુભાઈ, પૂંજોભાઈ, પર્વતભાઈ વિગેરેને બોલાવ્યા. પછી મહારાજ એમ બોલ્યા જે, “જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ ને ઉત્તમરાજા એ ચારને વશ થઈ ગયા છીએ. અને એવો શબ્દ સાંભળીને બદરિકાશ્રમમાં જાતું રહેવુ હતું, પણ જીવુબાઈએ વૃત્તિ એવી ખેંચી કે, અમને ચાલવા ન દીધા. તેથી અમે ઉદાસ થઈ અહીંયાં બેઠા હતા. અમે એ શબ્દ સાંભળ્યો કે, ‘સ્વામિનારાયણ કોણ જાતના છે ?’ તેથી અમે ઉદાસ થઈ ગયા, પણ અયોધ્યા પાસે મખોડા એવું નામે કરીને તીર્થ છે. તે તીર્થને વિશે દશરથ રાજાએ શ્રવણને મારેલ છે.

તેની પાસે નજીકમાં છપૈયા કરીને ગામ છે, ત્યાં અમારાં માતા-પિતા રહેતાં. અને અમારા ભાઈનું નામ રામપ્રતાપ એવે નામે કરીને છે, ને બીજાભાઈનું નામ ઈચ્છારામ એવે નામે છે. અને તે ત્યાં રહે છે. અને તેનો પરિવાર ઘણો મોટો છે." પછી માત-પિતાનું નામ તથા ગોત્ર સામવેદ, પાંડે ઈટારિયાની શાખ તે વિગેરે સર્વે હકીકત કહી દેખાડી.

તે સાંભળી ત્રણ ડોશીઓ તથા ઉત્તમરાજા વિગેરેએ મહારાજની સ્તુતિ કરી બોલ્યાં જે, "મહારાજ ! તમારા કુળને આંહીં બોલાવો તો અમારા ગુરુપણા ને ઈષ્ટદેવ જેમ અમે પૂજીએ એમ મનમાં થાય છે." તે સાંભળી મહારાજ હસ્યા ને એમ બોલ્યા જે, "તમારી ઈચ્છા હશે તો એમ બનશે." ને મહારાજની ઈચ્છા જાણી માયાજીતાનંદ નામે કરીને સાધુ હતા, તે છપૈયે ધર્મકુળને તેડવા જતા હવા. પછી થોડા દિવસમાં તેડી લાવ્યા. આ ચરિત્ર દાડમના ઝાડવા નીચે મહારાજે કર્યું છે. ॥૮૮॥

એ ઓરડાના ફળીમાં મહારાજ અનેક વખત બેઠેલા છે ને અનેક ચરિત્ર કરેલાં છે તે મધ્યેથી કરેલ એક

ચરિત્ર નં.૮૯

મહારાજે ધોલેરાના પૂંજાજીને મૂર્તિઓ આપી.

એક વખત પાંચુબાઈના એ ઓરડાના ફળિયામાં મહારાજ શ્વેત વસ્ત્ર પેરી, ઢોલિયો બિછાવી ઉપર ગાદીતકિયા નંખાવી તે ઉપર વિરાજમાન થયા હતા. ને ગુલાબના પુષ્પનો હાર પહેર્યો હતો ને મોગરાના પુષ્પનો તોરો લટકતો હતો. તે સમયને વિશે ધોલેરેથી પુંજોજી આવ્યા ને હાથ જોડી એમ બોલ્યા જે, "હે મહારાજ ! ધોલેરાનું મંદિર તૈયાર થયું છે, માટે મૂર્તિયું પધરાવવા સારુ ત્યાં તમે પધારો." તે સાંભળી મહારાજે મૂર્તિઓ મંગાવી ને જોયું. તેમાં એક મૂર્તિ બહુ

સ્વરૂપવાન દીઠી. તે જોઈને મહારાજને લાડુબાઈ તથા ઉત્તમરાજા કહે જે, “આ મૂર્તિ તો આંહીં પધરાવવા રાખો.” ને તે વિશે તેમણે ખેંચ કરી ને પુંજાજીએ પણ ખેંચ કરી. લાડુબાઈ તથા ઉત્તમરાજા મહારાજના વચનથી આધીન તે બોલી શક્યાં નહિ, પણ મનમાં ખેંચ રહી ખરી.

પછી પુંજાજીની ખેંચ જોઈ એ મૂર્તિ મહારાજે પુંજાજીને આપી. અને ઘડીકવાર પછી એમ બોલ્યા કે, “એક મૂર્તિ કૃષ્ણની બીજી પણ ભેગી આપો.” તે વાત સાંભળી બધાય વિસ્મય પામ્યા. પછી મૂર્તિઓ લઈ ગયા.

પછી વખત આવ્યે નિત્યાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી સહિત મહારાજ ધોલેરા પધાર્યા. ને મહારાજ પધારતી વખતે ઉત્તમરાજાને એમ બોલ્યા જે, “લાડુબાઈને એ મૂર્તિની ખેંચ રહે છે, પણ જે અમે કરતા હશું, તે વિચારીને જ કરતા હશું. અમારે તમારાથી કાંઈ વધારે નથી. આપણે ગોપીનાથજી મહારાજ અહીંયાં પધરાવશું. તમે ઉદાસ થાશો નહિ. ગોપીનાથજી મહારાજ જબરેશ્વર છે. જુઓને આ મંદિર જબરજસ્તીથી કરીએ છીએ. કેટલાક રાજાઓ તરફથી ઉપદ્રવ આવે છે. તે સર્વેનો નાશ થઈ જાય છે, માટે તે ખરેખર જબરેશ્વર છે. અને અમે તમારી ને તમારા કુટુંબની રક્ષા કરીએ છીએ, તેમ તે પણ રક્ષા કરશે. અને એ અમારી જ મૂર્તિ છે, એમ જાણવું. અને રાધિકાજીની મૂર્તિ પણ તેમની જ જોડની અમે રાખી છે. માટે પુંજોજી ભલે સુખેથી મૂર્તિ ધોલેરા લઈ ગયા. મારે તો એ મૂર્તિ ક્યાંય પધરાવવી નહોતી, પણ એમની ખેંચથી પધરાવવા આપી અને બીજી પણ મૂર્તિ સુધ્ધાંત ભેગી આપી છે. તેની પણ પ્રતિષ્ઠા ભેગી થશે.”

પછી મહારાજ ત્યાં ધોલેરા પધાર્યા. તે વખત લાડુબાઈને સમાધિ થઈ એટલે ગોપીનાથજી મહારાજ એમ બોલ્યા કે, “આ પૃથ્વીનું પીઠ રહેશે ત્યાં સુધી અમે આંહીં રહેશું ને તમારી રક્ષા કરશું. તમે ઉદાસ

ન થાઓ.” એવું એક ચરિત્ર મહારાજે તે જગ્યાએ કર્યું છે. ને પછી મહારાજ ધોલેરે ગયા ને મૂર્તિ પધરાવીને ધોલેરેથી પાછા આવ્યા. ને થોડા દિવસ થયા ને સાંભળ્યુ કે, એ મૂર્તિ ખંડિત થઈ ગઈ. એવી રીતે તે જગ્યાએ મહારાજે અંતર્યામીપણું વાપર્યું છે. ॥૮૯॥

ઉગમણા બારના બે ઓરડાથી દક્ષણાદી કોરે રસોડું હતું, તેમાં જીવુબાઈની ઉપર કરો પડ્યો, તે થકી રક્ષા કરી તે

ચરિત્ર નં.૯૦

મહારાજે ભીત પડી તેથી જીવુબાઈની રક્ષા કરી.

ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાથી દક્ષણાદી કોર ઉગમણા બારનું રસોડું હતું. તે રસોડામાં મહારાજ તથા પરમહંસને જમાડવા સારુ જીવુબાઈ પંડ્યે રસોઈ કરતાં હતાં. મહારાજને ને સાધુને જમવાનો વખત થયો. તે વખત એ ઉગમણા બારના ઓરડાનો કરો પડી ગયો ને જીવુબાઈ તથા રસોઈના તમામ સરૂડા(વાસણ) દબાઈ ગયા. તે વાત મહારાજે સાંભળી તત્કાળ આવ્યા અને કહે જે, “રસોઈને તથા જીવુબાઈને કાંઈ થયું નથી. ને કોઈ ભાઈ અથવા કોઈ બીજા પુરુષે અડવું નહિ ને સાંખ્યયોગી ડોશીયું ધૂડ ફેરવી નાખે.” તે સાંભળી હજારો માણસો થકિત થઈ ગયા. ને કેટલાક માણસ એમ બોલવા લાગ્યા જે, “જીવુબાઈનો દેહપાત થઈ ગયો છે.”

પછી સાંખ્યયોગી, બ્રાહ્મણીઓ તથા ડોશીઓ વિગેરેએ ધૂડ તત્કાળ ઉથામી નાખી, તો ધાતુનું વાસણ કે ઠીકરાનું વાસણ એકેય ફૂટ્યું નહિ. અને જીવુબાઈને સમાધિ-લક્ષ થઈ ગયો હતો. પછી મહારાજે હાકલ મારી એટલે તેઓ સમાધિમાંથી ઊઠી ઊભા થયા. ને પછી જેટલાં વાસણ

ધાતુનાં તથા મૃતિકાનાં હતાં, તે જોયાં તો એકેય ફૂટેલ નહિ. પછી મહારાજે જીવુબાઈને પૂછ્યું, “કેમ કાંઈ વાગ્યું ?” ત્યારે જીવુબાઈ કહે, “મહારાજ, કાંઈ વાગ્યું નથી. હું તો ફક્ત તમારી મૂર્તિ ભાળતી.” પછી મહારાજ જમ્યા ને સાધુઓને જમાડ્યા. પછી જીવુબાઈએ મહારાજને બે બળદ ને એક વેલ્ય એ પ્રમાણે અર્પણ કર્યું ને મહામોટી પૂજા કરી. એવું મહા અદ્‌ભુત ચરિત્ર તે જગ્યાએ કર્યું છે. ॥૯૦॥

એ રસોડાથી દક્ષણાદી કોર ઘોડશાળ હતી, ત્યાં કરેલું

ચરિત્ર નં.૯૧

સૂર્યના સપ્તમુખી ઘોડાએ અવતાર ધર્યો તે વાત

ઉગમણા બારના ઓરડાથી દક્ષણાદી બાજુના એ રસોડાથી દક્ષણાદી કોરે ઘોડશાળ હતી. તેમાં ઘોડા બાંધતા હતા. તેમાં એક માણકી ઘોડીએ ઠાણ દીધું(વિયાણી). તેમાં એક ઘોડો આવ્યો. તે ઘોડાનો રંગ મોરની ડોકના જેવો હતો અને તે ઘોડો બહુ રૂપાળો ને બહુ ચંચળ ને ચાલાક હતો. પછી પૂર્વદેશના સોદાગર આવ્યા ને તે ઘોડાને જોયો. ને ઉત્તમરાજા પાસે ત્રણ હજાર રૂપિયે માગી લેવા ઠર્યો.

પછી મહારાજ પોઢ્યા હતા. તે ઊઠીને ઘોડશાળમાં આવ્યા. અને ઉત્તમરાજાને બોલાવ્યા અને કહ્યું કે, “ઘોડો વેચો છો કે ?” ત્યારે તે કહે, “હા મહારાજ, તમને પૂછવાની વાટ છે.” ત્યારે મહારાજ કહે, “આ ઘોડાને વેચવાનો નથી. એ તો સૂરજનારાયણના સપ્તાસ(સાત મુખી) ઘોડાએ અવતાર લીધો છે. અને એ ઘોડા ઉપર અમે ચડીએ એટલા સારુ અહીં જનમ ધર્યો છે. અને તે ઘોડો અમે અસવારી કર્યા પછી થોડા જ દિવસ જીવશે. **આંહીં જે જીવ આવે છે, તે તમામ મુક્ત જ**

હોય છે. એને અવતાર લેવાનું એટલું જ કારણ છે જે, અમારું દર્શન, સ્પર્શ ને પ્રસાદ એ ગ્રહણ કરવા સારુ આંહીં પ્રગટ થાય છે. માટે આ ઘોડો વેચવો નહિ.” એમ મહારાજ શ્રીમુખે બોલ્યા.

તે સાંભળી ઉત્તમરાજા કહે, “બહુ સારું મહારાજ.” પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા. ને એ માણકિયો ઘોડો ઉત્તમરાજાને સપ્તાસ ઘોડારૂપે દેખાણો. તે આશ્ચર્ય જોઈ ઘણા વિસ્મય પામ્યા અને પોતે ધન્ય ધન્ય માની મહારાજનો મોટો મહિમા જાણતા હવા. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૯૧॥

ઘોડશાળની ઉગમણી ઓસરીએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૯૨

મહમદપીરને મહારાજનાં દિવ્ય દર્શન તથા ગૃહત્યાગ

દાદા ખાચરના દરબારમાં ઘોડાની ખરીદી માટે ઘોડા જોવા આવેલો સોદાગર જાતે મુસલમાન હતો. તે ઘોડો જોવા સારુ ઘોડશાળમાં ગયો ને ઘોડો જોઈ મહારાજની મુલાકાત કરવા ઘોડશાળની ઓસરીએ બેઠો. ને મહારાજ ત્યાં પધાર્યા અને ખુરશી ઉપર બેઠા. એ મુસલમાનનું નામ પીર મહમદ એવે નામે કરીને હતું. પછી તેણે મહારાજને સલામ કરી. ને મહારાજે તેના ખબર પૂછ્યા એટલે તેણે સમાચાર આપ્યા.

પછી તેણે ઘોડશાળ સામું જોયું ત્યાં તો તેજ ભાળ્યું અને તેજમાં સપ્તમુખો ઘોડો ભાળ્યો. ને એ ઘોડાને ફરતા ચોવીશ પેગમ્બરો ભાળ્યા. ને તે ઘોડા ઉપર એક સિંહાસન ભાળ્યું અને તે સિંહાસન ઉપર મહારાજને ભાળ્યા. તે જોઈ ઘણું આશ્ચર્ય પામ્યો. અને હજાર રૂપિયા મહારાજને ચરણે મૂક્યા ને પોતે પીર મહમદ સંસારનો ત્યાગ કરી ત્યાગી થયો ને

તેના ભત્રીજાને સર્વે સરસામાન સોંપી વિદાય કર્યો. તે થોડા દિવસમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પામી ભગવાનના ધામમાં ગયો. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ॥૯૨॥

એ ઘોડશાળના ફળિયામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૯૩

સપ્તમુખી ઘોડોનો મહારાજે ઉદ્ધાર કર્યો.

એક વખત મહારાજ ઘોડશાળના ફળિમાં આવી એ સપ્તાસ માણકિયા ઘોડા ઉપર ચડી ફેરવ્યો અને પોતે ઘણા રાજી થયા ને પ્રસાદીનો જમેલ લાડવો તેને ખવરાવ્યો. ને પંદર દિવસ સુધી એ ઘોડાને એ જ ફળિયામાં ફેરવ્યો ને હંમેશા બે લાડવા આપે.

પછી એક દિવસ ઘોડાની ચાકરી કરવાવાળો રાઠોડ ધાધલ મહારાજ પાસે આવી કહે જે, "એ ઘોડો આજે માંદો છે." એવું સાંભળી મહારાજ ઘોડશાળની ઓસરીએ આવ્યા ને જુએ તો એ ઘોડાને પેટમાં પીડા થઈ હતી. તેથી પ્રસાદીનું પાણી કરી તાંસળીમાં ભરીને પાયું એટલે પાણી પીતા વેંત ઘોડો નીચે પડ્યો ને મરી ગયો. ને બધાય માણસ જુએ છે તેટલામાં એ ઘોડાના મોઢામાંથી તેજનો અંબાર નીકળ્યો, તે આકાશ માર્ગે ચાલ્યો ગયો. એમ ચાલીશ વ્યક્તિઓએ નજરે ભાળ્યું. એવી રીતે એ ઘોડાએ દેહત્યાગ કર્યો અને ભગવાનના ધામમાં ગયો. તે જોઈ હજારો માણસ ઘણું આશ્ચર્ય પામ્યા. ॥૯૩॥

શ્રીજીમહારાજના ચરિત્રની કલમ ૯૪ થી ૧૦૦ સુધી એ પ્રમાણે સાત કલમોનાં ચરિત્ર એકંદર લખ્યાં છે. (હાલ મંદિર છે, તે જગ્યાનાં ચરિત્રો છે. તેના સ્થળની વિગત ચરિત્રમાં આવી ગઈ છે.)

ચરિત્ર નં.૯૪

દક્ષિણાદા ઓરડાની વાસ્તુ વખતે મહારાજનાં વિરાટરૂપે દર્શન

હાલ જે જગ્યાએ ગોપીનાથજી મહારાજનું મંદિર છે, તે જગ્યાએ દક્ષણાદા બાર તથા ઓત્રાદા બાર એ બેય કોર ઓસરીના ઓરડા બે સારા મોટી પડથારના હતા. એ ઓરડાનું વાસ્તુ કર્યું. ત્યારપછી મહારાજને તથા સર્વ પરમહંસ વિગેરે ત્યાગીમંડળ તથા ગૃહસ્થને ઉત્તમરાજાએ સાત વાનાંની સુખડીનાં પકવાન કરાવી જમાડ્યા હતા.

ત્યારપછી આથમણી કોરના ઓરડામાં મહારાજને પધરાવ્યા. તે વખત ઉત્તમરાજાએ ચંદન, પુષ્પ તથા વસ્ત્ર, અલંકારે કરીને મહારાજની મોટી પૂજા કરી આરતી ઉતારી. ત્યારે તેમને પ્રત્યક્ષ વૈરાટરૂપે દર્શન આપ્યું. અને સભાએ પણ મહારાજનું સ્વરૂપ વિરાટ જેવું મોટું ભાળ્યું. તે આશ્ચર્ય જોઈ સર્વે વિસ્મય પામ્યા. ॥૯૪॥

ચરિત્ર નં.૯૫

દક્ષિણી બ્રાહ્મણીને ગણપતિરૂપે દર્શન આપ્યાં.

એ ઓરડામાં સાધુને ઉતારો આપતા, ને તે જગ્યાએ મહારાજે ‘બ્રહ્મનિરૂપણ’ની વાત કરી ઘણા પરચા આપ્યા છે. એક દક્ષિણી બ્રાહ્મણીને મહારાજે મહાગણપતિરૂપે દર્શન આપ્યાં. ને તે ગણપતિ મહારાજના ચરણારવિંદની સેવા કરીને ચરણમાં લીન થયા. એવું મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૯૫॥

ચરિત્ર નં.૯૬

મહારાજે શેખજીની દાઢીમાં અનેક મુક્તો દેખાડ્યા.

એ બે ઓરડાની મધ્યે ઉગમણા ઓરડામાં ઉત્તમરાજાનું દીવાનખાનું હતું ને ત્યાં મહારાજ મંત્ર-વિચારણા કરવા બહુ વાર આવતા. એક વખત શેખજી કરીને એક મુસલમાન હતા, ને તે ત્યાં દીવાનખાનામાં રહેતા. મહારાજે તેમને પૂછ્યું કે, “તમારી દાઢીમાં માગ કેમ છે ?” ત્યારે શેખજી કહે, “મારી દાઢીમાં મુક્તોનાં મંડળ વિમાન સહિત ચાલ્યા જાય છે. તેથી મારી દાઢીમાં માગ છે.” તે સાંભળી લાધો ઠક્કર કહે જે, “મુક્તોની પેજારો(પગરખાં) લાગી તે એની દાઢી ઊડી ગઈ છે.” પછી ઉત્તમરાજા હસ્યા. તેટલામાં લાધા ઠક્કરને સાક્ષાત્ જણાણું કે, શેખજીની દાઢીમાંથી હજારો મુક્તોનાં વિમાન સોંસરા નીકળે છે. અને તેનો દેહ મહામોટો વિકરાળ દેખાણો. ત્યારે લાધા ઠક્કરને શેખજીનો મહિમા જણાણો. એવું અદ્‌ભુત ચરિત્ર મહારાજે કર્યું હતું. ॥૯૬॥

ચરિત્ર નં.૯૭

મહારાજે બ્રહ્માનંદસ્વામીને નવ યોગેશ્વરનાં દર્શન કરાવ્યાં.

એ બે ઓરડાની મધ્યે આથમણી કોરના ઓરડામાં બ્રહ્માનંદસ્વામી રહેતા. ને ત્યાં મહારાજે અનેક ચરિત્રો કર્યાં છે. એક દિવસે આ ઓરડામાં મહારાજ પધાર્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને તલસાંકળી જમાડી. પછી મહારાજે તલસાંકળી જમી બ્રહ્માનંદસ્વામીને હાથમાં આપી. ને તેમના હાથમાંથી કોઈ તલસાંકળી લઈ ગયું. એમ ત્રણ વખત કોઈ લઈ ગયું, પણ તે બ્રહ્માનંદસ્વામી ભાળે નહિ કે કોણ લઈ જાય છે. અને હાથમાં તલસાંકળી રહે નહિ. પછી મહારાજને પૂછ્યું. ત્યારે મહારાજ કહે જે, “એ તલસાંકળી નવ યોગેશ્વર દર્શન કરવા આવ્યા હતા તે લઈ ગયા.” પછી મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, “તમે આંખો મીંચો એટલે દેખાશે.” પછી બ્રહ્માનંદસ્વામીએ આંખો મીંચી, એટલે નવ યોગેશ્વર દેખાણા. એવું ચરિત્ર કર્યું છે. ॥૯૭॥

ચરિત્ર નં.૯૮

સંતોને મહારાજ ધામમાં તેડી જતા એવાં દર્શન

તે દક્ષણાદા બારના ઓરડાની પાછલી ઓસરીના આઠેય ખંડમાં મહારાજ ઢોલિયો ઢળાવીને વિરાજમાન થાતા. ને ત્યાં માંદા સાધુના ખાટલા રહેતા. ત્યાં માંદા સાધુ હોય તો તેમની પાસે મહારાજ વાતો કરતા અને અદ્‌ભુત ચરિત્ર કરતા. તેમાં કેટલાક સાધુઓને દેહ મૂકતી વખતે તેમનો આત્મા ચતુર્ભુજ થઈ દિવ્ય દેહે વિમાનમાં બેસી ધામમાં ચાલ્યો જાતો, એવું હજારો માણસ દેખતા. ॥૯૮॥

ચરિત્ર નં.૯૯

દક્ષણાદા બારના ઓરડાની ઓસરીમાં સભાઓ

દક્ષણાદા બારના ઓરડાની ઓસરીમાં આઠે ખંડમાં આઠે ઠેકાણે ચોમાસામાં ઢોલિયા ઉપર વિરાજમાન થઈ મહારાજ સભા કરતા. અને ત્યાં ચોમાસાના દિવસમાં વરસાદ વરસતો તે વખતે તમામ રાતાં વસ્ત્ર પહેરી ઢોલિયા ઉપર વિરાજમાન થાતા. અને ત્યાં અદ્‌ભુત ચરિત્ર કરતા. ॥૯૯॥

ચરિત્ર નં.૧૦૦

મહારાજે અનેક પક્ષીઓનો ઉદ્ધાર કર્યો.

એકવાર ઓરડાના વચલા પગથિયા ઉપર મહારાજ ચાકળો નંખાવી ચોમાસામાં વિરાજમાન થાતા. અને ત્યાં દાતણ કરતા ને દાતણ કરી રહ્યા પછી ચોમાસામાં દરરોજ પાંચ માણાં જુવાર પારેવા વિગેરે જનાવરોને પોતે હાથે કરીને નાંખતા ને ત્યાં હજારો જનાવરો તરેહ તરેહ વારનાં(જાતિનાં) તે સમયમાં ભેગાં થાતાં, અને તે જનાવરો ભગવાનના હાથની પ્રસાદી જમીને કૃતાર્થ થઈને ઊડી ગયાં ને મોક્ષ પામ્યાં. એ રીતે મંદિર કર્યા મોર્ય ત્યાં ઓરડા હતા એમાં મહારાજે અનેક ચરિત્ર કરેલાં છે. તે મધ્યેથી થોડાક લખ્યાં છે. આ ઉપરની સાત કલમનાં ચરિત્ર એકસાથે લખ્યાં છે. ॥૧૦૦॥

જુવારની ખાણ ઉપર કરેલું

ચરિત્ર નં.૧૦૧


રંગોત્સવ તથા હિમાલય મહારાજનાં દર્શને આવ્યા.

એ દક્ષણાદા બારના ઓરડા મધ્યેના આથમણી કોરના ઓરડાને ખૂણે ફળીમાં ત્યાં જુવારની ખાણ હતી. તે ઉપર એક દિવસે મહારાજ ઢોલિયો ઢળાવી તે ઉપર ગાદીતકિયા નંખાવી વિરાજમાન થયા હતા. તે દિવસ હુતાશનીનો હતો. અને ગુલાબી રંગના વસ્ત્રનો પોષાક પહેર્યો હતો. ને સાધુઓ ઝાંઝ-પખાજ લઈ કીર્તન ગાતા હતા. અને પછી તે જગ્યાએ એક કિશોર મૂર્તિ શ્વેતાંબર વસ્ત્ર પહેરી સભામાં આવી ને તેના હાથમાં આરસના પાણાનો બનાવેલો પાણી ભરેલો એક સુંદર ઘડો હતો. તે લઈ તે કિશોર મૂર્તિ સભા સોંસરા મહારાજ પાસે આવ્યા. તેનો બ્રહ્મચારીના જેવો વેશ હતો ને સફેદ દાઢી હતી. તેણે મહારાજની સોળ ઉપચારે કરી ચરણારવિંદની પૂજા કરી અને એક મોતીની માળા પહેરાવી મહારાજને જળપાન કરાવ્યું. પછી મહારાજે જળપાન કરી વધેલું પાણી પાછું આપ્યું. પછી તે પ્રસાદીનું જળ પી ગયા.

અને મહારાજ પ્રત્યે બોલ્યા કે, “હે કૃપાનાથ ! મને ઓળખો છો ?” ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, “હા, અમને હિમાલય પર્વતને વિશે રસ્તો ચીંધ્યો હતો તે જ તમે છો કે ?” પછી તે દંડવત કરી મહારાજને ચાર વખત મળ્યા ને મહારાજ પાસે બેઠા.

અને પછી ઉત્તમરાજાએ આવી શ્રીહરિ ઉપર ગુલાલ ઉડાડ્યો. અને શ્રીહરિએ ગુલાલની મૂઠીઓ ભરી ભરી સર્વે ઉપર ગુલાલ નાખ્યો. પછી સાધુઓ કહે જે, “હે મહારાજ ! અમને ગોઠ આપો.” પછી મહારાજે કહ્યું જે, “જે જોઈએ તે માગો.” પછી સાધુઓ કહે જે, “તમારાં ચરણારવિંદ અમારા હૃદયમાં આપો.” પછી મહારાજે

ચરણારવિંદ હૃદયમાં આપ્યાં. ને સાધુએ તે ચરણારવિંદ હૃદયમાં લીધાં. પછી સભાને ઊઠવાની આજ્ઞા થઈ.



ત્યારપછી તે જગ્યાએ અજવાળીએ ઢોલિયો કાઢી નાખી જારની ખાણના ઢોરા ઉપર મહારાજ બાજોઠ ઉપર વિરાજમાન થયા ને બીજો બાજોઠ ઢળાવી આગળ મૂક્યો. પછી ઉગમણે મુખારવિંદે જમવા બેઠા. જમવામાં તાંદળજાની ભાજી કેરીના મરવાએ યુક્ત અને પૂરી, ચોખા ને પાપડ અને આદાનું અથાણું જીવુબાઈ લાવ્યાં, તે મહારાજ જમ્યા. પછી એ બ્રહ્મચારીના વેશને ધારી રહેલા હિમાલયને તે પ્રસાદી આપી. પ્રસાદી જમી રહ્યા પછી જમીનથી એક હાથ ઊંચે ઉગમણી દિશાએ ચાલ્યા ગયા. તે જોઈ જીવુબાઈ કહે જે, “એ કોણ હશે ?” પછી મહારાજ કહે જે, “હિમાચલ પર્વત અમારાં દર્શને આવ્યા હતા અને આ મોતીની માળા પહેરાવી છે. હિમાલય પર્વતમાં અમે વિચરતા હતા, તે દિવસ તેમણે અમારી ઘણી સેવા કરી છે.” એમ કહી તે સંબંધી કેટલીક વાર્તા કરી. એવું અદ્‌ભુત ચરિત્ર મહારાજે કર્યું છે. ।।૧૦૧।।

ઉત્તમરાજાના દરબારમાં વચલા ચોકમાં કરેલું

ચરિત્ર નં.૧૦૨

દરબારગઢમાં આવેલા લિંબડાની પ્રશંસા

ઉત્તમરાજાના દરબારમાં ઓતરાદા બારના ઓરડા તથા ઉગમણા બારના ઓરડા ને આથમણા બારના ઓરડા તે ઓરડાના મધ્યે ચોક છે. તે ચોકમાં ઉગમણી તરફ લગારેક વિશેષ કલ્પવૃક્ષ તુલ્ય મહા રમણીક ને એકસરખું મનોહર, મહાપ્રતાપી અને તેજસ્વી એવું એક લીંબડાનું વૃક્ષ છે. તે લીંબડો મહામુક્ત છે. ને તેની નીચે ઘણાંક વર્ષ સ્વામિનારાયણ મહારાજે સભાઓ કરેલ છે ને બેઠેલા છે, તેનાં ચરિત્ર કહું છું. તે હવે સાંભળો. ।।૧૦૨।।



એ લીંબડા ફરતો ઓટો છે ને તે ફરતો ચોક છે.
ત્યાં અનેક ચરિત્ર કર્યાં છે.

ચરિત્ર નં.૧૦૩

લીંબડા નીચે દેવો તથા મુક્તોનાં દર્શન

એ લીંબડા ફરતો ઓટો છે. તે મહા રમણીક છે ને તે ફરતો ચારેય કોર મહાવિશાળ ચોક છે. ને તે ચોકમાં હજારો વખત તેત્રીશ કરોડ દેવતાઓ અને અનંત મુક્તની સભા થયેલ છે. તે હજારો માણસોએ નજરે જોયેલ છે. તે ઓટો અક્ષધામમાં જેમ સિંહાસન છે, તેની પેઠે ઉત્તમરાજાના દરબારમાં એ મહામનોહર વેદિકા છે. ને ત્યાં મહારાજે અનેક ચરિત્ર કર્યાં છે. ॥૧૦૩॥

એ ઓટા ઉપર ઉગમણે મુખારવિંદે મહારાજ અનેક વખત બેઠેલા છે ને અનેક ચરિત્રો કર્યાં છે. તેમાંથી લખેલ

ચરિત્ર નં.૧૦૪

મહારાજે નાથાને બોલતો અને હસનાને ચાલતો કર્યો.

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં ચોકમાં લીંબડા નીચે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાની પાસે પાંચ-સાત સાધુ અને પાર્ષદો ને ઉત્તમરાજા તથા અભયરાજા અને ત્રણ મોટેરી ડોશીઓ એ સર્વે બેઠાં હતાં.

તે સમયમાં સરધારના મુસલમાન જાતના મોટો કરીમ એવે નામે કરી ઘાંચી વોરો આવ્યા. તે પોતાના બે ભત્રીજાને સાથે લાવ્યા. તેમાં

નાથો કરીને મુંગો હતો અને હશન કરીને હાથે ઠૂઠો ને પગે પાંગળો હતો. તે બે છોકરાને ગાડા ઉપરથી ઉતારી મહારાજ પાસે મૂક્યા. ને ગાડુ, બળદ વિગેરે સામગ્રી મહારાજને અર્પણ કરી પગે લાગ્યો.

તે વખત શ્રીપાત્ દેવાનંદસ્વામી "**मुकं करोति वाचालं**" એ શ્લોક બોલ્યા. તે સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા, "એ વાત પ્રત્યક્ષ જોવાની ઇચ્છા છે ?" ત્યારે શ્રીપાત્ દેવાનંદ બોલ્યા કે, "પ્રભુનાં ચરિત્ર જોવાની કેને ઇચ્છા ન હોય ?" પછી મહારાજે મિયાંજીને કહ્યું કે, "એક ચકલું પકડી લાવ." પછી તેણે ચકલાને પકડ્યું. અને નાથો કરીને જે મુંગો હતો, તેના મોઢામાં ચકલું બોલાવ્યું એટલે પાધરો જ "મહારાજ..!" એમ કહીને બોલવા લાગ્યો. પછી ભગુજીને મહારાજે કહ્યું કે, "તમે પાંગળા હસનને ઊભા થઈ એના પગ ઉપર પગ મૂકી ખેંચો." પછી તેમ કરી હડસેલો માર્યો એટલે દશ કદમ સુધી ચાલ્યો ગયો. ને પાછો વળી મહારાજને આવીને પગે લાગ્યો.

પછી મહારાજે પોતાને હાથે કરી એના બેય હાથ ઉપર હાથ ફેરવ્યો. પછી હાથમાં જીવ નહોતો તે હાથ સચેત થયા અને વાંસો ઠબકારી કહ્યું જે, "આને મુનશી(શિક્ષક) પાસે ભણાવો એટલે મહાડાહ્યો ને લખવે હોંશિયાર થશે અને કોઈ એને જીતી શકશે નહિ." એમ આજ્ઞા કરી. તે જોઈ શ્રીપાત્ દેવાનંદસ્વામી તથા અભયરાજા, ઉત્તમરાજા ને એ સભામાં બેઠેલા સહુ ઘણું વિસ્મય પામ્યા. એવું એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ।।૧૦૪।।

એ ઓટા ઉપર ઓતરાદે મુખારવિંદે મહારાજ ઘણીક વખત બેઠેલા છે. તે વખતનું એક

ચરિત્ર નં.૧૦૫

નિત્યાનંદ સંન્યાસીએ શ્રીહરિની પૂજા તથા સરસ્વતી દર્શન

એક વખત મહારાજ લીંબડા તળે ઓટા ઉપર ઓત્રાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. તે વખત નિત્યાનંદ કરીને એક સંન્યાસી આવ્યા. ને તેમની સાથે કેટલાક શિષ્ય હતા. તે પોતાના શિષ્ય પાસેથી જરિયાનનો પાંચેય વસ્ત્રનો પોશાક મહારાજ સારુ લઈ આવ્યા હતા. પછી તેનાથી મહારાજની પૂજા કરી અને તે વસ્ત્ર પહેરાવ્યાં અને પગે લાગ્યા અને એક મોટું દાડમનું ફળ મહારાજ આગળ મૂક્યું. પછી હાથ જોડી સ્તુતિ કરી અને પોતાની જોડેલી કવિતા મહારાજને સંભાળવી. તેથી મહારાજ રાજી થયા અને તેમનાં વખાણ કર્યાં. અને કેટલીક વાત તેમાંથી કાઢી નંખાવી.

તે વખતે બ્રહ્માનંદસ્વામીએ હસી મરમ કર્યો કે, “આ કાવ્ય કરતી વખતે શ્રીપાત્ નિત્યાનંદજીની જીભ પર સરસ્વતી બેઠાં હશે, નહિ તો આવું કાવ્ય ક્યાંથી થાય ?” પરંતુ નિત્યાનંદ સંન્યાસીને તે રમૂજથી અપમાન લાગ્યું તેથી રીસ ચડી. તેથી જીભ બહાર કાઢી બ્રહ્માનંદસ્વામીને બતાવી તો તેમની જીભ ઉપર સરસ્વતીનું સ્વરૂપ પ્રગટ થયું અને બાલકુંવારીકા સરસ્વતી વેણુ વજાડતાં શ્રીહરિની સામી દૃષ્ટિ રાખી સ્તુતિ કરી રહ્યાં હતાં. પછી તે સૌ દેખે તેમ મહારાજના ચરણારવિંદમાં પ્રવેશ કરી ગયાં. આવું આશ્ચર્ય જોઈ બ્રહ્માનંદસ્વામી તથા સભાના માણસો વિસ્મય પામ્યા અને સહુને ખૂબ આનંદ થયો. એવી રીતે મહારાજે મહાઅદ્‌ભુત ચરિત્ર કર્યું. ॥૧૦૫॥

એ ઓટા ઉપર દક્ષણાદે મુખારવિંદે ઘણી વખત વિરાજમાન થયેલ છે. તેનું એક

ચરિત્ર નં.૧૦૬

ગંગાજીએ આવી મહારાજની પૂજા કરી.

એક વખત એ લીંબડા હેઠે ઓટા ઉપર ઢોલિયો બિછાવીને મહારાજ દક્ષણાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને તે વખત ચોમાસાની ઋતુ હતી. તે એકદમ વરસાદનું સરવડું આવ્યું. તેથી સર્વે સભામાંથી ઊઠી ઓતરાદા બારના ઓરડાની ઓસરીએ ચડી ગયા. ને મહારાજ ત્યાં ને ત્યાં ઢોલિયા ઉપર બેસી રહ્યા. અને વરસાદ ખૂબ પડવા લાગ્યો અને અંધારું ઘોર થઈ ગયું, તોપણ મહારાજ ત્યાં ને ત્યાં બેસી રહ્યા.

ત્યાં એક મહાસ્વરૂપવાન ને હળવું વસ્ત્ર પેરેલ એક સુંદર પાણીનો ઘટ ભરેલ સ્ત્રી આકાશ માર્ગેથી લીંબડાના વૃક્ષ હેઠે સર્વે સભાને જોવામાં આવી. અને તેણે મહારાજ ઉપર પાણીના ઘડાથી સ્નાન કરાવ્યું. ને ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. ને એક કમળની માળા મહારાજના ડોકમાં પહેરાવી ને પછી અલોપ થઈ ગયાં. એ વરસાદનું જળ પણ ધોળું ને શ્વેત દૂધના જેવું સહુના જોવામાં આવ્યું.

પછી વરસાદ રહી ગયો ને મહારાજ ઓસરી ઉપર પધાર્યા. પછી નિત્યાનંદસ્વામીએ પૂછ્યું, “મહારાજ ! આ અમે અલૌકિક ઐશ્વર્ય ભાળ્યું, તે કોણ હતું ?” ત્યારે મહારાજ કહે, “સાક્ષાત્ ગંગા અમારા દર્શને આવી હતી. તેમણે અમને નવરાવ્યા.” પછી તે ફળીમાંથી સર્વેએ પાણી માથે ચડાવીને ચરણામૃત લીધું. એવી રીતે તે જગ્યાએ મહારાજે એક ચરિત્ર કર્યું છે. ।।૧૦૬।।

એ લીંબડાના ઓટા ઉપર આથમણી બાજુએ કરેલું

ચરિત્ર નં.૧૦૭

ગંગારામાદિક મલ્લોએ કુસ્તી કરી હરિને રાજી કર્યા.

ગઢડાને વિશે દાદાના દરબારમાં લીંબડાના વૃક્ષ નીચે મહારાજ ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે મહારાજ ઘણી વખત બેઠેલા છે. એક વખત એ ઓટાની આગળ ચોકમાં પાણી છાંટેલું હતું ને ઉનાળાની ઋતુ હતી. ને રામનવમી ગઈ તેને પાંચ સાત દિવસ થયા હતા. અને મહારાજે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં હતાં ને ગુલાબના પુષ્પથી હરિજનોએ ગરકાવ કરેલા હતા. અને બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી વિગેરે સંતો ગાવણું ગાતા હતા. ને દેશાવરોના સંઘ આવેલા હતા. ને ચોકમાં સભા ભરાઈને બેઠી હતી અને સભામાં ભીડ ઘણી હતી.

તે સમયમાં રાજાના હજૂરી અને ઘણા આબરૂદાર માણસો ભૂજથી કુંટુંબે સહિત ત્યાં આવ્યા હતા. તેમાં એકનું નામ જેઠીમલ ગંગારામ ને બીજાનું નામ વાલજી. એ બંને જણ સભાની સમીપે આવી ઊભા રહ્યા પણ માગ મળ્યો નહિ. પછી પોતાની રીત પ્રમાણે પોતાના કુટુંબે સહિત ખભા ઠોકી સાષ્ટાંગ દંડવત કર્યા. તેથી મહારાજે સામું જોયું ને સભા વચ્ચે માગ થયો. પછી મહારાજ પાસે આવ્યા ને પગે લાગ્યા. તેણે મહારાજને એક ભારે તરવાર ને રાજાને બાંધવાની ભારે કટાર ભેટ મૂક્યાં. પછી સાષ્ટાંગ દંડવત કરી મહારાજનાં ચરણારવિંદ હૃદયમાં લીધાં.

પછી હાથ જોડી ઊભા રહ્યા, ને બોલ્યા, “જો આજ્ઞા હોય તો કુસ્તી કરીએ.” પછી દશે જણા કુસ્તી કરવા લાગ્યા. વાલજી ને ગંગારામે ઘણી કુસ્તી કરી. પછી બંનેને મહારાજે જરીનો પોશાક આપ્યો. તે વખત આકાશમાં વાજિંત્ર વાજવા લાગ્યાં ને નવીન જાતનાં પુષ્પ ને

ચંદનનો વરસાદ થયો. એ પ્રમાણે હજારો માણસોના જોવામાં આવ્યું. એવું એક અદ્ભુત ચરિત્ર તે જગ્યાએ કર્યું છે. ॥૧૦૭॥

એ ઓટા ફરતા ચોકમાં ઘોડીને મહારાજે લીંબડા ફરતી ફેરવેલ છે, તેનું

ચરિત્ર નં.૧૦૮

માણકી ફેરવતા મહારાજના દર્શને ગરુડ આવ્યા.

એક વખત લીંબડા નીચે મહારાજે તમામ લાલ પોશાક પહેર્યો હતો. ને ઘોડી ઉપર સોનેરી પલાણ મંડાવી, સોનેરી મોવડ વિગેરે સામાનથી ઘોડીને લપેટ કરીને, ઘોડીએ ચડીને લીંબડા ફરતા ઘોડીને કુંડાળે ધોડવતા. તે સમયને વિશે હજારો હરિજન જુવે છે તેટલામાં એક મોટો શબ્દ પાંખનો ગર્જનાનો થયો. તે જોઈ માણસ સ્થંભિત થઈ ગયા, અને ત્યાં લીંબડા તળે એક આશ્ચર્યકારી પક્ષી જોવામાં આવ્યું. અને તેને મનુષ્યના જેવું મુખ ને નાકને ઠેકાણે ચાંચ એવું મનોહર ભાળ્યું. તે જોઈ માણસ અહો..હો..હો..! એવો શબ્દ કહેવા લાગ્યા તોપણ મહારાજ તેના સામું જોતા નથી.

પછી બે ભુજાએ કરીને ગરૂડ સ્વરૂપી પક્ષી મહારાજને પગે લાગ્યું. પછી મહારાજે તેની સામું જોયું ને ઘોડીથી હેઠા ઊતર્યા. પછી તે પક્ષી કિકિયાટ કરી મહારાજ ફરતા સાત પ્રદક્ષિણા કરી ચરણારવિંદમાં પડ્યા. અને એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો. ને આ માણકી ઘોડીના વેગથી મારું અભિમાન ઊતરી ગયું.” એવી રીતે સ્તુતિ કરી અદૃશ્ય થઈ ગયું. એવું સમાધિવાળા સચ્ચિદાનંદસ્વામી વિગેરેને જોવામાં આવ્યું અને તે વાત જીવુબાઈએ રાજબાઈ અને લાડુબાઈ પાસે પણ કરી. એવું ચરિત્ર મહારાજે કર્યું હતું. ॥૧૦૮॥

મહારાજ ફૂલડોલને દિવસ રંગે રમ્યા તેનું

ચરિત્ર નં. ૧૦૯

મહારાજે દરબારગઢમાં અલૌકિક રંગલીલા કરી.

એકવાર ઉત્તમરાજાના દરબારમાં હુતાશનીના ફૂલડોલને દિવસે લીંબડાની ઉગમણી કોરની ડાળે ફૂલનો હિંડોળો બાંધ્યો હતો. અને તે સમયે મહારાજે સર્વે કેસરિયાં વસ્ત્ર પહેર્યાં હતાં. ને પહોર દિવસ ચડ્યે પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ને સંત ઝાંઝ-પખાજ લઈ ઉત્સવ સમયનાં કીર્તન ગાતા હતા. અને હજારો હરિભક્તો મહારાજની ભેટ સામગ્રીએ કરીને પૂજા કરતા હતા. પછી મધ્યાહ્‌ન સમયે ઉત્તમરાજાએ સોળ ઉપચારે કરીને મહારાજની પૂજા કરી ને લાડુબાઈએ એક તાજણ ઘોડી અર્પણ કરી. તે ઘોડી ઉપર ચડીને મહારાજે ચોકમાં ફેરવી.

અને પછી રંગ તૈયાર થયો. પછી લીંબડાના ઓટા ઉપર આથમણી બાજુએ પાટ મૂકી ને બે તફા(વિભાગ) કર્યા. એક તફો પરમહંસનો ને એક તફો મહારાજ અને ગૃહસ્થનો. એક ઉગમણા બારના ઓરડાની ઓસરી પાસે રંગનો હોજ કરેલો હતો ને એક હોજ લીંબડાના ઓટા પાસે કરેલો હતો. પછી રંગલીલા શરૂ થતાં સામસામી રંગની હજારો પિચકારીઓ છૂટવા લાગી. ને મહારાજ ઓસરી તરફ હતા. પછી સાધુએ ખૂબ ઉપાડો(હલ્લો) કર્યો. તે ગૃહસ્થોએ આડી ઢાલો આપી, પણ રંગની ખૂબ છોળો ઉડવા લાગી એટલે ગૃહસ્થ નાસી ગયા. ને લીંબડા તરફ જાતા રહ્યા. તેથી મહારાજ પણ લીંબડા પાસે ગયા, પણ સંતમંડળનું ઘણું જોર થયું ને મહારાજ બાજોઠ ઉપર ચડી ગયા. ત્યાં પણ ઘણી પિચકારીઓ આવવા લાગી. પછી તો મહારાજ લીંબડા ઉપર ચડી ગયા. ત્યાં નિત્યાનંદસ્વામીએ લીંબડા ઉપર ચડીને મહારાજને

ઝાલી લીધા, અને કોટમાંથી ઊતરી ને હાથમાંથી કડાં ને પોંચી કાઢી લીધાં. પછી મહારાજે લીંબડા ઉપરથી તાળી પાડી સર્વેને બંધ રાખ્યા. અને ઊંચા સ્વરથી બોલ્યા જે, “સંત જીત્યા ને અમે હાર્યા.” એવું કહી લીંબડાની તમામ ડાળીઓ ઉપર ફર્યા. ને નિત્યાનંદસ્વામી વાંસે ને વાંસે ફર્યા. ને પછી હેઠા આવી રંગે સહિત સંતને મળ્યા ને ગૃહસ્થને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. પછી તમામ પોશાક નિત્યાનંદસ્વામીને અલંકારે સહિત આપ્યો.



અને એમ બોલ્યા જે, “અમે હાર્યા.” પછી મોટી ત્રણ ડોશીયો તથા ઉત્તમરાજાને કહે જે, “અમે હાર્યા એટલે તમે હાર્યા. કેમ જે, અમે તમારે ત્યાં રહીએ છીએ. માટે પંદર દિવસ સુધી ત્રણે જણા સાધુઓને જમાડો.” તે વાત એ ત્રણેએ કબૂલ કરી. અને તે રંગ નદી સુધી ગયો હતો, તેટલું મહારાજ રમ્યા હતા.

પછી સંતો-ભક્તોને સાથે લઈ મહારાજ ઘોડીએ ચડી ખળખળિયે પધાર્યા ને ના’યા. અને પાછા ગાતા-વાતા દરબારમાં પધાર્યા. અને

લીંબડાને ઓટે ઓત્રાદે મુખારવિંદે બેસી લાડુબાઈનો થાળ જમ્યા. ને પછી રેશમી શેલુ કમરે બાંધી પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, ગૃહસ્થને પોતે પીરસી પકવાન જમાડ્યા. અને પછી મહારાજ અક્ષર ઓરડીએ પધાર્યા. એવી રીતે તે જગ્યાએ અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૧૦૯॥

ઉગમણા બારના ઓરડાની ઓસરી તથા લીંબડાના ઓટા વચ્ચે અનેક વખત ઢોલિયા પર વિરાજમાન થયેલ છે ને અનેક ચરિત્ર કર્યાં છે. તે મધ્યેનું એક

ચરિત્ર નં.૧૧૦

ધરમકુળ ગઢપુર આવ્યું ને તેને ભેટ આપી.

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડાના ઓટાથી આથમણી કોર ચોકમાં વિરાજમાન થયા હતા. અને તે દિવસ લોયેથી મહારાજ ગઢડે પધારેલા હતા. અને માયાજીતાનંદસ્વામી ધર્મકુળને લોયેથી તેડી આવેલ. તે ધરમકુળને મહારાજ ભેગા અહીં તેડી આવેલ. તે ઉત્તમરાજા તથા ત્રણ મોટેરી બાઈઓ મળી મહારાજની પૂજા કરી. ઉત્તમરાજાએ રામપ્રતાપજી તથા ઈચ્છારામજીને દસ હજાર રૂપિયા અભયરાજાના રહેલ હતા તે અર્પણ કર્યા. અને વસ્ત્ર, અલંકાર સહિત ઘોડા અને બે વંડા અર્પણ કર્યાં. તે જોઈ મહારાજ ઘણું પ્રસન્ન થયા. ને તે દિવસ ઉત્તમરાજાના કારભારી શેખજી કરીને હતા, તેણે પણ એક વંડો તેમને આપ્યો. અને મહારાજ ઘણા પ્રસન્ન થયા. એવું એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૧૧૦॥

ઉગમણા બારના ઓરડા ને લીંબડા વચ્ચે ખાણ હતી, તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૧૧

ઇચ્છારામજીને ગઢપુરમાં જ દ્વારકાનાં દર્શન

એક વખત ઉગમણા બારના ઓરડા અને લીંબડા વચ્ચે ખાણ હતી, તેની ઉપર મહારાજ ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા. ને તે વખત ઉત્તમરાજાને બોલાવ્યા, ને કહે કે, "આ રામપ્રતાપભાઈને દ્વારકાએ જવું છે, માટે ગાડી વિગેરે તૈયાર કરાવો." પછી ઉત્તમરાજા બોલ્યા કે, "ઈચ્છારામ ભાઈ જાય છે કે કેમ ?" તે વખત ઈચ્છારામ બોલ્યા કે, "મારે તો આંહીં જ દ્વારકા છે."

પછી મહારાજ હસ્યા અને કહે જે, "ધ્યાન કરો." પછી તેમણે ધ્યાન કર્યું એટલે તેમને તમામ દ્વારકા આંહીં જ જોવામાં આવી, ને બધાય મંદિરોમાં મહારાજને ભાળ્યા. અને પછી તે વાત ઈચ્છારામભાઈએ સભામાં કરી તેથી સહુને આનંદ થયો, પણ રામપ્રતાપભાઈના મનમાં સંશય રહ્યો. ને રામપ્રતાપભાઈ દ્વારકાએ ગયા. ને ઉત્તમરાજા વિગેરે વળાવવા ગયા. એ રીતે એક મહાચરિત્ર કર્યું છે. ॥૧૧૧॥

એ લીંબડાના ઓટા તથા ઉગમણી કોર ફળીમાં મહારાજ ઘોડી ફેરવતા. એક વખત મુસલમાન સોદાગર આવ્યો હતો, તેનું

ચરિત્ર નં.૧૧૨

મુસ્લીમ સોદાગર ગઢડામાં ઘોડો લેવા આવ્યો.

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડાના ઓટાથી ઉગમણી કોર ફળીમાં હતા ને ત્યાં એક મુસલમાન સોદાગર આવ્યો. તે વખત મહારાજે તેને તાજણ ઘોડી ફેરવી બતાવી. તે જોઈને તે ચકિત થઈ ગયો. ને પછી મહારાજને એક હજાર રૂપિયાની વીંટી હાથમાં પેરાવી ને મહારાજનો આશ્રિત થયો. ને તેણે તેજના અંબારમાં મહારાજને ભાળ્યા. ત્યારે તે કહે જે, "મહારાજ ! તમે તો સાક્ષાત્ અલ્લા છો." એમ કહી એણે એ ઘોડી દસ હજાર રૂપિયે માંગી, પણ મહારાજે ત્યારે ના પાડી. એ મુસલમાનનું નામ અલીમહંમદ કરીને હતું. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૧૧૨॥

એ ચોકમાં લીંબડાથી ઉગમણા ફળિયામાં સાંજ વખતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા, તે વખતે કરેલું

ચરિત્ર નં.૧૧૩

અલીમહંમદને સમાધિમાં પેગમ્બરનાં દર્શન અને શરણાગતિ

એક વખત સાંજના સમયે મહારાજ લીંબડાથી ઉગમણા ફળીમાં ગઢપુરને વિશે વિરાજમાન હતા. ને સંધ્યા આરતી ને ધૂન કરી રહ્યા પછી જીવા ખાચરને તેડીને એ અલીમહંમદ મહારાજ પાસે આવ્યો, અને કહે જે, "મારે સમાધિ જોવી છે." પછી મહારાજે પે'લા તો ના પાડી.

ત્યાર પછી મહારાજે સચ્ચિદાનંદસ્વામીને બોલાવ્યા, ને સમાધિ કરાવીને શરીર ઉપર અંગારા મૂક્યા. પછી એ અલીમહંમદ કહે જે, “આવું તો ફકીરુમાં પણ ભાળેલું છે.” પછી મહારાજે સોટી અડાડી એટલે સચ્ચિદાનંદસ્વામી ઊઠ્યા.

અને અલીમહંમદ સાથે મહારાજે મુસલમાની અરબી બોલીમાં એકથી તે ચોવીશ પયગંબર જે જે મુલકમાં થયેલ તે તે મુલકની ભાષાએથી એ અલીમહંમદ સાથે વાતો કરી. ને ચોવીશ કલમા(કુરાનના મંત્રો) પઢી દેખાડ્યા. પછી તે મહારાજના ચરણમાં પડી પગે લાગ્યો, ને બેઠો થવા ગયો એટલામાં એને સમાધિ થઈ. અને ચોવીશે પેગંબર દેખ્યા, ને તેણે મહારાજને તેજ પીંજરમાં દેખ્યા, ને ભીસ્ત(ભગવાનનું ધામ) દેખ્યું, ને ચોવીશ પેગંબર મહારાજના ચરણારવિંદમાં પ્રવેશ કરી ગયા, તેવું ભાળ્યું. પછી તેણે માંસ ખાવું હરામ કર્યું ને મહારાજને શરણે થયો.

એને ઉત્તમરાજા પાસેથી એક માણકિયો ઘોડો ભારે કિંમતનો અપાવ્યો. તેણે ઘોડાની કિંમતના રૂપમાં એક હજાર રૂપિયા ઉત્તમ નૃપને આપ્યા. અને તે વખત અલીમહંમદ બોલ્યો કે, “એક ઘણું દાન ને સહસ્ર ઘણું પુણ્ય.” પછી મહારાજ બોલ્યા કે, “એક હજારના દસ હજાર મળશે.” પછી તે ઘોડો લઈને સોદાગર ગયો, પણ મહારાજનું એ વચન તે સત્ય થયું. ને થોડાક દિવસમાં સમાચાર આવ્યા કે, એ ઘોડો ગ્વાલિયરના મહારાજાને ભેટ મૂક્યો. તે ઘોડાના દસ હજાર રૂપિયા અને એક ગામ તેને ભેટ મળ્યું. પછી તેણે એક કિંમતી મોતીની માળા મહારાજને ભેટ મોકલી આપી અને મહારાજનો દૃઢ આશ્રિત થયો. આ રીતે મહારાજે તેનો ઉદ્ધાર કર્યો હતો. એવું એક મહા ચમત્કારી ચરિત્ર કર્યું છે. ॥૧૧૩॥

એ લીંબડાના ફળિયામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૧૪

ઉજ્જૈનના કેસરીસિંહને અખંડાનંદસ્વામી દ્વારા સત્સંગ

એક વખત દાદા ખાચરના દરબારમાં લીંબડાથી ઓતરાદે કોર મહારાજ ફળીમાં પાટ ઉપર ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા. અને સંધ્યા વખત હતો. અને પુષ્પના પોશાકથી ગરકાવ થયા હતા અને આખા શરીરે ચંદન ચરચ્યું હતું. અને વાળાના બે વીંજણાએ કરીને બે પાર્ષદો વાહર નાખતા હતા. ને મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમામાં ઉજ્જૈનનો કેસરીસિંહ વીરાભાઈ નામનો એક વાણિયો પાલીતાણામાં શેત્રુંજો તથા જીરણગઢમાં ગિરનાર વિગેરેની જાત્રા કરી સ્વામિનારાયણનો પ્રતાપ સાંભળી, બે હજાર માણસના સંઘ સહિત ગઢડામાં આવ્યો હતો. ને ગામ બહાર પડાવ કરી ઉતારા કર્યા હતા. તે સાંજ વખતે મહારાજની પાસે દર્શન કરવા આવ્યા. અને મહારાજ પાસે આવી પગે લાગ્યા. અને મહારાજે તેમના સમાચાર પૂછ્યા.

અને પછી તે હાથ જોડી કહે જે, “હે મહારાજ ! તમારા સાધુ અખંડાનંદસ્વામી કરીને ઉજ્જૈન તરફ આવ્યા હતા. તેનો સમાગમ મારી વાડીમાં મેં કરેલો હતો. અને તેણે મને સમાધિ કરાવી ચોવીસ તીર્થંકરનાં દર્શન કરાવ્યાં હતાં અને સત્સંગ કરાવ્યો હતો. પછી મેં તેમને કહ્યું કે, સમાધિ વિના મને પ્રત્યક્ષ તીર્થંકરનાં દર્શન કરાવો. ત્યારે તેણે એમ કહ્યું કે, ‘જો પ્રત્યક્ષ તેનાં દર્શન કરવાં હોય તો ગઢડા ગામમાં અમારા ગુરુ છે, એ પરમેશ્વરનો અવતાર છે. તે તમને દર્શન કરાવશે.’

❋ કેસરીસિંહને ચોવીશ તીર્થંકરોનાં દર્શન તથા શરણાગતિ :

તે દર્શન કરવા વાસ્તે તીર્થનું બાનું કાઢી હું આપની પાસે યાત્રા કરતો કરતો આવ્યો છું. માટે પ્રથમ તો અખંડાનંદસ્વામીનાં દર્શન કરાવો ને બોલાવો." તે વખતે અખંડાનંદસ્વામી દેહ મૂકી ગયેલા હતા. તેથી મહારાજે કહ્યું કે, "તે તો દેહ મૂકી ધામમાં ગયા છે. અને દિવ્ય દેહે આ સભામાં બેઠેલા છે. માટે ઊભા થઈને જુઓ." તે સાંભળી કેસરીસિંહે ઊભા થઈ સર્વે સભા જોઈ. પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીની વચ્ચે એક તેજોમય એવી અખંડાનંદસ્વામીની મૂર્તિ ભાળી. પછી તેને નમસ્કાર કરી પગે લાગ્યા. અને તે મૂર્તિએ તેનું કાંડું પકડી મહારાજના હાથમાં આપ્યું અને પોતે મહારાજના ચરણારવિંદમાં પ્રવેશ કરી ગયા.

અને પછી મહારાજની મૂર્તિમાંથી કિરણો ફૂટવા લાગી. તેમાંથી ઋષભદેવ ભગવાન વિગેરે ચોવીસ તીર્થંકર ચિહ્ન સહિત દેખાણા. તે જોઈને તે વાણિયો ચોવીસ તીર્થંકરને પગે લાગ્યો, ને એમ બોલ્યો જે, "હે મહારાજ ! હું આજ કૃતાર્થ થયો." તે સાંભળી ચોવીસે તીર્થંકરે પૃથક પૃથક એકબીજાએ આગળ-પાછળ એવી વાત કહી કે, "તું અમારો ખરો ભક્ત હો તો આ સ્વામિનારાયણ ભગવાન અમારા કર્તા છે. માટે તેનો આશ્રિત થા અને એને શરણે જા." એમ કહી ચોવીસે તીર્થંકર સ્વામિનારાયણના ચરણારવિંદમાં લીન થઈ ગયા. પછી એ કેસરીસિંહ વીરાભાઈ મહારાજનો આશ્રિત થયો, ને હજારો શ્રાવકો પણ મહારાજના આશ્રિત થયા ને કંઠીઓ બાંધી શરણાગત થયા. એવી રીતે મહા અદ્‌ભુત ચરિત્ર મહારાજે કર્યું છે. ॥૧૧૪॥

એક દિવસ એ લીંબડાથી દક્ષણાદી તરફ દક્ષણાદા ફળિયામાં ખુરશી ઉપર મહારાજ બિરાજમાન થયા હતા, તે વખતનું

ચરિત્ર નં.૧૧૫

કેસરીસિંહની રસોઇ, પૂજન તથા શ્રાવકોને તીર્થંકરનાં દર્શન

એક દિવસ દરબારગઢમાં લીંબડાથી દક્ષણાદા ફળિયામાં પાછલો ચાર ઘડી દિવસ હતો, તે વખત સ્વામિનારાયણ મહારાજ ખુરશી ઉપર એક હિન્દુસ્તાની ટોપી પહેરી બિરાજમાન થયા હતા. તે દિવસ ઉજ્જૈનના શાહુકાર કેસરીસિંહ વીરાભાઈની મહારાજ તથા પરમહંસને સાત વાનાંની સુખડીની રસોઈ હતી. તે વખતે બપોરે મહારાજે જમી પરમહંસને પોતાને હાથે જમાડ્યા હતા. પછી મહારાજ પોઢી ગયા. ને સાંજ વખતે જાગીને સભા કરી. તે વખતે કેશરીસંગ વીરાભાઈ મહારાજની કેટલીક સામગ્રીએ સહિત પૂજા કરવા આવ્યા. પછી શરીરે ચંદન ચરચ્યું અને જડાઉ ટોપી માથા ઉપર મૂકી અને બનારસી ઝીણાં વસ્ત્ર પહેરાવ્યાં, ને એક મોતીનો ઘણી કિંમતનો હાર પહેરાવ્યો. અને આરતી ઉતારી રૂપિયાનો થાળ ભરી મહારાજ આગળ મૂક્યો. ને સાષ્ટાંગ દંડવત કરી પગે લાગ્યા.

પછી સર્વે શ્રાવકોએ પણ મહારાજની પૂજા કરી. પછી કેસરીસિંહ વીરાભાઈએ મહારાજને હાથ જોડી એમ કહ્યું કે, “હે પ્રભુ ! મારી સાથે આવેલા આ શ્રાવકોને તીર્થંકર જોવાની ઈચ્છા છે.” પછી તે જ વખતે શ્રાવકો જે જે તીર્થંકરોને માનતા હતા, તે તે તીર્થંકરોરૂપે મહારાજ દેખાણા. તે જોઈ ઘણા શ્રાવકો મહા વિસ્મય પામ્યા. અને મહારાજના આશ્રિત થયા. એવી રીતે ઘણું અદ્‌ભુત ચરિત્ર તે જગ્યાએ કર્યું છે. ॥૧૧૫॥

દરબારગઢના વચલા ચોકમાં કરેલું

ચરિત્ર નં.૧૧૬

મહારાજે ગઢપુરના મંદિરની વિશેષતા કહી.

એક વખત લીંબડાથી ઓતરાદી કોર મોટા કઠોડાવાળો પાટ નાખ્યો હતો. ને તે ઉપર ખુરશી નાખી હતી અને તે ખુરશી ઉપર મહારાજ બિરાજમાન થયા હતા. પછી મહારાજ સર્વે પરમહંસ તથા હરિભક્તને છાના રાખી બોલ્યા કે, “લાડુબાઈએ એમના ઓરડામાં અમને પધરાવ્યા હતા, તે વખત લાડુબાઈનો ઓરડો ગોલોકરૂપે દેખાણો હતો. અને તેના મધ્યને વિશે જેવું અક્ષરધામમાં દિવ્ય સિંહાસન છે તે દેખાતું હતું, તેવું જ આ દક્ષણાદા બારના ઓરડા પાડીને અમે આ મંદિર કરાવ્યું છે. માટે જુઓ આ મંદિર જેવું પૃથ્વીને વિશે બીજું કોઈ મંદિર છે નહીં. જેવું અક્ષરધામમાં અમારું સિંહાસન છે તેવું આ મંદિર છે.” ॥૧૧૬॥

ચરિત્ર નં.૧૧૭

મંદિર કરાવતાં આવેલી ઉપાધિ તથા પ્રતિષ્ઠાનો પ્રારંભ

પછી મહારાજ કહે જે, “આ મંદિર કરાવતા ત્યારે રાજાએ બહુ ઉપાધિ કરી હતી, પરંતુ મલકના બાદશાહના સૂબા બાણવેલ સાહેબ હતા, તેણે ઉત્તમરાજાની સહાય કરી આ મંદિર કરાવ્યું છે. તે જુઓ ! તમે સર્વે ભાળો તેમ હથિયારો બાંધી, જબરજસ્તીથી આ મંદિર કરાવ્યું છે. તે આ મંદિરમાં જે ગોપીનાથજીની પ્રતિમા પધરાવી છે, તે અમારી છે. ને દેવ જબરજસ્તીથી આ જગ્યાએ બેઠા છે, માટે જબરેશ્વર છે. તેમજ વાસુદેવનારાયણને ભૂજ લઈ જતા હતા, તે જીવુબાઈની ખેંચથી પાદરથી ઊપડ્યા નહીં ને દાદા ખાચર ઉદાસ થઈ ગયા. તેથી મંદિરનો

આરંભ અમોએ કર્યો. ને હવે પૂર્ણ થયું છે. માટે ગોપાળસ્વામીને બોલાવો." પછી ગોપાળસ્વામીએ આવી પ્રતિષ્ઠાનું મૂરત જોયું. તે બીજે દિવસ સવારમાં મૂરત આવ્યું. ને પછી તે સંબંધી સર્વે વાત કહી. અને પાળાઓ તથા હરિભક્તો તમામને હથિયારબંધ તૈયાર કરી બોલાવ્યા. અને બીજાને પણ બોલાવી તૈયાર થઈ રહેવા સહુને આજ્ઞા કરી. પછી જય સચ્ચિદાનંદ કહી ઉતારે પધાર્યા. એવું ચરિત્ર કર્યું છે. ।।૧૧૭।।

ગોપીનાથજી મહારાજની તથા બીજી મૂર્તિઓ પધરાવી, તેનાં ચરિત્ર એકસાથે લખ્યાં છે

ચરિત્ર નં.૧૧૮

મહારાજે ગઢપુરમાં દેવોની પ્રતિષ્ઠા કરી વગેરે વાત

બીજે દિવસ (સં.૧૮૮૫, આસો સુદ-૧૧, તા.૧૯/૧૦/૧૮૨૮, શનિવાર) સવારના પહોરમાં બ્રાહ્મણોને વરણીમાં વરાવી ગોપીનાથજી વગેરે છ મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરાવ્યો. ને પછી હજારો બ્રાહ્મણ તથા સાધુઓને જમાડ્યા. પછી રાત પડી. પછી રાત્રે નિત્યાનંદસ્વામીને તથા રઘુવીરજી મહારાજને બોલાવ્યા. ને કહ્યું કે, "આ ગોપીનાથજી મહારાજની પ્રતિમા મંદિરમાં પધરાવવી છે, તેનું અત્યારે મુહૂર્ત છે. માટે બીજા કોઈથી તે ઉપડે તેમ નથી. તમે બેય બળિયા છો માટે ઉપાડો."


पछेबनेजणागोपिनाथजिमहाराजनिमुर्तिउपाडिमंदीरउपरथ
ऌरगयाअनेपछेमहाराजपाछेरथचलामंदिरमांसीगासणनाओटाउ
परथबराबरमध्यराजिसमेपडेपधरावीनेपउखेदाबिकोरराधिकाजिनेपध
राव्यांनेजमणिबाजुणवासुदेवनारायणनेपधराव्याअनेपधरावतिवखत
महाराजजगारमरव्या

પછે બંને જણાએ ગોપીનાથજી મહારાજની મૂર્તિ ઉપાડી મંદિર ઉપર લઈ ગયા. અને પછી મહારાજ પાસે રહી વચલા મંદિરમાં સિંગાસનના ઓટા ઉપર બરાબર મધ્ય રાત્રિ સમે પંડે પધરાવી ને પડખે ડાબી કોર રાધિકાજીને પધરાવ્યા ને જમણી બાજુએ વાસુદેવનારાયણને પધરાવ્યા. અને પધરાવતી વખત મહારાજ લગાર મરક્યા. ॥૧૧૮॥

ચરિત્ર નં.૧૧૯

મહારાજે ગઢપુર મંદિરમાં દેવો પધરાવ્યા.

તે વખત નિત્યાનંદસ્વામીએ વાસુદેવનારાયણ પધરાવવા બાબત પૂછીને આગ્રહ કર્યો. પછી મહારાજ બોલ્યા કે,


केटलाकदिवशपछिआवासदेवनारायणनिमु
र्तिधरमदेवनेपडखेबेसशे नेआजग्याएअमारिमुर्तिबेसारशे· अनेसर्व
नोहुंस्वामितेजमणिकोरहोय· माटेजमणिकोरमुर्तिनेबेसारशे अनेआ

"કેટલાક દિવસ પછી આ વાસુદેવનારાયણની મૂર્તિ ધરમદેવને પડખે બેસશે. ને આ જગ્યાએ અમારી મૂર્તિ બેસારશે. અને સર્વનો હું સ્વામી (છું) તે જમણી કોર હોય; માટે જમણી કોર(મારી) મૂર્તિને બેસારશે.

અને આ ગોપીનાથજી મહારાજ મહા પ્રતાપવાન છે." એમ કહી આથમણી કોરના મંદિરમાં ગયા ને ત્યાં ધર્મ, ભક્તિને પધરાવ્યાં. પછી ઉગમણી કોરના મંદિરમાં સૂર્યનારાયણને પધરાવ્યા. પછી પાછા ગોપીનાથજી મહારાજના મંદિરમાં આવીને (સં.૧૮૮૫, આસો સુદ-૧૨, તા.૨૦/૧૦/૧૮૨૮, રવિવારના રોજ) પોતે આરતી ઉતારી. ને પછી એમ બોલ્યા કે, "આ ત્રણેય સિંહાસનના ઓટા ઉપર અમે

પ્રથમથી જ બહુ વાર બેઠેલા છીએ. ને જે રીતે મૂર્તિઓ પધરાવી તે જ રીતે અમે ઊભા રહેલા છીએ, અને અમે જે પ્રમાણે ધારતા તે જ પ્રમાણે આ મૂર્તિઓ પધરાવી છે.” ॥૧૧૯॥

ચરિત્ર નં.૧૨૦

મહારાજે ગોપીનાથજી મહારાજ વગેરેમાં પ્રતાપ મૂક્યો.

પછી પેલા મંદિરની બારસાખો ઝાલી પ્રથમ ઉગમણે પડખે પછી આથમણે પડખે ઊભા રહ્યા. પછી મૂર્તિની સામી આકૃતિ કરી (સન્મુખ ઊભા રહી) એક નજરે ઘણા વખત સુધી જોઈ રહ્યા. તે પછી ત્યારે મહાતેજોમય એવી મૂર્તિઓ સર્વેને દેખાવા લાગી. ને કેટલાકને તો ગોપીનાથજી મહારાજ પંડે મહારાજ જ જણાયા. અને તે પછી ધર્મદેવના મંદિરમાં તે જ રીતે ઊભા રહ્યા અને તે ધર્મ, ભક્તિ બેય પ્રતિમાઓ દિવ્યરૂપે કેટલાંક મનુષ્યોને દેખવામાં આવી. પછી ત્યાંથી મહારાજ સૂર્યનારાયણની બારસાખો ઝાલી ઊભા રહ્યા. ત્યારે તે ઠેકાણે હિરણ્યપુરુષરૂપે ઉત્તમ રાજા વગેરેને સૂર્યનારાયણ દેખાણા. ને એ ત્રણેય બારસાખોની બેય બાજુએ મહારાજ બેઠા હતા. ॥૧૨૦॥


ચરિત્ર નં.૧૨૧

મહારાજે હનુમાનજી, ગણપતિને પધરાવ્યા.





અને પછી બેય બાજુએ બે ગોખમાં પોતે ગણપતિ તથા હનુમાનજીને હાથ ફેરવી પ્રસાદીના કર્યા. પછી પ્રથમ ઉગમણી કોર ગણપતિને પધરાવ્યા ને આથમણી તરફ હનુમાનજીને પધરાવ્યા. તે વખત હનુમાનજી તથા ગણપતિ દિવ્યરૂપે જણાયા. તે કેટલાક માણસોએ નજરે દેખ્યા. એ રીતે ત્રણેય મંદિરની આગળ ત્રણેય ખંડમાં મહારાજ ઝાઝી વાર બહુ ઘડી સુધી બેઠા. અને પછી વચલા મંદિરના ખંડમાં બેસી એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.



तेवखतदसविसपासेरे
नारामाणसोनेहजारसरूपेमहाराजदेखाणा नेमहाराजमांथितेजनिक
ळ्युंनेत्रणेमूर्तियोमांसमाइगयुं

તે વખત દસ-વીસ પાસે રે'નારા માણસોને હજાર સ્વરૂપે મહારાજ દેખાણા. ને મહારાજમાંથી તેજ નીકળ્યું તે ત્રણેય મૂર્તિયોમાં સમાઈ ગયું. તે જ પ્રમાણે ઉગમણા તથા આથમણા મંદિરમાં પણ થયું. આ જગ્યા મહાચમત્કારીક ને પ્રસાદીની છે. ॥૧૨૧॥

ચરિત્ર નં.૧૨૨

નિત્યાનંદસ્વામીને આરતી વગેરે કરવાનું કહ્યું.

પછી મહારાજ આથમણી કોરનાં પગથિયાં ઊતર્યા અને માણકી ઘોડી મંગાવી તે ઉપર ચડ્યા. ને ઉત્તમરાજાને રાજકોટ જવા આજ્ઞા કરી, ને નિત્યાનંદસ્વામીને કહ્યું, “અમે ગામ બહાર નીકળ્યા પછી તમે ગોપીનાથજી મહારાજની આરતી ઉતારી નોબત વગાડજો.” ને સર્વ સરબંધીને તૈયાર થવાની આજ્ઞા આપી. પછી પંડે મહારાજ જય સચ્ચિદાનંદ કહી ગામ બહાર પધાર્યા ને ઉત્તમરાજા રાજકોટ ગયા.

પછી મહારાજે ત્યાંથી પાર્ષદોને પાછા મોકલીને કહેવરાવ્યું કે, “આરતી કરી ધર્મકુળને તેડીને તમે વડતાલ આવજો.” એમ કહી મહારાજ આગળ ચાલ્યા. તે ગોરડકાના માર્ગે જીવા ખાચરની પીપળાવાડી છે, ત્યાં ઊતરી આસન નાખી બાવળ નીચે બિરાજમાન થયા. તે વખત મહારાજ સાથે સો સવાર ને સો બંધૂકોવાળા બડકમદાર હતા. તે તે જગ્યાએ મહારાજની પાસે બેઠા હતા. પછી નિત્યાનંદસ્વામીએ મંદિરમાં આરતી ઉતારીને વાજિંત્રો વગાડ્યાં. ને પછી ફતેહ નિશાનીનો શંખ બજાવ્યો ને બંદૂકોના બહાર કરવા માંડ્યા. તે વખત દરબારમાં એક હજાર માણસ હતા. ॥૧૨૨॥

ચરિત્ર નં.૧૨૩

અલ્લારખા યવનનો સસૈન્ય પરાજય

તે સર્વેના શબ્દને સાંભળીને અલ્લારખાં કરીને એક યવન હતો, તે રાજાના માણસો સાથે હલ્લા કરી દરવાજે આવ્યો. ને બંદૂકોના બહાર કરવા હુકમ કર્યો. એમાં દસ જણાએ પેલી બંદૂકો છોડવા જામગ્રીઓ દાબી અને અલ્લારખાંએ હુકમ કર્યો ને પોતે પણ બંદૂક ફોડવા ગયા. પણ એ અગિયારે જણાની બંદૂકના ભડાકા ન થતા બરિયાન ઊડી ગયું. તેથી સર્વેની દાઢી બળી ગઈયું. ॥૧૨૩॥

ચરિત્ર નં.૧૨૪

પાર્ષદોએ દુશ્મનોનાં હથિયાર લીધાં અને પ્રભુને વધામણી

તે વખતમાં સાંઈરખો નામે કરીને એક યવન હતો, તેનું શીંગડું સળગ્યું. તેણે તેને આકાશમાં ચડાવ્યો. તે વખતે દાદા ખાચરના દરબારમાં તેમને હજારો માણસો જોવામાં આવ્યા. પછી તે વખતે ભગુજી વિગેરે પાળાઓએ દરવાજા બહાર નીકળી કંદાઓનો માર માર્યો ને તેમનાં હથિયાર ખૂંચવી લીધાં. પછી અલ્લારખો સાંઈરખા વગેરેને લઈ નાસી ગયો.

પછી તેની વધામણી લઈને હસનભાઈ મહારાજ પાસે ગયા ને સર્વે વૃત્તાંતની વાત કરી. તે સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા. ને હસનભાઈને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. ને હસનભાઈને ભેગા વરતાલ લેવા આજ્ઞા કરી. પછી મહારાજ સ્વાર થઈ વડતાલ પધાર્યા. એવી રીતે તે જગ્યાએ ચરિત્ર કર્યાં છે. ॥૧૨૪॥

ચરિત્ર નં.૧૨૫

દાદા ખાચર રાજકોટથી સાહેબનો હુકમ લાવ્યા.

પછી મહારાજ વડતાલથી પાછા કારિયાણીએ આવ્યા. અને રાજકોટથી મંદિરને કોઈ તરેહની હરકત ન થાય તેવો કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ બાણવેલ સાહેબનો હુકમ લઈ ઉત્તમરાજા ગઢડા આવ્યા. અને તે વખતે જ પોતે પોતાના મામા ઘેલા ધાધલ કરીને હતા, તેને તે હુકમ લઈ ભાવનગર મોકલ્યા. અને પંડે દાદા ખાચર મહારાજ કારિયાણીએ આવ્યા સાંભળી પોતે મહારાજ સામા ગયા. અને પછી મહારાજને મળી, પગે લાગી ઉત્તમરાજાએ મંદિર સંબંધી તમામ હકીકત કહી.

તે વાત સાંભળીને મહારાજ ઘણા પ્રસન્ન થયા. ને બોલ્યા જે, “એ રાજાને તો મંદિર કરવાની વાત કોઈ દિવસ કરવા દેવી નહોતી, પણ અમારું ધાર્યું થાય છે, એનું ધાર્યું કાંઈ થતું નથી. માટે અમારા સંકલ્પથી આ ગોપીનાથજી મહાબળિયા જબરેશ્વર દેવ બેઠા છે, તે પૃથ્વીનું પીઠ રહેશે ત્યાં સુધી બેઠા રહેશે. અને ભાવનગરના રાજાને મંદિર કરવા માટે આપણે ઘણું કહેવડાવ્યું પણ માન્યું નહિ; પણ બાણવેલ સાહેબનો હુકમ લાવ્યા માટે હવે માનવું પડશે. માટે હવે અમે રાજા પાસે ભાવનગર જશું.” એમ કહી મહારાજે ઉત્તમરાજાને ઘેર જવાની આજ્ઞા કરી. ॥૧૨૫॥

ચરિત્ર નં.૧૨૬

ભાવનગરના રાજા સાથે મહારાજની મુલાકાત અને સંવાદ

પછી બીજે દિવસે સવારમાં સો કાઠીઓના સવાર તથા સો પાર્ષદો, પાળા તથા સાધુ ને ત્રણ બ્રહ્મચારીને સાથે લઈ મહારાજ એકદમ ત્રણ પહોરની અંદર ભાવનગર પહોંચ્યા. અને ત્યાં જઈ રૂપાભાઈને ઘરે ઊતર્યા. ત્યારે રૂપાભાઈએ દંડવત કરી મહારાજને પોતાને ઘરે પધરાવ્યા. એ વખત 'સ્વામિનારાયણ ભગવાન ભાવનગર આવ્યા છે' એવી રાજાને ખબર પડી. એટલે રાજાએ દીવાનને મોકલી કેટલીક તરેહથી બરદાસ રખાવી અને જમવા બાબતે રાજાને ત્યાં આવવાની ખેંચ કરી, પરંતુ મહારાજે જમવાની ના પાડી. અને કહે જે, "અમે રૂપાભાઈને ત્યાં જમશું." પછી કેટલીક સામગ્રીઓથી મહારાજની બરદાસ દીવાન દ્વારા રાજાએ કરાવી.

પછી મહારાજ દીવાનને કહે જે, "અમારે અત્યારે રાજાને મળવું છે." પછી દીવાન કહે જે, "એ જ સ્તુતિ કરવા હું આવ્યો છું. આજ બુધવારની રાત છે, માટે કાલ પ્રભાતમાં અહીં રાજા આવશે." ત્યારે મહારાજ કહે, "અમારે તો અત્યારે જ મળવું છે." પછી ઘણી પ્રણિપત કરી મહારાજની માફી માંગી દીવાન કચેરીમાં ગયા.

પછી મહારાજે સ્નાન કર્યું. પછી ચણેચીની ભાજી ને બાજરાની બાટી તથા ઘઉંની બાટી ને આદાનું અથાણું જમ્યા. ઉપર દૂધ, ચોખા ને સાકર જમ્યા. પછી ચળુ કરી રૂપાભાઈને પ્રસાદી આપીને રાત્રે સૂતા. પ્રભાતમાં વહેલા ઊઠી દાતણ કરી ઊના જળથી બ્રહ્મચારીએ નવરાવ્યા અને વસ્ત્ર પહેરાવ્યાં. પછી સાધુ, બ્રહ્મચારી, કાઠીઓના અસવાર તથા પાળા તમામ તૈયાર થયા, ત્યાં રાજાનો બક્ષી(અમલદાર) આવ્યો ને પગે લાગી કહે જે, "હે મહારાજ ! રાજા અહીંયાં આવે છે." ત્યારે મહારાજ કહે, "અમે રાજાને મળવા ત્યાં આવશું." એમ કહી માણકી ઘોડીએ ચઢ્યા. પછી બક્ષી રાજાને ખબર કરવા ગયા.



અને મહારાજ ભાથીવાળી ડેલીએ થઈ રાજાના દરવાજા આગળ ગયા. ત્યાં રાજાએ આવી દંડવત કર્યા. પછી મહારાજ ઘોડા પરથી ઊતર્યા. ત્યારે રાજા તથા રાજાના કુંવરો પગે લાગ્યા. પછી મહારાજ તમામ માણસો સહિત તેમના દીવાનખાને પધાર્યા. ત્યારે રાજાએ મહારાજને ગાદી ઉપર બેસાડવા ઘણો આગ્રહ કર્યો. એટલે મહારાજ કહે જે, "રાજાની ગાદી પર અમે બેસતા નથી." ત્યાં લક્ષ્મણજીનું દૃષ્ટાંત આપી કહ્યું, "તેની ઉપર બેસવાથી બુદ્ધિ બગડી જાય."

પછી રાજાએ બીજી ગાદી મંગાવી તે ઉપર મહારાજને બેસાડ્યા. અને મહારાજને હાથ જોડી પ્રણિપત કરી કહે જે, "મહારાજ ! લાખ ગુના માફ કરજો. મેં કોઈ હલકા માણસ(જીવાખાચર)ના કહેવાથી ગોપીનાથજીનું મંદિર કરાવતાં હરકત કરી, પણ તમે અંતર્યામી છો ને તમારું ધાર્યું થાય છે, તે એ મુલકના હાકેમે(બાણવેલ સાહેબે) હુકમ કરી મંદિર કરાવ્યું. તે ભગવાન વિના થાય નહીં. આ તમારા જીવા ખાચર મોટા ભગત થઈને બેઠા છે, તેણે ઉત્તમરાજાના ઉપર દ્વેષથી અમને ખોટ ખવરાવી છે.

અને કાલ જ ઘેલો ધાધલ બાણવેલ સાહેબ પોલિટિકલ એજન્ટ સાહેબનો હુકમ લાવ્યા. તે અમારે લખી આપવું પડ્યું કે, હવે મંદિર કરવામાં કોઈ પ્રકારની હરકત અમારે કરવી નહિ. અને ભગવાન સાથે જે દ્વેષ કરે છે, તે પાછો પડે છે; પણ વડાને વિકાર હોય જ નહીં. તમે અહીંયાં પધાર્યા. તે મને સુફળ કર્યો. મારો દરબાર પવિત્ર થયો. હવે ગોપીનાથજી મહારાજનું મંદિર સુખેથી કરો." એમ કહી મંદિર કરવાનો લેખ કરી દીધો.

પછી મહારાજ બોલ્યા કે, "રાજાને કાન હોય પણ વિચાર ન હોય. હજારો પરમહંસ માળાઓ ફેરવે છે, તેમાં રાજાને પુણ્ય થાય છે. આ તો દાદા ખાચરની જગ્યામાં દાદા ખાચર મંદિર કરાવે છે. તમારું એક-બે વિઘાનું દિવેલિયું(દેવના દીવાબત્તીના દિવેલ માટેનું ખેતર) પણ ત્યાં નથી, તોપણ કોઈના કહેવાથી થાણું મૂકી અટકાવ કર્યો. છતાં અમે દેવને પધરાવી વડતાલ ગયા. અને વાંસેથી દાદો ખાચર સરકારમાં જઈ હુકમ લાવ્યા ને દેવ પધરાવ્યા, તે બહુ સારું કામ કર્યું.

અને તમારી તો મુરાદ જોઈ, તે જશ લેવો એક કોર મૂકી દઈ ઊલટા દેવ ન પધરાવવા દેવા એ કોઈ હિંદુનો ધર્મ નહીં; પણ **નારાયણના હાથમાં સર્વ વાત છે. તે એ રાજાને રંક કરે ને રંકને રાજા કરે. ને ધાર્યું તો નારાયણનું થાય, જીવનું ધાર્યું થાય નહીં.** માટે અમે એ સારુ જ આવ્યા છીએ કે, જો તમારી મરજી ન હોય તો અમે તમારા રાજમાં ન આવીએ; પરંતુ ધાર્યું તમારું થતું નથી, એ તો અંતર્યામીનું થાય છે. અને ભાઉ સાહેબે અમને અમદાવાદમાંથી રજા આપી ત્યારે અમે કહ્યું કે, અમે કોઈ દિવસ અહીં આવીએ કે નહીં ? ત્યારે તે કહે જે, 'અમારું રાજ ન હોય ત્યારે આવજો.' પછી એનું રાજ રહ્યું ત્યાં સુધી અમે ગયા નહીં ને એનું રાજ ગયા પછી અમે અમદાવાદમાં જઈ નરનારાયણ દેવ પધરાવ્યા. માટે જેમ મરજી હોય તેમ કહો." એમ કહી મહારાજે કટાક્ષથી રાજાની સામું જોયું.

❋ રાજાની સ્તુતિ અને તેને શ્રીકૃષ્ણનાં દર્શન :

પછી ભાવનગરના રાજા ગદ્ગદ કંઠથી કેટલીક સ્તુતિ કરી કહે જે, "તમે તો ભગવાન છો ને તમારું ધાર્યું થાય છે. હું ભાઉ સાહેબ જેવો પાપી નથી, હું તો તમારો વેચાણ છું. તમારા પ્રતાપથી મારું રાજ દિવસે દિવસે ચડતું જાય છે, માટે મને ક્ષમા કરો. અને દાદા ખાચર ઘણા ભાગ્યવાન છે જે, તમે તેને ઘેર રહો છો. અને તેમની બહેનો મહાદેવીઓ છે ને બાલ બ્રહ્મચારી છે. અને તમારી તથા પરમહંસોની સેવા ઉત્તમરાજા કરે છે, તે માટે તેઓ મોટા ભાગ્યવાન છે." એમ કહી રાજા મહારાજના ચરણારવિંદમાં પડી પગે લાગ્યા.

ત્યારે મહારાજને તેણે શ્રીકૃષ્ણરૂપે દેખ્યા. પછી મહારાજે પ્રસન્ન થઈ રાજાના માથે હાથ મૂક્યો ને કહે જે, "મેં ગઢડા મંદિરમાં કોઠા કર્યા હોય તો જોવા આવો. મેં તો મંદિર કર્યું છે." ત્યારે રાજા કહે, "મેં હજાર વખત જખ મારી(નકામી મહેનત કરી પસ્તાવું પડે એવું કર્યું), હવે હું ત્યાં આવીશ." એમ કહી પ્રતિજ્ઞા કરી. પછી કહે જે, "હે મહારાજ ! તમે મારી ગાદી પર કેમ બેઠા નહીં ? તુમ બડિયા બાવા મારી ગાદી ઉપર બેઠા હોત તો !!" પછી મહારાજ કહે જે, "રાજાની ગાદી વિકાર ભરેલી છે, તેથી તે જોગીઓને બેસવા યોગ્ય નથી." ત્યારે રાજા કહે જે, "તમે તો પૂરણબ્રહ્મ પરમાત્મા છો, માટે મારી ગાદી પવિત્ર કરો અને મારે ત્યાં જમો." પણ મહારાજે જમવાની ના પાડી. પછી ભારે દાડમ મહારાજને જમાડી પોતે પ્રસાદી લીધી.

પછી મહારાજ ઊઠ્યા ત્યારે તેણે ત્યાં રહેવાની તાણ કરી, પણ મહારાજે ના પાડી. અને ચાલતી વખતે ફરીને ગાદીએ બેસવાની ઘણી ખેંચ કરી. પછી મહારાજે ગાદી ઉપર ચરણારવિંદ મૂક્યાં. અને રાજાએ મહારાજને દરબારમાં ફેરવ્યા. પછી રાજા માંયલી ડેલી સુધી મહારાજને વળાવવા આવ્યા. પછી સાષ્ટાંગ દંડવત કરી ભાવનગરના રાજા પાછા વળ્યા.

❋ મહારાજે રસ્તામાં કંદોઈનું કલ્યાણ કર્યું. :

અને મહારાજ ઘોડીએ ચડી રૂપાભાઈને ત્યાં જાવા ચાલ્યા. વચમાં એક કંદોઈ સૂતરફેણીની માટલી આગળ મૂકી મહારાજને પગે લાગ્યો, ને દશ રૂપિયા ભેટ મૂક્યા ને બે રૂપિયા પ્રસાદીના કરાવ્યા. ને એક સારો રૂમાલ મહારાજને આપી મહારાજનો રૂમાલ પોતે માગી લીધો. તે વખતે તે કંદોઈને મહારાજ વાસુદેવરૂપે ચતુર્ભુજ જણાણા. પછી મહારાજ કહે, "તારે શી મતલબ(સ્વાર્થ) છે ?" ત્યારે તે કહે જે, "મહારાજ ! મારા અંતકાળ વખતે તમે મને તેડવા આવજો, એ મતલબ છે." ત્યારે મહારાજે તેને અંતે તેડવા આવવાનો કોલ આપ્યો.

પછી દિવસ ઊગ્યા મોર મહારાજ રૂપાભાઈને ઘેર પધાર્યા. અને રાજાએ રૂપાભાઈને ત્યાં માણસો વાસ્તે પકવાન મોકલાવ્યાં, તે સર્વે જમ્યા અને મહારાજ દૂધ, પૌંઆ ને સાકર જમ્યા. પછી રાજાભાઈને ઘરે પધાર્યા ત્યાં જમરૂખ જમ્યા ને તેના હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. પછી મહારાજ ઘોડીએ ચડી કાઠીઓના સવાર તથા સાધુ, બ્રહ્મચારી સહિત એકદમ ત્યાંથી નીકળ્યા. વૈકુંઠાનંદ નામે કરીને બ્રહ્મચારી તથા શૂન્યાતીતાનંદ નામના સાધુએ મહારાજ સારુ ભારે ભાત તથા દાળ, પૂરી તથા બાજરા તથા ઘઉંની બાટીઓ, રીંગણાનો ઓળો ને ગોરસ એ સર્વે ભેગું લીધેલું હતું.

પછી મહારાજ એકદમ નેહડા ગામના આંબા, રસ્તાથી દક્ષિણાદા છે તે નીચે બિરાજમાન થયા. ત્યાં તે બંને સાધુ ભેગા પહોંચ્યા. ત્યાં એક માળીએ મહારાજ વાસ્તે ખાટલો બિછાવ્યો. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. અને ત્યાં ઘડી એક પોઢ્યા. પછી સર્વેને મિષ્ટાન પીરસી જમવા બેસાર્યા. અને મહારાજ પણ નાહી જમવા બેઠા. તે વખત શૂન્યાતીતાનંદસ્વામી તથા વૈકુંઠાનંદસ્વામીએ સર્વ સામાન મહારાજની પાસે મૂક્યો. પછી મહારાજ જમ્યા અને જમીને નિત્યાનંદસ્વામી તથા

સુરા ખાચર, વસ્તા ખાચર, મોકા ખાચર, પુંજાજી, લાધા ઠક્કર વિગેરેને પ્રસાદી આપી. અને તે સાધુને પ્રસાદી આપી મળ્યા. ને પોતાનો પહેરવાનો તમામ પોશાક તે બંને સાધુઓને આપી ચરણારવિંદ આપ્યાં. ત્યાં બેચર ચાવડો ભેગા પહોંચ્યા તેને પણ એક વાંકાનેરની પછેડી આપી, ચરણારવિંદ આપી, વખાણ કર્યાં ને પછી સ્વાર થયા.

❋ મહારાજ ખોપાળાની વાવે થાળ જમ્યા :

પછી કહે જે, "જે ભેગા પહોંચો તે અમારી ભેગા આવજો. અમારે આજ ને આજ ગઢડા પહોંચવું છે." પછી મહારાજ એકદમ ઘોડીએ ચડીને ચાલી નીકળ્યા. તે દિવસ બે કલાક રહ્યો ત્યારે ખોપાળે આવી વાવ ઉપર ઊતર્યા. ત્યાં જેઠો માણિયો કરીને હરિભક્ત મહારાજને પગે લાગી ઊભો રહ્યો. ત્યારે મહારાજ કહે જે, "અમને ભૂખ લાગી છે, તેમ સવારોને પણ લાગી હશે !" ને મહારાજ ભેગા પંદર સવાર, બે સાધુ ને પાંચ પાળા પહોંચ્યા હતા. નિત્યાનંદસ્વામી પણ ઘોડીએ ચડીને ભેગા હતા. પછી શૂન્યાતીતાનંદસ્વામી તથા વૈકુંઠાનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! અમારી પાસે બાટીઓ, ઓળો ને ગોરસ એ ત્રણ વાનાં છે." તે સાંભળી મહારાજ તે સંતોની ઉપર ઘણું રાજી થયા.

પછી ખોપાળાના પાદરમાં આવેલી વાવના મતવાલા(ઓટલા) ઉપર જમવા બેઠા. ત્યાં ગામમાંથી જેઠો માણિયો ગોરસ, રોટલા, તલ-ગોળ લઈ આવી સર્વેને જમાડ્યા. તે વખત જીવો ખાચર તથા એક સવાર તે પણ ત્યાં આવી પહોંચ્યા. પછી જેઠા માણિયાએ મહારાજને રાત રહેવા તાણ કરી, પણ મહારાજ કહે જે, "ગોપીનાથજીની આરતી મોર મારે ત્યાં પહોંચવું છે." એમ કહી મહારાજ હસ્યા ને કહે જે, "જીવા ખાચર ! તમાશો જોયો કે ? તમારું તથા રાજાનું ધાર્યું થાય છે કે અમારું ધાર્યું થાય છે ?"

પછી જીવો ખાચર કહે, "મહારાજ ! તમારું ધાર્યું થાય છે, પણ આ દુષ્ટ જીવ દુષ્ટતા કર્યા વિના રહેતો નથી. આમ, અનાદિ કાળથી ચાલ્યું આવે છે. જીવની ભૂલ તે ખડ ખાધાની છે. તમે ભગવાન ને વળી અધમઉદ્ધારણ છો, તે માફ કરો." એમ કહી જીવો ખાચર દિલગીર થયા. પછી મહારાજે તેને ચરણારવિંદ આપ્યાં. ॥૧૨૬॥

મંદિરની માંચલી પ્રદક્ષિણામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૨૭

મહારાજે ગઢપુર આવી સમાચાર કહ્યા ને થાળ જમ્યા.

પછી ઘોડીએ ચડી એકદમ ઘોડી દોડાવી મૂકી. અને ત્યાં મઘરિયા ડુંગર સુધી ઉત્તમરાજા સામા આવ્યા. પછી મહારાજ ઘોડેથી ઊતરી તેમને મળ્યા ને સર્વે વૃત્તાંતની વાત કરી. તે સાંભળી ઉત્તમરાજા ઘણા ખુશી થયા. પછી ત્યાંથી ઘોડી દોડાવી પાધરા દરબારમાં આવ્યા ને લીંબડા હેઠળ ઊતર્યા. ત્યાં ઠાકોરજીની આરતી થઈ એટલે મહારાજે મંદિરમાં જઈ ધૂન કરી.

પછી મંદિરની માંચલી પ્રદક્ષિણામાં દક્ષણાદી કોર ગોપીનાથજીની પધોર ગાદીતકિયા ઉપર મહારાજ બિરાજમાન થયા. ને ઉત્તમરાજા તથા જીવુબાઈ, લાડુબાઈ વિગેરેને વડતાલ તથા ભાવનગર ગયા સંબંધીની તમામ વાત કરી. તે સાંભળી તેઓ ઘણા રાજી થયા. પછી મહારાજ કહે જે, "અમારે જેવી તમારા હાથની રસોઈ જમવામાં પ્રસન્નતા આવે છે, તેવી બીજાના હાથની રસોઈ જમવામાં પ્રસન્નતા નહોતી આવતી. તેથી બે માસ થયા, ભૂખ્યા જેવા થયા છીએ. આજ વડીનું શાક ને રોટલો કરી લાવો."

પછી લાડુબાઈએ વડીનું શાક, બાજરાનો રોટલો ને ચોખાનો પાપડ ને ફરફર ને ગોરસ વિગેરે થાળ ભરી લાવ્યાં. પછી તે જગ્યાએ મંદિરમાં મહારાજ જમ્યા. અને જમીને નિત્યાનંદસ્વામી, સુરા ખાચર, સોમલો ખાચર, ઉત્તમરાજા એ સર્વેને જમાડ્યા ને શાકનાં ઘણાં વખાણ કર્યાં. પછી જય સચ્ચિદાનંદ કહી અક્ષર ઓરડીએ પધાર્યા. એવી રીતે તે જગ્યાએ મહારાજે એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૧૨૭॥

ગોપીનાથજી મહારાજના મંદિરમાં સજ્યાનું

ચરિત્ર નં.૧૨૮

માંડવધારમાંથી યુદ્ધે આવેલા મતારાને ભગાડી મૂક્યો

ગોપીનાથજી મહારાજના મંદિરમાં જ્યાં સજ્યા છે, ત્યાં મહારાજ બેઠેલા છે, સૂતેલા છે અને ખાનગી સભા કરેલી છે. ત્યાં એક અદ્‌ભુત ચરિત્ર કરેલું છે. એ સજ્યાની જગ્યા ઘણી પ્રસાદીની છે.

મતારો એવે નામે કરીને યવન તકરારિયા ખેતર માટે બહારવટુ કરતો હતો. એક વખત તેણે ઉત્તમરાજા ઉપર હલ્લો કર્યો. અને એક દિવસ માંડવધારમાં આવી ગોકીરો કર્યો અને ત્યાં બુંગિયો(યુદ્ધ માટેનો) ઢોલ વાગવા લાગ્યો. પછી મહારાજે આગળથી એવી સતલસ(યુક્તિ) કરેલી હતી કે, જ્યારે માંડવધારમાં બુંગિયો ઢોલ વાગે ત્યારે લક્ષ્મીવાડીએ નિત્યાનંદસ્વામી અને પ્રેમસખી રહેતા તેમને મહારાજે એમ કહેલું હતું જે, “માંડવધારમાં જ્યારે ઢોલ વાગે ત્યારે તમારે તુરઈ અને શંખ ફૂંકવો.”

એ કહ્યા પ્રમાણે જ્યારે માંડવધાર ઢોલ થયો ત્યારે લક્ષ્મીવાડીએથી તે બંને સંતોએ તૂરઈ તથા શંખનો નાદ કર્યો. તે નાદ સાંભળી સર્વ

ક્ષત્રિય તૈયાર થયા ને ઘોડેસવાર થયા. ને પાળાઓ હથિયાર બાંધી ગઢપુર બહાર ચાલી નીકળ્યા ને દોડાદોડ થઈ. તે સાંભળી મહારાજ અક્ષર ઓરડીએથી ઊઠી જ્યાં ગોપીનાથજી મહારાજના મંદિરમાં સજ્યા છે, ત્યાં આવી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ॥૧૨૮॥

ચરિત્ર નં.૧૨૯

મહારાજે દાદા ખાચર પાસે આચાર્યની લાક્ષણિકતા કહી

ત્યારે ઉત્તમરાજા હથિયાર બાંધી ઘોડે ચડતા હતા, તેને મહારાજે ના પાડી અને ત્યાં પોતા પાસે તેડાવ્યા. ને એ જગ્યાએ ઉત્તમરાજાના પુત્ર બાવો ખાચર એક વરસના હતા. તેને તેમની મા જસુબાઈ સહિત ત્યાં બોલાવ્યાં. અને ત્યાં ઉગમણી કોરના હાલ(દેરાના ખંડ)માં રાજબાઈ, લાડુબાઈ, જીવુબાઈને બોલાવ્યાં. તે પણ આવીને બેઠાં. મહારાજના હાથમાં કમાન, તીરનો ભાથો ને તરવાર હતાં. તે વખતે મહારાજે બેય આચાર્યજીને બોલાવ્યા, પણ તે આચાર્યજી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ તે બધા માણસો ભેગા ચાલ્યા ગયા હતા. તે વાત સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા. ને એમ બોલ્યા જે,

आरघुविरजिरामचंद्रजिनोअवतारछे·नेअयो
ध्याप्रसादजिभरतजिनोअवतारछेनेअमारातेजथिढंकाइगयाछेपण
महाप्रतापिछेनेमहासुरविरछे

"આ રઘુવીરજી રામચંદ્રજીનો અવતાર છે, ને અયોધ્યાપ્રસાદજી ભરતજીનો અવતાર છે. તે અમારા તેજથી ઢંકાઈ ગયા છે, પણ મહાપ્રતાપી છે ને મહા શૂરવીર છે.

અને એમને તો સૌ સત્સંગના આચાર્ય સ્થાપન કર્યા છે, એટલે રાજાધિરાજ કહેવાય પણ શૂરવીરપણાની અહંમૂર્તિ અને આગળના

અભ્યાસથી એમના શૂરવીરપણાના બળને લીધે તે ચાલ્યા ગયા, માટે બહુ મોટા છે. તેથી અમે ભરતખંડના રાજા ઠેરાવ્યા છે.

તેમ વાત કરતા હતા તેટલામાં ઢાલ, તલવાર, કમાન, તીરનો ભાથો, છરો એ વિગેરે હથિયાર બાંધી રામપ્રતાપજી મહારાજ પાસે આવી ઊભા રહ્યા. ને હિન્દુસ્તાની બોલીમાં એમ બોલ્યા કે, “ભાણ ખાચર તથા મતારો યવનનો શો ભાર છે ? હુકમ હોય તો મારી નાંખું ને ભડલીને બાળી દઉં.” પછી મહારાજે ઘણાંક વિનયે કરીને પોતાના ઢોલિયા ઉપર બેસાર્યા ને પછી ભાઈને શાંતિ પમાડ્યા. પછી મહારાજ એમ બોલ્યા જે, “આ તો સાક્ષાત્ શેષનારાયણનો અવતાર છે અને પૃથ્વી પ્રલય કરવી હોય તોપણ આમને વાર લાગે તેમ નથી.”

પછી તેટલામાં તો માણસોએ ખબર આપી કે, એ ગોકીરો ખોટો છે. તેથી સર્વ પાછા આવ્યા ને મહારાજે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી મહારાજને પાસે બોલાવ્યા. અને તે મહારાજની સજ્યા આગળ બારસાખો પાસે બેઠા ને પગે લાગી આગળ ઊભા રહ્યા એટલે પ્રથમ તો મહારાજ ધખ્યા. પછી કહે જે, “તમે સર્વે સત્સંગના રાજાધિરાજ ઠર્યા. માટે તમારે હથિયાર બાંધવું નહીં. એવી અમે આજ્ઞા કરી છે. અને તમે તો મહાસમર્થ છો.”



એમ કહી બંનેના વાંસા ઠબકાર્યા. અને કે’ જે, “આ તો રામ ને ભરતની જોડ છે.” એમ કહી હસ્યા. ॥૧૨૯॥

ચરિત્ર નં.૧૩૦

ગોપાળાનંદસ્વામીએ હનુમાનજીરૂપે બ્રહ્મચારી સ્થાપ્યા.



પછી મહારાજ એ જગ્યાએ બેસી થાળ જમ્યા. ત્યાં ગોપાળસ્વામી આવી બેઠા. પછી મહારાજ કહે જે, "આ મુકુંદ બ્રહ્મચારી ઘરડા થયા. જ્યાં અમે ત્યાં બ્રહ્મચારી." ત્યારે બ્રહ્મચારી કહે, "તમે તો ગોપીનાથજી રૂપે મંદિરમાં બેઠા, પણ મારું તો ઠેકાણું નથી." પછી મહારાજ કહે જે, "આ જગ્યાએ અમારું સ્થાન થાશે ત્યાં તમારી હનુમાનજીરૂપે સ્થાપના થશે." એમ કહી ગોપાળસ્વામીને સ્થાપના કરવાની આજ્ઞા કરી. પછી જે જગ્યાએ હાલ હનુમાનજી છે, તે જગ્યાએ મહારાજ ઊભા રહેલ છે. ત્યાં ગોપાળસ્વામીએ તેની(હનુમાનજીરૂપે મુળજી બ્રહ્માચારીની) સ્થાપના કરેલી છે.

અને મહારાજ મંદિરની ઉગમણી કોરની માંહ્યલી જાળીમાં બેઠેલા છે અને ત્યાં સૂતેલા છે. ઉગમણી કોરે ઉગમણા હાલ(ખંડ)માં મહારાજ બપોરે સૂતા હતા. આવી રીતે ત્યાં એક મોટું ચરિત્ર કરેલું છે ને ત્યાં પોતાની સૂવાની સજયા કરવાનો પોતે વિચાર કર્યો હતો. આવી રીતે એ સજયાની જગ્યા પ્રસાદીની છે. ॥૧૩૦॥

સૂર્યનારાયણના મંદિરના હારના નાના મંદિરમાં મૂર્તિઓ જોવા વાસ્તે મહારાજ ઊભેલા છે. ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૩૧

અલૈયાભક્ત સાથે મૂર્તિઓએ વાતો કરી.

એક વખત મહારાજ ગોપીનાથજી મહારાજના મંદિરમાં દર્શન કરી નિષ્કુળાનંદસ્વામીને કહે જે, "હમણાં આપણે લીધેલી મૂર્તિઓ ક્યાં મૂકી છે ?" પછી નિષ્કુળાનંદસ્વામી કહે જે, "સૂર્યનારાયણના મંદિરમાં પડખાના નાના મંદિરમાં મૂર્તિઓ મૂકી છે." પછી ત્યાં જોવા પધાર્યા. તે વખત કહર અલૈયો ભગત ભેળા હતા. એને એમ થયું જે, 'આ મૂર્તિઓ બોલતી હશે કે કેમ ?' પછી તેના જોવામાં એમ આવ્યું કે, 'એ બધી મૂર્તિઓ મારી સાથે વાતો કરે છે.' એવું મહાઅદ્‌ભુત ચરિત્ર મહારાજે કર્યું. ને તે સર્વે મંદિર પ્રસાદીનું છે. ॥૧૩૧॥

મંદિરથી દક્ષણાદા ગોખમાં મહારાજ બેઠા હતા. ને લીંબડાવાળા ચોકમાં સભા કરતા. ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૩૨

મહારાજે દિવ્ય દર્શન આપી રામપ્રતાપજીને નિશ્ચય કરાવ્યો.

એક દિવસ સાંજ વખતે ગોપીનાથજી મહારાજના મંદિરના પાછળના ભાગમાં દક્ષણાદો ગોખ છે, તે ગોખમાં મહારાજ ગાદી નંખાવી બિરાજમાન થયા હતા. ને લીંબડાવાળા ચોકમાં પરમહંસ ને બ્રહ્મચારી, પાળા, હરિભક્ત સર્વેની મોટી સભા થઈ હતી. અને તે વખત રામપ્રતાપજીભાઈ એ સભામાં આવી મહારાજ સામા બેઠા હતા.


ગોપીનાથજીમહારાજના મંદિરના પાછળના ભાગમાં આવેલ ગોખ

ને મહારાજ સામું જોઈ રહ્યા હતા. ને તેમના મનમાં મહારાજ ભગવાન છે કે નહીં ? તે વાતનો ડગમગાટ થયા કરતો હતો.

તે વખત તેમના અંતરમાં અજવાળું દેખાણું. અને પંડે દ્વારકાનાથ ગયા હતા, તે રણછોડજી ત્રિકમજીનાં મહારાજમાં પ્રત્યક્ષ દર્શન થયાં. પછી રણછોડજી ત્રિકમજીને લીંબડા તળે દીઠા. ને તે બે ગોખની ઉગમણી ને આથમણી કોર જોવામાં આવ્યા. ને તેણે મહારાજની સોળ ઉપચારે કરીને પૂજા કરી અને મહારાજના ચરણ હૃદયમાં લીધા; એવું મહારાજનું મહાન ઐશ્વર્ય જોઈ રામપ્રતાપજીને ભગવાનપણાનો નિશ્ચય થયો. તેથી હેતે કરીને આંખોમાંથી આંસુ ચાલ્યાં ગયાં. અને મનમાં એમ થયું જે, મહારાજ મને કંઠમાં પહેરેલો પ્રસાદીનો હાર આપે તો બહુ સારું.

પછી અંતર્યામીપણે તેમનો સંકલ્પ જાણીને મહારાજે હાર લઈ મુક્તાનંદસ્વામી પર નાંખ્યો. મુક્તાનંદસ્વામી પાસેથી રામપ્રતાપજી-ભાઈએ હાર લઈ પોતાની ડોકમાં નાંખ્યો. એ જોઈ સર્વે ઘણા પ્રસન્ન થયા. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ।।૧૩૨।।

દક્ષણાદી કોરની રૂપચોકીએ તથા તેની આથમણી કોર ને ઉગમણે ખૂણે મહારાજે કરેલ

ચરિત્ર નં.૧૩૩-૧૩૫

મહારાજના દર્શને કેસરી નામનો વાંદરો આવ્યો.

એક વખત ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી મહારાજ દક્ષણાદી રૂપચોકી ઉપર સભા કરી બેઠા હતા. તે વખત એક શ્વેત પુષ્ટ ને પ્રચંડ વાંદરો ગોપીનાથજી મહારાજના મંદિર ઉપર આવ્યો અને દક્ષણાદી કોરની રૂપચોકી સામો ઊભો રહ્યો અને સભા સામું જોઈ હુંકવા લાગ્યો. પછી દક્ષિણાદી કોરની રૂપચોકીથી આથમણી કોર ગયો. પછી મહારાજ આથમણી કોર બિરાજમાન થયા. પછી દક્ષણાદી કોરની રૂપચોકીને ઉગમણે ખૂણે એ વાંદરાને સાધુઓ જોવામાં આવ્યા. અને ત્યાં મહારાજ ઊભા રહ્યા અને સાધુઓની સામું જોઈ વાંદરો દાંતિયાં કરવા લાગ્યો.

પછી મહારાજ કહે જે, “પંદરસો ગાઉથી દર્શન કરવા આવ્યો, પણ જાતિ સ્વભાવ જાતો નથી.” પછી સાધુઓ હસ્યા. પછી બ્રહ્માનંદસ્વામી હસ્યા અને કહે જે, “હે મહારાજ ! આવો વાનર કોઈ દિવસ નજરે ભાળ્યો નથી.” પછી મહારાજ કહે જે, “દ્રોણાચલ પર્વતના રહેનાર વાનરોમાંથી આ કેસરી નામે વાનર છે. તે અમારે દર્શને આવ્યો છે ને અમને રાજી કરવા સારુ દાંતિયાં કર્યાં.” તે સાંભળી બ્રહ્માનંદસ્વામી હસ્યા.

પછી મહારાજને એમ થયું કે, બ્રહ્માનંદસ્વામીને મનમાં એમ થયું કે, આ ક્યાંથી ? આ વાનર દ્રોણાચલ પર્વતનો હશે નહીં ? પછી મહારાજ કહે, “તમે હસો તેની ના નહીં, પણ એનો મનના જેવો વેગ છે, નહીંતર ખબર કઢાવો.” પછી પાળાઓને આજ્ઞા કરી કે, “એ વાંદરો ક્યાં ગયો, તેની ખબર કાઢો.” પછી તેની શોધ કરી, પણ કોઈને


જોવામાં આવ્યો નહીં. પછી બ્રહ્માનંદસ્વામીને તે વાતનો પાકો નિશ્ચય થયો. એવું એક અદ્‌ભુત ચરિત્ર તે જગ્યાએ કર્યું છે. ॥૧૩૩-૧૩૫॥

ઉગમણી કોરનો દરવાજો, જ્યાં હાલ ગણપતિ-હનુમાનજી છે, ત્યાંનું

ચરિત્ર નં.૧૩૬

શરદોત્સવની રાત્રીએ શ્રીકૃષ્ણાદિકનો મહારાજ ફરતો રાસ

ગોપીનાથજી મહારાજનો ઉગમણી કોરનો દરવાજો કે હાલ જ્યાં ગણપતિ, હનુમાનજી છે, તેની કોરના પગથિયાના ઉપર ને દરવાજા નીચે વચલા ખંડમાં શરદપૂનમને દિવસે રાસમંડપ રચ્યો હતો. અને ત્યાં ઠાકોરજીને રાત્રે ગાતા-વાતા પધરાવ્યા હતા. પછી ઠાકોરજીની હારે પાટ ઉપર ગાદીતકિયા ઉપર મહારાજ બિરાજમાન થયા હતા. અને ત્યાં દૂધ ને પૌંવા જમ્યા હતા. અને દૂધ-પૌંવાની પ્રસાદી સર્વેને આપી હતી. અને બધી રાત સાધુઓએ ઝાંઝ-પખાજ લઈને કીર્તન ગાયાં હતાં.


तेसमयनेविषेराधाकृस्ननेगोपनेगोपियोमहाराजफरतारास
मेछेएवुंहजारोमाणसनाजोवामांआव्युं

તે સમયને વિશે રાધાકૃષ્ણ ને ગોપ ને ગોપીઓ મહારાજ ફરતા રાસ રમે છે; એવું હજારો માણસના જોવામાં આવ્યું. એવું મહામોટું ચરિત્ર તે દિવસે મહારાજે કર્યું હતું. ॥૧૩૬॥

હનુમાનજી છે તે ઓટલા ઉપર મહારાજ બેસી ફળ જમ્યા હતા. તે

ચરિત્ર નં.૧૩૭

હે બ્રહ્મચારી ! તમે પણ પૂજાશો.

એક દિવસ ગોપીનાથજી મહારાજના મંદિરમાં ઉગમણી કોરના પગથિયા ઉપર જ્યાં હનુમાનજી છે, તે જગ્યાએ ઉત્તરાદી કોર મહારાજ બેઠા હતા. અને તે વખતે સચ્ચિદાનંદસ્વામી કેળાં, જમરૂખ અને દાડમ લાવ્યા હતા. પછી મૂળજી બ્રહ્મચારીએ સુધારી મહારાજની આગળ મૂક્યાં. પછી મહારાજે જમીને બ્રહ્મચારીને આપ્યાં અને કહે જે, "આ જગ્યાએ તમે અખંડ બેસશો ને તમે પણ પૂજાશો." ॥૧૩૭॥

ગણપતિવાળા ઓટલા ઉપર મહારાજ બેસી નાહ્યા હતા. તે

ચરિત્ર નં.૧૩૮

વૃંદાવનજીએ મહારાજને સ્નાન કરાવ્યું.

એમ કહી કહે જે, "અમારે નાવું છે." એમ કહી ગણપતિવાળા દક્ષણાદી કોરના ઓટલા ઉપર મહારાજ નાવા બેઠા. પછી મહારાજને તે વખતે વૃંદાવનજી મહારાજ નવરાવવા લાગ્યા. તે સામું જોઈ મહારાજ ઘણીવાર હસ્યા. તે વખત ભજનાનંદસ્વામી પાસે હતા. પછી ભજનાનંદસ્વામી કહે જે, "મહારાજ કેમ હસ્યા ?" પછી મહારાજ કહે જે, "આ વૃંદાવનજી મહારાજ ગણપતિ જેવા છે. તે જોઈ અમને હસવું આવે છે." એમ કહી ભારે કસુંબી ખેસ વૃંદાવનજી મહારાજને આપ્યો. ॥૧૩૮॥

એ જ પગથિયાની દક્ષણાદી કોરની હાથણી ઉપર બેસીને પાળાઓની હાજરી લીધી હતી. તે

ચરિત્ર નં.૧૩૯

મહારાજે પાળાઓની હાજરી પૂરી ચરણારવિંદ આપ્યાં.

પછી તે જ દિવસે મહારાજ વસ્ત્ર પહેરી એ જ ઉગમણી કોરના પગથિયાથી દક્ષણાદી કોરની હાથણી(મંદિરના પગથિયાની બંને બાજુની બેઠક) ઉપર રેશમના ચાકળા ઉપર બિરાજમાન થયા. અને પછી પાળાઓને હથિયાર બાંધી હાજરી દેવા આજ્ઞા કરી. પછી પાળાઓએ હથિયાર બાંધી હાજરી આપી. પછી તમામ પાળાઓને હૃદયમાં મહારાજે ચરણારવિંદ આપ્યાં. તેવી રીતે મહારાજે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. તે કિંચિત્માત્ર લખ્યું છે. ॥૧૩૯॥

ઓતરાદી કોર ઉગમણી તથા આથમણી તરફની હાથણી ઉપર ઘણા વખત બેસી સંત પાસે કીર્તન ગવરાવતા. તેનું

ચરિત્ર નં.૧૪૦

મંદિરની ઉતરાદી હાથણી પર મહારાજનું સ્નાન-પૂજન

એક વખત ગોપીનાથજી મહારાજના મંદિરની ઓતરાદી કોરની હાથણી(મંદિરના પગથિયાની બંને બાજુની બેઠકને હાથણી કહેવાય છે) ઉપર મહારાજ શિયાળાના વખતમાં સવારના પહોરમાં ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા હતા. અને ઉગમણે મુખારવિંદે બેસી દાતણ કર્યું અને પછી ત્યાં નાહ્યા. તે વખત વિધાત્રાનંદસ્વામી, અદ્‌ભુતાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી અને દાદાગુરુ પ્રભુતાનંદસ્વામી એ ચારેય મળી ચંદન-પુષ્પે કરી મહારાજની પૂજા કરી. અને મહારાજને

ચણોઠીની માળાઓ પહેરાવી અને પછી મહારાજનાં ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. અને વિધાત્રાનંદસ્વામીએ મહારાજ પાસે ડોડા મૂક્યા. અને અચિંત્યાનંદસ્વામીએ લીંબુ મૂક્યાં અને દાદાગુરુએ સરગવાની સિંગો મૂકી. તે જોઈ મહારાજ ઘણા પ્રસન્ન થયા. ॥૧૪૦॥

મંદિરના ઓતરાદા બારના દરવાજા વચ્ચોવચ ઊભા રહી મહારાજે હજારો વાર દર્શન કરેલાં હતાં. તેનું

ચરિત્ર નં.૧૪૧

આથમણી રૂપચોકીમાં મહારાજ ખીચડી-કઢી જમ્યા.

પછી મહારાજ આથમણી કોરની રૂપચોકી ઉપર ઉત્તરાદા મુખારવિંદે રેશમના ચાકળા ઉપર બિરાજમાન થયા. તે વખતે ટાઢ ઘણી પડી હતી, તે તડકાની રસણે(કિરણે) બેઠા હતા. ને પછી સરગવાની કઢી કરાવવાનું મુકુંદ બ્રહ્મચારીને કહ્યું. પછી સાધુઓને કીર્તન ગાવાની આજ્ઞા કરી. ને સાધુ કીર્તન ગાઈ રહ્યા એટલે બ્રહ્મચારી મહારાજ સારુ થાળ લાવ્યા. મહારાજ સરગવાની કઢી ને ખીચડી જમ્યા. ને પછી ચળુ કર્યાં ને એ પ્રસાદી ચારેય સાધુને આપી. તેટલી વખતમાં ગોપીનાથજી મહારાજની શણગાર આરતી થઈ. એટલે મંદિરના ઉતરાદા દરવાજા વચ્ચે ઊભા રહી દર્શન કર્યાં. અને આરતી થઈ રહ્યા પછી જેટલી મૂર્તિઓ પધરાવેલી છે, તેના નામની પંડે જય બોલાવી અને એમ બોલ્યા જે, **“આરતી થઈ રહ્યા પછી જે મંદિરમાં જે દેવ હોય એની જય બોલવી એ અમારી આજ્ઞા છે.”** ॥૧૪૧॥

ઓતરાદી કોરની રૂપચોકીને આથમણે ખૂણે તથા એ રૂપચોકીની વચ્ચે તથા તે સામા મહારાજે બેસી અનેક ચરિત્ર કર્યાં છે. તે પૈકીનું

ચરિત્ર નં.૧૪૨

મહારાજ તથા ગોપીનાથજી મહારાજની એકતા

એમ કહી ઉત્તરાદી કોરની રૂપચોકીને આથમણે ખૂણે બિરાજમાન થયા ને ઝાઝી ઘડી ત્યાં બેઠા. પછી ત્યાંથી ઊઠી એ રૂપચોકીની વચ્ચે એક મુહૂર્ત ગોપીનાથજી મહારાજ સામા મહારાજ ઊભા રહ્યા. પછી ગોપીનાથજી મહારાજ સામા બેઠા. પછી એક અદ્‌ભુત ચરિત્ર કર્યું કે, જેટલા માણસ તે જગ્યાએ હતા, તેટલાને મહારાજ તે જગ્યાએ ગોપીનાથજીરૂપે દેખાણા અને ગોપીનાથજી સામું જુવે ત્યારે ગોપીનાથજી શ્રીજીમહારાજરૂપે જણાણા. આવું અલૌકિક ચરિત્ર કર્યું. ॥૧૪૨॥

ઓતરાદી કોરની રૂપચોકી ને ઉગમણે ખૂણે કઠોડા ઉપર ઓઠીંગણ દઈને ઓતરાદે મુખે બેઠા હતા. તે

ચરિત્ર નં.૧૪૩

ઓતરાદી રૂપચોકીમાં મહારાજનાં દિવ્ય દર્શન

પછી ઉતરાદી કોરની રૂપચોકીના ઉગમણે ખૂણે કઠોડા ઉપર ઓઠીંગણ દઈને ઓતરાદે મુખે બેઠા. ને તે જગ્યાએ સાધુઓ તથા અનેક માણસોને મહારાજ ચતુર્ભુજરૂપે દેખાણા.

પછી ત્યાંથી ઊઠી એ રૂપચોકીની વચ્ચે જરા ઊભા રહી સ્થંભ પાસે બેઠા. તે વખતે સહુને તેજોમય એવી મહાસ્વરૂપવાન મહારાજની મૂર્તિ જોવામાં આવી. એવી રીતે મહારાજે એક મોટું ચરિત્ર એ જગ્યાએ કર્યું હતું. ને ઉપલી તમામ જગ્યા મહારાજની પ્રસાદીની છે. એ ઓત્રાદી કોરના પગથિયા તથા ઓત્રાદી કોરનો દરવાજો તે જગ્યાએ મહારાજે અનેક ચરિત્ર કર્યાં છે, પણ આ તો દિશમાત્ર લખ્યું છે. ॥૧૪૩॥

ગોપીનાથજી મહારાજના મંદિરના ઉગમણી કોરના દરવાજે બેય કોર પરોળિયા છે ને બે સાવજ છે. તે જગ્યાનું

ચરિત્ર નં.૧૪૪

મહારાજે મંદિરસ્થ પરોળિયાને મુક્તો કહ્યા.

એક વખત મહારાજ ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી ઉગમણે દરવાજે આવી ઊભા હતા. ને ત્યાં બે પરોળિયા જોઈ ઘણા રાજી થઈ પછી તેના ઉપર હાથ ફેરવ્યો. ને મહારાજ બોલ્યા જે, “અક્ષરધામમાં જે દિવ્ય સિંહાસન છે, તેવું જ આ મંદિર છે. અને આ જે બે પરોળિયા છે તે જેવા અક્ષરધામને વિશે મુક્ત છે એવા જ છે. અને અક્ષરધામના દરવાજે જેવા મહાકાળરૂપી બે સાવજો છે તેવા જ આ સાવજ છે.”

એમ કહી પ્રથમ દક્ષણાદી કોરના સાવજ ઉપર બેઠા અને પછી ઉત્તરાદી કોરના સાવજ ઉપર બેઠા. અને બેય સાવજોને માથે બે સજીયો છે, ને તે સજીઓ છે તેમાં એક સજી હેઠ બે પરિઓ છે, ને એક સજી



હેઠ બે વાંદરાઓ છે. તેને જોઈ મહારાજ ઘણા ખુશી થયા. અને બંને સાવજો ઉપર ઊભા રહીને બે સજીઓ ઉપરના બે પરીઓ તથા વાંદરા ઉપર હાથ મૂક્યા. આમ તેને પ્રસાદીના કર્યા. ॥૧૪૪॥

એ રૂપચોકીને વચ્ચે તથા થાંભલા પાસે બેઠા હતા. તે

ચરિત્ર નં.૧૪૫

મહારાજે દાદા ખાચરના ભાગ્યને સહેતુ વખાણ્યાં.

અને પછી એ દરવાજાના પગથિયા સામા રમણામાં ખુરશી ઉપર આથમણે મુખારવિંદે બિરાજમાન થયા. અને સાધુએ લીલાં કપડાં વતે પવન નાખવા માંડ્યો. પછી મહારાજ ધ્યાનમુદ્રાએ કરી ચમકી બેઠા થયા અને પછી એમ બોલ્યા જે, “દાદા ખાચરનાં મોટાં ભાગ્ય છે

અને આ ત્રણ ડોસીઓનાં પણ મોટાં ભાગ્ય છે ને તેના પરિવારનાં પણ મોટાં ભાગ્ય છે અને તેના માણસનાં પણ મોટાં ભાગ્ય છે અને તેના પશુઓનાં પણ મોટાં ભાગ્ય છે, તેને ત્યાં જે પક્ષી રહે છે, તેનાં પણ મોટાં ભાગ્ય છે.

કેમ જે, આ બ્રહ્માંડનું પૃથ્વીનું પીઠ બંધાણું તે દિવસથી આરંભીને આજ દિવસ સુધીમાં ઘણાં ધામ બંધાણાં, પણ મારા પ્રગટ સંબંધ થકી, આ જેવું મારું અક્ષરધામ છે, એવું જ આ ધામ બાંધેલું છે. માટે દાદો ખાચર વિગેરેનાં મહામોટાં ભાગ્ય છે અને તેને ધન્ય છે. તેનું એ જ કારણ છે કે, મારા પ્રતાપ થકી, તથા મારા પ્રગટના સંબંધ થકી, તથા મારા રહેવાના નિવાસ થકી તથા મંદિર કરાવ્યું તે થકી, તથા આ દેવોની પ્રતિષ્ઠા કરી તે થકી, તથા ધર્મકુળને ગુરુ કર્યા તે થકી, તથા અમારા અર્થે આવેલા પદાર્થો તે થકી, આમ મહામોટા સંબંધને લીધે સર્વે એનું કુટુંબ તથા એનો પરિવાર તથા તેમનો વંશ કૃતાર્થ થઈ ગયો છે. જેમ વામનજી વધ્યા તેમ ભેગી લાકડી પણ વધી, તેમ જ્યાં અમે ત્યાં દાદો ખાચર, એવો અમારા પ્રગટના સંબંધથી તેનો મહિમા વધશે. તે આ પૃથ્વીનું પીઠ રહેશે ત્યાં સુધી તેનું નામ જવાનું નથી."

એમ કહી મહારાજ ખુરશી ઉપરથી ઊઠી દાદા ખાચરને મળ્યા અને હૃદયને વિશે ચરણારવિંદ આપી મળ્યા ને માથે હાથ મૂક્યો. ને એમ બોલ્યા જે, "બીજા દરબારગઢો કાળના ભક્ષણરૂપ છે ને આ દાદા ખાચરનો દરબારગઢ છે તે તો અમર છે." એમ કહી જય સચ્ચિદાનંદ કહી પોતાના ઉતારે પધાર્યા. ll૧૪૫ll

આથમણા દરવાજા વિગેરેનું

ચરિત્ર નં.૧૪૬

મહારાજે સ્નાન કર્યું અને પરમહંસોને શરબત પાયું.

ગોપીનાથજી મહારાજના મંદિરના આથમણા દરવાજાની રૂપચોકી તથા આથમણા દરવાજાની બહાર દરવાજાની આગલી ચોકીમાં મહારાજ બેઠેલા છે. તથા નારાયણ લહેરી કૂવાની માથે રૂપચોકી ઉપર મહારાજ બિરાજમાન થયા હતા. ને ઉનાળામાં રાત્રે ગાદીતકિયા નંખાવી ત્યાં બિરાજમાન થયા હતા.

એક સમે અજવાળી રાત્રી હતી અને બફારો બહુ થતો હતો. પછી આથમણા દરવાજાની આગળની ચોકી વિગેરે તમામ જગ્યાએ પાણી છંટાવ્યું. અને પહેલાં તો ચાકળો નાખી દરવાજાના પગથિયા ઉપર બેઠા અને સાધુઓએ પવન નાખવા માંડ્યો. પછી મહારાજ કહે જે, "અમારે નાવું છે માટે આ કૂવામાંથી તૂંબડાં ભરી પાણી લાવો." પછી સાધુઓ પાણી લાવ્યા. અને મહારાજ કૂવાની ઉપર રૂપચોકી ઉપર બેઠા. તે વખતે સાધુઓ સાઈઠ-સિત્તેર હતા. પછી એકેકું તુંબડું લાવી મહારાજ ઉપર રેડ્યું.

પછી મહારાજે લૂગડાં બદલાવ્યાં ને દરવાજાની આગળ ચોકમાં ઢોલિયો ગાદીતકિયા બિછાવીને તૈયાર કરેલો તે ઉપર મહારાજ બેઠા. પછી બ્રહ્મચારીને કહ્યું જે, "લાડુબાઈને ત્યાંથી સાકરનું પાણી લાવો." પછી સાકરનું પાણી લાવ્યા તે મહારાજે પીધું. પછી મહારાજ કહે જે, "લાડુબાઈને કહો અમને તો સાકરનું પાણી પાયું પણ પરમહંસને સાકરનું પાણી પાવો." તેથી એ જ પ્રમાણે બ્રહ્મચારીએ લાડુબાઈને કહ્યું.

પછી લાડુબાઈ તથા રાજબાઈ તથા જીવુબાઈ વિગેરે બસે બાઈઓની મંડળી ગોપીનાથજી મહારાજના માંયલા ચોકમાં આવ્યાં. અને ત્યાં પાણીની મોટી મોટી તાંબા-પિત્તળની ગોળીઓ લાવ્યાં ને કેટલાક મણ સાકર લાવ્યાં. પછી સાકરનું પાણી કર્યું. તે પાણી મહારાજે ફરી પી એ સર્વે ગોળીઓમાં રેડ્યું.

પછી અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી મહારાજ તથા દાદો ખાચર તથા મુળજી બ્રહ્મચારી એ ચારને આજ્ઞા કરી કે, “આ ગોળીઓ તમે આંહીં લાવો.” ને નાના કરીમભાઈને આજ્ઞા કરી કે, “જેટલા પરમહંસ ગામમાં વિગેરે જ્યાં હોય ત્યાંથી બોલાવી લાવો.” તેથી કરીમભક્ત પરમહંસોને બોલાવી લાવ્યા. પછી એકેકું પતર સાકરના પાણીનું સર્વ પરમહંસ તથા બાઈ-ભાઈ સર્વેને મહારાજે પોતે હાથે કરીને આપ્યું. ॥૧૪૬॥

ચરિત્ર નં.૧૪૭

તેત્રીશ કરોડ દેવતાઓ મહારાજનાં દર્શને આવ્યા.

પછી સાંખ્યજોગી ડોસીઓએ ચંદન ઉતાર્યું હતું, તેને ઉત્તમરાજા પાસે શરીરે ચરચાવ્યું. પછી ગાદી-તકિયા ઉપર બિરાજમાન થયા અને ઉગમણે મુખારવિંદે આડે પડખે સૂતા. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, જોગાનંદસ્વામી, આધારાનંદસ્વામી વિગેરેએ સારંગી, સતાર, મંજીરાં, તંબુર, મૃદંગથી ગાવણું કરવા માંડ્યું. તે સમયે તે જગ્યાએ કોટિ સૂર્ય સરખું પ્રકાશમાન અને કોટિ ચંદ્રમા સરખું શાંત અને શીતલ ને મંદ ને સુગંધે જુક્ત તેજઅંબાર ઘણા પ્રકાશે જુક્ત થયો. તેમ કોટાનકોટિ ચતુર્ભુજ મૂર્તિઓ ક્ષણમાત્ર સહુના જોવામાં આવી. અને એ પ્રકાશ તો ઘણી વાર સુધી રહ્યો. સભા બધી

બેઠી હતી તે ઊભી થઈ ગઈ અને અહો... હો... એમ કહેવા લાગી. ત્યારે ઘડી વાર પછી સર્વ તેજ અદૃશ્ય થઈ ગયું.

પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, “હે મહારાજ ! આ અલૌકિક આશ્ચર્ય શું થયું ?” પછી મહારાજ કહે જે, “એ તેત્રીસ કરોડ દેવતા અમને તથા આ સભાને પગે લાગવા આવ્યા હતા. આ તેજ તે દેવતાઓનું હતું.” તે સાંભળી મુક્તાનંદસ્વામી તથા સભામાં બેઠેલા સર્વે ખૂબ જ રાજી થયા. પછી તે જ વખત વરસાદ થાવાનો આદર થયો. પછી મહારાજે સભાને રજા આપી એટલે સહુ સહુના આસને ગયા. ને મહારાજ અક્ષર ઓરડીએ પધાર્યા. અને પછી ઘણો વરસાદ થયો. એ પ્રમાણે એ જગ્યાએ મહારાજે મોટું ચરિત્ર કર્યું, પણ આ તો દિશમાત્ર લખ્યું છે. ॥૧૪૭॥

ગોપીનાથજી મહારાજના મંદિરમાં વચલા ચોકમાં બે કલાક સુધી ગોપીનાથજી મહારાજની સામું જોઈ રહ્યા હતા. તે

ચરિત્ર નં.૧૪૮

મહારાજનો ગોપીનાથજીની મૂર્તિમાં પ્રવેશ

એક દિવસે શ્રીજીમહારાજ ગોપીનાથજી મહારાજના મંદિરની મધ્યે વચલા ચોકમાં બે કલાક સુધી ગોપીનાથજી મહારાજની સામું જોઈ રહ્યા હતા. તે વખત એક મોટું અદ્‌ભુત ચરિત્ર જોવામાં આવ્યું હતું કે, ગોપીનાથજી મહારાજની મૂર્તિમાં મહારાજે પ્રવેશ કર્યો. એમ ઉત્તમરાજા વગેરે સર્વ માણસના જોવામાં આવ્યું. ॥૧૪૮॥

ધર્મદેવના મંદિરના સામા ચોકમાં ઊભા રહ્યા હતા. તે

ચરિત્ર નં.૧૪૯

ધર્મ-ભક્તિ મહારાજની મૂર્તિમાં લીન થયાં.

પછી ત્યાંથી મહારાજ ધર્મદેવના મંદિરના સામા ચોકમાં ઊભા રહ્યા હતા. ને ત્યાં ધર્મ અને ભક્તિ મહારાજના સ્વરૂપમાં લીન થયાં, એવું જોવામાં આવ્યું. ॥૧૪૯॥

સૂર્યનારાયણના મંદિરના ચોકમાં મહારાજ ઊભા હતા ને જ્યાં પાટ પડ્યો છે તે જગ્યાએ મહારાજ પોઢ્યા હતા. તે

ચરિત્ર નં.૧૫૦

બાર સૂર્યો મહારાજના ચરણમાં લીન થયા.

પછી ત્યાંથી સૂર્યનારાયણના મંદિરના ચોકમાં મહારાજ ઊભા હતા. ત્યાં બાર સૂરજ સહિત હિરણ્યગર્ભ ભગવાન મહારાજના સ્વરૂપમાં લીન થઈ ગયા. અને પછી બાર સૂરજ પૃથક પૃથક મહારાજની પૂજા કરી અને મહારાજના ચરણારવિંદમાં લીન થઈ ગયા; એવું જોવામાં આવ્યું.

પછી ત્યાંથી મહારાજ જ્યાં સુખશૈયામાં પાટ પડ્યો છે, તે જગ્યાએ પાટ ઉપર સૂતા હતા. ને પછી ઠાકોર જાગ્યા મોર મહારાજ ઊઠ્યા ને પછી મુખારવિંદ ધોઈ પાણી પીધું. ॥૧૫૦॥

મંદિરના ઓત્રાદા દરવાજાથી આથમણી જાળી પાસે મહારાજ બેઠા હતા. તે

ચરિત્ર નં.૧૫૧

સંતોની કીર્તનભક્તિ અને તેજ પ્રગટ થયું.

પછી મંદિરના ઓત્રાદા દરવાજાથી આથમણી જાળી પાસે મહારાજ ખુરશી ઉપર બેઠા હતા. પછી ઠાકોરજી જાગ્યા તે પછી ઠાકોરજીનાં દર્શન કર્યાં અને સંતો પાસે કીર્તન ગાન કરાવ્યું. તે સમયે પ્રેમાનંદસ્વામી વગેરે સંતો વીણા, મૃદંગ આદિ વાજિંત્રો સાથે ઉત્સાહથી કીર્તન ગાતા. ત્યારે ગોપાળજી મહારાજે પણ વીણા લઈ બિહાગ રાગમાં કીર્તન ગાયું હતું. તે વખતે કરોડો સૂર્યના પ્રકાશ જેવું ઉજજવળ અને ચંદ્ર જેવું શીતળ તેજ પ્રગટ થયું. આવું સહુને જોવામાં આવ્યું. પછી થોડીવારમાં તે અદૃશ્ય થઈ ગયું. પછી મહારાજ દરબારમાં પધાર્યા. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ॥૧૫૧॥

ગણેશચોથને દિવસે ઓત્રાદી કોરે આથમણે ખૂણે ઊભા રહી ગણપતિની પૂજા કરી હતી. તે

ચરિત્ર નં.૧૫૨

સપરિવાર ગણપતિજીએ મહારાજનું પૂજન કર્યું.

એક દિવસ ગોપીનાથજી મહારાજના મંદિરમાં ગણેશચોથને દિવસે ઓત્રાદી કોરે આથમણે ખૂણે ગારાના ગણપતિ કર્યા હતા. પછી તે દિવસે ચંદન, ફૂલોના હાર, ગોળ નાખેલા ચૂરમાના લાડુ વિગેરે ઉપચારોથી બ્રાહ્મણો પાસે મહારાજે ગણપતિની પૂજા કરાવી. અને ત્યાં ઘણીવાર સુધી મહારાજ ગણપતિ સામે ઊભા રહ્યા હતા અને ગણપતિનાં વખાણ કર્યાં હતાં. તે વખત ગારાના ગણપતિમાંથી દિવ્યરૂપે ગણપતિ અને

તેમની પત્નીઓ રિદ્ધિ, સિદ્ધિ તથા સૂધ, બુધ, લક્ષ, લાભ સહિત ઉંદરના વાહન ઉપર દેખવામાં આવ્યાં. ને ગણપતિજીએ મહારાજની પૂજા કરીને સ્તુતિ કરી. પછી ગણપતિજી અંતર્હિત થઈ ગયા; એવું ઘણા બ્રાહ્મણોએ જોયું. એવું એક મહામોટું ચરિત્ર બીજાના જોવામાં પણ આવ્યું. તેથી તેઓ ખૂબ આનંદ પામ્યા. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ॥૧૫૨॥

પાટની આણીકોરની ચોકીએ અન્નકૂટને દિવસ ગોવર્ધન પર્વતની પૂજા કરી. તે

ચરિત્ર નં.૧૫૩

સચ્ચિદાનંદસ્વામીને ગોવરધનધારી શ્રીકૃષ્ણ દર્શન

એક વખત અન્નકોટને દિવસે મહારાજ ગોપીનાથજીના મંદિરમાં પાટની આણીકોરની ચોકીએ ઊભા રહ્યા. ને ઉગમણી ચોકીએ તે અન્નકોટને દિવસ ગોવરધન પર્વત કરાવ્યો હતો. તે છાણનો ગોવરધન પર્વત બહુ વખાણવા લાયક કર્યો હતો. પછી તે જગ્યાએ મહારાજ આવી પાટલા ઉપર બિરાજમાન થયા હતા. ને પછી ગોવરધન પર્વતની પૂજા અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ પાસે કરાવી. તે વખતે સચ્ચિદાનંદસ્વામીને સમાધિમાં શ્રીકૃષ્ણ ભગવાને ગોવરધન પર્વતને ટચલી આંગળીએ અધ્ધર રાખેલો એવો જોવામાં આવ્યો. તેથી તે વાત તેમણે કહી. તે સાંભળી સહુ વિસ્મય પામ્યા. ॥૧૫૩॥

ગોપીનાથજી મહારાજની આગળ બે પરોળિયા ઉપર મહારાજે હાથ ફેરવેલા છે ને પ્રસાદીના છે.

ચરિત્ર નં.૧૫૪

મહારાજે અન્નકૂટનું ભોજન કરીને આરતી ઉતારી

પછી શ્રીજીમહારાજ ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા લાગ્યા. તે વખત ગોપીનાથજી મહારાજની ઉગમણી બારસાખની આગળ બે પરોળિયા છે, તે ઉપર મહારાજે હાથ ફેરવ્યો. અને એમ બોલ્યા જે, "આ તો નંદ-સુનંદ બે પાર્ષદ છે." એમ કહી ગોપીનાથજી મહારાજના મંદિરની જાળીમાં મહારાજ બેઠા.

પછી મહારાજે અન્નકોટ પૂરાવ્યો. અને પછી અન્નકોટમાં જેટલી ચીજો હતી, તેટલી ચીજો મહારાજ જમ્યા અને પછી આચમન કર્યું. પછી અન્નકોટની આરતી મહારાજે પંડે ઉતારી. તે પછી મહારાજ ત્યાં જાળીની બહાર રેશમના ચાકળા ઉપર બિરાજમાન થયા. તે વખત ગોપીનાથજી મહારાજ સર્વેને મહારાજરૂપે દેખાણા. એવું એક ચરિત્ર તે જગ્યાએ કરેલું છે. ॥૧૫૪॥

ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન થયા હતા. ત્યાં કરેલું

ચરિત્ર નં.૧૫૫

સંતોએ ભાવનગર ઠાકોરના આરબની રક્ષા કરી.

એક વખત (સં.૧૮૮૫ પોષ માસ) ભાવનગરના ઠાકોર વજેસંગજી ગઢડામાં આવ્યા ને જીવા ખાચરના દરબારમાં આવ્યા. પછી ઠાકોર વજેસંગજીને મહારાજે નોતરું આપ્યું. પછી ઠાકોર વજેસંગજી મ્યાનામાં બેસી મહારાજનાં દર્શન કરવા દાદા ખાચરના દરબારમાં આવતા હતા અને આગળ આરબની બેરખ ચાલી આવતી હતી. તે વખત ત્રાંસાં ને મરફો(મોટું નગારું) વાગતો આવતો હતો. તે દાદા ખાચરના દરબારમાં આવ્યા. અને ચાલતાં-ચાલતાં મંદિરને ખૂણે આવ્યા.

તે વખત એક આરબે ગોપીનાથજીના મંદિર સામો બંદૂકમાં દારૂ ભરી ભડાકો કર્યો. તે બંદૂક ફાટીને શિંગડું સળગ્યું, તેથી તે આરબ ઘણો ઊંચો ઊડ્યો ને ઘણો ફેરવ્યો. તે વખત ઠાકોર વજેસંગજી પાસે રૂપાભાઈ તથા રાજાભાઈ હતા. તે તેના જોવામાં એમ આવ્યું કે, સાધુઓએ એ આરબને અધ્ધરથી પકડી લઈ બચાવ્યો. તે વાતની ખબર ઠાકોરને તુરત કરી. તે વાત સેવાગર બાવાના જોવામાં આવી, તે તેણે પણ તે વાત કબૂલ કરી. અને તે આરબ બચ્યો.

પછી તે આરબ તુરત મોઢામાં ખાસડું લઈ ઠાકોરને પગે લાગ્યો. પછી ઠાકોર બોલ્યા જે, “જે કરે તે ભોગવે.” એમ કહી મ્યાનામાંથી હેઠા ઊતર્યા. અને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન થયા હતા ત્યાં ગયા. ને સાષ્ટાંગ દંડવત કરી પગે લાગ્યા. ॥૧૫૫॥

મંદિર ઉપર વચલા માળમાં તથા વાંસલી પ્રદક્ષિણામાં ઠાકોર વજેસંગજીને લઈ ચારેકોર આંટો મારી કહે જે, અહીંયાં ભગવાનનું મંદિર કર્યું છે, ગઢ-કોઠો નથી. તે વખત ઠાકોરે ઘણી પ્રાર્થના કરી હતી. તે

ચરિત્ર નં.૧૫૬

મહારાજ તથા ભાવનગર ઠાકોરનું ગઢપુરમાં મિલન

પછી મહારાજે ઢોલિયા ઉપર ભાવનગર ઠાકોરને બેસાડવા માંડ્યા, પણ તે બેઠા નહીં. ને ઠાકોરે મહારાજને ઢોલિયા ઉપર બેસાડ્યા અને પોતે ચાકળા ઉપર બેઠા. ને સમાચાર પૂછ્યા ને મંદિર જોઈ ઘણાં વખાણ કર્યાં ને કહે જે, "દાદા ખાચરનાં મોટાં ભાગ્ય છે અને આ ત્રણ ડોસીઓ છે તે મહાનૈષ્ઠિક બ્રહ્મચારી ને મહાત્યાગી છે ને લક્ષ્મી તથા રાધિકા જેવી છે. અને ખરા રાજા ને ખરા દરબાર તો તમારા સંબંધથી આ દાદો ખાચર છે. તે પૃથ્વીનું પીઠ રહેશે ત્યાં સુધી તેમનું નામ રહેશે. બીજા રાજા તો કાળનું ભક્ષણ છે ને મારું પણ મોટું ભાગ્ય છે જે, તમે પ્રત્યક્ષ ભગવાન અમારા રાજ્યમાં વિરાજમાન થયા છો."

પછી મહારાજ કહે જે, "આ સર્વ સભાને આજ્ઞા કરો, તે ગોપીનાથજીનાં દર્શન કરે અને પછી જમવા જાય. પછી આપણે દર્શને જઈશું." પછી ઠાકોર વજેસંગજીએ તે જ પ્રમાણે આજ્ઞા કરી. પછી સર્વે દર્શને જઈ પાછા જમવા બેઠા. તે વખત સાત વાનાની સુખડી કરી સર્વેને જમાડ્યા. ને પછી મહારાજ ઠાકોર વજેસંગજીને લઈ આથમણે પગથિયેથી ગોપીનાથજી મહારાજનાં મંદિરે ચઢ્યા. ને તે ઠાકોર વજેસંગજીનું કાંડું મહારાજના હાથમાં હતું. પછી ઠાકોર વજેસંગજી કહે જે, "આ કાંડું ઝાલ્યું, તે તમારે મૂકવું નહિ. તમારું અધમઓધારણ નામ છે; માટે નામ પ્રમાણે મને તારવો."



પછી ઠાકોરનું નિર્માનીપણું જોઈ મહારાજ ઘણા રાજી થઈ કહે જે, "તમારી ઇચ્છા પ્રમાણે થશે." એમ કહી ગોપીનાથજી મહારાજ પાસે ગયા. અને ત્યાં ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યાં. તે વખતે ગોપીનાથજી મહારાજમાંથી તેજ નીકળ્યું, તે મહારાજના સ્વરૂપમાં લીન થયું. તે આશ્ચર્ય જોઈ ઠાકોર ઘણા વિસ્મય પામ્યા.

પછી ધર્મદેવનાં દર્શન કરી સૂરજ નારાયણનાં દર્શન કર્યાં. ને પછી મંદિર ઉપર ચડ્યા તે મંદિરના વચલા માળમાં તથા વાંસલી પ્રદક્ષિણામાં ઠાકોર વજેસંગજીને લઈ ચારે કોરે આંટો માર્યો. અને મહારાજે કહ્યું જે, "અહીંયાં ભગવાનનું મંદિર કર્યું છે, પણ આ જગ્યાએ ગઢ-કોઠા નથી કર્યા. ને અમે ભાવનગર આવ્યા ત્યારે તમને કહ્યું હતું, તે જ પ્રમાણે છે કે નહિ ?" ॥૧૫૬॥

ઓત્રાદા બારના દાદા ખાચરના ઓરડામાં
મહારાજ ખુરશી ઉપર બેઠાં. ત્યાંનું

ચરિત્ર નં.૧૫૭

મહારાજે ભાવનગર ઠાકોરને પ્રેમથી જમાડ્યા.

પછી રાજાએ કહ્યું જે, "મહારાજ, એ તો હરામી માણસોનું બોલવું હતું અને દાદા ખાચરની ઈર્ષાથી કહેતા ને તમો તો પૂરણ પુરુષોત્તમ ભગવાન છો ને સમદષ્ટિવાળા છો. માટે મારો અપરાધ ક્ષમા કરો." એમ કહી પાછા ઉગમણા બારને ઓરડે આવ્યા ને ત્યાંથી ઓત્રાદા બારના દાદા ખાચરના ઓરડામાં પધાર્યા ને ત્યાં ઠાકોર વજેસંગજી જમવા બેઠા. ને મહારાજ ખુરશી ઉપર પાસે બેઠા. પછી અનેક પ્રકારનાં વ્યંજન લાવી મૂક્યાં. પછી ઠાકોર કહે જે, "હું તો તમારા પ્રસાદનો અભિલાષી છું."

પછી મહારાજ કહે જે, "અમારો પ્રસાદ ખાય છે, તે અમને વશ થઈ જાય છે ને તે માણસ ગાંડું થઈ જાય છે. કેમ જે, જગતમાં એમ કહે છે જે, ભેંસે પ્રસાદી ખાધી તે ભેંસ ગાંડી થઈ ગઈ." પછી ઠાકોર વજેસંગજી કહે જે, "એ તો પાપી માણસનું કામ છે. ને જ્યારે ભગવાન પ્રગટ થાય છે, ત્યારે પાપી પણ ભેગા પ્રગટ થાય છે અને નિંદા કરે છે. તમે તો અધમઓધારણ ને પતિતપાવન છો, માટે મને પ્રસાદ મંગાવીને આપો."

પછી પ્રસાદી લાવ્યા તે પહેલી મહારાજ જમ્યા ને પછી ઠાકોર સર્વે ભોજન જમ્યા. ને જમી રહ્યા પછી મહારાજે સર્વે દરબાર દેખાડ્યો. અને પછી મહારાજની સ્તુતિ કરી ભેટ મૂકી ઠાકોર વજેસંગજી ઉતારે ગયા. એવી રીતે ચાર દિવસ સુધી ત્યાં રહ્યા. અને રોજ મહારાજને મળવા આવતા. એવી રીતે તે જગ્યાએ મહારાજે મોટું ચરિત્ર કર્યું. ॥૧૫૭॥

ધર્મદેવજીના મંદિરની આગળ વચલા માળ ઉપર મહારાજે કેશ ઉતરાવ્યા હતા. તે

ચરિત્ર નં.૧૫૮

મહારાજે મંદિરના શિખર પાસે બેસી વતુ કરાવ્યું.

એક દિવસ સ્વામિનારાયણ મહારાજ ગોપીનાથજી મહારાજના મંદિરમાં ઉત્તમરાજા સહિત દર્શને આવ્યા હતા. અને પછી દર્શન કરી વચલા ચોકમાં ઊભા રહી ઉત્તમરાજાને કહ્યું કે, "આ મંદિર મહા શોભિતું થયું છે." એમ કહી કહે જે, "તમે આ ઉપલા માળ ઉપર ચડ્યા છો ?" ત્યારે ઉત્તમરાજા કહે જે, "હે મહારાજ ! ના." પછી મહારાજ કહે, "ચાલો." પછી ઉપરના માળે મહારાજ પગથિયે થઈને ચડ્યા. પછી મંદિરના ઉપરના માળે ધર્મદેવજીના મંદિરના શિખરની આગળના ભાગમાં વચલા માળ ઉપર ચાકળો નંખાવી બેઠા.

તે વખતે પાર્ષદો તથા સદ્‌ગુરુઓ પાસે બેઠા હતા. પછી મહારાજે દાઢીએ હાથ ફેરવ્યો અને કહે જે, "વતુ ચઢ્યું છે." પછી ભગુજીને વાળંદ બોલાવવાની આજ્ઞા કરી. પછી દેવજી કરીને નાઈ(વાળંદ) આવ્યો. તેણે મહારાજની હજામત કરી. પછી તે જગ્યાએ શૂન્યાતીતાનંદસ્વામી પાણી લાવ્યા. ત્યાં મહારાજ નાહ્યા. પછી વસ્ત્ર બદલાવ્યાં. ॥૧૫૮॥

ગોપીનાથજી મહારાજના મંદિરના વચલે માળે શિખરની અંદર મહારાજ બેઠેલા છે. ને તે ત્રણે શિખરોના વચલા માળમાં મહારાજ બેઠેલા હતા. ને તેના બારણાના બારશાખના પગથિયા ઉપર બેઠેલ છે. ત્યાંનું

ચરિત્ર નં.૧૫૯

શિખર સમીપે સચ્ચિદાનંદસ્વામીએ શ્રીહરિની પૂજા કરી.

પછી ગોપીનાથજી મહારાજના મંદિરના શિખરની અંદર મહારાજ ઉત્તમરાજાને સાથે લઈને ફર્યા ને તે જોઈને બેઠા. પછી ધર્મદેવના શિખર તથા સૂરજનારાયણના શિખરના વચલા માળમાં મહારાજ ફર્યા ને પછી બેઠા. અને પછી વચલા શિખરના બારણાંના બારસાખની આગળ પગથિયા ઉપર બેઠા. ને પછી ત્યાં સચ્ચિદાનંદસ્વામીએ ચંદન ને પુષ્પના હારે કરી મહારાજની પૂજા કરી. ને પછી મહારાજ પગથિયા ઉપર પગ રાખી ઊભા રહ્યા. પછી સચ્ચિદાનંદસ્વામીને મળી હાર આપ્યો. ને પછી ઉત્તમરાજા, સદ્‌ગુરુઓ તથા પાર્ષદોને મહારાજ મળ્યા ને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. ॥૧૫૯॥

ત્રણ દરવાજા ઉપરનાં ત્રણેય બારણામાં મહારાજ વચલે માળે ઊભેલ છે. ત્યાંનું

ચરિત્ર નં.૧૬૦

મહારાજે મંદિર ઉપરથી સર્વે સીમ જોઈ, જોવરાવી.

પછી ઉત્તમરાજાનું કાંડું ઝાલી મંદિરના ઉગમણા દરવાજા ઉપર વચલા માળ ઉપર બારણું છે, તે બારણા બહાર ઘુંમટની ચોકી ઉપર ઊભા રહી ઉગમણી કોર રહી સર્વ સીમ જોઈ. પછી રાધાબાગ,

પીપળાવાડી અને ભગતિબાગના ઓરિયા વિગેરેનાં નામ લઈ આંગળીએ કરી ચીંધ્યું. ને પછી ત્યાંથી ઓત્રાદા બારના દરવાજાની બારીએ તે જ પ્રમાણે ઊભા રહ્યા ને સોનલ તથા નાળિયેરી નામની ટેકરી વિગેરે હાથે કરી દાદા ખાચરને વગેરેને ચીંધ્યું. ને ઝાઝી ઘડી ઊભા રહી સર્વે સીમ જોઈ. પછી ત્યાં લાકડાંની ઘોડી હતી, તે ઉપર બેઠા.

પછી ત્યાંથી આથમણા દરવાજાના ઉપલા માળના બારણા ઉપર ઊભા રહી બારણાના ઘુંમટની ચોકીની અગાશી ઉપર ઊભા રહ્યા. ત્યાં પડખે એક બારણું છે અને તે બારણા ઉપર ઓટા ઉપર આથમણે મુખારવિંદે બિરાજમાન થયા. ને ત્યાં ઉત્તમરાજાને નારણહ્રદ(ધરો) તથા માંડવધાર તથા આથમણી સીમ દેખાડીને કહ્યું જે, “આંહીંથી દસ ગાઉ સુધી નજર પડે છે.” એમ કહી તે જગ્યાએ ડોડાના બી જમ્યા. ॥૧૬૦॥

ત્રીજા માળથી નીચે અને વચલા માળના પગથિયા ઉપર વચલા માળે ઉગમણી કોરે ઓટો છે, તે ઉપર મહારાજ બેઠેલા છે. વચલી પ્રદક્ષિણામાં હેઠલે માળે મહારાજ પોઢેલા, હાલેલા ને બેઠેલા છે.

ચરિત્ર નં.૧૬૧

મહારાજે મંદિર કરવાની રચના બતાવી

પછી ત્યાંથી ઊઠી શિખરથી આથમણી, દક્ષણાદી ને ઉગમણી પ્રદક્ષિણા ઉપર ફર્યા. અને ગઢ(ગઢડાનો કોટ) તથા ગઢાળી વિગેરે (ગામ) ઘેલો (નદી) એ તમામ જગ્યા જોઈ ઉગમણી કોર ત્રીજા માળની નીચે ને વચલા માળના પગથિયા ઉપર વચલા માળે ઉગમણી કોરે ઓટો છે, તે ઉપર મહારાજ બેઠા. અને પછી મંદિર કરવાની રચના તમામ કડિયા તથા સદ્‌ગુરુ તથા ઉત્તમરાજાને બતાવી.

તે પછી ત્યાંથી ઉપર ચઢી ત્રીજો માળ કરવા ત્યાં ઉપર ઘુંમટ બાંધવાનું ચીંધ્યું. અને શિખરોના ગોખ કરવાનું બતાવ્યું. પછી વચલા માળના ચઢવાના પગથિયા ઉપર થઈ મહારાજ હેઠા ઊતર્યા. પછી વચલી પ્રદક્ષિણામાં હેઠલે માળે ગોપીનાથજી મહારાજની વાંસે વાંસલી પ્રદક્ષિણામાં જે ગોખ છે, તે પધોર પાટલા ઉપર બેસી કેરીનો રસ વિગેરે ભોજન જમ્યા. અને પછી ત્યાં પલંગ ઢળાવી સૂતા. ॥૧૬૧॥

ગોપીનાથજી વગેરે ત્રણેય મંદિર પ્રસાદીના છે. ત્યાંનું

ચરિત્ર નં.૧૬૨

મહારાજે મંદિરસ્થ તમામ મૂર્તિઓની પ્રશંસા કરી.

તે વખત ગોખ સાંદેલો હતો નહિ, પણ ખુલ્લો હતો. તે ઉત્તમ રાજા તથા સદ્‌ગુરુઓને કેરીની પ્રસાદી આપીને પછી સૂતા. સૂઈને ઊઠ્યા પછી કોગળા કરી મંદિરમાં ગયા, તેટલા વખતમાં ગોપીનાથજી મહારાજ જાગ્યા ને નગારું વાગ્યું. પછી ગોપીનાથજી મહારાજ તથા રાધિકાજી, વાસુદેવનારાયણ, ધર્મ-ભક્તિ ને સૂર્યનારાયણ એ ત્રણેય મંદિરે મહારાજે દર્શન કર્યાં.

પછી મહારાજ બોલ્યા જે, "ગોપીનાથજી મહારાજની મૂર્તિ અમારી છે. અને અમે અમારા પ્રમાણે જ કરાવી છે. અને આ બધાં મંદિરોની મૂર્તિઓ ચમત્કારી છે. ને આ મૂર્તિઓને અમે મળેલ છીએ. ને આ મૂર્તિઓ અમારામાં લીન થયેલ છે ને અમારી છે." એ પ્રમાણે કહ્યું. એ ઉપલા માળ તથા જેટલાં સ્થાનક લખાવ્યાં તે જગ્યાએ મહારાજ હજારો વખત બેઠેલા છે અને તે તમામ મંદિર પ્રસાદીના છે. અને જેવું અક્ષરધામમાં દિવ્ય સિંહાસન છે, એવી જ આ મંદિરની રચના કરેલી છે. ॥૧૬૨॥

ચોકમાં લીંબતરુ નીચે મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૬૩

દાદા ખાચરની સુખડીની રસોઈ તથા પૂજન

બીજા દિવસે બપોરે ઉત્તમરાજાએ સાત વાનાંની સુખડીની રસોઈ આપી પરમહંસ ને પાળા, ધર્મકુળ વિગેરેને જમાડ્યા. પછી બપોર વચ્ચે લીમડા નીચે પધરાવી મહારાજને જરિયાની વસ્ત્ર પહેરાવી સોળ ઉપચારે કરી મહારાજની પૂજા કરી. પછી ધર્મકુળ ને આચાર્ય ને પરમહંસ, બ્રહ્મચારી, પાળાને વસ્ત્ર ઓઢાડ્યાં ને પૂજા કરી, મહારાજની આરતી ઉતારી મહારાજનાં ચરણારવિંદ હૃદયમાં લીધાં. ને તે જ દિવસે ઉત્તમરાજા, તેમની પત્ની જશુબાઈ તે બંને જણાએ આત્મનિવેદીપણાનું સમર્પણ લીધું હતું. તે વખતે મહારાજે પોતાને પૂજવાના લાલજી હતા, તે ઉત્તમરાજાને પૂજવા માટે આપ્યા. તે લાલજી ઘણા ચમત્કારી છે.

❋ મહારાજે ધામસ્થ દિવ્ય સિંહાસન અહીં બતાવ્યું.

પછી સભા ઊઠી તે વખતે મહારાજે મંદિર સામું જોયું. તે વખતે સર્વ સભાએ પણ મંદિર સામું જોયું. તે વખત અક્ષરધામને વિશે તેજોમય એવું દિવ્ય સિંહાસન છે, એવું અનંત સૂરજના જેવું પ્રકાશે યુક્ત મંદિરનું સિંહાસન દેખવામાં આવ્યું. તે આશ્ચર્ય જોઈ ઘણા માણસો વિસ્મય પામ્યા. એવું તે જગ્યાએ મોટું ચરિત્ર કર્યું છે. એ પ્રમાણે દરબારમાં જેટલી જગ્યાએ મહારાજ બિરાજમાન થયા છે, તે સાંભળ્યા પ્રમાણે મેં લખ્યું છે. ॥૧૬૩॥

દાદા ખાચરના દરબાર નજીક તેમના કામદાર લાધા ઠક્કરને મહારાજે દાદા ખાચરની પાટીમાં ખોરડાં કરાવી આપ્યાં. તે ખોરડાં દાદા ખાચરના દરબારથી ઉગમણાં છે. એ ખોરડાંમાં હાલ બાવા ખાચરની દીકરી રહે છે. તે સ્થાનકે મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૬૪



લાધા ઠક્કર આદિક ત્રણેય ભાઈઓના ઘરની વાત

લાધો ઠક્કર, કુરજી ઠક્કર, પ્રેમજી ઠક્કર એ ત્રણ ભાઈ હતા. અને તેમને મહારાજે દાદા ખાચરના કારભારી રાખ્યા હતા. તેમાં લાધો ઠક્કર તથા કુરજી ઠક્કર મહાબુદ્ધિમાન અને પરમ ભગવદી હતા. ને તેના ઉપર મહારાજનો ઘણો સ્નેહ હતો અને તેણે સત્સંગ અર્થે દેહ, કુટુંબ અર્પણ કરેલું હતું. દાદા ખાચરે ગોપીનાથજી મહારાજના મંદિરથી પૂર્વ દિશામાં લાધા ઠક્કરને માટે ઘર કરાવી આપ્યાં હતાં. તેને ત્યાં મહારાજ ઘણી વખત બિરાજમાન થયેલા છે અને ત્યાં રહ્યા છે અને ત્યાં ભક્તજનોને ઘણો આનંદ આપ્યો છે ને અનેક ચરિત્રો કર્યાં છે. ॥૧૬૪॥

એ લાધા ઠક્કરનાં ઓતરાદાં બારનાં ચાર ખોરડાં મધ્યેનું

ચરિત્ર નં.૧૬૫

લાધા ઠક્કરના ઘરના વાસ્તુ નિમિત્તે ભોજન-પૂજન

લાધા ઠક્કરના એ ખોરડાં ઓત્રાદા બારનાં ચાર હતાં. એ ખોરડાંમાં વાસ્તુ લીધું ત્યારે બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપી હતી. પછી તે ખોરડાંમાં તે રહ્યા. પછી મહારાજને ત્યાં પધરાવ્યા. અને પરમહંસ, સાધુ, બ્રહ્મચારી સર્વેને રસોઈ આપી જમાડ્યા અને દરબારમાં લાડુબાઈ પાસે મહારાજનો થાળ કરાવી મહારાજને જમાડ્યા. અને પછી સાંજે મહારાજને પોતાને ઘરે પધરાવ્યા.

પછી ફળીમાં બિછાનું નંખાવી ઢોલિયો ઢળાવ્યો. તે ઉપર કિનખાબનું ગાદલું નંખાવી ઉપર મલમલનો ઓછાડ નંખાવી તે ઉપર કિનખાબનો તકિયો નંખાવી ને તે ઉપર મહારાજ બિરાજમાન થયા. ને લાધા ઠક્કર, કુરજી ઠક્કર, પ્રેમજી ઠક્કર એ ત્રણે કેસર-ચંદનની આડ કરી મહારાજને કિનખાબની ડગલી તથા સુરવાળ પહેરાવ્યો અને માથે જરકસી બુરહાનપુરનો રેંટો બંધાવ્યો ને એક રેંટો ઓઢાડ્યો. ને દાડમના બીજનું નૈવેધ આગળ ધરી કપૂરની આરતી ઉતારી. તે વખત સાધુને તથા બ્રહ્મચારી, પાળા વિગેરેને ધોતિયાં ઓઢાડ્યાં ને ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. પછી મહારાજે તેમના માથા ઉપર હાથ મૂક્યા. એ રીતે મહારાજે ત્યાં ચરિત્ર કર્યું. ॥૧૬૫॥

ચરિત્ર નં.૧૬૬

લાધા ઠક્કર તથા તેમના પરિવારને મહારાજનાં દિવ્ય દર્શન

તે વખતે લાધા ઠક્કરની ડોસી(માતા) મહારાજ નજીક આવી પગે લાગ્યાં. પછી મહારાજે કહ્યું કે, "આ ડોસી મહા ધર્મવાળાં પવિત્ર છે. માટે તેના દીકરા આવા જ હોય." એમ કહી મહારાજ કહે જે, "ડોસી તમો અમને કેવા સમજો છો ?" ત્યારે ડોશી કહે જે, "અમે તમને સાહેબ જેવા સમજીએ છીએ." ત્યારે મહારાજ કહે જે, "અમે તો સ્વામિનારાયણ છીએ." ત્યારે તે કહે જે, "અમે તો સ્વામિનારાયણ ને સાહેબ જુદા સમજતા નથી." તે જ વખતે ડોસી તથા લાધા ઠક્કર, કુરજી ઠક્કર, પ્રેમજી ઠક્કર ને તેમના તમામ કુટુંબને એ ઢોલિયાને ઠેકાણે દિવ્ય સિંહાસન દેખાણું અને તે સિંહાસન રત્ને જડીત મનોહર ને દિવ્યરૂપ મંદ, સુગંધ ને શીતલ એવા વાયરા જુક્ત જોવામાં આવ્યું. અને તેના ફરતા અનંત કોટિ એવા પયગંબરરૂપે પરમહંસ દેખાણા. અને તે સિંહાસનના મધ્યમાં પરમેશ્વર તે અલેખ નિરંજન સાહેબ, અલ્લાહ અને અક્ષરધામના પતિ એવા સ્વામિનારાયણ સહજાનંદજી મહારાજ દેખાણા.

અને તેમાંથી એવું તેજ દેખાણું કે, તે તેજમાં અનંત સૂરજની જેવી કિરણો છે, તે પ્રકારે તે સ્થાનકથી તેજ સર્વ બ્રહ્માંડમાં વ્યાપી ગયું. ને તે તેજ મહા સુગંધીમાન ને કોટાનકોટિ ચંદ્રના જેવું શીતળ એવી તરેહનું મહાપ્રકાશ ને સુગંધીમાન દેખાણું. અને તે તેજમાં મહારાજને વિશે પયગંબરરૂપે જે પરમહંસ દેખાતા તે સર્વે લીન થઈ ગયા. અને પછી મહારાજ તે ત્રણેય ભાઈઓને મળ્યા. એવું તે ત્રણેય ભાઈઓને

જણાણું. પછી મહારાજે લાધા ઠક્કરને તથા કુરજી ઠક્કરને બે તલવારો બંધાવી. અને કહ્યું, "આ બ્રહ્માંડમાં તમને કોઈ જીતી શકશે નહીં." તેવો વર આપ્યો. અને પ્રેમજી ઠક્કરને કહ્યું જે, "તમે સંતની તથા લાધા ઠક્કરની સેવા કરજો." એવી આજ્ઞા કરી. એવી રીતે તે જગ્યાએ એક મહાઅલૌકિક ચરિત્ર કર્યું છે. ॥૧૬૬॥

એ ઓત્રાદા બારના ઓરડા મધ્યેથી લાધા ઠક્કરનો ઓરડો છેલ્લો ઉગમણો હતો. ત્યાં ઓસરીમાં ખાટ ઉપર મહારાજને પધરાવ્યા હતા. ત્યાં સુરતના હરિભક્તને અલૌકિક પ્રતાપ બતાવ્યો.

ચરિત્ર નં.૧૬૭

સુરતના સંઘે બરફી જમાડી પાંચ પ્રકારનો પોશાક પહેરાવ્યો.

એક સમે સુરતના હરિભક્ત મહારાજનાં દર્શન કરવા દુર્ગપુર આવ્યા હતા. ને તે હરિભક્તને મહારાજે લાધા ઠક્કરને ઘરે ઉતારો અપાવ્યો હતો. તે મોટો સંઘ હતો. પછી તે હરિભક્તો મહારાજનાં દર્શન કરીને બીજે દિવસે મહારાજને પોતાના ઉતારે પધારવાની સ્તુતિ કરી ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! ઘણા દાખડાથી અમે તમને તથા પરમહંસોને રસોઈ આપવા સારુ બરફી લાવ્યા છીએ."

પછી મહારાજે રાજી થઈને હા પાડી ને રસોઈ કરવાની સાધુને આજ્ઞા આપી, ને પોતાનો થાળ પણ કરવાની આજ્ઞા આપી. પછી થાળ અને રસોઈ તૈયાર થઈ ત્યારે મહારાજ ત્યાં પધાર્યા. અને પાટલા ઉપર બેસાડી કુરજી ઠક્કર તથા લાધો ઠક્કર તથા પ્રેમજી ઠક્કર તથા સુરતના હરિભક્ત વિગેરેએ ઉષ્ણોદકથી શરીર ચોળી નવરાવ્યા. પછી

બ્રહ્મચારીએ એક શ્વેત ધોયેલું વસ્ત્ર આપ્યું. તે પહેરીને પછી મહારાજ ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થઈ જમવા બેઠા. પછી તે જમવા બેઠા તેમાં સુરતની બરફી પ્રથમ જમ્યા ને તેનાં ઘણાં વખાણ કર્યાં. અને પછી ચળુ કરી કુરજી ઠક્કરે એલચીદાણા લાવી પોતાના હાથમાં રાખી હાથ આગળ ધર્યા. પછી મહારાજ એલચી જમ્યા.

પછી એ ચાર ઓરડા તથા ઓસરીઓ તથા ફળીમાં પરમહંસ તથા બ્રહ્મચારી, પાળા વિગેરેની પંગત બેસાડી. ને પોતે તમામને પોતાના હાથે બરફી વિગેરે પીરસીને જમાડ્યું. ને એ સુરતના ભાઈચંદશેઠ તથા મુનિબાવો વિગેરે તે તમામને મહારાજે પોતાને હાથે પીરસીને જમાડ્યા. તે સમય ઉનાળાનો હતો, તેથી ઘણો તાપ પડતો હતો. પછી મહારાજે આકાશ સામું જોયું ને એક ઢાલ જેટલી વાદળી ભાળી. પછી એમ બોલ્યા જે, "આ તાપ બહુ પડે છે, પણ આ વાદળીમાંથી વરસાદ થાશે એટલે ઠંડક થશે." તે શબ્દ સાંભળી મુનિબાવા સામું ભાઈચંદશેઠ સુરતવાળા હસ્યા.

પછી મહારાજે ઢોલિયો મંગાવી લાધા ઠક્કરના ઓત્રાદા બારના ઓરડાની ઓસરીએ ઢળાવી તે ઉપર બિરાજમાન થયા. પછી સુરતના સંઘવાળા હરિભક્તોએ મહારાજને જુદી જુદી તરેહના પાંચ પ્રકારના જરિયાનના પોશાક પહેરાવ્યા અને આરતી ઉતારી. અને એક હાથીદાંતની સોટી મહારાજના હાથમાં આપી અને બ્રહ્મચારીઓને પીતાંબર અને ધોતિયું ને ટોપી પહેરાવ્યાં. ને સાધુને રૂમાલ, ચાદર ને ધોતિયું તથા પાળાને ફેટો, અંગરખું ને પહેર્યાનું ધોતિયું ને પાસે રાખ્યાની ચાદર તથા સંન્યાસીને ખલકો તથા ટોપી એ પ્રમાણે તમામને પૂજ્યા. પછી સર્વ સુરતના સંઘવાળા ભક્તોએ મહારાજને રૂપિયા તથા સોનામહોરો મૂકી ઘરેણાં પહેરાવ્યાં, આરતી ઉતારી પગે લાગ્યા.

❋ મહારાજના વચને વરસાદ તથા ઇન્દ્રદર્શન થયાં :

પછી મહારાજે તેમાંથી એક પોશાક ઉત્તમરાજાને આપ્યો અને એક પોશાક લાધા ઠક્કરને આપ્યો અને એક પોશાક કુરજી ઠક્કરને આપ્યો અને એક પોશાક ભાઈચંદ શેઠને આપ્યો અને એક પોશાક મુનિબાવાને આપ્યો. એ સમામાં અંધારું ઘોર થઈ ગયું અને એકદમ વરસાદ વરસ્યો. તે વખત એક અદ્ભુત ચમત્કાર દેખાણો. તે એક મોટો કડાકો થયો અને તેમાં એ જ ફળિયામાં પ્રકાશ દેખાણો ને તેમાં એક સપ્તમુખા હાથી ઉપર એક દિવ્ય સિંહાસન દેખાણું. ને તેની ઉપર ઇન્દ્ર ને ઇન્દ્રાણી બેઠેલાં સહુએ ભાળ્યાં ને તેણે મહારાજને હાર પહેરાવ્યો.

પછી મહારાજને પગે લાગ્યા, એવું સંઘવાળા સઘળા માણસોને તથા ભાઈચંદશેઠ તથા મુનિબાવા વગેરેને દેખાણું. તે જોઈ તેઓ ઘણા આશ્ચર્ય પામ્યા. ને સર્વ જગતને વિશે શાંતિ થઈ ગઈ. ને ગરમી પડતી હતી તે આળસી ગઈ. એવું એક ચરિત્ર મહારાજે કરેલું છે. ॥૧૬૭॥

એ ઓરડા મધ્યે આથમણી કોરના ઓરડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૬૮

મહારાજે દિવ્ય દર્શન આપી કુરજી ઠક્કરનો સંશય કાપ્યો.

એક વખત મહારાજ ઉદાસ થઈ છાની રીતે એકલા જ ચાલ્યા. પછી કુરજી ઠક્કર સામા મળ્યા. તેણે ઘણી સ્તુતિ કરી ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને અછતા(ગુપ્ત) રાખો તો તમારે ત્યાં અમે આવીએ." પછી તે કહે જે, "બહુ સારું." પછી મહારાજ ત્યાં પધાર્યા ને એ ઓરડામાં ઢોલિયો બિછાવી દીધો. પછી મહારાજ ત્યાં બેઠા. પછી કુરજી ઠક્કરે જમવાની સ્તુતિ કરી. પછી મહારાજ કહે જે, "સારું." પછી ગૌશાળામાં ચોકો કરી પોતાને હાથે ઘઉંની બાટીઓ કરી તેને

ઘીમાં પલાળી ને નઈ(દૂધીના પાંદડાં)ની ભાજી કરી. ત્યાં મહારાજને ખોળતાં ખોળતાં બ્રહ્મચારી તથા દાદા ખાચર આવ્યા. અને બ્રહ્મચારી દરબારમાંથી ગોરસ લાવ્યા હતા. પછી મહારાજ બાટી, ભાજી અને ગોરસ જમ્યા. ને બાટી તથા ભાજીનાં વખાણ કર્યાં. પછી ઉત્તમરાજા વિગેરેને બોલાવ્યા ને તેમને પ્રસાદી આપી.

અને પછી એ ઓરડામાં જઈને મહારાજ પોઢ્યા. તે વખત કુરજી ઠક્કરે પગ દાબવા માંડ્યા. પગ દાબતાં દાબતાં એમ વિચાર થયો જે, 'અલ્લા અજન્મા છે.' એવો સંકલ્પ થયો તેટલામાં મહારાજના સ્વરૂપમાંથી તેજ પ્રગટ થતું તેણે દેખ્યું. ને તે તેજે કરીને પોતે અંજાઈ ગયા ને તેનો જીવ ઊંડો ઊતરી ગયો. (ને સમાધિ થઈ.) તેમાં તેજોમય એવું અદ્‌ભુત અક્ષરધામ દેખવામાં આવ્યું. અને તેમાં ઢોલિયો દેખવામાં આવ્યો. તેમાં મહારાજ પોઢ્યા છે અને પોતે પગ દાબે છે એવું દેખવામાં આવ્યું. પછી મહારાજની સ્તુતિ કરી.

પછી તે વખત મહારાજ એવું બોલ્યા કે, "હે કુરજી ! તમારા મનમાં પરમેશ્વરના અજન્માપણાના જે સંકલ્પ હતા તે એમ નથી. તે **ભગવાન અજન્મા છે, છતાં જીવોનાં કલ્યાણ કરવા વાસ્તે અવતાર ધરે છે. છતાં એમનું દેહ છે, તે પંચભૌતિક નથી, સદા દિવ્ય સાકાર છે. ને જ્યાં ભગવાન રહે છે, ત્યાં જ પોતાનું ધામ છે.** જો આ તમારું ખોરડું ને તમે પગ દાબો છો તે કઈ જગ્યાએ છે ?" તેવું કુરજી ઠક્કરને દેખાણું. તે જોઈ મહા ગ્લાની પામી ગયા. અને કેટલીક સ્તુતિ કરી પછી (સમાધિમાંથી) જાગૃત થયા. અને જાગીને ત્યાં જુવે છે, તો પોતાના એક ઓરડામાં મહારાજ પોઢ્યા છે ને પંડે પગ દાબે છે. એવું જોવામાં આવ્યું. તે જોઈ ઘણા વિસ્મિત થયા ને સંશય સર્વે ટળી ગયો. એવું અલૌકિક ચરિત્ર મહારાજે ત્યાં કર્યું છે. ॥૧૬૮॥

ચરિત્ર નં.૧૬૯

કુરજી ઠક્કરને ઘેર ભોજન, પૂજન તથા મોક્ષનું વરદાન

એક વખત મહારાજને તથા સંતોને કુરજી ઠક્કર તથા લાધા ઠક્કરે પોતાને ઘરે રસોઈ આપી. પછી મહારાજ તથા પરમહંસ જમવા પધાર્યા. મહારાજ તથા પરમહંસ જમી રહ્યા પછી મહારાજની બંને ભાઈઓએ પુષ્પહાર તથા વસ્ત્ર-અલંકારથી પૂજા કરી. પછી મહારાજે દાદા ખાચર પાસેથી એક હજાર રૂપિયા અપાવ્યા ને ઘોડા તથા શિરોડા ગામનું દાદા ખાચર પાસે લખત કરાવી આપ્યું. ને પછી કુરજી ઠક્કરને મહારાજે કહ્યું કે, "તમારે કાંઈ ઇચ્છા છે ? જે હોય તે માંગો." પછી કુરજી ઠક્કર કહે જે, "હું માંગું તે તમે આપો તો માંગું."

પછી મહારાજ કહે જે, "માંગો." પછી કુરજી ઠક્કર કહે જે, "મારું આત્યંતિક કલ્યાણ થાય ને જ્યાં તમે હો ત્યાં જ હું તમારા ચરણારવિંદમાં અખંડ રહું; એમ માગું છું. " પછી મહારાજે પ્રસન્ન થઈ એમ કહ્યું કે, "તમે અમારા સમીપમાં સદા રહેશો." એમ વર આપી પછી કૃપા કરી બાથમાં લઈ તેમને મળી છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

❋ પ્રેમજી ઠક્કરના પુત્રોની પૂર્વની ઓળખાણ તથા પ્રશંસા :

તે વખત પ્રેમજી ઠક્કરે પોતાના પાંચ છોકરાને લઈ પગે લગાડ્યા. પછી તેના દીકરા જીવા ઠક્કરનાં મહારાજે ઘણાં વખાણ કર્યાં. અને કહ્યું કે, "પરમ ભગવદી જેનું નામ કહીએ છીએ તે આ છે. અને આ હિરજી તે જોગભ્રષ્ટ છે ને એનો તો મોક્ષ થઈ ગયો છે. એને માથેથી જન્મ-મરણ આળસી ગયું. અને આ શામજી છે તે લાધા ઠક્કરના જેવો ડાહ્યો અને મહા ખબરદાર થશે." પછી પ્રેમજી ઠક્કરને હસી એમ બોલ્યા જે, "આ તમારા બીજા બે પુત્ર છે તે તો જય અને વિજયના

જેવા છે." એમ કહી હસ્યા. અને પછી મહારાજ ડોડા જમ્યા અને તે પ્રસાદી તેમને આપી. અને એવી રીતે અનેક ચરિત્ર કરેલાં છે.

❋ દીકરીઓનાં લગ્ન વખતે અલ્લારૂપે દર્શન તથા પ્રસન્નતા :

એક વખત લાધા ઠક્કર તથા કુરજી ઠક્કરની દીકરીઓ જ્યારે પરણી તે વખત મહારાજ તેને ઘેર ગયા. તે વખત મહારાજને એ લાધા ઠક્કર, કુરજી ઠક્કરના નાતિલાઓએ અલ્લારૂપે દેખ્યા ને ઘણાં લોકોને આશ્ચર્ય થયું.

❋ મેઘજીને ફૂલ નિજ હાથે પેરાવ્યું :

એ લાધા ઠક્કરના ફળિયામાં તેમનો ભાણેજ મેઘજી ઠક્કર કરીને હતા. પછી તે પરણ્યા પછી મહારાજને પોતાને ઘેર પધરાવ્યા. પછી દાદા ખાચરના આપેલ બે ધોતિયાં ભેટ મૂક્યાં. પછી મહારાજે મર્મ કર્યો. પછી કાનમાંથી સોનાનું ફૂલ કાઢી મહારાજને અર્પણ કર્યું. પછી મહારાજે તેમના માથા ઉપર હાથ મૂક્યો. અને ફૂલ પાછું આપી કાનમાં પોતે નાખ્યું અને તેનો વાંસો ઠબકારી કહે જે, "તું અમારી ઘણી સેવા કર છો." એવી રીતે ત્યાં ચરિત્ર કરેલું છે.

એ જગ્યામાં મહારાજે હજારો વખત પરદેશી સંઘને ઉતારો કરાવેલ છે. અને ઘણા વખત મહારાજ ત્યાં પધાર્યા છે, જમ્યા છે અને ત્યાં રહ્યા છે. અને તે સમયે કુરજી ઠક્કર તથા લાધો ઠક્કર તથા પ્રેમજી ઠક્કર, જીવો ઠક્કર, મેઘજી ઠક્કર, શામજી ઠક્કર વિગેરેને હજારો વખત ચરણારવિંદ આપેલાં છે. તથા મસ્તકો ઉપર હાથ મૂકેલા હતા. એ જીવા ઠક્કરને મહારાજે એક વખત એમ કહ્યું જે, "આ તો મોટો જોગી છે." એમ કહી માથે હાથ મૂકેલા હતા. પછી તે મહારાજના વચનથી સંસાર મૂકી ત્યાગી થઈ ગયા હતા. એવી રીતે તે જગ્યાએ મહારાજે અનેક ચરિત્ર કરેલાં છે. ॥૧૬૯॥

**દાદા ખાચરના મામા ઘેલા ધાધલનાં ખોરડાં,
દરબારગઢથી બોટાદ ગામના દરવાજે જવાની
શેરીથી ઓત્રાદાં છે. ત્યાં મહારાજે કરેલું**

ચરિત્ર નં.૧૭૦

શ્રીહરિએ ઘેલા ધાધલને ગઢપુરમાં ઘર કરી આપ્યું.


ઘેલા ધાધલના ખોરડાના સ્થળે ધર્મશાળા

દાદા ખાચરના મામા ઘેલા ધાધલનાં ખોરડાં, દરબારગઢથી બોટાદ ગામના દરવાજે જવાની શેરીથી ઓત્રાદાં છે. ત્યાં મહારાજ ઘણા વખત ગયેલા છે. પ્રથમ એ ઘેલો ધાધલ બોટાદ રહેતા હતા. ત્યાંથી મહારાજનાં દર્શને એક વખત ગઢડા દાદા ખાચરના દરબારમાં આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, “તમારા ભાણેજ દાદા ખાચરની પ્રથમના કરતાં હાલ સમૃદ્ધિ કેવી છે ?”

ત્યારે ઘેલો ધાધલ કહે જે, “હે મહારાજ ! હે કૃપાનિધિ ! તમે અક્ષરધામમાંથી મોટીબા, રાજબાઈ ને લાડુબાઈ ને દાદા ખાચરને વાસ્તે જ આંહીં પધાર્યા છો. માટે તે સમૃદ્ધિમાં શું કસર હોય ? ‘સુદામાનો

વૈભવ દેવોને પણ દુર્લભ હતો.' તેવું સાંભળતા (પણ) તે આજ મારા નજરે જોવામાં આવે છે. ને જે ઠેકાણે ઉકરડા વિગેરે હતું, તે ઠેકાણે અલૌકિક અક્ષરધામરૂપ દરબાર બન્યો છે. એ બધું તમારા પ્રતાપથી થયું છે." એમ કહી ઘણી સ્તુતિ કરી.

પછી મહારાજ કહે, "હવે તમે તમારા ભાણેજ ઉત્તમરાજા પાસે કાયમ રહો. અને તમારાં ખોરડાં અમે કરાવીએ." એમ કહી કાંડું ઝાલી જે ઠેકાણે ઘેલા ધાધલનાં ખોરડાં હતાં, તે ઠેકાણે મહારાજ પધાર્યા. ને પછી ત્યાં જઈ ખોરડાંનો આલેખ(દસ્તાવેજ) કરી આપ્યો. ને કાટમાળ લેવા કામદારોને ભાવનગર મોકલ્યા. ને મહારાજ પ્રસન્ન થયા અને પછી દરબારમાં પધાર્યા. ને ઘેલા ધાધલને ઉત્તમરાજા પાસે રહેવાની આજ્ઞા કરી. ને એ ખોરડાં કયે ઠેકાણે છે ? તો અમરા ખાચરે પોતાનો દરબાર જ્યારે મહારાજને કૃષ્ણાર્પણ કર્યો, ત્યારપછી નવો દરબાર જે ઠેકાણે કર્યો તે ઠેકાણે દાદા ખાચરના મામા ઘેલા ધાધલનાં ખોરડાં હતાં. ને તે જગ્યાએ ઘણી રમણરેતી છે. તે જગ્યાનું વર્ણન નીચે મુજબ છે. ॥૧૭૦॥

એ ઘેલા ધાધલના બે ખોરડા ઉગમણા બારના હતા. અને બે આથમણા બારના હતા. અને તે ચોકના મધ્યે લીંબડો છે ને દક્ષણાદી કોરે કૂવો છે. એવી રીતે તે દાદા ખાચરના મામા ઘેલા ધાધલનો દરબાર હતો. તે જગ્યાએ મહારાજને પધરાવ્યા ત્યારે સાધુ તથા હરિભક્તને મહા અદ્‌ભુત ચરિત્ર જણાવ્યું.

ચરિત્ર નં.૧૭૧

શ્રીહરિ સન્માન સાથે ઘેલા ધાધલને ગઢપુરમાં લાવ્યા તથા તેમના સદ્‌ગુણો

ઘેલા ધાધલનાં ખોરડાં મહારાજે જે જગ્યાએ ચીંધ્યાં તે જગ્યાએ બે ઉગમણા બારના ઓરડા કરાવ્યા અને બે આથમણા બારના કરાવ્યા. અને ચોકના મધ્યે દક્ષણાદી તરફ લગાર લીમડાનું વૃક્ષ છે. તે હેઠળ ગારાની વેદિકા કરાવી. એવી રીતે મહા રમણીક ખોરડાં કરાવ્યાં અને પછી દક્ષણાદી કોર કૂવો કર્યો. એ રીતે એ દાદા ખાચરના મામા ઘેલા ધાધલનો દરબાર હતો.

પછી એ ખોરડાં તૈયાર થયાં કેડે બોટાદથી ઘેલો ધાધલ ઉચાળા સહિત આવવાના સમાચાર સાંભળ્યા. તે વખત મહારાજ પંડે માણકી ઘોડી ઉપર બિરાજમાન થયા. તે વખત ધોળો સુરવાળ, ધોળું અંગરખું અને ઉપર કાળા છેડાનો ખેસ પહેર્યો હતો અને કેડે કાળા છેડાનું સોનેરી ધોતિયું બાંધ્યું હતું. અને માથે નગરનું ધોળું ધોતિયું બંને કોર કનેરીએ સહિત છેડાવાળું બાંધ્યું હતું. અને તે ધોતિયાના છેડાનું છોગું ખોસ્યું હતું. અને માથામાં બે ગુલદાવદિના તોરા ઝૂકી રહ્યા હતા. અને ગલગોટાનો પીળો હાર પહેર્યો હતો. અને કાનને વિશે બે પીળા પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા. અને એક પીળો હાર માણકી ઘોડીની

ડોકમાં નાખ્યો હતો. એ રીતે મહા અદ્‌ભુત શોભા બની હતી. એ રીતે મહારાજ ઘેલા ધાધલની સામા ગયા.

તે વખત દાદો ખાચર તથા સાધુ એ સર્વે ભેળા હતા. પછી મહારાજને ભાળી ઘેલા ધાધલે દાંતમાં ખડનાં તરણ લઈ સાષ્ટાંગ દંડવત કર્યા. ને ગદ્‌ગદ કંઠ થઈ પ્રેમે કરી આંસુની ધારા થઈ. તે જોઈ મહારાજ હેઠા ઊતરી ઘેલા ધાધલને મળ્યા. અને કંઠમાં ગલગોટાનો હાર પહેર્યો હતો તે આપ્યો. અને તેમના ઉપર ઘણા પ્રસન્ન થઈ માથા ઉપર હાથ મૂક્યો. પછી મહારાજ ઘોડીએ ચડ્યા. ને સાધુ તથા ઉત્તમરાજા સહિત મહારાજ જે જગ્યાએ ઘેલા ધાધલનાં ખોરડાં કર્યાં હતાં, તે જગ્યાએ ઘેલા ધાધલ સહિત પધાર્યા. અને તમામ ઉચાળો ઉગમણા બારના ખોરડાંઓમાં નંખાવ્યો. તે વખત લાધો ઠક્કર કહે જે, "આ ખોરડાંનું વાસ્તુ લીધું નથી."

પછી મહારાજ કહે જે, **"અમારું વચન એ જ વાસ્તુ છે.** આ જગ્યા એવી ચમત્કારીક છે કે જેવો ઉત્તમરાજાનો દરબાર છે, તેવી આ જગ્યા છે. માટે નિર્વિઘ્ન ને માંગલિક ઘેલા ધાધલને થશે; એ જ અમારું વચન છે. અને અમારો વિશ્વાસ ઘેલા ધાધલને છે, તેથી વાસ્તુની કાંઈ જરૂર નથી. વાસ્તુ એનું થઈ રહ્યું. અને જીવુબાએ રસોઈ દેવા સાત વાનાની સુખડી કરાવી છે, તે અહીં લાવો." પછી આજ્ઞા પ્રમાણે તમામ સામાન ત્યાં લઈ આવ્યા. પછી પ્રથમ મહારાજ જમ્યા. અને પછી ઉગમણા બાર, આથમણા બારના ઓરડા તથા ઓસરી તથા ફળિયાનો ચોક; તેમાં તમામ સાધુ, બ્રહ્મચારી, પાળા અને હરિભક્તોને મહારાજે પંડે પીરસીને જમાડ્યા. પછી ઘેલા ધાધલ તથા ઉત્તમરાજાને જમાડ્યા.

પછી બાજોઠ ઉપર બેસી મહારાજ નાહ્યા ને એક વસ્ત્ર પહેરી એક વસ્ત્ર ઓઢ્યું ને ધોળો ફેંટો માથે બાંધ્યો. ને લીમડાના ઓટા ઉપર ઢોલિયો નંખાવી ઓત્રાદા મુખારવિંદે બિરાજમાન થયા. પછી

ઘેલા ધાધલને બોલાવી પ્રથમનો પહેરેલો પોશાક તોરાએ સહિત ઘેલા ધાધલને આપ્યો. ને તેમના દીકરા માણસિયા ધાધલને બોલાવીને તેમના માથે હાથ મૂક્યો.

તે વખતે મહારાજે ઘેલા ધાધલનાં ઘણાં વખાણ કર્યાં. ને એમ બોલ્યા જે, “આ ઘેલા ધાધલને સત્સંગ ન હતો તે દિવસ પણ વર્તમાનધર્મમાં કુશળ હતા. જેથી હાલમાં નિષ્કામ વર્તમાનમાં નૈષ્ઠિક છે ને મહા શૂરવીર છે. ને તેમને સૂરજનારાયણની ખરી ઉપાસના હતી. જેથી સૂરજનારાયણની ખરી ભક્તિનું ફળ એ જ થયું કે, આ અમે પ્રત્યક્ષ મળ્યા ને સત્સંગ ને સંતની પ્રાપ્તિ થઈ. ને આ ઘેલા ધાધલને એવો આગ્રહ હતો કે, પ્રત્યક્ષ સૂરજનારાયણને ભેટવું.” એમ કહી મહારાજ ઘણીકવાર હસ્યા અને તેમની સામુ જોઈ રહ્યા.

❋ ઘેલા ધાધલના ઘરે સમંડળ હિરણ્યમય પુરુષનું આગમન :

ત્યાં તે વખત તે સભામાં બેસવાવાળાઓ તમામ હતા તેઓને એ લીમડો કલ્પવૃક્ષ તુલ્ય જણાણો. અને એ ઓટો મહાતેજોમય બ્રહ્મમહોલરૂપ જણાણો. અને તેમાં એક દિવ્ય મણિનું મહા અદ્‌ભુત સિંહાસન જણાણું, તેમાં દિવ્યરૂપ, મહાઆકૃતિમાન, પ્રકાશમય એક ગરુડ મુક્તરૂપે દેખવામાં આવ્યા. તે ગરુડ મહામણિમય આભૂષણ ને અલંકારે જુક્ત મુગટે સહિત ભાળવામાં આવ્યા. તેને માથે એક દિવ્ય સિંહાસન મણિમય દેખવામાં આવ્યું. ને સિંહાસનને સોળ સ્તંભ અને માથે ઘુમટી અને તેને માથે મણિમય એવું ઈંડું એવું જોવામાં આવ્યું. અને એ સોળ સ્તંભની સોળ કુંભિયું મહા દિવ્યરૂપ મણિમય વેલ ને નાના પ્રકારના ફૂલરૂપ જડાઉ જોવામાં આવ્યું.

અને એ સોળ સ્તંભને એકેકા સ્તંભમાં સોળ સોળ સોટીઓ બદામોના આકાર તથા પદ્મના આકાર ને કમળના આકાર નીલમણિ ને શામમણિથી જડેલીઓ જોવામાં આવી. અને નાના પ્રકારનાં મોર,

પોપટ, મેનાઓના આકાર દર્શાવેલી એવી રક્તમણિની ટીબડીઓ જોવામાં આવી. અને તે ઉપર દિવ્યમણિઓના કાંગરાએ જુક્ત બત્રીસ હંસ મૂર્તિમાન મુક્તરૂપે જોવામાં આવ્યા. ને તેના કંઠમાં દિવ્ય એવી મહામોતીની માળાઓ દેખવામાં આવી. એવી રીતે તે મનોહર અને મહા સુગંધીમાન એવું દિવ્ય સિંહાસન દેખવામાં આવ્યું. અને તેના મધ્યમાં જરિયાને જડિત એવી ગાદી ને તકિયા દેખવામાં આવ્યાં.

અને તેમાં ત્રણ વસ્ત્ર સહિત મનોહર મૂર્તિ એવા મહારાજ જોવામાં આવ્યા. અને ફરતા અસંખ્ય પાર્ષદો ચતુર્ભુજ, અષ્ટભુજ અને દ્વિભુજ દેખવામાં આવ્યા. અને તે પાર્ષદો મહારાજ સામું એક નજરે જોઈ રહ્યા છે, એવું જોવામાં આવ્યું. તે વખત બરાબર મધ્યાહ્ન કાળ હતો. તે સમયે એક દિવ્ય હજાર પૈડાનો ને દસ હજાર શિખરનો મણિમય સુવર્ણનો રથ જોવામાં આવ્યો. અને તેને માથે એક લાખ ધ્વજ મણિમય દેખવામાં આવ્યા. ને તે સમયે એક સપ્તાસ(સપ્તમુખી) મોટો ઘોડો એ રથને જોડેલો એવું જોવામાં આવ્યું.

અને તે રથને માથે હાંકનાર મહા દિવ્યરૂપ અરુણ માથે મુગટ સહિત રથ હાંકતા તે દેખવામાં આવ્યા. અને તેના બે હાથ ઠૂંઠા દેખવામાં આવ્યા. અને તે સપ્તાસ ઘોડો મહા સુંદર દેખવામાં આવ્યો. ને તે રથની પાટલી ઉપર અંગુષ્ઠના પ્રમાણે સાઠ હજાર વાલખિલ્ય ઋષિ જોવામાં આવ્યા. ને તે મહારાજને સ્તુતિ કરતા દેખવામાં આવ્યા. ને તે રથના મધ્યમાં દિવ્ય સિંહાસન છત્ર સહિત દેખવામાં આવ્યું, ને તેના મધ્યમાં રત્નજડિત મુગટ, કમળની માળા ને દિવ્ય આભૂષણ અને દિવ્ય વસ્ત્ર પહેરેલાં અને ચાર ભુજને વિશે શંખ, ચક્ર, ગદા અને પદ્મ આયુધે સહિત ચતુર્ભુજ મૂર્તિ દેખવામાં આવી.

અને તે હિરણ્યગર્ભ ભગવાનની મૂર્તિ સન્મુખ મહાદિવ્ય વસ્ત્ર અને અલંકાર ને માથે દિવ્ય મુગટ અને દિવ્ય આભૂષણો સહિત ને શંખ, ચક્ર,

ગદા ને પદ્મ યુક્ત એવા બાર ચતુર્ભુજ સૂર્યનારાયણ દેખવામાં આવ્યા. ને તે હિરણ્યગર્ભ ભગવાનની સૂરજનારાયણ સ્તુતિ કરતા દેખ્યા. અને તે રથને વિશે અસંખ્ય પાર્ષદ પંખાએ તથા ચામરે વાહર નાખતા જોવામાં આવ્યા. અને હિરણ્યગર્ભ એવા જે ભગવાન તેની મૂર્તિ મહામનોહર સુવર્ણમય દેખવામાં આવી. એવી રીતે દિવ્યરથ આકાશમાંથી તે જગ્યાએ બ્રહ્મમય ધામરૂપ એ ફળિયું તેને મધ્યે કલ્પવૃક્ષરૂપ દિવ્ય એવા લિંબવૃક્ષ હેઠે દિવ્ય સિંહાસનવાળો ગરુડે જુક્ત રથ જે જગ્યાએ સ્વામિનારાયણ ભગવાન બેઠા છે, તે જગ્યા ઉપર આવીને ઊભો રહ્યો. તે જોઈ માણસ સ્થંભિત થઈ ગયા.

પછી બાર સૂરજ તથા અરુણ, ઋષિ, પાર્ષદ સહિત હિરણ્યગર્ભ ભગવાન હેઠા ઊતરી તમામ મંડળે સહિત મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યાં. પછી સ્વામિનારાયણ એવા સહજાનંદજી મહારાજ જે દિવ્ય સિંહાસન ઉપર બેઠેલ છે, તે જગ્યાએ સિંહાસન ઉપર ચડી હિરણ્યગર્ભ ભગવાને પોતાના આયુધ મહારાજને ચરણે મૂક્યાં. પછી મસ્તક ઉપરથી મુગટ હેઠો ઉતારી મહારાજના ચરણારવિંદને વિશે મસ્તક નમાવી પગે લાગ્યા. તે વખત એ હિરણ્યગર્ભ ભગવાનની મૂર્તિ ઉઘાડા મસ્તકે મહારમણીક કિશોર દેખવામાં આવી. અને તે મૂર્તિના કેશ મહાસુવર્ણમય, દિવ્ય, શોભાયમાન જોવામાં આવ્યા.

પછી મહારાજને તેણે મહામળિયાગર ચંદન ચરચ્યું. કૌસ્તુભમણિનો હાર પહેરાવ્યો. કમળની માળા પહેરાવી. દિવ્ય જડાવ મોળિયું મહાસુંદર ધરાવ્યું. સુંદર એક પીળું પીતાંબર પહેરાવ્યું અને એક સુંદર મહામનોહર નીલો રેંટો ઓઢાડ્યો. પછી કપૂરની આરતી ઉતારી મહાસુંદર એવા પાકનું ભોજન આગળ ધરી સુવર્ણની ઝારીએ પાણી પાયું અને સ્તુતિ કરી જે, **"હે મહારાજ ! આ બ્રહ્માંડમાં હું ઘણા કાળથી તમારા પ્રતાપથી વિચરું છું, પણ મારો આત્યંતિક મોક્ષ આપના પ્રત્યક્ષ ચરણારવિંદના**

સ્પર્શથી થશે. તેથી હું આપને શરણે આવ્યો છું.” એમ કહી ચરણારવિંદને પગે લાગી કેટલીક વખત મહારાજને મળ્યા. પછી મહારાજની પ્રસાદી લીધી. તે જ પ્રમાણે પૃથક પૃથક બારે સૂરજે મહારાજની સોળ ઉપચારે પૂજા કરી સાષ્ટાંગ દંડવત કરતા હવા. અને ચરણારવિંદને હૃદયને વિશે લીધાં. તે જ પ્રમાણે અરુણ અને મૂર્તિમાન સપ્તાસ(ઘોડો) તથા સાઠ હજાર વાલખિલ્ય ઋષિ તથા પાર્ષદોએ મહારાજની સોળ ઉપચારે પૂજા કરી. મહારાજના ચરણારવિંદને સ્પર્શ કરી પગે લાગતા હવા. ને ચરણારવિંદ હૃદયને વિશે લઈ કેટલીક મહારાજની સ્તુતિ કરી.

પછી હિરણ્યગર્ભ ભગવાન તથા સૂર્યનારાયણ એમ બોલ્યા હતા, “હે મહારાજ ! અમારા શિષ્ય ઘેલા ધાધલ ક્યાં છે ?” એટલે મહારાજે તેમને યાદ કર્યા. તેથી તે હાથ જોડી ત્યાં આવી ઊભા રહ્યા. ત્યારે હિરણ્યગર્ભ ભગવાન એમ બોલ્યા કે, **“હે ઘેલા ધાધલ ! અમારી સેવાનું ફળ તમને પ્રાપ્ત થયું. તેથી તમને પ્રત્યક્ષ ભગવાન મળ્યા. ને તમારા સંબંધથી અમને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે મહારાજે અમને આંહીં બોલાવવા આજ્ઞા કરી. એથી અમે પણ અહીં આવી અનેક જન્મના પાપને બાળી મહાકૃતાર્થ થયા અને મહામોટા ફળને પામ્યા.”** એમ કહી તેઓ રથ ઉપર બેસી આકાશપંથે ચાલ્યા ગયા. તે સમયે જય જય એવો આકાશમાં શબ્દ થયો. દેવતાઓએ દુંદુભી ને વાજિંત્ર વગાડ્યાં ને ચંદનની વૃષ્ટિ થઈ. એવી રીતે સર્વેને દેખવામાં આવ્યું.

પછી મહારાજે ઉત્તમરાજા પાસેથી માણકી ઘોડીની વછેરી ઘેલા ધાધલને અપાવી અને કેટલુંક ધન-ધાન્ય અપાવ્યું. અને તેને જીવાઈ કરી આપી, ને દાદા ખાચરના પ્રધાન સ્થાપ્યા. એવી રીતે મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. તે દિશમાત્ર લખ્યું છે. પછી શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં પધાર્યા. ॥૧૭૧॥

ઘેલા ધાધલના ઉગમણા બારના ઓરડે વડોદરાના હરિભક્ત બાપુરામજી તથા પરમાણંદ તથા છોટાલાલ વકીલે મહારાજને થાળ કરી જમાડ્યા. ને તે ઓરડા તથા ફળીમાં બ્રહ્મચારી, સાધુ, સંન્યાસી, પાળા, હરિભક્ત સર્વેને જમાડીને તે લીંબડા હેઠે ગારાની વેદિકા હતી, ત્યાં મહારાજને વિરાજમાન કર્યા હતા. તે

ચરિત્ર નં.૧૭૨

વડોદરાના ભક્તોએ મહારાજને જમાડ્યા ને પૂજ્યા

એક સમયે ગઢપુરમાં ઘેલા ધાધલને ત્યાં વડોદરાના હરિભક્તનો સંઘ ઊતર્યો હતો. તે વડોદરાના હરિભક્ત બાપુરામજી તથા પરમાણંદ તથા છોટાલાલ વકીલ વિગેરે મહારાજને દર્શને આવ્યા હતા. પછી તેમણે મહારાજને સ્તુતિ કરી કે, "હે મહારાજ ! અમારી રસોઈ કાલે સવારે કબૂલ કરો. તે અમારે ઉતારે અમે રસોઈ કરાવીશું. અને તમારો થાળ મોટાં ડોશી લાડુબાઈ કરે એવી રીતે વિનંતી કરીએ છીએ." પછી સાધુ, બ્રહ્મચારી વગેરેને રસોઈ કરવા મહારાજે આજ્ઞા આપી. ને લાડુબાઈને કહ્યું કે, "આ હરિભક્તને બહુ પ્રેમ છે, માટે તમે ઘેલા ધાધલને ફળિયે જઈ અમારો થાળ કરો."

પછી તે પ્રમાણે આજ્ઞા મુજબ બધાઓએ કર્યું. પછી બીજે દિવસે સવારે મહારાજ માણકી ઘોડીએ ચઢી ઘેલા ધાધલને ફળિયે પધાર્યા. ને લિંબડાના ઓટા ઉપર મૃગચર્મના ચાકળા ઉપર બેઠા. ને ઉગમણે મુખારવિંદે બેસી દાતણ કર્યું. મુખારવિંદ ધોઈ નાહવા બેઠા. તે વખતે વડોદરાના હરિભક્તોએ મહારાજને શરીર ચોળી નવરાવ્યા. અને પછી શરીર લૂઈ એક ભારે પીળું પીતાંબર મહારાજને પેરાવ્યું અને કનેરીએ યુક્ત સોનેરી છેડાવાળું રાતું પીતાંબર ઓઢાડ્યું.

પછી ઘેલા ધાધલના ઉગમણા બારની ઓસરીમાં મહાચિત્રથી રમણીક એવો ભારે બાજોઠ બિછાવ્યો. તે ઉપર મલમલનું આસન નાખી દીધું. પછી મહામનોહર અને સુંદર એવી ચાખડિયો વડોદરેથી લાવ્યા હતા, તે મહારાજને આગળ મૂકી. પછી મહારાજ તે ચાખડિયો ઉપર ચઢી ઉગમણા બારની ઓસરીએ પધાર્યા ને ત્યાં ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા.

પછી છોટાલાલ વકીલે એક ભારે બાજોઠ મહા રમણીક કરાવેલો હતો, તે મહારાજ આગળ મૂક્યો. અને એક રૂપાનો લોટો તથા લોટીમાં પાણી ભરી મહારાજને અર્પણ કર્યો. પછી લાડુબાઈએ મહારાજ સારુ થાળ કરેલો હતો, તે મુકુંદ બ્રહ્મચારી પાસે બાજોઠ ઉપર મુકાવ્યો. પછી મહારાજે ડાબા પગની પલાંઠી વાળી જમણો પગ ઊભો રાખી જમવાનો વિચાર કર્યો. પછી જમણે હાથે આચમન લઈ જમણા પગના ગોઠણ ઉપર જમણા હાથને મૂકી જમવા માંડ્યું.

પ્રથમ મહારાજ મહાસુંદર કેસરિયો બિરંજ જમ્યા. પછી હરિસો જમ્યા, પછી દૂધપાક જમ્યા, પછી તરધારી(ફાડા) લાપસી જમ્યા, પછી ગુંદરપાક જમ્યા અને પછી પરવરનું શાક, વૈતાંકનું શાક, વાલોળનું શાક, દૂધીનું રાઈતું, સાકરકોળાનું રાઈતું, રીંગણાનાં ભજિયાં, દહીવડાં, પનાવડાં એ આદિક અનેક પ્રકારનાં ભોજન જમ્યા. વખાણતા જાય ને જમતા જાય. ને ઉત્તમરાજા તથા ઘેલા ધાધલને પ્રસાદ આપતા જાય.

❋ મહારાજે બ્રહ્માદિક દેવોને પ્રસાદી આપી :

અને તે વખતે એક ગ્રાસ ઉગમણી તરફ નાંખ્યો. પછી જમી બીજો ગ્રાસ આથમણી તરફ નાંખ્યો. પછી જમી એક ગ્રાસ ઉત્તર તરફ નાંખ્યો. પછી જમી એક ગ્રાસ દક્ષિણ તરફ નાંખ્યો. પરંતુ સભામાં પાસે બેઠેલા માણસોને એ ચારે ગ્રાસ હેઠા પડતાં ન દેખાયા. અને એ વાત જોઈ ઘણું આશ્ચર્ય જણાણું. પછી મહારાજ જમતા જાય ને ચારે દિશાએ

જમેલ ગ્રાસ અરધા અરધા ફેંકતા જાય. ને હાથે કરીને જેમ કોઈ કોઈ મનુષને આપે તેમ આપતા જાય. તે જોઈ માણસને ઘણું આશ્ચર્ય જેવું લાગ્યું. પછી મહારાજે દહીં-સાકર જમી હાથ ધોયા. તે વખત દરબારના કારભારી કુરજી ઠક્કરે જમણા હાથમાં એલચીના દાણા લઈ મહારાજ આગળ ધર્યા તે જમ્યા.

તે વખત બ્રહ્માનંદસ્વામીને વડોદરાના બાપુરાયજીએ પૂછ્યું જે, "આ અમારી જોયેલી ને નજરની દીઠી આ આશ્ચર્યકારક વાત છે. માટે મહારાજને આ વિશે તમે પૂછો." પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "આ તમે જમેલા ગ્રાસ ચારે દિશાએ નાખતા. ને જેમ કોઈ જમે ને કોકને આપે તેમ આપતા. એ વાતનું આશ્ચર્ય સાંભળવાની આ બાપુરાયજી વિગેરે વડોદરાવાળાને ઘણી ઉમીદ છે." પછી એ વચન સાંભળી મહારાજ હસ્યા ને બોલ્યા કે, "એ વાત કહીએ તો મનાય એવી નથી." પછી બાપુરાયજીએ સ્તુતિ કરી.


❊ મહારાજના દર્શને વિષ્ણુ, બ્રહ્માદિક દેવો આવ્યા ને દર્શન :

પછી મહારાજ કહે જે, "જે વખત અમે જમતા હતા, તે વખત અમારી સન્મુખ ઉત્તર દિશામાં વિષ્ણુ અને લક્ષ્મી હતાં ને દક્ષિણ દિશામાં શેષશાયી ભગવાન એમની સ્ત્રી સહિત હતા. અને આથમણી દિશાએ બ્રહ્મા સાવિત્રી સહિત બેઠા હતા ને ઉગમણી દિશાએ શંકર પાર્વતી સહિત બેઠા હતા. તેઓ અમારી પ્રસાદી જમવાને વાસ્તે આવ્યાં હતાં. તેથી તેને અમે જમતાં જમતાં પ્રસાદી આપતા. એમ કહી મહારાજે ચાર તાળીના અવાજ કર્યા. પછી સભા સ્થિર થઈ ગઈ. અને તે સમયને વિશે બ્રહ્મા, વિષ્ણુ, શિવ ને શેષશાયી તે ચારેને સ્તુતિ કરતા નજરે જોયા. તે સમયે કેટલાકને સમાધિ પણ થઈ ગઈ. એ આશ્ચર્ય જોઈ માણસ ઘણા વિસ્મય પામ્યા.

પછી મહારાજ જય સચ્ચિદાનંદ કહી ઊઠ્યા. પ્રથમ બ્રહ્મચારીને ચોકે જઈ સંન્યાસીને જમાડ્યા અને પંડ્યે પીરસ્યું. તેમજ બ્રહ્મચારીને પીરસ્યું. પછી પરમહંસ, પાળાને પીરસી એકડમલને પીરસ્યું અને પછી હરિભક્તને પીરસી તમામ સંઘને મહારાજે પોતાના હાથે જમાડ્યું. ને પછી તમામ જમ્યા. પછી મહારાજ એક વસ્ત્ર પહેરી નાહ્યા. ને પછી પીળુ પીતાંબર ઉત્તમરાજાની બેન નાનબાઈને આપ્યું ને રાતું પીતાંબર બાપુરાયજીને આપ્યું. અને પછી મહારાજે લાડુબાઈની કરેલી રસોઈનાં ઘણાં વખાણ કર્યાં.

પછી બાપુરાયજીએ મહારાજને જરિયાનનો પોશાક પહેરાવી શિરપેચ માથે બંધાવ્યો ને કડાં ઉતારી મોતીની માળાઓ, બાજુબંધ એ ધારણ કરાવ્યાં અને પછી કપૂરની આરતી ઉતારી. તે વખત પાંસઠ પ્રકારના પોશાક મહારાજને તરેહ તરેહ વારના હરિભગતોએ ધરાવ્યા. અને પરમહંસ વિગેરે તમામ ત્યાગી લોકોને વસ્ત્ર ઓઢાડ્યાં. ને સાત રસોઈઓ જમવાનું મહારાજને કબૂલ કરાવ્યું. ને પછી સંત પાસે સાંજ સુધી ઓટા ફરતા ફરીને કીર્તન ગવરાવ્યાં. એવી રીતે મહારાજ સાંજ સુધી ત્યાં રહ્યા.

પછી સાંજ વખતે ચાલીસ પરમંહસોને સમાધિ થઈ. તે કેટલાક હરિભક્તોને નજરે જોવામાં આવ્યું કે, વિષ્ણુ લક્ષ્મી સહિત ગરુડ ઉપર બેસી ચાલ્યા ગયા. ને શંકર પાર્વતી સહિત પોઠિયા ઉપર બેસી ચાલ્યા ગયા. ને બ્રહ્મા સાવિત્રી સહિત હંસ ઉપર બેસીને ચાલ્યા ગયા. ને શેષશાયી ભગવાન તેમની સ્ત્રીઓ સહિત પાતાળને વિશે પ્રવેશ કરતા ભાળ્યા. એવી રીતે મહાઅદ્‌ભુત ચરિત્ર જોવામાં આવ્યું. તે જોઈ ઘણા આશ્ચર્ય પામ્યા.


आवातमामाथयेलाथा
धजपासेथिसांभळवामांआविछेअनेतेसतछे·तेमांजगारजाक
होयतोब्रह्महत्यादिकमहापापअमारेमाथेछे·

આ વાત મામા ઘેલા ધાધલ પાસેથી સાંભળવામાં આવી છે અને તે સત્ય છે. તેમાં લગાર શક(ખોટું) હોય તો બ્રહ્મહત્યાદિક મહાપાપ અમારે માથે છે. ॥૧૭૨॥

ઘેલા ધાધલના ઓરડાના ફળીમાં ગુજરાતના હરિભક્તોએ કૂવો ગાળ્યો ને તે કૂવાનું ભર્યું કર્યું. તે

ચરિત્ર નં.૧૭૩

અજુભાઈ વગેરેએ કૂવો ગાળ્યો અને વાસ્તુનો સંકલ્પ

ઘેલા ધાધલના ફળિયામાં એક ઘર હતું. તેમાં અજુભાઈ પટેલ એવે નામે કરીને એક હરિભક્ત રહેતા. અને તેના ભાણેજ મનોરદાસ પણ ત્યાં રહેતા. એમને એમ થયું કે, આ મામા ઘેલા ધાધલને ત્યાં ઘણાક હરિભક્તને મહારાજ ઉતારે છે, માટે આંહીં કૂવો ગાળ્યો હોય તો ઠીક. પછી મહારાજની આજ્ઞા લઈ કૂવો ગાળ્યો. પછી તે કૂવો ઘેલા ધાધલ પાસે ચૂનાબંધ બંધાવ્યો. પછી તેમને એમ મનસૂબો થયો કે, 'આ કૂવાનું ભર્યું કરી મહારાજ તથા પરમંહસને જમાડી પછી પાણી પીવું, પણ અમે ગરીબ માણસ તેથી બધાના રસોઈના ખર્ચની વ્યવસ્થા શી રીતે પૂરી થાય ?' અજુભાઈ તેવો મનસૂબો કરે છે, તેવામાં એમ સાંભળ્યું કે, મહારાજ ફૂલવાડી-લક્ષ્મીવાડી પધાર્યા. પછી તે ભક્ત પણ ત્યાં ગયા. પછી મહારાજ ફૂલવાડીથી પાછા પધાર્યા.

❋ મહારાજ કોળી લાડુડોશીનું કંટોલાંનું શાક જમ્યા :

તે વખતે જેઠા સુથારની ખડકી પાસે આવ્યા. ત્યાં એક લાડુબાઈ નામે કોળી જાતિની સિત્તેર વર્ષ ઉપરાંતની વયવાળી ડોશી મહારાજની ઘોડી આડી આવીને ઊભી રહી. પછી મહારાજે ડોશીને પૂછ્યું,

"કેમ ડોશી ! તમે આડાં ઊભાં રહ્યાં ?" ત્યારે તે કહે જે, "હે મહારાજ ! આ તમારા વાસ્તે કંટોલાં લાવી છું." તે સાંભળી મહારાજ ઘોડી ઉપર બેઠા હતા, તે નીચા નમી રૂમાલ ધર્યો. તેથી ડોશીએ એ કંટોલાં રૂમાલમાં નાંખ્યાં.

પછી મહારાજ પ્રેમથી કહે જે, "હે ડોશી ! આ કંટોલાં હેતેથી આણ્યાં છે કે લાલચે આણ્યાં છે ?" ત્યારે ડોશી કહે જે, "હે મહારાજ, લાલચ તો ખરી." ત્યારે સ્વામિનારાયણ મહારાજ પૂછે છે, "હે ડોશી, શી લાલચ છે ?" ત્યારે કહે જે, **"લાલચ તો એ છે જે, જન્મ-મરણથી રખડી રખડી હેરાન થઈ ગયા તોપણ હજુ સુધી કલ્યાણ થયું નથી, માટે પ્રત્યક્ષ ભગવાન મળ્યા વિના કલ્યાણ થાય નહિ. જો માગ્યું આપતા હો તો, આ જીવનો મોક્ષ થાય ને તમારા ચરણારવિંદમાં રહું એ જ માગું છું."**

ત્યારે મહારાજ કહે જે, **"તારું આત્યંતિક કલ્યાણ થાશે અને જ્યાં અમે હઈશું ત્યાં તું રહીશ."** તે વખતે સુરો ખાચર હસ્યા ને બોલ્યા જે, "દેહ છૂટશે ત્યારે તો તમે કહ્યું તેમ થાશે, પણ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી ડોશી ક્યાં રઝળશે ?" પછી મહારાજ કહે જે, "ડોશી, તારું નામ શું ?" ત્યારે કહે જે, "લાડુ." ત્યારે મહારાજ કહે જે, "અત્યારે કાંઈ છે ?" ત્યારે કહે જે, "હું સમજી ત્યારથી તો મારે તમો છો."

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, "સમુદ્ર જેવો સાથિયો, ત્યારે અલૂણું આજ દિવસ સુધી કેમ ખાધું અને કેમ રઝળી ?" ત્યારે ડોશી બોલી જે, "ભરણપોષણના કરવાવાળા આ ઘોડે ચડ્યા તે છે, ને તે જ આપે છે." ત્યારે સુરો ખાચર કહે જે, "ડોશીની બુદ્ધિ તો સારી છે." પછી મહારાજ કહે જે, "ડોશી જ્યાં સુધી જીવે ત્યાં સુધી અમારી પાસે રહે ને અમારી ઘોડીનું વાસિદું કરજે અને લાડુબાઈને ત્યાં ખાજે ને ત્યાં રહેજે." એમ આજ્ઞા કરી. પછી દરબારમાં પધાર્યા અને ત્યાં પોતાના હાથે કંટોલાંનું શાક કરી જમ્યા.

❋ અજુભાઈ વગેરેનાં કંટોલાંનું શાક મહારાજે સહુને જમાડ્યું :

આ તમામ પ્રસંગ ઘણા પ્રેમથી અજુભાઈએ જોયો. પછી એક બીજા ભક્ત ભગવાનદાસને લઈ તત્કાળ સાભરના ભાઠામાં ગયા. ને સાબરમતીમાં ગલિયાણા ગામને આરે જ્યાં જાય છે, ત્યાં ચૌદ એકડમલ ગુજરાતમાંથી દર્શન વાસ્તે દુર્ગપુર પ્રત્યે ચાલ્યા આવે છે. તે સાબરમતીનું નિર્મળ જળ જોઈ ઘણા આનંદથી નાતા ને પાટુએ રમતા હતા. તેને અજુભાઈએ દીઠા અને અજુભાઈને એકડમલે દીઠા. પછી અજુભાઈ પાસે એકડમલ આવ્યા ને જય નારાયણ કહી મહારાજના સમાચાર પૂછ્યા. ત્યારે અજુભાઈએ મહારાજના સમાચાર આપ્યા.

ત્યારે એકડમલ કહે જે, “હે અજુભાઈ ! તમે અહીં કેમ આવ્યા છો ?” ત્યારે અજુભાઈએ પોતાના મનસૂબાનું સર્વ વૃત્તાંત કહી દેખાડ્યું. તે સાંભળી એકડમલ કહે જે, “અમે તમારો મનસૂબો સંપૂર્ણ કરીએ, પણ મહારાજ અંગીકાર કરશે ?” ત્યારે અજુભાઈ કહે જે, “ભગવાન તો અધમઓધારણ છે. તે શબરી ભીલડીના બોર જેમ અંગીકાર કર્યા ને જેમ હાલ લાડુ ડોશીનાં કંટોલાં અંગીકાર કર્યાં, તેમ આપણું પણ અંગીકાર કરશે.”

તે સાંભળી સર્વ એકડમલ આનંદ પામ્યા. અને પેરવાની કફનીઓને સુંદર ધોઈ અને ચૌદ એકડમલ ને અજુભાઈ ને ભગવાનદાસ એમ સોળે જણાએ કંટોલાં વીણવાનો આદર કર્યો. અને સોળ ગાંસડી કંટોલાની લઈ ગઢડે આવ્યા. તે વખતે મહારાજ આથમણા બારના ઘેલા ધાધલના ઓરડે કથા વંચાવતા હતા. પછી ઘેલા ધાધલના ફળીથી જરા છેટે કંટોલાની ગાંસડિઓ ઉતારી. અને એકડમલને ત્યાં ઊભા રાખ્યા.

પછી અજુભાઈ બીજા માણસો પાસે ગાંસડીઓ ઉપડાવી મહારાજ પાસે આવ્યા ને ગાંસડીઓ મૂકી. તે કંટોલાં જોઈ મહારાજ ઘણા ખુશી

થયા ને એમ બોલ્યા જે, “આ ભગવી ગાંસડિયો કોણ લાવ્યા ?” પછી સર્વ હકીકત સહિત વૃત્તાંતની વાત કરી. પછી મહારાજ કહે જે, “મહેનત કરવાવાળા તો બાપડા છેટે ઊભા છે, એને બોલાવો.” પછી તે આવ્યા. તેને મહારાજે મળી ચરણારવિંદ આપ્યાં અને એમ બોલ્યા જે, “આ એકડમલોનો તિરસ્કાર કરીએ છીએ, પણ સત્સંગ છોડતા નથી માટે તેને ધન્ય છે.” પછી મહારાજ કહે જે, “સાધુમાં ખાજો ને અહીં રહેજો.” એમ આજ્ઞા કરી.

પછી અજુભાઈ કહે જે, “મારે કૂવાનું ભર્યું કરવું છે, માટે આ કંટોલાનું શાક કરો. હું ગરીબ છું.” ત્યારે કહે જે, “આમાં તો વીશ મણ ઘી જોઈએ.” પછી કહે જે, “મહારાજ ! મારે તો એકસો ને સત્તર રૂપિયાની મૂડી છે. તેનું જે થાય તે કરો.” પછી મહારાજ કહે જે, “બહુ સારું.” ને બીજે દિવસે સત્તર મણ ઘીમાં શાક કર્યું ને બાજરાના રોટલા ઘીથી ચોપડીને રસોઈ કરી. તે શાક મહારાજે પંડે કર્યું.

❋ અજુભાઈને વરુણદેવનાં દર્શન તથા સંત થયા :

પછી એ કૂવાના થાળામાં મહારાજને બેસારી અજુભાઈએ શરીર ચોળી નવરાવ્યા અને ચરણામૃતનું પાણી કૂવામાં રેડ્યું. તે વખત અજુભાઈને સમાધિ થઈ. તેમાં હજાર દલ પાંખડીનું એક કમળ કૂવામાંથી બહાર નીકળતું જોયું અને તેમાં વસ્ત્ર, ઘરેણાં, મુગટ સહિત ચતુર્ભુજ મૂર્તિ વરુણદેવને દેખ્યા. ને તેમણે મહારાજની પૂજા કરી મહારાજના ચરણારવિંદને વિશે લીન થયા.

પછી સમાધિમાંથી અજુભાઈ ઊઠ્યા તોપણ જાગૃત અવસ્થામાં વરુણદેવ મહારાજને પંખો નાખતા જોયા. પછી એ કૂવાના કાંઠા ઉપર લિંબડાને છાંયે સિરાબંદ(ચુના પથ્થરથી બાંધેલી) જગ્યા ઉપર ધાબળી નાખેલી હતી, તે ઉપર મહારાજ બેઠા. અને કંટોલાનું શાક તથા બાજરાનો રોટલો જમ્યા. અને મહારાજની જમેલ પ્રસાદી વરુ-

ણદેવતાને જમતા અજુભાઈએ દેખ્યા. પછી બ્રહ્મચારી, સંન્યાસી, પરમહંસ, સાધુ, પાળા, એકડમલ, હરિભક્ત સર્વેને મહારાજે પોતે પીરસી જમાડ્યા. તેમજ સાંખ્યજોગી ડોશીઓને પણ પ્રસાદી આપી. તે વખતે અજુભાઈ તથા બીજા કેટલાક હરિભક્તોએ મહારાજને પછવાડે પંખો નાંખતા વરુણદેવને દેખ્યા.

પછી અજુભાઈએ મહારાજને એક ઝીણો ખેસ પહેરાવ્યો અને એક ઝીણું અંગરખું પેરાવ્યું અને ઝીણી પાઘ માથે બંધાવી અને એક ઝીણો કાળા છેડાનો ખેસ આડછેડે નંખાવ્યો અને કાળા છેડાની ધોતલી કેડે બંધાવી. હાથમાં એક ધોળો રૂમાલ આપ્યો. ને ભાલમાં ચંદનની અર્ચા કરી. પછી મહારાજ આગળ સાકર મૂકી સોનાના નાકાએ જડેલી પાંચ સોનામહોરો આગળ મૂકી. પછી દંડવત કર્યા. પછી અજુભાઈ તથા મનોરદાસ એમના ભાણેજ જે હમણા 'હરિકૃષ્ણદાસ' નામથી ઓળખાતા તે તથા તેમના ભેગા એક બીજા હરિભક્ત ભગવાનભાઈ હતા તે જૂનાગઢમાં 'સાધુ ભગવાનદાસ' થયા છે; આ ત્રણેયને શ્રીહરિએ બાથમાં ઘાલી મળી ચરણારવિંદ આપ્યાં. પછી ફરીથી એકડમલને મળી ચરણારવિંદ આપી પરમંહસની ભેગા રસોઈ જમવાની આજ્ઞા આપી. પછી ઘેલા ધાધલ તથા તેમનાં ઘરના તથા અજુભાઈને જમાડ્યા. એવી રીતે મહારાજે તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. એ અજુભાઈ પાટીદાર હતા, પછી તે સાધુ થયા ને તેમનું નામ 'પ્રભુચરણદાસજી' કરીને હતું. ॥૧૭૩॥

ઘેલા ધાધલના ફળીના લિંબડાથી ઓતરાદી કોરે ઓસરીનું જ્યાં પાળા સારુ ખાણ ગળાવી તે

ચરિત્ર નં.૧૭૪

મહારાજે પાર્ષદો પાસેથી પૈસા કઢાવ્યા ને જાર ખરીદી.

ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં એક સમે મહારાજ કહે જે, "આ પાળા ત્યાગી છે, તેને પૈસા રાખવા એ સારું નહીં. **પૈસા રાખ્યાથી એક રૂપિયે શેર દારૂનો કેફ ચઢે છે.** માટે આજ બધાયને ઘેલા ધાધલને ફળીએ ભેગું થાવું. ત્યાં અમારે એક પ્રકરણ કાઢવું છે." પછી તે આજ્ઞા પ્રમાણે સાંજ વખતે તમામ પાળાઓ ઘેલા ધાધલના ઘરના ચોકમાં ઉગમણા બારના ઓરડાના ફળીમાં આવી બેઠા. પછી મહારાજ પધાર્યા. એ ઉગમણા બારના ઓરડા મધ્યેથી ઉત્તર તરફના ઓરડાની ઓસરીએ ઓસરીમાં એ ઓરડાના બારણાથી દક્ષણાદી તરફની નાટે(દિવાલ અને થાંભલી ઉપર રહેલ લાકડે) ખાટ બાંધી હતી. તે ખાટ ઉપર મહારાજ વિરાજમાન થયા હતા. અને તે વખત શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ને દાદો ખાચર, ઘેલા ધાધલ, સુરો ખાચર, સોમલો ખાચર એ ચાર જણા ત્યાં બેઠા હતા.

પછી મહારાજે હાથની તાળી પાડી સર્વેને છાના રાખ્યા, ને કહ્યું જે, "જેની પાસે પૈસા હોય તે અમારી પાસે પૈસા લઈ આવો. જે ન લાવે તે વિમુખ છે. જે નહિ લાવે તો અમે અંતર્યામી છૈયે તે અમે જાણીએ છૈયે, માટે તેને વિમુખ કરીશું. ને જેને રૂપિયા ન દેવા હોય તે મૂછો રાખી ગામમાં રહો. **અમારે કોઈના પરાણે રૂપિયા લેવા નથી. રૂપિયાને તો અમો સડેલ ખાંસડાં જેવા જાણીએ છીએ.** આ રૂપિયા જે એકઠા થશે તેની જાર લઈ પાળાઓ સારુ ખાણમાં નાખીશું. અને પાળાઓએ અમારી તથા દાદા ખાચરની ઘણી ચાકરી કરી છે, માટે તે

જુવાર પાર્ષદો પાસે તથા બીજા ભક્તો પાસે ખાણમાં ભરાવીશું. અને જે જુવાર વધશે તે દાદા ખાચર પાસે એક બીજી ખાણમાં ભરાવીશું.

અને ધરમકુળ આવ્યું છે, માટે સર્વે સત્સંગ તેને સોંપશું. ત્યારે તે સર્વેની સંભાવના રાખશે. પછી બીજી જુવારની કાંઈ જરૂર નથી. માટે ઘેલા ધાધલ, તમે લાડુબાઈને ત્યાંથી ચોપડો લાવો અને તેમાં જુઓ પાર્ષદોએ ધન કેટલું રાખ્યું છે ? તે જાણી લ્યો." અને ત્યાગીને પૈસા ન રાખવા, તે વિશેના પ્રકરણનો એક કાગળ લખવા આજ્ઞા કરી. પછી દાદા ખાચર પાસેથી ત્રણશે કળશી જુવાર ખાણમાં ભરવા માટે આપવાનું મહારાજે કહ્યું. ત્યારે દાદા ખાચરે ખુશીથી આપવા કબૂલ કર્યું. ને વધારે જરૂર હોય તોપણ આપવા હોશ બતાવી. તે વચન સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા ને તેમને મળીને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

પછી મહારાજ એમ બોલ્યા જે, "પાર્ષદો, લાવો રૂપિયા લાવો." પછી તમામ પાળાએ રૂપિયા લાવી મહારાજની આગળ ઢગલો કર્યો. અને જે મહારાજને અંતરજામી ન જાણતા તે થોડા રૂપિયા બચાવી બોત(વધુ) લાવી ઊભા રહ્યા. પછી મહારાજે સત્તર પાર્ષદો પાસેથી રૂપિયા કઢાવ્યા અને તેને મૂછો રાખી ગામમાં રહેવા આજ્ઞા કરી. તેમાં સાત જણા રૂપિયા લાવી હાજર થયા ને દસ જણા તહીં વિમુખ થયા.

અને તે જ સમે મહારાજે ખાણ ગાળવાની આજ્ઞા કરી. તે વખત ઉત્તમરાજા એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ પાળાના રૂપિયા તો ત્યાગીનો માલ છે. માટે એ તો તે રૂપિયાની રસોઈ દઈ પરમહંસોને જમાડી આપો. અને આ મારી પાસે સત્તાવીશો રૂપિયા છે, તેટલા રૂપિયાની જુવાર હું લઈ આપીશ અને તે રૂપિયાથી જ ખાણ નંખાવો. કેમ જે, તમારે વચને કરી પાળાઓએ મારા ગરાસ સબંધી ઘણી મહેનત કરી છે. માટે અમારે આપવું જોઈએ."

❋ સુરા ખાચરને અન્નપૂર્ણા દેવીનાં દર્શન કરાવ્યાં :

તે સાંભળી મહારાજે દાદા ખાચરના માથા ઉપર હાથ મૂકી ઘણું રાજી થયા. અને એમ બોલ્યા કે, **“તમારે ત્યાં અખંડ અન્નનો ભંડાર ભરપૂર રહેશે ને અન્નપૂર્ણા તમારે ઘેર નિવાસ કરી અખંડ રહેશે.”** તે સાંભળી ઉત્તમરાજા ઘણા પ્રસન્ન થઈ મહારાજને પગે લાગ્યા. અને સુરો ખાચર એમ બોલ્યા જે, “દાદાનાં મોટાં ભાગ્ય છે જે અન્નપૂર્ણા નિવાસ કરી રહેશે.” એમ કહી જરાક મરકયા એટલે મહારાજે એમ જાણ્યું જે, આમણે મરમ કર્યો. પછી મહારાજે બગાસું ખાધું અને ત્રણ ચપટી બજાવી. તેથી મુખારવિંદમાં ઘણા પ્રકાશમાને સહિત શીતલ ને સુગંધીમાન નીલા પ્રકાશે યુક્ત એવું તેજ જોવામાં આવ્યું. અને તેમાં એક કન્યા બત્રીસ ભુજા અને માથે મુગટ ને સાડી પહેરેલી ને જડાઉ વાઘો અને મહાસુંદર ઓઢણું ઓઢેલ દેખી. અને એ દેવી અન્નપૂર્ણા હતાં. તેણે બત્રીસે ભુજામાં અન્નની ઔષધિઓ સુંદર મણિમય પાત્રમાં ભરેલી હતી. એવી મહા શોભાયમાન એ દેવીએ બત્રીસ પાત્રની ઔષધીઓથી મહારાજની પૂજા કરી. મહારાજના લલાટને વિશે કુંકુમનો ચાંદલો કરી પગે લાગીને બત્રીશે હાથ જોડ્યા અને “શી આજ્ઞા છે?” એમ બોલ્યાં.

પછી મહારાજે આજ્ઞા કરી કે, “આ ઉત્તમરાજાના ભંડારમાં પરંપરાગત તમો નિવાસ કરી રહો.” પછી મહારાજની આજ્ઞા અન્નપૂર્ણા દેવીએ માથે ચડાવી અને પગે લાગી. ઉત્તમરાજાને પણ કુંકુમનો ચાંદલો કરી નમસ્કાર કરી બત્રીસ પાત્રમાં જે અન્નની ઔષધિ હતી, તેનાથી જેમ મહારાજને બત્રીસ હાથે કરી વધાવ્યા તેમ ઉત્તમરાજાને વધાવ્યા. પછી મહારાજમાં લીન થઈ ગયા. એવી રીતે મહાપરચો આપ્યો.

પછી એ સત્તાવીસ સો રૂપિયા મધ્યેથી હજાર રૂપિયા સુવાસિનીબાઈ જે અયોધ્યાપ્રસાદજીની માતાજી તેમને આપ્યા. અને હજાર રૂપિયા સીતારામજી મહારાજનાં માતાજી વરિયાળીબાઈ તેને આપ્યા. અને

ચારસો રૂપિયાનો માદરપાટ લઈ પરમહંસો તથા બ્રહ્મચારીઓને ધોતિયાં આપ્યાં. ને ત્રણસો રૂપિયાની રસોઈ કરવાની આજ્ઞા કરી. એ રીતે મહારાજે મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.

❋ સાંજે ઘેલા ધાધલના ઘેર મહારાજ તથા સર્વે જમ્યા :

પછી મહારાજને ઊઠવાનો વખત થયો એટલે ઘેલો ધાધલ આડા ફર્યા ને કહે જે, "વાળુ કર્યા વિના જવાય નહીં." પછી સર્વેને જમવાની આજ્ઞા કરી. મહારાજ ત્યાં વાળુ કરવાને રહ્યા. પછી મહારાજે પોતાના હાથે ઘઉંની બાટી ને રીંગણાનો ઓળો તળેલો કરી જમ્યા. ને દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, ઘેલા ધાધલ, માણસિયા ધાધલ, નિત્યાનંદસ્વામી, શુકમુનિ એટલાને મહારાજે પોતાના હાથે પોતાની પ્રસાદી જમાડી. ને પછી ઘેલા ધાધલની સ્ત્રી જાલુબાઈ તથા તેમની દીકરી દેવુબાઈ, જેઠીબાઈ, ગનુબાઈ વિગેરેને પ્રસાદી આપી.

અને પછી મહારાજે મરમ કર્યો, "ઘેલા ધાધલ બધાએ વાળુ કર્યો, પણ આ મુકુંદાનંદ બ્રહ્મચારી વાળુ કર્યા વિનાનો રહ્યો." પછી ઘેલા ધાધલ કહે જે, "મહારાજ ! આ બ્રહ્મચારીનો જ ખોરડો છે. એટલે એમણે કાંઈ જરૂર નહીં." પછી મહારાજ કહે જે, "કાઠીભાઈએ બ્રહ્મચારીને ઉડાડ્યા." એમ કહી હસ્યા.

પછી ઘેલા ધાધલની સ્ત્રી જાલુબાઈ લોટ, ઘી, ગોળ એ લાવી મહારાજ આગળ મૂક્યું અને એક દૂધની તાંબડી મૂકી. પછી મહારાજે હાથે કુલર કરી બ્રહ્મચારીને પ્રસાદી કરી દઈ જમાડ્યા. અને પછી બ્રહ્મચારીએ જમવામાંથી થોડીક કુલર રાખી. પછી મહારાજ કહે જે, "કેને સારુ રાખી છે ?" પછી કહે જે, "વૈકુંઠાનંદ વાસ્તે રાખી." પછી ફરીને વધારે કુલર મહારાજે ચોળી વૈકુંઠ બ્રહ્મચારીને આપી અને મુકુંદ બ્રહ્મચારીને દૂધ ધરવા સેંઠ(સંકેત કરી) તાંબડી મંગાવી. ને તે મોઢે મંડાવીને દૂધ પીવરાવ્યું. પછી વૈકુંઠ બ્રહ્મચારીને પીવરાવ્યું. પછી

વધ્યું તે વૈકુંઠ બ્રહ્મચારીના માથા ઉપર રેડ્યું. એવી રીતે મહારાજે મહા રમૂજ કર્યો. પછી મહારાજ એમ બોલ્યા જે, “દાદા ખાચર ! તમારા મામા તો લોભી છે, પણ તમારી મામી બહુ ઉદાર મનવાળાં છે.” પછી ઘેલો ધાધલ કહે જે, “હું તો ઉદાર મનવાળો છું. દાદા ખાચરની મામી જો ઉદાર મનવાળી હશે તો થોડા દિવસ પછી વસંતપંચમી આવવાની છે, તે દિવસ રસોઈ આપવી પડશે તે દિવસ ખબર પડશે.” પછી જાલુબાઈ કહે જે, “ખરું કહ્યું મહારાજ. સાચા-ખોટાનું પારખું તે દિવસ પડશે.” પછી મહારાજ હસતાં હસતાં દરબારમાં પધાર્યા. એવી રીતે મહાઅદ્‌ભુત ચરિત્ર કરેલું છે. તે દિશમાત્ર લખ્યું છે. ॥૧૭૪॥

એ ખાણમાં જાર ભરાવી માથું બંધાવ્યું. તે ઉપર ઢોલિયો બિછાવી મહારાજ વિરાજમાન થયા ને હરિભક્ત અજુભાઈ એક-બે મણ કંટોલા લાવ્યા. તેનું મહારાજે શાક સર્વેને જમાડ્યું.

ચરિત્ર નં.૧૭૫

ખાણમાં જાર નંખાવી તથા મહાભારતની કથા વંચાવી.

પછી મહારાજે બે મહિના સુધી પાળા પાસે જારની ખાણ ગળાવી તેમાં જાર નંખાવી. અને બે મહિના સુધી મહારાજ સવારના પહોરમાં ઘેલા ધાધલના આથમણા બારની ઓસરીએ પાટ ઉપર ગાદી-તકિયો નંખાવી બિરાજમાન થાતા. અને નિત્યાનંદસ્વામી પાસે મહાભારતની કથા વંચાવતા. ઘેલો ધાધલ તથા જાલુબાઈએ કઢેલું ભેંસનું દૂધ માંહી સાકર નાખી મહારાજને બે માસ સુધી પાયું. અને અજુભાઈએ કંટોલાંની સૂકવણી કરેલી હતી. તે કંટોલાંનું શાક ને ઘઉં-બાજરાના રોટલા શૂન્યાતીતાનંદસ્વામી પાસે કરાવી બે માસ સુધી મહારાજ જમતા અને નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપતા.



ઘેલા ધાધલના ફળિયામાં આ સ્થાને જુવાર ભરવાની ખાણ હતી

અને ત્યાં બપોરે પોઢતા અને રોંઢે ત્યાં કૂવા ઉપર નાઈ સાંજ સુધી કથા વંચાવતા. ને પાળાઓ પાસે જુવાર નંખાવતા અને જેટલા પાળા ખાણમાં જુવાર નાંખતા તેટલાને શેર શેર ગોળ મહારાજ પોતાના હાથે કરી આપતા અને ચરણારવિંદ પાળાઓને હૃદયમાં આપતા. અને માણશિયો ધાધલ બે માસ સુધી ગલનો હાર બનાવી સાંજે મહારાજને પહેરાવતા. અને મહારાજ તેના માથા ઉપર હાથ મૂકતા. એમ બે મહિના સુધી ત્યાં મહારાજ લાગઠ બિરાજમાન થયા હતા.

જ્યારે જારની ખાણનું માથું બાંધ્યું ત્યારે એ જારની ખાણ ઉપર ઢોલિયો બિછાવી મહારાજ બિરાજમાન થયા. ને સર્વે પાળાઓને મળ્યા ને ચરણારવિંદ આપ્યાં. પછી અજુભાઈ કહે જે, “હે મહારાજ ! કંટોલાંની સૂકવણીનાં કોસલાં(કાચરી) ઘણાં છે, તે શાક કરો.” પછી મહારાજ કહે જે, “તમારી પાસે હવે પૈસા છે ?” પછી કહે, “ના મહારાજ, મારી પાસે નથી. મારા ભાણેજ મનોરદાસ પાસે રૂપિયા છે, તેને રસોઈ આપવાની છે.” પછી મહારાજ મનોરદાસને કહે જે, “રસોઈ આપ્યા પછી શું ખાશો ?” પછી મનોરદાસ હાથ જોડીને કહે જે, “મારે તો સાધુ થાવું છે.”

પછી મહારાજ કહે જે, "જો તમારે સાધુ થાવું હોય તો ધન રખાશે નહિ, માટે બધા જ રૂપિયા લઈ આવો." પછી નેવું રૂપિયાનો ઢગલો કર્યો. પછી ઘી વગેરે સામાન મંગાવી લઈ મહારાજે કંટોલાનું શાક હાથે કર્યું. પછી પોતે જમી તમામ પરમહંસ, બ્રહ્મચારી, સાધુ, પાળા, હરિભક્તને પંડે પીરસી જમાડ્યું. અજુભાઈ તથા મનોરદાસ તથા માધવદાસને પ્રસાદી આપીને પછી મહારાજ કહે જે, "આ કોણ છે ?" પછી અજુભાઈએ કહ્યું, "મહારાજ, એ મારો ભાણેજ માધવદાસ કરીને છે. એને સાધુ થાવું છે."

પછી તે વખત ગોપાળાનંદસ્વામી ઊભા હતા, તે કહે જે, "એમની અવસ્થા નાની છે." પછી મહારાજ કહે જે, "તમારા ઉપયોગમાં ઘણા આવશે અને આને તમારી પાસે રાખજો, પૂર્વજન્મનો સંસ્કારી જીવ છે." પછી ઘેલા ધાધલના ઘરનાં તમામ માણસ તથા ઘેલા ધાધલને જમાડ્યા. પછી માધવદાસે તેત્રીસ રૂપિયા મહારાજ પાસે મૂક્યા. પછી મહારાજ કહે જે, "આ રૂપિયા ઘણા ઉપયોગમાં આવશે. કેમ જે, આ એકાંત જગ્યા છે, માટે અમારે અહીંયાં મહાભારતની કથા વંચાવવી છે. ત્યાં સુધી નિત્યાનંદસ્વામીને સાકર નાખેલું દૂધ પાશું અને સમાપ્તિ વખતે આ તમામ રૂપિયા વાવરી દેશું." એમ બોલીને જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા.

એક વખત મહારાજ પ્રભાત સમે દરબારમાંથી ઘેલા ધાધલના ફળીએ પધાર્યા. અને ત્યાં કૂવા ઉપર બેસી નાહ્યા અને પછી વસ્ત્ર પહેરી આથમણા બહારની ઓસરીએ બાજોઠ ઉપર રેશમના ચાકળા ઉપર બિરાજમાન થયા. પછી ઘેલો ધાધલ તથા માણશિયો ધાધલ તથા અજુભાઈ એ ત્રણેય જણા ઘેલા ધાધલના વાડામાં ડોડા વાવ્યા હતા તે લઈ આવ્યા. પછી મહારાજે ડોડા વખાણ્યાં. તે વખત જાલુબાઈએ માખણ તથા મસાલો લાવી આગળ મૂક્યો.

❊ સુરા ખાચર પાસેથી બ્રહ્માએ ડોડાનો પ્રસાદ લીધો :

પછી મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, "આજ તો આ ડોડા તમે શેકો ને મસાલો ભરો." પછી મુક્તાનંદસ્વામીએ તે પ્રમાણે કરીને ડોડા તૈયાર કર્યા. પછી મહારાજ ડોડા જમ્યા. અને પછી એમ બોલ્યા જે, "આ ડોડાનો એવો સ્વાદ થયો છે કે સ્વાદ પારખનારા બ્રહ્માને પણ આવા ડોડા જમવાની ઈચ્છા થઈ જાય."

પછી સુરો ખાચર બ્રહ્માનંદસ્વામીને કહે જે, "આવો ડોડો બ્રહ્માને મળતો નહીં હોય." એમ કહી બ્રહ્માનંદસ્વામી ને સુરો ખાચર એ બેય હસ્યા. પછી મહારાજ કહે જે, "તમે હસો છો, પણ જુવો આ ડોડાનો સ્વાદ કેવો છે ?" એમ કહી જે ડોડો જમતા તે ડોડો સુરા ખાચરને હાથમાં આપ્યો. તેટલામાં સુરા ખાચરને તેમના દેહને વિશે એવો ધક્કો લાગ્યો કે, ડોડો હાથમાંથી પડી ગયો ને ડોળા ઊંચા ચડી ગયા.

પછી મહારાજ બાજોઠ ઉપર બેઠા હતા તે બહુ હસ્યા. ને સુરા ખાચરને મૂર્છા થઈ ગઈ. પછી મહારાજે સાદ કર્યો, તેથી સુરા ખાચરને સ્મૃતિ આવી, ને અચાનક પોકાર કર્યો, "હે મહારાજ ! મારો ડોડો બ્રહ્મા લઈ ગયો." પછી મહારાજે પૂછ્યું કે, "શું થયું ?" પછી કહે જે, "એક ધબ્બો મારી બ્રહ્મા મારો ડોડો લઈ ગયા." પછી મહારાજ કહે જે, "તમે કહેતા ને ઠેકડી કરતા તેનું શું થયું ?" તેટલામાં લાડુબાઈ મહારાજ સારુ થાળ લઈને આવ્યાં. મહારાજ હાથ-પગ ધોઈને જમવા તૈયાર થયા.


❊ રામપ્રતાપભાઈની રીસ અને મહારાજનાં મનામણાં :

તે વખત લાડુબાઈએ રામપ્રતાપભાઈના વૃત્તાંતની સર્વ વાત કહી, તેટલામાં દેવો પાળો આવ્યો અને કહે જે, "મહારાજ, ભાઈ રીસાઈને ઉગામેડીના માર્ગે વયા જાય છે." પછી મહારાજ જમવું પડતું મૂકી

અને પાળા સાથે ચાલ્યા તે રાધાવાવે ગયા. અને વાવના ઢોરા ઉપર ચડી ચારેય તરફ જોયું, પરંતુ ક્યાંય રામપ્રતાપભાઈને ન ભાળ્યા. પછી મહારાજ ત્યાંથી ઉગામેડીના માર્ગે ચાલ્યા અને કામલ તલાવડીએ પહોંચ્યા. ત્યાં ઉત્તમરાજા આવ્યા અને કહે જે, "મહારાજ, આપ આ બાવળ હેઠે બેસો, હમણાં અહીં બળદગાડું આવે એટલે તે ઉપર બેસી ઉગામેડી જાઈએ. કેમ જે, અમે ઘણું કહ્યું તોપણ ભાઈ પાછા વળ્યા નહીં, ને દેહાભાઈ ભરવાડ ઉગામેડી જાતા, તે તેમના ગાડા ઉપર ભાઈને બેસાડ્યા છે. તે ઉગામેડી જઈ રોટલા જમશે."

પછી તે તલાવડીની પાળ ઉપર બાવળના ઝાડ નીચે ધાબળીનું આસન નાખી દીધું. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. ને ત્યાં પરમહંસ વગેરે પાંચસેને આશરે માણસ ભેળું થયું. અને રાજબાઈ તથા જીવુબાઈ તથા લાડુબાઈ વગેરે સાંખ્યજોગી ડોસીઓ બસેને આશરે આવી. પછી મહારાજ કહે જે, "તમે આ રાધાબાગમાં જાવ અને આ પરમહંસ તથા અમારા સારુ રસોઈ કરો. અમો ભાઈને વાંસે જાશું." એમ કહી મહારાજે પરમહંસને ઉગામેડીએ જવાની આજ્ઞા આપી. તેટલામાં મોટા કરીમભાઈ મહારાજ સારુ ગાંડો ને મુંજિયો એ બે બળદ જોડી એક વેલ્ય લાવ્યા.

પછી મહારાજ તથા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકસ્વામી તથા ઉત્તમરાજા એટલા એ વેલમાં બેઠા. અને બીજા ત્રણ-ચાર ગાડાં આવ્યાં તે ઉપર પરમહંસો તથા હરિભક્તો બેઠા ને સર્વે ઉગામેડી ગયા. અને ઉગામેડીએ ઓત્રાદે ઝાંપે બાવળ હેઠે ગાડું ઊભું રાખ્યું. તેટલામાં ભાઈ રામપ્રતાપજી ત્યાં જમી બહાર નીકળ્યા.


महाराजेघणुंकयुंपणमान्यानहिं॰केजेगढडामांअरधभागआपो
तोरहिएनहिंतोहिंदुस्तानजशुं॰पछेमहाराजकेजेप्रथमतोमेबधोसत
संगसीतारामनेआप्योहतो॰पणतमाराउपरदयाकरिबेभागकरया॰ने
पानांनाख्यां॰तमारेभागनरनारायणनोदेशआव्यो॰त्रणवखतपानांना
ख्यांपणतेनुंतेआव्युंहवेहुंफेरविशनहिं॰तारेरामप्रतापजिभाइकेजेहुं
आंहिंरहिशनहिं॰

पछेमहाराजकेजेआकां
इआपणापितानिकमाणीनथि॰आतोकेवळमाराप्रतापनुंनेमारिक
माणीनुंछे॰हुंतोआसरवउत्तमराजानेआपतोपणतेमणेघणोकक
कळाटकरिनमोनेआपवानुंठराव्युं॰तारेबेविभागकरिमेतमनेवेचिआ
प्युंनेजिवुबारराजबारलाडुबा राखवाचरेकयुंतोपणतमेतेमनुंमान्युंनहिं
॰रथिहवेकोणमोटाछेनेमना आवशे॰छेवेआंकेमेंपणकयुंतोपणमा
नतानथि॰माटेआहिंदुस्ताननोमारगरयोमुकोवेनां॰पछेरामप्रतापजिभाइ
चाल्या॰तारेब्रह्मानंदस्वामिनेमहाराजेकयुंजेचोखुंजइनेकहोनेगोटावा
ळीमांकुंवधुयसीतारामनेआपिदइशुं॰नेपछेकोइउपायनहिंमाटेनमारुं
पणहवेकह्युंउपजशेनहिं॰पछेनमोजाणो॰


મહારાજે ઘણું કહ્યું પણ માન્યા નહિ (અને) કે' જે, "ગઢડામાં અરધ ભાગ આપો તો રહીએ, નહિ તો હિન્દુસ્તાન જશું." પછી મહારાજ કે' જે, "પ્રથમ તો મેં બધો સત્સંગ સીતારામને આપ્યો હતો, પણ તમારા ઉપર દયા કરી બે ભાગ કર્યા ને પાનાં નાખ્યાં. તમારે ભાગ નરનારાયણનો દેશ આવ્યો. ત્રણ વખત પાનાં નાખ્યાં પણ તેનું તે આવ્યું, હવે હું ફેરવીશ નહિ." ત્યારે રામપ્રતાપજીભાઈ કે' જે, "(તો) હું આંહીં રહીશ નહિ."

પછી મહારાજ કહે જે, "આ કાંઈ આપણા પિતાની કમાણી નથી. આ તો કેવળ મારા પ્રતાપનું ને મારી કમાણીનું છે. હું તો આ સર્વ ઉત્તમરાજાને આપતો પણ તેમણે ઘણોક કકળાટ કરી તમોને

આપવાનું ઠરાવ્યું. એટલે બે વિભાગ કરી મેં તમને વહેંચી આપ્યું. ને જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ, દાદા ખાચરે કહ્યું તોપણ તમે તેમનું માન્યું નહિ. એથી હવે કોણ મોટા છે તે મનાવવા આવશે ? છેલ્લે આંકે(ઘડીએ) મેં પણ કહ્યું તોપણ માનતા નથી. માટે આ હિન્દુસ્તાનનો મારગ રહ્યો, મૂકો વેતા."

પછી રામપ્રતાપજીભાઈ ચાલ્યા એટલે બ્રહ્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "ચોખ્ખું જઈને કહો ને ગોટા વાળો મા. હું બધુંય સીતારામને આપી દઈશ ને પછી કોઈ ઉપાય નથી, માટે તમારું પણ હવે કશું ઊપજશે નહિ; પછી તમો જાણો."

પછી બ્રહ્માનંદસ્વામી ગયા. ઉગામેડીની ઓલીકોર સોનલ વોકળી છે તે જગ્યાએ ભાઈ રામપ્રતાપજીને ઊભા રાખ્યા અને પછી કહ્યું જે, "ભાઈ રામપ્રતાપજી, તમે પરાપૂર્વની રીત જાણો. ભગવાન અલમસ્ત જાતિ છે. શ્રીકૃષ્ણ ભગવાનનું તથા રામચંદ્રજીનું તપાસો અને તમારા ઘરની વાત તપાસો. બાળપણમાં તમને મૂકી વયા આવ્યા. એવા એ અલમસ્ત જાતિ છે. આ તો કોણ જાણે જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ ને દાદા ખાચરને વશ થઈ જેમ કહે તેમ કરે છે. માટે હવે અમારું કાંઈ માનશે નહિ.


अमारिज्यां
सुधिकरामतचालित्यांसुधिकरिचुक्या हवेअमारुंकशुंचालसेनहिं
अमेएभगवानसारुमुंडाव्युंछे कांईतमारासारुमुंडाव्युंनथि माटेएजेम
केहेसेतेमकरशुं पछेएमकयुंतोपणमान्यानहिंतोपणचालिनिकल्या

અમારી જ્યાં સુધી કરામત ચાલી ત્યાં સુધી કરી ચૂક્યા. હવે અમારું કશું ચાલશે નહિ. અમે એ ભગવાન સારુ મુંડાવ્યું છે. કાંઈ તમારા સારુ મુંડાવ્યું નથી ! માટે એ જેમ કહેશે તેમ કરશું." પછી એમ કહ્યું તોપણ માન્યા નહિ તોપણ(અને) ચાલી નીકળ્યા.

પછી જ્યાં આઘેરાક ચાલ્યા, તે જગ્યાએ આકાશવાણી થઈ, 'એ તમારા ભાઈ નથી, એ જગતકર્તા પરમેશ્વર છે. માટે જેમ કહે તેમ કરો.' તે સાંભળી રામપ્રતાપભાઈ ઘણો પસ્તાવો કરી પાછા વળ્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજ પાસે આવીને સર્વ વૃત્તાંત કહ્યું. ત્યાં તો મહારાજ કહે જે, "એ ભાઈ ચાલ્યા આવે." એમ કહી મહારાજ હસ્યા. ત્યાં તો ભાઈ આવ્યા અને પાધરા જ વેલમાં બેઠા. અને પછી મહારાજ ભેગા પાછા આવ્યા.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે રાધાબાગમાં આવ્યા. ત્યાં લાડુબાઈએ બિરંજની રસોઈ કરી હતી તે જમ્યા. પરમહંસ તથા સર્વેને જમાડ્યા અને પછી સાંજ સુધી ત્યાં રહ્યા. સાંજે પાછા ઘેલા ધાધલના ફળિયે આવ્યા. પછી મહારાજ કહે જે, "ભાઈ, તમે તમારા સ્વરૂપને જુવો." પછી પોતે પોતાનું સ્વરૂપ જોયું. પછી શેષજીરૂપે દેખાણું તે જોઈ આનંદ પામ્યા. પછી સર્વ મોહનો ત્યાગ કરી દરબારમાં પધાર્યા. એવી રીતે મહા મોટું અદ્‌ભુત ચરિત્ર તે જગ્યાએ કર્યું છે. તે દિશમાત્ર લખ્યું છે. ॥૧૭૫॥

મહારાજે ઉગમણા બારની ઓસરીએ વસંતપંચમીનો મોટો સમૈયો કર્યો. તે

ચરિત્ર નં.૧૭૬

મહારાજે ઘેલા ધાધલને ઘેર વસંતોત્સવ કર્યો.

ગઢપુરમાં એક વખત વસંતપંચમી આવી એટલે ચોથને દિવસે દાદા ખાચરના મામી જાલુબાઈએ પોતાના પતિ ઘેલા ધાધલને કહ્યું કે, "આવતી કાલે વસંતપંચમી છે અને આપણે મહારાજને પધરાવવાનું નોતરું આપ્યું છે. માટે મહારાજ તથા પરમંહસ તથા સમૈયા ઉપર આવેલા તમામ હરિભક્તને જમાડવા છે. અને આપણે ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કરી રંગ ઉડાડે એવી મહારાજને વિનંતી કરો." પછી ઘેલા ધાધલે કહ્યું કે, "સારું." પછી સાંજ વખતે દરબારમાં જઈ મહારાજને વિનંતી કરી. તે વાત મહારાજે કબૂલ કરી.

અને બીજે દિવસ વસંતપંચમીનો ઉત્સવ કરવા સંતોને સાથે લઈ મહારાજ ઘેલા ધાધલને ઘેર ગયા. તે વખતે ઘેલા ધાધલને ત્યાં સુરતનો સંઘ ઊતર્યો હતો અને ભેળા સત્સંગી કંદોઈ આવ્યા હતા. તેની પાસે બરફી કરાવી અને ભજિયાં વિગેરે સામાન કરાવ્યો. અને સાંખ્યજોગી ડોશીયો લાડુબાઈ, રાજબાઈ, જીવુબાઈ વિગેરેને બોલાવી મહારાજનો થાળ કરાવ્યો.

અને સવારના પહોરમાં મહારાજ ઘેલા ધાધલને ત્યાં લિંબડા હેઠળ ઢોલિયો નંખાવી બિરાજમાન થયા. ને ભાવસારોને ત્યાંથી ચરુ મંગાવી રંગ ઉકળાવ્યો. તેમાં સોળ રંગાડાં રંગ ઉકાળ્યો હતો. તેમાં આઠ રંગાડાં સાધુને તથા આઠ રંગાડાં પોતે રાખ્યો. અને તે સિવાય બીજાં કડાયાં મંગાવી પતંગ તથા કેસુડાં, કેસર વિગેરેનો રંગ કરાવવાની આજ્ઞા આપી. તે વખત મહારાજે પાંચ વસ્ત્ર શ્વેત પહેર્યાં હતાં.

પછી મહારાજે રંગે રમવા બે જૂથ કર્યાં. તેમાં એક કોર ગૃહસ્થ ને પાળા એ મહારાજની તરફ અને બીજી તરફ સાધુ તથા બ્રહ્મચારી, સંન્યાસી ને એકડમલ, એમ બે તડા કર્યા. અને પછી ઉગમણા બારના ઓરડાએ રંગોળીઓ પૂરી વસંતનો કળશ સ્થાપી વસંતની પૂજા કરી. ને પછી મહારાજે ઉત્તમરાજા, માંચો ભગત, જીણોભાઈ, પૂંજોજી, વસ્તો ખાચર, સુરો ખાચર, સોમલો ખાચર, માતરો ધાધલ, અલૈયો ખાચર, નાગમાલો, કુરજી ઠક્કર, લાધો ઠક્કર, ઘેલો ધાધલ, બે રાઠોડ, નાનભગત, નાજો જોગિયો, જીવો ખાચર સારંગપુરવાળા વિગેરે તમામ હરિભક્ત; મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શામળિયા ચૈતન્યાનંદસ્વામી, ગોપાળસ્વામી, શુકસ્વામી, ભાઈઆત્માનંદસ્વામી, ભાઈસૌમ્યપ્રકાશાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, અદ્‌ભુતાનંદસ્વામી, અક્ષરાનંદસ્વામી, સર્વનિવાસાનંદસ્વામી, તદ્રુપાનંદસ્વામી, દેવાનંદ સ્વામી, કૃપાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, વિરક્તાનંદસ્વામી, પરમાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, જોગાનંદસ્વામી, નરસિંહાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, સેવાનંદસ્વામી, નાના આત્માનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી વિગેરે પાંચશે પરમંહસો;

મુંકુંદ બ્રહ્મચારી, જેરામ બ્રહ્મચારી, વાસુદેવ બ્રહ્મચારી, આનંદ બ્રહ્મચારી, વૈકુંઠ બ્રહ્મચારી, ગોવિંદ બ્રહ્મચારી, અખંડાનંદ બ્રહ્મચારી વિગેરે બ્રહ્મચારી, સંન્યાસી દેવાનંદસ્વામી, પદ્મનાભાનંદસ્વામી વિગેરે સંન્યાસી, પરવતિયા વિગેરે એકડમલ; એ તમામના બે તડા થયા. અને ભગુજી, રતનજી, મિયાંજી, ગુમાનજી, ધનાભગત, અલૈયાભગત વિગેરે પાળા મહારાજને પડખે ઢાલો લઈને ઊભા રહેતા હતા. મધ્ય સ્થળે એક પાટ મૂકી તે ઉપર નારણજી સુથારને ઊભા રાખી માથે વસંતનો કળશ મૂક્યો.

※ રંગોત્સવમાં અવતારો, મુક્તો તથા દેવો રમવા-જમવા આવ્યા :



અને પછી સામસામી પિચકારીએ કરી રંગ ઉડાડવા માંડ્યો. તે વખત આકાશને વિશે અક્ષરના મુક્ત તથા નિરન્નમુક્ત ને વૈરાટાદિક મોટા મોટા દેવો ને ઈશ્વરો જોવામાં આવ્યા. પછી દેવોએ મહારાજની તરફ પ્રવેશ કર્યો અને નિરન્નમુક્તોએ તે સાધુની તરફ પ્રવેશ કર્યો. તે વખત મહામોટો રંગડો જામ્યો. અને સર્વેને ઘણું આશ્ચર્યકારક જણાણું. ને ખૂબ રંગની ઝડી લાગી. મહારાજની મૂર્તિ રંગ ને ગુલાલને વિશે ગરકાવ થઈ જઈને હાથની ખૂબ લટક કરી પિચકારીયો નાંખવા માંડી. તે વખતે મહાસુંદર મનોહર મૂર્તિ એવી શોભતી કે, તેની ઉપમા કોઈને દઈ શકાય નહિ.

ઉત્તમરાજા તથા ઝીણોભાઈ મહારાજની સામે આવતી પિચકારીયોના આડા ઢાલ લઈ ઘાવ લેવા લાગ્યા. તે વખતે નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી બંને આગળ થઈ અને પાટ ઉપર

નારણજીભાઈ સુતાર ઊભા હતા તેને માથેથી જોર કરીને કળશ લઈ લીધો. પછી સર્વ પરમહંસે મહારાજને વીંટી લીધા. તે વખતે મુક્તો તથા દેવતાઓનાં સ્વરૂપ કળાઈ ગયાં. અને એક મહામોટો અવાજ થયો. ઉત્તમરાજા તથા ઝીણાભાઈ વિગેરે સર્વે પાર્ષદોએ સંતો આદિકને રોકવાની ઘણી મહેનત કરી પણ કોઈ કામ આવી નહિ.


પછી મહારાજે લિંબડા ઉપર ચડવાનું કર્યું પણ સાધુએ ચડવા દીધા નહિ. વીજળીના ઝબકારાની માફક મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઠેકીને ચડી ગયા. ત્યાં મુકુંદ બ્રહ્મચારી, નિત્યાનંદ સ્વામી, ગોપાળસ્વામી ને શુકસ્વામીએ મહારાજને ઝાલી લીધા. ને બ્રહ્મચારીએ કેડમાં પકડી મહારાજને ઢોલિયા ઉપર બેસાડ્યા. પછી મહારાજે પાઘ હતી તે ગોપાળસ્વામીને આપી અને પાસે રાખવાનું શેલું શુકસ્વામીને આપ્યું અને અંગરખું મુકુંદ બ્રહ્મચારીને આપ્યું ને કેડે બાંધવાનું ધોતિયું નિત્યાનંદસ્વામીને આપ્યું ને સુરવાળ ઉપર પેરવાની પછેડી સર્વ સંતને આપી અને બીજું એક સુંદર પોતિયું પેરી સુરવાળ બ્રહ્માનંદસ્વામીને આપ્યો.

પછી વજકછોટો વાળી પ્રથમ ધરમકુળને મળ્યા. પછી પરમંહસ, બ્રહ્મચારી, સંન્યાસી, સાધુ, પાળા, એકડમલ ને હરિભક્ત એ તમામને મળ્યા. પછી પાટ ઉપર ઢોલિયો નંખાવી એ સર્વેને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. અને સર્વેને નાવાની આજ્ઞા કરી. અને પંડે મહારાજ એ કૂવાની કૂંડીમાં બેસીને નાહ્યા. તે વખતે સર્વ અંગ ચોળી ઘેલા ધાધલે નવરાવ્યા. પછી ઉત્તમરાજાને કૂંડીમાં બેસાડી મહારાજે માથે પાણી રેડ્યું. તે પણ નાહ્યા. તે વખત આકાશને વિશે મહામોટો શબ્દ થયો ને ચંદનનો વરસાદ થયો, તે સર્વેએ જોયો.

પછી ઉગમણા બારના ઓરડાની ઓસરીએ બાજોઠ નાખીને તે ઉપર રેશમનો ચાકળો નાખી એક બાજોઠ આગળ મૂકી બ્રહ્મચારીએ

જમવાનો સરંજામ તૈયાર કર્યો. અને પછી મહારાજને જમવા બોલાવ્યા. મહારાજ ચાખડીએ ચઢી ઉત્તમરાજા સહિત જમવા પધાર્યા. પછી ડાબા પગની પલોંઠી વાળી જમણો પગ ઊભો રાખી, તે ઉપર જમણો હાથ મૂકી આચમન કર્યું. પછી લાડુબાઈએ મહારાજ આગળ થાળ મૂક્યો. પછી મહારાજ જમતા જાય, જળ પીતા જાય ને પેટ ઉપર ડાબા હાથને ફેરવતા જાય અને ઉત્તમરાજાને પ્રસાદી આપતા જાય; એમ આનંદથી જમ્યા. તે વખત જીવુબાઈ તથા લાડુબાઈ તથા રાજબાઈ કહે જે, "મહારાજ ! આજ ભારે સમૈયો થયો અને અમારા જોવામાં કેટલાક મુક્ત તથા કેટલાક દેવતાઓ આવ્યા."

પછી મહારાજે ચપટી વજાડી એમ કહ્યું જે, "તમારા હાથની કરેલ રસોઈ અને અમારી જમેલી પ્રસાદી લેવા સારુ મુક્ત તથા દેવતાઓ જુવો આ ઊભા છે. માટે આ પ્રસાદીનો થાળ પરમહંસો તથા હરિભક્તોને જમ્યાની રસોઈમાં આપો."


पछे
तमामसांख्यजोगिडोशियोयेआकाशमांजोयुंतथामुक्तोतथादेवताओ
तथाभगवाननाअवतारोजोवामांआव्या तेमजउत्तमराजातथामुकंद
ब्रह्मचारिनाजोवामांपणआव्यातेतेजोइघणाआनंदपाम्या

પછે તમામ સાંખ્યજોગી ડોશીઓએ આકાશમાં જોયું (ત્યારે) મુક્તો તથા દેવતાઓ તથા ભગવાનના અવતારો જોવામાં આવ્યા. તેમજ ઉત્તમરાજા તથા મુકુંદ બ્રહ્મચારીના જોવામાં પણ આવ્યા. તે તે જોઈ ઘણા આનંદ પામ્યા.

પછી મહારાજ કહે જે, "જે વખત પરમહંસ તથા હરિભક્ત જમવા બેસશે, તે વખત આ મુક્ત તથા દેવતા પ્રસાદ લેવા તેમની ભેળા બેસી જમશે." પછી મહારાજ કહે જે, "ઘેલા ધાધલને જેવો સંકલ્પ હતો,

તેવું આજ સઘળું થયું. આજ તો અમે પંડે પીરસશું." પછી મહારાજે જમવાની પંગતીની આજ્ઞા કરી તે પરમહંસ વિગેરે તમામની પંગતી બેઠી. તે વખત મહારાજે પંડે પીરસી જમાડ્યું.

પછી પરમહંસોમાં એક પરમહંસ ને એક મુક્ત એમ દેખવામાં આવ્યું અને ગૃહસ્થોમાં તથા મહામુક્ત પાર્ષદોમાં દેવતાઓ જોવામાં આવ્યા. અને વૈરાટાદિક ઈશ્વર તથા અવતારો એ ધરમકુળના ચોકામાં દેખવામાં આવ્યા. તે વખત ગુંદાળાના કાઠી મુળુ ખાચર ઘેલા ધાધલને ત્યાં મહેમાન થયા હતા. તેણે આ આશ્ચર્ય જોઈ સર્વ અભિમાનનો ત્યાગ કરી 'આ મહારાજ સાક્ષાત્ ભગવાન છે,' આવો નિશ્ચય કર્યો. અને મહારાજને ચરણે થઈ વર્તમાન લઈ સત્સંગી થયા.

પછી સુરતનો સંઘ મહારાજે જમાડ્યો. પછી મહારાજ ઓટા ઉપર ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી એક મહાસુંદર કપિલા ગાય મહારાજને અર્પણ કરી. ને પાંચ વસ્ત્ર મહારાજને પેરાવ્યાં ને માણશિયા ધાધલ તથા દેવુબાઈ તથા જેઠીબાઈ ને ગનુબાઈ એ ચારે છોકરાને લઈ મહારાજ પાસે આવી પગે લગાડ્યાં. અને ચારેય છોકરાને છાતીમાં ચરણારવિંદ આપી માથા ઉપર મહારાજે હાથ મૂક્યો. પછી પંખાળી ટારડી ઘોડી ઉપર બેસી મહારાજ દરબારમાં પધાર્યા. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કરેલ છે, તે દિશમાત્ર લખ્યું છે. ॥૧૭૬॥

જ્યારે પરદેશના સંઘ આવતા ત્યારે ત્યાં જ ઉતારો કરાવતા. તે વખતે મહારાજને ત્યાં પધરાવતા. તે મહા રમણરેતી છે. ત્યાંનું

ચરિત્ર નં.૧૭૭

મહારાજે ઘેલા ધાધલની વિશેષતા અને મહાનતા કહી.

ગઢપુરમાં જ્યારે જ્યારે પરદેશના સંઘ આવતા ત્યારે તે સંઘને ઘેલા ધાધલને ત્યાં મહારાજ ઉતારો કરાવતા. તે સંઘના માણસો તે વખતે મહારાજને ત્યાં પધરાવતા. જેથી તે રમણરેતી સમાન છે. સોળ વરસ એટલે ૭૦ની સાલથી ૮૬ની સાલ સુધી વડોદરા, ખાનદેશ, ચરોતર, ગુજરાત, સુરત જિલ્લો, માલવાણ, મેવાડ ને કાઠિયાવાડ વિગેરેના હજારો સંઘોને ઘેલા ધાધલને ત્યાં ઉતારો કરાવતા. અને ત્યાં મહારાજ હજારો વખત પધારેલા છે અને હજારો વખત પધરામણી કરાવેલ છે. જેવી રીતે બ્રહ્મચારીઓમાં મુકુંદબ્રહ્મચારી મહારાજના અનન્ય શિષ્ય, તેવા જ ઘેલો ધાધલ પણ મહારાજના અનન્ય શિષ્ય હતા.

એક વખત મહારાજ ઘેલા ધાધલને ત્યાં સવારના પહોરમાં પધાર્યા હતા. અને ગાડા ઉપર ઢોલિયો નંખાવી તે ઉપર બિરાજમાન થયા હતા. પછી મહારાજ કહે જે, “અમને ભૂખ લાગી છે.” પછી સાકરનું બૂરું ને માખણ એ બે વાનાં લાવી ઘેલા ધાધલે મહારાજ આગળ મૂક્યાં. તે મહારાજ જમ્યા. અને પ્રસાદી ઉત્તમરાજા તથા ઘેલા ધાધલને આપી. અને પછી મહારાજ એમ બોલ્યા જે, **“એક સો ભિષ્મ જેવા નૈષ્ઠિક છે અને એક સો ભીમ ભેળા થાય તેવા આ ઘેલા ધાધલ શૂરવીર છે. અને જેવા વચન પાળવામાં અર્જુન દૃઢ હતા તેવા આ અમારાં વચન પાળવાવાળા છે. અને જેમ મુળજી બ્રહ્મચારીને જેટલી આજ્ઞા કરીએ તેટલી સેવા કરે છે, તેમ આ સેવા કરે છે. માટે ઘેલા ધાધલ આજે જે માગે તે મારે આપવું છે.”**

પછી ઘેલા ધાધલને મહારાજ કહે જે, "માગો." ત્યારે તે કહે જે, **"તમારાં ચરણારવિંદ વિના એક ક્ષણ ન રહેવાય એ માગું છું."** પછી ઘેલા ધાધલનાં પત્ની જાલુબાઈ કહે જે, "હે મહારાજ ! એમને એકલાને જ આપો અને અમારી શી ગુનેગારી ?"

પછી મહારાજ કહે જે, "તમે પણ માગો." પછી કહે જે, **"રાજબાઈ, લાડુબાઈ ને જીવુબાઈ એ જ્યાં હોય ત્યાં હું રહું ને એમની સેવા કરું. એમ માગું છું."** પછી મહારાજ કહે જે, "તેમ થશે." પછી મહારાજ એમ બોલ્યા જે, "આવા ભક્ત સત્સંગમાં થોડા જ છે. આ જગ્યામાં જે રહે તે અને આ જગ્યા બંને પરમ પવિત્ર છે." એમ કહી ઉત્તમરાજાનો ખભો થાબડી કહે જે, "જેવો તમારો દરબાર છે તેવો જ આ મામાનો દરબાર છે. અને આ જગ્યાએ મહા રમણીક દરબાર થશે." એમ મહારાજે શ્રીમુખે કહ્યું. આ વાત ઘેલા ધાધલ પંડની પાસેથી સાંભળી છે તે મેં લખી છે. ॥૧૭૭॥

ઘેલા ધાધલના ઓરડાની વાંસે આસુબાના ઓરડા કહેવાતા, તે જગ્યાએ મહારાજના સાધુ-પાળાનું રસોડું થાતું. તે જગ્યાએ મહારાજે અદ્‌ભુત ચરિત્ર કરેલું છે. તે

ચરિત્ર નં.૧૭૮

પ્રેમી આસુબાનું રૂપ લઈ મહારાજે પાળા જમાડ્યા.

ઘેલા ધાધલના ખોરડાની વાંસે હાલ જે અમરા ખાચરે નવો દરબારગઢ કર્યો છે, તે જગ્યામાં આથમણી તરફ આસુબા એવે નામે કરીને સાંખ્યજોગી ડોશી હતાં. અને તે તેનાં ખોરડાં કહેવાતાં. તે જગ્યાએ મહારાજના સાધુ-પાળાનું રસોડું થાતું. તે જગ્યાએ મહારાજ ઘણી વખત રહેલ છે. ને તે જગ્યાએ મહારાજે અદ્‌ભુત ચરિત્ર કરેલાં છે.

એક વખત પાળાએ રાવ કરી કે, "અમારે બીડમાં મહેનત કરવા જવું અને આસુબા રસોડામાં બરાબર હાજર રહેતાં નથી. તેથી નક્કી થયેલ વખતે રોટલા મળતા નથી." પછી મહારાજ કહે જે, "મધ્યાહ્ને તમોને રોટલા આસુબા આપશે. અને જો મધ્યાહ્ને રોટલા ન આપે તો તેને ઉપવાસ કરવો." પછી એક વખત એમ બન્યું કે તે દિવસ અખાત્રીજનો દિવસ હતો. અને મહારાજે તે દિવસ સમૈયો કરેલ હતો. ત્યાં આસુબા દર્શને ગયાં. અને મહારાજનાં નીરખીને દર્શન કરતાં સમયની ખબર ન રહી. પછી તે વખતે એમ સાંભર્યું કે, 'પાર્ષદો માટે ગળમાણું(શેકેલા લોટમાં નાખેલું ગોળનું પાણી) તો મેં કર્યું છે, પણ રોટલા કર્યા નથી. માટે મહારાજનાં વચનની ગુનેગાર થઈ.' એમ વિચાર કરી ઉતાવળાં જ્યાં પોતાને ખોરડે આવે છે, ત્યાં પાળા જમીને સામા મળ્યા.

પછી આસુબાએ જમવાનું પૂછ્યું. ત્યારે ભગુજી બોલ્યા કે, "આ એક આસુબા આપણને પીરસતી અને ત્યાં બેઠી છે. અને આ બીજી ક્યાંથી આવી ? ને આ સામે મળી ?" ત્યારે આસુબા કહે જે, "દીકરાઓ ! તમારા માટે રોટલા ઘડવાના બાકી છે, જેથી હું આજ તમારા ગુનામાં આવી છું ને મહારાજનું વચન લોપ્યું છે. મહારાજનાં દર્શન બહુ સારાં થતાં હતાં. તેથી મૂર્તિમાં મારું મન ખેંચાયું, તેથી રોટલા ઘડવાનું હું ભૂલી ગઈ."

ત્યારે ભગુજી તથા અલૈયાભગત વિગેરે કહે જે, "માતાજી, તમે આ બસે માણસને તમારા હાથે જમાડ્યા, તે આ ઘડિયે અમે નજરે ભાળ્યું." પછી આસુબા કહે જે, "દીકરા થઈ માની શું ઠેકડી કરો છો ?" ત્યારે કહે જે, "માતાજી, અમે ઠેકડી કરતા નથી, પણ મહારાજની સાક્ષીએ આ વાત ખરી કહીએ છીએ." પછી વિસ્મય પામી પાળાઓ તથા આસુબા તેમને ઘેર ગયાં. અને જ્યાં જુવે ત્યાં

ચૂલો પણ ઓલાઈ ગયેલ છે ને કોઈને ભાળ્યા નહિ. તે જોઈને બધાયને મોટો વિસ્મય થઈ ગયો. એવી રીતે એ જગ્યાએ મહારાજે અદ્‌ભુત પરચો બતાવ્યો.

❋ આસુબાને ઘેર ભોજન, પૂજન તથા મલ્લક્રીડા :

બીજે દિવસે આસુબાએ પરમહંસ સહિત મહારાજને દૂધપાકની રસોઈ આપી જમાડ્યા. અને પરમહંસોને તથા મહારાજને વસ્ત્ર પેરાવ્યાં અને મહારાજ સારુ કિનખાપની ડગલી કરાવી હતી તે પેરાવી.

પછી મહારાજ સારુ ગાડું મંગાવી તેના ઉપર ઢોલિયો નંખાવ્યો અને તે ઉપર ગાદીતકિયો બિછાવી મહારાજ વિરાજમાન થયા. તે વખત ગંગારામ મલ્લ તથા વાલજી મલ્લ મહારાજને દર્શને આવ્યા હતા. તેને મલ્લક્રીડા કરવાની મહારાજે આજ્ઞા કરી એટલે મલ્લકુસ્તી કરીને લડ્યા. અને ગંગારામ મલ્લને મહારાજે કિનખાપની ડગલી આપી અને વાલજી મલ્લને બુરાનપુરી રેંટો પોતાને માથે બાંધ્યો હતો, તે આપ્યો. એવી રીતે મહારાજે મહામોટું અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. તે દિશમાત્ર લખ્યું છે. ॥૧૭૮॥

મહારાજ તે જગ્યામાં ઓતરાદા બારના દેવુબાઈનાં ખોરડાંમાં પંદર દિવસ સુધી રહેલ છે. આ જગ્યા અમરા ખાચરના નવા દરબારમાં આવી ગયેલ છે. ત્યાંનું

ચરિત્ર નં.૧૭૯

પંદર દિવસ દેવુબાઈનો થાળ ને તેના પિતાનો મોક્ષ

કરિયાણાવાળાં મીણબાઈનાં સગાં દેવુબાઈને ઘેલા ધાધલના ખોરડાથી આથમણી કોર તે જગ્યામાં મહારાજે ઓત્રાદા બારનાં ખોરડાં કરાવી આપ્યાં. અને એ દેવુબાઈ તથા તેમની મા બેય સાંખ્યજોગી ડોશીઓ હતાં. તે જગ્યાએ મહારાજ પંદર દિવસ સુધી રહ્યા હતા.

એક વખત એ દેવુબાઈએ મહારાજને પોતાને ઘેર પધરાવ્યા અને સાડા સાતસે રૂપિયાનું સોનાનું સાંકળું મહારાજ પાસે મૂક્યું. પછી મહારાજ હસ્યા અને કહે જે, "આ માલને શું કરવો છે ?" પછી કહે જે, "મહારાજ, મારા બાપ લોભી હતા. તેણે આટલી મૂડી કરેલી છે, માટે તેનું જેમ શ્રેય થાય તેમ કરો." પછી મહારાજ કહે જે, "આ વખત શિયાળાની મોસમ છે, માટે પંદર દિવસ સુધી રીંગણાનું શાક ઘીમાં કરી સાધુઓને જમાડીએ તો તમારા પિતાનો મોક્ષ થાશે."

એ વખત સુરો ખાચર હસીને કહે જે, "એના બાપનો મોક્ષ થાતાં એ નજરે દેખશે ?" તેટલામાં સુરા ખાચરની નજરે એ દેવુબાઈનો પિતા જોવામાં આવ્યો અને એ દેવુબાઈની મા આંધળી હતી, તેના દેખવામાં પણ આવ્યું અને તે ચતુર્ભુજ થઈ વૈકુંઠમાં ગયો. પછી મહારાજ સુરા ખાચરને કહે, "તારી ઠેકડી ફળી કે કેમ ?" પછી સુરાભગતે ઊભા થઈ નૃત્ય કરી મહારાજને ઘણા ખુશ કર્યા.

પછી દેવુબાઈ તથા તેની ડોશીને આજ્ઞા કરી કે, "પંદર દિવસ સુધી તમે રાજબાઈ, લાડુબાઈ ને મોટીબા પાસે રહો. અમારે આ

જગ્યાએ નિત્યાનંદસ્વામી પાસે મોક્ષધર્મની કથા વંચાવવી છે.” પછી પંદર દિવસ સુધી મહારાજે ત્યાં રહી મોક્ષધર્મની કથા વંચાવી. અને પંદર દિવસ સુધી ઘીમાં વૈંતાકનું શાક કરી અને બીજી રસોઈ બનાવી હોય તે મહારાજ પંડે જમી પરમહંસો વિગેરે તમામ હરિજનોને હાથે જમાડતા.

પંદરમે દિવસે પૂનમ હતી, તે પૂનમને દિવસે મીણબાઈએ સાત વાનાંની સુખડીની રસોઈ આપી અને મહારાજને સાતસે રૂપિયાની સોનાની સાંકળી પેરાવી. પછી સાતસે રૂપિયાની સાંકળી મહારાજે હરજી ઠક્કરને આપીને કહ્યું જે, “આનું નિત્યાનંદસ્વામીને પુસ્તક(પાનાં) લઈ આપો.” એમ કહી મહારાજ નિત્યાનંદસ્વામીને મળ્યા. ને સર્વે પરમહંસને મળીને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં ને દરબારમાં પધાર્યા. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. આ જગ્યા અમરા ખાચરના નવા દરબારમાં આવી ગયેલ છે. ॥૧૭૯॥

ઘેલા ધાધલનાં ખોરડાંથી ઓત્રાદી કોર મોટા રાઠોડ ધાધલ સારંગપુરવાળા તથા નાના રાઠોડ કરીને રહેતા. ત્યાંનું

ચરિત્ર નં.૧૮૦

રાઠોડ ધાધલના ઘેર ભણનારા સંતોની પરીક્ષા લીધી.

દાદા ખાચરના મામા ઘેલા ધાધલ ગઢપુરમાં રહેતા. તેના ખોરડાથી ઓત્રાદી કોર મોટા રાઠોડ ધાધલ સારંગપુરવાળા તથા નાના રાઠોડ કરીને રહેતા. એ ખોરડાં મહારાજે પોતે ચિંધી કરાવી આપ્યાં હતાં. પ્રથમ એ ખોરડાંમાં ત્રણ મહિના સુધી ભણનારા સાધુઓને ઉતારો આપ્યો હતો. અને સાંજ વખતે મહારાજ તે જગ્યાએ આંબલી છે, તે જગ્યાએ ઢોલિયો

ઢળાવી તે ઉપર રોજ બેસતા. ને ભગવદાનંદસ્વામી, જોગાનંદસ્વામી વગેરે તમામ ભણનારાની સામસામી પરીક્ષા લેતા હતા. એવી રીતે ત્રણ માસ સુધી ત્યાં મહારાજ લાગટ બેઠેલા છે. તેથી આ ખોરડાં ઘણાં પ્રસાદીનાં છે. એક વખત ભણનારા સંતો ઉપર મહારાજે પ્રસન્ન થઈ ચરણારવિંદ આપ્યાં હતાં. એવી રીતે તે જગ્યાએ ઘણાં અદ્‌ભુત ચરિત્ર કર્યાં છે. ॥૧૮૦॥



રાઠોડ ધાધલના ફળિયામાં આવેલ આંબલી

તેનાં ખોરડાં ઓતરાદા બારનાં હતાં. ત્યાં મહારાજે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિની કથા બે માસ સુધી કરાવી હતી. તે

ચરિત્ર નં.૧૮૧

મહારાજે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિની કથા સાંભળી.

ગઢપુરમાં રાઠોડ ધાધલનાં ખોરડાં ઓત્રાદા બારનાં હતાં. ત્યાં મહારાજે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિની કથા બે માસ સુધી કરાવી હતી અને પ્રેમથી સાંભળી. અને ત્યાં રોજ ત્રણ વખત મહારાજ જમતા. ને ત્યાં રહી કાઠીઓ પાસે નાના પ્રકારના વિનોદ કરાવતા. અને સાધુઓને રાતે બ્રહ્મનિરૂપણની અપાર વાતો કરતા. એવી રીતે મહારાજે ત્યાં અનેક ચરિત્ર કરેલ છે. ॥૧૮૧॥

મોટા રાઠોડ ધાધલના ખોરડાની આગળ આંબલી છે, તે હેઠે ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન થતા. ત્યાંનું

ચરિત્ર નં.૧૮૨

મહારાજે દાદા ખાચર વગેરેને પટો ખેલતા શીખવ્યું.

મોટા રાઠોડ ધાધલના ખોરડાની આગળ આંબલી છે, તે હેઠળ ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન થતા. અને ત્યાં ઉત્તમરાજા વિગેરેને પાસે રાખીને મહારાજ પટો ખેલવવાની વિદ્યા શીખવતા હતા. અને પછી એક દિવસ ઉત્તમરાજાને પટો ખેલાવી મહારાજે કિનખાબની ડગલી, સુરવાળ, અંગરખું, માથે બાંધવાનું, કેડે બાંધવાનું એ રીતે પાંચ વસ્ત્રો આપ્યાં. એ સિવાય બીજા દશ જણને દશ રૂપિયાનાં ધોતિયાં બંધાવ્યાં. એ પ્રમાણે ચરિત્ર કર્યું છે. તે દિવસે મોટા રાઠોડ ધાધલે મહારાજને તથા પરમહંસોને રસોઈ આપી જમાડ્યા. ॥૧૮૨॥

(નાના રાઠોડ ધાધલના ખોરડે મહારાજ પધાર્યા હતા.) આ જગ્યા પણ અમરા ખાચરના નવા દરબારમાં છે. ત્યાંનું

ચરિત્ર નં.૧૮૩

નાના રાઠોડ ધાધલની નિર્વાસનિકતા અને કાળથી રક્ષા

એક વખત નાનો રાઠોડ ધાધલ માંદો થયો. તેને અંતકાળ વખત આવ્યો. તે વખતે મહારાજને બોલાવ્યા. ને મહારાજ જોઈ કહે જે, "એનો જીવ નિર્વાસનિક એવો થયો છે કે, જો આ વખતે એનો દેહ છૂટી જાય તો તરત મુક્તદશાને પામે." તે સાંભળી દેવુબાઈએ ઘણો કકળાટ કર્યો કે, "હે મહારાજ ! હમણાં એને તમે પરણાવ્યા છે." પછી મહારાજ કહે જે, "સંબંધીની લાળ બહુ ભૂંડી છે." એમ કહી એક અદ્‌ભુત વાત સંતો પાસે કરવા માંડી.

પછી મહારાજ કહે કે, **"એક તપે કરી આ જીવની વાસના તૂટે છે અને બીજું દેહને વિશે ઘણી પીડાએ કરીને વાસના તૂટે છે. તપે કરીને જે વાસના તોડવી એ ઘણા કાળની વાત છે અને દેહમાં પીડા પામવે કરીને જે વાસના તોડવી તે તત્કાળ તૂટી જાય છે.** અને અંતકાળ વખતે જેને વાસના તૂટી તે નિરન્નમુક્ત થાય છે. તેને દેહના સંબંધીને વિશે વાસના રહેતી નથી. માટે આના ઉપર પરમેશ્વરની મોટી કૃપા થઈ છે, તેથી આની વાસના તૂટી ગઈ છે. અને અમારી માણકી ઘોડીની એમણે ઘણી સેવા કરી છે, તેનું ફળ તેને અત્યારે પ્રાપ્ત થયું છે. માટે આ વખતે જો એનો દેહ છૂટે તો મુક્તદશાને પામે એમાં કાંઈ સંશય નથી."

પછી મહારાજે નાના રાઠોડ સામું જોઈને હાકલ મારી એટલે તેની મૂર્છા ઊતરી ગઈ અને નાડિયું પાછી વહેવા માંડી. અને તેણે 'મારો મારો' એમ બોલવા માંડ્યું. પછી મહારાજ કહે જે, "તને શું ભળાય છે ?" ત્યારે તે કહે જે, "આ હજાર માથાંવાળો મહાકાળ તમારા

નેત્રની દૃષ્ટિએ કરીને થરથર ધ્રૂજે છે. અને આ ભાગ્યો જાય છે. તે હું દેખું છું." એમ કહી મહારાજને પગે લાગ્યા. પછી મહારાજે એના ઉપર પ્રસન્ન થઈ માથે હાથ મૂક્યો ને તૂટેલ આવરદા સાંધીને વધારે આવરદા આપી. એવી રીતે આ જગ્યાએ એક મહામોટું ચરિત્ર કર્યું.

તે વખતે મહારાજે પહેરેલો પોતાનો પોશાક મોટા રાઠોડ ધાધલ સારંગપુરવાળાને આપ્યો. અને ઉત્તમરાજા પાસે એક સારી ઘોડી અપાવી. અને કહ્યું જે, "આ ઘેલા ધાધલ જેવા આ રાઠોડ ધાધલ છે. અને મહામોટા ઋષિના જેવી એની સ્થિતિ છે." એમ કહી મહારાજ મળ્યા. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. આ જગ્યા પણ અમરા ખાચરના નવા દરબારમાં છે. ॥૧૮૩॥

રાઈબાને ખોરડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૮૪

જોધા ભરવાડને જીવાડ્યો અને કાળને પાછો કાઢ્યો.

એક વખત ગઢપુરમાં જે જગ્યાએ રાઈબાઈનાં ખોરડાં છે, તે જગ્યાએ મહારાજ પધાર્યા હતા. તે જગ્યાએ વંડો હતો ને ત્યાં ભેંસો રહેતી હતી. જોધો ભરવાડ મહારાજનો પરમ ભક્ત હતો. તે સર્વ કુટુંબનો ત્યાગ કરી મહારાજની સેવા કરવા સારુ ભેંસો ચારવા ત્યાં વંડામાં રહેતો હતો.

એક વખત તે માંદો થયો ને ગોવિંદ બાબરને કહે જે, "મારો અંતકાળ સમય (નજીક) આવ્યો છે. માટે મહારાજ મને દર્શન દેવા આવે તો સારું." પછી ગોવિંદ બાબરે મહારાજ પાસે જઈને સર્વ હકીકત કહી. તેટલામાં તે જોધા ભરવાડે કાળને ભાળ્યો. અને કહે જે, "તું કોણ છો ?" ત્યારે કાળ કહે જે, "હું તો કાળ છું. તને લેવા આવ્યો છું."

ત્યારે જોધો ભરવાડ કહે જે, "હું સ્વામિનારાયણનો ભક્ત છું. માટે તારો લીધો જાઉં નહિ. આ તો હું સ્વામિનારાયણને શરણે આવ્યો છું. તે અગાઉ હું પૂર્વાશ્રમમાં હતો. તે દિવસે નલકંઠામાં (વિસ્તારનું નામ) મારા ખેતરના કેરડાં(પાણી ભરેલા ખેતર)માં કમોદ વાવેલી હતી. તે જગ્યાએ ગાયોની ઝોક હતી. તે ઝોકમાંથી સાવજે એક ગાયને હણી.

પછી હું અને મારો ભાઈ બંને ગાયનું રક્ષણ કરવા સારુ લાકડીઓ લઈને તે સાવજની વાંસે દોડ્યા. તે સાવજ કેરડામાં પડ્યો એટલે અમે પકડી લીધો. અને તેના વૃષણ દોરડે બાંધ્યા ને મોંઢે એક દોરડું બાંધી મેં એના ઉપર સવારી કરી. મારા ભાઈએ પછવાડાનું દોરડું ઝાલી રાખ્યું. તે વખત સાવજ કૂદકો મારે તે મારો ભાઈ સત્સંગી હતો તે સ્વામિનારાયણ એવો શબ્દ કહે. તે જગ્યાએ આ મનોહર મૂર્તિ સ્વામિનારાયણ દિવ્યરૂપે અમારી આગળ દેખાણા હતા. તેમનાં દર્શનથી મને આનંદ થયો ને બળ મળ્યું. તેથી મને ખુમારી ચઢી તે સાવજના માથામાં ધુંબો માર્યો એટલે સાવજને દિશા તથા લઘુ થઈ ગયું. અને પછી હું સાવજથી ઊતરી પડ્યો.

તે દિવસે મને સ્વામિનારાયણે દિવ્યરૂપે વર્તમાન ધરાવ્યાં છે. અને આ (જ) તો આંહીં સાક્ષાત્ વિરાજે છે. તે તારો શું ભાર છે ? તે તું મને મારીશ ? તારા હાથમાં કાળદંડ અને પાશ છે, તેમ મારા હાથમાં માળા અને જેષ્ટિકા(લાકડી) છે. માટે તે તારો કાળદંડ તોડી નાખીશ. આ ઘડીએ મહારાજ આવશે. તારો શો ભાર છે ?"

પછી કાળ કહે જે, "હું પણ સ્વામિનારાયણનો સેવક છું ને તેની આજ્ઞામાં હું રહું છું અને તું પણ સ્વામિનારાયણનો સેવક છે, માટે આપણે ગુરુભાઈ છીએ. તમારે જીવવું હોય તો તમે મહારાજની આજ્ઞા લો. હું મહારાજની આજ્ઞા પ્રમાણે જ કામ કરું છું. દુષ્ટજનને ભયંકરરૂપ લાગું છું. હરિજનને દેવરૂપ લાગું છું. માટે આજે તો હું

પાછો જાઈશ અને આવતી કાલે તમને લેવા આવીશ. તમે મહારાજને પૂછજો.” એમ કહી કાળ ગયો.

તેટલામાં મહારાજ પધાર્યા અને કહે જે, “કેમ જોધાભગત, શી દશા છે ?” પછી જોધાએ કાળની સર્વ હકીકત કહી. અને કહે જે, “મારે જીવવાની ઘણી લાલચ છે. હજી મારે મોક્ષમાર્ગમાં જે ખામી હોય તે તથા વાસના ટાળીને પછી મરી જાવું છે.” પછી મહારાજ કહે જે, “તું શૂરવીર થઈ મોતથી શું બીવે છે ? તારા દેહની વૃત્તિ પાછી વાળ.” એટલે જોધાભગતે વૃત્તિ પાછી વાળી. તેથી તેના દેહના તમામ અવયવ કાકવિષ્ઠા તુલ્ય ભાસ્યા અને મહાગ્લાની પામી ચીસ પાડવા લાગ્યો. અને બહાર નીકળવા માંડ્યો પણ નીકળાય નહિ.

પછી મહારાજે તેના માથે હાથ મૂક્યો. પછી બહાર નીકળ્યો. પછી મહારાજ કહે જે, “હવે જીવવું છે ?” ત્યારે તે બોલ્યો કે, “ના મહારાજ, હવે જીવવું નથી.” પછી મહારાજ કહે જે, “દેહને વિશે કેવું દુઃખ છે ?” ત્યારે તે કહે જે, “તે તો મોઢેથી વર્ણન થાય એવું નથી.”

પછી મહારાજ હસ્યા અને કહે જે, “તારે જ્યાં સુધી વાસના હોય ત્યાં સુધી જીવ.” ત્યારે તે કહે જે, “મહારાજ ! હવે મારે વાસના રહી નથી.” ત્યારે મહારાજ કહે જે, “તું ત્રીશ વરસ જીવીશ. અને અમારું વચન વૃથા થાય નહિ.” પછી જોધોભગત કહે જે, “મહારાજ, કાલે કાળ મને લેવા આવશે. તેને હું શું કહું ?” ત્યારે મહારાજ કહે જે, “તારે તેને કહેવું કે, ‘મને મહારાજે ત્રીશ વરસ જીવવાની આજ્ઞા આપી છે.”

પછી જોધાભગતે મહારાજને શ્રીકૃષ્ણ ભગવાનરૂપે જોયા અને ગોપ અને ગોપીઓ દેખી. અને વૃંદાવન અને જમુનાજીનો કાંઠો દેખ્યો. અને ત્યાં પોતે ગોપ હતો, તે પોતાનું પૂર્વજન્મનું સ્વરૂપ ભાળ્યું.

અને પછી વૃંદાવનમાં રાસમંડળ રમેલા હતા, તે બધું ભાળ્યું. અને મોઢેથી સર્વ હકીકત કહેવા માંડી. પછી મહારાજ કહે, “ચૂપ.” એટલે તે બોલતો બંધ થયો. પછી તેને પોતાની સામે મહારાજ અને સદ્‌ગુરુનાં દર્શન થયાં. પછી મહારાજ દરબારમાં પધાર્યા. બીજે દિવસે કાળ આવ્યો. તેને જોધાભગતે સર્વે હકીકત કહી. તેથી તે તેને પગે લાગીને ચાલ્યો ગયો. ને જોધો માંદો થયા પછી સારો થયો અને ત્રીશ વર્ષ જીવ્યો. એ જોધો આવી રીતે વાત કરતો. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું. ॥૧૮૪॥

નાનબાઈના વંડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૮૫

લખા, અમરશી, તેની બેન તથા પૂજને તીર્થંકરોરૂપે દર્શન

ભેંસો બાંધવાના એ વંડાથી ઉગમણો એક બીજો નાનબાઈનો વંડો કહેવાય છે. એક વખત તે વંડામાં લખો ને અમરશી એ નામે બે વાણિયા રહેતા. ત્યાં એક વખત એ અમરશી તથા લખે મહારાજને પોતાને ઘેર તેડી જઈ પરમહંસ સહિત જમાડ્યા હતા. અને મહારાજને ભાલે ચંદન ચરચ્યું પછી પુષ્પના હાર પહેરાવી, ધોળો પોશાક પહેરાવ્યો હતો.

તે વાત સાંભળીને ત્યાં એક પૂજ આવ્યો. તે મહારાજને જોઈ સ્થંભિત થયો. તે ઢુંઢિયો પૂજ હતો. તેને આવતો જોઈ સર્વ પરમહંસ તથા હરિજન તેનાથી છેટા ઊભા રહ્યા. પછી તે પૂજ અમરશી તથા લખાને કહે જે, “આપણો ધર્મ છોડી આ બીજા ધર્મમાં પેઠા, તે તમે ચોવીશે તીર્થંકરના ચોર થયા.” તેટલામાં મહારાજે ચપટી બજાવી, એટલે તેને બધા જ તીર્થંકરો મહારાજની આગળ હાથ જોડી ઊભા

હોય તેમ દેખાયું. તેથી મહારાજ જે ફળિયામાં પાટ ઉપર બેઠા હતા, તે ફરતો પૂજ તાળિયો વગાડી સ્તવન ગાવા લાગ્યો. અને તે પૂજ એક તાળી પાડે અને પચીશ તાળીનો અવાજ થાય, એવા શબ્દ સર્વેના સાંભળવામાં આવ્યા. તે વખત અમરશી, લખો અને તેની બેન કડવી એ ત્રણે બોલ્યાં કે, "ગોરજી મહારાજ તમે કહેતા જે, તમે આ અવળે રસ્તે ચડ્યા, પણ તમે કેમ ગાવા લાગ્યા ?"

ત્યારે તે પૂજ કહે જે, "તમે બંને ભાઈ મૂરખા અને બેન મૂરખી તે કંઈ માહાત્મ્ય સમજો છો ? કે આંધળાં છો ? આ ચોવીશ તીર્થંકર મહારાજને પ્રદક્ષિણા ફરી ગાય છે. તે ભેગો હું પણ ગાઉં છું." એમ કહી લખાને અને અમરશીને ગાવા સારુ કાંડાં પકડી લીધાં. તેટલામાં બે ભાઈ તથા તેની બેન કડવી એ ત્રણે જણાને પણ આદેસરેથી તે મહાવીરસ્વામી સુધીના ચોવીશે તીર્થંકરો મહારાજ ફરતા પ્રદક્ષિણા ફરીને ગાય છે, તેવું જોવામાં આવ્યું. પછી તે ચોવીસે તીર્થંકર મહારાજના ચરણારવિંદને વિશે લીન થયા.

પછી એ ગોરજી જે પૂજ તેણે મહારાજ આગળ નૃત્ય કર્યું. અમરશી, લખો, કડવી અને ગોરજી એ ચાર જણાએ મહારાજની સ્તુતિ કરી. ને પછી ગોરજી પોતાનો વેશ ઉતારી પરમહંસ થયો અને કડવી સાંખ્યયોગી ડોશી થઈ અને લખો પાળો થઈ કોઠારમાં રહ્યો. અને અમરશીએ પાળા થવાનો વિચાર કર્યો, પણ મહારાજે તેને ના કહીને કહ્યું જે, "તું તો ગૃહસ્થ રહે ને નાનબાઈનું કામકાજ કરજે." એવી રીતે મહામોટું ચરિત્ર ત્યાં કર્યું હતું. આ તો દિશમાત્ર લખ્યું છે. ॥૧૮૫॥

પાંચુબાઈના વંડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૮૬

પાંચુબાના વંડામાં શરદોત્સવ, ભોજન તથા રાસલીલા

નાનબાઈના વંડાની પાસે પાંચુબાનો વંડો છે. ત્યાં એક દિવસ પાંચુબાઈના કારભારી મોટા રામજીભાઈ તથા નાના રામજીભાઈ કરીને બેઠા હતા. તે અયોધ્યાવાસીના વંડાથી ઓત્રાદી કોરના બે વંડા કે જેમાં હાલ કાંથડ માલાએ ખોરડાં કરેલાં છે, ત્યાં પાંચુબાએ મહારાજને પધરાવવાનો વિચાર કર્યો. તે દિવસે શરદપૂનમ હતી. તે જગ્યાએ લીમડો હતો. પછી તે લીમડાની હેઠે ચોકમાં એક લાકડાનો મંચ ખોડ્યો. ને તે મંચ ઉપર ભૂજનો ઘણો શોભિત રંગનો ઢોલિયો બિછાવ્યો. અને તે ઉપર કિનખાબની ગાદી, તકિયો, ગાલમસુરિયાં બિછાવ્યાં. અને પુષ્પનાં ઝાડ તથા કેળોના સ્થંભ રોપી એક રમણીક સિંહાસન બનાવ્યું. અને એક લાકડાનો ડાંડો ખોડી તે ઉપર એક પાટિયું નાંખી તેના ઉપર કુંડામાં કપાસિયા નાખી, તેમાં તેલ રેડીને સળગાવ્યો. ને મોટો મશાલ જેવો દીવો કર્યો. પછી તે મંડપમાં મહારાજને બોલાવ્યા.

પછી મહારાજ સિંહાસન ઉપર બિરાજમાન થયા, તે વખત એક હજાર માણસ ભેગા થયા. પછી સર્વે માણસો એ વંડામાં બેઠું. પછી બંને રામજીભાઈએ મહારાજની ચંદન-પુષ્પે કરીને પૂજા કરી અને ધોળાં વસ્ત્ર પેરાવ્યાં. અને પછી કપૂરની આરતી ઉતારી મહારાજની સ્તુતિ કરી. પછી દૂધપૌંવા ને સાકર મહારાજને જમાડ્યા. તે વખત તમામ બ્રહ્મચારી, સાધુ, પાળા, હરિભક્ત એ સર્વેની પંગતી કરી મહારાજે પોતે દૂધપૌંવા ને સાકર પીરસી સર્વેને જમાડ્યા. પછી મહારાજ ઘણા પ્રસન્ન થયા. અને મહારાજે સાધુઓને રાસમંડળની પેઠે ગાવાની આજ્ઞા

કરી. તેથી સાધુઓ મહારાજને વચમાં રાખી વાજિંત્રે સહિત તાળીઓ પાડી રાસ લેવા લાગ્યા અને ખૂબ કીર્તન ગાયાં.

તે વખત આકાશમાંથી ચંદનનો વરસાદ થયો. પછી મહારાજ કહે જે, "હે બંને રામજીભાઈ ! તમે આ મહામોટો ઉચ્છવ કર્યો અને તેત્રીશ કરોડ દેવતાઓને તૃપ્ત કર્યા. આમ જોવો." એવું કેતાં બેય રામજીભાઈએ આકાશ તરફ જોયું તો હજારો વિમાન દેખવામાં આવ્યાં અને તમામ દેવો દેખવામાં આવ્યા. પછી એક મોટો ત્રાંસ મંગાવીને તેમાં દૂધપૌંવા ને સાકર મહારાજ ફરીથી જમ્યા. અને પછી બ્રહ્મા, શિવ, વિષ્ણુ એ સર્વે દેવતાઓને પોતાની પ્રસાદી પોતાને હાથે કરી આપવા માંડી. તે કોટાનકોટી દેવતાઓ જમી તૃપ્ત થયા. તે આશ્ચર્ય સર્વ માણસોએ નજરે જોયું. પછી મહારાજે સાધુઓને કીર્તન ગાવાની આજ્ઞા કરી. તેથી સાધુઓ કીર્તન ગાઈ મહારાજ ફરતા ગરબી ગાવા લાગ્યા.

તેટલા વખતમાં મહારાજે બીજો ત્રાંસ સાકર, દૂધ ને પૌંવાનો મંગાવ્યો પછી મહારાજ જમ્યા. જમી રહ્યા કે તુરત એક બંસરી છતરીશ રાગ ને રાગણિયોથી વાગવા લાગી. ત્યાં રાધાકૃષ્ણ ને બળદેવજી તથા ગોપ ને ગોપીઓ જોવામાં આવ્યાં. ને તે દૂધપૌંવાનો તાંસડો હતો, તે તમામ ખાલી થઈ ગયો. ને રાધાકૃષ્ણ, બળદેવ, ગોપ ને ગોપીઓ તેને મહારાજે પ્રસાદી પોતાને હાથે કરી આપી. તે સર્વના જોવામાં આવી. પછી વળી સાધુઓને રાસમંડળની પેઠે ગાવાની આજ્ઞા કરી.

તે વખત તેત્રીસ કરોડ દેવતા તથા ગોપ ને ગોપીઓ મહારાજ ફરતા રાસમંડળ લઈ ગાય છે, એવું સહુને જોવામાં આવ્યું. તે આશ્ચર્ય જોઈ ઘણા માણસો વિસ્મય પામ્યા. અને કહે જે, "હે મહારાજ ! તમે તો સાક્ષાત્ નારાયણ પરમેશ્વર છો." એમ કહી પોતાના મતનો એકદમ ત્યાગ કરી ત્રણસે માણસોએ મહારાજને શરણે થઈ વર્તમાન લીધાં.

ત્યારપછી ચંદનનો વરસાદ થયો ને મોટા રામજી તથા નાના રામજી એ બંનેને મહારાજે મળી હૃદયમાં ચરણારવિંદ આપ્યાં.

❋ મહારાજ નાગમાલાનો થાળ જમ્યા :

પછી નાગમાલો કહે જે, “મહારાજ ! મારે તમને તથા પરમહંસને જમાડવા છે. માટે સાધુને આજ્ઞા કરો કે તે સવારના પહોરમાં રસોઈ કરે.” પછી મહારાજ કહે જે, “આ તમારા કારભારીએ જમાડ્યા કે તમે જમાડ્યા ?” પછી બેય રામજીભાઈ બોલ્યા જે, “અમે જમાડ્યા તેનો અમારે લાભ ને તે જમાડે તેનો તેમને લાભ.” પછી મહારાજે સાધુને રસોઈ કરવાની આજ્ઞા આપી. ને મહારાજ તે જ મંચ ઉપર પોઢી ગયા.

પછી પ્રભાતમાં મહારાજ દાતણ કરી સ્નાન કરી એક વસ્ત્ર પહેર્યું ને બીજું ઓઢ્યું. પછી ચોકમાં સુંદર બાજોઠ ઉપર જમવા બિરાજમાન થયા. પછી પાંચુબાઈ થાળ લાવ્યાં તે બ્રહ્મચારીએ મહારાજ આગળ મૂક્યો. તે જોઈ મહારાજ ઘણા આનંદ પામ્યા અને હરીસો વિગેરે સર્વે ભોજન જમ્યા. ને પછી દહીં ને સાકર જમ્યા. એ વધેલો પ્રસાદીનો થાળ પાંચુબાઈને આપ્યો. પછી બ્રહ્મચારીને ત્યાંથી એક થાળ આવ્યો. તેમાં બિરંજ વિગેરે ભોજન હતું તે જમ્યા. તે વધેલો પ્રસાદીનો થાળ નાગમાલાને આપ્યો.

પછી સાધુને ત્યાંથી એક થાળ આવ્યો તે પણ જમ્યા. તે વધેલો પ્રસાદીનો થાળ નાગમાલાના બાપ ભીમામાલા તથા વાદેબાઈ જે નાગમાલાની મા તથા તે નાગમાલાના ભાઈ વાલેરામાલા તથા મેરામમાલાને થાળ આપ્યો. પછી સુરો ખાચર હસ્યા ને કહે જે, “હે મહારાજ ! નાગનો મામો હું રહી ગયો.” પછી મહારાજ કહે જે, “તમારે નાગમાલા ઉપર થોડું હેત હશે માટે રહ્યા.” તેટલામાં આચાર્યજી મહારાજને ત્યાંથી થાળ આવ્યો, તે મહારાજ જમ્યા. તે પ્રસાદીનો થાળ

સુરાભક્તને આપ્યો. એવી રીતે મહારાજ ચાર થાળ જમ્યા. પછી સર્વેને પોતાને હાથે પીરસી જમાડ્યા.

અને ત્યારપછી મહારાજ એ મંચ ઉપર બેઠા અને પછી નાગમાલાએ પીળું પીતાંબર શ્રીહરિને પેરાવ્યું. અને પીળી સાટમની (વસ્ત્રનો પ્રકાર) ડગલી પેરાવી અને માથે ટોપી પેરાવી અને એક ગુલાબી રંગનો રેંટો ઓઢાડ્યો. અને પાંચુબાઈએ એક સોનાની ઊતરી પેરાવી. તે વખતે મહારાજે પ્રસન્ન થઈ નાગમાલાની દીકરી હીરબાઈને એ ઊતરી પેરાવી. ને ટોપી પાંચુબાઈને આપી અને પીળી સાટમની ડગલી ઉત્તમરાજાને પેરાવી અને પોતે પહેરેલું પીતાંબર કાઢી એક સફેદ ધોતી પહેરી અને પીળું પીતાંબર નાગમાલાને આપ્યું. અને રેંટો સુરાભક્તને આપ્યો.

❋ ભીમામાલાનો તથા તેની સાત પેઢીનો ઉદ્ધાર :

તે વખતે ભીમામાલાને મનમાં સંકલ્પ થયો કે, 'જેના વંશમાં ભગત હોય તેના સપ્ત ગોત્ર તરે ?' પછી મહારાજ કહે જે, "શું સંકલ્પ થાય છે ?" ત્યારે કહે જે, "તમે ભગવાન છો તે જાણો છો." પછી મહારાજ કહે જે, "તારે સપ્ત ગોત્ર તારવાનો સંકલ્પ થયો છે. માટે તારો દીકરો નાગમાલો ભગવદી છે, તે તમારા ગોત્રની સાત પેઢીના પૂર્વજોને તારશે." એમ કહી મંચ ઉપર બેઠા થકા તે ભીમામાલાના કપાળમાં ઠેબું માર્યું. તેથી તેને સમાધિ થઈ અને તેમાં જમપુરી ભાળી. ત્યાં વિષ્ણુના જેવી ધરમરાજાની મૂર્તિ ભાળી.

પછી ધરમરાજાએ તેનું કાંડું પકડી ચોરાસી લાખ નરકના કૂંડ દેખાડ્યા. તે કૂંડોમાંથી તેના સપ્ત ગોત્ર પૂર્વજો તથા તેમની સ્ત્રીઓ વિગેરે ચતુર્ભુજ થઈ ભગવાનના પાર્ષદપણાને પામ્યાં; એવું નજરે જોયું. પછી ચીસ પાડી ઊભા થઈ મહારાજને બાથ ભરી ભેટી પડ્યા.

પછી મહારાજે તેમને સર્વ વાત પૂછી. ત્યારે તેણે સર્વ સભા સાંભળે તેમ સર્વે વાત કહી દેખાડી. પછી મહારાજને કહે જે, "મહારાજ, મારી શી ગતિ થશે ?" પછી મહારાજ હસ્યા ને કહે જે, "જીવની કેવી અવળી સમજણ છે ? કે'તાં ભીમામાલાના દર્શને કરીને સપ્ત ગોત્ર તર્યાં, તોપણ વસુદેવની ઘોડે દેવની માયાના બળથી પોતાનો મોક્ષ થયો તેમ ન સમજાણું." એમ કહી તાળી વગાડી કહે જે, "હે પરમહંસો ! આ જીવનું અજ્ઞાન જુઓ." એમ કહી ફરી ઠેબું માર્યું એટલે સમાધિ થઈ. તેમાં પોતાનો મોક્ષ થયો એવું જોવામાં આવ્યું.

પછી સમાધિથી બહાર નીકળી કહે જે, "મારો તો આજ આ દેહે મોક્ષ થયો." એમ કહી ઘણો આનંદ પામ્યો. પછી મહારાજ દાદા ખાચરના દરબારગઢમાં પધાર્યા. એવી રીતે એ વંડામાં મોટું અદ્ભુત ચરિત્ર કર્યું છે. તે દિશમાત્ર લખ્યું છે. ॥૧૮૬॥

સચ્ચિદાનંદસ્વામીના વંડામાં મહારાજે કરેલું ચરિત્ર

ચરિત્ર નં.૧૮૭

સચ્ચિદાનંદસ્વામીનો મૂર્તિમાન સંકલ્પ દરબારગઢમાં આવ્યો.

ગઢપુર ગામમાં જ્યાં સચ્ચિદાનંદસ્વામીનો વંડો આજ પણ કહેવાય છે, તે વંડામાં મહારાજ ઘણાં વર્ષ વખતો વખત બબ્બે, ચાર-ચાર દિવસ રહેતા. અને તે વંડામાં મહારાજે અદ્ભુત ચરિત્ર કરેલાં છે. તે વંડો અક્ષરધામ તુલ્ય છે. ઘણા વખત ત્યાં મહારાજ છાના રહેલા છે. એક વખત પીપળાવાડીમાં બહુ રીંગણાં થયેલાં, તેથી સચ્ચિદાનંદસ્વામીએ રીંગણાનું શાક કરી મહારાજને રસોઈ દેવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પનું

એવું બળ થયું કે, એ સંકલ્પ મૂર્તિમાન થયો ને લાડુબાઈ ફૂઈ જે વખત પૂજા કરતાં તે વખત તદાકાર થઈ ત્યાં આવી ઊભો રહ્યો.

ત્યારે લાડુબાઈએ કહ્યું કે, "તું કોણ છો ? તું છેટે રહે. અમને ઉપવાસ પડશે." ત્યારે તે કહે જે, "હું સચ્ચિદાનંદસ્વામીનો સંકલ્પ છું ને છેટે ઊભો છું. ને એમને એવો અહં થયો છે જે, મહારાજને વંડામાં પધરાવીને રીંગણાના શાકની સાથે જમાડવા અને ત્યાં હિંડોળો બાંધીને પધરાવવા ને સાધુને વસ્ત્રો ઓઢાડવાં. એવી રીતે સંકલ્પ થતાં એમના તપના તેજે કરીને હું મૂર્તિમાન થયો છું. તે તમારી પાસે વાત જણાવવા આવ્યો છું. કેમ જે, એ સાધુનો ધર્મ તમારી સાથે બોલવાનો નહિ ને તમારો ધર્મ સાધુની સાથે બોલવાનો નહિ. મહારાજ સતસંકલ્પી છે એટલે સચ્ચિદાનંદસ્વામીનો સતસંકલ્પ સિદ્ધ કરવા સારુ મને પ્રગટ કર્યો છે. તેથી હું અહીં આવ્યો છું. તમારે ત્યાં મહારાજ થાળ જમે છે અને તે સાધુ તમારી ખેડ ઉપર કામ કરવા રહેલા છે, માટે એ સાધુનો સંકલ્પ પૂરો કરો."

પછી બા લાડુબાઈએ રાજબાઈ તથા મોટીબાઈ વિગેરેને એ સંકલ્પનું સ્વરૂપ બતાવ્યું. પછી લાડુબાઈએ તે સંકલ્પને કહ્યું જે, "કાલ સ્વામી કહેશે તેમ સંતો-હરિભક્તોને જમાડવા રસોઈ કરશું."

પછી તે સંકલ્પે સ્વામી પાસે જઈ સર્વ વૃત્તાંત કહ્યું. પછી બાએ કોઈ પુરુષ દ્વારા સ્વામીને પુછાવ્યું જે, "તમારી નજરમાં આવે તેવી રસોઈ આપીએ." પછી સ્વામીના કહ્યા મુજબ બારશને દિવસ દૂધપાકની રસોઈ રીંગણાના શાક સહિત તૈયાર કરાવી અને મહારાજના થાળ માટે ભરી આપી. પછી એ લિંબડા તથા આંબલીથી દક્ષણાદા બારનું ખોરડું છે, તેની ઓસરીમાં મહારાજને થાળ કરીને જમાડ્યા. પછી આચાર્ય, બ્રહ્મચારી, સાધુ, પાળા, સંન્યાસી, ગૃહસ્થ, સાંખ્યયોગી બાઈઓ તથા એકડમલ વિગેરે તથા ગરઢેરાઓ હરિભક્ત તમામને જમાડ્યા.

❋ શ્રીહરિની સ્વામીએ પૂજા કરી અને ચોવીશ અવતારાદિકે સ્તુતિ કરી :

અને સચ્ચિદાનંદસ્વામી તથા ભક્તોએ હિંડોળો બાંધ્યો ને મહારાજને પ્રાર્થના કરી પધરાવ્યા ને મહારાજ દક્ષણાદે મુખારવિંદે હિંડોળામાં વિરાજમાન થયા. અને જ્યારે મહારાજ હિંડોળા ઉપર બેઠા તે વખતે હજારો માણસોની સભા થઈ હતી. અને સચ્ચિદાનંદસ્વામીએ કિનખાબની ડગલી પેરાવી, સુરવાળ પેરાવ્યો ને ગૂઢો રેંટો કેડે બંધાવ્યો ને ગુલાબી રંગનો રેંટો પાસે રખાવ્યો. માથે છોગું રાખી કિનખાબનો બુટ્ટાદાર રેંટો માથે બંધાવ્યો ને એક રૂમાલ હસ્તને વિશે આપ્યો. ગુલાબના ને ગુલદાવદીના ગુચ્છ ધરાવ્યા ને ડોલરના હાર તથા બાજુબંધ બેરખા પેરાવ્યા.

કેસર-ચંદનની આડ કરી મહારાજના પંચામૃતે કરીને પગ ધોયા ને પછી મહારાજનાં ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. ને આગળ સાકરનો ને મકાઈના ડોડાનો થાળ ભરી મૂક્યો. ને પછી આરતી કરીને પછી હિંડોળા ફરતી પ્રદક્ષિણા કરીને પછી તરેવારના સ્વરથી નૃત્ય કરીને પછી વેદની ધૂનીથી સ્તુતિ કરી. તે જોઈ સર્વને આશ્ચર્ય થયું કે, એક બોટો(કાનામાતર વિનાનો) અક્ષર ન આવડે ને તરેવારનું જ્ઞાન તથા વેદની ધૂણી લગાવી. તે જોઈ હજારો માણસોને આશ્ચર્યરૂપ આનંદ થયો.

પછી સચ્ચિદાનંસ્વામીને સમાધિ થઈ. **તેમાં ચોવીસ અવતાર, ને ચોવીસ પયગંબર ને ચોવીસ તીર્થંકર અને મોટામોટા દેવતાઓ એ સર્વેએ મહારાજની ઘણી સ્તુતિ કરી. પછી મહારાજના ચરણારવિંદને વિશે લીન થયા.** એ પરચો હજારો માણસોએ જોયો તેથી મોટું આશ્ચર્ય થયું.

પછી રાત્રે મહારાજ હિંડોળા ઉપર વિરાજમાન થયા. ને પછી એ વંડાના ચોકમાં તાળીઓ પાડી સાધુઓ ફરી ગરબીઓ ગાવા લાગ્યા.

પછી સવાર થયું એટલે મહારાજ માણકી ઘોડીએ ચડી ઘેલે નાવા પધાર્યા ને સ્નાન કર્યું. પછી મહારાજ પાછા એ વંડે પધાર્યા. ત્યાં લાડુબાઈ વિગેરે સાંખ્યયોગી ડોશીયોએ એ વંડામાં કેસરિયા બિરંજની રસોઈ કરીને મહારાજને ફરીને જમાડ્યા. પછી સચ્ચિદાનંદસ્વામીએ મહારાજને ફરીને ધોળાં વસ્ત્રની પહેરામણી કરી.

તે વખત ભૂજના ગંગારામ આદિ મલ્લ આવ્યા હતા. તેની પાસે મલ્લકુસ્તિ કરાવી હતી. ત્યારપછી બ્રહ્મનિરૂપણની મહાચમત્કારી એક વાત કરી. તે સમે ચંદનનો વરસાદ વરસ્યો. તે આશ્ચર્ય જોઈ સર્વ વિસ્મય પામ્યા. તે વખત મોટા જોગાનંદસ્વામી, ગવૈયા પ્રેમાનંદસ્વામીએ સારંગી બજાવી ગાન કર્યું. પછી મશાલ વખત થઈ એટલે મહારાજ ગાડા ઉપર બેસીને રીંગણાં ને વડીનું શાક જમ્યા ને પછી ગાડા ઉપર ઢોલિયો બિછાવી રાત્રે ત્યાં પોઢ્યા.

પછી ત્યાં મહારાજ સાત દિવસ સુધી તે વંડામાં રહ્યા ને ત્યાં પાર્ષદો પાસે જુવારની ખાણો નંખાવી અને ત્યાં ઘણી લીલા કરી. એવી રીતે મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું. ને મહા મોટો પરચો બતાવ્યો. તે સિવાય એ વંડામાં સચ્ચિદાનંસ્વામીએ મહારાજને ઘણા વખત પધરાવ્યા હતા ને ત્યાં મોટાં મોટાં ચમત્કારી ચરિત્રો કરેલાં છે. ત્યારે સાત દિવસ સુધી લાડુબાઈએ રસોઈ આપી.

❋ ચાર વેદનું આગમન અને શ્રીહરિનું પૂજનાદિક :

એક દિવસ સાંજ વખતે ગાડા ઉપર ઢોલિયો ઢળાવી ફળીમાં પાણી છંટાવી સભા કરી હતી. તે વખતે બોટાદથી સોમલો ખાચર તથા ભગોદોશી મહારાજના દર્શને આવી દંડવત કર્યા. સચ્ચિદાનંદસ્વામી વેદ બોલ્યા એ વાત તેણે સાંભળેલ. તે સર્વ વાત મહારાજને કહી, તે સાંભળી મહારાજ ઘણા ખુશ થયા. સોમલા ખાચરે મહારાજને પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ ! ચાર વેદ શાસ્ત્રરૂપ કહે છે, તે એમ તો માનીએ છીએ પણ

માણસ એમ કહે છે કે, 'ચારે વેદ મૂર્તિમાન છે,' ત્યારે મને સંદેહ થાય છે." પછી તે વાત સાંભળી મહારાજે સચ્ચિદાનંદસ્વામીને બોલાવ્યા ને કહે જે, "વેદ મૂર્તિમાન છે કે શાસ્ત્રરૂપ છે ?" પછી સચ્ચિદાનંસ્વામી હસ્યા ને કહે જે, "તે વાત તો તમો જાણો. કારણ કે આપ સર્વજ્ઞ છો."

પછી મહારાજે સચ્ચિદાનંદસ્વામી સામું જોયું. સચ્ચિદાનંદસ્વામીએ સભાને મધ્યે આસન વાળી આકર્ષણ કરી વૃત્તિ ખેંચી, તેટલામાં ચાર બ્રાહ્મણ તે આંબલી હેઠ આવી ઊભા રહ્યા. તેણે મહા શ્વેતાંબર ધારેલ ને શાંત અને ઊર્ધ્વપુંડ્ર તિલક કરેલ ને તુલસીની માળાઓ કંઠને વિશે ધારણ કરેલ ને જટાને ધારણ કરેલ સભાના મધ્યને વિશે મહારાજ પાસે આવીને બેઠા. મહારાજે પૂછ્યું કે, "તમે કોણ છો ?" ત્યારે કહે જે, "અમે વેદપુરુષ છીએ ને ચારે વેદના જાણવાવાળા છીએ."

પછી મહારાજે હાથની સાન કરી. પછી એક બ્રાહ્મણે સામવેદ ગાઈ દેખાડ્યો. પછી મહારાજ કે, "તમારું નામ શું ?" પછી તે બોલ્યો કે, "મારું નામ સામશર્મા." પછી ઋગ્વેદ એક જણે બોલી દેખાડ્યો. તેણે પણ બહુ સારું ગાન કર્યું. ને તેને પૂછ્યું કે, "તમારું નામ શું ?" ત્યારે તે કહે જે, "મારું નામ ઋગશર્મા." તે પછી એક જણે યજુરવેદનું ગાન કરી દેખાડ્યું. તેને મહારાજે પૂછ્યું કે, "તમારું નામ શું ?" ત્યારે તે બોલ્યો જે, "મારું નામ યજુરશર્મા." પછી અથર્વવેદનું ગાન કર્યું, તે મંત્રની કાંડીઓ બોલ્યા ને એક અલાસૂત્ર કરીને બોલ્યા. પછી મહારાજ બોલ્યા કે, "તમારું નામ શું ?" ત્યારે તે કહે જે, "મારું નામ અથરશર્મા." એ રીતે ચારે બ્રાહ્મણો એ ચાર વેદ બોલ્યા. તે વખત સર્વ સભા મોહ પામી ગઈ.

પછી સોમલા ખાચરને મહારાજે કહ્યું જે, "આ સચ્ચિદાનંદસ્વામીના આકર્ષણથી આ ચારે વેદ અહીં આવ્યા છે, તેનું દર્શન કરો." પછી તે ચારે વેદે સચ્ચિદાનંદસ્વામીને સમાધિમાંથી જગાડ્યા ને કહ્યું જે, "અમે

તમારા તેડાવ્યા આવ્યા છીએ. માટે અમોને પૂજાની સામગ્રી લાવી આપો.” પછી સચ્ચિદાનંદસ્વામીએ પૂજાની સામગ્રી લાવી આપી. પછી ચારે જણાએ અનુક્રમે કરી વેદને અભિષેકે કરી પૂજા કરી. પછી એકેકું જમરૂખ ચારે જણે મહારાજને જમાડ્યું ને શ્રીહરિએ આપેલી પ્રસાદી જમી ગયા. પછી ચારે ભેળા થઈ ચાર વેદના મુખ્ય મંત્રોનું ઉચ્ચારણ કરી મહારાજને રાજી કર્યા. પછી મહારાજને મળી ચરણારવિંદ હૃદયને વિશે લીધાં ને ચરણારવિંદ ધોઈ ચરણામૃત લીધું. એવી રીતે સર્વ સભા દેખતા મહા વિસ્મયને પમાડ્યા.

એ ચારે જણાએ મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા અને સોમલા ખાચરને આશીર્વાદ આપ્યા. અને સચ્ચિદાનંદસ્વામીને કહે જે, “તમે અમારું ચિંતવન કરી આજ અમને કૃતાર્થ કર્યા.” એમ કહી સચ્ચિદાનંદસ્વામીને કહે જે, “તમે હવે રાધાબાગ ચાલો. અમારે હવે તમારી સાથે ચાર કલાક સમાગમ કરવો છે.” એમ કહી ગદગદ કંઠ થઈ મહારાજના ચરણારવિંદને પગે લાગ્યા. પછી મહારાજના કંઠમાં ચાર હાર હતા, તે ચારેયને પૃથક પૃથક આપ્યા ને મસ્તક ઉપર હાથ મૂક્યા. એવી રીતે ચારે વેદ મૂર્તિમાન મહારાજનાં દર્શન કરવા સચ્ચિદાનંદસ્વામીના સંકલ્પથી પ્રગટ થયા. એ પછી સચ્ચિદાનંદસ્વામીને આજ્ઞા આપી, તે ચારેને લઈને રાધાબાગમાં ગયા અને ચાર કલાક સમાગમ કરી અદશ્ય થઈ ગયા. અને મહારાજ દરબારમાં પધાર્યા. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કરેલું છે. ॥૧૮૭॥

સચ્ચિદાનંદસ્વામીના વંડાને પડખે કોઠાવાળો વંડો કહેવાય છે, તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૮૮

સુરા ખાચરને કુબેરનો ભંડાર દેખાડ્યો

સચ્ચિદાનંદસ્વામીના વંડાને પડખે કોઠાવાળો વંડો કહેવાય છે. ત્યાં મહારાજે એક મોટો કોઠાર પાણાનો કરાવ્યો હતો. અને વાસ્તુકર્મ કરવા નિમિત્તે ત્યાં દાદા ખાચરે રસોઈ આપી હતી. ને ત્યાં મહારાજ તથા સાધુઓ જમ્યા. તે વખત નાગાજણ રાવળ જમ્યો ને આશીર્વાદ આપ્યો કે, "આ કોઠાર કુબેરના ભંડારની પેઠે ભર્યો રહો." તે વખત સુરા ખાચરને એમ થયું કે, 'કુબેરનો ભંડાર કેવો હશે !'

પછી મહારાજની ઈચ્છાથી તેમને સમાધિમાં લક્ષ થયો. તેમાં કુબેરનો ભંડાર ભાળ્યો ને કુબેરની પુરી જોઈ. કુબેર ભંડારીએ તેમને સિંહાસન ઉપર બેસાડી પૂજા કરી. અને બોલ્યા કે, "અહો ! મારાં મોટાં ભાગ્ય જે તમે સ્વામિનારાયણના સાક્ષાત્ પાર્ષદ આંહીં પધાર્યા. માટે હું કૃતાર્થ થયો." પછી તે સમાધિમાંથી ઊઠ્યા એટલે કોઠારમાં અનેક પ્રકારની સિદ્ધિઓ ભાળી. પછી પ્રસન્ન થયેલા સુરા ખાચરે મહારાજને તે વાત કરી. એવી રીતે ત્યાં એક મોટો પરચો થયો હતો.

❋ કુબેર ભંડારીએ મહારાજનાં દર્શન, પૂજન કર્યું :

તે વંડાથી ઓત્રાદા વંડામાં પણ મહારાજ વિરાજમાન થયા હતા. એ વંડો પણ પ્રસાદીનો છે. ને તે જ દિવસે તે કોઠારથી ઉગમણા લિંબડા હેઠળ ઢોલિયો ઢળાવી શિરની ધડકી પાથરી તે ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. ને નાગદાન, લક્ષ્મણ ને નાગાજણ એ ત્રણ રાવલ રવાજ ને કાંસિયાં લઈને **"નેણને જોવું નેણને જોવું"** એ કીર્તન ગાતા હતા. તે સમામાં એકદમ કીર્તન બંધ કર્યાં. અને હજારો

યક્ષથી વીંટાણા થકા માથે સુંદર મુગટ ને ચતુર્ભુજ એવા વિમાનમાં બેઠેલા એવા કુંબેર ભંડારી દેખાણા. અને તેણે ગંગાજળથી મહારાજને નવરાવ્યા ને પછી ચંદન ચરચી પુષ્પના હાર પેરાવ્યા ને અનેક સામગ્રીઓ સહિત એક દિવ્ય સિંહાસન ઉપર મહારાજને પધરાવી આરતી ઉતારી ચરણારવિંદ લીધાં. અને ઘણીક સામગ્રીઓ આગળ મૂકી પગે લાગ્યા.

તે સમામાં બ્રહ્મચારી જળ લાવ્યા, તે મહારાજે પીને કુબેર ભંડારીને આપ્યું. અને તે કુબેર ભંડારીએ સર્વ યક્ષોને આપ્યું, તે સર્વ યક્ષોએ પીધું ને અદશ્ય થઈ ગયા. તે વાત નાગજણ રાવલ, નાગદાન, લક્ષ્મણ ને સુરા ખાચરે નજરે ભાળી. એવી રીતે એક મહા મોટું અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૧૮૮॥

જોગાનંદસ્વામીના વંડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૮૯

શેષજી તથા બ્રહ્માદિક દેવોએ સ્તુતિ કરી ગરબીનાં પદ ગાયાં.

એક જોગાનંદસ્વામી હિંદુસ્તાની સાધુ હતા. ગઢપુરમાં તે એ વચલી શેરીથી આથમણા વંડામાં રહેતા. તે જગ્યાએ એક વખત મહારાજ પધાર્યા હતા. ત્યાં અલૈયાભક્તે માલપુવાની રસોઈ આપી હતી. ત્યાં મહારાજનો થાળ કરાવ્યો હતો. ત્યાં મહારાજ જમ્યા હતા. પછી મહારાજે પંગતમાં ફરીને સાધુ વિગેરેને જમાડ્યા. ને પછી જોગાનંદસ્વામીએ તથા પ્રેમાનંદસ્વામીએ ગાવણું કર્યું. તે સમે ચારમુખા બ્રહ્મા તથા ચારમુખા ધરમદેવ તથા ત્રણમુખા દત્તાત્રેયસ્વામી તથા છમુખા કાર્તિકસ્વામી ને પાંચમુખા શંકર વિગેરે દેવતાઓ આવ્યા. અને મહારાજની સ્તુતિ કરી ગાવણું સાંભળવા બેઠા.

તે સમયમાં ત્યાં સભામાં બેસનારાએ મહાવિસ્મય દેખ્યું. તે સમે શેષજી હજાર મુખે કરીને મહારાજની સ્તુતિ કરવા લાગ્યા. તે વખત ઉત્તમરાજા તથા હરિજન સાધુ એ જોઈને ઘણા પ્રસન્ન થયા. પછી શેષજી હજાર મુખે કરીને મુક્તાનંદસ્વામીનાં ગરબીનાં પદો ગાવા લાગ્યા અને બ્રહ્મા આદિક સર્વે દેવતાઓ તે શેષજી ભેગા ગાવા લાગ્યા. એવી રીતે ત્યાં મહા પરચો થયેલ છે.

❊ બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિમાંથી આયુધો નીકળતાં જોયાં :

તે સમયને વિશે એક મોટું દિવ્ય ચરિત્ર દેખવામાં આવ્યું. ભગવાનનાં ચાર આયુધ શંખ, ચક્ર, ગદા ને પદ્મ એ મૂરતિમાન મહારાજ આગળ આવી ઊભા રહ્યા ને ચરણારવિંદને નમી સ્તુતિ કરી. પછી તે વખત બ્રહ્માનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! ભગવાનનાં આયુધ તે મૂરતિમાન હશે કે આયુધરૂપે હશે ?” એવું સાંભળી મહારાજ હસ્યા અને બ્રહ્માનંદસ્વામીને પલોઠી વળાવીને ધ્યાન કરવા બેસાડ્યા.

અને બ્રહ્માનંદસ્વામીએ મહારાજની મૂર્તિ સામું જોઈ આકર્ષણ કર્યું. તે વખત સર્વ સભા ભાળે તેમ ગોળાકાર સહસ્ર કોટી દાંતાએ યુક્ત એવું **ચક્ર** કોટી સૂર્યના જેવું પ્રકાશમાન ને પ્રલયકાળના અગ્નિના સરખું તેજસ્વી આકૃતિવાળું મહારાજનાં ચરણારવિંદ પાસેથી આકાશમાં જાતું દેખ્યું. અને તે જ વખત કોટી ચંદ્રમા સરખો પ્રકાશમાન અને શીતલ એવો **શંખ** નાદે સહિત મહારાજના ચરણારવિંદમાંથી આકાશમાં જાતો દેખ્યો.

તે જ વખત મહામંદ ને સુગંધ ને શીતલ એક લક્ષ પાંખડીનું **કમળ** હિમાલય પર્વતના બરફ જેવું સર્વ સભાને સુગંધીમાન કરવાવાળું મહારાજના હસ્તકમળમાં દેખ્યું. તે પણ આકાશમાં જતા દેખ્યું. તે જ વખત મહાવજ્રપાત કરે એવી મહા તેજસ્વી વડવાનળ અગ્નિના જેવી પ્રકાશમાન **ગદા** મહારાજનાં ચરણારવિંદ પાસેથી આકાશમાં જાતી

સર્વેએ દેખી. તે વખત આકાશમાં મેઘના જેવો મહાતિક્ષ્ણ અદશ્ય શંખનો એક નાદ સર્વેએ સાંભળ્યો. એવી રીતે બ્રહ્માનંદસ્વામી તથા સર્વ સભાના દેખવામાં આવ્યું.

તે વખત ઉત્તમરાજાએ સાકર, દ્રાક્ષ અને કેળાં, જમરૂખ વિગેરે મોટાં મોટાં તાંસ ભરી મહારાજ આગળ ધર્યાં. તે મહારાજ જમ્યા અને સર્વ દેવોને પ્રસાદી આપી અને સર્વ પરમહંસો તથા હરિભક્તોને પ્રસાદી વહેંચી આપી.

❋ મીણાપરની માણકી ઘેલા ધાધલને આપી :

ને તે વખત ચાર માણકી ઘોડીઓની વછેરીઓ મહારાજે મંગાવી. તે જોયું અને તે વંડામાં કુંડે ફેરવાવી ને એ ચારે વછેરીઓ ઉપર હાથ ફેરવ્યા. તેમાંથી એક મીણાપરની માણકી ઘેલા ધાધલને આપીને મહારાજ દરબારમાં પધાર્યા. એ રીતે એ જગ્યાએ એક ચરિત્ર કરેલું છે. ॥૧૮૯॥

પૂંજાજીનો વંડો મોટીબાવાળો કહેવાતો. તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૯૦

મોડાના પૂંજાજી આદિને નૃસિંહજીનાં દર્શન

એક પૂંજાજીનો વંડો મોટીબાવાળો કહેવાતો. તે વંડામાં પૂંજાજીએ જલેબી, સાટા, લાડવા, મેસુબ એ ચાર વાનાંની મહારાજ તથા સાધુઓને રસોઈ આપી. ને મહારાજને થાળ કરી જમાડ્યા. ને એક ભારે કિંમતનો કાળાપાણની બોરીનો ચોફાળ મહારાજને ઓઢાડ્યો. તે દિવસ નરસિંહ ચૌદસ હતી. ત્યાં સાંજ વખતે સર્વને જમાડ્યા. તે વખતે જમ્યા મોર નરસિંહજીની પૂજા કરી ને મહારાજના શરીરે નરસિંહજીના આકારે ચંદન ચરચ્યું. તે વખતે સર્વેને નરસિંહજી જોવામાં આવ્યા અને તે

નરસિંહજીએ મહારાજની સ્તુતિ કરી, મહારાજના ચરણારવિંદને વિશે લીન થયા. એ ચમત્કાર જોઈ ઘણા લોકો સત્સંગી થયા. એવી રીતે ત્યાં પૂંજાજીએ પૂજા કરી.

❋ ગોપાળસ્વામીના કહેવાથી શ્રીહરિએ નૃસિંહ, વામન, પ્રહ્‌લાદ અને બલિનાં દર્શન કરાવ્યાં :

એ પૂંજાજી મોડાના જાડેજા રજપૂત હતા ને અક્ષરાનંદસ્વામીના ભાઈ હતા. પછી મહારાજ ગાડા ઉપર ઢોલિયો ઢળાવી વિરાજમાન થયા હતા ને ફળીમાં પરમહંસોની સભા ભરાઈને બેઠી હતી. પછી ગોપાળાનંદસ્વામી કહે જે, "નરસિંહ પુરાણ તથા ભાગવતમાં નરસિંહજીના મુખ્ય ભક્ત પ્રહ્લાદજીને ગણ્યા છે અને તે પ્રહ્લાદજીને ચિરંજીવી લખ્યા છે. અને બલિના આખ્યાનમાં પણ પ્રહ્લાદજી બલિને છોડાવવા વામનજી પાસે આવેલા; એવું શાસ્ત્રમાં લખેલું છે. ને ચિરંજીવી હોય તે તો મૂર્તિમાન હોય, માટે સમાધિમાં તો સમાધિવાળાને જણાય, પણ પ્રત્યક્ષ નજરે દેખાય ખરા ?"

પછી મહારાજ બોલ્યા જે, "તમે અષ્ટાંગયોગ સાધેલ છે, માટે સમાધિમાંથી અથવા અષ્ટાંગયોગની સાધનાથી અંતર્દષ્ટિ કરી જૂઓ તો દેખવામાં આવશે." પછી ગોપાળસ્વામી કહે જે, "એ દેખાવું એ કાંઈ રમત વાત નથી, એ તો જેના ઉપર પ્રગટ ભગવાન કૃપા કરે તેને દેખાય."

પછી ત્રણ ચપટી વજાડી એટલે સાક્ષાત્ પ્રહ્લાદજી બલિરાજા સહિત મહા શાંત પ્રકાશમાન દેખવામાં આવ્યા. અને તેમની સાથે નરસિંહજી તથા વામનજી તે પણ દેખવામાં આવ્યા. અને તેમણે મહારાજની સ્તુતિ કરી અને ચારેય જણાયે સોળ ઉપચારે કરી મહારાજની પૂજા કરી. એવું ગોપાળસ્વામીને તથા ત્યાંની બેસવાવાળી સભાના દેખવામાં આવ્યું.

તે વખતે સચ્ચિદાનંદસ્વામીએ એક દાડમ લાવી, તેના દાણા કાઢી એક કેળના પત્રમાં ધર્યું. પછી મહારાજ તે દાડમ જમીને જેમ કોઈક સેવકને આપે તેમ ચાર મૂઠીઓ પૃથક પૃથક આપી. તે દાડમની મૂઠી આપે તે જોવામાં આવે. એવી રીતે તે સર્વ સભાને નજરે જોવામાં આવ્યું. પછી ચાર ગાડાં શેરડીનાં વાડામાંથી લઈ આવ્યાં ને સાધુઓ તથા હરિજનને આપ્યા. એવી રીતે મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું. તે દિશમાત્ર લખ્યું છે. ॥૧૯૦॥

મોટીબાને વંડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૯૧

કચ્છી ભક્તોને સર્વોપરી નિશ્ચય કરાવ્યો.

એ આથમણી શેરીથી ઉગમણો મોટીબાનો વંડો હતો. ત્યાં તેમની ખેડના કારભારી હરજીભાઈ તથા ઉકોભાઈ કરીને બે ભાઈ રહેતા હતા. અને એ હરજીભાઈની દીકરી રામબાઈ કરીને હતાં. તેણે મહારાજને રસોઈ આપી થાળ કર્યો હતો. અને બિરંજની રસોઈ, રીંગણાંનું શાક મહારાજે કર્યું હતું. ને

जेहरजिभाइ विगेरेक
छनारेवावाळाहता तेमहाराजनेनरनारायणरुपेसमजता

જે હરજીભાઈ વિગેરે કચ્છના રહેવાવાળા હતા તે મહારાજને નરનારાયણરૂપે સમજતા. પછી મહારાજ જમ્યા કેડે મહારાજની પૂજા કરી. તેમાં નગરનું તારે યુક્ત શેલું ધારણ કરાવ્યું ને ચોરણો તથા કેડિયું પેરાવ્યું ને ચોરણા ઉપર નગરની કનેરી તારે યુક્ત છેડા સહિત પછેડી પેરાવી ને કેડે બે સરખા છેડાનું એક ધોતિયું બંધાવ્યું ને પાસે

નગરના છેડાનો એક રૂમાલ હાથને વિશે ધારણ કરાવ્યો અને એક ધોળું શેલું ઓઢાડ્યું. ને તે જ પ્રમાણે આચારજ તથા સાધુ, બ્રહ્મચારી, પાળા વિગેરેને વસ્ત્રો ઓઢાડ્યાં ને આરતી ઉતારી, નૃત્ય કરી સાષ્ટાંગ દંડવત કર્યા.

तेसमेनरनारायण तेमनात्रणेनाजोवामांआव्या· तेनरनारायण
भगवानेमहाराजनिपूजाकरिआरतिउतारिनेपछेस्तूतिकरिमहारा
जनेविषेलिनथया तेजोइबेभाइतथातेमनीदिकरिमहाराजनेसरवो
परिनोमननेविषेनिश्चयकर्यो

તે સમે નરનારાયણ તેમના ત્રણેના જોવામાં આવ્યા. તે નરનારાયણ ભગવાને મહારાજની પૂજા કરી, આરતી ઉતારી ને પછી સ્તુતિ કરી મહારાજને વિશે લીન થયા. તે જોઈ બે ભાઈ તથા તેમની દીકરી(તેમણે) મહારાજનો સર્વોપરીનો મનને વિશે નિશ્ચય કર્યો. એ રીતે એ વંડામાં મહારાજ વિચર્યા હતા.

❋ દેવજીને સાયંમુક્તિ આપી :

તે વંડાથી આથમણી કોરની શેરીથી આથમણા ગોવિંદ બાબર તથા દેવજી બાબરનાં ખોરડાં હતાં. ત્યાં તે જગ્યાએ દેવજી માંદો પડતાં તેને દર્શન દેવા મહારાજ ગયા ને તેને સાયંમુક્તિને પમાડ્યો.

❋ ઉકાભાઈના સંકલ્પથી લક્ષ્મીનારાયણનાં દર્શન :

બીજે દિવસે હરજીભાઈ તથા ઉકાભાઈએ મહારાજ તથા પરમહંસોને એક બીજી રસોઈ તરધારી(ઘી, ખાંડ અને લોટ ત્રણેય સરખા હોય તેવી) લાપસીની આપીને જમાડ્યા. પછી તે દિવસે સર્વે સાધુ, બ્રહ્મચારી, પાળાને ચાદરો ઓઢાડી. ને જીવુબાઈની આજ્ઞાથી બે ભારે બળદ હરજીભાઈ તથા ઉકાભાઈએ મહારાજને અર્પણ કર્યા અને રામબાઈએ એક હિરાલ ગાય અર્પણ કરી. ને મહારાજ સાયં સુધી તે વંડામાં વિરાજમાન થયા.

પછી ઉકાભાઈને એવો સંકલ્પ થયો કે નરનારાયણ તો દેખ્યા, પણ લક્ષ્મીનારાયણનાં દર્શન થાય તો ઘણું સારું. આપણે જે બાગમાં રહીએ છીએ તે બાગનું નામ લક્ષ્મીબાગ છે. પછી તે જ વખત લક્ષ્મી ને નારાયણ એ બંને દેખવામાં આવ્યાં. મહારાજને નારાયણરૂપે દેખ્યાં ને જીવુબાઈને લક્ષ્મીરૂપે દેખ્યાં. પછી એના જીવને ઘણો આનંદ થયો. એના ભાઈ હરજી તથા એની દીકરી રામબાઈને કહે જે, "આ સ્વરૂપ દેખો." તે જોવે છે તો તેને પણ ઉકાભાઈ પ્રમાણે દેખાણું. પછી લક્ષ્મી ને નારાયણ બે મહારાજના સ્વરૂપને વિશે લીન થયાં. એ સર્વ સભાના દેખવામાં આવ્યું. એવી રીતે એક મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.

પછી મહારાજ ઘોડા ઉપર ચઢી દરબારમાં પધાર્યા. તે સર્વ વૃત્તાંત જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ વિગેરેને વાત કરી દેખાડી. એવી રીતે એ વંડામાં અનેક ચરિત્ર કેરલાં છે. કેટલીક વખત એ વંડામાં ચોરાસીઓ કરીને બ્રાહ્મણોને જમાડ્યા છે તથા પરમહંસોને જમાડ્યા છે. એવો વંડો મહા પ્રસાદીનો છે. ॥૧૯૧॥

અયોધ્યાવાસીના બે વંડામાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૯૨

અયોધ્યાપ્રસાદજીને સર્વોપરી દર્શન

અયોધ્યાવાસીના બે વંડા હતા. તેમાં એક વંડો અયોધ્યાપ્રસાદજી મહારાજનો કેવાતો અને એક વંડો રઘુવીરજી મહારાજનો કેવાતો. તે પરમહંસાનંદસ્વામીથી ઓળખાતો. અયોધ્યાપ્રસાદજી મહારાજે પોતાના વંડામાં મહારાજને પધરાવ્યા. ત્યાં પોતે રસોઈ આપી મહારાજને પંડે જમાડ્યા. ને ત્યાં કૂવો ગળાવ્યો હતો, ત્યાં મહારાજને નવરાવ્યા. પછી

મહારાજે સાધુને પંડે પીરસી બિરંજ જમાડ્યો. પછી મહારાજની ચંદને કરી પૂજા કરીને રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામભાઈની પૂજા કરી.

તે સમે અક્ષરાતીત કૈવલ્યરૂપ પૂરણબ્રહ્મ પરમાત્મા જેને કહે છે એવા અક્ષરધામને વિશે દિવ્ય સિંહાસન ઉપર મહારાજને બેઠેલા દેખ્યા. ને સંકર્ષણરૂપ રામપ્રતાપભાઈને દીઠા અને પ્રદ્યુમ્નરૂપ ઈચ્છારામભાઈને દેખ્યા ને અનિરુદ્ધરૂપ પોતાનું શરીર દેખાણું ને રામરૂપ રઘુવીરજી મહારાજને દેખ્યા. તે જોઈ અયોધ્યાપ્રસાદજી મહા વિસ્મય પામ્યા.

❋ શ્રીહરિએ સાઇઠ રૂપ ધરી સહુને કૃષ્ણરૂપે દર્શન આપ્યાં :

પછી એ વંડાને પડખે જે વંડો પરમહંસાનંદસ્વામીનો હતો. ત્યાં પરમહંસાનંદસ્વામીએ સાંજે મહારાજને પધરાવ્યા. અને ચંદન ને પુષ્પે કરી પૂજા કરી ને એક ચાદર ઓઢાડી. તે સમયને વિશે ગાયો પારસે યુક્ત થઈયો. પછી તે ગાયોને દોઈને તેનું દૂધ ગાળી મહારાજ તથા સાધુ વિગેરે સર્વેને પાયું ને કહ્યું કે, "આ ગાયો મારે વશ એવી છે કે, કોઈ મને મારવા આવે તો તેને સામી મારે." પછી મહારાજે પાળાને આજ્ઞા કરી એટલે પાળાએ પરમહંસાનંદસ્વામીને મારવા માટે ઉગામ્યું, એટલે એ ગાયોનું ધણ પાળાઓ સામું થઈ પાળાઓને નસાડ્યા. તે વખતે સાઈઠ ગાયો હતી, એટલે મહારાજે સાઈઠ રૂપે થઈ હાથમાં મોરલી સાથે સર્વને શ્રીકૃષ્ણરૂપે દર્શન આપ્યાં. પછી મહારાજ હસ્યા ને પરહંસાનંદસ્વામીને હાર આપ્યા ને ચરણારવિંદ આપ્યાં. એવી રીતે મહા પરચો આપ્યો.

એ રીતે વંડાની માહિલી કોરની તમામ જગ્યા મહારાજની પ્રસાદીની છે. પછી તે જ વખત મહારાજને સચ્ચિદાનંદસ્વામીએ પુષ્પની ચૂંથણી(ચોરણી) તથા પુષ્પનો વાઘો તથા પુષ્પની ચાદર અને પુષ્પનો મુગટ, તોરા તથા ગજરાએ યુક્ત પેરાવ્યા. ને સર્વ અંગને વિશે ચંદનનાં

છાંટણાં કર્યાં ને દંડવત કરી પગે લાગ્યા. તે વખત મહારાજનું સ્વરૂપ તેજોમય એવું મંદ, સુગંધ ને શીતલ એવું સુગંધીએ સહિત દેખ્યું. ને પુષ્પધર વાસુદેવરૂપે મહારાજને દેખ્યા અને ભક્તિમાતા તથા ધર્મદેવ ચારમુખા દેખ્યાં. એવી રીતે મહારાજનો પ્રતાપ જોઈ કેટલાક જણ સત્સંગી થયા. એ ચરિત્ર કરેલું છે. ॥૧૯૨॥

બોટાદને ઝાંપે જતાં ચોકમાં રયા ડાભીવાલાં ખોરડાંમાં મહારાજે કરેલું ચરિત્ર

ચરિત્ર નં.૧૯૩

રયા ડાભીમાં આવેલ હજાર વરસ જૂના ભૂતનો ઉદ્ધાર

ગઢડામાં બોટાદના ઝાંપે જતાં ચોકમાં રયા ડાભીવાળા ખોરડાં કેવાય છે. તે ખોરડાની મધ્યે ફળીમાં એક લિંબડો હતો. ત્યાં એક મામો કરીને જબરો રાક્ષસ રહેતો. તે વરસ દિવસે એક જીવ લેતો. પછી મહારાજ આંહી પધાર્યા પછી જીવ મારવો બંધ થયો.

પછી એક દિવસે નોરતામાં રયા ડાભીના હૈયા ઉપર ચડી બેઠો ને કહે જે, “તું સત્સંગી થયો પણ પાપી તેં મારું કલ્યાણ કર્યું નહીં. માટે તું મહારાજ પાસે જા ને મને ભૂતના દેહથી મહા દુઃખ છે, વિષ્ટા ખાઈ ખાઈને હું મરી ગયો, માટે મહારાજ અહીંયાં આવી મને દર્શન દે ને હું સત્સંગી થાઉં એટલે હજારો ભૂતોનું કલ્યાણ તથા મોક્ષ કરું. અને બાપુ દાદા ખાચરને તું કહેજે જે, આ ભૂત તમારો ઘણી પેઢીનો આશ્રિત છે. માટે તમે મહારાજ તથા સાધુને આ ફળીમાં જમાડો. ને જે પોતાનો આશ્રિત હોય તેની તેના ધણીને લાજ પહોંચે.’ એવી રીતે તું મહારાજને સ્તુતિ કરજે. ને તું દુષ્ટ છો ને માલિકોર કુસંગી છો, નહિ

તો તેં મહારાજને તારે ઘેર શા વાસ્તે ના પધરાવ્યા ?" એમ કહી રયા ડાભીને છૂટો મૂક્યો, એટલે તે મહારાજ પાસે આવ્યો અને સ્તુતિ કરી.

પછી મહારાજ સવારના પહોરમાં પધાર્યા. ને ત્યાં મહારાજનો થાળ તથા રસોઈ કરાવી મહારાજ તથા સાધુઓ વિગેરેને જમાડ્યા. પછી મહારાજે લિંબડા સામું જોઈ કહ્યું જે, "એલા તું કોણ છો ?" ત્યારે કહે જે, "હું વાળા જાતીનો રાજપૂત છું ને ઊગો મારું નામ છે. ઉગામેડીમાં હું રહેતો, પછી ત્યાંથી મારા મોક્ષના અર્થે હું આ લિંબડામાં રહ્યો છું. આજ મેં તમારું તથા સાધુનું તથા સૌનું એઠું જળ પીધું, એથી મારા ગળાનો ખુલાસો થયો." એવી રીતે રયા ડાભીના દેહને વિશે આવીને બોલ્યો. ને કહે જે, "આ રયાને પ્રસાદી આપો. એ જમશે એટલે હું જમીશ."

પછી ચાલીસ લાડવાનો થાળ રયા આગળ મૂક્યો. તેમાં રહીને તે બધા જમી ગયો. ને પછી કહે જે, "મને વર્તમાન ધરાવો. મારી આવરદામાં હજાર વર્ષમાં ત્રણ વર્ષ ઓછાં છે, એટલે હું ત્રણ વર્ષ સુધી હજારો ભૂતનો મોક્ષ કરીશ. ને પછી સાયંમુક્તિને પામું, એવી મારા પર કૃપા કરો." એમ કહી લીંબડાને રયે બથ ભરી. તેથી તે લીંબડો કંપ્યો ને ગણગણાટ થયો. તે સર્વેએ સાંભળ્યો. એવી રીતે ભૂતનો મોક્ષ કર્યો. એવું અદ્‌ભુત ચરિત્ર કર્યું.

પછી મહારાજ કહે જે, "થોડા કાળમાં એ દેહ મૂકી સત્સંગમાં અવતાર લઈ સત્સંગી થઈ સાયંમુક્તિને પામશે." તે સાંભળી સર્વે વિસ્મય પામ્યા. એ રીતે મહારાજે ચરિત્ર કર્યું.

તે વખતમાં તે વાત સાંભળી જીવો ખાચર ત્યાં આવ્યા. અને એભલ ખાચર પણ ત્યાં આવ્યા એટલે પગે લાગી ત્યાં બેઠા અને મહારાજને એ વૃત્તાંતની વાત પૂછી. પછી મહારાજે કહી દેખાડી.

પછી કહે જે, “પ્રત્યક્ષ જોવાની અમારે ઈચ્છા છે.” એટલે મહારાજે રયાને બોલાવ્યો ને સોટી અડાડી. પછી તે રયો ધૂણવા લાગ્યો ને કહે જે, “જીવા ખાચર ! એભલ ખાચર ! તમે જેવા દરબાર છો તેવો હું પણ એક હજાર વરસ પહેલાં ચારસે ને ચોર્યાસી ગામનો રાજા હતો. મારું નામ ઊગો વાળો હતું. ઉગામેડીએ હું રાજ કરતો. મારા હેઠે હજારો માણસના કર હતા.

ગોરીબેલમશા બાદશાહનો સૂબો ગેબનશા કરીને નવહથો યોદ્ધો હતો. એક વખત તેને ને મારે ઉગામેડી આગળ ઓત્રાદી તરફ યુદ્ધ થયું. એના બાર હજાર ઘોડાની સંખ્યા હતી. એને ને મારે યુદ્ધ થાતાં મેં એને માર્યો એટલે એમણે મને ખંજર માર્યું એટલે મારું માથું પડી ગયું ને મારું ધડ તેની સાથે તથા તેના માણસોની સાથે લડવા લાગ્યું. તેના ભેળો એક વેલાંભલ ચારણ રાધો કરીને હતો. તે રાધે યવનના જમાદારને કહ્યું જે, ‘આ ધડ ગળિયલ(ગળીથી રંગેલું) લૂગડું નાંખશો તો પડશે.’ એટલે ગલિયાળું લૂગડું નાંખ્યું એટલે મારું ધડ આ લિંબડા નીચે પડ્યું ને મારે અસુરગતિ થઈ. તેથી હું ભૂત થયો છું. મેં હજારો બ્રાહ્મણોને જમાડ્યા હતા. તેના પુણ્યે કરીને મારા પૂર્વજન્મની સ્મૃતિ મને રહી છે. તેથી આ મહારાજની ભારે પ્રાપ્તિ થઈ.

હવે એક હજાર વરસમાં ત્રણ વરસ ઓછાં છે એટલે મને અહીંયાંથી બદરિકાશ્રમમાં જાવાનો મહારાજનો હુકમ થયો છે. ને હવે વેલો વેલો હું ગેબનશાનો મોક્ષ કરીશ. અને પછી હજારો ભૂતને સ્વામિનારાયણ એવું નામ લેવરાવી હજારોનો મોક્ષ કરીશ. આજ સાંજે હું હિમાલય પર્વતની તળાટીમાં જતો રહીશ અને પછી ગંગોત્રીમાં નાહી પછી ભૂતનો મોક્ષ કરીશ.”

તે વખત મહારાજ બોલ્યા જે, “આ ખળખળિયામાં નાહી લે એટલે તારો મોક્ષ થશે ને તારા દેહનો અવયવ ફરી જશે.” પછી તે

બોલતો રહી ગયો. ને ઘેલામાં જઈ ખળખળિયામાં નાહી આવ્યો. ને તરત જ ઉગામેડીથી ગેબનશાને લઈ આવ્યો ને તેને પણ ખળખળિયામાં નવરાવ્યો. તે પણ દિવ્ય દેહને પામ્યો ને સ્વામિનારાયણ એવું નામ લીધું. ને બંને જણાએ રયાના દેહમાં પ્રવેશ કર્યો ને બોલ્યા કે, "અમારા બંનેનો મોક્ષ થયો છે." એવું સર્વેને કહ્યું. એ સાંભળી જીવો ખાચર ને એભલ ખાચર એ બંને વિસ્મય પામ્યા. એ રીતે એક ચરિત્ર કર્યું છે. ।।૧૯૩।।

માતરા પટગરનાં ખોરડાં રાવળની શેરીમાં છે, ત્યાં હાલ પીપળો છે, તે જગ્યાએ મહારાજને પધરાવ્યા હતા ને ત્યાં એક ચમત્કાર બતાવ્યો હતો. તે

ચરિત્ર નં.૧૯૪

માતરા પટગર તથા તેની પત્નીના પૂર્વજોનો ઉદ્ધાર

કુંડળના માતરા પટગરનાં ખોરડાં ગઢપુરમાં રાવળની શેરીમાં છે. તે જગ્યાએ મહારાજને પધરાવ્યા હતા. એ માતરો પટગર કુંડળના કૃપાનંદસ્વામીનો ભાઈ થાય, તેને બે બળદ હતા. તે વિણોયા ગોરા પાળેલા હતા. પછી તે બળદનાં વખાણ મહારાજ આગળ અલૈયાભગત તથા ભગુજીએ કર્યાં. પછી મહારાજ પોતે ઘોડીએ ચડી લક્ષ્મીબાગથી પાછા આવતાં માતરા પટગરના ઘેર તે બળદોને જોવા પધાર્યા. જે જગ્યાએ પીપળો છે, તે જગ્યાએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ને પછી બળદ જોયા ને બળદને ઘણાં વખાણ્યાં.

પછી મહારાજ માતરા પટગરને કહે જે, "આ બળદ છે તે અમને તમે વેચાતા આપો." ત્યારે માતરો પટગર હસીને કહે જે, "આ બળદને

મારે વેચવા છે. કેમ જે, મારી સ્ત્રીને પૂર્વજ વળગ્યો છે. માટે મેં તમને તથા પરમહંસને જમાડવાની માનતા કરી છે. તે આ બળદને વેચીને તેના પૈસા આવે તેની રસોઈ આપવી છે." પછી મહારાજ કહે જે, "તું દૂબળો છો, માટે તું અને તારી સ્ત્રી ખળખળિયામાં નાઓ એટલે તારા પૂર્વજોનો મોક્ષ થશે. તારી રસોઈ પહોંચી રહી." ત્યારે તે કહે જે, "એમ ચાલે નહિ." ત્યારે મહારાજ કહે જે, "તું અમને એકને જમાડ એટલે તારી રસોઈ પૂરી થઈ. ને તું ગરીબ છો માટે તારા બળદિયાના જેટલા રૂપિયા તું કહીશ તેટલા રૂપિયા અમો આપીશું. માટે તું બળદો આપ." પછી તે કાંઈ બોલ્યો નહીં.

પછી તે બે માણસ નાવા ગયાં. ને મહારાજ તેના આથમણા બારની ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી એ બંને નાઈને આવી ગયાં અને મુકુંદ બ્રહ્મચારીને રસોઈ કરવા બેસાડ્યા. ત્યાં તેની બાઈડી ધૂણીને કહે જે, "મારા પતિના પૂર્વજ તો રાઘા(રણિંગ) પટગર જે ક્રિપાનંદસ્વામી (નામે) સાધુ થયા છે તથા મારા સસરા સોમલા પટગરની ભક્તિથી તેના પૂર્વજોનો મોક્ષ થયો છે. ને તે તો કોઈને નડે તેમ નથી. બધા મારા પૂર્વજો અસંખ્ય આવ્યા છે. તે આ ખોરડાના નેવા ઉપર બેઠા છે. મહારાજ જમશે ને તેના પ્રસાદીની હું વાસ નાખીશ એટલે મારા પૂર્વજો બધાય તે મોક્ષને પામશે." એમ કહી તે બાઈ મૌન રહી.

પછી મહારાજ જમ્યા અને બ્રહ્મચારી પણ જમ્યા. ઉત્તમરાજા વિગેરે દસ-પંદર માણસ જમ્યું. ને મહારાજે માતરા પટગરને તથા તેમની વહુને થાળ આપ્યો. તે થાળની પ્રસાદી તેમાંથી લઈ ખોરડા ઉપર નાખી એટલે કહે જે, "અહો..હો..! મારા જેટલા પૂર્વજો છે એટલા બધાય વિમાનમાં બેસીને દિવ્યગતિને પામ્યા." એમ બોલી. પછી એ બે બળદ મહારાજને માતરે પટગરે અર્પણ કર્યા. ત્યારે મહારાજ કહે,

"તારા બળદ મફત લઈએ નહીં." માતરો કહે, "હું રૂપિયા લઉં નહીં." પછી ઉત્તમરાજાએ માતરા પટગરને પાંચ કળશી દાણા ને સાઠ રૂપિયા રોકડા આપ્યા. એ રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. તે દિશમાત્ર લખ્યું છે. ॥૧૯૪॥

માતરા પટગરનાં તે ખોરડાંથી દક્ષણાદા એ જ ફળીમાં નાજા જોગિયાનાં ખોરડાં હતાં. ત્યાં મહારાજ હજાર વખત ગયેલા છે. તે ઘણાં પ્રસાદીનાં છે. માલી ડોશીનાં ખોરડાંથી આથમણા ત્યાં મહારાજ ઘણા વખત ગયા હતા, તે પણ પ્રસાદીનાં છે. તે દિવસોનાં ચરિત્ર નીચે લખેલ છે.

ચરિત્ર નં.૧૯૫

નાજા જોગિયાને ઘેર ભોજન

એક વખત નાજા જોગિયાને ત્યાં મહારાજ સવારના પહોરમાં સ્નાન કરી ત્યાં પધાર્યા હતા. ત્યાં તેમની સ્ત્રી રાઠોડબાઈ કરીને હતાં. તેણે મહારાજને ઢોલિયો બિછાવી આપ્યો. તે ઉપર મહારાજ વિરાજમાન થયા. પછી મહારાજ નાજા જોગિયાને કહે જે, "અમને ભૂખ લાગી છે, માટે આ ભાજી શાની છે ?" પછી નાજો ભગત કહે જે, "એ ભાજી ડુંગળા(એક જાતનું ઘાસ; પાણકંદો)ની છે." પછી તેમાં તલ ને કોસલા(શાક માટે સૂકવણી કરેલ કાચરી) નાખી હાથે શાક કર્યું ને બાજરાની બાટીઓ કરી પોતે જમ્યા. ને ઉપર ગોરસ જમ્યા અને તે પ્રસાદી નાજા જોગિયા તથા તેની વહુ રાઠોડબાઈને આપી.

પછી મહારાજ દાસા જોગિયાને કહે જે, "તું અમને ઓળખે છે ?" ત્યારે દાસો જોગિયો કહે જે, "હે મહારાજ ! હું વાસુર

ખાચરના ભોંયરાને ગઢે રહેતો. ત્યાં કૂવામાં પડ્યો હતો. તે બપોર સુધી કૂવામાં પડ્યો રહ્યો. ત્યાં તમારાં દર્શન થયાં હતાં. તેના તે તમે છો. તે શા માટે ઓળખું નહીં ?"

❋ નાજાભક્ત તથા ગોદડભક્તની ભોંયરા ગામમાં રક્ષા :

પછી મહારાજે પ્રસન્ન થઈ ઉત્તમરાજા પાસે વાત કરવા માંડી કે, "આ નાજો જોગિયો ને ગોદડ ધાધલ એ બે વાસુર ખાચરના ભોંયરે ગઢે રહેતા. પછી એક વખત એમ વાત નીકળી કે, 'તમે દારૂ પીઓ.' પછી એ બે કહે જે, 'અમે સ્વામિનારાયણના ભક્ત છીએ, તે દારૂ પીએ નહીં.' પછી વાસુર ખાચર કહે જે, 'તારા સ્વામી સાચા હોય તો કાલ નહિ ને પરમ દાડે અહીંયાં આવે તો સ્વામિનારાયણ ભગવાન સાચા. નહિ તો તમારી ઘૂંટિયો ઘણે કરીને ભાંગી નાખીશ.' તે બેય જણે વાદ કરી કબૂલ કર્યું. તે વખત અમે **વેલાલ**માં હતા ને પૃથ્વી પર પુષ્કળ પ્રમાણમાં વરસાદ અનરાધાર વરસતો.

પછી ત્યાંથી એ બંનેની રક્ષા કરવા સારુ તેણે વાદ(જીદ) કર્યો તે જ વખત (સં.૧૮૬૭, આસો વદ- ઈ.સ.૧૮૧૦ ઓક્ટોબર માસમાં) અમો ચાલી નીકળ્યા. તે **અડાલજ**ની વાવે અમે ને મૂળજી બ્રહ્મચારીએ પોરો ખાધો. ને ત્યાં ઘડીક રોકાઈ ત્યાંથી ચાલ્યા તે **મછિયાવ** આવ્યા. ત્યાં રાતે બ્રહ્મચારીના ઘરની ઓરડીએ કોસલાનું શાક ને બાજરાનો રોટલો જમ્યા. ત્યાંથી તે જ વખત ચાલ્યા તે ઊભે નળકંઠે થઈને અમે પાધરા દિવસ ઊગ્યો ત્યાં **લખતર** આવ્યા. ત્યાં ઘણો વરસાદ વરસવા લાગ્યો. બ્રહ્મચારી પણ થાકી ગયા. પછી તે જગ્યાએ નાઈ દાળિયા ફાંક્યા ને ચાલવા માંડ્યું. દિવસ અસ્ત પામવા વખત **વઢવાણ** આવ્યા.

પછી બ્રહ્મચારીને ભોગાવાના કાંઠે બેસાડી અમે સામે કાંઠે ગયા. ત્યાં એક ભરવાડ હતો. તેને એમ કહ્યું જે, અમારા ભેગા એક બ્રહ્મચારી છે, તેને ઉતારી લાવ. તે કહે જે, 'મને શું આપો ?' ત્યારે

અમે કહ્યું જે, મોક્ષ આપીએ. ત્યારે તે કહે જે, 'તમે તો ભગવાન છો તેથી છબિછબિયા પાણીની ઘોડે ઉપર ચાલ્યા આવ્યા, તે બ્રહ્મચારીને ઉતારવામાં તમારે કાંઈ અડચણ નહોતી, પણ તમારે મારો મોક્ષ કરવો તેટલા સારુ મને આજ્ઞા કરો છો.' પછી તેને કહ્યું જે, 'જા.' પછી તે બ્રહ્મચારીને નદી ઉતારવા ઓલે કાંઠે ગયો. અને પછી અમે કહ્યું જે, બ્રાહ્મણોની પોળમાં માધાવાવે જશું ત્યાં બ્રહ્મચારીને તેડી લાવ.

પછી અમે માધાવાવ ગયા. ત્યાં બ્રાહ્મણનો પટેલ આવ્યો. અને અમને કહ્યું જે, 'મારે ત્યાં જમવા આવો.' ત્યારે અમે કહ્યું જે, અમે કોઈને ઘેર જમવા જતા નથી. પછી એ બ્રાહ્મણો સાકરકોળાના કોશલાનું શાક ને બાજરાનો રોટલો લાવ્યા. તે અમે ખાધો ને બાકીનો વાવમાં ફેંકી દીધો. પછી બ્રહ્મચારી આવ્યા તેને અમે બ્રાહ્મણને ત્યાં જમવા મોકલ્યા. ને તે બ્રહ્મચારી આવ્યા તે વખત વરસાદ ઘણો વરસતો હતો.

પછી ભરવાડ કહે જે, 'મહારાજ, મારા મોક્ષનું કહેતા જાઓ.' પછી તેને મોક્ષ કરીશ એવો અમે કોલ આપ્યો. પછી બ્રાહ્મણનો પટેલ કહે જે, 'આ ગામમાં કુસંગી લોકો ઘણા છે, માટે પાંચ દિવસ રહો ને મને તથા લોકોને સત્સંગી કરો.' ત્યારે મહારાજ કહે, 'હું અહીં રહી શકું તેટલો મારે અવકાશ નથી. તમે સત્સંગમાં રહો.' એમ (અમે) તેને કહ્યું. અને એમ કહ્યું જે, **'આ માધાવાવનું પાણી જે પીશે તેનું કલ્યાણ થાશે.'**

પછી અમે અનરાધાર વરસાદ વરસતો તેમાં એ ભરવાડ તથા બ્રહ્મચારીને લઈને ચાલ્યા. પછી ભરવાડને પાછો વાળ્યો ને બ્રહ્મચારીને આઘેરાક પડતા મૂક્યા. અને વરસતા વરસાદમાં એવા ચાલ્યા કે **ધાંધલપર** થઈને જ્યાં દિવસ ઊગ્યો ત્યાં અમે ભોંયરાને ગઢે ગયા. ને નાજા જોગિયાને ખોરડે આવી ઊભા રહ્યા. તે વખત વરસાદ વરસતો. ત્યાં આ દાસા જોગિયાએ અમને કોઈ દિવસ ઓળખેલા નહીં, પણ તરત

ઓળખ્યા. પછી (અમે) એમ કહ્યું જે, 'તારો બાપ (નાજો જોગિયો) અને ગોદડ ધાધલ ક્યાં છે ?' ત્યારે એમ કહ્યું જે, 'ગઢ ઉપર છે.' એને મેં કહ્યું કે, 'જા, તું ખબર કર.' પછી તેણે ખબર કરી. તે વખત અમને ઘણી ભૂખ લાગી હતી. પછી સાહટિયાની જુવારનો રોટલો ને આજ જે અમે ખાધી તે ભાજી ને ગોરસ અમે ખાધું.

પછી આ નાજા જોગિયા ને ગોદડ ધાધલ આવ્યા. પછી એક વખત તો અમે તેને વઢ્યા. અને પછી અમે ગઢ ઉપર ચડ્યા. અરધે ગઢે ચડ્યા ત્યાં અમે માણસના પગના ફણા કાપી નાંખેલા જોયા. એટલે અમે પાછા વળ્યા. પછી ગોદડ ધાધલ ને નાજે જોગિયે અમારી સ્તુતિ કરીને કહ્યું જે, 'મહારાજ ! એ અમને મારી નાંખશે. એ ઘણું કરડું માણસ છે.'

પછી અમે ગઢ ઉપર ગયા. તે હિંગળાદની મેડી છે, તે ઉપર તે બેઠો હતો ને અમે પાટ ઉપર બેઠા. તે અમને ભાળી રડવા લાગ્યો ને કહે જે, 'હું મહાપાપી ને ચંડાલ છું.' ત્યારે અમે કહ્યું જે, 'રાજા છે તે રાક્ષસ છે ને તે પાપરૂપ જ છે. અમે જો ન આવ્યા હોત તો આ બે ભક્તને તારે મારી નાંખવા હતા.' પછી તે મોટે સ્વરે કરીને રુદન કરવા લાગ્યો ને દાંતમાં તરણાં લઈને તે અમને પગે લાગવા મંડ્યો. ત્યારે અમે કહ્યું જે, 'તું પાપી છે. કેમ કે, માણસની ઘૂંટિયો ભાંગી નાખે છો ને દાંતા હૈયામાં નાંખી મારી નાંખે છો.' પછી તે કહે જે, 'શું કરું મહારાજ ? હું ઘણો એ વાતમાં રાજી નથી પણ શું કરું ? કોળીની વસ્તી તે શું કરીએ ? ચોર બહુ આવે છે. તેથી આ કરમ કરવું પડે છે.'

પછી અમે એને કહ્યું જે, 'હવે આવું કરશો નહીં.' પછી એણે અમારી પાસે સૂરજના સમ ખાધા. પછી કહે જે, 'અમને વર્તમાન આપો.' પછી તેને અમે વર્તમાન આપ્યાં. પછી અમને એણે ઘણું કહ્યું જે, 'હે મહારાજ ! મારે પતનો રોગ છે તે મટાડો. ત્યારે અમે તેને

કહ્યું જે, તારે આ ને આ જનમે પાપ બાળવું હોય તો તારો પતનો રોગ રવા દે.' પછી તે કહે જે, 'મહારાજ, પતનો રોગ ભલે રહ્યો, પણ મારો મોક્ષ થાય એવો વર આપો.' પછી અમે તેને કોલ આપ્યો. તે જ વખત અમે તેને બાર સૂર્યનાં દર્શન કરાવ્યાં. તે સૂર્ય અમારામાં લીન થઈ ગયા. તે જોઈ તેણે મોઢામાં ખાસડું લઈને કહ્યું જે, 'તમે આવવાથી મારાં પાપ રહે તે ઠીક નહીં.' પછી અમે કહ્યું જે, 'જા, તારો મોક્ષ થશે.'

પછી અમને કહ્યું જે, 'હે મહારાજ ! તમે પાંચ દિવસ રહો.' ત્યારે અમે ના પાડી. પછી તેણે કહ્યું જે, 'મને આજ્ઞા કરો તેમ કરું.' પછી અમે કહ્યું જે, **'તમે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરજો. અમે અંતકાળે તમોને તેડવા આવશું.'** પછી અમે કહ્યું જે, 'આ જે અમારા ભક્ત છે, તેને અમે લઈ જશું.' પછી તેણે કહ્યું જે, 'અહીં રહેવા દ્યો.' ત્યારે અમે તેને ના પાડીને કહ્યું જે, 'અમે તેને તેડી જશું.' પછી અમારા પાસે તેણે બસો રૂપિયા મૂક્યા પણ અમે ના લીધા. ને અમે તેને કહ્યું જે, 'આ બંનેને સો સો રૂપિયા આપો.' પછી તેણે આપ્યા. પછી અમે એક રાત નાજા જોગિયાને ત્યાં રહ્યા. પછી આ નાજા જોગિયાને તમારી પાસે રાખ્યા ને ગોડદ ધાધલને હમીર ખાચર (બોટાદ) પાસે રાખ્યા. એવી રીતે તેમની રક્ષા કરી." એવી રીતે તે દિવસે મહારાજે ઉત્તમરાજા પાસે વાત કરી.

❊ માલી ડોશી દેખતી થઈ અને તેના ધણી વગેરેનો ઉદ્ધાર :

અને તે દિવસ બપોરે મહારાજને સારુ માલી ડોશીએ બ્રહ્મચારી પાસે ચૂરમાની રસોઈ કરાવી. ને મહારાજ તેને ત્યાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ધાબળી ઉપર બેસી જમ્યા. તે વખત ઉત્તમરાજાએ કહ્યું જે, "આના ધણી એ જલૂ જાતના કાઠી હતા. તેણે અમારા ગરાસ સારુ માથાં આપ્યાં છે." પછી મહારાજ બોલ્યા જે, "એનાં માથાં

આપેલાં તે આજ લેખે આવ્યાં." પછી એ ડોશી આંખે ભાળતી નહીં. તેણે પોતાનો ધણી, જેઠ અને દેર એ ત્રણેને નજરે ભાળ્યાં ને તે ત્રણેને ચતુર્ભુજ થઈ વૈકુંઠલોકની પ્રાપ્તિને પામ્યા એવું નજરે જોયું. ને એ માલી ડોશી આંધળી હતી, તે મટી ગઈ ને દેખતી થઈ.

❊ નાજા જોગિયા વગેરેની શૂરવીરતાની પ્રસંશા :

પછી પાછા મહારાજ નાજાભક્તની ઓસરીએ ઢોલિયા ઉપર પધાર્યા. ને મહારાજ એમ બોલ્યા જે, **"આ નાજાભક્ત અનાદિ કાળના મુક્ત છે અને મહાશૂરવીર છે.** લાખણકામાં ગોવાળિયાના જમાઈએ સાધુને મારી નાંખ્યા. તે ગોવાળિયાના ભાઈ તથા જમાઈ ને ડોસા એ ત્રણેને આ નાજો જોગિયો તથા રામ જોગિયો તથા જેઠો જોગિયો એ ત્રણે જણે એ ત્રણેયને જીવથી મારી નાંખ્યા. એવી રીતના મહાશૂરવીર છે." એમ વાત કરીને ઉત્તમરાજાને કેટલીક તેમની ભલામણ કરી. એવી રીતે એક ચરિત્ર કર્યું છે.

❊ બગડના જાનબાઈની નિષ્ઠા અને તેના પરિવારને સત્સંગ :

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા હતા. તે વખત બગડના જસા ખાચરના ઘરનાં જાનબાઈ મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યાં. તેના ભેગા તેના બે દીકરા હતા. તે બેમાંથી એકનું નામ રામો ખાચર તથા બીજાનું નામ દેહો ખાચર. જાનબાઈ તે બંને સહિત આવી પગે લાગ્યાં.

પછી મહારાજ કહે જે, "જાનબાઈ ! આ પ્રભુ ભજવાનું ફળ મારી પ્રાપ્તિ થઈ એ તમને ફળ મળ્યું. અને તમારા પતિએ તમોને દુઃખ ઘણું દીધું છે." પછી જાનબાઈ કહે જે, **"મહારાજ ! તમારા પ્રતાપથી હવે સારું થયું છે ને હું હવે સાંખ્યયોગી થઈશ. બળ્યો સંસાર !"** પછી મહારાજે તેમને નાજા જોગિયાને ઘરે ઉતારો આપ્યો

ને ત્યાં ગાડું છોડાવ્યું. ને તે જાનબાઈની મોટીબાને ભલામણ આપી કે, "તેમની બરદાસ રાખજો."

પછી એક દિવસે જાનબાઈએ નાજા જોગિયાને ઘરે પરમહંસ તથા મહારાજને રસોઈ આપી. ને પછી તેના દીકરા દેહા ખાચર તથા રામા ખાચર ને મહારાજ અક્ષરઓરડીમાં બિરાજતા હતા, ત્યાં જાનબાઈ મહારાજને બોલાવવા માટે ગયાં. ત્યાં મોટીબા તથા લાડુબાઈ તથા રાજબાઈ એ બેઠાં હતાં. પછી મહારાજને ખાચર રામા તથા દેહા કહે જે, "ચાલો અમારે ઉતારે જમવા."

તે સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા ને ઢોલિયા ઉપર આડે પડખે સૂતા હતા, તે બેય ચરણારવિંદ તેના હૃદયને વિશે આપ્યાં ને માથે હાથ મૂક્યો ને કહ્યું જે, "બેઈની નાની ઉંમર છે, તોપણ બેય ડાહ્યા છે ને બાળકપણું નથી. માટે બેય બહુ સારા થશે ને બહુ સારા હરિભક્ત થશે." એમ કહી માથા ઉપર હાથ મૂક્યો. **"આ નાનો દીકરો દેહો ખાચર મહાબુદ્ધિવાન ને ભગવદી થશે ને મોટો પણ સારો ને ભક્ત થશે."** એવી રીતે કહ્યું. ને જાનબાઈને કહ્યું જે, "આ બે દીકરાને ઘરે મોકલી આપો ને જસો ખાચર તમને કનડે છે, માટે તમે અહીં રહો." એમ કહી જય સચ્ચિદાનંદ કહી પરમહંસ સહિત નાજા ભગતને ઘેર જમવા પધાર્યા. ને ઓત્રાદા બારની ઓસરીએ બાજોઠ ઉપર બેસી નાહ્યા.

પછી ચાખડીએ ચડી ઓસરીમાં બાજોઠ ઉપર રેશમી આસન ઉપર વિરાજમાન થયા. પછી આગળ બીજો બાજોઠ મૂક્યો ને મહારાજ જમ્યા. અને પછી તે થાળ જાનબાઈ તથા દેહા ખાચર તથા રામા ખાચર તથા મીણબાઈ ને કાનાભગતને આપ્યો. પછી મહારાજ કમર બાંધી સર્વ પરમહંસ તથા સાધુ, બ્રહ્મચારીને મોતૈયા લાડુ લઈ સર્વેને પંગતમાં પીરસી જમાડ્યા. અને સાંખ્યયોગી ડોશીયોને જમાડવાની મૂળજી બ્રહ્મચારીને આજ્ઞા કરી.

પછી મહારાજ નાજા જોગિયાના ઓત્રાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી ખાચર રામા તથા દેહાએ ચંદન-પુષ્પથી પૂજા કરી. અને જાનબાઈએ ભારે ધોતિયું બસે રૂપિયાનું મહારાજ સારુ નગરથી લાવ્યાં હતાં તે માથે બંધાવ્યું. ને રાતી સાટમની ડગલી પેરાવી અને રાતી ચુનડિયાનો સુરવાળ પેરાવ્યો. અને કેડે કાળા છેડાનું સોનેરી ધોતિયું બંધાવ્યું અને એક સોનેરી છેડા તથા કોરનું પાસે રખાવ્યું અને હાથનો ભરેલ એક રાતો રૂમાલ મહારાજના હાથમાં આપ્યો. સો રૂપિયા આગળ મૂક્યા. કપૂરની આરતી ઉતારીને પાંચે જણ મહારાજને પગે લાગ્યાં.

❊ મીણબાઈ સાથે સંવાદ, સમાધિ અને જાનબાયાદિકનાં દિવ્ય દર્શન :

પછી મહારાજે દેહા ખાચર તથા રામા ખાચર તથા કાના ભગતને હાર આપ્યા. મીણબાઈ દસ રૂપિયા ભેટ મૂકી પગે લાગ્યાં. એક સોઢીબાઈ કરીને બીજાં હતાં. તે પણ મહારાજને પાંચ રૂપિયા મૂકી પગે લાગ્યાં. પછી મીણબાઈને મહારાજે કહ્યું જે, “તમારે કાંઈ કહેવાનું હોય તે કહો.” ત્યારે મીણબાઈએ મહારાજની સ્તુતિ કરી, “હે મહારાજ ! મારી અવસ્થા નાની અને મારું શરીર બહુ ઊંચું એટલે મારા સંબંધી હસે છે.” પછી મહારાજ કહે જે, “તમારું શરીર કાંઈ ઊંચું નથી, તમારાથી તો અમે ઊંચા છૈએ.” પછી મહારાજ ઢોલિયા ઉપરથી પંડે ઊભા થયા ને કહે જે, “દીકરી તું અહીં આવ.” પછી મીણબાઈ આવી ઊભાં રહ્યાં. પછી મહારાજ તેનાથી ઊંચા લાગ્યા.

અને તે વખતે મહારાજનું દિવ્ય સ્વરૂપ જોઈ તેને સમાધિ થઈ ગઈ. ને એવું જણાણું કે જાનબાઈ, દેહા ખાચર તથા સોઢીબાઈ, રામો ખાચર ને કાનોભક્ત વગેરે મહાતેજોમય દિવ્ય સ્વરૂપે જોયા અને એ ફળી આદિ સર્વે અક્ષરધામ તુલ્ય છે એવું જણાયું.

પછી મીણબાઈ જાગૃત થયાં અને મહારાજને હાથ જોડી નમસ્કાર કરી સ્તુતિ કરી કહે જે, "હે મહારાજ ! તમારા સ્વરૂપનું દર્શન કરાવી મને નિશ્ચય કરાવ્યો, તેમ જ મારા મામા જસા ખાચરને બગડ પધારી દર્શન કરાવો તો અમે સુખી થઈએ." પછી મહારાજે પ્રસન્ન થઈને તે વાત કબૂલ કરી. અને કહે જે, "તમે હવે જાનબાઈ સહિત ઘરે જાઓ ને તમને જસો ખાચર કોઈ પ્રકારે દુઃખવશે નહીં." પછી મહારાજની તેમણે આજ્ઞા માની ને મોટા કરીમને કહ્યું જે, "તમે બગડ મૂકી આવો." ને મુક્તાનંદસ્વામીને આજ્ઞા કરી જે, "તમે બગડ જઈને જસા ખાચરને રામકથા સંભળાવીને તેમને સત્સંગી કરો. એ સત્સંગી થશે." એવી રીતે મુક્તાનંદસ્વામીને આજ્ઞા કરી.

❋ જસા ખાચરને દિવ્ય દર્શન અને નિશ્ચય :

તે જ વખતે જસો ખાચર બગડ હતા, તેને પ્રત્યક્ષ મહારાજના દિવ્ય સ્વરૂપનું દર્શન થયું. ને સર્વ ઉપાધિનો ત્યાગ કરી મહારાજને ચરણે થયા. અને તેમનાં જોવામાં એમ આવ્યું કે, આ મુક્તાનંદસ્વામી આવ્યા છે ને તે મને બોધ આપી ગઢડે લઈ ગયા. અને મહારાજ લિંબડા તળે બેઠા છે અને મને બોલાવી ઉત્તમરાજાને ભલામણ આપી જે, એમની બરદાસ રાખજો ને હાથે કરી વર્તમાન ધરાવ્યાં. પછી મહારાજ કહે જે, 'તમે માંગો.' પછી જસા ખાચર કહે જે, **'તમારા ચરણારવિંદમાં સદાય રાખો ને બગડ પધારો એ હું માંગું છું.'**

પછી મહારાજ બગડ આવ્યા ને તેના ઓત્રાદા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. ને મહારાજ તથા સાધુને જમાડી સોળ ઉપચારે કરી પૂજા કરીને ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. તે વખત તેમની સ્ત્રી જાનબાઈ કહે જે, 'અમારા ગામમાં શાહુકાર વાણિયો જેઠો છે. તેને ઘેર પધારવાનું છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'બહુ સારું.'

પછી મહારાજ તથા સર્વે અસવાર સહિત ગાજતે-વાજતે તે વાણિયાને ઘેર પધાર્યા. તે વાણિયાના ઘરની આગળ એક મોટી જુવાર નાંખવાની ખાણ ખાલી હતી. તે ખાણ ઉપર મહારાજ ઘોડીએ ચડી ઊભા રહ્યા તેવી ઘોડી ખાણમાં ઊતરી ગઈ ને તેવી જ મહારાજ તથા ઘોડી ખાણમાંથી બહાર નીસરી ગયા. ને જેવી અક્ષરધામમાં મૂર્તિ છે, તેવી દિવ્યરૂપ મૂર્તિ દેખાણી ને માણકી ઘોડી ગરુડરૂપે દેખાણી. તે જસા ખાચર તથા મામૈયા ખાચર તથા ઓઘડ ખાચર એ સર્વેને દિવ્યરૂપ દેખાણું. એવું તે જસા ખાચર બગડમાં સૂતાં-સૂતાં જાગતા હતા, તેવામાં ત્યાં લક્ષની સાથે સમાધિમાં જણાણું. તે મહારાજે જે વખત સંકલ્પ કર્યો, તે જ વખતે તે દેખવામાં આવ્યું.

પછી તે વાત એમણે મનમાં રાખી ને તે પ્રમાણે સર્વ ક્રિયા થઈ. એવી રીતનો એક અદ્‌ભુત પરચો મહારાજે આગમથી આપ્યો. તે દિશમાત્ર લખ્યો છે. એવી એ નાજા ભગતના ખોરડાની મહાપ્રસાદીની વાત છે. ॥૧૯૫॥

એક વખત દેવદાન રાવળને ઘરે મહારાજ પધાર્યા હતા. ત્યાંનું

ચરિત્ર નં.૧૯૬

દેવદાન રાવળનું ગાન અને શ્રીહરિની પ્રસન્નતા

ગઢપુરમાં એક વખત દેવદાન રાવળને ઘરે મહારાજ પધાર્યા હતા. ત્યાં રાણા રાવળ તથા સાર્દુલ એ દેવદાનના બે દીકરાએ મહારાજને હવેજિયા ડોડા કરી જમાડ્યા. ને દેવદાન રાવળે રવાજ વગાડી શંકરના વિવાહની વાત માંડી હતી. તે વખતે દેવદાન રાવળને નારદ તથા તુંબરુનાં દર્શન થયાં. ને તેમણે ઘણું ગાન કર્યું. તે જોઈ તે ઘણો આશ્ચર્ય પામ્યો.

પછી મહારાજે તેને શંકર માની પેરેલી ડગલી આપી ને રાણાને માથે બાંધવાનો ભારે રેંટો આપ્યો ને સાર્દુલને પાસે રાખવાનો એક રેંટો આપ્યો. એ રીતે એક અદ્ભુત ચરિત્ર કર્યું છે. ॥૧૯૬॥

બોટાદને ઝાંપે મોટી ફૂઈ(જીવુબા)નો વંડો કહેવાય છે, તે ધજાગરાવાળાથી ઓળખાય છે. ત્યાંનું

ચરિત્ર નં.૧૯૭

કાળભૈરવ, વીરભદ્રની કુસ્તી તથા શિવાદિકનું આગમન

ગઢપુરને વિશે બોટાદને ઝાંપે મોટી ફૂઈ(જીવુબા)નો વંડો કહેવાય છે. તે ધજાગરાવાળાથી ઓળખાય છે. તે વંડામાં એક મંચ પડ્યો હતો અને તે ઉપર એક માદરપાટ નાંખેલો હતો ને માથે ચંદની બાંધી હતી. ત્યાં મહારાજે કપિલા છઠનો સમૈયો કર્યો. ત્યારે ત્યાં સભા ભરાતી. એક દિવસે એટલે એક કપિલા છઠને દિવસે સાંજ સમે સભા કરી મહારાજ વિરાજમાન થયા હતા. અને દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

મશાલ વખતે(સંધ્યા સમયે) કાળા અને મહા પહેલવાન એવા બે પુરુષ મલ્લને વેષે આવ્યા. અને મહારાજને નમસ્કાર કરી ચરણારવિંદનો સ્પર્શ કર્યો. તે વખતે સુરતના એક હરિજને બરફી લાવી મહારાજ આગળ મૂકી, તે મહારાજ જમતા હતા. તે એ બેય મલ્લના વેષને ધરી રહેલા પુરુષોને પ્રસાદી આપી. તે ઊભા ઊભા જમી ગયા. તેણે મરાઠી ભાષામાં મહારાજની ઘણી સ્તુતિ કરી ચરણારવિંદ હૃદયને વિશે લીધાં.

ને પછી કહે જે, "અમને આજ્ઞા હોય તો અમે બે જણ કુસ્તી કરીએ." પછી બંને જણા મહાપ્રચંડ રીતે કુસ્તી કરવા લાગ્યા. અને

બેય જણ ખંભોખંભ પહેલાવેલા આવ્યા અને પછી ઢીકોઢીક આવ્યા. અને પછી સામસામા પ્રચંડ યુદ્ધની માફક કુસ્તી કરવા માંડ્યા. તેનો પ્રચંદો(પડછંદાના) શબ્દનો આકાશમાં ઘોષ થવા લાગ્યો. તે વખત એકનું અષ્ટભુજાનું સ્વરૂપ દેખાવા લાગ્યું ને એકના હજાર ભુજ દેખાવા લાગ્યા ને આકાશમાં 'શાબાશ... શાબાશ...' એવો શબ્દ થવા લાગ્યો.

તે વખતે એક પોઠિયા ઉપર શંકર ને પાર્વતીએ ભસ્મ ચોળેલ અને અતીતને વેશે તે સભાના ઉત્તર ભાગમાં સર્વના દેખવામાં આવ્યાં. ને તેના મોઢામાંથી એવો શબ્દ નીકળવા લાગ્યો કે, 'શાબાશ... શાબાશ...' તે વખત વાદળાની ઘટા આકાશને વિશે થઈ હતી ને વીજળીના ચમકારા થતા અને આકાશમાં 'જયજય..' એવો શબ્દ થતો. અને મેઘ એકતારે એવી રીતે ગાજ્યા કરતો કે જાણે વાજિંત્ર વાજે છે ! એવી રીતે બનેલું હતું.

પછી મહારાજે મસ્તકે બાંધવાનો રેંટો એ પોઠિયે ચડેલ અતીતને દીધો. તે માથે ચડાવી લઈને પછી પોઠિયાથી પંડે તથા તેમની સ્ત્રી એ બંને ઊતરી મહારાજના ચરણારવિંદનો સ્પર્શ કરી દંડવત કર્યા. પછી મહારાજે પાસે રાખવાનો કેરાબંધ રેંટો હતો, તે જે માતારૂપે સ્ત્રી હતાં તેને આપ્યો. તોપણ ઓલ્યા બે જણ કુસ્તી પ્રચંડ ને હાકલથી યુદ્ધની પેઠે કરવા લાગ્યા. પછી મહારાજે હાકલ મારીને કહ્યું જે, "બંધ કરો." એવા શબ્દનું ઉચ્ચારણ કર્યું.

પછી એક કિનખાબનો રેંટો કેડે બાંધવાનો હતો, તે અષ્ટ ભુજાવાળાને આપ્યો ને સહસ્ર ભુજાવાળાને કિનખાબની ડગલી આપી. પછી બંને જણા ખભા વગાડી મલ્લની પેઠે કરી, 'જય સ્વામિનારાયણ' એવો શબ્દ કરી ચાલ્યા ગયા. અને પોઠિયા ઉપર અતીત તથા એ અતીતની સ્ત્રી એ બંને ચડી ચાલ્યાં ગયાં. તે બેય ક્યાં ગયાં, તેની ખબર કાઢવા ઉત્તમરાજાએ ભગુજી તથા અલૈયાભગતને મોકલ્યા. તે

નજરવેગે પાછળ પાછળ ચાલ્યા જાય છે, તેવામાં તે ચારે અદૃશ્ય થઈ ગયા. પછી ભગુજી તથા અલૈયાભગત પાછા આવ્યા ને કહે જે, "એ તો અદૃશ્ય થઈ ગયા."

પછી ઉત્તમરાજાએ હાથ જોડી ઘણી સ્તુતિ કરી કે, "એ કોણ હશે ?" પછી મહારાજ કહે, "એ કાળભૈરવ ને વીરભદ્ર બે હતા. તે અમારી પાસે કુસ્તી કરવા આવ્યા હતા. ને શંકર ને પાર્વતી, નંદીકેશવ પોઠિયા ઉપર બેસી અમારાં દર્શન કરવા અને કપિલા છઠ છે તે દક્ષ ઘેલામાં ન્હાવા સારુ આવ્યાં હતાં." એવી રીતે કહ્યું. તે સાંભળી વિસ્મય પામ્યા. એવું તે જગ્યાએ કપિલા છઠને દિવસે મહામોટું ચરિત્ર કરેલું છે. ॥૧૯૭॥

મહારાજે મનુષ્ય ચરિત્ર તથા દિવ્ય ચરિત્ર કર્યું, તે

ચરિત્ર નં.૧૯૮

શ્રીહરિની મનુષ્યલીલા અને બાબાસાહેબ દીવાનનું સસૈન્ય આગમન

એક વખત મહારાજ દુર્ગપતનને વિશે ઉત્તમરાજાના દરબારમાં બિરાજતા હતા. ત્યાં એમ સાંભળ્યું જે, વડોદરેથી દીવાનજી બાબા સાહેબ લશ્કર લઈ સ્વામિનારાયણને ઝાલવા આવે છે. તે સમાચાર સાંભળી મહારાજે ઉત્તમરાજા તથા રાજબાઈ, જીવુબાઈ ને લાડુબાઈને બોલાવ્યા ને કહે જે, "દીવાનજી સાહેબ અમને ઝાલવા આવે છે, માટે અમને ક્યાંક સંતાડો."

તે વખત ચારેય જણે હાથ જોડી કહ્યું જે, "આ (સં.૧૮૮૩નો) દેવદિવાળીનો મોટો સમૈયો લાડુબાઈએ કરાવવા ધાર્યો છે. દેશાંતરથી હજારો હરિભક્તને કંકોત્રી લખી તેડાવ્યા છે અને આડા ચાર-પાંચ

દિવસ છે. તેમાં આમ કરશો તો જગતમાં હાંસી થાશે.” એમ વિનંતી કરીને કહ્યું, તોપણ મહારાજે માન્યું નહીં. અને નાના કરીમને કહે જે, “મુંજિયો ને ગાંડો એ બે બળદ જોડી ગાડું લાવ.” પછી તે ગાડું લાવ્યો. પછી મહારાજ ગાડે બેસી જે જગ્યાએ રાધાવાવ છે, તે પધોર એક બાવળનું ઝાડવું કુબા જેવું હતું. તેના ફરતા કંથાર(કાંટાવાળી એક પ્રકારની વનસ્પતિનાં ઝાડ)ના ઢૂંવા(ઘાટપ; ઘટા) હતા. તે જગ્યાએ ગાડું છોડાવી માંહિલી કોર પંડે ખાટલા ઉપર ગોદડું નાખી બિરાજમાન થયા અને પાળાઓને આજ્ઞા કરી કે, “બંદૂકો બાંધી ચોકી કરો.”

તે વખત કાઠી, પાર્ષદો તથા ઉત્તમરાજા વિગેરે ત્યાં આવી પહોંચ્યા. અને તે વખત મહારાજે એવું મનુષ્યચરિત્ર કર્યું કે, બીકણની પેઠે ‘મને સંતાડો ! સંતાડો !’ એમ જ કહે. તે જ વખત જીવુબાઈ, રાજબાઈ ને લાડુબાઈ વિગેરે સાંખ્યયોગી ડોશીઓ મહારાજ સારુ ભાત લઈ ત્યાં આવ્યાં. પછી મહારાજે જમી સર્વ પાર્ષદોને પ્રસાદી આપી. અને તે ડોશીઓ આગળ પણ બીનાની વાત કરવા લાગ્યા. પછી સર્વે પાર્ષદો તથા ડોશીઓ હસવા લાગ્યાં.

પછી લાડુબાઈ તથા જીવુબાઈ તથા રાજબાઈ તથા ઉત્તમરાજા કહે જે, **“હે મહારાજ ! સૂઝે એટલા બીકણ થાઓ, પણ અમારા હૃદયને વિશે પરમેશ્વરપણાનો નિશ્ચય કોઈ દિવસ આળસવાનો નથી.”** આવાં તેનાં વચન સાંભળી મહારાજ ઘણું પ્રસન્ન થયા અને કહે જે, “હવે દીવાનજીનો શો ભાર છે ? કહેશે તો શસ્ત્રે કરીને યુદ્ધ કરશું અને કહેશે તો શાસ્ત્રે કરીને સંવાદ કરશું. અને એ વ્યભિચારી ને પાપીનો શો ભાર છે ? સર્વે સત્સંગીને બોલાવો.”

❋ એકડમલોમાં વાયુનો પ્રવેશ કરાવી આમંત્રણ માટે મોકલ્યા :

એમ કહી પાંસઠ એકડમલને બોલાવ્યા અને કહે જે, “આ પાંસઠે જણને પાંસઠ ગોળની ભેલીઓ આપો. તમે પાંસઠે જણ સત્સંગ આખામાં

ફરી દેવદિવાળી ઉપર સર્વ સત્સંગીને ભેળા કરો અને કહેજો જે, મહારાજે દીવાનજી સાથે યુદ્ધ આદર્યો છે, માટે જે મોતથી બીઓ તે આવશો નહીં અને મોતથી ન બીઓ તે આવજો. એવી આજ્ઞા છે." પછી એ પાંસઠે જણાને ચરણારવિંદ આપ્યાં ને કહે જે, "તમે અમારું ધ્યાન કરો." પછી તેમણે ધ્યાન ધર્યું. એટલે મહારાજ કહે જે, "તમે વાયુને ચિંતવો." પછી વાયુને ચિંતવ્યો એટલે વાયુ મૂર્તિમાન આવ્યો. ને તેણે પાંસઠ જણમાં પ્રવેશ કર્યો, તે તેણે નજરે ભાળ્યો. ને 'જય સ્વામિનારાયણ' એવી ચીસો પાડી પાંસઠે જણ આઠે દિશાઓમાં એકદમ દોડી નીકળ્યા.

મહારાજ ગાડા ઉપર બેસી પાછા સાંજે દરબારમાં પધાર્યા ને ભગુજીને બોલાવી આજ્ઞા કરી કે, "હજારો માણસ ભેગા થશે, માટે એક મંચ ખોડાવી તે ઉપર પાટ નાંખો." પછી ભીમજીભાઈ કોઠારીએ હાલ જે જગ્યાએ મંદિરમાં ખોરડાં વેચાતાં લીધાં છે અને તે જગ્યાએ જે વંડો વાળી લીધો છે, ત્યાં સુધી તમામ મેદાન સમું કરાવ્યું. તે જગ્યાએ એક મંચ નાંખ્યો અને ત્યાં એક ચંદની મહારમણીક બાંધી. ને ત્યાં એક મોટી સભા થાય એવી રમણીક જગ્યા સમી કરાવી. ને ત્યાં તમામ જગ્યાએ નાના પ્રકારની ચંદનીઓ બાંધી છાયો કરાવ્યો.

(સં.૧૮૮૩) ને કારતક સુદ એકાદશી (તા.૧૧/૧૧/૧૮૨૬, શનિવાર) ને દિવસે દેશાવરોના હજારો સત્સંગી ભેગા થયા. તે દિવસે મહારાજ ઉત્તમરાજાના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. અને તે સમે મહારાજે જીવા ખાચરને તથા ઉત્તમરાજાના કારભારી લાધા ઠક્કરને બોલાવ્યા ને કહે જે, "આજ સવારે દીવાનજી સાહેબ અમારી સાથે લડવા આવે છે. માટે તમે બે જણ સવારના પહોરમાં સામા જાવો અને તેને એમ કહો જે, 'તમારે શસ્ત્રે કરીને લડવું હોય તો તૈયાર છીએ અને શાસ્ત્રે કરીને લડવું હોય તોપણ તૈયાર છીએ."

❋ જીવા ખાચર તથા લાધા ઠક્કરની નિષ્ઠાની પરીક્ષા :

પછી તેઓ બંને જણ સામસામું જોઈ હસ્યા ને જીવો ખાચર બોલ્યા કે, "આ તો એવું છે કે, 'બાઈ બાડી અને દેજે છાસ જાડી' એટલે પટ દઈને દોણું ફૂટી જાય. એને કે'વા જાતાવેંત જ અમારા બંનેનો નાશ થશે ને કાં તો બંધીખાને નાખશે. કેમ લાધા ઠક્કર ? હું સાચું કહું છું ને ?" ત્યારે લાધો ઠક્કર કહે જે, "ખરી વાત છે."

પછી મહારાજ કહે જે, "અમને તમો શું સમજો છો ?" ત્યારે તે કહે જે, "અમે તમને પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન અને સર્વ ખલકના કર્તા સમજીએ છીએ." ત્યારે મહારાજ કહે જે, "કેનું કર્યું થાય છે ?" ત્યારે કહે જે, "હે મહારાજ ! તમે અક્ષરાતીત કૈવલ્યમૂર્તિ છો ને સર્વ અવતારનું કારણ છો. એવો અમને પાકો નિશ્ચય છે, પણ અમારો જીવ હામ ભરતો નથી." પછી તે બંનેની વાત સાંભળી મહારાજ હસ્યા ને સર્વ સભા સામું જોયું. તે વખત હજારો માણસની સભા શૂન્ય હતી.

❋ દાદા ખાચરની નિષ્ઠાની ખુમારી :

પછી ઉત્તમરાજા સામું જોયું. તે હાથ જોડી સામા ઊભા રહી કહે જે, "હે મહારાજ ! શી આજ્ઞા છે ? હું આપનો સેવક જે કહો તે કરવા તૈયાર છું." પછી મહારાજ કહે જે, "પ્રભાત વખતે વડોદરાના દીવાનજી સાહેબ આવનાર છે. માટે તેને જઈને કહો જે, શસ્ત્રે કરીને લડવું હોય તો સ્વામિનારાયણ મહારાજ તૈયાર છે ને શાસ્ત્રે કરીને લડવું હોય તોપણ સ્વામિનારાયણ મહારાજ તૈયાર છે." પછી તે આજ્ઞા ઉત્તમરાજાએ માથે ચડાવી. તે વખત મહારાજ હસીને કહે જે, "આ બંનેના જેવો તમારે કાંઈ વિચાર થાય છે ?"

ત્યારે કહે જે, **"ના, લાજ-શરમના રાખવાવાળા તો તમે જ છો. આ દેહ નાશવંત છે અને ભગવાનને અર્થે આવે તેવાં મોટાં ભાગ્ય**

ક્યાંથી હોય !" એવી રીતે બોલ્યા. એ સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થઈ મળ્યા ને ચરણારવિંદ હૃદયને વિશે આપ્યાં. અને પોતે પહેરેલો પોશાક સર્વે આપ્યો, તેમાં બુરાનપુરનો રેંટો અને જરીની ડગલી ને જરીનો સુરવાળ અને જરીનું કેડે બાંધેલું શેલું ને જરીનો દુપટ્ટો, તે પોશાક ઉતારી સર્વ પોશાક દાદા ખાચરને પહેરાવ્યા. ને એક ભારે કટાર કેડે બાંધવા આપ્યો ને એક તલવાર આપી. તે તલવાર સુદર્શન ચક્ર જેવી આપી ને કાઠીના બસો સવાર ને ત્રણસો પાળાઓને ભેગા જાવાનો હુકમ કર્યો. ને કહે જે, "સવારના પહોરમાં બોટાદને મારગે તમો સામા જજો." તે વખત પાંસઠ એકડમલો જે દેશાંતરોમાં મોકલાવેલા હતા, તે સર્વે આવી પગે લાગ્યા. અને કહે જે, "તમામ દેશાંતરના હરિભક્તો ચાલ્યા આવે છે." અને કેટલાક એકડમલો આવ્યા તેણે કહ્યું જે, "ગુજરાતમાંથી જોબનપગી વગેરે ધારાળા લોકો હજારો માણસ ઉગામેડીએ રાત (રહ્યા) છે, તે પ્રભાતે આવશે."

પછી દરવાણીએ આવી જાહેર કર્યું કે, "દરવાજા આગળ હજારો હરિભક્ત દર્શન કરવા આવ્યા છે, તે શી આજ્ઞા છે ?" પછી દર્શન કરવાની છુટ્ટી આપી. ને નિત્યાનંદસ્વામીને આજ્ઞા કરી કે, "આ સર્વ લોકોને ખબર આપો કે, પ્રભાતના પહોરમાં જ્યાં સભાખાનું ઠરાવ્યું છે, તે જગ્યાએ સર્વે આયુધ સહિત આવે." એમ આજ્ઞા કરી. પછી નિત્યાનંદસ્વામીએ તે આજ્ઞા બધા હરિભક્તોને સંભળાવી દીધી.

પછી મહારાજ માલીકોર પધાર્યા. પછી સવારના પહોરમાં ઉત્તમરાજાએ જરીનો પોશાક મહારાજને પહેરાવ્યો. ને મહારાજે કેડ્યે તરવાર બાંધી, ઢાલ પાસે રાખી ને કમાન ને તીરનો ભાથો પાસે રાખ્યો. પછી માણકી ઘોડી ઉપર ચડી જે જગ્યાએ સભાખાનું હતું, તે જગ્યાએ પાટ ઉપર ગાદીતકિયા નંખાવ્યાં હતાં, તે ઉપર વિરાજમાન થયા. અને તે વખત હજારો પરમહંસ તથા હજારો હથિયારબંધ માણસો આવી

હાજર થયા. ને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી તેઓ દોકડ-સરોદા લઈ શૂરવીરપણાનાં કીર્તન ગાવવા માંડ્યા. અને ઉત્તમરાજા બસે કાઠીના સવાર તથા ત્રણસે પાળા સહિત મહારાજને પગે લાગીને દીવાનજી સાહેબ સામા ગયા. અને મહારાજ પાસે 'જયજય..' એવો શબ્દ વ્યાપી રહ્યો ને મહા અલૌકિક શોભા બની. ને હજારો હરિજનો મહારાજની સોળ ઉપચારે કરી પૂજા કરવા માંડી ને પોશાકો પહેરાવવા માંડ્યા, ને હજારો હરિજનો પુષ્પના હાર લાવી મહારાજને પહેરાવવા લાગ્યા. એવી મહા અલૌકિક શોભા બની.

અને તે વખત વાજિંત્ર વાજવા લાગ્યાં ને મોટી નોબતો વજાડવા માંડિયો. એવી મહા અદ્‌ભુત શોભા બની. ઉત્તમરાજા ચાલ્યા તે ગઢડાની સીમમાં એક દૂદાપર ટિંબો છે, તે જગ્યાએ જઈ સવારો સહિત ઊભા રહ્યા. તે વખત પોર દિવસ ચડ્યો હતો ને દીવાનજી સાહેબની ફોજના હજારો માણસ ત્યાં નીકળ્યા. તેને જાસૂદ મૂકી દીવાનજી સાહેબે ઊભા રખાવ્યા.

❋ મીર સાહેબને અલ્લારૂપે દર્શન :

અને મીર સફરાઅલી કે જેને મીરસાહેબ કહીને કહેતા તેને જોવા સારુ પાંચ ઘોડેસ્વાર સાથે મહારાજની પાસે સભામાં મોકલ્યા. તે મીર સફરાઅલી ઘોડેથી ઊતરી મહારાજને પગે લાગ્યા. તે વખત એને અલેક(અવર્ણનીય) નિરંજન અલ્લારૂપે મહારાજ જોવામાં આવ્યા. તે મીરસાહેબ મહારાજનો શિષ્ય હતો. તેણે સ્તુતિ કરી અને કહ્યું જે, "દીવાન સાહેબે જે નારાયણ સહિત દંડવત કહ્યા છે. અને આપની સુખશાંતિના સમાચાર પૂછ્યા છે." મહારાજ કહે જે, "દીવાનજી સાહેબને સુખે મળવું હોય તો મળે ને શાસ્ત્રે કરી વિવાદ કરવો હોય તો કરે અને શસ્ત્રે કરીને લડાઈ કરવી હોય તોપણ તૈયાર છીએ."

પછી મીરસાહેબ કહે જે, "અલેક નિરંજન એવા સાક્ષાત્ ખુદા તમો છો, તેની સાથે પામર દીવાનજી સાહેબ શું કરવાવાળો છે ? એને

કાંઈ વાતનો ગો(અભિમાન) નથી અને હું ગયા પછી તેને કોઈ જાતનો મનસૂબો પણ રહેશે નહીં.” એમ કહી પગે લાગ્યા. પછી મહારાજ કહે જે, “અમે ઉત્તમરાજાને દીવાનજી સાહેબ પાસે તમને જે વાત કહી તે વાત કહેવા મોકલ્યા છે.” પછી મીરસાહેબે જવા માટે મહારાજ પાસે આજ્ઞા માંગી ને પાછા દીવાનજી સાહેબ પાસે ગયા.

❊ બાબાસાહેબ દીવાનની શરણાગતિ :

તે વખત દીવાનજી સાહેબ દુદાપરના તળાવ પાસે પાલખીમાં બેઠેલા હતા. તે ઉત્તમરાજાને ભાળી માણસો પાસે પાલખી હેઠે ઉતરાવી. પછી ઉત્તમરાજા પણ ઘોડી ઉપરથી ઊતરી રીતસર તેની આગળ નજરાનો કર્યો. ને દીવાનજી ઉત્તમરાજાને બથમાં ઘાલી મળ્યા ને સુખ-શાંતિના સમાચાર પૂછ્યા. પછી ઉત્તમરાજા કહે જે, “મહારાજે જે નારાયણ કહ્યા છે ને સુખ-શાંતિના સમાચાર પૂછ્યા છે ને કહ્યું છે જે, દીવાનજી સાહેબને કહેજો જે શાસ્ત્રે કરીને વિવાદ કરવો હોય તો અમે તૈયાર છીએ અને શસ્ત્રે કરીને લડાઈ કરવી હોય તોપણ તૈયાર છીએ.”

પછી તે કહે જે, “ક્યાં ભગવાન ને ક્યાં જીવ ! હું તો કીડી, પતંગ જેવો તુચ્છ છું ને મારા ઉપર તો મહારાજની કૃપા જોઈએ. મારા મનમાં યુદ્ધ કરવાની ઈચ્છા હોય તો ભગવાન શિવના સોગંદ છે. હું કોઈ વાતમાં જાણતો નથી. વચલા માણસો-ગુલામો વાત વધારતા હશે અને મહારાજને મારા ઉપર રીસ છે, તેથી હું પાસે આવી શકતો નથી, પણ મારી વતી મહારાજને પગે લાગજો. હું તો એમનો ખાનાજાદ(ઘરમાં જન્મેલા નોકરનો છોકરો) ગુલામ છું. જગતમાં એમ કહે છે, ફલાણાનો પરમેશ્વર ફર્યો. તે મારો જ પરમેશ્વર ફર્યો છે કે મહારાજને મારા ઉપર કટાક્ષ...!! માટે મારા વતી સ્તુતિ કરજો. મારી એ જ અરજ છે. મહારાજ મને બ્રાહ્મણ પદવી આપે.”

પછી ઉત્તમરાજા કહે, “મહારાજનો અભિપ્રાય જોતાં એ વાત બનવાની નથી.” પછી કહે જે, “આ બોલાસ શાનો થાય છે ?” ત્યારે ઉત્તમરાજા કહે જે, “મહારાજ સભા કરીને બેઠા છે ને હજારો માણસ ભેગા થયા છે, તેનો આ બોલાસ છે.” તે વખતમાં મીરસાહેબે આવી સર્વ વૃત્તાંત કહ્યું. પછી ત્યાંથી ત્રાંસાં ચાલી નાળિયેરી ડુંગરાથી દક્ષિણાદા નીકળી ઉત્તમરાજા સહિત મલંગશા ફકીરની વાડીથી દક્ષણાદા ખેતરમાં ત્યાં ઘેલા નદીને કિનારે પડાવ કર્યો. તે વખત સર્વ લોકો એમ બોલ્યા કે, ‘આ ઉત્તમરાજાને હવે કેદ કરશે,’ પણ સર્વોપરી, સર્વ ખલકના કર્તા સ્વામિનારાયણ મહારાજના પ્રતાપથી દીવાનજીએ કેટલીક બરદાસ રાખી સન્માન કર્યું.

❋ દાદા ખાચરે દીવાનને કપિલા ગાયો આપી :

ઉત્તમરાજા મહારાજ પાસે આવ્યા અને બાબાસાહેબનું સર્વ વૃત્તાંત જણાવ્યું. મહારાજ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. બાથમાં લઈને મળ્યા. છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ને પછી ઉત્તમરાજાએ દીવાનજી સાહેબના તમામ લશ્કરને મિજમાની આપી. પછી દીવાનજી સાહેબ કહે જે, “મારે કપિલા ગાયો જોઈએ છે.” પછી દીવાનજી સાહેબને ઉત્તમરાજાએ કહ્યું જે, “અમારે કપિલા ગાયો ઘણી છે. તે જોવા મંગાવીએ, તમે જેટલી જોઈએ તેટલી રાખી લ્યો.” પછી ધણ આખું જોવા મંગાવ્યું. તેમાંથી આખી કાળી દસ કપિલા ગાયો ગમિયું. પછી કહે જે, “આના પૈસા લો.” ત્યારે ઉત્તમરાજા કહે જે, “અમે સાત પેઢીથી ગાયોને વેચતા નથી. તમને નજર કરીએ છીએ. (રાજી થઈને આપીએ છીએ.)” પછી દીવાનજી સાહેબે એ વાત કબૂલ કરી.

પછી ઉત્તમરાજા પાસે ઘોડીઓ તથા ઘોડા મંગાવી જોયા ને તેનાં ઘણાં વખાણ કર્યાં. પછી સર્વ લશ્કરને ખોરાકી-પોશાકી પહોંચાડી દીધી.

અને પછી દીવાનજી ઉત્તમરાજાને કહે જે, "તમારા વિછિયાના ગરાસ બાબત જીવા ખાચર સાથે શું થયું ?" (તે સમાચાર જાણ્યા પછી.)

તે કામ સારી રીતે થાય તે માટે પાંચ રૂપિયા રોજનો મોશલ(દંડ) જીવા ખાચર ઉપર કર્યો અને જીવા ખાચર પાસેથી દાદા ખાચરને ભાગ અપાવવા કબૂલ કરાવ્યું. પછી જીવા ખાચરને કેટલી તરેનો ઠબકો આપ્યો અને ઉત્તમરાજાને સોનાનાં કડાં, સોનાની સાંકળી, શાલ જોટો અને પાઘડી, શેલું એ રીતે પોશાક આપ્યો. કેટલાક સન્માનની સાથે માનપત્ર આપ્યું. પછી ઉત્તમરાજાએ રજા લીધી એટલે ઘોડી સુધી હાથ ઝાલી વળાવવા આવ્યા. ને કહે જે, "મહારાજને મારા સાષ્ટાંગ દંડવત કરજો ને હવે આપ તસ્દી લેશો નહીં. કામકાજ સુખેથી લખજો." એમ કહ્યું.

પછી દીવાનજી સાહેબ એક બીજા ઘોડા ઉપર ચડી નાળિયેરી ડુંગર ઉપર ચડ્યા. ત્યાં દૂરબીન લઈને જે જગ્યાએ મહારાજ બેઠા છે, તે જગ્યા જોઈ. તેમાં લક્ષાવધી મનુષ્ય દેખવામાં આવ્યા અને કેટલોક ભય લાગ્યો ને મનમાં એમ થયું જે, સ્વામિનારાયણ ભગવાન તો અધમઉદ્ધારણ ને દયાળુ છે, નહિ તો આપણને પકડી લેતા વાર લાગે નહીં. પછી એ નાળિયેરી ડુંગરા ઉપર કેટલીક સ્તુતિ કરી અને એમ વિચાર્યું કે, 'આપણે મહારાજ પાસે જઈએ,' પણ માનની નડતર ઘણી આવી તેથી ન ગયો અને પાછો ઉતારે જઈને જમ્યો.

❋ દીવાનની સ્ત્રીને મહારાજે મોક્ષનું વરદાન આપ્યું :

અને એક જુમખરામ કરીને એની પાસે દક્ષિણી બ્રાહ્મણ હતો. તે સત્સંગી હતો. તેને કહે જે, "મારી સ્ત્રીને મિયાનામાં બેસીને મહારાજ પાસે લઈ જા." ને કેટલોક સરંજામ મહારાજને ભેટ મૂકવાને રૂપાના કટોરા તથા રૂપાના થાળ તથા સોનેરી કપડાં, જડાવ પોંચી, શાલ જોટો, પીતાંબરો વિગેરે સરંજામ લઈ પોતાની સ્ત્રીને મોકલ્યાં.

પછી જુખમરામ મહારાજને કહે જે, "બાઈ સાહેબ આવે છે." પછી મહારાજ અક્ષરઓરડીમાં બેઠા હતા ત્યાં ગયાં ને પગે લાગી સર્વ સરંજામ આગળ મૂક્યો ને કહ્યું જે, **"મારો પતિ માની છે, તે આવી શક્યો નહીં ને હું તમારે શરણે આવી છું; તે મારો મોક્ષ કરજો. હું તમારી છું, માટે મારા પતિના અપરાધ સામું જોશો નહીં."** પછી મહારાજ કહે, **"તમારો મોક્ષ થશે ને તમારે માથેથી જન્મ-મરણ મટી જશે."** પછી તેને કેટલીક પ્રકારનો પ્રસાદ, હાર આપ્યા. તે લઈ તે મુકામ પર ગઈ. ને ઉત્તમરાજા પણ પાછા દરબારમાં આવ્યા.

પછી દીવાનજી સાહેબ પાછલો એક પહોર દિવસ રહ્યો તે વખત નદીના કિનારા પર ચંદની હતી, તે ચંદનીમાં ખુરશી નાખી બેઠા. ને બધા મળી સંન્યાસી અઢાર હતા, પણ તેને હજારો પરમહંસ ને અઢારસો સંન્યાસી જોવામાં આવ્યા. તેથી પોતાની સ્ત્રી તથા જુખમરામને કહે જે, "અઢારસે તો સ્વામિનારાયણને સંન્યાસી છે ને તે સિવાય પરમહંસ તથા અસંખ્ય માણસ ગણત્રી બાર છે. એમ મારા જોવામાં આવ્યું." એમ કહે છે ત્યાં સ્વામિનારાયણ 'પૂરણબ્રહ્મ પરમાત્મા છે' એમ તેના જોવામાં આવ્યું, તેથી તે આશ્ચર્ય પામ્યો. પછી સાંજ વખતે તેણે લશ્કર સહિત ચાવંડ ગામ જઈને મુકામ કર્યું.

❋ દાદા ખાચરની નિષ્ઠા તથા વિશેષતા :

સાંજ વખતે મહારાજ સભાખાનામાં મંચ ઉપર વિરાજમાન થયા. એ વખત જીવો ખાચર તથા લાધો કામદાર મહારાજને પગે લાગવા આવ્યા. તેને જોઈ મહારાજ હસ્યા અને પછી મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકસ્વામી વિગેરેના દેખતાં જીવા ખાચરને કહે જે, "તમે કહો છો જે, ઉત્તમરાજા એટલે દાદા ખાચર તેનું બહુ રાખો છો અને અમારું રાખતા નથી. તેનું કારણ એ છે જે, તમમાં ને એમનામાં કેટલો ફેર છે ? તમે અમને

બરોબર ભગવાન સમજતા નથી અને દાદા ખાચર અમને અંતર્યામી જાણે છે. તથા કાળ, માયા આદિકના નિયંતા અને સર્વ પ્રાણીમાત્રના સાક્ષી એવા પુરુષોત્તમ નારાયણ સમજે છે. અને તમે એમ સમજતા નથી. આમાં તમારે શું નફો થયો ? અને એને શું નુકશાન થયું ? એને કોઈ બંદીખાનું મળ્યું નહીં, પરંતુ ઊલટું તમે જે વિછિયાનો ભાગ મેળવવા ઈચ્છતા હતા, તે તમારી પાસેથી વિછિયાનો ભાગ એને મળ્યો ને એનું કેટલુંક સન્માન થયું ! આવો ભગવાનનો પ્રતાપ છે.

અમારી(મહારાજ) સાથે તેને વેરભાવ છે, પણ ઉત્તમરાજા ઉપર તેની મહેરબાની છે, તેનું એ જ ફળ(કારણ) છે કે, એ અમને અંતર્યામી જાણે છે ને તમે અમને અંતર્યામી જાણતા નથી. વળી એમણે ભગવાનને સર્વસ્વ સોંપી દીધું છે. તેથી હું એને વશ થયો છું. માટે કોઈનું બગાડ્યું એનું બગડે નહીં.” તે સાંભળી જીવો ખાચર કહે જે, “હે મહારાજ ! એ વાત ખરી છે. તમે જેમ કહ્યું તેવી રીતે જ દાદે ખાચરે દીવાન સાહેબની સર્વ વૃત્તાંતની વાત કરી. એ વાત સાંભળતાં દીવાન સાહેબ ટાઢાબોળ થઈ નરમ થઈ ગયા અને ઊલટું દાદા ખાચરનું સન્માન થયું, તે ફાયદો થયો. આ જ ભગવાનના અંતર્યામીપણાની ખૂબી છે. **હે મહારાજ ! આપ તો અધમઉદ્ધારણ છો. માટે અમારા અપરાધ સામું જોશો નહીં. અમે તો અપરાધી છીએ. માટે તમે તમારા બિરુદ સામું જોઈ અમને તારજો.”** એમ જીવા ખાચરે કહ્યું.

તેટલામાં મશાલો આવી. તેથી સર્વએ ઊભા થઈ મહારાજનાં દર્શન કર્યાં. પછી ઉત્તમરાજા આવી મહારાજને પગે લાગ્યા અને ઝીણાભાઈ, સુરા ખાચર, સોમલા ખાચર, વસ્તા ખાચર વિગેરે બસો સવારો અને ત્રણસો પાળા એ તમામ મહારાજને પગે લાગ્યા. પછી મહારાજ મંચ ઉપરથી ઊતરી દાદા ખાચરને મળ્યા ને સર્વ અસવારો તથા પાળાઓને પણ મળ્યા. પછી મંચ ઉપર બેઠા. ત્યારે પહેલા-વેલા

દાદા ખાચરે શ્રીહરિનાં ચરણારવિંદ છાતીમાં લીધાં. પછી ઝીણાભાઈ વિગેરે સર્વ અસવારોએ તથા પાળાઓએ ચરણારવિંદ લીધાં. પછી ઉત્તમરાજાએ સર્વ વૃત્તાંતની વાત કહી દેખાડી. તે જ પ્રમાણે ઝીણાભાઈ તથા સોમલા ખાચરે સર્વે વાત કહી. તે સાંભળી મહારાજ ઉત્તમરાજા ઉપર ઘણા પ્રસન્ન થયા.

પછી રામા હાલિકા પાસેથી એક માણકી ઘોડી લીધી હતી, તેની વછેરી માંકડી માણકી તથા બીજી મીણાપરથી માણકી ઘોડી લીધેલી હતી, તેની વછેરી ક્યાડી એ બેય ઘોડીઓને સુવર્ણના સામાને સહિત શણગારીને ઉત્તમરાજાને હેતથી આપી અને ઘણા પ્રસન્ન થયા. પછી તે વખતે શ્રીહરિએ ઘણી સાકર મગાવી. અને પોતાને હાથે સર્વ હરિજનને સાકર વહેંચી આપી.

તે સમયે સર્વે હરિભક્તોએ સ્વામિનારાયણના નામની જય બોલાવી. એવી રીતે મહારાજે મનુષ્યચરિત્ર તથા દિવ્ય ચરિત્ર કર્યું. ને દશમથી તે પૂરણમાસી સુધી ગઢપુરમાં વિરાજીને ભક્તોને સુખી કરવા માટે મહામોટો સમૈયો કર્યો. એવી રીતે એ જગ્યા મહા પ્રસાદીની છે. તે દિશમાત્ર લખ્યું છે. ધર્મપુત્ર શ્રીહરિએ પોતાના ભક્તજનોને સુખ આપનારું પરમ પવિત્ર, દિવ્ય અને અનુપમ આ ચરિત્ર કર્યું. આ ચરિત્ર કહેવા કે સાંભળવાથી બધા જ અશુભ અને અમંગળને નાશ કરનારું છે. ॥૧૯૮॥

દાદા ખાચરની પાટી ઉગમણી કોર જે જગ્યાએ અમરો કસોર રહેતા તે કહેવાય છે. ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૧૯૯

સચ્ચિદાનંદસ્વામી દ્વારા મરકીના રોગથી ભક્તોની રક્ષા

એક વખત ગઢપુરમાં મરકીનો રોગ આવ્યો હતો. તે રોગથી ઘણા લોકો મરી ગયા હતા. તેવા સમયે એક વખત અમરો કસોર તથા તેના દીકરા જીવો કસોર તથા નારણ ખવાસ અને ગાંગો ભગત ને દેવજી નારણ સથવારો વિગેરે મહારાજ પાસે આવી કહે છે, “આ ગામમાં વાયાનું દરદ આવ્યું છે ને માણસો મરી જાય છે. માટે અમને ઘણી ભે લાગે છે. અને બધાય મળી ઉઘરાણું કરી તમને રસોઈ આપવાનું ઠરાવ્યું છે માટે પધારો.” પછી મહારાજ કહે જે, “કોણ રસોઈ આપે છે ?” પછી મહારાજને કહ્યું જે, “આ અમરો કસોર રસોઈ આપે છે.”

પછી સવારે રસોઈ તૈયાર કરાવી પછી મહારાજ અમરા કસોરના ઉગમણા બારના ઓરડાની ઓસરીએ આવી પાધરા જ જમવાના બાજોઠ ઉપર વિરાજમાન થયા. અને ઉત્તમરાજા સહિત મૂળજી બ્રહ્મચારી થાળ લાવ્યા તે જમ્યા. તે વખત અમરા કસોરે એક ભારે ગાય મહારાજને દૂધ પીવા આપી, ને દેવજી સથવારે એક બગસરાનો ચોફાળ ઓઢાડ્યો. પછી મહારાજે પંડે પીરસી સાધુ તથા બ્રહ્મચારીને સર્વેને જમાડ્યા. તે વખત સચ્ચિદાનંદસ્વામી પણ ભેગા હતા.

પછી જમી રહ્યા પછી એ તમામ પાટીમાં સર્વેએ મહારાજને ઘરે પધરાવ્યા. તે વખતે તમામ જુએ છે, ત્યાં ચોસઠ જોગણીઓ દેખવામાં આવી. ને તે કાળાં વસ્ત્ર ને ત્રિશૂળનું આયુધ ને ગધાડાનું વાહન, સિંદૂરની આડ્ય; એવી ભયંકર ભાળી. તેને જોઈ સચ્ચિદાનંદસ્વામી

એક કૂવો ગાળવાની મોટી સાંગડી લોઢાની ફળીમાં પડેલી હતી કે જે દસ માણસથી પણ ઉપડે નહીં, એવી તેને લાકડીની માફક લઈને માથા ઉપર ફેરવીને લઈને જોગણીઓ પાછળ દોડ્યા. તેને મગરપાટ લગણ તગડિયું.

પછી પાછા વળ્યા ત્યાં તેવા જ વેશને ધરી રહેલી એક મરઘી નામની જેના હાથમાં ખપર અને સાતમુખા સ્વાન ઉપર ચડેલી સામી મળી. તેણે સચ્ચિદાનંદસ્વામી સામો ત્રિશૂલનો ઘા કર્યો. સ્વામીએ તેના સાંગડી વડે સત્તર કટકા કરી નાંખ્યા. પછી સચ્ચિદાનંદસ્વામી બોલ્યા કે, "હે રંડી ! કાલ ઉપવાસ કરીશ પણ તું તો લેતી જા." એમ કહી એક સાંગ તેના બ્રહ્મરંધ્રમાં મારી એટલે તેને મોઢે ઓઝ(ફીણ) આવ્યા ને પડી ગઈ. અને એનું વાહન સ્વાન તે પણ મૂર્છાગત થયો. પછી સાંગ ઉપાડી એટલે કહે જે, "હું અબળા સ્ત્રી છું. તે તમારે શરણે આવી છું, તે બચાવો." એમ કહી પગે લાગી નાસી ગઈ. પછી સ્વામી પાછા અમરા કસોરના ફળિયામાં મહારાજ ઊભા હતા, તેને સર્વે વાત કહી દેખાડી. પછી મહારાજ દરબારમાં પધાર્યા. એવું મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૧૯૯॥

મગરપાટથી દક્ષણાદી ઉત્તમરાજાની પાટી છે. ત્યાંનું

ચરિત્ર નં.૨૦૦

સચ્ચિદાનંદસ્વામી દ્વારા બાવન વીરોનો પરાજય અને તેમની મુક્તિ

અમરા કસોરને ત્યાં મગરપાટ નામના સ્થાનમાં મહારાજ ગયા હતા. તેને બીજે દિવસે દાદા ખાચરની પાટીમાં રહેનારા ભક્તજનો સુરાજી તથા સબળાજી તથા જેઠીજી તથા મૂળીબા વિગેરેએ મહારાજને પોતાને ઘરે પરમહંસ સહિત જમાડવા માટે રસોઈ કરાવી હતી. તે બોલાવવા આવ્યા, તેથી મહારાજ માણકી ઘોડીએ ચડી પરમહંસ સહિત તેને ઘરે પધાર્યા. ને અયોધ્યાવાસી મહારાજના ભાઈ ઇચ્છારામજી તથા રામપ્રતાપજી તેમને ચોકે રસોઈ કરાવી હતી.

ત્યાં મહારાજ ઉત્તમરાજા સહિત જમ્યા અને અડદનાં વડાં તથા દહીંનાં વડાં તથા પનાવડાં જમ્યા ને તેનાં બહુ વખાણ કર્યાં. અને પછી ધર્મકુળને જમાડીને બ્રહ્મચારી તથા પરમહંસ, પાળા, હરિભક્ત, સંન્યાસી, એકડમલ વિગેરેને જમાડ્યા ને પછી સબળાજીની ઓત્રાદા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા હતા. ત્યાં તેણે એક તાજણ જાતની ઘોડી મહારાજને અર્પણ કરી સોળ ઉપચારથી પૂજા કરી આરતી ઉતારી સર્વને વસ્ત્ર ઓઢાડ્યાં.

તે વખત સચ્ચિદાનંદસ્વામીએ આવી એક ગુલાબનો હાર મહારાજને પહેરાવ્યો. પછી મહારાજે ચપટી વજાડી એટલે સચ્ચિદાનંદ સ્વામીએ સામું જોયું, એટલે મહારાજે હાથ ઊંચો કર્યો. ત્યાં ચોસઠ જોગણીઓ ને બાવન વીર સચ્ચિદાનંદસ્વામીના દેખવામાં આવ્યાં. તે વખત ફળિયામાં એકવીસ હાથનો આડસરનો ડાંડો પડેલો હતો. તે

હાથમાં લઈ કહે જે, "કાલનો એક ઉપવાસ આજ છે અને વળી બીજો કાલ કરીશ પણ તમે તો રાંડો લેતીઓ જાઓ."

પછી તે જોગણીઓ તો નાસી ગઈઓ અને બાવન વીર ત્રિશૂલ લઈ સામા થયા. તેને એક ડાંડાથી પ્રહાર કર્યો. તેથી સબળાજીનું સામું ઓત્રાદી તરફનું કોઢિયું હતું, તે ઉપર પડ્યા. તેથી કોઢિયું પડી ગયું. અને બીજો ડાંડો માર્યો એટલે કહે જે, "અમે ધરમદ્દુવાર માંગીએ છીએ." ને ત્રીજો ડાંડો ઉપાડ્યો એટલે કહે જે, "હવે મારો તો તમને સ્વામિનારાયણની આણ છે. અમે તમારે શરણે છીએ. શરણાગતને મારવાનું મહાપાપ છે." એમ કહીને કહે જે, "આ તપેલાઓમાં સહુ સાધુના (ચળુની પ્રસાદીનું) પાણી છે, તે અમને પીવા આપો. અને ભલા થઈને અહીંથી તમે દૂર ખસો."

પછી તે બાવને જણા સાત તપેલા પી ગયા. તે તમામ માણસોએ નજરે ભાળ્યું અને તે એંઠવાડમાં આળોટી, મહારાજનાં દર્શન નીરખીને કર્યાં અને સ્તુતિ કરી જે, "અમે અનેક જન્મોના પાપી છીએ. માટે અમારો ઉદ્ધાર કરો." પછી મહારાજ કહે જે, "ખળખળિયાના ઘાટમાં ન્હાવો એટલે તમારો મોક્ષ થશે." પછી તે નાસી ગયા. એવી રીતે ત્યાં એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.

❊ મહારાજે ભક્તો દ્વારા ચૂડેલો ભગાડી :

પછી તે જગ્યાએ તમામ પાટીમાં ખોરડાએ મહારાજ ઘરોઘર ફર્યા. એક હમીર ચુડાસમાનાં ખોરડાં હતાં. તેમાં નાન કોઠારી કહે જે, "આમાં ચિકોતરો તથા ચૂડેલ રહે છે." પછી મોટા કરીમ તથા નાના કરીમને આજ્ઞા કરી કે, "ચૂડેલના સ્થાનકમાં તમે પેશાબ કરો એટલે ચૂડેલ ભાગી જશે !" પછી તેણે તેમ કર્યું એટલે ચૂડેલો ભાગી ગઈ.

❋ વિરસલ ગઢવીના પૂર્વજોનો ઉદ્ધાર :

પછી મહારાજ ઘોડીએ ચડી ચાલ્યા એટલે પરજિયા ચારણ વિરસલ ગઢવી મહારાજ આડો ફરી કહે જે, "મારે ઘરે પધારો." તે વિરસલ ગઢવીનાં ખોરડાં હાલ રામજી ઠક્કર તથા વશરામ ઠક્કર રહે છે, તે જગ્યાએ તેનો મોટો ડેલીબંધ દરવાજો હતો. ત્યાં સંત તથા સર્વ હરિભક્ત સહિત પધાર્યા. પછી ત્યાં હાલ રામજી ઠક્કર તથા વશરામ ઠક્કરનાં ખોરડાં છે, ત્યાં તેનાં ખોરડાં હતાં ત્યાં મહારાજ પધાર્યા. અને તેણે માળવાની બસે રૂપિયાની કિંમતની લોબડી(બારીક વણાટવાળી ઊનની) કરીને એક ધાબળી હતી, તે મહારાજને ઓઢાડી, ને સર્વ સભાને તલનો એકેકો લાડવો આપ્યો અને વસ્ત્ર ઓઢાડ્યાં.

પછી તેની સ્ત્રી આવી પગે લાગી અને ધૂણવા માંડી. પછી મહારાજ કહે જે, "તું કોણ છે ?" ત્યારે તે કહે જે, "એ મારા તમામ પૂર્વજો છે તે કહે છે કે, મહારાજ સાક્ષાત્ પૂરણબ્રહ્મ પરમાત્મા નારાયણ છે. તે તમે ન તારો ત્યારે બીજું કોણ તારે ? અને અમે અસુરગતિને પામ્યા છીએ તે અસુરગતિ ને અસુરગતિ રહે તે અમારી શી અભાગ્ય ? માટે હે મહારાજ ! અમારો મોક્ષ થાય તેવો ઉપાય કરો." એમ બોલી.

પછી મહારાજ પાસે એક પાણીનો કળશિયો ભરેલો હતો. તે છાંટ્યો એટલે તે સ્ત્રી કહે જે, "અમારા પૂર્વજોનો મોક્ષ થયો ને આ બધા સ્વર્ગમાં ચાલ્યા જાય છે." એમ બોલી. અને મહારાજની આગળ બસો રૂપિયા મૂક્યા. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કરેલું છે. તેના ફળીમાં મહારાજ અનેક વખત પધારેલા છે ને ત્યાં સાધુઓને જમાડ્યા છે. અને તે મહા રમણીક પ્રસાદીની જગ્યા છે.

❋ વિરસલ ગઢવીને એક વરસ સુધી પ્રસાદીનો થાળ આપ્યો :


એક વખત મહારાજ તેમને ત્યાં પધારેલા હતા ને મહારાજને

રમૂજ કરીને ખુશી કર્યા. પછી મહારાજે તેને એક વરસ દિવસ સુધી થાળ આપવાનું કર્યું એટલે વિરસલ ગઢવી વરસ દિવસ સુધી થાળ જમ્યા. પછી તેના ઉપર મહારાજ ઘણા પ્રસન્ન થયા. એવું એક મોટું પ્રસાદીનું સ્થાન છે. ।।૨૦૦।।

અડતાળાના ઝાંપેથી બોટાદને ઝાંપે જવાનો રસ્તો, તેથી આથમણી બાજુએ ઉકા ખાચરનાં ખોરડાં છે. તે હાલ જાનબાઈવાળો વંડો કહેવાય છે. તે વંડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૦૧

ઉકા ખાચરની સેવાની પ્રશંસા



અડતાળાના ઝાંપેથી બોટાદને ઝાંપે જવાનો રસ્તો તેથી આથમણી બાજુએ ઉકા ખાચરનાં ખોરડાં છે. તે હાલ જાનબાઈવાળો વંડો કહેવાય છે. તે વંડામાં ઉકા ખાચરે મહારાજને પધરાવ્યા હતા અને ત્યાં રસોઈ આપી મહારાજને જમાડ્યા. ને પછી એક બોરીનો ચોફાળ મહારાજને

ઓઢાડ્યો ને પરમહંસોને વસ્ત્ર ઓઢાડ્યાં ને પગે લાગ્યા. અને મહારાજ એમ બોલ્યા જે, **"આ ઉકો ખાચર સંતની ઘણી સેવા કરે છે, તેથી આનો જીવ અક્ષરના જેવો મહા શુદ્ધ થઈ ગયો છે. તેમાં કાંઈ સંશય નથી. સાધુની એવી સેવા કરે છે કે, લઘુના ખાડા ધોવે છે અને માંદા સાધુને લોહીખંડ પેટબેસણું હોય તો તે ધોવે છે. આવી સેવાનો કરવાવાળો કોઈ આ સત્સંગમાં નથી."** એમ કહી વખાણ કર્યાં. પછી (નીલકંઠ મહાદેવના પુજારી) બાવા ભોજગરના ફળીમાં લીંબડો છે, તે જગ્યાએ વિરાજમાન થયા. અને ત્યાં મહારાજની તેમણે ઘણી સેવા કરી પગ ચાંપ્યા ને પાકાં ચીભડાં જમાડ્યાં.

❋ શેખજીની સેવા અને નિષ્ઠાનાં વખાણ :

પછી મહારાજ ત્યાંથી ઊઠ્યા એટલે શેખજી મહારાજને પોતાના ઘરે લઈ ગયો. તે વંડાની જગ્યા તો ઉત્તમરાજાની હતી અને તેનો કાટ વિગેરે શેખજીનો હતો. તે કાટ વગેરે શેખજીએ મહારાજને કૃષ્ણાર્પણ આપ્યો. તે વખત ઉત્તમરાજાએ કહ્યું જે, "હે મહારાજ ! આ શેખજીએ અમારા ગરાસ સંબંધી ઘણી મહેનત કરી છે. માટે આ જગ્યા પણ અમે શેખજીની ચાકરી બદલ તમને કૃષ્ણાર્પણ આપીએ છીએ." તે સાંભળી મહારાજ કહે જે, "શેખજીને ધન્ય છે જે, તમારી એકનિષ્ઠાથી ચાકરી કરી ને તમને ધન્ય છે જે, શેખજીનો આલોક-પરલોક સુધાર્યો. અને યવન જાતિ છે, પણ અમારા સ્વરૂપની ખરી નિષ્ઠા તેના જેવી કોઈની નથી."

પછી તે વખત લાધા ઠક્કરે મર્મ કર્યો કે, "જે હરિજન દેહ મૂકે છે ને જે વિમાનમાં બેસી ભગવાનના ધામમાં જાય છે ને મુક્ત થાય છે, તે મુક્ત આ શેખજીની દાઢી સોસરા થઈને જાય છે ને તે મુક્તોની પેજારો લાગી(પગરખાં ઘસાઈ)ને સોંસરો રસ્તો પડી રહ્યો છે." તે

સાંભળી સર્વ હસ્યા ને મહારાજ કહે જે, "મુક્તોની પેજારો ક્યાંથી હોય ?" આમ એ જગ્યાએ એક ચરિત્ર કરેલું છે. ॥૨૦૧॥

એ શેરીથી ઉગમણી તરફ ખાંચામાં હાલ દાસોભગત રહે છે. તે જગ્યાએ નાગમાલાનો વંડો હતો. ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૦૨

નાગમાલાના વંડામાંથી ઢાઢી ભૂતનો ઉદ્ધાર



નાગમાલાનો વંડો હતો. તેમાં નાગમાલાએ એ જગ્યાએ ખડ ભરવાની વખાર કરાવી. અને ખેતીકામ કરનારા ભાગિયાનાં ખોરડાં કરાવ્યાં. ત્યાં એક હરિભક્ત કુંભાર પમો કરીને તેના ભાઈ સહિત વાસ કરીને રહેતો હતો. એક રાત્રે એક ઢાઢી ને ઢાઢણ્ય બે ભૂત થયાં હતાં. તે ઢાઢી પોતાની પત્નીની સાથે રવાજ વગાડી દુહા કહેવા લાગ્યો. પછી તે ભાગિયો તથા તેના બાઈડી, છોકરાં ડરીને ભાગી ફળી

બહાર નીકળ્યાં. અને સવારે સર્વ વૃત્તાંતની વાત નાગમાલાને કહી, ને નાગમાલે મહારાજને સર્વ વાત કરી.

પછી મહારાજ હસીને કહે જે, "ભૂત મફત જાય નહીં, એને કાઢવા મહેનત કરવી પડે. ઓણ કાલાના રૂપિયા આવ્યા છે, માટે નવાં ખોરડાં કર્યાં ત્યારે પરમહંસોને ત્યાં પધરાવી રસોઈ આપો." પછી તેણે(પમા કુંભારે) સવારના પહોરમાં તે જગ્યાએ મહારાજ તથા પરમહંસો સારુ રસોઈ કરાવી. પછી મહારાજ સારુ બ્રહ્મચારીએ થાળ કર્યો તે જમ્યા. પછી સાધુ, બ્રહ્મચારી, પાળા, હરિભક્ત સર્વેને જમાડ્યા. ને પછી નાગમાલાને જમાડ્યા અને તેના ભાગિયા તથા તેના છોકરાં વિગેરેને જમાડ્યા. તે વખત એ પમાએ પોતાની ડોસીની કાંતેલા સૂતરની બે પછેડીઓ બગસરામાં જઈ કરાવેલી હતી, તે મહારાજને અર્પણ કરીઓ.

પછી મહારાજ તેને કહે જે, "તમે ક્યાં ભૂત ભાળ્યો ?" ત્યારે કહે જે, "આ ઉગમણી કોરનાં ખોરડાંના વાડામાં બોલતો." તેટલામાં પમાનો ભાઈ ધૂણવા લાગ્યો. પછી મહારાજ કહે જે, "તું કોણ છો ?" પછી તે બોલ્યો જે, "હું વાળા કાઠીઓનો ઢાઢી છું. અને એક મારી સ્ત્રી ઢાઢણ્ય તે પણ ભૂત થઈ છે અને વાળાઓ તથા ધાધલો બધા ભૂત થયા છે. કારણ કે તેણે તમારો દ્રોહ કર્યો, તેના પાપથી આ બધા અસુરો ભૂત થયાં છે. તે સાલા વિષ્ઠા ખાય છે. તે મહાપાપ ભોગવે છે. મેં તો આજ આ તમારી તથા સંતની એંઠવાડ પ્રસાદી ખાધી એટલે મારો મોક્ષ થયો. તે અમે બે આજથી ચાર દિવસે અમારો દેહ છોડી, તમે જ્યાં આજ્ઞા કરશો ત્યાં જન્મ ધરીશું. તમારાં દર્શન સારુ અમે આ ઉપાધિ ઉત્પન્ન કરી હતી. બીજું કાંઈ મારે કારણ ન હતું." એમ કહી પગે લાગી ગયો. ત્યારે મહારાજે તેને પત્નીએ સહિત સત્સંગમાં સારા સત્સંગીને ઘેર જન્મ લેવાની આજ્ઞા કરી. પછી તે મહારાજને વારંવાર પગે લાગ્યા અને ભૂતયોનીમાંથી છૂટી સત્સંગમાં જન્મ પામ્યા.

❋ કપિલજી આદિ શ્રીહરિનાં દર્શને આવ્યા :

પછી તે જગ્યાએ મહારાજ ઢોલિયો બિછાવી વિરાજમાન થયા ને આડે પડખે સૂતા ને નિત્યાનંદસ્વામીને આજ્ઞા કરી. તેથી તે કપિલગીતાની કથા વાંચવા લાગ્યા. તેનો એવો રહસ્ય તે વખતે આવ્યો કે, જે સભા બેઠી હતી તે તમામ માણસ સ્થિર થઈ ગયા. તે જગ્યાએ એક વિમાન ભાળ્યું. તેમાંથી કર્દમ ઋષિ તથા દેવહુતિ તથા કપિલદેવજી એ ત્રણે મહારાજના સમીપે આવી ઊભાં રહ્યાં. ને તે ત્રણે મહારાજને પગે લાગ્યાં. અને સોળ ઉપચારે કરી મહારાજની પૂજા કરીને ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. તે વખતે કેળાં તથા જમરૂખ, દાડમ વિગેરે લાવી મહારાજની આગળ મૂક્યાં. ને મહારાજે જમી તે ત્રણેને પ્રસાદી આપી, એવું સર્વને નજરે જોવામાં આવ્યું.

❋ દીનાનાથ ભટ્ટ દ્વારા શાસ્ત્રની રચના :

તે વખત દીનાનાથ ભટ્ટ પણ ત્યાં બેઠા હતા. તેણે પણ આ ભાળ્યું. તે જોઈ તેને મહારાજને વિશે ભગવાનપણાનો નિશ્ચય થયો. પછી મહારાજ દીનાનાથ ભટ્ટને કહે જે, "આપણે શાસ્ત્ર કરવું છે, માટે આ જગ્યા એકાંતની છે માટે તમે અહીં રહો." પછી તેને ત્યાં ઉતારો આપ્યો અને તે ત્રણ મહિના સુધી ત્યાં રહ્યા ને શાસ્ત્ર કરવાની આજ્ઞા આપી. તથા નિત્યાનંદસ્વામી પણ રોજ જતા ને મહારાજ પણ રોજ ત્યાં પધારતા. એવી રીતની પ્રસાદીની જગ્યા છે. પછી પમા કુંભાર વિગેરેને કહે જે, "હવે આ જગ્યામાં જે રહેશે તે સુખી થાશે. માટે તમે અહીં રહેજો ને હમણાં તો તમે બીજા વંડામાં રહો. હાલ તો દીનાનાથ ભટ્ટ અહીં રહેશે." એવી રીતે આજ્ઞા કરી મહારાજ દરબારમાં પધાર્યા. ॥૨૦૨॥

જગા રાજગરને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૦૩

જગા રાજગરના પિતૃઓનો ઉદ્ધાર

એક વખત જગા રાજગરે મહારાજને જમવા માટે તેમના ઘરે પધરાવ્યા હતા અને ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. અને ફળીમાં સાધુ તથા બ્રહ્મચારી વિગેરેની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે એક વાંકાનેરની પછેડી જગા રાજગરે મહારાજને ઓઢાડી અને ચાર ગાંસડીઓ ચણાના ઓળાની મહારાજ આગળ મૂકીઓ અને દસ માણા તલ મૂક્યા. પછી તેમાંથી મહારાજ જમ્યા ને બ્રહ્માનંદસ્વામીને આજ્ઞા કરી કે, "આ સર્વ સાધુને વહેંચી આપો." પછી એક બૂકડો મહારાજે બ્રહ્માનંદસ્વામીના મોઢામાં આપ્યો.

પછી બ્રહ્માનંદસ્વામીએ મર્મ કર્યો કે, "આ રાજગરડે ચણાને દાણે પરિયા તાર્યા." પછી મહારાજે ખોબો ભરી આકાશમાં ચણાનો ઘા કર્યો એટલે બ્રહ્માનંદસ્વામી અને જગા રાજગરે ઊંચું જોયું. ત્યારે એના જોવામાં એવું આવ્યું કે, ચણાના દાણા મહારાજ જગાના પૂર્વજોના મોઢામાં નાંખે છે અને તે સર્વે ચતુર્ભુજ થઈ વિમાનમાં બેસી ભગવાનના ધામમાં ગયા. એવું બ્રહ્માનંદસ્વામી તથા જગા રાજગરે નજરે જોયું. એવું જોઈ સર્વે 'ઓ..હો..હો..હો..,' એમ કરવા માંડ્યું. એવું મોટું ચરિત્ર કર્યું. એ ખોરડાં અમરા ખાચરના નવા દરબારની વાંસલી ઓસરીમાં આવી ગયાં છે. ॥૨૦૩॥

કરસન કાણકિયાનાં ખોરડાં સાધુ ન્હાવા જાય છે તે શેરીથી ઓત્રાદું જે ઘર છે, ત્યાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૦૪

શ્રીહરિએ મુસલમાન બાલાપીરનો ઉદ્ધાર કર્યો.

અમરેલીના વાણિયા માલજી કાણકિયા નામે કરીને મહા હરિભક્ત હતા. તેના દીકરા કરસન, અમરશી અને પીતાંબર કરીને ત્રણ હતા. તેના ફળીમાં બાલાપીર નામે કરીને એક મુસલમાનની કબર હતી. અને તેનો એક પાણાનો આકાર રહી ગયેલો હતો. એક દિવસ કરસન કાણકિયો તે પાણા ઉપર ખાટલો નાખીને સૂતો હતો. તેને જાગૃત-સુષુપ્તિ એવી અવસ્થામાં નીલા ઘોડા ઉપર ચડેલો ને લીલાં વસ્ત્રો પહેરેલો અને હાથમાં ભાલું, એવો બાલાપીર જોવામાં આવ્યો.

અને તે ઠેકી કરસનના હૈયા ઉપર ચડી બેઠો. અને કહે જે, “बनिया तेरा सब कुटुंब का मोक्ष हुआ । हम तेरा पाडोसी ते हमारा मोक्ष नहीं हुवा । स्वामिनारायण साक्षात अल्ला हैं, इसकु आ जग्या पर लावो ने बेठाओ। तेरा कुछ बी नहीं जाता है और हमारे पूरण होता है, ने जनम मरणका फेरा टलता है। बडा आदमी ! पाँच पाडोशी का भला करना एसा सारा माणस का काम है। तुम ऐसा नहीं करेगा तो तुम कृतघ्नी कहेवाओ । हम (मैं) भी दादा खाचर के आशरामें पडा हूँ। ऐसा नारायण स्वामीकी पास जाके तुम बोलो। हमारी पर दया करे, हम साकी पाकी खरा मुसलमान हूँ।” એવી રીતે તે કરશન વાણિયાને જણાણું.

પછી તેણે તેના બાપને વાત કરી. ત્યારે તેને બાપે મહારાજને વાત કરી. પછી મહારાજે કહ્યું જે, “એ બિચારાએ ખરું કહ્યું. કાલ અખાત્રીજ છે ને તારો દીકરો દાદા ખાચરનો કામદાર છે, માટે ગોળની

કઢી ને રોટલીની રસોઈ આપ. તે વખત અમે જમવા આવશું." પછી બીજે દિવસે મહારાજ તથા પરમહંસ સહિતને રસોઈ સવારના પહોરમાં આપી. અને ઉગમણા બારના બે ઓરડા તેમાં ઓતરાદા ઓરડાની ઓસરીમાં મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા. અને મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો હતો. પછી ઓરડામાં મહારાજને પધરાવ્યા અને પછી મહારાજ જમ્યા અને પછી સાધુઓને પંડે પીરસી જમાડ્યા.

અને પછી એવો હુકમ કર્યો કે, "આ પીરની શીલા ઉપર પગ મૂકો." એમ કહી પંડે એ પાણા ઉપર ઊભા રહ્યા અને પછી સાધુઓ તમામ એની ઉપર પગ મૂકી ચાલ્યા ગયા. પછી તે વખતે તડકો હતો એટલે મહારાજ તે ખોરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર પાછા વિરાજમાન થયા. પછી બેચર ચાવડાને કહ્યું જે, "આ અમારું હાથ ધોયેલું તાંસળીમાં ચળુ છે, તે આ પાણા ઉપર નાખ." પછી તે નાખ્યું તે વખતે કરસનના ઘરમાં માણસોને એ પીર મુસલમાન મહારાજને પગે લાગી અલોપ થઈ ગયો અને તેનો મોક્ષ થયો એવું દેખાયું. તે વિગેરે ઘણાંક ચરિત્ર તે જગ્યાએ મહારાજે કરેલાં છે. ॥૨૦૪॥

એ મોટા ચોકથી દક્ષણાદી કોરે ગામને પછવાડે બેચર ચાવડાનાં ખોરડાં કહેવાય છે, તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૦૫

બેચર ચાવડાના પૂર્વજોનો ઉદ્ધાર

એક વખત બેચર ચાવડાએ મહારાજને પોતાને ઘેર તેના ઓત્રાદા બારના ઓરડાએ પધરાવ્યા હતા. અને ત્યાં મોતૈયા લાડુની રસોઈ આપી હતી. પછી મહારાજને સારુ બ્રહ્મચારીએ થાળ કર્યો હતો. પછી મહારાજ જમ્યા. ત્યારપછી સાધુઓને જમાડ્યા. તે દિવસે તેના બાપના બાપનું શ્રાદ્ધ હતું. પછી તેણે સાધુઓની પ્રસાદી લઈ શ્રાદ્ધ નાખ્યું. અને તેના ઘરના માણસોએ એમ માન્યું કે, આપણા પૂર્વજોનો મોક્ષ થયો. પછી તે જોવે છે તેટલામાં બેચર ચાવડાની ડોશીને સમાધિ થઈ. તેમાં પોતાના વંશ તથા પોતાના સસરાના વંશના પૂર્વજો ચતુર્ભુજ થઈ મોક્ષને પામ્યા એવું નજરે જોવામાં આવ્યું. પછી બેચર ચાવડે મહારાજને શરીરે ચંદન ચરચી ફૂલના હાર પહેરાવ્યા ને દંડવત કર્યો ને એક મલમલનું થાન(વણાઈને તૈયાર થયેલા સળંગ લાંબા કપડાનો તાકો) મહારાજને અસ્તર વાસ્તે અર્પણ કર્યું અને પગે લાગ્યા. ॥૨૦૫॥

હરજી ઠક્કરના ફળીમાં મહારાજે જે જે ચરિત્ર કર્યાં. તે માંહિલું

ચરિત્ર નં.૨૦૬

હરજી ઠક્કરને ઘેર જમ્યા અને તેમની માતાને દિવ્ય દર્શન

હરજી ઠક્કરે નવાં ખોરડાં કરાવ્યાં. તે ખોરડે એક દિવસ મહારાજને પધરાવ્યા હતા. ઉત્તરાદે બાર તથા ઉગમણે બાર તથા દક્ષણાદે બારના ઓરડા નવા કરાવ્યા. તે જગ્યાએ મહારાજને પધરાવી સાધુને જમાડ્યા. સાધુ જમતી વખતે મહારાજે પંડે પીરસી સાધુને જમાડ્યા. ને પછી ઉગમણા બારના ખોરડામાં મહારાજ પોઢ્યા. સાંજ વખત સભા થઈ. પછી મહારાજને નવીન વસ્ત્ર પહેરાવ્યાં અને મહારાજને માથે નગરનું એક સોનેરી શેલું બંધાવ્યું. પછી આરતી ઉતારી ચરણારવિંદ હૃદયને વિશે લીધાં. તે વખતે ગાંગજી ઠક્કરે પણ પૂજા કરી. તે વખત સાધુને સમાધિ થઈ અને તેમની માને પણ દર્શન થયાં. તેમાં ચોવીસ પયગંબર સ્તુતિ કરી મહારાજના ચરણારવિંદમાં લીન થયા, એવી રીતે અદ્‌ભુત ચરિત્ર કર્યું. ॥૨૦૬॥

હરજી ઠક્કરના ડેલામાં દક્ષણાદા બારના ખોરડાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૦૭

સોમફઈના સાત જન્મની વાત અને રાજબાઈને વરદાન

એક વખત મહારાજ (સં.૧૮૭૨) ભાદરવા સુદી દગડા ચોથ (તા.૮/૯/૧૮૧૫, શુક્રવાર)ને દિવસે રાત્રીએ અક્ષરઓરડીમાં સૂતા હતા. તે વખત સુમાબાઈના ઓરડા ઉપર ડોસીઓએ પથરા નાંખ્યા. પછી સુમાબાઈ ધખ્યાં. પછી સુમાબાઈના ઉપર કૃપાને લીધે મહારાજ સુમાબાઈને ધખ્યા. ને કહે જે, “એમને કહો જે અમને શા સારુ ધખવ્યા ?” એમ કહી મહારાજ ગુજરાત જવા તૈયાર થયા. પછી ઉત્તમરાજાએ મહારાજને સ્તુતિ કરી એમ ઠેરાવ્યું કે, ‘આજ રાત ગામમાં રહેવું.’ પછી તે વખતે હરજી ઠક્કર ત્યાં હતા, તેમણે મહારાજને સ્તુતિ કરી કે, ‘મારે ઘરે પધારો.’


હરજી ઠક્કરનો ડેલો

પછી તેમને ઘરે મહારાજ પધાર્યા અને તેમના દક્ષણાદા બારનાં ખોરડાં ડેલાના થડમાં છે, તેમાં ઢોલિયો ઢળાવી વિરાજમાન થયા. તે વખત સુમાબાઈ પંડે મહારાજને મનાવવા સારુ ત્યાં આવ્યા. પછી મહારાજને કહે જે, “ચાલો દરબારમાં.” પછી મહારાજે ના પાડી એટલે તેમને સમાધિ થઈ.

ને તેણે દેહપાત કરવા વિચાર ધાર્યો. તે વખતે મહારાજે ગદ્‌ગદ કંઠે થઈ સોમાબાઈ ફુઈના બે હાથ ઝાલી, તેની આંખો સામી આંખો રાખી હાકલ મારી. અને તે વખતે મહારાજ અકળાઈ મનુષ્યદેહની આકૃતિ ભૂલી જઈ દિવ્ય દેહરૂપે જણાણા. તે વખત સુમાબાઈ પણ મહા ચંડી રૂપે હાથ જોડી મહારાજ સામાં ઊભાં રહ્યાં, એવું જોવામાં આવ્યું. ને પછી મહારાજ સામું હાથ જોડી ઊભાં રહ્યાં ને નેત્રે આંસુની ધારા થઈ.

તે પછી એમ બોલ્યાં કે, "હે મહારાજ ! મેં સાત અવતાર તો તમારા વાસ્તે લીધા છે. પ્રથમના અવતારમાં હું **ઈશ્વરી** હતી અને બીજા અવતારમાં હું **મંદેશ્વરી** હતી, ત્રીજા અવતારમાં **સાધ્વી** એવું મારું નામ હતું ને ચોથા અવતારમાં **ચંડી** એવું નામ હતું, પાંચમાં અવતારમાં **પરમેશ્વરી** એવું નામ હતું, છઠ્ઠા અવતારમાં હું નંદજીને ત્યાં અવતાર લઈ કંસના હાથથી વછૂટી જઈ અનેક નામે કહેવાણી અને **અંબિકા** પણ કહેવાણી અને આ સાતમાં અવતારમાં અભયરાજાની બહેન **સોમા** એવું મારું નામ છે. માટે તમો આંહીંયાથી જાઓ તો મારો દેહપાત થઈ જશે. માટે હું કાંઈ બાપડી બગલી નથી જે મને આંહીં મૂકી તમો વડતાલ જાઓ."

પછી મહારાજે કહ્યું જે, "અમે એક ઘડી અલગ નથી. તમે અને તમારા ભાઈ ને તમારા ભત્રીજા તથા તમારી ભત્રીજીઓ, તે સારુ અમારો અવતાર થયેલો છે. અને અમે તમને પ્રસન્ન કરવાને સારુ અવતાર લીધો છે; પણ તમને ડોશીઓ કનરડે છે એટલે અમે આંહીં આવ્યા છીએ. ને હરજી ઠક્કરને ત્યાં રહેશું તે તમારા કારભારી છે." એમ કહી મહારાજ મશ્કરીની રીતે કહે જે, "હરજી ઠક્કરના ઘરનાને અમે કોલ આપ્યો છે. તે કહે તો અમારાથી અવાય." ત્યારે સુમાબાઈ કહે જે, "હાથી તો દરબારમાં શોભે. આ અવતારે તો જે દેહ છે, તે

તમારા અરથમાં કામ આવ્યો છે અને આ સાતમો અવતાર ભક્તિ કરી તમારા ચરણારવિંદમાં રે'વા સારુ લીધો છે. તે પાર પડે તેમ નથી. તમે નહીં આવો તો આ દેહ રાખવો નથી."

❋ રાજબાઈની સમજણ અને તેને કોલ :

તે સાંભળી હરજી ઠક્કરનાં ઘરનાં રાજબાઈ મહારાજને કહે જે, "કોલનું કાંઈ આડું રાખશો નહીં ને દાદા ખાચરનો દરબાર છે તે જ અમારાં ઘર છે, ને આંહીં તો અમે રહીએ છીએ એટલું જ છે, પણ ખરાં ઘર તો એ જ છે. માટે તમો ત્યાં પધારો." મહારાજ કહે, "અમે તમારી ઉપર ઘણા પ્રસન્ન થયા છીએ. તે તમો માંગો, જે માંગો તે આપીએ." પછી રાજબાઈ કહે જે, "મહારાજ ! મારા પીયરનું તથા મારા સસરાવાળાનું એ બંને પક્ષનું સર્વેનું સારું થાય ને કલ્યાણ થાય."

ત્યારે મહારાજ કહે જે, "જાઓ તે સર્વે સત્સંગી થાશે, તે તેનું કલ્યાણ અમે કરીશું. બીજું માંગો." પછી રાજબાઈ કહે જે, "મહારાજ, મારે દર્શન કરી રોટલા જમવાનો નિયમ છે ને તમે પોઢ્યા હો ને અમે ધંધાર્થી માણસ, તેથી વહેલા-મોડા આવીએ ને દર્શન થાતાં નથી; માટે હું આવું ત્યારે દર્શન થાય એટલું માંગું છું." એવું સાંભળી મહારાજ પ્રસન્ન થઈ પાળાઓને આજ્ઞા કરી જે, "અમે સૂતા હોઈએ અથવા એકાંતમાં હોઈએ તોપણ રાજબાઈ વિગેરે એમનાં ઘરના સર્વેને દર્શન કરવાની છૂટ છે. એમને કોઈ આડી કરશો નહીં." ॥૨૦૭॥

હરજી ઠક્કરે મહારાજને પોતાના દીકરા મનજી તથા કલ્યાણવાળાં ખોરડાંમાં પધરાવ્યા. તેનું

ચરિત્ર નં.૨૦૮

જાનબાઈનો પ્રેમ-સમર્પણ અને તેમને દિવ્ય દર્શન

એક વખત હરજી ઠક્કરનાં ડોસીમા જાનબાઈ મહારાજના દર્શને ગયાં. તે વખતે મહારાજ ના'તા હતા ને પાણીના ચરુમાંથી કાંઈક અનાજનો દાણો નીકળ્યો. પછી મહારાજ ના'યા નહીં ને ગંગામાને કહે જે, "આપણા સારુ નવા ચરુ મંગાવીશું." તે સાંભળીને જાનબાઈ ડોસીને વિચાર થયો કે, 'આપણા ઘરમાં પણ નવો ચરુ છે, તે મહારાજને આપીએ તે મહા ઉપયોગમાં આવે.' એવું ધારીને એક ચરુ તથા એક ત્રાંબાકુંડી એ બંને વાનાં મહારાજને અર્પણ કર્યાં, તે મહારાજ ઘણા પ્રસન્ન થયા.

પછી એક વખત હરજી ઠક્કરે મહારાજને પોતાના દીકરા મનજી તથા કલ્યાણવાળાં ખોરડાંમાં પધરાવ્યા. તેમાં એક ઓરડો કલ્યાણ ઠક્કરે મંદિરમાં કૃષ્ણાર્પણ કર્યો છે. તે ઓરડે મહારાજને પધરાવ્યા અને હરજી ઠક્કરે મહારાજ તથા સાધુને જમાડ્યા ને મહારાજની પધરામણી કરાવી. તે વખત એક મોટું અદ્‌ભુત ચરિત્ર કર્યું કે, જાનબાઈને મહારાજે અલ્લારૂપે દર્શન દીધું. તે વખત જાનબાઈ માંદા હતાં અને કહે જે, "હે મહારાજ ! હું માંદી છઉં. માટે તમારાં દર્શન થાય તો ઠીક."

પછી ચાર મહિના સુધી રોજ સાંજ વખતે ડોશીને દર્શન દેવા મહારાજ પધારતા અને તેને રોજ અલ્લારૂપે દર્શન આપતા. ને કીર્તન બોલાવતા ને વાતો કરી ચમત્કાર બતાવતા. તેવામાં તેનો દેહ છૂટવાનો વખત થયો, ત્યારે તેમના દીકરા હરજી ઠક્કરે કહ્યું જે, "તમારે મહારાજને આપવા સંબંધી કાંઈ કહેવું છે ?" ત્યારે જાનબાઈ કહે જે, "ઘણા કાળ

પોંચે ને નિત્ય સંબંધમાં આવે તેવું પદાર્થ મહારાજને આપજો." એવું કહેલું. પછી એક વખત હરજી ઠક્કર સુરત ગયા હતા. ત્યાંથી પાટ લાવ્યા હતા. તે પાટમાં મહારાજને પધરાવીને અર્પણ કર્યો. તે પાટ હાલ ગોપીનાથજી મહારાજના મંદિરમાં છે. ॥૨૦૮॥

ઉત્તરાદા બારના ઓરડામાં મહારાજે કરેલાં

ચરિત્ર નં.૨૦૯

વડોદરાના તંબોળી તથા કાછિયાના આત્માની ગતિ

એક વખત મહારાજનાં દર્શન કરવા વડોદરાનો સંઘ આવ્યો હતો. અને તેનો હરજી ઠક્કરના ઉત્તરાદા બારના ઓરડામાં ઉતારો હતો. અને તે સંઘના હરિજનો મહારાજનાં દર્શન કરી આનંદ કરતા હતા. તેમાં એક તંબોળી હરિભક્ત ધનાઢ્ય ને ભગવાનને વિશે ઘણો પ્રેમી એવો હતો. અને તેની સ્ત્રી પણ ભક્ત હતી. અને તેનો સેવક કાછિયો તે પણ હરિભક્ત હતો.

હવે તેમના સેવક કાછિયાને ટૂંટિયાનું દરદ થયું અને તેની આયુષ પૂરી થઈ રહી. તે હકીકત નાથભગત વિગેરેએ મહારાજ પાસે કહી. મહારાજ તત્કાળ તેને જોવા ગયા ને તેને ચરણારવિંદ હૃદયને વિશે આપી તેના આત્મા સામું જોયું. ત્યારે તેને સ્ત્રીની આસક્તિવાળો દેખ્યો ને તેની આવરદા તો તૂટી ગયેલી દેખી. પછી મહારાજે હરિભગત તંબોળીના આત્મા સામું જોયું, ત્યાં તે નિર્વાસનીક હતો ને તેને ભગવાન સિવાય બીજે ક્યાંય આસક્તિ ન હતી. પછી તેની સ્ત્રી સામે જોયું તો તે કાછિયા હરિભક્તને વિશે તેની આસક્તિ દેખી.

પછી મહારાજ ત્યાંથી ઊઠી દરબારમાં પધાર્યા એટલે નિર્વાસનિક તંબોળીને ટૂંટિયું થયું. તે વાત નાથભગતે ફરીને મહારાજને કહી. તે વારે મહારાજ હરજી ઠક્કરને ઘેર ગયા ને તે તંબોળીને પૂછ્યું કે, “તારે કાંઈ આસક્તિ છે ?” ત્યારે તે બોલ્યો કે, “મારે તમારાં ચરણારવિંદ વિના ક્યાંય આસક્તિ નથી.” ત્યારે કાછિયા ભક્તને પૂછ્યું કે, “તારે ક્યાંય આસક્તિ છે ?” ત્યારે કહે જે, “તમે અંતરજામી છો, તે સર્વ વાત જાણો છો.”

પછી એ તંબોળી હરિજન સામું મહારાજે જોયું. તેની આવરદા તો હતી, પણ ભગવાન સિવાય તેને ક્યાંય આસક્તિ ન હતી. પછી તેના આત્માને ખેંચ્યો તે વખત તેનો દેહ છૂટી ગયો. આસક્તિવાળા કાછિયા ભક્તના દેહનો કાળ આવ્યો’તો, તેના દેહમાંથી તેના આત્માને ખેંચી તંબોળી ભક્તના દેહમાં પ્રવેશ કરાવ્યો. પછી તંબોળી ભક્તનો દેહ સચેત થઈને બેઠો થઈને પગે લાગ્યો. ને કાછિયાનો દેહ પડી ગયો. ને તંબોળી ભક્તજનને સાયંમુક્તિને પમાડ્યો. અને પછી મહારાજ ત્યાંથી ઊઠ્યા અને તંબોળી હરિભક્તની સ્ત્રીને કહે જે, “તમારા ધણી જીવ્યા. તમારા મનના મનોરથ પૂર્ણ થયા. તમારા અંતરની વાત સર્વે જાણું છું.” પછી તે બાઈ હાથ જોડી કહે જે, “મહારાજ ! તમે તો અંતરજામી છો.” ત્યારે મહારાજ કહે જે, “તમારા મનમાં જે આસક્તિ હતી તે કર્યું છે.” પછી મહારાજ દરબારમાં પધાર્યા.

પછી સવારના પહોરમાં પાછા હરજી ઠક્કરને ઘેર પધાર્યા. તે વખત તંબોળી હરિભક્ત પાસે ગયા અને હસ્યા. પછી પ્રવેશ થયેલ કાછિયો ભક્ત ઝંખવાણો પડ્યો. મહારાજે સર્વ સંઘવાળાનો મોહ ટાળ્યો. તે હરિજન દસ-પંદર દિવસ સુધી ત્યાં રહ્યા. ને તે કાછિયા હરિજનનું પિંડ વિગેરે તંબોળી હરિજનની સ્ત્રી પાસે કરાવ્યું. પછી તે

સ્ત્રીને પોતાનો મરી ગયેલ પતિ તંબોળી હરિભક્ત પ્રત્યક્ષ ચતુર્ભુજરૂપે નજરે દેખાણો. અને કહે જે, “મારે ભગવાનમાં આસક્તિ હતી, તેથી હું સાયંમુક્તિને પામ્યો. અને તારે કાછિયામાં આસક્તિ હતી, તેથી મારા દેહમાં કાછિયો છે; તે તારો સંકલ્પ પણ પૂર્ણ થયો છે.” એમ કહી અદૃશ્ય થઈ ગયો.

પછી એ બાઈએ વિલાપ કરી સર્વ સંઘને વાત પ્રસિદ્ધ કરી. અને પછી એ બંને જણાં રાતે વિચાર કરી મહારાજ પાસે આવ્યાં. પછી તંબોળીના દેહવાળો કાછિયો જન કહે જે, “હું બચ્યો, માટે વાનપ્રસ્થ થઈ તમને ભજીશ.” અને એ હરિજનની સ્ત્રી કહે જે, “હું પણ વાનપ્રસ્થપણું પાળીશ.” તે સાંભળી મહારાજ ખૂબ હસ્યા. ને કહે જે, “જો વાસના હોય તો વાનપ્રસ્થપણું પાળવું નહીં, નહિ તો જનમ લેવો પડશે.”

પછી મહારાજ કહે જે, **“એકબીજા જીવમાં આસક્તિ બંધાય છે, એથી મોટું બીજું કોઈ પાપ નથી.”** તે સાંભળી એ બંને જણાં પોક મૂકી રડ્યાં. પછી મહારાજ પ્રસન્ન થઈ કહે જે, “તમારી પણ પેલાની પેઠે સાયંમુક્તિ થશે.” એવી રીતે તે જગ્યાએ અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ॥૨૦૯॥

હરજી ઠક્કરને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૧૦

ખોજાઓને પયગંબરરૂપે દર્શન

એક વખત હરજી ઠક્કરની ડોસી ગુજરી ગયાં હતાં. અને તેનો દહાડો હતો. અને હજારો ખોજા ભેળા થયા હતા. તે વખત હરજી ઠક્કર મહારાજ તથા ઉત્તમરાજાને તેડવા આવ્યા. પછી મહારાજ હરજી ઠક્કરને ઘરે પધાર્યા ને ઓતરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા. ને પછી તે ખોજાઓ પાસે બ્રહ્મનિરૂપણની વાત કરી અને તે વખત સર્વે સભા ચકિત થઈ ગઈ. અને વરતેજના મેઘજી ઠક્કરના ડોસો મનજી ઠક્કર વિગેરેને ચોવીસે પયગંબર દેખાણા ને મુરતજા અલી પણ દેખાણા અને તે સર્વે મહારાજના ચરણમાં લીન થયા. તે સર્વેએ નજરે જોયા. તે જોઈ ઘણા ખોજાઓ મહારાજના આશ્રિત થયા. એવું એક મહા અદ્‌ભુત ચરિત્ર કર્યું, તે લખ્યું છે. ॥૨૧૦॥

ચોકથી મંદિર જતાં ભાવસારની ખડકીઓ છે, તે જગ્યાએ કરેલું

ચરિત્ર નં.૨૧૧

નાથા ભાવસારની દાદીનો ઉદ્ધાર તથા બંને ભાઈની રક્ષા

એક દિવસ નાથા ભાવસારને ત્યાં મહારાજ પધાર્યા હતા. ને પછી તેણે મહારાજને ચણેચીની ભાજી ને બાટી ઘીમાં ઝબોળીને મહારાજને જમાડ્યા. ને ચારે ઘરે મહારાજનાં પગલાં કરાવ્યાં અને કહે જે, “હે મહારાજ ! એક અમારા વડવાની ડોસી ભૂતડી થઈ છે ને તે પાપડખાણી કહેવાય છે. માટે અમને તથા અમારાં છોકરાંને ઘણું દુઃખ દે છે.”

પછી મહારાજે તેને આંખો મીંચાવી, ત્યારે તેણે તે ભૂતડી ભાળી અને તેને મહારાજે સાયંમુક્તિને પમાડી એવું દેખાયું. એવું અદ્‌ભુત ચરિત્ર કરેલું છે.

એક દિવસ એભલ ખાચરના દરબારમાં ચોરી થઈ. તે શું ? તો નાથો ભાવસાર તથા તેનો ભાઈ રતનો લૂગડા ઉપર નાખવા રાખ ચોરીને ચાલ્યા. ત્યારે એભલ ખાચર મહાદેવની પૂજા કરતા હતા. તે વખતે મહાદેવે બેય ભાઈઓને વાંસામાં માર્યા એટલે તે ભાગ્યા ને એભલ ખાચર વાંસે થયા. પછી તે ઘરમાં ગરી ગયા. ત્યાં એભલ ખાચર પછવાડે ગયા. તે દિવસ મહારાજ આંહીં નહોતા, પણ ગુજરાતમાં હતા. પછી એભલ ખાચરે તેને મારવા તરવાર ઉગામી. ત્યારે એભલ ખાચરે, તે બે ભાઈઓએ અને તેની બાઈડીઓએ એવું નજરે ભાળ્યું કે, સ્વામિનારાયણ મહારાજે પંડે હાંકલ મારી એભલ ખાચરનો હાથ પકડી લીધો ને રતના તથા નાથા ભાવસારને બચાવ્યા. પછી જ્યાં જુવે છે ત્યાં મહારાજ અંતર્ધાન થઈ ગયા. એવો મોટો પરચો કર્યો. ।।૨૧૧।।

હરજી ઠક્કરની શેરીમાં કંદોઈનાં ખોરડાં છે, ત્યાં કરેલું

ચરિત્ર નં.૨૧૨

લખુ કંદોઈની બેન વાસનાને કારણે આરજા થઈ.


લખુ કંદોઈના ઘર

મહારાજ એક વખત લખુ કંદોઈની બેન આરજા (જૈન સંપ્રદાયની સાધ્વી) થઈ તેને દર્શન દેવા(સમજાવવા) આવ્યા હતા. ને ત્યાં તેને જ્ઞાન કર્યું (સમજાવી), પણ એની દુષ્ટ (કોઈ પૂજમાં રહેલી કામ) વાસના ટળી નહીં. પછી દુષ્ટ વાસનાને ટાળવા એક કાયસ્થનું ઓઠું(દૃષ્ટાંત) મહારાજે આપ્યું કે, "અયોધ્યામાં એક કાયસ્થ બહુ કામી હતો. એ શિવજીની પૂજા કરી ગધેડાનો અવતાર માગતો." એ સંબંધી વાત કરી. પછી કહે જે, "આ કંદોઈયાણીને એવી દુષ્ટ વાસના છે કે, ચોવીસ તીર્થંકરનાં એને દર્શન થાય ને તે ઉપદેશ આપે તોપણ એ આરજા આળસે તેવી નથી."

પછી તેને ચોવીસે તીર્થંકરોએ દર્શન દીધાં અને એ ચોવીસે તીર્થંકરોએ કહ્યું જે, "આ મહારાજ ભગવાન છે ને તું આરજા ન થા." તોપણ તે એમ બોલી કે, "આ દેહે તો આરજા થાવું છે. ઓલે અવતાર સ્વામિનારાયણને ભજી સાયંમુક્તિને પામશું, પણ આ અવતાર તો આરજા થવું છે." તેથી તીર્થંકરો અદૃશ્ય થઈ ગયા. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કરેલું છે. ॥૨૧૨॥

ખીમા સુતારને ઘરે મહારાજે કરેલાં

ચરિત્ર નં.૨૧૩

ખીમા સુતારની દુષ્કાળમાં રક્ષા



એક વખત મહારાજ ખીમા સુતારને ઘરે પધાર્યા. તે વખત મહારાજ સારુ ખીમા સુતારે એક નાળિયેરની કાચલીની કંઠી કરી રાખી હતી, તે મહારાજને પહેરાવી. તે વખત મહારાજે પ્રસન્ન થઈ પૂછ્યું કે, "આ કંઠી શેની છે ?" ત્યારે ખીમા સુતારે કહ્યું જે, "આ તો નાળિયેરની કાચલીની કંઠી છે." ત્યારે મહારાજ કહે જે, "હવે આપણા સંપ્રદાયમાં સુખડ ને તુલસીની કંઠી-માળાઓ કરજો." એવું કહ્યું હતું.

એક વખત મહારાજ ખીમા સુતારને ઘરે પધાર્યા ને ત્યાં ઢોલિયો બિછાવી વિરાજમાન થયા. ને ખીમો સુતાર તથા પ્રેમજી સુતાર આવી પગે લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, "તમારે ભેંસો કેટલી છે ? અનાજ કેટલું છે ? સ્ત્રીઓ કેટલી છે ? દીકરીઓ કેટલી છે ?" ત્યારે ખીમા

સુતારે કહ્યું જે, "મારે બે ભેંસો તથા બે સ્ત્રીઓ તથા બે દીકરીઓ છે." ત્યારે મહારાજ કહે જે, "બે ભેંસોને વેચી નાંખો ને અનાજનો સંગ્રહ કરો." એમ બોલ્યા. પછી ખીમા સુતારે એ પ્રમાણે ભેંસોને વેચીને અનાજનો સંગ્રહ કર્યો. તેવામાં ઓગણતેરો કાળ પડ્યો. એવી રીતે મહારાજે પરચો આપ્યો.

❋ ખીમા સુતારને મહારાજે જીવતદાન આપ્યું :

એક વખત ખીમો સુતાર માંદા થયા ને અંતકાળ વખત આવ્યો. તે વખત જીવુબાઈએ મહારાજને કહ્યું જે, "મહારાજ, ખીમો સુતાર માંદા છે ને અંતકાળ વખત છે ને મરી જાશે." એવું સાંભળી મહારાજ બોલ્યા જે, "ખીમા સુતારને તો બે બાઈડીઓ છે. તે કદી ખીમો સુતાર ગુજરી જાય તો એક રાંડે કે બેય ?" પછી મોટીબા કહે જે, "એ તો બેય રાંડે." પછી મહારાજ કહે જે, "એ તો બહુ ભૂંડું કહેવાય !" ત્યારે મોટીબા કહે જે, "દયા આવતી હોય તો જાઓ ને તેને જીવતા રાખો."

પછી મહારાજ ખીમા સુતારને ત્યાં જઈને છાતી ઉપર પગ મૂકીને બોલ્યા. તે વખતે ખીમા સુતારે જવાબ દીધો(બોલ્યા). ત્યારે મહારાજ કહે, "આ ક્યાં મૂવા છે ? આ તો જીવે છે. લાવો આને સાકરનો શીરો ખવરાવીએ." પછી તે વખત મહારાજે સાકરનો શીરો કરાવીને પંડે ખવરાવ્યો ને પછી દરબારમાં પધાર્યા. ને જીવુબાઈને કહે જે, "અમે ખીમા સુતારને રાખ્યા છે." એમ બોલ્યા. એ પ્રમાણે એ જગ્યાએ અદ્‌ભુત ચરિત્ર કર્યું છે.

❋ ખીમા સુતારની નિષ્ઠાથી બ્રાહ્મણને સત્સંગ :

એક વખત ખીમો સુતાર સુરત સુખડ લેવા ગયા ને ત્યાંથી વહાણમાં બેસીને પાછા આવતા હતા. તે વખતે માંડવી બંદરનો એક બ્રાહ્મણ વહાણમાં હારે બેઠો હતો. તે બ્રાહ્મણે વાતચીત કરતાં

કહ્યું કે, “હું સ્વામિનારાયણને ગોતું છું, પણ મળતા નથી.” ત્યારે ખીમો સુતાર કહે, “તારે ભાવ હશે તો મળશે.” એમ કહેતાં તે બ્રાહ્મણ બોલ્યો કે, “જો એક વખત મળે તો માર્યા વિના ન રહું. એક વીર મૂકું તે મરી જાય.” ત્યારે ખીમો સુતાર કહે, “એનું શું કામ છે ? અમારી ઉપર વીર નાંખ્ય.” ત્યારે તેણે ખીમા સુતારની ઉપર પાંચ વીર નાખ્યા, પણ મહારાજની કૃપાથી તેને કાંઈ થયું નહીં. એવું જોઈને બ્રાહ્મણ ઝંખવાણો પડી જઈને તેને પગે લાગ્યો ને શ્રીજીમહારાજ પૂરણબ્રહ્મ પરમાત્મા નારાયણ છે, એમ દૃઢ નિશ્ચય થયો. એવી રીતે એવો મહાન પરચો આપ્યો.

એક વખત મહારાજ ખીમા સુતારને ઘરે પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને વાતો કરવા લાગ્યા. તેમાં કેટલીક વાતો વેપાર સંબંધી કરતા જાય ને ખીમા સુતારની મૂછોને વળ દેતા જાય. એ પ્રમાણે કરતાં મહારાજ કહે જે, “જા તારી મૂછનું પાણી રહેશે.” એમ બોલ્યા હતા. પછી તે બહુ સુખી અને પ્રતિષ્ઠિત થયા હતા.

❋ પ્રેમજી સુતારની વંશવૃદ્ધિ તથા મોક્ષનો આશીર્વાદ :

એક દિવસ પ્રેમજી સુતારે મહારાજને પોતાને ઘેર પધરાવ્યા. ને કહે જે, “મહારાજ ! મારે સાધુ થાવું છે, માટે આ એક ભેંસ તથા સાતસે કંઠીઓ તથા માળાઓ સાધુને આપો.” પછી મહારાજ કહે જે, “તમારો ખરા અંતઃકરણથી વૈરાગ્ય નથી. તમારા દીકરા જેઠા તથા ત્રિકમ તે ક્યાં જશે ? તમને તો તમારી બાઈડીએ વૈરાગ્ય ચડાવ્યો છે.” પછી તેની વહુ કહે જે, “મારે તો પૂર્વજન્મનો સંસ્કાર હતો, તે ભોગવી લીધો. હવે હું તો સંસારથી વિરક્ત થઈ છું, એ જ તેને દુઃખ છે.”

પછી મહારાજ કહે જે, “પ્રેમજી સુતાર, તમારા વૈરાગ્યનો ફજેતો થયો. તમે ભગવાનના ભક્ત તો ખરા છો ને નિયમ વર્તમાન ખરાં

પાળો છો, પણ કામની વાસના છે. માટે તારે ત્રણ સ્ત્રીઓ થઈને ઘણાં છોકરાં થાશે. ને તમારા દીકરાઓ અને તેનાં દીકરા તથા દીકરીઓ થઈને આ માળાના મણકા જેટલો વંશ વધશે. ને તું એક જાતનો પ્રજાપતિ કહેવાઈશ." ત્યારે પ્રેમજી સુતાર કહે જે, "મહારાજ, મને તો તમે પામર ઠરાવ્યો." ત્યારે મહારાજ કહે જે, "તારું પામરપણું નહિ રહે ને તું સાયંમુક્તિને પામીશ ને તારો મોક્ષ થશે." ને પછી જેઠા તથા ત્રિકમને માથે હાથ મૂક્યા ને ભેંસને લીધી નહીં. ને માળા ને કંઠી સાધુઓને પહેરાવી. એવું તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે.

❋ સુતાર રામબાઈનો પ્રેમ, નિષ્ઠા તથા શ્રીહરિના આશીર્વાદ :

એક વખત મહારાજ અક્ષરઓરડીએ બપોરે સૂતા હતા. તે વખત માવજી સુતાર તથા તેમની મા રામબાઈ એ બંને મહારાજનાં દર્શન કરવા ગયાં. તે માવજી સુતારને વર્તમાન ધરાવવાં હતાં. પછી તે રામબાઈએ અક્ષરઓરડીનું કમાડ ઉઘાડવા માંડ્યું. ત્યાં મુળજી બ્રહ્મચારી કહે જે, "મહારાજ પોઢ્યા છે, તે પછી આવજો."

ત્યારે મહારાજે માંહીલીકોર સાંભળ્યું ને બોલ્યા જે, "કોણ છે ?" ત્યારે મુળજી બ્રહ્મચારી કહે જે, "રામબાઈ સુતાર તથા તેનો દીકરો માવજી એ તમારાં દર્શન કરવા આવ્યાં છે ને માવજીને વર્તમાન ધરાવવાં છે." એમ મુળજી બ્રહ્મચારીએ કહ્યું. ત્યારે મહારાજ કહે, "આવવા દો."

પછી સુતાર માવજી અક્ષરઓરડીમાં મહારાજ પાસે જઈ પગે લાગ્યો ને રામબાઈ બહાર બેઠાં. પછી મહારાજે માવજી સુતારના મોઢામાં પોતાના પગનો અંગૂઠો આપ્યો, તે તેણે ઘણી વખત ચૂસ્યો. ને પછી મહારાજના ઢોલિયા ફરતી પ્રદક્ષિણાઓ કરવા લાગ્યો. એવામાં મહારાજે એ માવજીનો હાથ ઝાલી પોતાની પાસે બેસાડ્યો, ને ફરીથી અંગૂઠો મોઢામાં આપ્યો ને વળી ફરીથી ચૂસ્યો. પછી રામબાઈ બહાર

બેઠાં હતાં, તેણે મહારાજને કહ્યું જે, "મહારાજ, હું થાળ કરાવું છું, તે મારે ઘરે જમવા પધારો." ત્યારે મહારાજ કહે જે, "ઠીક થાળ કરાવો, અમે આવીશું." મનમાં રાજી થઈ રામબાઈ ઘેર ગયાં.

પછી બીજે દિવસે રામબાઈએ રસોઈ કરી. પછી મહારાજ જમવા પધાર્યા. તે વખત જીવા સુતારના બાપ વાલા સુતારે ધાબળાનું આસન નાખીને તેની ઉપર મહારાજને બેસાડ્યા, ને આગળ બાજોઠ મૂક્યો. પછી ચૂરમાના લાડુ તથા પૂરી, ભજિયાં, ભાત, દાળ વિગેરે આગળ મૂક્યાં, તે મહારાજ ખૂબ જમ્યા. ને પછી પ્રસન્ન થઈ વાલા સુતાર તથા રામબાઈ તથા તેના પુત્ર માવજી એને પ્રસાદી આપી. પછી ચળુ કરીને ઊઠ્યા. ને એક ઢોલિયા ઉપર ગાદલું બિછાવી ઉપર તકિયો મૂક્યો હતો, તે ઉપર વિરાજમાન થયા. પછી વાલા સુતારે મહારાજને ચંદન ચરચ્યું. પછી પુષ્પના હાર પહેરાવીને આરતી ઉતારીને પગે લાગ્યા. પછી મહારાજે વાલા સુતાર તથા તેમના દીકરા માવજી સુતારને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં ને માવજીના મસ્તક ઉપર હાથ મૂક્યો.

તેવામાં કોઈ ગામના હરિભક્ત મંદિરમાં આવ્યા ને મહારાજના સમાચાર પૂછ્યા. ત્યારે કહ્યું જે, "મહારાજ તો વાલા સુતારના ઘરે પધાર્યા છે." તેવું કહેતાં તે હરિભક્ત વાલા સુતારને ઘરે ગયા ને ત્યાં જઈ પચાસ રૂપિયા ભેટ મૂકી પગે લાગ્યા. પછી મહારાજે તેમના ખબર પૂછ્યા ને બોલ્યા જે, "વાલા સુતાર ! આ રૂપિયા પચાસ આવ્યા તે તમે અમને ભેટ મૂક્યા એમ ગણશું." એવું મહારાજ કૃપા કરી બોલ્યા. ને કહ્યું જે, "આ રૂપિયા પચાસ તમે રાખો." ત્યારે વાલા સુતારે કહ્યું જે, "મહારાજ ! એ રૂપિયા અમારે લેવાય નહીં." મહારાજ કહે, "અમે કહીએ છીએ, તે તમો રાખો." પણ વાલા સુતારે રૂપિયા ન લીધા. પછી મુળજી બ્રહ્મચારીએ લીધા. પછી મહારાજ પોઢી ગયા ને પછી સાંજે ઊઠ્યા ને દરબારમાં ગયા. બીજે દિવસ રામબાઈ દાદા ખાચરના

દરબારમાં ગયાં ને કહ્યું જે, "મહારાજ ! હું આ લૂગડું લાવી છું, તેમાં ચરણારવિંદ પાડી આપો." મહારાજ કહે જે, "તમને ચરણારવિંદ નહિ પાડી આપીએ. કારણ કે તમે ગામમાં રહો છો, તે તમારે દર્શન થાય છે. માટે નહીં પાડી આપીએ." એવું કહ્યું. ત્યારે રામબાઈ ઘરે ગયાં ને બીજે દિવસ આવતાં વાર લાગી એટલે મહારાજે કહ્યું કે, "રામબાઈ કેમ આવ્યાં નથી ?" ત્યારે કોઈએ કહ્યું જે, "કાલે ચરણારવિંદ પાડવાની તમે ના કહી હશે, તે તેને રીસ ચડી હશે."

પછી મહારાજ કહે, "એમને આંહીં બોલાવી લાવો." પછી રામબાઈને દરબારમાં બોલાવી ગયા ને મહારાજે પોતાને પહેરવાનું ધોતિયું ફાડીને ચરણારવિંદ બે જોડ પાડી આપ્યાં. ને પછી એક રૂમાલ આપ્યો ને એક વાટવો[૧](બટવો) આપ્યો. પછી શ્રીજીમહારાજ કહે, "રામબાઈ, તમને સમાધિ કરતા શીખવીએ." ત્યારે રામબાઈ કહે જે, "મારે સમાધિ કરવી નથી. સમાધિમાં શું દેખાડો ?" ત્યારે મહારાજ કહે, "અમારું ધામ ને મારી મૂરતી તમને દેખાડીએ."

પછી રામબાઈ કહે, "મારે સમાધિ કરવી નથી. તમે આંહીં બેઠા છો, તે મારે તો તમારી મૂર્તિનાં દર્શન કરવાં છે તે થાય છે." ત્યારે મહારાજ રાજી થયા ને કહે, "માંગો." ત્યારે રામબાઈ કહે, "મહારાજ, તમે મારી ખબર રાખજો." પછી મહારાજ કહે, **"બહુ સારું, અમે તમારી ખબર રાખશું ને દુઃખ પડે ત્યારે સંભારજો. તે તમારું દુઃખ અમે હરી લેશું ને મારી મૂર્તિ તમારી પાસે રહેશે."**

❈ વિપ્ર ભૂદર તથા માધવજીના પૂર્વજોનો ઉદ્ધાર :

એક દિવસ ગઢપુરમાં શ્રીજીમહારાજને ભૂદર બ્રાહ્મણ તથા માધવજીને ઘરે પધરાવ્યા. ને ત્યાં મહારાજને સુખડી જમાડી હતી. ને પછી હાથ જોડી કહે જે, "હે મહારાજ ! અમે દુર્બળ બ્રાહ્મણ છીએ.

૧. આ વાટવો પછી આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજની પૂજામાં આવ્યો હતો.

INDEX

માટે અમારું આત્યંતિક કલ્યાણ થાય ને અમારા પૂર્વજો મોક્ષે જાય તે હું નજરે ભાળું." પછી તેને ધ્યાનમાં બેસાડ્યો. તેના પૂર્વજો મોક્ષે ગયા, તેમ તેણે નજરે ભાળ્યું. પછી મહારાજને દંડવત કરી પગે લાગ્યો. એ રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ॥૨૧૩॥

રાજગરના ખોરડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૧૪

રાજા રાજગરનો મોક્ષ અને તેના પુત્રોને મોક્ષનો કોલ



રાજગરના ખોરડા

એક દિવસ રાજા રાજગર તથા તેના દીકરા સાંગા રાજગરે મહારાજને પોતાને ઘેર પધારવા પ્રાર્થના કરી. તેથી મહારાજ સંતોને સાથે લઈ તેમને ઘેર પધાર્યા. રાજા રાજગર તથા સાંગા રાજગરે પોતાના ઘરે પધરાવી મહારાજને જમાડ્યા અને સાધુઓ વિગેરે તમામને જમાડ્યા. તે વખતે રાજો રાજગર માંદો હતો. પછી મહારાજ તેને જોવા તેની પાસે પધાર્યા. પછી મહારાજ કહે જે, "રાજા ગોર, તમે અમને કેમ

બોલાવ્યા હતા ?” પછી રાજો રાજગર કહે જે, “મારો અંત વખત છે, માટે તમે આંહીં ઊભા રહો ને મારા દેહનો અંતકાળ થાય તે વાસ્તે બોલાવ્યા છે.”

પછી મહારાજ કહે જે, “કાલ ભીમ એકાદશી છે, માટે અમે કાલ આવશું.” ત્યારે રાજો ગોર કહે જે, “ઠીક.” પછી મહારાજ કહે જે, “તમારે કાંઈ વાસના છે ?” ત્યારે કહે જે, “વાસના તો કાંઈ નથી, પણ આ સાંગાને સત્સંગ રહે ને તમારા સંબંધમાં તથા દાદા ખાચરના સંબંધમાં રહે ને તેની સેવામાં અરથ આવે એવી વાસના છે.” પછી મહારાજ કહે જે, “તમે અમારી સેવા કરી છે, તેથી સાંગો વધારે સેવા કરશે ને અમારા ને દાદા ખાચરના સંબંધમાં જ આવશે.” પછી રાજો ગોર કહે જે, “એના માથા ઉપર હાથ મૂકો.” પછી મહારાજે સાંગાના માથા ઉપર હાથ મૂક્યો ને કહે જે, “એનું નામ અમર રહેશે.” એમ કહીને મહારાજ દરબારગઢમાં પધાર્યા.

પછી બીજે દિવસ સવારમાં મહારાજ રાજા રાજગરને ત્યાં પધાર્યા એટલે ઢોલિયા પરથી હેઠા ઊતરી મહારાજને પગે લાગ્યા. અને પલોંઠી વાળી બે હાથ ભેળા કરી મહારાજ સામું જોયું ને આત્માને ખેંચી દેહથી અલગ કરી જોગીની પેઠે બ્રહ્મરંધ્રથી તેનો જીવ બહાર નીસર્યો. તે વખતે જેટલા માણસ હતા, તેને ચતુર્ભુજરૂપે દેખાણો ને મહારાજના સ્વરૂપને વિશે લીન થયો. એવું મહામોટું ચરિત્ર કર્યું.

રાજાના દાડાને(બારમાના) દિવસે સાંગાને પાઘડી બંધાવવા મહારાજ પધાર્યા હતા. અને તે વખતે હજારો રાજગર એ રાજગરના કારજ ઉપર આવ્યા હતા. તે મધ્યેથી ઘણાક રાજગરો વર્તમાન ધરી મહારાજના આશ્રિત થયા ને (તેમને) પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન થયાં. ને તે મહારાજના ચરણારવિંદને વિશે લીન થયા. એવો કેટલાકને પરચો દેખવામાં આવ્યો. એવું ચરિત્ર કર્યું.

ને તે રાજા રાજગરના પંદરમાના દિવસે માવ, પરમાણંદ, સાંગો એ ત્રણે મળી માલપૂડાની રસોઈ આપી મહારાજ તથા સાધુઓને જમાડ્યા. ને મહારાજની ચંદન-પુષ્પે કરી પૂજા કરી. અને ત્રણેયે મહારાજને ઘરે પધરાવ્યા. પછી માવ તથા પરમાણંદ કહે જે, "રાજા રાજગરના જેવી અમારી સાયંમુક્તિ થાય." પછી મહારાજ હસ્યા ને કહે જે, "અમે જે દિવસથી આવ્યા તે દિવસથી આ રાજાએ અમારી ઘણી સેવા કરી છે. તેમ દાદા ખાચરની પણ ઘણી સેવા કરી છે. માટે એ તો છતે દેહે જ મુક્ત હતો. અને તમારે તો જેવી નિષ્ઠા તેવો મોક્ષ."

પછી પરમાણંદ ને માવ બેય બોલ્યા કે, "અધમઉદ્ધારણ એવું તમારું નામ છે, તે અમારો ને રાજા રાજગરના મોક્ષમાં ન્યૂનાધિકતા રહે તો અધમઉદ્ધારણ એવું તમારું નામ લાજે." પછી મહારાજ હસ્યા ને કહે જે, "તમારું પણ કલ્યાણ થાશે, તેમાં સંશય રાખશો મા." પછી ઝીણાને પગે લગાડ્યો. પછી મહારાજે તેને તથા પરમાણંદનો દીકરો ગીગો નાનો હતો તેને માથે હાથ મૂક્યા. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું.

❋ લાધાભક્તને ઘેર પધરામણી અને મોક્ષનું વરદાન :

તે જ દિવસે લાધા ઈંદરાને ઘરે મહારાજ પધાર્યા. અને તેણે મહારાજને આ દેશના વણાટનો એક ચોફાળ ઓઢાડ્યો અને હાથ જોડી કહે જે, "અમારું તથા અમારા છોકરાઓનું આ રાજગરના જેવું જ કલ્યાણ થવું જોઈએ. કેમ જે, અમે પણ તેમના પાડોશીઓ છીએ. માટે પાડોશીઓનું પણ સારું કરવું જોઈએ. કેમ જે, તમે ભક્તવત્સલ છો. માટે મારું કલ્યાણ કરો, તે વિના તમને આંહીંથી ઊઠવા આશ નહીં." પછી મહારાજ કહે, "સારું." પછી કહે જે, "એક મારે પ્રશ્ન પૂછવો છે કે, હું મારા સગાંઓમાં ગયો હતો. ત્યાં હયગ્રીવ પુરાણ વંચાતું હતું. તેમાં હયગ્રીવ ભગવાનના સ્વરૂપનો પ્રણવ થતો હતો. તે ઘોડારૂપી ભગવાન કેવા સ્વરૂપે હશે ? એ મારે જોવું છે, માટે મને નજરે દેખાડો."

પછી મહારાજ કહે જે, “તું પાત્ર નથી, માટે તને દર્શન ન થાય.” ત્યારે કહે જે, “આ પાત્ર.” એમ કહી મહારાજનાં ચરણારવિંદમાં પડ્યો. તે જ વખત સમાધિ થઈ, તેમાં હયગ્રીવ ભગવાન દેખાણા. તેમાં ડોકથી નીચલો ભાગ બધો ઘોડાનો જણાણો અને ઉપલો ભાગ બધો ચતુર્ભુજ મુગટ સહિત જણાણો. અને એવી આકૃતિ ભાળી કે ચીસ પાડવા માંડ્યો. તે હયગ્રીવ ભગવાનનું સ્વરૂપ મહારાજના ચરણને વિશે લીન થયું. એ જોઈ ઘણો આનંદ પામ્યો. પછી મહારાજે તેને સમાધિમાંથી જગાડ્યો અને પોતાનો પાકો આશ્રિત કર્યો.

અને પછી એક દિવસે ખરી મહેનતથી ચણેચીની ભાજી અને જુવારનો રોટલો અને માખણ એ મહારાજને થાળમાં મોકલાવી જીવા ખાચરની આગળ મોજ લીધી. અને સાયંમુક્તિ આપવી એમ મહારાજ પાસે કબૂલ કરાવ્યું. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૨૧૪॥

તેજા ઠક્કરના ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૧૫

તેજા ઠક્કરે મહારાજને પ્રેમથી જમાડ્યા.

તે એવી રીતે કે ગઢપુરના તેજા ઠક્કરે શ્રીજીમહારાજને દંડવત કરી પગે લાગી નમ્રતાપૂર્વક કહ્યું જે, “મારે ઘરે થાળ બેચરભાઈ (બ્રાહ્મણ) પાસે કરાવું છું, તો આપ જમવા પધારો.” પછી શ્રીજીમહારાજ તેજા ઠક્કરને ઘરે પધાર્યા. ત્યારે કહ્યું જે, “થાળમાં બાજરાનો રોટલો ને દાળ કરાવજો તો જમશું.” પછી બેચરભાઈ તથા લક્ષ્મીરામ બંને જણ પાસે તેજાભાઈએ રસોઈ કરાવી. તેમાં લાડુ તથા દાળ, ભાત ને શાક કરાવ્યું. ને શ્રીજીમહારાજ જમવા પધાર્યા, પણ તેમની ભાવના જોઈને કંઈ બોલ્યા નહીં અને પ્રેમથી થાળ જમ્યા.

પછી મહારાજ થાળ જમી રહ્યા ત્યારે ગોદડું પાથરી તૈયાર કરેલા ઢોલિયા ઉપર બેઠા. ને તેજા ઠક્કરે તેમના દીકરા ડાયો તથા ધનજી તથા ભીમજી ત્રણેને બોલાવી શ્રીજીને પગે લગાડ્યા, ને પોતે પણ પગે લાગ્યા ને ચરણકમળ છાતીમાં લીધાં. પછી શ્રીજી દરબારમાં પધાર્યા.

❋ તેજા ઠક્કર તથા ગોદડ લુવારના ઘરની અગ્નિથી રક્ષા :

(૧) એક સમે તેજા ઠક્કરના ઘરની જોડે ગોદડ લુવારનું ઘર હતું. તે ઘરમાં આગ લાગી તેથી લુવારનું ઘર સળગ્યું. તે ગોકીરો અને રાડો થઈ તે શ્રીજીએ સાંભળી. ને પૂછ્યું જે, “આ શું થાય છે ?” એવામાં કોઈ હરિભક્ત આવ્યો. તેણે કહ્યું જે, “તેજા ઠક્કરનું ઘર સળગ્યું છે.” તે સાંભળી મહારાજ તથા પાળા તત્કાળ ઊઠી તેજા ઠક્કરના ઘરે આવ્યા. ને ઘરમાંથી પટારો બહાર ફળીમાં કઢાવી તે ઉપર શ્રીજી બેઠા. ને પાળાને આજ્ઞા કરી તેથી ખોરડાં ઉપર ચઢી ગયા. ને ગોદડ લુવારનું ઘર સળગતું હતું, તેને તત્કાળ ઓલવી દીધું; તેથી જોડે રહેલું તેજા ઠક્કરનું ઘર સળગ્યું નહીં. એમ તેની એ રીતે અગ્નિથી રક્ષા કરી.

તે વખતે તેજો ઠક્કર ગામમાં ગયેલો ને તેમના સ્ત્રી કેસર ઘરે હતાં. તેમણે મહારાજને સ્તુતિ કરી ને હાથ જોડી કહ્યું જે, “હે મહારાજ ! આ સમે મારી અગ્નિથી રક્ષા કરી, નહિ તો મારું ગરીબનું ઘર બળી જાત.” પછી શ્રીજીમહારાજે પટારો ફળિયામાં હતો, તેને પાછો ઘરમાં મૂકાવ્યો ને પછી દરબારમાં પધાર્યા.

❋ તેજા ઠક્કરનો પ્રેમ અને તેમણે શ્રીહરિને ભેંસ આપી :

(૨) એક વખત સંવત્ ૧૮૮૪ના ભાદરવા માસમાં તેજા ઠક્કર એક ભેંસ ગરમાંથી લાવ્યા હતા. તે દૂધ દોહીને શ્રીજીમહારાજના થાળમાં લાડુબાને તેજા ઠક્કરની સ્ત્રી આપી આવ્યાં. ને કહ્યું જે, “શ્રીજીમહારાજને દૂધ જમાડજો.” તે દૂધ આશરે પંદર શેર હતું. તે દૂધ

મહારાજને લાડુબાએ જમાડ્યું. ને કહ્યું જે, "તેજા ઠક્કર નવી ભેંસ લાવ્યા છે, તે દૂધ આપી ગયા છે." તે શ્રીજી જમીને દૂધનાં વખાણ કરતા હવા ને કહ્યું જે, "દૂધ બહુ મીઠું સાકર નાંખી હોય તેવું છે."

પછી લાડુબાએ કહ્યું જે, "મારે ભેંસો વહુકવા આવી છે, તે ભેંસ લેવી છે, તો તેજા ઠક્કર ભેંસ લાવ્યા છે, તે ભેંસ બહુ સરસ છે ને તમે કહેશો તો તરત આપશે." પછી તેજા ઠક્કરને બોલાવ્યો ને ત્યાં હરજી ઠક્કર તથા લાધો ઠક્કર પણ હતા. પછી શ્રીજીએ તેજા ઠક્કરને કહ્યું કે, "તમારી ભેંસનું દૂધ જમ્યા, તે દૂધ બહુ મીઠું છે. માટે અમારે ભેંસ લેવી છે. તે તમો લાવ્યા એવી ભેંસ અમોને લાવી આપો."

ત્યારે તેજો ઠક્કર કહે, "મહારાજ ! મારી ભેંસ તમે રાખો." ત્યારે શ્રીજી કહે કે, "તમારા છોકરાના વાસ્તે તમો લાવ્યા તે લેવાય નહીં." ત્યારે તેજો ઠક્કર કહે, "મહારાજ ! હું તો બીજી લાવીશ, અમો વેપારી તે લઈએય ખરા ને વેચીએય ખરા."

પછી શ્રીજી તથા હરજી ઠક્કર તથા પાળા ભેંસ જોવા તેજા ઠક્કરને ઘરે પધાર્યા. ને ભેંસને દોવરાવી, તે તેમનાં સ્ત્રી કેસરે ભેંસ દોઈ તે સોળ શેર દૂધ કાઢ્યું. ને મહારાજને ઢોલિયો ઢાળી આપ્યો હતો, તે ઉપર વિરાજમાન હતા. ત્યાં દૂધની ત્રાંબડીઓ દેખાડી. તે જોઈ મહારાજે ભેંસનાં વખાણ કર્યાં ને બોલ્યા જે, "હરજી ઠક્કર, આ ભેંસ સો રૂપિયાથી વધુ કિંમતની છે." એમ કહી તેજા ઠક્કરને કહ્યું જે, "ભેંસના કેટલા રૂપિયા લેશો ?" ત્યારે તેજો ઠક્કર કહે, "હે મહારાજ ! ભેંસને તમારે વાસ્તે લાવ્યો છું, તે હું બાંધવા સારુ આવું છું." ત્યારે શ્રીજી કહે, "તમો ગરીબ માણસ, માટે ભેંસ તો સો રૂપિયાથી વધુ કિંમતની છે, પણ અમારી પાસેથી તમો સો રૂપિયા લીઓ તો ભેંસ રાખીશું; નહિ તો નહિ રાખીએ." તેની પંચાત ચાલી.

મહારાજ કહે, "રૂપિયા આપીને ભેંસ લેવી." ને તેજો ઠક્કર કહે, "હું તો મહારાજને આપવા વાસ્તે લાવ્યો છું, તે રૂપિયા લેવા નથી." પછી પંચાતમાં હરજી ઠક્કર તથા હમો શેઠ બંને જણે કહ્યું જે, "ભેંસ જેટલા રૂપિયાની લાવ્યા હતા એટલાની, એ વાત યાદ કરશો નહીં." પણ મહારાજ કહે, "ભેંસ સો રૂપિયાની છે, તે સો રૂપિયા લિયો તો ભેંસ રાખીશું." પછી તેજા ઠક્કરની સ્ત્રી કેસર કહે, "મહારાજ, જેમ રાજી થાશો તેમ કરીશું ને ભેંસને દોરીને મૂકી આવો."

પછી શ્રીજીમહારાજ ઘણું રાજી થયા ને કેસરબાઈને કહ્યું કે, "તમારા દીકરા ધાવણા છે, તે દૂધ વિના કેમ થાશે ?" ત્યારે કેસરબાઈ કહે, "મહારાજ, અમો બીજી તત્કાળ ભેંસ લઈ લેશું." પછી છોકરાને કેસરબાઈએ પગે લગાડ્યો ને શ્રીજીએ છોકરાને માથે હાથ મૂક્યો. તેનું નામ નારણ છે. તે તે દિવસે પાંચ સાડા પાંચ મહિનાનો હતો. પછી તે ભેંસ દોરીને દરબારમાં તેજો ઠક્કર લઈ બાંધી આવ્યા.

❋ પ્રેમજી સુતારને ઘેર થાળ અને તેજા ઠક્કરને ઘેર સભા :

(૩) એક સમે પ્રેમજી સુતારે શ્રીજીમહારાજને રસોઈ આપી. તે સાધુ, પાળા સમસ્ત તથા મહારાજ એ સર્વે પ્રેમજી સુતારને ઘરે જમવા પધાર્યા. તે પ્રેમજી સુતારને ઘર આગળ સાંકડ હતી, તેથી તેજા ઠક્કરનું ઘર નજીક હતું, ત્યાં શ્રીજી સભા કરીને વિરાજમાન થયા હતા. ને તેજા ઠક્કરે મોદ પાથરી આપીને શ્રીજીને ઢોલિયો ઢાળી આપ્યો ને ફળિયામાં સભા ભરાઈને શ્રીજીમહારાજ બેઠા હતા.

❋ શ્રીહરિએ કોઠી ભંગાવીને તેજા ઠક્કરનો ગોળ લેવરાવ્યો :

(૪) એક સમે દાદા ખાચરના વિવાહમાં તેજા ઠક્કરે શ્રીજીમહારાજને ગોળ પચાસ મણ વેચાતો આપ્યો. તે તોળવા સારુ આવ્યા. તે ગોળ કોઠીમાં ભરેલ ને શિયાળાના દિવસ તે ગોળ કોઠીમાંથી નીકળે નહીં.

કોશ વતે ખોદીને ઉખેડે ત્યારે ભેલું ઊખડે. ને ગઢપુરના મનુષ્યને શ્રીજીમહારાજે જમવાનું કહેલું, તે શીરો કરવાની ઉતાવળ ને ગોળને આવતા વાર લાગી. પછી શ્રીજીમહારાજ તેજા ઠક્કરને ઘરે પધાર્યા ને કહ્યું જે, "ગોળને કેમ વાર લાગે છે ?" ત્યારે તેજો ઠક્કર કહે, "મહારાજ કોઠીમાં બે જણને નાખ્યા છે, પણ વજ્ર જેવો ગોળ ઊખડતો નથી." પછી મહારાજે પાળાને આજ્ઞા કરી કે, "કોઠીને ભાંગો." પછી કોઠીને ભાંગી ને પોડા શીખે ગોળ તોળ્યા વિના લઈ ગયા, તે નિમિત્તે પધાર્યા હતા.

❈ તેજા ઠક્કરના દીકરા ડાયાની રોગથી રક્ષા :

(૫) એક સમે તેજા ઠક્કરનો મોટો દીકરો ડાયો તેને શીળી નીકળી, તેમાંથી આંખો ગઈ. પછી શ્રીજીમહારાજ જોવા પધાર્યા, તે ઢોલિયો પાથર્યો તે ઉપર શ્રીજી બેઠા ને ડાયાને જોઈને બોલ્યા જે, "કાંઈ ફીકર રાખશો નહીં. દેખતા કરતાં પણ ખબડદાર થાશે ને હવે આંખે પાટા બાંધશો નહીં." એમ કહી ડાયાને માથે હાથ મૂક્યા ને મહારાજ દરબારમાં પધાર્યા. પછી ડાયાને આંખે સુવાણ થઈ. આંખે દેખે નહીં, પણ એકલો ગામમાં જાય ને રૂપિયામાંથી ખોટા રૂપિયા કાઢી નાંખે ને વેપારમાં ઘણો હોશિયાર, કોઈથી છેતરાય નહિ એવો થયો હતો. ॥૨૧૫॥

જીવા ખાચરના દરબારમાં અમુલાબાઈનો ઓરડો છે, તે જગ્યાનું

ચરિત્ર નં.૨૧૬

મહારાજ એભલ ખાચરના દૂધભાઈ ઠર્યા.

એક વખત મહારાજ જીવા ખાચરના દરબારમાં પધાર્યા હતા. અને જીવા ખાચરની દીકરીઓ અમુલાબાઈ તથા અમરબાઈના ઓતરાદા બારના ઓરડાએ મહારાજને ઉતારો આપ્યો હતો. અને ત્યાં મહારાજના સારુ સવારના પહોરમાં થાળ કર્યો હતો. તેમાં દૂધ, ચોખા ને સાકર ને ભાતલું(સવારમાં જમવા માટે કરેલા ગરમ રોટલા, દૂધ, ઘી) કરાવ્યું હતું. તે મહારાજ નાહીને જમવા બેઠા હતા.

તે વખતે મહારાજનાં દર્શન કરવા સારુ એભલ ખાચર આવ્યા હતા અને જીવો ખાચર તથા મુળુ ખાચર પણ હતા. પછી મહારાજે જીવા ખાચરને પ્રસાદી આપી. તે વખતે જીવો ખાચર કહે જે, “ભાતલાનો કટકો આપો. દૂધ એંઠો ખવાય નહીં.” તે વખતે એભલ ખાચર કહે જે, “જીવા ખાચર મર ગોટા વાળે. મને દૂધની પ્રસાદી આપો.” પછી પ્રસાદી મહારાજે આપી તે એભલ ખાચર જમી ગયા.

પછી મહારાજે જીવા ખાચરને પૂછ્યું કે, “દૂધ એઠાંમાં શો બાદ ? અને શા કારણથી ના ખાધું ?” ત્યારે જીવો ખાચર કહે જે, “દૂધ એઠું ખાય તે દૂધભાઈ કહેવાય.” પછી મહારાજ કહે જે, “અમે અને એભલ ખાચર તો દૂધભાઈ ઠર્યા.” પછી એભલ ખાચર કહે જે, “તમે તો મારા પિતા છો ને પૂરણબ્રહ્મ પુરુષોત્તમ છો ને પ્રસાદી સારુ બ્રહ્મા પણ માછલું થયા હતા. માટે મારાં અનેક જન્મનાં પાપ બળી ગયાં તે તમારો પ્રસાદ મળ્યો.” પછી મહારાજ કહે જે, “જીવા ખાચરના બોલ્યા પ્રમાણે તો હું તમારો મોટો ભાઈ ઠર્યો.” એમ કહી હસ્યા અને પછી બોલ્યા કે, “હવે અમારે તો તમારે ત્યાં રહેવું પડશે. કેમ જે,

અમને જીવે ખાચરે દૂધભાઈ ઠરાવ્યા.” એવી રીતે એ જગ્યાએ એક મહા ચમત્કારીક વાત કરી.

❋ શ્રીહરિએ અમુલાબાઈનું ઝેર ઉતારી કાળથી રક્ષા કરી :

એ જ ફળીમાં આથમણા બારના ઓરડાએ મહારાજ પધાર્યા હતા. ત્યાં અમુલાબાઈને એક દુષ્ટજને ઝેર આપ્યું હતું અને અમુલાબાઈનો અંતકાળ વખત હતો. પછી મહારાજે અમુલાબાઈ સામું જોઈ માથા ઉપર હાથ મૂક્યો ને કહ્યું જે, “હવે કાંઈ નહિ થાય.” પછી ઊલટી થઈ ને બેઠાં થયાં. ને મહારાજે કાળ થકી અમુલાબાઈની રક્ષા કરી. એવો મોટો પરચો થયો. તે વખત સવાર હતી. પછી માલપુવાની રસોઈ કરાવીને અમુલાબાઈએ મહારાજ તથા સાધુને જમાડ્યા. એવી રીતે એક મોટું ચરિત્ર કરેલું. એ વિના મહારાજ ત્યાં ઘણી વખત ગયેલા, તે પ્રસાદીની જગ્યા છે. ॥૨૧૬॥

ઓતરાદા બારના રામા ખાચરના ઓરડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૧૭

રામ ખાચરના ઘેર રંગોત્સવ તથા જમણવાર

ગઢપુરમાં રામાભાઈ ખાચરના ઘરે એક વખત વસંતપંચમીને દિવસ ઉતરાદા બારના ઓરડાએ મહારાજ વિરાજમાન થયા હતા. અને ફળિયામાં સંત ઝાંઝ-મૃદંગ લઈને વસંતનાં કીર્તન બોલતા હતા. પછી ત્યાં રંગ લાવ્યા. પછી ખૂબ રંગ ઉડાડ્યો. પછી સહુ સંતો-ભક્તોની સાથે ઘેલા નદીએ સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરી પાછા રામ ખાચરના ઘેર પધાર્યા. ને પછી મહારાજ તથા સંત સારુ બિરંજની રસોઈ કરાવી હતી. પછી સર્વેને જમાડ્યા ને ઘણા પ્રસન્ન થઈ સર્વે સાધુને મળ્યા ને હરિભગતને ચરણારવિંદ આપ્યાં. ॥૨૧૭॥

મૂળુ ખાચરના ઉગમણા બારના ઓરડાનું

ચરિત્ર નં.૨૧૮

મૂળુ ખાચરને ઘેર અષ્ટમી ઉત્સવ અને કૃષ્ણરૂપે દર્શન

ગઢપુરના દરબાર મૂળુ ખાચરના ઘેર એક વખત ગોકળ આઠમના સમૈયા ઉપર સર્વે સંત તથા હરિજન દેશાંતરથી મહારાજે બોલાવ્યા. ને ત્યાં દસ દિવસ સુધી ઉગમણા બારના ઓરડાએ સભા કરી હતી. ને જન્માષ્ટમીના દિવસે ઉગમણા બારના ઓરડાની ઓસરીએ મહારાજ વિરાજમાન થયા હતા. અને ત્યાં હજારો સાધુ તથા હજારો હરિભક્ત ભેળા થયા હતા. ત્યાં હરિજનોએ આખો દિવસ મહારાજની પહેરામણી કરી, હજારો જાતનાં ઘરેણાં તથા હજારો જાતનો પોશાક મહારાજને અર્પણ કર્યો હતો. અને રાત્રીએ જાગરણ કરી ફળીમાં સંત કીર્તન બોલતા હતા. કૃષ્ણ ભગવાનના જન્મ વખત મહારાજને મૂળુ ખાચરે કૃષ્ણરૂપે દેખ્યા અને પછી કૃષ્ણ છે તે મહારાજને વિશે લીન થઈ ગયા. એવું ભાળ્યું, તે જોઈ મહા આશ્ચર્ય પામ્યા.

સવારે પારણાને દિવસે મોતૈયા લાડુની રસોઈ આપી મહારાજ તથા સાધુઓ સર્વેને જમાડ્યા. ને ઘણા સાધુઓને સમાધિ કરાવી હતી, ને પધરામણી કરી. એવું મોટું ચરિત્ર કર્યું. ॥૨૧૮॥

જીવા ખાચરના ઉગમણા બારના ઓરડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૧૯

જીવા ખાચરના દરબારમાં મોટો રંગોત્સવ


જીવા ખાચરનો દરબારગઢ

એક વખત મહારાજ જીવા ખાચરના દરબારમાં પધાર્યા હતા અને દેશમાં સાધુ તથા હરિભક્ત ઉપર હુતાશનીના સમૈયાની કંકોતરી લખાવી હતી. અને પરમહંસ તથા હરિભક્ત હુતાશનીના સમૈયા ઉપર ભેળા થયા હતા. ને હુતાશની અને પડવાને દિવસ મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને પચાસ રંગાડાં રંગ કઢાવ્યો હતો અને હજાર પિચકારીઓ કરાવી હતી અને બસો મણ ગુલાલ ભેગો કરાવ્યો હતો. અડધો રંગ સાધુને સોંપ્યો ને અડધો રંગ મહારાજ તથા પાળા તથા હરિભક્તને

સોંપ્યો. અને પછી બપોર વખતે નરનારાયણનો જન્મોત્સવ સાધુ પાસે કરાવ્યો. તે વખતે મહારાજ નરનારાયણરૂપે દેખવામાં આવ્યા. ત્યારપછી રંગોત્સવ શરૂ થયો.

એક તરફ મહારાજ, હરિભક્ત અને પાળા રહ્યા હતા અને બીજી તરફ પરમહંસો રહ્યા હતા. અને તેને ફળિયામાં રહેવાની આજ્ઞા કરી અને મહારાજ આદિ ઓસરી ઉપર રહ્યા અને સામસામી રંગની ધૂમ બોલવા લાગી. અને પરમહંસમાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ભાયાત્માનંદ સ્વામી વિગેરે હજારો પરમહંસ તથા મુકુંદાનંદ આદિક બ્રહ્મચારીઓ વગેરેએ સર્વેમાં સામસામી રંગની ધૂમ બોલવા લાગી.

પરમહંસ તરફથી ઉપાડો થયો ને પરમહંસો ઓસરી ઉપર ચડી ગયા. હરિજનો ભાગી ઓરડામાં ગરી ગયા અને મહારાજ ઓરડામાં ભાગવાનું કરતા હતા. ત્યારે મહારાજને નિત્યાનંદસ્વામીએ કેડે કરી ઉપાડી લઈ ઢોલિયા ઉપર બેસાર્યા. અને સોનાનાં કડાં ગોઠને બદલ કાઢી લીધાં. અને હરિજન, પાળા વગેરે હાર્યા. પછી નિત્યાનંદસ્વામી વગેરે કહે જે, “ગોઠ આપો.” પછી મહારાજ કહે જે, “માગો.”

પછી કહે જે, “આમનામ રંગે સહિત તમામ પરમહંસ તથા બ્રહ્મચારીને મળી હૃદયને વિશે ચરણારવિંદ આપો. અને આ રંગ વધ્યો છે, તે બધો આ પરમહંસ, બ્રહ્મચારી, પાળા, હરિજન એ સર્વેની ઉપર નાખો.” પછી સ્વામિનારાયણ મહારાજે તે પ્રમાણે કર્યું. સંત વગેરેને મળી પછી હૃદયને વિશે ચરણારવિંદ આપ્યાં, અને પછી સર્વ સંત તથા હરિજનો ઉપર્ય રંગ ઉડાડ્યો.

તે વખતે આકાશને વિશે જયજય... એવો શબ્દ થઈ દેવતાઓએ ફૂલની વૃષ્ટિ કરી. અને મહારાજે પોતાનો પહેરેલો પોશાક

નિત્યાનંદસ્વામીને આપ્યો. અને પછી નિત્યાનંદસ્વામીએ કડાં પાછાં આપવાં માંડ્યાં, પણ મહારાજે પાછાં લીધાં નહીં. પછી મહારાજ માણકી ઘોડી ઉપર ચડી ખીજડાને આરે ના'વા પધાર્યા, ને ત્યાં સર્વ જન ના'યા. અને ત્યાં એક મોટો પાણો છે તે ઉપર્ય બેઠા. તે વખતે નિત્યાનંદસ્વામીએ ચંદન-પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરી.

તે વખતે મહારાજે ધોળો પોશાક પેર્યો હતો, તે તમામ પોશાક નિત્યાનંદસ્વામીને ફરીને આપ્યો અને કડાં નિત્યાનંદસ્વામીને પેરાવ્યાં. ને ફરીને મહારાજ નિત્યાનંદસ્વામીને મળ્યા, અને કહે જે, "તમને જે રંગેલ પોશાક આપ્યો છે, તે તેના કટકા કરી સર્વ પરમહંસને આપો." પછી મહારાજે નિત્યાનંદસ્વામીને માણકી ઘોડી ઉપર ચડાવ્યા ને મહારાજ આગળ ચાલ્યા, ને પાછા જીવા ખાચરના દરબારમાં આવ્યા. ને પછી ઉગમણા બારના ઓરડાની ઓસરી ઉપર બેસી જમ્યા. ને પંડે પંગતમાં ફરી સર્વ પરમહંસને મોતૈયા લાડુ જમાડ્યા. તે દિવસ મોટો સમૈયો કર્યો. જીવા ખાચરના દરબારમાંથી રંગની નીક ચાલી તે ઘેલામાં ભળી. એવો મોટો સમૈયો કર્યો. ॥૨૧૯॥

જીવા ખાચરના ઓરડાને પછવાડે ઉગમણા બારનું મોટા બારણાનું રસોડું છે. તે જગ્યાએ મહારાજ બિરાજમાન થયા છે અને ઓરડામાં દુકાળમાં મોટો પરચો આપ્યો હતો. તેનું

ચરિત્ર નં.૨૨૦

જીવા ખાચરની દુષ્કાળમાં અન્ન, ધન અને આબરુથી રક્ષા

ઓગણાતેરા કાળમાં મહારાજની આજ્ઞાથી જીવે ખાચરે તમામ માણસોને તથા રાંકને રોટલો આપવા માંડ્યો. કેટલાક દિવસે તંગાસ(ઘટ) આવી એટલે મૂંઝાઈને દેહત્યાગ કરવાનો વિચાર કર્યો. અને પછી મહારાજનું સ્મરણ કર્યું એટલે હૃદયને વિશે શબ્દ થયો કે, ‘આજથી પાંચ દિવસ પછી મહારાજ આંહીં આવશે.’ પછી પાંચ દિવસ પછી મહારાજ પધાર્યા. પછી જીવે ખાચરે ઘણી સ્તુતિ કરી.

પછી મહારાજે કહ્યું કે, “તમે કોઈ તરેની ફિકર રાખો મા. અમે કહીએ તે પ્રમાણે કરો.” એમ કહી મહારાજ ઉગમણા બારના ગાડાશેરના રસોડે પધાર્યા ને કહ્યું જે, “બહેનો જેટલા રોટલા ઘડે તે સર્વેને આ કુંવરબાઈ અડે અને પછી રોટલા પટારામાં નાખવા અને તે રોટલા આ લાખોભગત કાઢી આપે, તો ખૂટશે નહીં.” તે વખતે કુંવરબાઈને સાક્ષાત અન્નપૂર્ણાનું દર્શન થયું.

પછી મહારાજે કારિયાણીના વસ્તા ખાચર તથા એભલ ખાચર તથા દાદા ખાચર તથા અલૈયા ખાચરને બોલાવ્યા. અને તે વખત જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ, અમરબાઈ તેમને પણ બોલાવ્યા. ને પ્રથમ અલૈયા ખાચરને કહ્યું જે, “અમારી આજ્ઞાથી બે હજાર રૂપિયા જીવા ખાચરને આપો. અમે તમને પાછા અપાવશું.” પછી તેણે ચોખી ના પાડી. તે કેડે મહારાજ કહે, “હે વસ્તા ખાચર ! તમે એક હજાર રૂપિયા આપો. અમે તમને પાછા આપશું.” પછી મહારાજની આજ્ઞા તેણે માથે ચડાવી.

પછી એભલ ખાચર તથા દાદા ખાચરને કહે જે, "તમારે બાજરો ઘણો છે, માટે સાઠ કળશી આપો અને એક લાખ પૂળા ખડના આપો." પછી એભલ ખાચર તથા દાદો ખાચર કહે જે, "ઠીક મહારાજ, આપશું." પછી મહારાજ કહે જે, "પોર તમને પાછા આપીશું." પછી એભલ દરબાર કહે જે, "અમે પાછા તો લેશું નહીં, તે શરતે આપશું." પછી મહારાજ કહે, "બોવ સારું." એમ કહીને બંને જણ પાસેથી અપાવ્યું. અને મહારાજના હુકમથી સવારથી તે સાંજ સુધી રોટલા લે, તોપણ ખૂટે નહીં, એવો પરચો બતાવ્યો. ને એવું મોટું અદ્‌ભુત ચરિત્ર કરેલું છે. ॥૨૨૦॥

એ ઓરડાથી દક્ષણાદી કોરે લાઈનમાં બે નાની-નાની ઓરડીઓ હતી. ત્યાં મહારાજ રહેતા હતા. ને તે ઓરડીઓને પછવાડે મોટો વાડો છે. ત્યાં મહારાજ રહેતા હતા. ને ત્યાં મહારાજે ઘણાં ચરિત્ર કર્યાં છે. તે માંહિલું

ચરિત્ર નં.૨૨૧

જીવા ખાચરને તેત્રીશ કરોડ દેવોનાં દર્શન કરાવ્યાં.

જીવા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાથી દક્ષિણ તરફ એ ઓરડાની લાઈનમાં બે નાની ઓરડિયું હતિયું. ત્યાં મહારાજ રે'તા. ને પછવાડે વાડો છે, ત્યાં મહાદેવનો ઓટો છે, ત્યાં મહારાજ ઘણી વખત બિરાજતા હતા. એક વખત મહારાજે રાત્રીને સમે તારામંડળને અને તેત્રીશ કરોડ દેવતાઓને જીવા ખાચરને ઓળખાવી તેની સ્થિતિની વાત કરી બતાવી. અને તેત્રીશ કરોડ દેવતાનાં દર્શન કરાવ્યાં. એ રીતે એક ચરિત્ર કર્યું. ॥૨૨૧॥

(જીવા ખાચરના ઓરડાથી ઓત્રાદી તરફ) કુંવરબાઈ ખાચરને ખોરડે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૨૨

કુંવરબાઈના ભાઈ ભીમ ખાચરનો ઉદ્ધાર

કુંવરબાઈ ખાચરે એક વખત મહારાજને પોતાને ઘરે પધરાવ્યા હતા. ને તે વખતે રાજબાઈ પાસે થાળ કરાવી મહારાજને જમાડ્યા હતા. ને ઘણી સ્તુતિ કરીને પછી કહે જે, “બધા જગતનું કલ્યાણ કરો છો તો મારા ભાઈનો મોક્ષ કરો.” પછી મહારાજ કહે જે, “ધ્યાન કરો.” પછી પોતાના ભાઈને ભાળ્યો અને પંડે ભાળે તેમ એ ભીમ ખાચર ચતુર્ભુજ થઈ ભગવાનના ધામમા ગયો. એવો પરચો બતાવ્યો. ॥૨૨૨॥

જીવા ખાચરના દીકરા ભોકા ખાચરના આથમણા બારના બે ઓરડા છે ને એક ઉગમણા બારનો છે; એ ત્રણે પ્રસાદીના છે, ત્યાંનું

ચરિત્ર નં.૨૨૩

શ્રીહરિએ સૂર્યગ્રહણને દિવસે અસુર તથા માનની દુષ્ટતા કહી.

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરના જીવા ખાચરના દીકરા ભોકા ખાચરના દરબારમાં અમાવાસ્યાને દિવસ આથમણા બારના બે ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. અને પરમહંસ તથા દેશદેશના હરિભક્તની ઓસરીમાં તથા ફળિમાં સભા ભરાણી હતી. તે વખત સૂર્યગ્રહણ થયું હતું.

પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **“જેની પાપી પ્રકૃતિ હોય તેને અમૃત જેવી ચીજ પ્રાપ્ત થાય તોપણ પાપ કરવાની વૃત્તિ આળસે**

નહીં ને અસુરપણું આળસે નહીં. કેમ જે, ભગવાનના ચક્રથી આ રાહુનું મસ્તક નોખું પડ્યું અને અમૃત તેના કંઠને વિશે ધારણ થયું. તેથી તે દેવપંક્તિમાં બેઠો, પરંતુ આજ સુધી એમનો એમ દુરાચારી છે. કારણ કે, આ આખા જગતને એક વરસમાં બે-ત્રણ વખત નવરાવે છે. અને જ્યાં એની છાયા પડે, તે ઔષધિનો નાશ થાય છે અને સૂર્યને ને ચંદ્રને નડે છે. તથા જેમ આંહીં નાહવું પડે છે, તેમ બ્રહ્માના લોક લગી તેની છાઈ પડે છે. તે વાસ્તે ભગવાનના પોતાના હાથે કરીને અમૃત પીધાના પ્રસાદથી દેવપંગતીમાં ભળ્યો, પણ અસુરતા મટી નહીં." પછી ત્યાં એક સાખી કહી કે,

પારસ કે પ્રસંગ સે, કંચન ભઈ તરવાર,
તુલસી તીનો ન મીટે, માર ધાર આકાર.

એમ કહી બોલ્યા જે, "જેવું અસુરપણું નડે છે, તેવું જ માન નડે છે." તે ઉપર બીજી સાખી કહી,

કંચન તજ્યો કામની તજ્યો, તજ્યો ધાતુકો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.

એમ કહી બોલ્યા જે, "માન પણ એવું છે. સાક્ષાત્ પ્રજાપતિ દક્ષ કહેવાય પણ માન નડ્યું, તેથી બોકડાનું મોઢું થયું." અને તે વિશે કેટલીક વાત કરી. પછી ઓસરી ઉપરથી હેઠા ઊતરી તમામ સભાને કહે જે, "જુઓ, આ રાહુનું સ્વરૂપ કેવું છે ? આ સમયે મારાં વચનથી એનું જેવું સ્વરૂપ છે, તેવું સર્વને દેખાશે."

પછી તમામ સભાએ જોયું. ત્યારે જેવું તેનું સ્વરૂપ વિકરાળ ને ક્રૂર હતું, તેવું સર્વના જોવામાં આવ્યું. અને સુદર્શન ચક્ર પણ જોવામાં આવ્યું. તેને ભાળી રાહુ ચીસો પાડી પાછો હઠવા માંડ્યો. તે આશ્ચર્ય જોઈ સર્વ સભા વિસ્મય પામી. ને એમ કહ્યું જે, "ભગવાન વિના

આ કોણ બતાવે ?!" પછી મહારાજ ઘડીવાર બેસીને ઘેલા નદી ઉપર ખળખળિયો કરીને ઘાટ છે, ત્યાં ના'વા પધાર્યા. પછી નાહી બ્રાહ્મણોને દક્ષણા આપી જીવા ખાચરના દરબારમાં પધાર્યા.

❊ મહારાજે શાપિત મુનિ લિંબડાનો મોક્ષ કર્યો :



અને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. તે દિવસે રાજબાઈની મા સોણબાઈની રસોઈ હતી. પછી દિવસ આથમ્યા પછી સાકરનું ચૂરમું પોતાને હાથે પીરસી સર્વ પરમહંસને જમાડ્યા. ને પછી એ આથમણા બારના ઓરડાની વાંસે લીમડાની પાસે રાજબાઈની ઓરડી હતી, ત્યાં પધાર્યા. ને રાજબાઈએ થાળ કરાવ્યો હતો તે જમ્યા.

ને પછી એ લીમડા હેઠ ઢોલણી ઢાળી વિરાજમાન થયા. ને બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, મોટા યોગાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદસ્વામી, આધારાનંદસ્વામી, પ્રેમસખી વિગેરે પાસે સરોદા, સતાર, તાલ, દોકડ બજાવી ગાવણું કરાવ્યું.

તે વખત અરધી રાત થઈ, ત્યાં લીમડામાંથી મંદ, સુગંધ ને શીતળ એવી વાસ આવવા માંડી. અને ગાવણાથી પણ ઘણો મધુર સ્વરનો શબ્દ થવા લાગ્યો, એટલે ગાવણું બંધ કર્યું. અને જીવા ખાચર,

મૂળુ ખાચર વિગેરે વિસ્મય પામ્યા. તે વખતે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આ લીંબડામાંથી શેનો સ્વર થાય છે ?"

પછી મહારાજ બોલ્યા કે, "પૂર્વ જન્મે 'મુનિ' એવે નામે કરીને એક ઋષિ હતો. તેણે જાંજળી ઋષિની આજ્ઞા ન પાળી, તેથી એને શાપ થયો કે, 'તું વૃક્ષ જેવો છો, માટે વૃક્ષ થા.' તેથી એને વૃક્ષનો દેહ આવ્યો છે. પછી એણે જાંજળી ઋષિને ઘણી વિનંતી કરી. તેથી તેણે એમ કહ્યું કે, 'તારા હેઠ ભગવાન બેસશે, તેથી તારો ઉદ્ધાર થાશે ને મોક્ષ થાશે.' માટે હવે આ લિંબડો સુકાઈ જશે." પછી જીવા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! આ લિંબડો સુકાશે ત્યારે મારે ઘણી અડચણ આવશે."

પછી મહારાજ કહે જે, "આ મુનિ તો આ લિંબડામાંથી ચતુર્ભુજ થઈ ભગવદ્‌ધામને પામ્યો. અને તમારે આ લિંબડો એવો ને એવો લીલો રાખવો હોય તો તેમાં બીજો જીવ પ્રવેશ કરશે, પણ એક વખત તો તમામ સુકાઈ જશે. અને આજથી આનું નામ 'મુનિ' એવું પાડજો." પછી તે દસ દિવસની અંદર સુકાઈ ગયો. અને (પછી મહારાજે બીજા જીવને પ્રવેશ કરાવ્યો તેથી તે) પાછો દસ દિવસની અંદર લીલો થયો. અને તે વખતે મહારાજ ત્રણ મહિના સુધી લાગઠ ત્યાં રહ્યા હતા. અને ઉગમણા બારના અને આથમણા બારના ઓરડામાં પરમહંસ રહેતા. મહારાજને ત્રણ માસ સુધી થાળ કરી જમાડ્યા હતા. એવી આ પ્રસાદીની જગ્યા છે. ॥૨૨૩॥

જીવા ખાચર તથા મૂળુ ખાચરનું એ તમામ ફળિયું પ્રસાદીનું છે.

ચરિત્ર નં.૨૨૪

મહારાજે મૂળુ વરસડાનું અભિમાન ઉતાર્યું.

જીવા ખાચર તથા મૂળુ ખાચરનું એ તમામ ફળિયું પ્રસાદીનું છે. ત્યાં મહારાજે નવ જગ્યાએ સભા કરી હતી. અને તે ફળિયામાં કાઠીઓ પાસે ભગડતુઈ(કબડ્ડી) રમાડી હતી. ડેલીનાં ખાનાં તથા ડેલી આગળનો ઓટો તથા લીંબડો, ત્યાં પણ મહારાજ ઘણું બેઠેલા છે. એક વખત લીંબડાવાળા ઓટા ઉપર બાજોઠ ઉપર ચાકળો નંખાવી વિરાજમાન થયા હતા. તે વખત તતાણાનો મૂળુ વરસડા નામનો એક ચારણ મહારાજ પાસે આવ્યો. ને તેણે પોતાની સિદ્ધાઈ બતાવી સરોદા(નાકમાંથી શ્વાસ ખેંચીને ભવિષ્ય કહેવાની વિદ્યા)ના શ્વાસ-ઉશ્વાસ ખેંચવા લાગ્યો.

પછી તેના સામું જોઈ મહારાજે ચપટી વજાડી એટલે તેનો શ્વાસ બંધ થયો અને એ શ્વાસના જોરથી પૂંઠે એક મોટી આંબળ નીકળી ને પેટ છૂટી ગયું.(ઝાડા થઈ ગયા) તેથી ચોરણો બગડી ગયો અને બોલવાની પણ શક્તિ રહી નહીં અને સર્વ સભા હસી. ને પછી જીવા ખાચરે હાથ જોડી કહ્યું જે, “હે મહારાજ ! કૃપા કરી આને બચાવો.” પછી મહારાજ કહે જે, “તેને કાંઈ નહિ થાય.” પછી તે ઊઠીને ઘેલા તરફ (નાવા-ધોવા) દોડ્યો. એવું એક અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. ।।૨૨૪।।

લાખુબાઈનાં ખોરડાં કહેવાય છે, તે જગ્યાએ સાધુની ધરમશાળા હતી. તે જગ્યાએ મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૨૫

રતા બસિયાનું ત્રણ જન્મનું અલૌકિક આખ્યાન

એક દિવસે જીવા ખાચરની પાટીમાં સાધુની ધરમશાળા હતી, ત્યાં સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, અખંડાનંદસ્વામી મોટા તથા ગોવિંદસ્વામી મોટા, ચૈતન્યાનંદસ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, આનંદસ્વામી, ભાયાત્માનંદ સ્વામી, મોટા યોગાનંદસ્વામી, નરોનારાયણાનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, મોટા પૂરણાનંદસ્વામી, પરમાનંદસ્વામી, નરસિંહાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, શ્રીપાત્ દેવાનંદસ્વામી વિગેરે સાધુમંડળ ત્યાં રહેતાં. અને મહારાજ તે વખતે દાદા ખાચરના દરબારમાં અક્ષરઓરડીએ રહેતા. અને રાત્રે સાધુની ધરમશાળાએ બેસવા જતા. ત્યાં એકેક પ્રકારની વાતો કરતા.

એક દિવસ સાધુની ધરમશાળાએ મહારાજ પધાર્યા હતા. ત્યાં નૌતમ મહા રમણીક એક માંચડો મંચ જેવો ધરમશાળાના ફળીમાં નાંખ્યો હતો. તે ઉપર વાઘાંબર એટલે સાવજનું ચાંબડું નાખ્યું હતું અને તે હેઠે મૃગચર્મનો ઊનનો ભરેલો ચાકળો નાખ્યો હતો. તે ઉપર મહારાજ વિરાજમાન થયા હતા.

તે વખત રાજબાઈનો સગો ‘રતો બસિયો’ નામનો એક કાઠી હતો. તેની અવસ્થા પંદર-સોળ વરસની હતી. તે દિવસે તે રતો બસિયો માંચડા ઉપર મહારાજની સાથે બેઠો હતો. તે વખત જીવો ખાચર, મુળુ ખાચર, એભલ ખાચર એ સર્વે મહારાજ પાસે વાતો સાંભળવા આવ્યા હતા. તે મહારાજને પગે લાગી રતા બસિયાને મહારાજ સાથે બેઠો

ભાળી જીવો ખાચર કહે જે, “આ નાદાર કાઠી આ મહારાજ ભેગો શા સારુ બેઠો ?”

પછી મહારાજ હસ્યા ને કહે જે, “એ રતો બસિયો ચક્રવર્તી રાજા હતો. અને પછી પોતાના પાપથી બ્રહ્મરાક્ષસ થયો હતો, ને વનમાં ફરતો હતો, ને ત્યાં જે માણસ નીકળે તેનો ભક્ષ કરે. અમે વનમાં ફરતા તે વખતે અમે ભૂલા પડ્યા હતા. ને તે ધૂણી સળગાવી સૂતો હતો. (તે) તેના બ્રહ્મરંધ્રમાં અમે પાટુ મારી. પછી ઊભો થઈ તેણે અમને ભક્ષ કરવાનો વિચાર કર્યો, પણ પાટુ વાગવાથી ભક્ષ કરવાની શક્તિ તેને રહી નહીં. અને થરથર ધ્રૂજવા લાગ્યો.

ને પછી તે બોલ્યો. (મહારાજ કહે, હવે તે રતો પોતે જ કહેશે) ‘બોલ શું રતા બોલ્યો ?” એટલે રતો બસિયો કહે જે, “મહારાજ, હું એમ બોલ્યો કે બે બ્રાહ્મણ મારા રાજમાં મહા પવિત્ર વઢ્યા ને મારા પાસે ઈન્સાફ કરાવવા આવ્યા. તેને કન્યા-વિગ્રહનો ડખલો હતો. એટલે મેં કન્યાના બાપનો પક્ષ લીધો. તેથી મકનદેવ એવે નામે કરીને બ્રાહ્મણ કન્યાનો સાસરો હતો, તેણે મને સરાપ આપ્યો કે, ‘હે રાજા! આજથી નવ મહિને તું બ્રહ્મરાક્ષસ થા.’ પછી તેના સામા પક્ષવાળો વિજયદેવ એવે નામે કરીને બ્રાહ્મણ કન્યાનો પિતા હતો તે કહે જે, ‘હે રાજા, તને ઘણે કાળે સૌમ્ય(સાક્ષાત્) પરમાત્મા નારાયણ મળશે, તે દી તારો મોક્ષ થાશે.’

પછી હે જીવા ખાચર ! હું નવ મહિને બ્રહ્મરાક્ષસ થયો. ત્યાં હું કેટલાક બ્રહ્મરાક્ષસ તથા કેટલીક બ્રહ્મરાક્ષસીનો રાજા બન્યો હતો. એક વખત તમામ રાક્ષસો અને રાક્ષસીઓ એક વૈતાલ નામે રાક્ષસ તેને મળવા ગયાં હતાં. અને ત્યાં તેણે નાતમેળો કર્યો હતો. અને હું ત્યાં ન ગયો. અને પછી મને ક્ષુધા વ્યાપી. એવા વખતમાં ચતુર્ભુજ એવે નામે કરીને એક બ્રાહ્મણનો છોકરો શિવકાંચી-વિષ્ણુકાંચીની જાત્રાએ જતાં મારા વનમાં ભૂલો પડી મારી પાસે આવ્યો. તેને મેં પકડ્યો.

ત્યારે તેણે કહ્યું કે, 'હું મારી બે બેનોને પરણાવવા વાસ્તે પૈસા મેળવવા સારુ શિવકાંચી-વિષ્ણુકાંચીના મેળા ઉપર જાઉં છઉં. માટે તું મારો ભક્ષ ન કર. નહિ તો તું બ્રહ્મરાક્ષસ ઘણા દિવસ સુધી રહીશ. ને તારો દેહ ક્યાંઈ ચાલવાની શક્તિવાળો નહિ રહે, ને અજગરની પેઠે પડ્યો રહીશ.' પણ મેં ન માન્યું ને ભક્ષ કર્યો. તે વખત મારા દેહને ચાલવાની શક્તિ રહી નહીં. મારા પાસે રાક્ષસો ને રાક્ષસી હતાં. તેણે મારામાં શક્તિ ન ભાળી એટલે નાસી ગયાં. પછી હું ઢરડાઈ મારગમાં મોઢું ફાડી પડતો, ને ત્યાં ગુજારો (કરવા) જીવોનો ભક્ષ કરતો. એવા દિવસ ભોગવતો. ત્યાં રાત્રીએ મહારાજે બ્રહ્મરંધ્રમાં પાટુ મારી. એટલે હે જીવા ખાચર ! આ મનોહર મૂર્તિને ભક્ષ કરવાની મારી શક્તિ રહી નહીં. અને મેં કરેલું પાપ તેનો નાશ થઈ ગયો, ને મેં કેટલીક સ્તુતિ કરી.

પછી મને કહ્યું કે, 'જા, તું સત્સંગને વિશે અવતાર લઈશ.' પછી મેં કહ્યું કે, જ્યાં તમે ત્યાં હું. એટલે મને પરચો આપ્યો. તેથી હું મારા દેહનો ત્યાગ કરી આ કાઠીના દેહને પામ્યો. અને જનમ્યો કે મહારાજનાં સ્વરૂપનું મને અખંડ દર્શન થયાં કરે છે. ને તને પાંચ માણસે માન્યો એટલે તું જગતનો બાપુ કહેવાણો, પણ હું કોઈના તેજમાં દબાઈ રહું નહીં. માટે હું નાદાર કે તું ? આવ, તરવારો લઈ જાટકે આવીએ." એમ કહી માંચડા ઉપરથી ઠેકી એભલ ખાચરની તરવાર લઈ ફળીમાં કુંડાળું કરી તરવાર ખેંચી ઊભો રહ્યો.

ત્યારે જીવો ખાચર કહે જે, "તું લોંઠકો હો તો આ પીપળાનું પાનડું (મહાદેવની) દેરીએથી લઈ આવ." એટલે કહે જે, "હું જો લઈ આવું તો તારી ચડવાની વાંગળી ઘોડી લઉં." પછી જીવા ખાચર કહે જે, "હા, પણ તે પીપળામાં હજારો ભૂત રહે છે, તે તને ખાઈ જશે."

પછી રતો બસિયો તો તરવાર લઈ પીપળાનું પાન લેવા ચાલ્યો. ત્યારે કોઈએ શંકા કરી કે, 'એ તો ગામમાંથી અથવા ઓરેથી પાન

લાવે તો ?' ત્યારે મહારાજ કહે, "લક્ષ્મીરામને ને બેચરને જોવા મોકલીએ." ત્યારે આનંદસ્વામી કહે કે, "લક્ષ્મીરામ તો વળી બહુ નાદાર છે. એક વખત અમે રાત્રે લઘુ કરવા ઊઠ્યા, તે વાડામાં જઈને પાછા આવ્યા ને કમાડ દીધું. ત્યાં લક્ષ્મીરામ બહુ બિના ને ધ્રૂજવા લાગ્યા. માટે એવાને શા સારુ મોકલો છો ?"

ત્યારે મહારાજ કહે, "લક્ષ્મીરામ ને બેચર, એ બેય ભાઈ જાય છે એટલે ફીકર નહીં અને અમારી કોટમાં હજારી ફૂલનો હાર છે, તે રતો બસિયો તે નીલકંઠ મહાદેવના નંદીને પેરાવતો આવે તો સાચું માનશો કે કેમ ?" એ સાંભળી સર્વેએ હા કહી. પછી મહારાજે હાર આપીને જવાની આજ્ઞા આપી. તે પાધરો નદીમાં થઈ દેરીએ ગયો. ને ત્યાં લક્ષ્મીરામ તથા બેચરને મહારાજે હુકમ કર્યો કે, "રતાને પછવાડે પછવાડે છેટે છેટે ચાલજો."

પછી રતો બસિયો દેરીએ ગયો ત્યાં હજારો ભૂત ભાળ્યાં. અને તે ભૂતો તેને પગે લાગ્યાં અને કહે જે, "હે રતનમૂર્તિ ! તમે અમારો મોક્ષ કરો." પછી રતો બસિયો કહે જે, "લ્યો વરતમાન ધરાવું." પછી નદીમાં પોતિયા સોતો પડ્યો ને પીપળાના ઓટા ઉપર ચડી ગયો અને દીગંબર થયો. અને પછી પોતિયું નીચોવી ભૂતોના ઉપર છાંટા નાખ્યા. (આવી રીતે વર્તમાન ધરાવ્યાં.) અને જેના ઉપર છાંટા પડ્યા તે તેજના ભડકા થઈ તમામ ભૂતો મોક્ષને પામ્યાં. પછી પીપળા ઉપર ચડી એક મોટું ડાળખું પાડી લીધું અને પછી હેઠો ઊતરી ધૂધકારો કર્યો કે, "કોઈને કલ્યાણ કરાવવું હોય તો આવો."

પછી ત્યાંથી ચાલ્યો તે પાછો મહારાજ પાસે આવ્યો. અને તમામ થયેલ વૃત્તાંતની વાત કરી. તે જ પ્રમાણે બેચર તથા લક્ષ્મીરામે વાત કરી. પછી રતો બસિયો જીવા ખાચરને કહે જે, "લાવ નાદાર ઘોડી." પછી ઘોડી છોડી લાવ્યા. પછી કહે જે, "તું પાપી છો માટે તારી ઘોડી

હું લઉં નહીં. મારા રોમ જેવો પણ તું નથી." પછી મહારાજ કહે જે, "રતા બસિયા ! તમે જે માગો તે આપીએ." તે વખતે બુઢો ધાધલ ત્યાં બેઠો હતો અને તે રતા બસિયાની માનો મામો થતો. એ રતાને એક કોર લઈ ગયો અને કહે જે, "(મહારાજની) માણકી ઘોડી માગ્ય."

પછી રતો બસિયો પાછો આવ્યો અને કહે જે, "હે મહારાજ, મને બે નાળિયેર ને શેર સાકર આપો. જો એટલું ન માગીએ તો ભગવાનના વચનનો અપરાધ થાય માટે એટલું આપો." પછી મહારાજ કહે જે, "તને બુઢે ધાધલે શું કહ્યું હતું ?" પછી કહે જે, "એણે તો માણકી ઘોડી માગવાનું કહ્યું હતું. ને એ બુઢો ધાધલ ઢુંઢિયો છે અને તમારો દ્વેષી છે અને ઢુંઢ મારગનો મૂળદ્વાર છે. માટે એ પાપીનું કહ્યું હું માનું નહીં."

પછી મહારાજ કહે જે, "માગ્ય, જે માગ્ય તે આપીએ." ત્યારે કહે જે, "આજ બપોરે આ (જીવા ખાચર, બુઢા ધાધલ વગેરે) કુસંગીમાંથી આ દેહનો ત્યાગ થાય એ માગું છું." પછી મહારાજ સાધુઓ પાસે કીર્તન બોલાવવા લાગ્યા. અને આગલો દિવસ શિવરાત્રીનો હતો. પછી બપોરે પરમહંસની ધરમશાળામાં મહારાજને બોલાવ્યા અને રતો બસિયો પલોંઠી વાળી મહારાજ સામે બેઠો, ને પછી ધ્યાન કર્યું એટલે બ્રહ્મરંધ્ર ફાટ્યું અને દેહ પડી ગયો. પછી મહારાજે સૌની ભેળા જઈ તેના દેહનો અગ્નિસંસ્કાર કર્યો અને એના દાડાને દિવસ સાધુ તથા બ્રાહ્મણ એક હજાર જમાડ્યા; એવું મહામોટું ચરિત્ર કર્યું. ને જીવો ખાચર વિસ્મય પામ્યા. ॥૨૨૫॥

ગઢડા ગામના ગઢનું

ચરિત્ર નં.૨૨૬

જીવા ખાચરે ગઢની જગ્યા આપવાની ના કહી.

ગઢપુરમાં જે ઘેલા નદીને કાંઠે ગઢ છે, તે દાદા ખાચરનો તથા જીવા ખાચરનો મજમું સંયારો છે. એ ગઢ ઉપર મહારાજે મંદિર કરવા વિચાર ધારેલો હતો. તે વાત દાદા ખાચરે જાણી. તેથી મહારાજને પ્રસન્ન કરી તે ગઢ આપવાનો વિચાર દાદા ખાચરે ધાર્યો હતો. તે ગઢની ચારેકોર મહારાજ ચાલ્યા છે ને તે જગ્યા પ્રસાદીની છે. તે તમામ જમીન ભરી(માપણી કરી) છે. તે ઘેલા કાંઠે ગઢના ઉગમણા કોઠાથી તે આથમણા કોઠા સુધી અને નાના ખળખળિયાથી મોટા ખળખળિયા સુધી ઘાટ બંધાવવાનો વિચાર મહારાજે કર્યો હતો. તેમાં જીવે ખાચરે પોતાના અર્ધાભાગ વિશે મંદ વિચાર જણાવ્યો હતો. તેથી મહારાજે ઉદાસ થઈ મંદિર કરવું બંધ કર્યું. ને દાદા ખાચરના દરબારમાં દાદા ખાચરની સુવાંગ જગ્યામાં મંદિર કરવા વિચાર કરી નક્કી કર્યું.

અને એ ગઢનો આથમણો કોઠો છે, તે ઉપર મહારાજ હજારો વખત બેઠેલા હતા. ને એ કોઠાથી દક્ષણાદી તરફ કાંઈક નીચું, ધારની ટૂંક(પર્વતનો છેડો) પીપળિયા ધરાને માથે છે, ત્યાં મહારાજે સંતની સાથે ઘણી વખત સભા કરેલી હતી. અને ત્યાં અનેક વખત સાધુઓ પાસે અષ્ટાંગયોગ તથા ચોરાશી આસન, ધ્યાન, ધારણા, સમાધિ કરાવી સંતોની પરીક્ષા લીધી હતી.

❋ મહારાજે ઘેલા નદીના પૂરથી સહુની રક્ષા કરી :

ઉત્તમરાજાના દરબારમાં સીત્તેરની સાલમાં મહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા અને તે દિવસે વરસાદ ઘણો વરસ્યો. તેથી ગામ તાણે તેવું પાણી ગામ સોંસરું થઈને આવ્યું હતું. જીવો ખાચર,

મૂળુ ખાચર એ સર્વે ગળાસામા પાણીમાં પડી આંહીં(એભલ બાપુના દરબારમાં અક્ષરઓરડીએ) આવ્યા હતા. ને કહે જે, "મહારાજ, તમે તો આંહીં બેઠા છો ને અમારાં ખોરડાં ને છોકરાં તણાઈ જાશે." પછી મહારાજ ઊઠ્યા ને શેરીને માથે આવ્યા. ને ત્યાં એક ચોરા જેવું વજેરી હતી, તે ઉપર બારી હતી તે બારીએ નીસરણી મંડાવી હેઠા ઊતર્યા. ભેળા એક મુકુંદ બ્રહ્મચારી તથા ચાર-પાંચ પાળા હતા. પછી શેરી ઊતરી જીવા ખાચરના દરબારમાં જઈ શકાય નહીં તેવું પાણીનું જોર હતું.

પછી મહારાજ કહે જે, "અમારો આ પાણીમાં પગ ન અડે ને ઉપાડે એવો કોઈ બળિયો છે ?" પછી એભલ ખાચર કહે જે, "મારા ખંભા ઉપર ચડો." પછી મહારાજ તેમના ખંભા ઉપર બેઠા, તે વગર ટેકે પાણી ઊતરી ગયા, ને ઓલે કાંઠે ગયા. અને પછી ગઢ ઉપર ગયા. પછી ગઢની નજીક પીપળિયા ધરા ઉપરની જે ધારની ટૂંક ઉપર ગયા. અને પછી જીવા ખાચરને કહ્યું કે, "આમાં ચુંદડી ને મોડિયો નાંખો." જીવે ખાચરે કહ્યું જે, "બે-ત્રણ વખત નાખ્યું, પણ પાણી હઠતું નથી." ત્યાં જીવા ખાચરના દરબારમાંથી એક માણસ આવ્યું. તે કહે કે, "મૂળુ ખાચરનું રસોડું પડી ગયું." તે સાંભળી મહારાજે અંગૂઠો પાણીમાં બોળ્યો એટલે પાણી દસ હાથ તુરત ઊતરી ગયું, ને ગામની રક્ષા કરી; એવું એ જગ્યાએ એક મોટું ચરિત્ર કર્યું છે.

❋ શ્રીહરિએ બાળક જુગલની જળથી રક્ષા કરી :

એક વખત ચોમાસાનો દિવસ હતો અને છોકરાઓ ખળખળિયે ના'વા ગયા હતા. ત્યાં અચાનક ઘેલામાં પાણી આવ્યું. બીજા છોકરા ભાગી ગયા ને એક બ્રાહ્મણનો છોકરો ભેંહલા પાણા ઉપર ચડ્યો. તે છોકરાનું જુગલ એવું નામ હતું. પછી પાણી ચડવા માંડ્યું અને છોકરે રાડો પાડવા માંડી. તે વાત માણસોએ મહારાજ પાસે આવી કરી. મહારાજ જે વખત આવ્યા, તે વખત તે પાણા ઉપર દોઢ હાથ

પાણી ચડ્યું હતું. પછી મહારાજ આવી ગઢના કોઠા હેઠળ ભેખડ છે, તે ઉપર આવી બેઠા. ને પછી બધા પાળાઓને પડકાર્યા કે, 'આ છોકરાને તમે લઈ આવો.'

તે વખત પાળાઓમાં બે તડ હતા. એક ભીમનું ને એક દેવાનું. પછી મહારાજ કહે જે, "આ બધા પાળાઓમાંથી પ્રભુ ગયા. તેથી અમારા વચને પણ કોઈ પાણીમાં પડવા તૈયાર થતા નથી; પણ આ તડના બે જમાદાર દેવો ને ભીમ બેય પડો." ત્યાં વીરોભક્ત કરીને પાળો હતો, તે બોલ્યો કે, "એક તડ ભીમનું, બીજું તડ દેવાનું ને એ... આ ત્રીજું તડ ગંગદાસનું..." એમ કહી પાણીમાં ધૂબકો માર્યો. મહારાજ બોલ્યા કે, "શાબાશ ! શાબાશ !" પછી ભૂંડાં મોઢાં કરી બેય તડવાળા દેવો તથા ભીમો એ પછવાડેથી પડ્યા.

પછી તે બ્રાહ્મણના છોકરાને વીરે પકડ્યો. પછી ત્રણે જણા થઈ બ્રાહ્મણના છોકરાને પાણીમાંથી બાર ટૂંક પાસે મહારાજ હતા, ત્યાં લાવ્યા. છોકરો બોલ્યો કે, "હે મહારાજ ! તમે મારું ત્યાં કાંડું ઝાલી રાખ્યું હતું, તેથી હું બચ્યો છું. અને અત્યારે તમારા બે હાથ જણાય છે, પણ એ જ્યારે પાણીમાં ઊતર્યા ત્યારે તમોએ ચાર હાથે કરીને ચારેને પકડ્યા હતા." એમ કહી પગમાં બથ ભરી પડ્યો. પછી એ ત્રણે જણાને મહારાજ મળ્યા ને હૃદયને વિશે ચરણારવિંદ આપ્યાં. તે વખત ઉગમણી કોરે બુંબાટ(દેકીરો) થયો કે, 'ખાટકીના કુબા પાણી તાંણી ગયું.' પછી મહારાજે અંગૂઠો બોળ્યો એટલે સર્વ ખલકના કર્તા સ્વામિનારાયણના ચરણારવિંદના સ્પર્શથી પાણી ઊતરી ગયું; એવી રીતે એક મહાપરચો કર્યો. ॥૨૨૬॥

સુરચંદ માધવને ઘેર મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૨૭-૨૨૮

મહારાજે સુરચંદભાઈને સુખી કર્યા.

એક દિવસ ગઢપુરમાં સુરચંદ માધવ વણિકને ત્યાં મહારાજ પધાર્યા હતા. ને તેમણે મહારાજ આગળ લવિંગ, એલચી, જાવંત્રી, તજ, કેસર, અગરનો ધૂપ, કંકુ-ગુલાલ વિગેરે સામાનનો થાળ ભરી આગળ મૂક્યો. પછી મહારાજે પૂછ્યું કે, “આનો ધંધો કરો છો ?” પછી કહે જે, “હા મહારાજ ! હું તથા લવો એ બંને આ ધંધો કરીએ છીએ.” પછી મહારાજ કહે જે, “આ ધંધામાં તમારું સારું થાશે.”

એમ કહીને મહારાજ કહે, **“ભક્તો, આ દુનિયામાં માણસોએ હંમેશા કોઈ સારો ધંધો કરવો જોઈએ. ઉદ્યમી મનુષ્યને બધું જ મળે છે. આળસુને ક્યારેય કશું મળતું નથી. આ જગતમાં જે લોકો મહેનત કરે છે, તેને સુખ, શાંતિ મળે છે, ને જે મહેનત નથી કરતા તેને તો અણધારી આપત્તિ આવી પડે છે. માટે મારા આશ્રિતોએ નિરંતર સાવધાન રહી સારાં કામ કરતા રહેવું.”** આ રીતે ભક્તોને શિખામણ આપી. પછી હાથમાં ગુલાબનું ફૂલ ફેરવતા થકા પાર્ષદોની સાથે દરબારગઢમાં પધાર્યા. પછી મહારાજના વચને સુરચંદભાઈ ખૂબ સુખી થયા હતા. ।।૨૨૭-૨૨૮।।

સુંદરજી સંઘજીને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૨૯

શ્રીહરિએ કરુણા કરી સુંદરજીભાઈના ભાઈઓને સત્સંગી કર્યા.

એકવાર ગઢપુરમાં સુંદરજી સંઘજીને ઘરે મહારાજ પધાર્યા હતા અને ત્યાં તેણે ચૂરમાના લાડુની રસોઈ આપી હતી. અને રાતી સાટમની ડગલી મહારાજને પેરાવીને પૂજા કરી આરતી ઉતારી ને સાધુને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી મહારાજને વિનંતી કરીને સુંદરજીભાઈ કહે જે, “અમારા ભાઈ કુસંગી છે, તે સત્સંગી થાય એ હું માગું છું.” પછી મહારાજ કહે જે, “આ બે તારા ભાઈ સત્સંગી થાશે અને આ હંસરાજ સત્સંગી થાય તેવો નથી.” પછી એણે ઊઠી પોકાર કર્યો કે, “જેવો છું, તેવો તમારો ગુલામ છું !” પછી મહારાજ કહે જે, “જેવું ગુલામનું કલ્યાણ થશે તેવું તારું પણ થાશે.” એવી રીતે ત્યાં ચરિત્ર કર્યું છે. ॥૨૨૯॥

વિછા રગનાથને ઘેર મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૦

રગનાથભાઈ તથા કડવાભાઈને ચતુર્ભુજરૂપે દર્શન

એકવાર ગઢપુર ગામમાં રગનાથ તથા કડવાભાઈને ત્યાં મહારાજને પધરાવ્યા હતા. ને તેણે વાંકાનેરનો ચોફાળ તથા વાંકાનેરની પછેડી મહારાજને ઓઢાડી હતી. અને પછી એ રગનાથને એવો સંશય થયો કે, ‘મહારાજ અને વાસુદેવ ભગવાનનો અવતાર એક છે અને મહારાજને ચતુર્ભુજ કેમ નથી ? અને મને ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કેમ થતાં નથી ?’ રગનાથજી આમ વિચારતા હતા.

ત્યારે મહારાજ તેમના સંકલ્પને જાણી ગયા. પછી ચાર ભુજાથી એને મહારાજનાં દર્શન થયાં. તેવાં મહારાજનાં દર્શન જોઈને કૂદકા મારવા માંડ્યો ને આનંદ પામ્યો. પછી કડવાભાઈને પણ તે જ પ્રમાણે દર્શન થયાં; એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું. ।।૨૩૦।।

વિરજી લવિંગિયાને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૧

મહારાજે વિરજી લવિંગિયાને પુત્રનો આશીર્વાદ આપ્યો.

મહારાજ ત્યાંથી નીકળ્યા. ત્યાં તે લીલા જોઈને એભલ ખાચરનો જુનો કામદાર વિરજી લવિંગિયા નામનો હતો, તેને પેટે દીકરો નહોતો. તેણે વિચાર કર્યો કે, 'આપણને પૂર્વજો નડે છે, માટે આપણે ઘરે મહારાજને પધરાવીએ.' પછી તેણે મહારાજને સ્તુતિ કરી. મહારાજ જેને ઘરે ગયા હતા, તે જ ફળીમાં તેનું ઘર હતું ત્યાં પધાર્યા. પછી તેણે સાકરની થાળી ભરી આગળ મૂકી તથા જગન્નાથીનું થાન(કાપડનો તાકો) આગળ મૂક્યું. તે વખત તેની સ્ત્રી ઘરમાં બેઠી હતી તેને સંકલ્પ થયો કે, 'જો મહારાજ આપણે ત્યાં જમે તો સારું.'

પછી મહારાજ બોલ્યા કે, "વિરજી લવિંગિયા ! તમારે ઘરે અમને જમાડવાનો સંકલ્પ થયો છે. તે ઘરમાં વીણેલી ભાજી પડી છે અને બાજરાનો લોટ દળીને તૈયાર કર્યો છે, તે બ્રહ્મચારીને આપો એટલે અમે આજ રાત્રે તે જમશું. તમારા ઘરમાં સત્સંગી છે અને તમે તો દીકરા સારુ સત્સંગી થયા છો. માટે એ લુણીની ભાજી ને બાજરાનો રોટલો અમને ઘણા પ્રેમથી તમારી સ્ત્રીએ આપ્યો છે, તેના સતસંકલ્પ ઉપર અમે જમશું અને તમને દીકરા થશે. માટે સાધુની વાતો સાંભળી સત્સંગી થાઓ." પછી તે વર્તમાન લઈ સત્સંગી થયો. ।।૨૩૧।।

સુતાર મેઘાને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૨

મેઘા સુતારને પૂર્વજો નહિ નડવાનું વરદાન



મેઘા સુતારનું ઘર

અને તે જ દિવસે મહારાજ મેઘા સુતારને ઘરે પધાર્યા હતા. ને તેણે મહારાજને એક કંઠી તથા માળા પહેરાવીને પગે લાગી હાથ જોડ્યા. ત્યારે મહારાજ કહે જે, “કંઠી તથા માળા વેચવાથી તારું ગુજરાન સારી રીતે ચાલશે.” પછી મેઘો કહે જે, “મહારાજ, મને પૂર્વજ નડે છે.” મહારાજ કહે જે, “હવે તને તો શું પણ તારા છોકરાને પણ પૂર્વજ નડશે નહીં.” એવું વચન આપ્યું. એવી રીતે તે જગ્યાએ અનેક ચરિત્રો કરેલાં છે. ॥૨૩૨॥

હકા ભાવસારને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૩

હકાભાઈને સમાધિ અને અખંડ દર્શનનું વરદાન

એક દિવસ ગઢપુરમાં હકા ભાવસારને ત્યાં મહારાજ પધાર્યા હતા. અને તેણે માલપુવાની રસોઈ કરી મહારાજ તથા સાધુઓને જમાડ્યા હતા. ને તેણે મહારાજની ચંદનાદિકે પૂજા કરી મહારાજને કાળા છેડાનું રંગેલ ધોતિયું માથે બંધાવ્યું. અને એક ધોતિયું પે'રાવ્યું અને એક ગુલાબી રંગની ખેસડી(નાનો ખેસ) ઓઢાડીને દંડવત કર્યો. ને તેના દીકરા ટોકરને મહારાજની આગળ મૂક્યો ને તેને માથે મહારાજે હાથ મૂક્યો. અને પછી કહે જે, "માગ્ય." પછી તે બોલ્યો કે, "અમોને રાત્રી-દિવસ તમારાં દર્શન થયાં કરે ને તમારી સ્મૃતિ થયા કરે એ માંગુ છું."

પછી મહારાજ કહે જે, "સત્ય થશે." પછી મહારાજે તેને છાતિમાં ચરણારવિંદ આપ્યાં. તે વખતે તેને સમાધિ થઈ. સમાધિમાં દિવ્ય ધામનાં દર્શન થયાં. મહારાજનું સ્વરૂપ અનંત પ્રકારના સુખને આપનારું હતું. પછી સમાધિમાંથી બહાર આવ્યા. આ પ્રમાણે તેને સમાધિ ઘણી વખત થયા કરતી. તે જીવ્યો ત્યાં સુધી સમાધિ થયા કરતી. અને નિરંતર મહારાજની મૂર્તિ દેખાતી. એવા તે મહાન ભક્ત થયા હતા.

❈ હકાભાઈના સંબંધીઓને તીર્થંકરોનાં દર્શન અને સત્સંગ :

પછી હકા ભાવસાર મહારાજને પ્રાર્થના કરીને કહે જે, "સાધુ મારા ફળીમાં રાસડા લઈ કીર્તન ગાય." પછી મહારાજ ઢોલિયા ઉપર ફળીમાં બેઠા ને સાધુ ફરતા કીર્તન બોલવા લાગ્યા. પછી તેના કાકાઓ વિગેરે જૈન પંથમાં હતા. તેઓ ગર્વને લીધે થોડા ઉદ્ધત પણ હતા. છતાં

મહારાજની કૃપાથી તેના જોવામાં એમ આવ્યું કે, 'ચોવીશે તીર્થંકર તાળીઓ લઈ મહારાજ ફરતા રાસ લઈને ગાવા લાગ્યા,' તેવાં દર્શન થયાં. અને એ જૈન મતવાળાને તેના મતમાં એ ચોવીશે તીર્થંકરોનાં જે ચિહ્ન કહ્યાં હોય તેવાં તીર્થંકરોમાં ચિહ્ન તેને નજરે જોવામાં આવ્યાં અને તે તીર્થંકરો મહારાજના સ્વરૂપમાં લીન થયા. તે નજરે જોઈ એ જૈન મતવાળા તેમના કાકા વગેરે સત્સંગી થયા. એવી રીતે તે જગ્યાએ એક ચરિત્ર કર્યું છે. ॥૨૩૩॥

શા હેમા મોનજીને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૪

વણિક હેમા શાહની યમદૂતથી રક્ષા

ગઢપુર ગામમાં એક સમયને વિશે વાણિયા હેમોશા માંદા થયા હતા. પછી તેને જમદૂત લેવા આવ્યા હતા. જમદૂતને દેખીને હેમોશા શેઠ અત્યંત ત્રાસી ગયા. અને તે વખતે તેણે ચોવીશે તીર્થંકરનું સ્મરણ કર્યું, પણ જમના બંધનથી છૂટ્યો નહીં. પછી તેણે સ્વામિનારાયણનું સ્મરણ કર્યું. એટલે શ્વેત વસ્ત્ર પેરેલા એવા મહારાજનાં દર્શન થયાં. તેટલામાં મહારાજે હાકલ મારી તેથી જમદૂતો તત્કાળ ભાગ્યા અને તે ખડકી સોંસરા નીકળ્યા ત્યારે તેના ભટકાવાથી ખડકી પડી ગઈ. તે જોઈ હેમોશા પોતાનો મત પડતો મૂકી સ્વામિનારાયણના સત્સંગી થયા. અને પછી તેણે મહારાજને પોતાને ઘેર પધરાવ્યા; એવો પરચો તે જગ્યાએ આપ્યો છે. ॥૨૩૪॥

હિરા ભટ્ટને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૫

હિરા ભટ્ટાદિ ત્રણેય ભાઈઓને શિવરૂપે દર્શન તથા સત્સંગ

ગઢપુર ગામમાં હીરાભાઈ ભટ્ટ તથા રામકૃષ્ણ ભટ્ટ તથા બાલકૃષ્ણ ભટ્ટ, એ ત્રણ બ્રાહ્મણ હતા. તે બ્રાહ્મણોની પ્રાર્થનાથી તેમનું કલ્યાણ કરવા મહારાજ તેમને ઘેર પધાર્યા હતા. ત્યારે ત્રણે વિપ્રો હાથ જોડીને મહારાજની સામા ઊભા રહ્યા. તે વખતે ત્રણેય બ્રાહ્મણોને શંકરરૂપે પ્રથમ દર્શન થયાં. ને પછી શંકર મહારાજનાં ચરણમાં લીન થયા, તેથી તે પોતાના મતોનો ત્યાગ કરી મહારાજના આશ્રિત થયા; એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ।।૨૩૫।।

મહારાજ પ્રાગજી દવેને ઘેર થાળ જમવા પધાર્યા

ચરિત્ર નં.૨૩૬

મહારાજ પ્રાગજી દવેને ઘેર થાળ જમવા પધાર્યા

એક દિવસ પ્રાગજી દવેના ઘરે મહારાજે કથા વંચાવી ઘોડો આપ્યો હતો. ને બીજે દિવસે મહારાજને તેણે પધરાવ્યા ને બ્રહ્મચારી પાસે મહારાજનો થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા અને તેની ઘણી પ્રશંસા કરી. પછી પ્રાગજી પુરાણીએ અતિ હર્ષથી ઘણાં મોંઘાં વસ્ત્રો તથા આભૂષણો મહારાજને અર્પણ કર્યાં. અને યથાયોગ્ય પૂજા કરી આરતી ઉતારી. પછી સ્તોત્ર બોલી મહારાજની સ્તુતિ કરી. અને મહારાજ પાસે હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે તેમની ભક્તિથી રાજી થયેલા અને તેમના મનની ઇચ્છાથી રાજી થયેલા મહારાજે કહ્યું, “તમારો સંકલ્પ સિદ્ધ થશે.” એમ કહીને હસ્યા. ।।૨૩૬।।

ભગા દવેના ઘરે તથા જીવન દવેના ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૭

ભગા દવેને ઘેર થાળ જમ્યા તથા તેની નિષ્ઠાની પ્રશંસા

પછી ભગો દવે કહે જે, "હે મહારાજ ! કાલ મારી તમને તથા સાધુને રસોઈ છે." પછી બીજે દિવસે મહારાજ તેને ઘરે પધાર્યા, અને મહારાજ સારી રીતે ત્યાં જમ્યા ને સાધુને જમાડ્યા. પછી મહારાજ કહે જે, "આ ભગા દવેનો જેવો નિશ્ચય છે, તેવો કોઈનો નથી. અમે તેને વિમુખ કર્યો તોપણ અમારો આશરો મૂક્યો નહીં. અને ક્યારેય અવગુણ લીધો નહીં. માટે આ બ્રાહ્મણ આકાશ જેવો નિર્લેપ છે." પછી એમ કહી ચરણારવિંદ આપ્યાં. પછી મહારાજને તેણે પીતાબંર પેરાવી આરતી ઉતારી પૂજા કરી.

❋ જીવન દવેને ઘેર પધરામણી કરી તેને પાકા ભક્ત કર્યા :

પછી જીવન દવે કહે જે, "મહારાજ, મારે ત્યાં પધારો." પછી મહારાજ તેને ત્યાં પધાર્યા ને પછી હસીને બોલ્યા જે, "તું ભગા જેવો ભગત નથી, પણ પ્રસાદિયો છો." એમ કહી હસ્યા. ત્યારે તે હાથ જોડી નમ્ર બની કહે, "મહારાજ ! મારું કલ્યાણ થાય એવી કૃપા કરો." ત્યારે તેમનાં આવાં વચન સાંભળી શ્રીહરિએ તેને સમાધિ કરાવી અને અક્ષરધામનાં દર્શન કરાવ્યાં. પછી મહારાજે તુરંત તેમને સમાધિમાંથી જાગૃત કર્યા એટલે તેણે મહારાજને સર્વના કારણ સમજીને તેમનો દૃઢ આશરો કર્યો. અને બીજા મત છોડી દીધા. અને તરત જ પોતાનો ચીકુ નામનો પુત્ર હતો, તેને પણ મહારાજને પગે લગાડ્યો; એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે.

❋ જીવા પંડ્યાને શંકરના લોકની પ્રાપ્તિ :

તે જ દિવસ જીવા પંડ્યાને ત્યાં મહારાજ પધાર્યા, ને પથરની છીપર ઉપર ઊભા હતા. પછી તે હાથ જોડી કહે જે, "મહારાજ !

મારું કલ્યાણ થાય તેમ કરો.” પછી મહારાજે ચપટી બજાવી, એટલે અષ્ટભુજાવાળા શંકર જોવામાં આવ્યા. અને તે મહારાજના ચરણમાં લીન થયા. પછી મહારાજ બોલ્યા કે, “તમારે અમારે વિશે હેત છે, તે પુણ્યે કરીને શંકરના લોકમાં જશો.” પછી તેના દીકરા કુકાને મહારાજના ચરણારવિંદમાં મૂક્યો; એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે. ॥૨૩૭॥

હરજીવન દવેને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૩૮

હરજીવન દવેને ઘરે થાળ જમ્યા અને નરભેરામને સુખી કર્યા.

ગઢપુરમાં એક વખત હરજીવન દવેને ઘરે મહારાજ પધાર્યા હતા. ને ત્યાં હરજીવન દવેએ મહારાજનો થાળ કરાવ્યો હતો. પછી મહારાજ ત્યાં જમ્યા ને પછી ઢોલિયો ઢળાવીને સુંદર બિછાણા બિછાવી મહારાજ બિરાજમાન થયા. ને પછી હરજીવન દવેએ મહારાજને શરીરે ચંદન ચરચીને સોળ ઉપચારે કરીને પૂજા કરી. ને હૃદયને વિશે ચરણારવિંદ લીધાં. ને પછી હરજીવન દવેના બનેવી નરભેરામ પંચોળીએ મહારાજની પૂજા કરી ચરણારવિંદ હૃદયને વિશે લીધાં.

તે વખત મહારાજે પૂછ્યું કે, “આ મે’માન કોણ છે ? અને ક્યાંથી આવ્યા છે ?” ત્યારે હરજીવન દવેએ કહ્યું જે, “મહારાજ ! એ અમારા બનેવી છે. ને તેમનો પુત્ર આ નાગર છે, તે અમારો ભાણેજ થાય છે. ને દંઢાવ્ય દેશથી આંહીં રે’વા આવ્યો છે. ને એ નરભેરામ પંચોળીને કાંઈક જીવ ટાળાની ઘોડે(શરીરમાં ભૂતના વળગાડ જેવું) છે, વાસ્તે એ સર્વે આંહીં રહેવા આવ્યા છે.”

પછી મહારાજ કહે જે, “બઉ સારું. એ સુખેથી આંહીં રહે ને એ સુખિયા થાશે.” એમ કહીને તેમના ભાણેજ નાગર પંચોળીના માથા પર મહારાજે હાથ મૂક્યા, ને ઘણું રાજી થયા, ને તમામ દંઢાવ્ય દેશના સમાચાર પૂછ્યા ને ઘણા પ્રસન્ન થયા. ને ત્યાં ઘણી વખત મહારાજ બેસીને દરબારમાં પધાર્યા.

❋ નરભેરામની પત્નીની ભાવના અને કરશનજીને ઠપકો :

તે પછી એક વખત નામ લખવાનું પ્રકરણ ચાલતું હતું, એવામાં નાગર પંચોળીની મા પૈસા લઈ નામ લખાવા આવ્યાં. ત્યારે કરશન કરીને નામ લખતા હતા, તેણે કહ્યું જે, “પૈસા લાવ્યા છો એટલે પૈસા નહિ લઈએ અને નામ નહિ લખીએ.” એ સાંભળી ડોશી પાછાં આવી રસ્તામાં ઊભાં હતાં, ને બીજી ડોશીઓ આગળ વાત કરતાં હતાં. તેવામાં મહારાજ ત્યાં નીકળ્યા ને કહ્યું જે, “શું છે ?”

ત્યારે નાગર પંચોળીની મા તથા બીજી ડોશીઓ કહે કે, “આ પૈસા નામ લખાવવા લાવ્યા છે, પણ કરશનજી કે, પૈસા લાવ્યા છો માટે નામ નહિ લખીએ.” એટલે મહારાજ કહે, “લાવો પૈસા.” એમ કહી મહારાજે પૈસા લીધા ને કરશનજીને બોલાવીને ઠબકો આપ્યો કે, “આવું કરે છે ? હવે આવું ન કરીશ.” એવી રીતે એ ચરિત્ર કરેલું છે. ને તે સિવાય પણ હરજીવન દવેને ઘરે મહારાજ ઘણી વખત પધારેલા છે. ॥૨૩૮॥

જળઝીલણી એકાદશીને દિવસ આયરને ચોરે મહારાજ પધાર્યા હતા. ને ઠાકોરજીના ફૂલેકા ભેગા આયરોનાં તમામ ઘરોઘર મહારાજ પધાર્યા હતા.

ચરિત્ર નં.૨૩૯

જલઝીલણી એકાદશીના દિવસે આહિરોના ઘરે પધરામણી

ગઢપુરમાં એક વખત જલઝીલણી એકાદશીનો દિવસ હતો. ત્યારે મહારાજે બાલમુકુંદ ભગવાનને પાલખીમાં પધરાવ્યા. અને સાથે સહુ સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો ને હરિભક્તોને લઈને મહારાજ વાજતા-ગાજતા ઘેલા નદીએ ગયા. ને ત્યાં વૈદિક વિધિથી બાલમુકુંદ ભગવાનને સ્નાન કરાવ્યું. તથા પોતે પણ સહુ સંતો-ભક્તો સાથે સ્નાનલીલા કરી. પછી પાલખી સાથે આયરને ચોરે મહારાજ પધાર્યા હતા. ને ઠાકોરજીના ફૂલેકા ભેગા આયરોનાં તમામ ઘરોઘર મહારાજ પધરામણીએ પધાર્યા હતા. ।।૨૩૯।।



આયરનો ચોરો

શેઠ ડાયાભાઈ વોરાને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૦

મહારાજની પૂજા કરતાં શેઠ ડાયા વોરાને સમાધિ



ગઢપુરમાં એક વખત શેઠ ડાયાભાઈ વોરાએ પોતાને ત્યાં મહારાજને પધરાવ્યા હતા. અને ત્યાં માલપૂવાની રસોઈ કરી. મહારાજ તથા સાધુ, બ્રહ્મચારી, પાળા અને દરબારનાં માણસો વિગેરેને જમાડ્યા હતા. પછી મહારાજ પોઢી ગયા. અને જાગ્યા ત્યારે મહારાજને સ્નાન કરાવ્યું. પછી એક રેશમી પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું.

સાંજ વખતે ફળિયામાં ઢોલિયો બિછાવીને મહારાજને પધરાવ્યા હતા. પછી લીલા કિનખાપનો સુરવાળ, રાતા કિનખાપની ડગલી ને ગુલાબી રંગના કેરાદાર મોટા છેડાનો રેંટો કેડે બંધાવ્યો, અને એક રેંટો નગરનો સોનેરી ફૂલનો ભારે માથે બંધાવ્યો અને ઈસમાની રેંટો પાસે રખાવ્યો. ચંદનની આડ કરાવી, પુષ્પના હાર પેરાવ્યા. અને

ઊતરી પેરાવી, સો રૂપિયાનો થાળ ભરી આગળ મૂક્યો. અને ભારે કિંમતની ઘોડી મહારાજને ભેટ આપી, ને સાધુઓને ચાદર ઓઢાડી આરતી કરી પગે લાગ્યા. તે વખતે તેને સમાધિ થઈ અને અક્ષરધામમાં જે મૂર્તિ છે, તે રૂપે મહારાજ દેખાણા, તે જોઈ ઘણો આનંદ પામ્યો. એક મુહૂર્ત સુધી તે સમાધિમાં રહ્યો. પછી સમાધિમાંથી જાગ્રત થયો અને મહારાજને પ્રેમવિહ્વળ થઈને ઘણી સ્તુતિ કરી; આવું ચરિત્ર ત્યાં કર્યું હતું. ॥૨૪૦॥

યોગેશ્વર તરવાડીને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૧

મહારાજ યોગેશ્વર તરવાડીને ઘેર પધાર્યા.


યોગેશ્વર તરવાડીનું ઘર

પછી તે જ દિવસે યોગેશ્વર તરવાડીને ત્યાં મહારાજ પધાર્યા ને ત્યાં તેણે મહારાજની ચંદનાદિકે કરીને પૂજા કરી. પછી મહારાજ સહુ

સંતો-ભક્તો સાથે ત્યાંથી ચાલ્યા. ત્યારે ત્યાં રહેલા લુણા સોનીએ મહારાજને પોતાને ઘેર પધારવા પ્રાર્થના કરી. ॥૨૪૧॥

લુણાભાઈ સોનીને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૨

સોની લુણા, સુરા તથા બાલેરાને ઘેર મહારાજની પધરામણી

તેથી તે જ દિવસે લુણાભાઈ સોનીને ત્યાં પધરાવી તેણે પણ મહારાજની પૂજા કરી. મહારાજને એક રૂપાનો વાટકો ભેટ કર્યો. અને પછી તેમના બીજા ભાઈ સુરા સોનીએ પોતાને ઘેર પધારવા કહ્યું. તેથી મહારાજ ત્યાં પધાર્યા. તેણે મહારાજને પધરાવી ભેટ મૂકી. પછી તેના ત્રીજા ભાઈ બાલેરાના કહેવાથી ત્યાં પધાર્યા. તેણે પણ મહારાજને પધરાવી ભેટ મૂકી. ને ત્રણે સોની ભાઈઓએ પોતાના છોકરાઓને લાવીને મહારાજને પગે લગાડ્યા. ને મહારાજે તેને માથે હાથ મૂક્યો.

❋ બાલેરાદિકની માતાને દેખતી કરી :

તે વખતે તેની ડોસી મેલા મનવાળી, ખરાબ સ્વભાવની અને દેવીની ભગત હતી અને આંધળી હતી. તેને એમ થયું કે, ‘આપણે માતાના ભક્ત છીએ અને સ્વામિનારાયણને આંહીંયાં પધરાવ્યા, એ ઠીક ન કર્યું.’ મહારાજે તેમનું કલ્યાણ કરવા તેમની દેવીનાં દર્શન કરાવ્યાં. અને ત્યાં તો તેની દેવી મહારાજ પાસે નાચ કરતાં ભાળી. પછી તે ડોસી કહે જે, “મહારાજને આંહીં બોલાવો.” પછી મહારાજનાં તેને દર્શન થયાં અને ડોસી વર્તમાન ધારી શરણાગત થઈ; એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું. ॥૨૪૨॥

સોંડા રાજગરને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૩

સોંડા તથા મૂળજી રાજગરને ઘેર પધરામણી

પછી તે જ દિવસે મહારાજ ત્યાંથી ચાલ્યા ત્યારે સોંડા રાજગરે મહારાજને પોતાને ઘેર પધરામણી કરવા માટે પ્રાર્થના કરી. ત્યારે મહારાજ તેમને ઘેર પધાર્યા. ને તે વખતે તેણે મહારાજને તલ ભેટ કર્યા. પછી તેમના ભાઈ મૂળજીએ પણ મહારાજની પૂજા કરી. પછી મહારાજે રાજી થઈને સોંડા રાજગર તથા મૂળજીને માથે હાથ મૂક્યો. ॥૨૪૩॥

સોની ભગા ગોદડને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૪

સોની ભગા-જેઠાનો વાદ, જીવા બોરીચાને ત્યાં પધરામણી

તે જ દિવસે ત્યાંથી સોની ભગા ગોદડને ત્યાં મહારાજ ગયા. તેણે ચીભડાની કાચરી મહારાજ આગળ મૂકી. પછી મહારાજે ભગા સોનીને તથા જેઠા સોનીને વાદ કરાવી પ્રશ્નોત્તર કરાવ્યા. અને પછી મહારાજને રાજી કરવા બંને સામસામા મર્મભરી વાણી બોલી ગાળોગાળ આવ્યા. બંને એકબીજાએ 'ભગાભાઈ તમારી માને' તથા 'જેઠાભાઈ તમારી માને' એવી રીતે માન ભરેલી ગાળ્યો ભાંડિયો. તેના ઉપર મહારાજે ઘણા પ્રસન્ન થઈ મસ્તક ઉપર હાથ મૂક્યો.

ત્યાંથી જીવા બોરીચાને ત્યાં મહારાજ પધાર્યા ને તેણે મહારાજની પધરામણી કરી. પછી મહારાજ દરબારમાં પધાર્યા. ॥૨૪૪॥

મોનાભાઈ તથા ઝવેરભાઈને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૫

મોના તથા ઝવેર ભગતને ઘેર પધરામણી

અને તે જ દિવસે મોનાભાઈ તથા ઝવેરભાઈએ મહારાજને પોતાને ઘેર પધારવા કહ્યું. તેથી તે જ દિવસે મોના તથા ઝવેરને ઘરે મહારાજ પધાર્યા હતા. અને તેણે મહારાજની આગળ ભેટ મૂકી, પગે લાગ્યા. અને મહારાજ કહે જે, “તમે અમારા ઉપયોગ સારું ઓસડ આપ્યું હતું. તેનાથી અમને ઘણું સારું થયું છે.” એમ કહી પ્રસન્ન થયા. પછી તે કહે જે, “જેવા છૈયે તેવા પણ તમારા આશ્રિત છૈયે. વાસ્તે અમારી ઉપર કૃપા કરજ્યો.” પછી મહારાજ દરબારગઢમાં પધાર્યા. ॥૨૪૫॥

વાઘજીભાઈ લુહાર તથા જુઠા મચાણીને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૬

વાઘજીભાઈ લુહાર તથા જુઠાભાઈને ઘેર પધરામણી

એકવાર મહારાજને શુદ્ધ ભાવનાવાળા વાઘજીભાઈ લુહારે પોતાને ઘેર થાળ જમવા આવવા પ્રાર્થના કરી. તેમનો ભક્તિભાવ જોઈને મહારાજ વાઘજીભાઈને ઘેર થાળ જમવા પધાર્યા. થાળ જમ્યા પછી તેમણે મહારાજની પ્રેમપૂર્વક પૂજા કરી, સારાં સારાં વસ્ત્ર, આભૂષણ અર્પણ કરી આરતી ઉતારી. અને સંતોની પણ ચાદર ઓઢાડી પૂજા કરી. તેમની સેવાથી પ્રસન્ન થયેલા મહારાજે તેમને એક પ્રસાદીનું વસ્ત્ર પ્રેમથી આપ્યું.

પછી મહારાજ દરબારગઢમાં આવતા ત્યાં રસ્તામાં જુઠાભાઈએ પોતાને ઘેર પધરામણી કરવા મહારાજને પ્રાર્થના કરી. તેથી મહારાજ તે જ દિવસે જુઠા મયાણીને ઘેર પધાર્યા હતા. ત્યાં તેણે મહારાજ માટે સુંદર આસન તૈયાર કર્યું હતું. તેના ઉપર મહારાજ બિરાજ્યા. ને ત્યાં બંટીનું ધાન ને ગોરસ જમ્યા હતા. ને તેણે બોરીનો ચોફાળ ઓઢાડ્યો હતો. અને તે વખત મહારાજે એ ત્રણે ભાઈઓને ચરણારવિંદ આપ્યાં હતાં. એવી રીતે તે જગ્યાએ ચરિત્ર કર્યું. ॥૨૪૬॥

રાજગર દેવાભાઈ તથા સાંગાભાઈને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૭


દેવાભાઈ તથા સાંગાભાઈને ઘેર ચીભડાં જમ્યા

જ્યારે મહારાજ જુઠાભાઈના ઘેરેથી ઊઠ્યા. તે જ સમયે રાજગર દેવાભાઈ તથા સાંગાભાઈએ પોતાને ઘેર પધારવા મહારાજને પ્રાર્થના કરી. તેથી મહારાજ તેને ઘેર પધાર્યા હતા. ને તેને ત્યાં મહારાજ તથા સાધુને ચીભડાં જમાડ્યા હતા. તેમનો શુદ્ધ ભક્તિભાવ જોઈને મહારાજ તથા સાધુઓ તેમને ઘેર પાકા ચીભડાં જમ્યા હતા.॥૨૪૭॥

જુઠા ગોસલિયાને ઘરે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૮

જુઠા વણિકને ત્યાં મહારાજ પધાર્યા.


જુઠાભાઈ ગોસલિયાના ઘર

જ્યારે મહારાજ તે બંને રાજગર ભાઈને ઘેરથી ચાલ્યા, ત્યારે રસ્તામાં જુઠા ગોસલિયા નામે વણિક ભક્ત ત્યાં ઊભા હતા. તેણે મહારાજને પોતાને ઘેર પધારવા પ્રાર્થના કરી. તેથી જુઠાભાઈ ગોસલિયાને ત્યાં મહારાજ સંતો, બ્રહ્મચારીઓ અને પાર્ષદોને સાથે લઈને તેને ઘેર પધાર્યા હતા. અને તે જુઠાભાઈએ તૈયાર કરેલા આસન ઉપર બેઠા. ખૂબ જ ભાવનાવાળા અને મહિમાવાળા જુઠા શેઠે મહારાજ આગળ સાકર ભરેલો થાળ ભેટ મૂક્યો. અને ત્યાં નવાનગરની પછેડિયો મહારાજને અર્પણ કરી હતી. અને નાસ્તિકોનું ખંડન થાય તેવા સાધુ પાસે નાસ્તિક ખંડનનાં કીર્તન ગવરાવ્યાં હતાં. ॥૨૪૮॥

જૈન કામદારોના ડેલામાં તથા રામજી મંદિરમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૪૯

જૈન કામદારોના ડેલામાં તથા રામજી મંદિરે પધાર્યા.



દરબારી કામદાર જૈનોએ પ્રાર્થના કરવાથી મહારાજ કામદારોના ડેલામાં પધાર્યા હતા. ત્યાં તેમણે મહારાજની પૂજા કરી. પ્રાર્થના-સ્તુતિ કરી. અને પોતાના અપરાધો માફ કરવાનું વારંવાર કહ્યું. તેમની ઘણી પ્રાર્થના સાંભળી શ્રીહરિ જૈન કામદાર વણિકોને અભયદાન આપી ત્યાંથી તે દિવસે રામજી મંદિરમાં પણ પધારેલા હતા. ॥૨૪૯॥

જેઠા સોનીને ઘરે બોટાદને ઝાંપે મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૫૦

જેઠા સોનીને ઘેર પધરામણી તથા રાજીપો

ગઢપુરમાં જેઠા સોનીની પ્રાર્થનાથી તેમને ઘેર બોટાદને ઝાંપે મહારાજ પધાર્યા હતા. તેની પ્રશંસા કરી અને ત્યાં તેને પોતાની પાઘ આપી હતી. એ રીતે એ ઘર પણ પ્રસાદીનાં છે. ।।૨૫૦।।

દેવજી ગોસલિયાના હાટ ઉપર મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૫૧

વણિક દેવજીને તીર્થંકરરૂપે દર્શન આપી આશ્રિત કર્યો.

જુઠા ગોસલિયાના બાપ દેવજી ગોસલિયાએ નીમ લીધું હતું જે, સ્વામિનારાયણનું મોઢું ન જોવું. એક વખત મહારાજ ચોમાસાના દિવસમાં જીવા ખાચરના દરબારમાં પધારતા હતા. તેવામાં શેરી વચમાં ઢોર આડાં આવ્યાં, એટલે દેવજી ગોસલિયાના હાટ ઉપર ચડ્યા. તે વખતે મહારાજનો પ્રતાપ જોઈ તેની પ્રતિજ્ઞા ભૂલી જઈ, દેવજી ગોસલિયા "પધારો મહારાજ ! પધારો મહારાજ !" એમ કહી પગે લાગ્યો. તેટલામાં ચોવીસ તીર્થંકર મહારાજનાં ચરણમાં પડ્યા, તે જોઈ ગુણ આવ્યો.

પછી મોઢામાં ખાસડું લઈ પગે લાગ્યો ને બોલ્યો જે, "મારો અપરાધ માફ કરજ્યો." એમ કહી વારંવાર પ્રાર્થના કરીને કહ્યું, "હે મહારાજ ! હું નાસ્તિક મતમાં રહીને વેદાદિ શાસ્ત્રોની તથા આપની નિંદા કરતો. અને કેવળ કર્મક્ષયથી જ મોક્ષ માનતો. અને જેનાથી શરીર પવિત્ર થાય એવા સ્નાનાદિકને પૂર્વના પાપને લીધે નિષેધ કરતો.

પણ હે દયાસાગર ! હવે હું આપને શરણે આવ્યો છું. આપ મારી રક્ષા કરજો. મેં આપનો દ્રોહ કર્યો છે, તેને સંભારશો નહીં. અને જેમ ગુરુ શિષ્યના દોષ સહન કરે છે, રાજા પ્રજાના અપરાધ સહન કરે છે, તેમ આપ મારા અપરાધ સહન કરજો અને માફ કરજો.” આવી તેની પ્રાર્થના સાંભળી મહારાજે તેને અભયદાન આપ્યું. પછી ત્યાંથી દરબારગઢમાં પધાર્યા; એવું ચરિત્ર કર્યું. ॥૨૫૧॥

દાદા ખાચરના દરબારમાં મહારાજે કરેલું

ચરિત્ર નં.૨૫૨

બોટાદના હીરબાઈને સમાધિ, જમપુરીમાંથી સંબંધીનો ઉદ્ધાર અને અખંડસ્મૃતિનું વરદાન

એક વખત જેઠા તરવાડીની બેન હીરબાઈ બોટાદથી મહારાજનાં દર્શન કરવા આવ્યાં હતાં. તે મહારાજનાં દર્શન કરવા સારુ દરબારમાં ગયાં. ને એક બે દિવસ આંહીં રહ્યાં ને દર્શન કર્યાં. તેવામાં એ હીરબાઈને સમાધિ થઈ. પછી મહારાજે મોટીબાને પૂછ્યું કે, “આ કોણ છે ?” ત્યારે મોટીબાએ કહ્યું જે, “જેઠા તરવાડીની બેન છે.” પછી મહારાજ કહે, “ઠીક ત્યારે, એમને ઓરડામાં લઈ જાઓ.” એમ મહારાજે આજ્ઞા કરી એટલે જીવુબાઈ વિગેરે બાઈયું તેને વાસુદેવનારાયણના ઓરડામાં લઈ ગયાં. ને પછી બે દિવસ સુધી સમાધિમાં રહ્યા.

પછી જીવુબાઈએ મહારાજને કહ્યું જે, “મહારાજ, હજી સુધી સમાધિમાંથી બાહેર નીસરતાં નથી.” પછી મહારાજે લાડકી ડોસી મેઘપરવાળાને આજ્ઞા કરી કે, “તમે સમાધિ કરી હીરબાઈને તેડી આવો.” પછી લાડકી ડોસી સમાધિ કરીને તેડવા ગયાં, તોપણ લાડકીબાઈથી

આવ્યાં નહીં. તે લાડકીબાઈ પાછાં આવ્યાં ને કહે જે, “એ તો આવતાં નથી.” ત્યારે મહારાજે લાડકીબાઈને કહ્યું જે, “તમો જઈ એમને સર્વે ધામનાં દર્શન કરાવો.” ત્યારે લાડકી ડોસીએ સમાધિ કરી અને પાછાં ધામમાં ગયાં. ત્યારે તે હીરબાઈ ગોલોકમાં હતાં. ત્યાંથી (બંને) અક્ષરધામમાં ગયાં. ત્યાં અનંત કોટી મુક્તે સહિત મહારાજનાં દર્શન કર્યાં. ને મહા તેજોમય એવું ધામ દેખાણું.

પછી મહારાજે કહ્યું જે, “તમારે બીજાં ધામ જોવાં છે ?” ત્યારે લાડકીબાઈ તથા હીરબાઈએ હા કહી. પછી મહારાજની મૂર્તિ આગળ ને પછવાડે લાડકીબાઈ અને તેની પછવાડે હીરબાઈ, એ પ્રમાણે ચાલ્યાં તે બ્રહ્મપુરી, કૈલાસપુરી, વૈકુંઠ વિગેરે ઘણાં ધામનાં દર્શન કરાવ્યાં. પછી મહારાજ કહે, “તમારે હવે કાંઈ જોવું છે ?” ત્યારે કહે જે, “તમારી કૃપાથી સર્વે ધામનાં દર્શન થયાં.”

પછી મહારાજ કહે જે, “જમપુરી જોવી છે ?” ત્યારે લાડકીબાઈ તથા હીરબાઈ કહે જે, “હા મહારાજ.” પછી મહારાજ જમપુરી જોવા તેડી ગયા. ત્યાં કુંભીપાકને કાંઠે ગયા. ત્યાં હીરબાઈના સંબંધી ત્રણ જણ તેમાં હતા. તેને મહારાજે ઓળખાવ્યા એટલે એ ત્રણે જણાએ ઘણો કકળાટ કરવા માંડ્યો અને કહ્યું જે, “અમને આંહીંથી કઢાવો.” એવું જોઈ હીરબાઈએ મહારાજને કહ્યું જે, “આને કાઢું ?” ત્યારે મહારાજે આજ્ઞા કરી જે, “કાઢો.” ત્યારે તેના સંબંધી ત્રણ તથા બીજા બે-ચાર જણાને કાઢ્યા. એટલે મહારાજ કહે, “હાં હાં, હવે એટલા રાખો.”

પછી સમાધિમાંથી લાડકી ડોશી ઊઠ્યાં. ત્યારે મહારાજે આંહીં પૂછ્યું જે, “કેમ દર્શન કરાવ્યાં ?” ત્યારે લાડકી ડોશી કહે જે, “હા મહારાજ ! બધા ધામનાં દર્શન કરાવ્યાં.” ત્યારે મહારાજ કહે જે,

"હીરબાઈને કેમ તેડતા આવ્યાં નહીં ?" ત્યારે લાડકીબાઈ કહે જે, "મહારાજ, મારાથી તો આવતાં નથી. ને એમ કહે છે જે, 'હું તો આંહીં જ રહીશ." તેથી મહારાજે હીરબાઈને બે-ચાર સાદ કર્યા. એટલે હોંકારો આપી આંખ ઉઘાડી મહારાજ સામું જોયું. વળી પાછા સમાધિમાં ઊતરી જાય. એવી રીતે ચાર-પાંચ વખત થયું.

પછી મહારાજે પોતાના પગનો અંગૂઠો હીરબાઈની છાતીમાં દાબીને સમાધિમાંથી ઉઠાડ્યા. પછી મહારાજ કહે, "તમારું નામ શું?" ત્યારે કહે જે, "હીરબાઈ." પછી મહારાજ કહે, "હીરબાઈ તો હિરની ફેલ જેવા દેખાય છે." પછી મહારાજ કહે, "માગો, અત્યારે અમે રાજી થયા છૈયે. માટે જે માંગવું હોય તે માંગો." ત્યારે હીરબાઈ કહે જે, **"મહારાજ ! તમારી મૂર્તિ વિના બીજું કાંઈ જોઈતું નથી. તમારી મૂર્તિનાં અખંડ અમારે દર્શન થાય, એટલું જ માગું છું."**

પછી મહારાજે કહ્યું, "બહુ સારું જાઓ, તમને અમારી મૂર્તિનાં દર્શન થયાં કરશે." એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કરેલું છે. એ હીરબાઈ સમાધિવાળાં કહેવાતાં. તે હીરબાઈ જ્યાં સુધી જીવ્યાં, ત્યાં સુધી દશ-દશ, પનર-પનર દિવસ સુધી સમાધિમાં જતાં રહેતાં. એવાં મહાભક્ત હતાં.

❊ બ્રહ્મરાક્ષસ થયેલા રામબાઈના પતિનો ઉદ્ધાર :

એ હીરબાઈની મોટેરી બેન રામબાઈ કરીને હતાં. તેને પરણાવ્યા પછી બે વરસે તે રાંડ્યાં અને તેને એક દીકરો થયો હતો. પછી તે રામબાઈનો પતિ મરીને બ્રહ્મરાક્ષસ થયો હતો. તે રામબાઈને ઘણું દુઃખ દેતો હતો. અને તેથી તેને આંખોમાંથી, નાકમાંથી, કાનમાંથી, મોઢામાંથી રુધિર નીકળવા માંડ્યું. તે ઘણા દિવસ એમ થયું. પછી રામબાઈ મહારાજનાં દર્શન કરવા આવ્યાં. પછી મહારાજનાં દર્શન

કરવા અક્ષરઓરડીએ ગયાં. પછી મહારાજ કહે, "તમે દૂબળાં બઉ કેમ છો ?" ત્યારે જીવુબાઈયે સર્વે હકીકત કહી બતાવી.

પછી મહારાજ કહે, "સર્વે ધૂન્ય કરો." પછી ધૂન્ય કરવા માંડી. તેવામાં એ બ્રહ્મરાક્ષસ આવ્યો. તેને મહારાજ કહે, "એલા કેમ આને પીડે છે ? ને દુઃખ દે છે ?" પછી કહે જે, "મારો જીવ છોકરામાં રહી ગયો છે." મહારાજ કહે, "છોકરામાં જીવ છે, તો રામબાઈને શા સારુ દુઃખ દે છે ?" ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, " કેમ કરું ?" ત્યારે મહારાજ કહે, "આંહીંથી જા ને તારે ફાવે ત્યાં રહે." એ બ્રહ્મરાક્ષસ કહે, "તમે કહો ત્યાં રહું." પછી મહારાજ કહે, "આ સાધુમાં રહે, કાં ગોપીનાથજીના મંદિરમાં રહે અને કાં તો અમારામાં રહે." ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, "ત્યાં તો ક્યાંઈ રે'વાય નહીં ને હું તો બળું છું, ને કહેતા હો તો આ ડોશીઓમાં વરતમાન ન પાળતાં હોય તેનામાં રહું."

પછી મહારાજ કહે, "સહુ સાંભળજો, આ બ્રહ્મરાક્ષસ કહે છે કે, જે ડોશીઓ વરતમાન પાળતાં ન હોય તેનામાં રહું." પછી સર્વે ડોશીઓ કહે, "ના મહારાજ, એને આંહીં મોકલશો નહીં." પછી મહારાજ બ્રહ્મરાક્ષસને કહે, "તું બદરિકાશ્રમમાં જા." ત્યારે બ્રહ્મરાક્ષસ કહે જે, "મહારાજ, ત્યાં તો ન રહેવાય; પણ હવે તમે કૃપા કરી મારું કલ્યાણ કરો." પછી મહારાજ કહે, "જા તારું કલ્યાણ થાશે." પછી બ્રહ્મરાક્ષસ કહે, "ના... એમ નહીં. કોલ આપો." પછી મહારાજે એના હાથમાં ચાર વખત કોલ આપ્યો એટલે બ્રહ્મરાક્ષસ કહે, "મહારાજ ! હવે આ મારા છોકરાના માથા ઉપર હાથ મૂકો." ત્યારે મહારાજે હાથ મૂક્યો, ને છોકરાને વરતમાન ધરાવ્યાં. એવી રીતે મહારાજે બ્રહ્મરાક્ષસને તાર્યો. આવાં અદ્‌ભુત ચરિત્ર તે જગ્યાએ કર્યાં છે.

ઉપર લખ્યાં તે તે ઠેકાણાંની વાત જેટલી મેં કાને સાંભળી અને જેટલી મને યાદ હતી એટલી મેં લખાવી છે; પણ જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ, દાદો ખાચર, મોટા-મોટા પરમહંસો તથા નંદ પદવીના સાધુઓ તથા બ્રહ્મચારીઓ, પાળાઓ, દરબારની ખેડના કારભારીઓ અને જૂનામાં શામળિયા ચૈતન્યાનંદસ્વામી તથા ગોવિંદસ્વામી, મુકુંદ બ્રહ્મચારી, એટલા પાસેથી સાંભળેલી વાતો લખાવી છે. અને તે એમ કહેતા હતા કે, ગઢડામાં સર્વે સીમ તથા સર્વે ઘરો વિગેરે તમામ જગ્યા પ્રસાદીની છે. ॥૨૫૨॥

॥ સમાપ્ત ॥

લીલાની પુરવણી

ગઢપુરની સીમમાં મહારાજ જ્યાં જ્યાં હર્યા-ફર્યા તે લીલા

દાદા ખાચરનું બીડ કહેવાય છે, તેના ચાર ખૂંટની વિગત. (૧) દક્ષણાદી કોર ઘેલાનો કાંઠો (૨) ઓત્રાદી તરફ ઉગામેડીનો રસ્તો (૩) ઉગમણી તરફ અડતાળાનો સીમાડો તથા જીવા ખાચરની પાટીનો સીમાડો અને (૪) આથમણી કોર ભક્તિબાગની આથમણી વાડ તથા ખરડકું ઘેલાને મળ્યું. તે એ ચાર ખૂંટની અંદર જ્યાં જ્યાં મહારાજ પધાર્યા છે અને પરચા બતાવ્યા છે, તે તે જગ્યાએ જે સંકલ્પ કરે તે સિદ્ધ થાય છે, એવો એનો મહિમા છે. એવી મહાદિવ્ય ભૂમિનાં ચરિત્રો નીચે લખ્યાં પ્રમાણે છે.

૨૫૩. પ્રથમ ઘેલાના દક્ષણાદિક તરફના કાંઠાનું ચરિત્ર લખીએ છીએ. સુમાબાઈની વોકળી તથા પીપળાનો મારગ તથા ચારેકોર થોરની વાડ છે. તેની અંદર જે જમીન છે, તે જમીન ઓરિયાની કહેવાય છે. તે જમીન જે દિવસ ગોપીનાથજી મહારાજને થાળમાં દાદા ખાચરે આપી તે દિવસ જળઝીલણી અગિયારસ હતી. ઠાકોરજીને ઝુલાવીને પછી મહારાજ તથા દાદો ખાચર અણવાણે પગે ચાલી એ ઓરિયાની ઓત્રાદે ચારે દિશાએ આંટો મારીને એ ઓરિયાને દક્ષણાદે પડખે જ્યાં ઢોરો છે ને ખોરડું કરેલું છે, તે જગ્યાએ મહારાજ ઝાઝી ઘડી વિરાજમાન થયા હતા. તે ઓરિયાની તમામ જમીન વીઘેથી વીઘો પ્રસાદીની છે. તે જગ્યાએ ભક્તિબાગનો કૂવો છે, તે જગ્યાએ મહારાજ ઘણુંક બેઠા છે.

૨૫૪. એ ભક્તિબાગ કરીને છે, તેમાં જ્યાં બંગલાનો ચોક છે, ત્યાં મહારાજ બેઠા છે.

૨૫૫. તે જગ્યાએ પાળાની ઓરડી છે, ત્યાં મહારાજ બેઠા છે.

૨૫૬. ધોરિયાથી દક્ષણાદી તરફ ત્યાં મહારાજ બેઠા છે.

૨૫૭. એ ભક્તિબાગની ઉગમણી તરફ જ્યાં વચ્ચે નેરું છે, ત્યાં સાધુની અષ્ટાંગયોગની પરીક્ષા લીધી છે, ને મહારાજ દિવસ બધો બેઠા છે ને ત્યાં જમ્યા છે.

૨૫૮. નદીને કાંઠે એ ભગતીબાગથી દક્ષણાદો વંડો દરબારનો છે, ત્યાં મહારાજ બેઠા છે ને ધનતેરશને દિવસ ગાયો દોડાવી છે.

૨૫૯. તે વંડાથી ઉગમણી કોર ઓરિયો તે પ્રસાદીનો છે.

૨૬૦. તે ઓરિયાથી ઉગમણી કોરનો બીજો ઓરિયો પણ પ્રસાદીનો છે.

૨૬૧. તેથી ત્રીજો ઓરિયો ઉગમણો છે, તે અત્યંત પ્રસાદીનો છે.

૨૬૨. તેથી ઉગમણી ઇચ્છારામભાઈને દેન દીધું, તે પણ પ્રસાદીનો છે, તે જગ્યા ઘણી પ્રસાદીની છે.

૨૬૩. તેથી ઉગમણી સુમાબાઈની વોકળી કહેવાય છે. એ વોકળી ને ઘેલો ભેગા થયા તે જગ્યાએ ઓરિયો મહારાજે પંડે બે મહિના ઉપર ધ્યાન આપીને કરાવેલો છે. તે ઓરિયો સીરાબંધ છે. તે ઉપર બેઠેલા છે ને તે અત્યંત પ્રસાદીનો છે.

૨૬૪ તેથી ઓત્રાદીકોર વોકળીના વાંકને માથે ખીજડો છે. ત્યાં મહારાજે પાળાની પર્ણકૂટી કરેલી હતી, ત્યાં મહારાજ પંદર દિવસ સુધી રાતદિવસ રહ્યા હતા ને તમામ ઉગમણી તરફ રોજ સાંજે અને સવારે ફરવા નીકળતા ને ઘોડાઓને ખેલાવતા હતા.

૨૬૫. એ વોકળીને કાંઠે ખીજડાથી આથમણું હાલ દાદા ખાચરનો કૂવો છે, તે જગ્યાએ મહારાજ ઘણા વખત વિરાજમાન થયા

હતા ને તે જગ્યાથી તે તમામ ખીજડા સુધી બધી રમણરેતી છે, ત્યાં પાળાઓને એક મોટો ચમત્કાર બતાવ્યો હતો.

૨૬૬. તેથી આથમણું વોકળીમાં ચોમાસામાં ઘૂનો પડે છે, તે ઘૂનાના વોકને માથે એક વખત મહારાજ પાંચ દિવસ સુધી ત્યાં રહ્યા હતા. ને ત્યાંના પ્રકારની ભાજીઓ તથા શાકો પોતે હાથે કરી જમ્યા હતા. તેથી આથમણું પાણાની ખડખડ(પથરાળ જમીન) છે ને તેને માથે કંથારના ઢૂંવા તથા બોરડીનાં જાળાં હતાં. તે જગ્યાએ મહારાજ ઘણા દિવસ રહ્યા હતા. તેથી આથમણો બળદ બાંધવાનો માંડવો હતો. ને તે નીચે વોકળીમાં સુંદર રેતી રમણીક હતી. ત્યાં મહારાજ બેઠા હતા ને ત્યાં અલૈયાભગતના સંકલ્પ વિશે પૂછતાં તેણે રેતીની ધાર કરી કહે, “આટલા સંકલ્પ મારે થાય છે. માટે તમે તારશો ત્યારે તરીશ.” એ ઉપર ઘણી વાત કરી તેમના સંકલ્પ બંધ કર્યા.

૨૬૭. એક વખત મહારાજ એ જગ્યાથી આથમણી વોકળીમાં રેતીની તળી છે કે જે હાલ અમરે ખાચરે એ વાડી કૃષ્ણાર્પણ મંદિરમાં આપી છે. તે વાડી દક્ષણાદે શેઢે વોકળીના કાંઠા ઉપર છે, ત્યાં હાલ એક ખજૂરીનું ઝાડ છે. ત્યાં મહારાજ ઉનાળામાં કડબનો માંડવો કરી, ઉપર બુંગણ ઢાંકી ખૂબ પાણીએ કરી પલળાવ્યું હતું, ને ત્યાં રહેતા ને રાત વખત ઢાલ-તરવાર બાંધી એ તમામ જગ્યામાં ફરતા. ત્યાં એ દરબારના અલૈયા ભગત વિગેરે કારભારીઓને પરચો બતાવ્યો.

૨૬૮. તેથી આથમણું જે જગ્યાએ ભક્તિબાગનો કૂવો છે, તે સામું મોટીબા ફૂઈનો કૂવો છે, તે ગળાવ્યો ત્યાં મહારાજ એક મહિનો સુધી લાગઠ બેઠેલા છે.

૨૬૯. કૂવાથી આથમણો ઉગામેડીના મારગથી ઉગમણો કૂવો છે. તે કૂવો મહારાજે પંડે ગળાવ્યો, ને તે જગ્યાએ બે માસ લગી બેઠેલા છે, ને તે કૂવાનું નામ નારાયણલહેરી પાડેલું છે. તે અત્યંત પ્રસાદીનો છે, તે કૂવો વોકળીને કાંઠે છે.

૨૭૦. એ ઉગામેડીના મારગનો ઉપલો કૂવો ત્યાંથી એ સુમાબાઈની વોકળી પ્રસાદીની છે, તે ઘેલાને મળી ત્યાં સુધી ત્યાં મહારાજ હજાર વખત અછતા રહેલ છે તથા છતા રહેલ છે. ને મોટીબા ફૂઈના વચલા ખેતરમાં વચે એ વોકળી ને ઉગામેડીના મારગને મધ્યે પાણાનો ઘડીંબો કરેલો છે. તે જગ્યાએ એક મોટી હરમો, બોરડીની ભાશ હતી, તે જગ્યા બંગલા જેવી હતી. ત્યાં ઉપર ખરખોડીના ને બીજા કેટલાક વેલા હતા. તેથી ઘણુંક ટાઢું રહેતું. તે જગ્યાએ મહારાજ બેઠેલા છે.

૨૭૧. ઉગામેડીને મારગે લીંબડો વાવથી આથમણો છેટે હતો. તે જગ્યાએ આજ બાવો ખાચર અને અમરા ખાચર બંન્ને ભાઈની વહેંચણીનો શેઢો છે, ત્યાં પાણા છે, ત્યાં મહારાજ ઘણું બેઠેલા છે ને હર્યા-ફર્યા છે. એ જગ્યાએ એક વખત થાળ પણ જમ્યા હતા.

૨૭૨. ચાર વાડિયુંના પડાનો વચલા ચોકનો શેઢો છે, તેથી જે મંદિરમાં પડું આપેલું છે, તે પડામાં એ શેઢાથી દસ હાથ ઉપર દક્ષણાદો એક બાવળ હતો. તે બાવળ એવો રમણીક હતો કે, જેવો ડેરો હોય તેવો રમણીક ઘણા વિસ્તારમાં હતો. તે બાવળ હેઠ ગાડા ઉપર ચાર માસ સુધી મહારાજ રહેલ છે. તે તમામ જમીન સત્તરસો વિઘાને આશરે છે. તે તમામ જમીનમાં બીડ હતું, તેમાં બોરડી ને મોટાં વૃક્ષ હતાં. તે પાળાઓ તથા દરબારના કારભારીઓ પાસે પાંચસે માણસથી તમામ ખોદાવી નખાવી

ને ત્યાં મોટાં ખોડસાં(થડ સાથે મૂળિયાં)નો એક પર્વત ઊભો કરેલો હતો. અને તે જગ્યાએ ઘણા સદ્‌ગુરુઓ તથા સાધુઓ હતા. ને તે તમામ જગ્યા ખેડાવી હતી એ પ્રમાણે કરેલું છે.

૨૭૩. ઉગામેડીને મારગે જે (રાધા)વાવ છે, તે મહારાજે પંડે ગળાવી છે. અને તે ગળાવતી વખતે વાવની ભેખડ પડવાના કારણથી મહારાજે પોતે તત્કાળ માણસ મોકલી માણસોને બહાર કઢાવ્યા હતા. તે વખતે વાવની ભેખડ પડી ને પાર્ષદો ભગુજી વિગેરેની રક્ષા કરી. તે વખતે મહારાજ અક્ષરઓરડીમાં બેઠા હતા. એવો ચમત્કાર બતાવેલો છે.

૨૭૪. વાવની આગળ જે ઢોરો તે મહા પ્રસાદીનો છે. ઢોરા ઉપર લીંબડો તથા આંબલી તે પણ પ્રસાદીનાં છે. વાવ મધ્યે મહારાજ હજારો વખત નાહ્યા છે ને પાર્ષદો સાથે વિહાર કરેલો છે. વાવને કાંઠે ઉપરથી ધૂબકા મારીને નાહ્યા છે. મોટી આંબલી હેઠે મહારાજ બેઠેલા છે.

૨૭૫. બીલીનું ઝાડ મહારાજનું વવરાવેલું છે.

૨૭૬. જે જગ્યાએ વાવથી ઓતરાદી ઓરડી છે, ત્યાં મહારાજ બેઠા છે.

૨૭૭. વાવથી દક્ષિણાદું પૈયું તથા પૈયાથી ઉગમણી ને આથમણી તમામ જમીનમાં બેઠેલા છે અને ચરિત્ર કર્યાં છે.

૨૭૮. વાવથી ઉગમણું પૈયું છે, ત્યાં મહારાજ બેઠેલા છે, સૂતેલા છે.

૨૭૯. એ પૈયાથી ઉગમણી કોઠી છે, ત્યાં મહારાજ પોઢેલા છે.

૨૮૦. આ વાડીમાં જેટલાં ઝાડ છે, ત્યાં મહારાજ બેઠેલા છે, ઊઠેલા છે, પોઢેલા છે, ફરેલા છે.

૨૮૧. એ ફૂલવાડીમાં જે વાડીનું આંબાવાળું કટકું અમરે ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ આપેલ છે, તેના આથમણા શેઢાથી

ઉગમણો હાથ પંદર ઉપર આંબો છે. તે આંબા હેઠે મહારાજ પોઢેલા છે ને એક વખત વરતાલ જાતા હતા, ત્યારે દરબારમાંથી ઘોડી દોડાવી એ આંબાની ડાળ ઝાલી રાખી હતી ને ત્યાં મહારાજ ઊભેલા છે.

૨૮૨. એ આંબા હેઠે મહારાજ દસ વરસ સુધી બેઠેલા છે, ત્યાં હર્યા ફર્યા છે.

૨૮૩. એ ભક્તિબાગ છે, તેમાં જ્યાં બંગલાનો ચોક છે, ત્યાં મહારાજ બેઠા છે.

૨૮૪. વળી, તે જગ્યાએ પાળાની ઓરડી છે, ત્યાં મહારાજ બેઠા છે. અને ત્યાં ધોરિયાથી દક્ષણાદી તરફ મહારાજ બેઠા છે.

૨૮૫. ભક્તિબાગ પાસે પહેલા ઓરિયાથી ઉગમણી કોરનો બીજો ઓરિયો છે, તે પણ પ્રસાદીનો છે. તેથી ત્રીજો ઓરિયો ઉગમણો છે, તે અત્યંત પ્રસાદીનો છે.

૨૮૬. એ ફૂલવાડીથી ઓતરાદો એક ગુંદો છે. તે ગુંદાથી દક્ષણાદી જગ્યાએ આસોદરાનું ઝાડ ખાચર અમરાના ખેતરમાં છે, ત્યાં મહારાજ ઘણી વખત બેઠેલા છે ને ત્યાં એક અદ્‌ભુત ચરિત્ર કરેલું છે.

૨૮૭. ઉગામેડીના મારગથી ઓતરાદો એક બાવળ હતો. ત્યાં મહારાજ બેઠેલા છે.

૨૮૮. ઉગામેડીના મારગથી ઓતરાદી કોર એક તળાવ છે. તેની પાળ ઉપર મહારાજ એકવાર રામપ્રતાપભાઈને મનાવવા ગયા ત્યારે બેઠેલા છે.

૨૮૯. એક વખત ગુજરાતથી સાધુ આવતા હતા. તે વખત આ તળાવથી દક્ષણાદી કોરે અને ઉગામેડીના મારગથી દક્ષણાદી કોર શેલ કરીને વોકળી છે. ત્યાં મહારાજ ઘોડા ઉપરથી ઊતરીને સાધુને મળેલા છે. તે વખત વરસાદનું સરવડું આવ્યું. એટલે કહે જે, "મારા સાધુ પલળશે. માટે વરસાદ બંધ થાઓ." તેથી વરસાદ બંધ થઈ ગયો. પછી મહારાજ તથા સાધુ દરબારમાં પધાર્યા. પછી વરસાદ ખૂબ વરસ્યો. એવો ચમત્કાર બતાવ્યો છે.

૨૯૦. એ શેલ વોંકળીમાં જે જગ્યાએ અમરા ખાચરનાં બેય કોરનાં ખેતર છે, ત્યાં મહારાજ અછતા ચાર દિવસ સુધી રહેલા છે. અને ત્યાં એકવાર એવી વાંસળી વગાડી કે તેથી ત્યાં હજારો હરણિયાં સાંભળવા ભેગા થયા હતા.

૨૯૧. તે ઠેકાણેથી દક્ષણાદી કોરે શેલથી ઉગમણી તરફ સાધુઓ વિગેરેને રામનવમીનું જાગરણ કરાવેલું હતું, તે જગ્યા અત્યારે એંધાણથી ઓળખાય છે.

૨૯૨. એ ઢોરાથી આથમણી આંબલી છે, તે જગ્યાએ મહારાજ ઘણી વખત બેઠેલા હતા. એ ઢોરા ઉપર બેસીને મહારાજે સંતો-ભક્તોને ચરણારવિંદ આપેલાં છે. એ ઢોરાથી ઉગમણા શિવ છે. તે એભલ ખાચરના હતા. તે શિવ મહારાજે વાવ ઉપર પધરાવ્યા છે. ને તેમાં એક શિવ કાળા પથ્થર ઉપર છે. તેનું નામ નારાયણેશ્વર પાડ્યું છે. અને એક બીજી લિંગ છે, તેનું નામ અભયેશ્વર પાડ્યું છે. અને એ બાગનું નામ રાધાબાગ પાડેલું છે.

૨૯૩. એ ઢોરાથી ઉગામેડીનો મારગ ઓતરાદો છે. તેથી ઓતરાદી મહારાજે સભા કરી હતી. તે વાવની ઉતરાદી કોર નાળ્ય(સાંકડા રસ્તા)ના થડમાં મહારાજ બેઠેલા છે.

૨૯૪. એ વાવના ટોડા ઉપરના રમણ ઉપર મહારાજ બેઠેલા છે.

૨૯૫. વાવની માંહીલી કોરે ઉત્તર ને દક્ષણ બે ગોખ છે, ત્યાં મહારાજ ઢોલિયો ઢળાવી સૂતા હતા. એ ગોખથી ઉગમણી કોરે વાવનું વળું(પડ) ગોપીચંદનના જેવું હતું, ને આજ પણ છે. ને વળાને મહારાજે હાથે કરીને ચોળેલું છે, ત્યાંની સર્વે માટી ચરણરજની છે.

૨૯૬. એ વાવથી ઉગમણું ખેતર તથા દક્ષણાદું તથા આથમણું ખેતર દક્ષણાદી વોકળી સુધી તમામ પ્રસાદીનું છે. અને ત્યાં હજારો વખત ઘોડા ખેલવેલ છે. તે તમામ જગ્યા સોયના અગ્ર જેટલી પણ પ્રસાદી વિનાની નથી.

૨૯૭. એ શેલ વોકળી ઉગમણી કોર અડતાળાને સીમાડે ગઈ. ને એ શેલને કાંઠેથી ઉત્તર તથા દક્ષણે મહારાજ ઘોડા ચારવા ગયા હતા. અને ત્યાં ઉતરાદી કોરને કાંઠે જમવા બેઠા હતા ને ત્યાં એક ચરિત્ર કરેલું છે.

૨૯૮. માળિયાની ધારથી ઉત્રાદી જગ્યામાં ઘણા વખત બેઠેલા છે ને ત્યાં ઘોડા ચારવા મૂકેલા છે ને ત્યાં જમ્યા છે.

૨૯૯. ઉગામેડીને મારગે આ પાટના સીમાડાથી ઉગમણી કોર મારગથી ઉતરાદું છે, તે જગ્યાએ મહારાજે વાવ ગળાવવાનું કરેલ, તે વખત જોવા ગયેલ છે ને ત્યાં બેઠેલ છે. તેથી આથમણું લીંબડીનું ઝાડ છે, ત્યાં મહારાજ થાળ જમેલ છે. તે તમામ ખેતરમાં હજાર વખત બેઠેલા છે, ઊઠેલા છે.

૩૦૦. ઉગામેડીના મારગથી દક્ષણાદો ખીજડો છે. ત્યાં મહારાજ બેઠેલા છે.

૩૦૧. અડતાળાને સીમાડે ઘેલાને કાંઠે એક વખત મહારાજે ત્યાં પાર્ષદોને સામસામા બથોબથ અણાવેલ(લડાવેલ) છે.

૩૦૨. ઘેલાને કાંઠે કાંઠે તમામ જગ્યાએ મહારાજ ફરેલા છે.

૩૦૩. ઉગામેડીને મારગે તમામ જગ્યાએ મહારાજ બેઠેલા છે તથા હર્યા-ફર્યા છે.

૩૦૪. ઉગામેડી તથા ઘેલા વચ્ચેની તમામ જગ્યા વચ્ચે એક અણુ જેટલી જમીન પ્રસાદી વિનાની નથી.

૩૦૫. ઉગામેડીના મારગ તથા ગોરડકાના મારગ વચ્ચે તમામ જમીનમાં મહારાજ ફરેલા છે ને તે જમીન પ્રસાદીની છે.

૩૦૬. ગોરડકાના મારગથી આથમણો ગોરડકાનો ટીંબો છે. તે ટીંબાના ઢોરા ઉપર મહારાજ બેઠેલા છે.

૩૦૭. દુદાપરના તળાવની પાળ ઉપર બેસીને મહારાજ બાજરાનો પોંક તથા ચીભડાં જમેલા છે. ને એ પાળ ઉપર પાળિયો છે, તે ઉપર ઊભા રહીને સાધુ બોટાદના મારગમાં આવતા હતા, તે જોવા સારુ ચડેલા હતા. એ દુદાપરની વાવના ગાળા ઉપર પણ બેઠેલા છે.

૩૦૮. ગોરડકાના મારગ તથા ઉગામેડીના મારગની વચ્ચે લાડુબાઈવાળી વાડીને પીપળાવાડી કહેવાય છે, ત્યાં મહારાજ ઘણાં વરસ રહ્યા છે.

૩૦૯. એ વાડીના કૂવામાં મહારાજ નાહ્યા છે.

૩૧૦. એ પીપળાવાળી વાડીના પૈયામાં મહારાજ નાહ્યા છે.

૩૧૧. ઓગણોતરા કાળમાં એ કૂવામાં પાણી થઈ રહ્યું. પછી સચ્ચિદાનંદસ્વામી પાસે કૂવાના તળાથી આઠ હાથ ઉપર પૈયા નીચે દક્ષણાદી કોર કોશે કરી એક ગજ બોર ખોદવી નાખ્યો. તેથી તમામ કૂવો પાણીથી ભરાઈ ગયો ને પુષ્કળ પાણી થયું. તે વખત મહારાજ એમ બોલ્યા કે, "ભગવાન કૃપાસાધ્ય ને



ક્રિયાસાધ્ય એ બે પ્રકારે છે. તેમાં આ કૃપાસાધ્યથી પાણી થયું." ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે જે, "સ્વામિનારાયણની કૃપાથી આ બન્યું. માટે સર્વ સાધનનું નારાયણકૃપા એ જ મોટું ફળ છે."

૩૧૨. ને પીપળાવાડીના પૈયાથી ઉગમણી કોર દસ હાથ છેટે મહારાજે પોતાને રહેવાની કુટીર બાંધી માંઈ વેકુરી(રેતી) નાખી આસન બનાવેલું હતું. તે જગ્યાએ માંડવો કરી ઉપર લૂગડાં વીંટી દીધેલાં હતાં. ને ત્યાં મહારાજ રહેતા. દિવસે દિવસે દરબારમાં

રહેતા ને રાત્રે ત્યાં રહેતા. તે વખત સાધુ થાવા જે આવતા તેને એમ કહેતા જે, “જેને સિદ્ધ થાવું હોય તે પીપળાવાડીમાં સાંતી હાંકો.” પછી જે સાંતી હાંકે તેને સમાધિ થાય. એમ એક વરસ સુધી મહારાજે કર્યું.

૩૧૩. ઓગણોતરા કાળમાં પરમહંસ મહારાજને દર્શને આવ્યા. પછી તે પરમહંસને મહારાજે એ પીપળાવાડીને ઉતરાદે શેઢે તથા ઉગમણે શેઢે તથા દક્ષણાદે શેઢે તથા આથમણે શેઢે વાડી ફરતા ચારે કોરે આસન કરાવ્યાં હતાં. તે ચારસે-પાંચસેને આશરે પરમહંસોને ત્યાં સાત માસ સુધી રાખ્યા. ને ઉત્તમરાજાના પિતા અભયરાજા દ્વારા તેમને જમાડતા. ને મહારાજ એ પરમહંસોને ત્યાં વાતો કરતા. ને દિવસે અષ્ટાંગયોગ કરાવતા. એક તલ જેટલી જમીન પીપળાવાડીની પ્રસાદી વિનાની નથી.

૩૧૪. જે જગ્યાએ અમરે ખાચરે ફૂલવાડી કરી છે ને બંગલો કર્યો છે. તે જગ્યાએ મહારાજ રહેતા ને સૂતા.

૩૧૫. એ કૂવા ઉપર પીપળો હતો. તે પીપળાની ડાળ ઉપર ચડી મહારાજ તથા પરમહંસો કૂવામાં ધૂબકા મારતા તથા નાતા.

૩૧૬. એ પીપળાવાડીને મધ્યે જે જગ્યાએ એંધાણ છે, તે જગ્યાએ મહારાજ સચ્ચિદાનંદસ્વામીને અષ્ટાંગયોગ શીખવતા ને ત્યાં તેમને સમાધિ કરાવેલી છે.

૩૧૭. એ પીપળાવાડીમાં મહારાજે ઘણાં ચરિત્ર કરેલાં છે. એ પીપળાવાડીની દક્ષિણાદી કોરે સિત્તેરની સાલમાં એક મંચ નાખ્યો હતો. અને ત્યાં શિવરાત્રીનો મોટો સમૈયો કર્યો હતો. ને ત્યાં અનેક પરચા બતાવ્યા હતા. એ વાડી જેવી અક્ષરઓરડી પ્રસાદીની છે, તેવી પ્રસાદીની છે.

૩૧૮. એ વાડીના પૈયાથી ઉગમણી કોર દશ કદમ ઉપર એક એંધાણ છે. તે જગ્યાએ સિદ્ધાનંદસ્વામીને સમાધિ કરાવી હતી.

૩૧૯. એ પીપળાવાડીને દક્ષણાદે શેઢે ડાભિયાવાળી વાડી કહેવાય છે, ત્યાં વડોદરાના મીર સાહેબ આવ્યા હતા. તેને તે જગ્યાએ મહારાજે દર્શન આપી, અલ્લારૂપે દેખાણા હતા.

૩૨૦. એ વાડીના કૂવા હેઠ ખીજડો છે, ત્યાં મહારાજ બેઠેલા હતા.

૩૨૧. ઉગામેડીના માર્ગે એકવાર મોટી સભા કરીને બેઠા હતા, ને ત્યાં મલ્લને રમાડ્યા હતા.

૩૨૨. ઉગામેડીના મારગથી ઉતરાદી ને કાનજી રાજગરની વાડીની દક્ષણાદી હોળીધારની ટીંબી છે. તે ઉપર મહારાજે એક વખત રાત્રે નાગાજણ ભગતની રક્ષા કરી. દાદા ખાચર ઉપર બહુ પ્રસન્ન થયેલા હતા. ને પાર્ષદ તથા ગવૈયાને પેલી વચનરૂપી શિક્ષા કરી, પછી છાતીમાં ચરણારવિંદરૂપી મહાપ્રસાદ આપ્યો હતો.

૩૨૩. મેઘવડિયા તથા સારીંગપરડાના માર્ગે, વચ્ચે ખેતરોના મારગથી ઉગમણું સુમાબાઈનું ખેતર છે. તે સુમાબાઈને પ્રસન્ન કરવા સારુ તેની ઉજાણી કાઢી પાર્ષદોને જમાડ્યા હતા.

૩૨૪. સારીંગપરડાના મારગથી ઉગમણું ખેતર પાંચુબાઈને આપવા ગયા. તે વખત લવકાના કૂવા પાસે ઢોરો છે, તે જગ્યાએ મહારાજ બેઠેલા છે, ને એ ખેતર પાંચુબાઈને આપ્યું. ને તે ખેતર હાલ અમરા ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ આપેલું છે, અને એ ખેતરથી ઉગમણું લાડુબાઈનું ખેતર છે. તેમાં ખીજડો છે તે ખીજડા હેઠે મહારાજ તે દિવસે બેસીને જમ્યા હતા. ને ત્યાં એક અદ્‌ભુત ચરિત્ર બતાવ્યું હતું.

૩૨૫. એક વખત પાર્ષદોની મંડળી લઈ દશ દિવસ સુધી સોનલ નદીને કાંઠે ચોમાસામાં ઘોડા ચારવા ગયા હતા, ને ત્યાં ઘણે ઠેકાણે જમ્યા હતા.

૩૨૬. સોનલ નદીથી ઉતરાદા બે પાંતા(લાંબી જમીનના ટુકડા) છે. એ પાંતા બન્ને આચારજી મહારાજને ઈજારે લઈ આપ્યા હતા. તેને ફરતા ચારેકોરે આંટો મારી ફર્યા હતા. ને તે પાંતા વચ્ચે ધાર છે, ત્યાં મહુડો છે, ત્યાં બેસી મહારાજ પોંક જમ્યા હતા. ને તે વખત દાદા ખાચરે મનમાં ધારેલો વિચાર કહી દેખાડ્યો હતો. અને એમ બોલ્યા હતા કે, "આ જમીન તમારા સંકલ્પ પ્રમાણે તમારા દીકરાઓને મળશે." એ પ્રમાણે ત્યાં બોલ્યા હતા. તે મહારાજના કહ્યા પ્રમાણે આજ મેઘવડિયા તથા ગાળાના મારગ વચ્ચેની જમીન મહારાજના કહેવા પ્રમાણે તેમને ત્યાં આવી છે.

૩૨૭. એ સારીંગપરડાના મારગથી આથમણી કૂઈ છે, ત્યાં લીંબડા હેઠળ બેસી કૂઈનું પાણી પીધેલું છે. તે વખતે અલૈયો ભક્ત કહે જે, "આ વોકળી ચારણ્ય મુવાથી ગોઝારી કેવાય છે. તેથી આમાં પાણી રહેતું નથી." પછી મહારાજ કહે જે, "આજથી ગોઝારી આળશી ગઈ, ને પાણી રહેશે." તેથી હવે છ-છ આઠ-આઠ માસ સુધી પાણી રહે છે. તે સૂકલ હતી, પણ હવે જે જગ્યાએ ખોદે તે જગ્યાએ પાણી નીકળે છે. ને એમ કહી દાદા ખાચરને કહ્યું કે, "આ કૂઈ વચમાં છે, માટે સારીંગપરડાના મારગથી સોનલને કાંઠે થડમાં વાવ કરવાને જગ્યા ચીંધી, "આ વાવ કરવાથી ઘણું પુન્ય થાશે" એવું બોલ્યા.

પછી દાદે ખાચરે કહ્યું જે, "એ જગ્યા દરબારને ત્યાં છે, ને અમારે ત્યાં આવશે ત્યારે વાવ કરાવશું." પછી મહારાજ

કહે જે, “અમારો સંકલ્પ બળવાન છે. માટે તમારા દીકરાઓ વાવ કરાવશે.” એમ બોલ્યા હતા.

૩૨૮. સોનલથી દક્ષણાદું અમરા કસોરનું ખેતર છે. ત્યાં મહારાજ ઘોડા ઉપર ચડેલા અને સ્વારોને સામસામા વઢાડ્યા હતા. ને દક્ષણાદે શેઢે ધારના મરહડા ઉપર મહારાજ બેઠેલા હતા. સારીંગપરડાના મારગથી આથમણું નાજા જોગિયાનું ખેતર છે. ત્યાં એ ખેતરથી આથમણું જ્યાં એંધાણ કરેલાં છે, ત્યાં મહારાજ પોંક જમેલા છે. અને પછી એ ખેતરથી ઓતરાદી ધાર છે, ત્યાં એક તલાવડી ને લીંબડી છે, ને ત્યાં પાણો છે, ત્યાં બેઠેલા છે. ને ત્યાં પોંક ને ચીભડાં જમ્યા છે. ને નાજાભગતને પોતાનો પોશાક આપ્યો હતો. તથા ત્યાં તેના વૃત્તાંતની કેટલીક વાત કહી હતી.

૩૨૯. ગાળાના મારગે એક વખત મહારાજ પધાર્યા હતા. તે જ્યારે ગોપી ભટ્ટને ગોરપદામાં એ ખેતર આપ્યું, તે દિવસે ગયા હતા. ને તેમને ખેતર આપીને સોનલ નદીથી ઓતરાદી સુમાબાઈનું ખેતર છે, જે હાલ મંદિરમાં કૃષ્ણાર્પણ આપેલાં છે. તે જગ્યાએ મહારાજ બેઠેલ છે. અને ત્યાંથી સરઘવાની સિંગું મહારાજે કઢી કરવા સારુ લીધેલીયું. ને એમ બોલ્યા જે, **“આ સરઘવાનાં મોટાં ભાગ્ય છે, જે અમારે અરથે તેની સિંગો આવી માટે આ સરઘવો મુક્ત છે.”** પછી એ સોનલમાં કૂઈએથી પાણી પીધેલું છે. એ કૂઈ અને એ ખેતરનો શેઢો છે, તે ઘણી પ્રસાદીની જગ્યા છે.

૩૩૦. ગાળાના મારગથી ઉગમણી કપુરિયા ધાર છે, તે કપુરિયા ધાર પર જે જે ખેતરો અમરે ખાચરે દરબારની પાટીના શેઢાથી તે સારીંગપરડાના સીમાડા સુધી મંદિરમાં કૃષ્ણાર્પણ આપેલ

છે, તે જગ્યા વચ્ચે એ ધાર છે. અને મહારાજે ત્યાં જઈને કહ્યું હતું કે, "આ જગ્યા જોગીને ધ્યાન કરવા યોગ્ય છે ને રમણીય છે." એમ બોલ્યા હતા.

૩૩૧. ગાળાના મારગથી આથમણી સોનલ તમામ પ્રસાદીની છે. ને એ સોનલથી ઉતરાદી ટીંબી છે. તે જગ્યાએ મહારાજ ઘણી વખત બેઠેલા છે ને થાળ જમેલા છે ને ત્યાં એક ચરિત્ર કરેલ છે.

૩૩૨. પાણીવાળી વોકળીથી ઉગમણી નાળિયેરી ધાર છે. તે જગ્યાએ મહારાજ તથા દાદો ખાચર બેઠેલા હતા. ને એક વખત માણકી ઘોડીને આ ધાર ઉપર ચડાવી હતી. જે જગ્યાએ એંધાણ કરેલું છે, તે જગ્યાએ મહારાજે કામના પ્રસંગેથી પાળાઓને ચરણારવિંદ હૈયામાં આપ્યાં હતાં. ને કહ્યું હતું જે, "આ જગ્યાએ દેવનું મંદિર બહુ સારું થાશે." ને તમામ જમીન ત્યાં બેઠા બેઠા જોઈ હતી.

૩૩૩. સુમાબાઈની વાડી છે, તેના કૂવાના કાંઠે મંડાણમાં મહારાજ નાયેલ છે. ને તે વાડીને આથમણે શેઢે પીપળો છે. તે જગ્યાએ બેઠેલા છે. ને મંદિરમાં જે કૂવો અમરે ખાચરે કૃષ્ણાર્પણ આપેલો છે, તે કૂવાના પૈયાથી આથમણો ઢોરો છે, તે ઉપર મહારાજ બેઠેલા છે. ને તેથી ઉગમણી ઘેલા ધાધલની વાડીથી ઓતરાદે શેઢે ખીજડો છે. ત્યાં મહારાજ થાળ જમેલા છે. ને તે વાડીમાં ઘણા પરમહંસો આસન કરી રાત દિવસ રહેતા.

૩૩૪. રાયપરના મારગથી ઉતરાદી સુમાબાઈની વાડી છે. જે વાડી અમરે ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ આપી છે. તે વાડીને દક્ષણાદે શેઢે જે હાલ ખોરડું કર્યું છે, તે જગ્યાએ મહારાજ ઘણી વખત

બેઠેલા છે. અને એક વખત સંતોને અષ્ટાંગયોગ શીખવેલો અને પરમહંસોની પરીક્ષા લીધી હતી. ને સર્વ પરમહંસ તથા પાળાઓને હૈયામાં ચરણારવિંદ આપ્યાં હતાં. ને ઘોડાઓની પરીક્ષા લીધી હતી. તે એ વાડીના પડામાંથી ઘોડી ઠેકે તે રાયપરનો મારગ ટપી લક્ષ્મીબાગમાં પડે. તેમાં કોઈ ઘોડા તથા અસવારની પરીક્ષા પાર પડી નહીં. પછી એ વાડીને ઉતરાદે શેઢેથી મહારાજ માણકી ઘોડી ઉપર ચડી દોડ્યા. ને એ વાડીને મોઢે રાયપરનો મારગ ટપી લક્ષ્મીબાગમાં પડ્યા હતા. એવો એક પરચો આપ્યો હતો.

લક્ષ્મીવાડીમાં લીલા તથા પ્રસાદીનાં સ્થાનક

૩૩૫. લક્ષ્મીવાડીમાં પીપળાવાળો કૂવો છે. ત્યાં મહારાજ ઉતરાદી કોર તથા દક્ષણાદી કોર એમ બેઈ કોરે નાહ્યા છે. ને કૂવાની પાસે આથમણી બાજુ સભા કરીને બેઠા છે. ત્યાં એંધાણ પણ છે. એ પીપળો મહારાજની પ્રસાદીનો છે.

૩૩૬. આ કૂવાથી આણીકોર(ગોપીનાથજી મહારાજના મંદિર તરફ)નું પડું છે, તે ઉત્તમરાજાએ વાંસેથી ઉત્તમેશ્વર મહાદેવ પધરાવી કૃષ્ણાર્પણ આપેલું છે. તે પડામાં મહારાજ સભા કરી બેઠેલા છે. ને એક વરસ બહુ તાપ પડ્યો એટલે એ પડામાં પાંચસે જેટલા બાવળ હતા, ત્યાં સાધુની છાવણી કરાવી હતી, ને ત્યાં આસને આસને સાકરનું પાણી મહારાજે પોતે ફરીને પોતાના હાથે કરી પરમહંસોને પાયું હતું. અને ત્યાં આંબલપાણી કરી સાધુને જમાડ્યા હતા. ને ત્યાં એક મહામોટી વાત કરી હતી.

૩૩૭. એ કૂવાથી ઓતરાદી કોરનું પડું છે. તે દેહે ખાચરે મંદિરમાં આપેલું છે. તે પડાને આથમણે શેઢે ખીજડો છે. તે ખીજડો દશેરાએ દશેરાએ મહારાજે ઘણાં વરસ સુધી પૂજેલો છે. એ પડામાં બાવા ખાચરના પડામાંથી ધોરિયો લક્ષ્મીવાડીમાં લઈ ગયા. ને તે ધોરિયે ધોરિયે મહારાજ ચાલેલા છે, ને ત્યાં ઉત્તમરાજાના પ્રતિપક્ષી વિવાદ કરવા આવ્યા. તે વખતે તેનું મહારાજે દૈવત ખેંચી લીધું. એવો ચમત્કાર બતાવ્યો હતો. તે પડું પણ પ્રસાદીનું છે.

૩૩૮. લક્ષ્મીબાગમાં કૂવે જવાનો મારગ છે, તેથી દક્ષણાદું પડુ દેહે ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ આપેલું છે. તે પડામાં એક વખત મહારાજે સાધુઓને રાસડા લઈ કીર્તન ગવરાવ્યા હતા ને પંડે પણ ભેગા કીર્તન ગાયા હતા. તે વખતે તમામ દેવો તથા દેવીઓ મહારાજ સાથે રાસડા રમવા આવ્યાં હતાં.

૩૩૯. લક્ષ્મીબાગમાં આંબલિયું હેઠે જ્યાં કૂવો છે, તે કૂવાથી ઓત્રાદી કોર મહારાજ બેઠેલા હતા. ને એ કૂવાથી દક્ષણાદી કોરે આંબલી છે, ત્યાં પણ બેઠેલા હતા.

૩૪૦. જે જગ્યાએ બેઠકની છતરી છે, તે જગ્યાએ મહારાજ હજારો વખત બેઠેલા છે અને સભા કરેલી છે.

૩૪૧. જે જગ્યાએ ફૂલવાડીનો ભંડાર છે, તે જગ્યાએ, મહારાજ જમેલા છે, સૂતેલા છે અને તેના ઓટલા ઉપર હજારો વખત બેઠેલા છે. તેની પાસે આસોપાલવનું ઝાડ પ્રસાદીનું છે. ત્યાં મહારાજ ઘણી વખત બેઠેલા છે ને સૂતેલા છે.

૩૪૨. વિધાત્રાનંદસ્વામીનું આસન છે, તે જગ્યાએ મહારાજ બેઠેલા છે ને સૂતેલા છે ને ત્યાં સાધુઓને અષ્ટાંગયોગ બતાવેલો છે.

૩૪૩. જે જગ્યાએ ભેંસોની ગમાણ છે, તે જગ્યાએ કણજરીનું ઝાડ હતું, તે જગ્યાએ મહારાજ ઘણી વખત બેઠેલા છે.

૩૪૪. અને ત્યાં સરગવાના ઝાડની પાસે સાધુની ઓરડી છે. તે ઓરડીના ઓટલા ઉપર મહારાજ ઘણી વખત બેઠેલા છે અને તે ઓરડી પણ પ્રસાદીની છે.

૩૪૫. તે ઓરડીને સામે બીજી સાધુની ઓરડી છે. તે પણ પ્રસાદીની છે.

૩૪૬. દરવાજાની અંદર જેટલી જગ્યા છે, તે તમામ પ્રસાદીની છે. તેમાં અચિંત્યાનંદસ્વામી જે જગ્યાએ રહેતા તે જગ્યાની ઓત્રાદા બારની તમામ ઓસરી પ્રસાદીની છે, અને ઉગમણા બારની તમામ ઓસરી પ્રસાદીની છે.

૩૪૭. જે જગ્યાએ ચરણારવિંદ પધરાવ્યાં છે, તે જગ્યાએ મહારાજ હજારો વખત બેઠેલા છે. માટે તે ઘણી જ પ્રસાદીની છે. અને ચરણારવિંદનો દરવાજો છે, તે જગ્યાએ મહારાજે બેસીને મલને રમાડ્યા હતા. અને એ મંદિરથી દક્ષણાદી તરફ જે વખારો છે, તે મહારાજે પંડે ચણાવી હતી. માટે તે પણ પ્રસાદીની છે. અને તે વખારની ઉગમણી કોર ઓસરી છે, ત્યાં મહારાજે બેસીને ઘણી વખત રમૂજ કરેલી છે.

૩૪૮. એ ઓસરી પાસે બારલા કૂવાની બેય કોરની કુંડિયુંમાં મહારાજ નાયેલા છે. એ કૂવો મહારાજે ગળાવેલો છે. ને તેના પૈયામાં મહારાજ ઘણી વખત સભા કરીને વિરાજમાન થયેલા છે.

૩૪૯. મોટીબા ફૂઈ જે જીવુબાનો જે જગ્યાએ અગ્નિસંસ્કાર કરેલ છે અને ત્યાં તે જગ્યાએ ઓટાની નિશાની છે, તે જગ્યાએ મહારાજ ઘણી વખત બેઠેલા છે, ને ત્યાં એક પરચો મોટો બતાવેલો છે. ને જે વખત લક્ષ્મીબાગ મહારાજને અર્પણ કરી

તેનો લેખ કર્યો, તે વખત ત્યાં સભા કરીને બા જીવુબાઈએ મહારાજને કૃષ્ણાર્પણ આપેલ છે. તે વખતે મહારાજે પોતે પગે કરી ચાલી તમામ જમીન જોઈ છે.

૩૫૦. અદ્‌ભુતાનંદસ્વામીની ઓરડી છે, ત્યાં મહારાજ બેઠેલા છે. એની પાસે નાળિયેરી છે, ત્યાં મહારાજ સૂતેલા છે.

૩૫૧. લક્ષ્મીબાગમાં છેલ્લો ઉગમણો આંબો છે, ત્યાં મહારાજ લાગઠ ત્રણ માસ સુધી સૂતેલા છે.

૩૫૨. ગુલાબ વચ્ચે આંબો છે, ત્યાં પણ મહારાજ સૂતેલા છે.

૩૫૩. જે જગ્યાએ મહારાજે બોરસડી વાવી છે, તે જગ્યાએ મહારાજે સભા કરી છે.

૩૫૪. જામફળીયું વચ્ચે જ્યાં ઝૂંપડી છે, તે જગ્યાએ મહારાજ સભા કરીને બેઠેલા છે.

૩૫૫. તેથી દક્ષણાદે મહુડો છે, ત્યાં પણ મહારાજ બેઠેલા છે.

૩૫૬. મીઠી લીંબડી નીચે સાધુની ઓરડી છે, તે જગ્યાએ મહારાજ બેઠેલા છે.

૩૫૭. વિધાત્રાનંદસ્વામીની ઓરડીથી આથમણું ગળી લીંબડીનું ઝાડ છે, ત્યાં મહારાજ બેઠેલા છે ને ત્યાં પોઢેલા છે .

૩૫૮. જે જગ્યાએ જાંબુડો છે, ત્યાં મુળાભગતની ઓરડી હતી, ત્યાં મહારાજ પોઢેલા હતા. અને તેથી ઉગમણું મોટું મેદાન છે. તેના વચમાં એંધાણ કરેલું છે, ત્યાં મહારાજે સમૈયામાં હજારો મનુષની સભા કરી હતી.

૩૫૯. ગામમાંથી મંદિર જવાનો મારગ છે, તેથી દક્ષણાદી કોરે જ્યાં એંધાણ કર્યું છે, તે જગ્યાએ વડોદરાનો સંઘ આવ્યો હતો, ત્યાં મહારાજ ઉતારે ઉતારે ફર્યા હતા ને ત્યાં સભા કરી હતી.

૩૬૦. જે જગ્યાએ દરવાજા પાસે મેદાન છે, તે જગ્યાએ મહારાજ બેઠેલા છે.

૩૬૧. એક વખત મહારાજે પગપાળા ચાલી લક્ષ્મીબાગને ચારે શેઢે થોરની વાડ કરી હતી, તે ફરીને જોયેલી છે, ને આથમણી કોરે દક્ષણાદે શેઢે ડાભીઓના પાળિયા છે. તે ઉપર મહારાજ બેઠેલા હતા ને તે જગ્યાએ રયા ડાભીને કહ્યું, "આજ તારા પૂર્વજોનો મોક્ષ થયો." એવી રીતે ત્યાં બોલેલા છે અને તેને બતાવેલું છે.

૩૬૨. લક્ષ્મીવાડીમાં જેટલાં ઝાડ છે, તે તમામ ઝાડે ફરીને ઝાડવે-ઝાડવાં જોયાં. અને એમ બોલ્યા કે, **"વૃંદાવન કરતાં પણ આ ઝાડનાં મોટાં ભાગ્ય છે. ને આ ઝાડ હવે ઝાડની યોની છૂટીને પાધરો જ તેનો મોક્ષ થશે."** એવી રીતે મહારાજ શ્રીમુખે બોલ્યા હતા.

૩૬૩. હરજી ઠક્કરવાળી વાડી કહેવાય છે, તે વાડીનો કૂવો મહારાજે પંડે ગળાવ્યો છે. પછી તે કૂવાથી આથમણી કોર બાવા ખાચરે મહાદેવ પધરાવ્યા છે. તે ઠેકાણે મહારાજ લાગટ એક માસ બેસી થાળ જમેલ છે અને તે જગ્યાએ અસુરોનો પરાભવ કરેલો છે. તેનું મોટું ચરિત્ર છે.

૩૬૪. અમરે ખાચરે જે વાડી ભડલીના મારગથી ઓત્રાદી મંદિરને આપી છે. તે વાડીને દક્ષણાદે શેઢે જીવત પરજંત અહીં રહેવાનો અભયરાજાને મહારાજે કોલ આપેલો છે. તે જગ્યાએ એંધાણ કરેલ છે. તે જગ્યા પ્રસાદીની છે. ને એ જગ્યા નાગમાલાને આપી તે દિવસ મહારાજ ચારે શેઢે પંડે ફરેલા છે. ને તે વાડીને ઉગમણે શેઢે ખીજડો છે, ત્યાં મહારાજ બેસી પોંક જમેલા છે.

૩૬૫. અને વાડીનો આથમણો કૂવો વોકળીને મળ્યો તે જગ્યાએ મહારાજ ઊભેલા છે અને તે કૂવાથી ઉગમણી તરફ થડમાં જ વાસુદેવનારાયણને ભુજ લઈ જતા હતા, ત્યારે જીવુબાઈના સંકલ્પથી વાસુદેવનારાયણની ડોલી હેઠે ઉતારી, તે પાછી કોઈથી ઉપડી નહીં. પછી મહારાજને કહ્યું. પછી મહારાજ પંડે આવી અડ્યા એટલે પ્રતિમા ઉપડી. પછી તેને પાછી લઈ આવ્યા. અને તે જ દિવસે મંદિરનો પાયો નાંખ્યો હતો. એવું મહાચરિત્ર કરેલું છે.

૩૬૬. ને એક વોંકળી ખારા(એ નામનો વિસ્તાર)ની રાયપરને મારગે ઊતરે છે. તે જગ્યાએ મહારાજ નાયેલા છે. ને ત્યાં સાધુઓને હૃદયમાં ચરણારવિંદ આપેલાં છે. એમ એ જગ્યા ઘણી પ્રસાદીની છે.

૩૬૭. જે જગ્યા અમરે ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ આપી, તેને ઉગમણે શેઢે ધાર ઉપર મરહડી છે. તે જગ્યાએ મહારાજ સાથે એક પ્રતિપક્ષી વાદ કરવા આવ્યો, ત્યારે ત્યાં ઘોડી દોડાવી હતી અને મુક્ત દ્વારા તેનો નાશ કર્યો હતો.

૩૬૮. એ પરામાં જે જગ્યાએ કૂવો ગળાવ્યો છે, તેથી ઓત્રાદા મહારાજ એક વખત બેઠેલા છે.

૩૬૯. હોળાયાને મારગે ખીજડો છે ત્યાં મહારાજ બેઠેલા છે.

૩૭૦. હોળાયાના મારગને માથે ધાર છે, ત્યાં મહારાજ બેઠેલા છે. ત્યાં એક મોટો ચમત્કાર બતાવ્યો છે.

૩૭૧. હોળાયાને મારગે નાગ માલાને ખેતરને શેઢે એક નાની ટેકરી ઉપર સગો(પાળિયો) છે. એ સગાથી આથમણી ટેકરી ઉપર બેઠેલા છે, ને ત્યાં પોંક જમેલા છે.

૩૭૨. રાયપરને જૂને પગકેડે(પગ રસ્તો) ધાર ઉપર મહારાજ બેસી એક વખત ચીભડાં જમેલા છે.

૩૭૩. નાનબાઈના ખેતરને દક્ષણાદે શેઢે કૂવો છે. તે કૂવાના આથમણા ઢોરા ઉપર બેસી મહારાજ પોંક જમેલા છે ને બંધિયાના જેહાજીને ત્યાં સમાધિ કરાવી હતી.

૩૭૪. કરશન કાણકિયાના ખેતરમાં નાની ટેકરી છે, ત્યાં મહારાજ બેઠેલા છે, ને ત્યાં એક વખત રમોજ કરીને હસેલા છે.

૩૭૫. આથમણી ધારને ઉગમણી કોર હોળાયાનો મારગ છે. તે વચ્ચેની તમામ જમીનમાં મહારાજ બેઠેલા છે તથા ઘણા વખત ત્યાં રહેલા છે.

૩૭૬. નાના જુનડા ઉપર મહારાજ બીરાજેલ છે. માટે તે પ્રસાદીનું છે. ને મહારાજે તે તળાવના વૃત્તાંતની વાત કરી દેખાડી હતી.

૩૭૭. મોટા જુનડા ઉપર મહારાજ ભૂખરો પાણો જોવા ગયા, તે વખત ત્યાં બેઠા હતા. માટે તે પણ પ્રસાદીનું છે. અને ત્યાંથી ચાલ્યા તે ઊભો સીમાડો અને મેઘવડિયાના મારગ સુધી તે તમામ ધાર પ્રસાદીની છે.

૩૭૮. અને સોનલ નેરું તે પણ પ્રસાદીનું છે.

૩૭૯. પાણિયાળીના નેરામાં હનુમાન છે, તે જગ્યા પણ પ્રસાદીની છે.

૩૮૦. મોટીબા ફુઈની નાળિયેરીને આથમણી કોર કુટિયો(બુરાઈ ગયેલા કૂવાનો ખાડો) છે, ત્યાં મહારાજ બેઠેલ છે. માટે તે પણ પ્રસાદીના છે.

નદીને સામે કાંઠે મહારાજ વિચર્યા છે, તે લીલાની વિગત

૩૮૧. રણિયાળાના મારગ પર જે ખેતર અમરા ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ આપેલ છે, તે ખેતરને ઓત્રાદે શેઢે લાધો ઠક્કર મહારાજને પોંક ખાવા તેડી ગયા હતા. ને ત્યાં એક મોટો પરચો બતાવ્યો હતો. શું ? તો તે ખેતરથી આથમણો ત્યાં એક સગો-પાળિયો છે, ત્યાં ભૂત રહેતો. ને તે ભૂત ખેતરના ખેડુતને બહુ કનડતો. પછી મહારાજે તેનો મોક્ષ કર્યો. ને તે દિવસ પાળાઓને બથોબથ અણાવ્યા(લડાવ્યા) હતા.

૩૮૨. રણિયાળાના મારગે દંડવત ધાર કહેવાય છે, ત્યાં મહારાજ ગુંદાળે જાતા હતા. તે વખતે મહારાજનાં દર્શન કરવા સારુ બ્રહ્માદિક દેવો આવ્યા હતા અને તેણે એ ધારે મહારાજને દંડવત કર્યા હતા. એવું હજારો માણસોએ ભાળ્યું હતું. તેથી એ **‘દંડવત ધાર’** કહેવાય છે.

૩૮૩. ગઢાળીને મારગે ગઢાળીને સીમાડે આસોદરો(એક પ્રકારનું ઝાડ) છે, ત્યાં મહારાજ ઘોડે ચડી ઊભા હતા. ત્યાં એક પરચો બતાવ્યો હતો. અને ભૂતોનો મોક્ષ કર્યો હતો.

૩૮૪. ગઢાળીને મારગે ખીજડો છે, ત્યાં મહારાજ બેઠા હતા. ને ત્યાં શિવના બાવાને જગ્યા કઢાવી આપી હતી. ને તે શિવના બાવાના બાપનો બાપ આત્માનંદસ્વામીનો શિષ્ય હતો. તેના વૃત્તાંતની વાત મહારાજે કહી દેખાડી હતી. ને તે બાવા ભોજગરને સમાધિ કરાવીને કૈલાસમાં તેના ગુરુ મેનગર ઉર્ફે મેનનાથજીનાં દર્શન કરાવ્યાં હતાં.

૩૮૫. ઘેલાને સામે કાંઠે **નીલકંઠ મહાદેવ** છે. તેને આત્માનંદ સ્વામીના શિષ્ય મેનગર બાવાએ ઉનડ ખાચર પાસે પધરાવેલ છે. તે મહાદેવ ઘણા જ મહારાજની પ્રસાદીના છે. ને ત્યાં મહારાજ હજારો વખત બેઠેલા છે. ને તે માંડવ્ય ઋષિના પૂજેલા છે. ને તેથી તેનું નામ માંડવ્ય ઋષિએ 'નીલકંઠ' એવું પાડેલું છે. તે વૃત્તાંતની વાત મહારાજે કહી દેખાડી. ને ત્યાં ઉનડ ખાચર, બાવો ખાચર ને તેનો દીકરો ઓઘડ ખાચર તથા અભયરાજા એ ચારના પાળિયા ઉપર મહારાજે હાથ ફેરવ્યો હતો ને ત્યાં બેઠેલા છે. ને ત્યાં એવું બોલ્યા હતા કે, "આ દાદા ખાચરના વડવા મુક્ત હતા ને મહાધરમવાળા હતા." તે સબંધી અલૌકિક વાત કહી દેખાડી. અને એ પીપળો તથા પછવાડાનો લિંબડો તે પણ પ્રસાદીનો છે. અને તે આરો પણ પ્રસાદીનો છે.

૩૮૬. એ દેરીથી સમીપ નાગ માલાના વડવાનો પાળિયો છે, ને ત્યાં ઓટો છે. તે પણ પ્રસાદીનો છે. ને તે જગ્યાએ મહારાજે હસીને કહ્યું જે, "નાગ માલા, તમો ભક્ત થયા છો તેથી તમારી ઈકોતેર પેઢી આજથી તરી ગઈ છે." એમ બોલ્યા. ને તે જ રાત્રે તેમને એવું જણાણું કે, મારા સર્વે પૂર્વજોનો મોક્ષ થયો છે. એવું ચરિત્ર મહારાજે ત્યાં કર્યું છે.

૩૮૭. એ ઓટાથી આથમણી ધાર હનુમાનવાળી કહેવાય છે, ત્યાં મહારાજ બેઠેલા છે. ને તે પણ પ્રસાદીની છે.

૩૮૮. એક વખત સુરતથી વહાણોમાં બેસી પરમહંસો મુક્તાનંદસ્વામી વગેરે સદ્‌ગુરુઓ ભાવનગર ઊતર્યા હતા. ને ત્યાંથી ખોપાળાને મારગે આંહીંયાં મહારાજ પાસે આવતા હતા. તે સાંભળી

મહારાજ ખોપાળાના મારગથી દક્ષણાદે મઘરિયો ડુંગર છે, ત્યાં સુધી સામા ગયા. ને ઘોડા ઉપર ચડ્યા ચડ્યા એ ડુંગર ઉપર ચડ્યા. ને ત્યાં ઊતરી તે ડુંગરની માથે બેઠા ને પછી ઊભા થઈ સંતોને આવવાના મારગે જુએ છે, ત્યાં પરમહંસ આવતા જોયા. પછી મહારાજ ઘોડી ઉપર ચડી ત્યાંથી હેઠા ઊતર્યા. ને એ મારગથી ઓત્રાદી નાની લીંબડી છે, ત્યાં પરમહંસ ભેગા થયા. ત્યાં મહારાજે પરમહંસને દંડવત કર્યા હતા. પછી પરમહંસ ઘણા અકળાણા.

પછી મહારાજને ઘણાં દંડવત કરી ગદ્ગદ કંઠ થઈ મહારાજને મળ્યા. પછી મહારાજ પરમહંસ ભેળા નીલકંઠ મહાદેવની દેરી સુધી ચાલ્યા આવ્યા. તે વખત સર્વ પરમહંસોને મહારાજે ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધાં. ને શંકર, પાર્વતી ને ગણેશ વિગેરે સર્વે મહારાજ પાસે નૃત્ય કરતાં હતાં. તે સચ્ચિદાનંદસ્વામી વગેરે પરમહંસોના જોવામાં આવ્યું હતું.

૩૮૯. એક વખત મહારાજે નિત્યાનંદસ્વામીને સુરત મોકલ્યા. તે દિવસે ખોપાળાને મારગે જીવે ખાચરે વાવ ગળાવી છે. ત્યાં લગણ મહારાજ ભેગા ગયા હતા. ને તે વાવનું પાણી મહારાજે પીધું હતું. તે પણ પ્રસાદીની છે.

૩૯૦. અડતાળાને મારગથી આથમણો હનુમાનનો ખીજડો છે. તે જગ્યાએ મહારાજ બેઠેલા છે. ને ઘેલાને સામે કાંઠે સીમાડો કાઢવા(માપવા) ગયા. તે દિવસે એ ખીજડેથી સીમાડો ઉગામેડીના મારગ સુધી કાઢ્યો. ત્યાં પંડે ઘોડે ચડી ભેગા ચાલેલા છે. ત્યાં એક ચમત્કારી વાત જીવે ખાચરે કરી. તેના વૃત્તાંતનો મહારાજે ઉત્તર આપ્યો હતો.

૩૯૧. રામપરા તથા માંડવધારના સીમાડા પર ઉન્મત્તગંગામાં મોટા દરદડિયા(પાણીનો ધોધ)નો એક પાણીનો હ્રદ-સહસ્રધરો છે ને ઘણો જ અથાગ ઊંડો છે, તેનો તાગ નથી. તે દરદડિયામાં મહારાજ નાહ્યા છે ને તે દરદડિયાની આગળ પાણીની નેળમાં પણ નાહ્યા છે.

૩૯૨. ને હ્રદનો જે ધરો તેમાં મહારાજ નાહ્યા છે, ત્યારે ત્યાં એક મોટું ચરિત્ર કરેલું છે.

૩૯૩. માંડવધારના પાદર ખરખડ(નદીનો પથરાળ પ્રદેશ) છે, ત્યાં ખળખળિયો છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૩૯૪. અંધારી નેરું જ્યાં માંડવધારને પાદર ભળે છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૩૯૫. માંડવધારનો ને ખળખળિયાનો મારગ જ્યાં ઊતરે છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૩૯૬. માંડવધારથી ઘેલામાં ઊતરવાની જ્યાં કેડી છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૩૯૭. માંડવધારને પાદર ઉન્મત્તગંગામાં જ્યાં માંડવ્યઋષિનું ભોયરું છે, ત્યાં મહારાજ બેઠા છે. ને તેની પાસે પાણાની જબરી પાટ છે, તેની ઉપર બેસીને મહારાજ નાહ્યા છે. અને ત્યાં પીપળો છે તે પ્રસાદીનો છે. ને ત્યાં પાણાની એક મોટી સલાખાવા(ઘાસ બાંધવા માટેનું મોટું ચોરસ કાપડ)ને આસરે પહોળી પાટ છે, ત્યાં સભા કરીને બેઠા છે. ને તે જગ્યાએ પરમેશ્વરપણાનું અપાર ઐશ્વર્ય વાપરી ચમત્કાર બતાવ્યો હતો. ને ત્યાં માંડવ્યઋષિના વૃત્તાંતની વાત કરી હતી. ને માંડવ્યઋષિના ભોંયરા ઉપર પણ મહારાજ બેઠેલા છે. ને તેના ઉપર ત્રીજો ટેકરો છે, ત્યાં પણ મહારાજ બેઠેલા છે.



૩૯૮. એ ભોંયરાથી ઉગમણી તરફ એક ધૂનો છે, ત્યાં મહારાજ નાયેલા છે.

૩૯૯. માંડવધારનો અને ગઢડાનો મારગ જે જગ્યાએ ઊતરે છે, ત્યાં મહારાજ નાયેલા છે.

૪૦૦. તેથી ઉગમણે જરા છેટે એક ખળખળિયો છે, ત્યાં મહારાજ નાયેલા છે ને ત્યાં જમ્યા છે. ને ત્યાં ઘણીક વખત નાહ્યા છે. અને તે જગ્યાએ એકવાર મોટો ચમત્કાર બતાવેલો છે. માંડવધારમાં ઘેલાને કાંઠે એક મઘરી રહેતી હતી. તેને તે ગામમાં જઈ કાઢી ને પછી તે જગ્યાએ નાહ્યા. તે વખત એ મઘરીને ભાગી જતા હજારો માણસોએ ભાળી.

૪૦૧. તે જગ્યાથી ઉગમણી એક પાણીની પાટ(લાંબી જગ્યામાં ઓછું ભરેલું પાણી) છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૦૨. તેથી ઉગમણું એક નેરું છે, તેની પાસે એક ખળખળિયો છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૦૩. ઓરિયા પાસે ગઢડાના મારગનો કેડો ચાલે છે, ત્યાં પાણીની મોટી પાટ છે, ત્યાં મહારાજ નાહ્યા છે, ને ભેખડ હેઠળ છાંયે બેઠેલા છે.

૪૦૪. તેથી ઉગમણી પથ્થરની એક સરસ મોટી શિલા ઘણી જબરી છે. ત્યાં શરદપૂનમની રાત્રીએ મહારાજ નાઈને બેઠા હતા. ત્યાં સર્વે દેવતાની મોટી એક સભા થઈ હતી. ને ત્યાં એક મોટો ચમત્કાર જણાવ્યો હતો. તેથી ત્યાં 'દેવસભા' એવું એ શિલાનું નામ છે.

૪૦૫. તેથી ઉગમણી તરફ નદીમાં નાયેલા છે અને ત્યાં તે દિવસ સૂરજગ્રહણ થયેલું હતું. તે વખતે મહારાજ ધૂન બોલાવીને નાહ્યા હતા.

૪૦૬. તેથી ઉગમણો નારાયણ હ્રદ છે, ત્યાં મહારાજ હજારો વખત નાહ્યા છે. અને ત્યાં ખળખળિયો છે ત્યાં નાહ્યા છે, ને આગળ પાણીનો હ્રદ તેમાં નાહ્યા છે, ને ઓત્રાદી કોરની ભેખડ ઉપરથી ધૂબકા મારેલા છે.

૪૦૭. દક્ષણાદી કોરની ભેખડ ઉપરથી ધૂબકા મારેલા છે.

૪૦૮. દક્ષણાદી કોરની ભેખડ ઉપર મહારાજ બેઠેલા છે.

૪૦૯. ઓત્રાદી કોર મોટી શિલા છે, તે ઉપર સભા કરીને હજારો વખત બેઠેલા છે. તેથી ઓત્રાદી ભેખડ ઉપર હજારો વખત બેઠેલા છે. એ તમામ મેદાન ઉપર બેઠેલા છે, ને એ તમામ મેદાન દશ વિઘાને આશરે મહારમણીય ને પ્રસાદીનું છે. ને તેથી ઉગમણી કોર નેરા સુધી ને ઓત્રાદી કોર માંડવધારનો

મારગ ને આથમણી કોર માંડવધારનો કેડો ને દક્ષણાદી કોર ઘેલાના કાંઠા સુધી તમામ જગ્યા પ્રસાદીની છે. ને ત્યાં અત્યંત ચરિત્ર બતાવેલ છે.

૪૧૦. એ નારણધરાના દક્ષણાદી કોરનો કાંઠો મારગ સુધી તમામ મહારાજની અત્યંત પ્રસાદીનો છે, ને ત્યાં અનેક ચરિત્ર કરેલાં છે.

૪૧૧. નારણધરાથી ઉગમણું ખરડકું(નાનું વોકળું) મળે છે, ત્યાં પાણીનો ઘૂનો છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૧૨. ત્યાંથી ઉગમણી એક પાણીની મોટી પાટ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૧૩. તેથી ઉગમણું ઓત્રાદે કાંઠે ઉત્તમરાજાનો ઓરિયો છે, તે પધોર(બાજુમાં) મોટી જળની પાટ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૧૪. ત્યાંથી ઉગમણે એક મોટો બીજો ઓત્રાદે કાંઠે ધરો છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૧૫. તેથી ઉગમણી કોર બીજો ઉત્તમરાજાનો ઓત્રાદી કોરને કાંઠે એક ઓરિયો છે, તે પધોર જળમાં મહારાજ નાહ્યા છે.

૪૧૬. ત્યાંથી ઓત્રાદી કોર હાલ ચૂનાની ભઠ્ઠી કરી છે, ત્યાં નાની ખળખળી છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૧૭. તેથી ઉગમણી કોર નદી વચ્ચે મોટો પાણો છે. ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે અને ત્યાં એ પાણા ઉપર બેસી એક મોટું ચરિત્ર કર્યું હતું.

૪૧૮. તેથી ઉગમણી કોર વાંક(વળાંક) છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૧૯. તેથી ઉગમણી કોર આનંદજીવનદાસજીસ્વામીએ હાલ નાહ્યાનો આરો બાંધ્યો છે, ત્યાં મહારાજ જળને વિશે નાહ્યા છે.

૪૨૦. તેથી ઉગમણી કોર જ્યાં રણિયાળાનો મારગ ઊતરે છે, ત્યાં ખીજડાનો આરો કહેવાય છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૨૧. તેથી ઉગમણી કોર વાઘેશ્વર મહાદેવની પધોર ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૨૨. સિરવાણિયાની વોકળી ને ઘેલો ભેગા થયા, તે જગ્યાએ જળમાં મહારાજ નાહ્યા છે.

૪૨૩. તેથી ઉગમણી ખરખડ(પથ્થરાળ) છે, ત્યાં નાના નાના ખળખળિયા છે. ત્યાં જળમાં નાહ્યા છે.

૪૨૪. તેથી ઉગમણી કોર ઢોરાની પાટ કહેવાય છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે. ને ઠાકોરજીને જળ ઝિલાવ્યા છે.

૪૨૫. તેથી ઉગમણી કોર ઓત્રાદે કાંઠે હાલ મહાદેવ પધરાવ્યા છે, તે પધોર આયરોને ચાલવાનો મારગ છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૨૬. તેથી ઉગમણી કોર એક મોટો પાણો છે, તે જગ્યાએ સુંદર પાણીની લાંબી નાળ છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૨૭. તેથી ઉગમણી કોર ખળખળિયો આવ્યો છે. ત્યાં હજારો વખત મહારાજ તે જળને વિશે નાહ્યા છે. તે ઉગમણી કોર પાણાથી તે ભેંસલા પાણા સુધી એક તલ મુકાય એટલી જગ્યા પણ મહારાજના નાહ્યા વિનાની નથી.

૪૨૮. એ ખળખળિયાથી દક્ષણાદી કોર ખળખળિયાના ઘૂનાને માથે ચોમાસાના દિવસમાં ત્રણ-ચાર ખળખળિયા પડે છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૨૯. ભેંસલા પાણા પાસે પાણીની એક મોટી પાટ ભરાય છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૩૦. ને એ ભેંસલા પાણા ઉપર ઘણી વખત બેઠા છે, ને ત્યાં એક ચરિત્ર કરેલું છે.

૪૩૧. તે ધરાને માથે ત્રણ ખળખળિયાં છે, ત્યાં જળમાં મહારાજ નોખા નોખા નાહ્યા છે.

૪૩૨. ખળખળિયાથી ઉગમણે વચમાં એક મોટો જબરો ધોળિયો પાણો છે, ત્યાંથી આથમણી કોર જળમાં મહારાજ નાહ્યા છે.

૪૩૩. તેથી ઉગમણી કોર એક નાનો ઊંડો ધૂનો છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૩૪. તેથી દક્ષણાદી કોર એક નાળ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૩૫. એ પાળની વચે એક ચોમાસામાં પાણીની નાળ ચાલે છે, ત્યાં મહારાજ નાહ્યા છે, ને ત્યાં ઊભા રહ્યા છે.

૪૩૬. ને એ પાળથી ઓત્રાદી કોરની પાટમાં ઠેઠ ઉગમણી કોર નાના ખળખળિયા સુધીના જળમાં મહારાજ નાહ્યા છે.

૪૩૭. એ નાના ખળખળિયામાં મહારાજ નાહ્યા છે.

૪૩૮. એ નાના ખળખળિયાની આગળ નાની ધરા સુધી તમામ જગ્યાએ પાણીમાં નાહ્યા છે.

૪૩૯. મોટો ધરો કહેવાય છે, તેમાં મહારાજ નાહ્યા છે. અને એ ધરાની ઉપલી તથા હેઠલી ભેખડ ઉપરથી મહારાજ ધૂબકા મારીને નાહ્યા છે. માટે હેઠલી તથા ઉપરની બંને ભેખડો પ્રસાદીની છે.

૪૪૦. ત્યાં ઉગમણી કોરની ભેખડ ઉપર મહારાજ સભા કરીને બેઠા છે. માટે એ પણ પ્રસાદીની છે.

૪૪૧. ધરાની આથમણી નાળ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૪૨. ધરાથી ઉગમણી કોર પાટ છે, તેમાં મહારાજ નાહ્યા છે.

૪૪૩. તે પાટના ઉગમણા ખળખળિયામાં મહારાજ નાહ્યા છે.

૪૪૪. એ ધરાથી ઓત્રાદા ખળખળિયામાં મહારાજ નાહ્યા છે અને ત્યાં કેટલાક સારા સારા ચમત્કાર બતાવ્યા છે. ને ત્યાં ઠાકોરજીને જળ પણ એ ધરામાં ઝિલાવ્યા છે.

૪૪૫. પાણિયાળીની વોંકળી ઘેલા નદીને મળી ત્યાં એક પીપળિયો ધરો કરીને છે. તે ધરાના દરદડિયામાં મહારાજ નાહ્યા છે. તે પીપળિયા ધરામાં મહારાજ નાહ્યા છે.

૪૪૬. એ પીપળિયા ધરાને માથે પીપળો છે. તે ઉપર ચડીને મહારાજે ધૂબકા માર્યા છે.

૪૪૭. એ વોકળીનું વેણ નાના ખળખળિયાની પાટમાં ઉગમણી કોર મળ્યું છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૪૮. મારગમાં ચાલતા એક પાણાની ભેખડ આવે છે, ત્યાં એક પાણીની પાટ છે. તે જગ્યાએ પાણીમાં ઘણા વખત ધૂબકા માર્યા છે ને નાહ્યા છે

૪૪૯. નાની ધરીએ મહારાજ નાહ્યા છે અને એ ધરીથી દક્ષણાદી કોર ભાવસારની પાટ છે. ત્યાં ગઢાળીના આરા સુધી તમામ જગ્યાએ મહારાજ નાહ્યા છે.

૪૫૦. ગઢાળીને આરે ઓત્રાદી કોર જળને વિશે મહારાજ નાહ્યા છે અને દક્ષણાદી કોર પણ નાહ્યા છે અને વચે પણ નાહ્યા છે અને ત્યાં એક મોટું ચરિત્ર કરેલું છે ને ત્યાં ઠાકોરજીને જળ ઝિલાવ્યા છે.

૪૫૧. અને તે ગઢાળીના આરાથી ઉગમણી કોર જળમાં મહારાજ નાહ્યા છે.

૪૫૨. અને તેથી ઉગમણું જ્યાં વડ તથા પીપરોનાં ઝાડ છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૫૩. તે જગ્યાથી એક બીજું વેણ ફાટ્યું છે. તે ખોપાળાના દરવાજા સામી પાણીની અસલ પાટ હતી, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૫૪. તેથી ઉગમણી કોર જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૫૫. તેથી ઉગમણી કોર ઉત્તમરાજાનો અગ્નિસંસ્કાર કર્યો છે. તે જગ્યાથી તથા તેથી આથમણી પત્થરની શિલા છે. તે ઉપર મહારાજ ઘણી વખત બેઠા છે. અને તેથી આથમણી કોર પાણીની પાટમાં મહારાજ નાહ્યા છે.

૪૫૬. અને તેથી ઉગમણી કોર જળમાં મહારાજ નાહ્યા છે.

૪૫૭. અને તેથી ઉગમણી કોર જળની ધરા તરીકે પાટ હતી. ત્યાં મહારાજ નાહ્યા છે. એ ઉપર લખ્યા જે વેન તે ચોમાસામાં ચાલતું રહે છે અને પછી સુકાઈ જાય છે. અસલ ત્યાં ચાલુ વેન ચાલતું હતું.

૪૫૮. એક વેન કે જે પાધરુ ચાલે છે. એ પીપર તથા વડવાળા આરાથી ઉગમણી તરફ જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૫૯. તેથી ઉગમણી કોર નીલકંઠ મહાદેવનો આરો છે. ત્યાં ઘણા વખત જળને વિશે મહારાજ નાહ્યા છે. અને તે મહાદેવ પણ પ્રસાદીના છે.

૪૬૦. તેથી ઉગમણી કોર જ્યાં મારગ ઊતરે છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૬૧. તેથી ઉગમણી કોર વચમાં ગોંદરી તેની બેઈ કોર વેન ચાલે છે, ત્યાં જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૬૨. તેથી ઉગમણી કોર દક્ષણાદે પડખે પાણીની ઊની જળંબ (પાણીનો ધરો) છે, ત્યાં નાહ્યા છે.

૪૬૩. તેથી ઉગમણી કોર સાધુનો આરો મહારાજે ઠરાવ્યો છે. તે જગ્યાએ તથા ત્યાંથી ઉગમણી કોર ઓરિયો છે, ત્યાં સુધી નાહ્યા છે.

૪૬૪. ઓરિયાથી ઉગમણી કોર જળમાં મહારાજ નાહ્યા છે.

૪૬૫. તેથી ઉગમણી કોર મોટો ખળખળિયો છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૬૬. તેથી ઉગમણી કોર જળની પાટ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૬૭. તેથી ઉગમણી કોર અડતાળાનો પગતો કેડો ઉતરે છે, ત્યાં જળમાં નાહ્યા છે.

૪૬૮. તેથી ઉગમણી કોર ઓત્રાદે કાંઠે જે ઠેકાણે ઘેલામાં બે વેન તથા વોકળી ભળે છે. તે જગ્યાએ જળમાં મહારાજ ઘણીક વખત નાહ્યા છે.

૪૬૯. અને તેથી ઉગમણી કોર ખરડકું છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૭૦. અને એ બે વેન અને નદી વચેની તમામ જગ્યા ઘણી જ પ્રસાદીની છે. અને ત્યાં મહારાજ ઘણી વખત સભા કરીને બેઠા છે. અને ગોપીનાથજી મહારાજનું મંદિર કરાવ્યું ત્યારે તે જગ્યાથી પથરા લાવી કરાવ્યું છે. અને તે જગ્યા અરધો હાથ પણ પ્રસાદી વિનાની નથી.

૪૭૧. તેથી ઉગમણી કોર વાંકે જળમાં મહારાજ નાહ્યા છે.

૪૭૨. તેથી ઉગમણી કોર ઓરિયા તથા વોંકળીના જળમાં મહારાજ નાહ્યા છે.

૪૭૩. તેથી ઉગમણી કોર બીજો ઓરિયો છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૭૪. તેથી ઉગમણી કોર ત્રીજો ઓરિયો છે, તે પધોર જળમાં મહારાજ નાહ્યા છે.

૪૭૫. તેથી ઉગમણી કોર ઈચ્છારામભાઈને દેન દીધું છે. તે પધોર મોટી જળની પાટ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૭૬. અને ઈચ્છારામભાઈને દેન દીધું તેથી ઓત્રાદું મુક્તાનંદસ્વામીને દેન દીધું. તે તમામ જગ્યા પ્રસાદીની છે.

૪૭૭. અને તેથી ઉગમણે ખરડકું છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે, અને તે જગ્યાએ ઠાકોરજીને જળ પણ ઝિલાવેલ છે.

૪૭૮. અને તેથી ઉગમણી કોર જ્યાં પાણીનું વેણ દક્ષણાદી કોર ગયું, તે જગ્યાએ ઓત્રાદી કોર જળમાં મહારાજ નાહ્યા છે.

૪૭૯. તેથી ઉગમણી કોર ઓરિયાનું ખરડકું નદીને મળ્યું છે. તે જગ્યાએ જળમાં મહારાજ નાહ્યા છે.

૪૮૦. અને તેથી ઉગમણો જ્યાં ઓરિયો છે, તે જગ્યાએ વોંકળીમાં ધૂનો છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૮૧. તેથી દક્ષણાદી વોકળીનું વેણ ઘેલાને મળે છે, તે જગ્યાએ જળમાં મહારાજ નાહ્યા છે, તેથી ઉગમણું સ્વરૂપાનંદસ્વામી તથા રામદાસભાઈનો અગ્નિસંસ્કાર કર્યો, તેની પધોર જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૮૨. તે જગ્યાએ પાણીનાં વેણ બે ઠેકાણે ચાલે છે, તેમાં દક્ષણાદી કોર વેણ ચાલે છે, ત્યાં જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૮૩. તેથી ઉગમણી કોર જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૮૪. તેથી ઉગમણે એક જળની પાટ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૮૫. તેથી ઉગમણો વાંક છે, તે જગ્યાએ જળમાં મહારાજ નાહ્યા છે.

૪૮૬. તેથી ઉગમણો એક ખળખળિયો છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૮૭. તેથી ઉગમણો એક ઘૂનો છે, તે જગ્યાએ જળમાં મહારાજ નાહ્યા છે.

૪૮૮. તેથી ઉગમણે બીડમાં જાળાના રસ્તાની પગકેડી છે. તે જગ્યાએ જળમાં નાહ્યા છે.

૪૮૯. તેથી ઉગમણી કોર જળનો ઘૂનો છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૯૦. તેથી ઉગમણી કોર ખીજડાવાળા હનુમાનની પધોર જળની પાટ છે, તેમાં સેવકોએ ઘોડા ધમાર્યા છે તથા પંડે નાહ્યા છે.

૪૯૧. ઓત્રાદી કોર જે વેન ચાલું છે, તેમાં મહારાજ નાહ્યા છે. ને સ્વરૂપાનંદસ્વામી તથા રામદાસજીભાઈને દેન દીધું તેની પધોર જળની પાટ છે, ત્યાં મહારાજ નાહ્યા છે.

૪૯૨. તેથી ઉગમણું ખરડકું ભળે છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૯૩. તેથી ઉગમણી બગીપાટ કહેવાય છે, ત્યાં જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૯૪. તેથી ઉગમણા જળમાં મહારાજ નાહ્યા છે.

૪૯૫. તેથી ઉગમણો એક ધૂનો નદીમાં છે, ત્યાં મહારાજ જળને વિશે નાહ્યા છે.

૪૯૬. તેથી ઉગમણો ખળખળિયો છે, ત્યાં જળને વિશે મહારાજ નાહ્યા છે.

૪૯૭. તેથી ઉગમણો અડતાળાનો અને પાટીનો સીમાડો છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે.

૪૯૮. તેથી ઉગમણી કોર બંને વેણ જ્યાં ભેગાં થયાં છે, ત્યાં જળમાં મહારાજ નાહ્યા છે. માંડવધારના સીમાડે દરદડિયો છે, ત્યાંથી લઈને તે અડતાળાના સીમાડા સુધી જે જે જગ્યાએ નાહ્યા છે, તે તે ઠેકાણાંના તમામ સીધા કાંઠા છે, તે બહુ જ પ્રસાદીના છે. ને ત્યાં હજારો વખત નાહ્યા છે ને પરમહંસની સભાઓ કરી છે.

દરબારગઢનાં ચરિત્રો	-	**૧૬૩**
ગઢપુર ગામનાં ચરિત્રો	-	**૮૯**
ગઢપુરની સીમનાં પ્રસાદીસ્થાન	-	**૮૨**
લક્ષ્મીવાડીનાં પ્રસાદીસ્થાન	-	**૪૬**
ઘેલા નદીનાં પ્રસાદીસ્થાન	-	**૧૧૮**
	કુલ :	**૪૯૮**

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પ્રકાશન

VCD

૧. મોક્ષનાં સાધનો ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત) ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ ૩. પંચરત્ન
૪. હરિસ્મરણ ૫. દાદા ખાચરના વિવાહ
૬. શ્રીમદ્ ભાગવત

DVD

૧. સ્નેહગીતા ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર ૯. મુક્તવંદના
૧૦. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૧. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૨. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૩. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૧૪. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૬)*
૧૫. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૧૬. શિક્ષાપત્રીભાષ્ય
૧૭. કુંડળધામ દર્શન
૧૮. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૯. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૨૦. હિંડોળા ઉત્સવ ૨૧. યુવાશિબિર
૨૨. વિવેકશતક કથા ૨૩. મૂર્ખશતક કથા
૨૪. યમદંડ ૨૫. સાગરકથા પૂર ૧ થી ૧૩

MP5

૧. ભક્તચિંતામણિ ૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન ૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા ૧૦. વિવેકશતક કથા
૧૧. વાસુદેવ માહાત્મ્ય
૧૨. વિવેક ચિંતામણિ
૧૩. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૪. કીર્તન સહ ધ્યાન
૧૫. કથામૃતમ્
- છપ્પનાવલી - શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય - ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત

૧૬. વડતાલધામનો મહિમા
૧૭. ઐશ્વર્યપ્રકાશ
૧૮. નારાયણ અંગ ચિંતામણિ
૧૯. સંત આખ્યાન(૧૨ સંતોના આખ્યાન)
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- મૂળજી બ્રહ્મચારી - જેરામ બ્રહ્મચારી

૨૦. ભક્તાખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- શિવલાલ શેઠ અને ભગા દોશી
- જોબન પગી - રૂડિયો રખડું
- મીણબાઈ - રાઈબા મા

- જાનબાઈ - સખુબાઈ

૨૧. કીર્તન વિવેચન (૩૫ વિવેચનો)
- મારે ઘેર આવ્યા રે. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે... - શ્રીજી બાવની...
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- કોઉ કામ ન આવે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે... - ફગવા...
- પ્રભુ મને થાજે. . .
- શીલવંતા સાધુને. . .
- સંત સમાગમ કીજે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .

૨૨. સવારનું ચિંતન (શિબિર ૭ થી ૨૧)

हिन्दी/संस्कृत प्रकाशन

टेलीफिल्म : **VCD**

१. केसर मियाँ.
२. शेख मियाँ. **DVD**
३. डोसा ताई.
४. हे नाथ ! (कीर्तन दर्शन-८)
५. घेर बेठा तीरथ भाग-३.
६. लाडला युवान (कीर्तन दर्शन-३)

BOOKS

૧. વચનામૃત : *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ ૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા ૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્‌ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૧૬. પ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. નિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી ૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત ૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧
૨૬. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૭. શ્રીપુરુષોત્તમલીલા
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત
૩૦. સાગર સાર ભાગ ૧ થી ૪
૩૧. ભક્તાખ્યાન

: किताबें :

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं
स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)

(संस्कृत प्रकाशन)

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्

USB AUDIO

પેનડ્રાઈવ 



મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો
ભાગ : ૧ થી ૧૩

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લાં ૨૨ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા-ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું **www.swaminarayanbhagwan.com** દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા "સત્સંગસેવક" નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.


બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...


આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...


પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.

આ નકશામાં દર્શાવેલ નંબરો શ્રીજી મહારાજના ચરિત્રો ગ્રંથમાં આવેલા જે તે સ્થાનોમાં થયેલ શ્રીહરિની લીલાના સ્થળો સૂચવે છે.





મંદિરનો બીજોમાળ



મંદિરનો પહેલોમાળ


N
૧. અક્ષરઓરડી
૨. દાદાખાચરનો દરબાર
૩. શ્રીસ્વામિનારાયણ મંદિર
૪. પૂનમિયો કૂવો (ચરિત્ર-૨૨)
૫. લખુ કંદોઈનું ઘર (ચરિત્ર-૨૧૨)
૬. હરજી ઠક્કરનું ઘર + સામે બાલા હનુમાન મંદિર (ચરિત્ર-૨૦૬ થી ૨૧૦)
૭. લાધા ઠક્કરનું ઘર (ચરિત્ર-૧૬૪ થી ૧૬૯)
૮. મેઘા સુથારનું ઘર (ચરિત્ર-૨૩૨)
૯. નાજા જોગિયાનું ઘર (ચરિત્ર-૧૯૫)
૧૦. માતરા પટગીરનું ઘર + પ્રસાદીનો પીપળો (ચરિત્ર-૧૯૪)
૧૧. અમરા ખાચરનો દરબાર
૧૨. આસુબાના ઓરડા (ચરિત્ર-૧૭૮)
૧૩. લીંમડાવાળો વંડો, ઘેલા ધાધલનું ઘર, જારની ખાણ (ચરિત્ર-૧૭૦ થી ૧૭૭)
૧૪. તેજા ઠક્કરનું ઘર (ચરિત્ર-૨૧૫)
૧૫. પ્રેમજી સુથાર અને ખીમા સુથારનું ઘર (ચરિત્ર-૨૧૩)
૧૬. રાઠોડ ધાધલનું ઘર + પ્રસાદીની આંબલી (ચરિત્ર-૧૮૦-૧૮૩)
૧૭. મઘરપાટ વિસ્તાર (ચરિત્ર-૨૦૦)
૧૮. નાંગમાલાનો વંડો (ચરિત્ર-૨૦૨)
૧૯. ભીમજીભાઈનો વંડો ઉર્ફે શ્રીજીનગર
૨૦. ઉકા ખાચરના ઓરડા, હાલ જાનબાઈનો વંડો (ચરિત્ર-૨૦૧)
૨૧. જેઠા સોનીની દુકાન (ચરિત્ર-૨૫૦)
૨૨. બોટાદનો ઝાંપો
૨૩. રૈયા ડાભીના ખોરડા (ચરિત્ર-૧૯૩)
૨૪. મોટીબા ફૂઈનો વંડો, હાલ લાકડાવાળો વંડો (ચરિત્ર-૧૯૭)
૨૫. લક્ષ્મીવાડી
૨૬. નિષ્કુળાનંદસ્વામીની ઓરડી
૨૭. મહારાજની બેઠક + ડભાણિયો આંબો
૨૮. જ્યાં શ્રીહરિ સમીપૂજન કરતા તે સમીવૃક્ષનો ઓટો
૨૯. રાસ લીલા સ્થાન
૩૦. મોટીબાનો ઓટો (સમાધિસ્થાન)
૩૧. લક્ષ્મીવાડી, શ્રીહરિ અંતિમ સંસ્કાર મંદિર
૩૨. માણકીઘોડી સમાધિસ્થાન
૩૩. શેઠ ડાયાભાઈ વોરાનું ઘર (ચરિત્ર-૨૪૦)
૩૪. યોગેશ્વર તરવાડીનું ઘર (ચરિત્ર-૨૪૧)
૩૫. કામદારનો ડેલો (ચરિત્ર-૨૪૯)
૩૬. રામજી મંદિર (ચરિત્ર-૨૪૯)
૩૭. રાજગરનો ડેલો + ખીજડો (ચરિત્ર-૨૦૩,૨૧૪,૨૪૩,૨૪૭)
૩૮. ગોસલિયા શેરી (ચરિત્ર-૨૪૮)
૩૯. હિમા શેઠનું ઘર + જમદુતવાળી ડેલી (ચરિત્ર-૨૩૪)
૪૦. સોનીઓના ઘર (ચરિત્ર-૨૪૨,૨૪૪)
૪૧. આહીરનો ચોરો (ચરિત્ર-૨૩૯)
૪૨. બાલકૃષ્ણ ભટ્ટ, હીરાભટ્ટ, રામભટ્ટના ઘર (ચરિત્ર-૨૩૫)
૪૩. ભટ્ટ પરિવાર પૂજન કરતા તે મહાદેવ મંદિર
૪૪. જીવાખાચરની સંતોની ધર્મશાળા (ચરિત્ર-૨૨૫)
૪૫. જીવાખાચર સદાવ્રત આપતા તે કોઠો
૪૬. જીવાખાચરનો દરબાર (ચરિત્ર-૨૧૯-૨૨૧,૨૨૩,૨૨૪)
૪૭. મુનિ લીંબડો (ચરિત્ર-૨૨૩)
૪૮. અમુલાબાના ઓરડા (ચરિત્ર-૨૧૬)
૪૯. હકા ભાવસારનું ઘર (ચરિત્ર-૨૩૩)
૫૦. જૈન અપાસરો
૫૧. માણેક ચોક
૫૨. ઘેલો નદી
૫૩. રમાઘાટ
૫૪. નીલકંઠ મહાદેવનું મંદિર (ચરિત્ર નં.૧)
૫૫. દાદા ખાચરનો ઓટો



સ્મૃતિ મંદિર - લક્ષ્મીવાડી

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા
કુંડળધામ : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, વડોદરા : (૦૨૬૫)૨૪૬૨૬૨૮
www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-36-9